

શ્રી રતિલાલ જોગીયા

શ્રી ગિરનારા ' સાગર ' માં પ્રસિધ્ધ થયેલા આપના લેખની એક નવલીકાનું એડીશન કરે છે. આ વિચાર અમને (શ્રી ગિરનારા સાગર ટ્રસ્ટીને) ખુબજ સરસ લાગ્યો છે. જ્ઞાતિના પેપરમાં આવતા લેખનું સંકલન કરી પુસ્તક રૂપે પ્રગટ થતું આ પહેલું જ પુસ્તક છે. આ વિષે હું મારો અંગત અભિપ્રાય નીચે મુજબ જણાવું છું.

શ્રી ગિરનારા સાગરનાં પ્રસિધ્ધ થતી બોધકાથાના લેખક આપણી જ્ઞાતિના જાજરમાન વિષેય વ્યક્તિનું પુરૂનામ શ્રી રતિલાલ પરસોત્તમભાઈ જોગીયા, રહેવાસી મુંબઈ, લેખકનું મુળ વતન ઠોયાણા જે પોરબંદર સાઈડમાં આવે ત્યાંથી તેઓ પોરબંદર આવ્યાં. આ લેખકનો જન્મ આજથી લગભગ ૭૦ વર્ષ પહેલા એક નાના ગામમાં થયેલો (ઠોયાણા) આશરે ૧૯૩૭ ની સાલમાં (જન્મ) આપણી જ્ઞાતિમાં એ સમય દરમ્યાન કોઈ ૪ થી ૫ ધોરણ કરતાં આગળ અભ્યાસ કરવા વાળા ખુબજ જુજ સંખ્યા તેમાં આપણા લેખક ઓલ્ડ મેટ્રીક ( આજ તે અગીયારમું ધોરણ ગણાય છે) અને પુના બોર્ડની પરિક્ષા આપવી પડતી તે પરિક્ષામાં ઉર્તિણ થયા અને રાણાં કંડોરણા શિક્ષિક તરીકે નોકરી જોઈન્ટ કરી અને હેડ માસ્તર થયા .

લેખકનો મારો પરિચય જાન્યુઆરી ૧૯૯૮ માં થયો. ૧૯૯૮ નાં સપ્ટેમ્બર મહિનાથી ' શ્રી ગિરનારા સાગર ' માં ' બોધકથા ' નાં હેડિંગ થી તેમના લેખ પ્રસિધ્ધ થાય છે. જે અવિરત આજ સુધી ચાલુ જ છે. તેમની પહેલી બોધકથા પેડલ ના નામથી શરૂ થઈ છે. તે પેડલ આજ પ્રયન્ત ચાલું જ છે.

સામાન્ય રીતે ' લેખક 'ની વ્યાખ્યા ' ઝભા-લેંઘા (ખાદીના) અને ખંભે મોટો થેલો ભરાવ્યો હોય તેવી કલ્પના હોય છે. અને લેખકને અને લક્ષ્મીને વેરભાવ હોય એ સ્વાભાવિક પાણે લોકોનો મત હોય છે.

પરંતુ આપણા આ જાજરમાન લેખક વ્યાપારિક કુનેહ ધરાવે છે અને ધંધાને અતિ આધુનિકમાંથી વિકસાવ્યો છે અને વેપારની સીમા પોતાના ગામ કે પ્રદેશ અને પોતાના દેશ પુરતી સિમિત ન રાખતા દરિયાપારના દેશોમાં પણ પગ પેસારો કર્યો છે. એટલું જ નહિ પણ દાગીનાની નિકાસ ક્ષેત્રે અવલ નંબર મેળવ્યો છે. ઈ. સ. ૨૦૦૧ અને ૨૦૦૨ માં એક્સપોર્ટમાં સમગ્ર દેશમાં ૭માં ક્રમે આવ્યા છે.

વ્યક્તિગત રીતે તેઓ દરેક ધર્મને સન્માન કરે છે. પજોષણમાં અઠાઈ, 'વર્ષિતપ', આયંબિલિ જેવા વ્રતો પણ કરેલા છે. દરરોજ હવેલી, શંકરના મંદિર અને દેરાસરમાં નિયમિત દર્શન કરવા જાય છે. ખુબજ મળતાવળા સ્વભાવના છે. અમારી આ ટુંકી ઓળખાણ જાણે વર્ષે જુની હોય તેમ અમને લાગે છે.

જે રીતે તેઓ ધંધામાં સફળ રહ્યા છે. તે જ પ્રમાણે લેખ લખવામાં પણ ધંધાદારી લેખકને ટપી જાય એવા લેખો લખી જાણે છે. કોઈને મર્મમાં લેખ દ્વારા ઘણું કહી શકે છે. શીઘ્ર લેખક છે. સમયોચીત અને વિષયો પર ખાસ લેખો તૈયાર કરી શકે છે. તેમની ઉદારતા પણ વખાણવા લાયક છે. સબંધ જાળવવામાં આપણે તેના પાસેથી શીખવું પડે તેમ છે. કોઈને ખરાબ ન લાગે તેવા વ્યંગ લેખનો પણ મહાવરો ધરાવે છે. તળપદી ભાષામાં અને સામાજિક ભાષામાં પણ લખવાનો મહાવરો ધરાવે છે.

તેમની મહેમાનગતિ માણવાનો પણ એક લહાવો છે. તેઓને ઘણો ટાઈમ થયા સ્વર પેટી કપાવી નાખી છે. પણ આ વિષે તેમને મનમાં જરા પણ રંજ નથી. પોતાનું તમામ કામ ચિવટથી કર્યે જાય છે અને ધંધામાં વ્યસ્ત હોવા છતાં ૧૯૯૮ સપ્ટેમ્બરથી આજ સુધી કોઈ મહિનો લખવાનું ચુક્યા નથી. તેમના લેખો ' શ્રી ગિરનારા સાગર ' ના ઘરેણા છે. જે બહોળી સંખ્યામા જ્ઞાતિજનોએ અપનાવ્યા છે.

તેમના લેખો ' શ્રી ગિરનારા સાગર ' દ્વારા આપણા જ્ઞાતિની અને શ્રીમાણી સોની અને પટ્ટણી સોનીઓના દર મહિને બે હજાર ઘરમાં વંચાય છે. તેઓ દ્વારકા ધીશ ના ખાસ ભક્ત છે.

દ્વારાકાધીશ કી જય.

તંત્રી શ્રી ગિરનારા સાગર - ભાવનગર

# હૈયાની વાતું

-શ્રી રતિલાલ જોગીયા



# HAPPY FAMILY



# હૈયાની વાતુ

જીવનના સફર માથી એકઠા કરેલ
અનુભવના અમૃત બિંદુઓનો સંગ્રહ

શ્રી રતીલાલ જોગીયા

# હૈયાની વાતુ

શ્રી રતીલાલ જોગીયા


**પ્રકાશક**

શ્રી રતીલાલ જોગીયા

**પ્રથમ આવૃત્તિ**

ઈ. સ. ૨૦૦૪
નકલ ૧૦૦૦



સર્વ હક્ક લેખકને આધિન



કિંમત : રૂા. ૧૨૦/-


## પ્રાપ્તિસ્થાન


**જયેશ આર્ટ જ્વેલર્સ**
ગીરનાર એપાર્ટમેન્ટ,
એસ. વી. રોડ, એન. એલ. હાઈસ્કૂલ સામે,
મલાડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૪
ફોન : ૮૦૧ ૪૧૭૪, ૮૦૬ ૩૪૯૪, ૮૦૬ ૪૧૧૪
ફેક્સ : ૮૦૭ ૪૩૫૨, ૮૦૫ ૯૬૦૩
ઈ-મેઈલ : jayesart@bom3.vsnl.net.in

**શ્રી રતિલાલ જોગીયા**
૧૦૧, એકલવ્ય એપાર્ટમેન્ટ
બંસી પાર્ક,
ગોંધીયા હોસ્પિટલ સામે,
કાલાવાડ રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫
ફોન : ૨૫૮૩૭૩૦
મોબાઈલ : ૦૨૨-૩૧૦૨૮૦૧૦



**Printed At**

**NEW PRAGATI PRINTERS**
2/10, Bhaktinagar Station Plot,
RAJKOT
Ph. : 91-281-246 1965
Mob. : 094260 40829

# આવકાર

‘‘હૈયાની વાતું’’ નામનું શ્રી રતિલાલ પી. જોગીયાનું પુસ્તક પ્રકાશીત થાય છે. તે પ્રસંગે એ પ્રકાશનનું હું હાર્દિક સ્વાગત કરું છું. શ્રી રતિલાલ જોગીયા, શ્રી ગિરનારા પરજીયાં સોની જ્ઞાતિનાં એક સપુત અને શાહ સોદાગર છે. તેઓ એક સુવર્ણકાર તરીકે મહાનગર મુંબઈમાં મલાડમાં ઈ.સ. ૧૯૭૬ થી ‘‘જયેશ આર્ટ જવેલર્સ’’ નામનો સોનાનાં અલંકારોનો શો રૂમ ધરાવે છે. તેઓ વિદેશોમાંથી સોનાની આયાત કરે છે અને સોનાનાં હિરાજડિત દાગીનાઓ તથા પ્લેટિનમનાં દાગીનાઓ તૈયાર કરી વિદેશમાં તેની નિકાસ કરે છે. સમગ્ર ભારતમાં તેઓ સુવર્ણ, હિરા અને પ્લેટિનમનાં અલંકારોનાં સાતમાં સૌથી મોટા સરકાર માન્ય નિકાસકાર છે. આ રીતે ભારતમાં તેઓ સુવર્ણ અલંકારોનાં નિકાસક્ષેત્રે ઘણો મોટો વેપાર કરે છે.

આર્થિક રીતે સંપન્ન, સમાજમાં ઉંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલાં, ધંધાકીય ક્ષેત્રે અણધારી સફળતાને વરેલાં અને શૂન્યમાંથી આપબળે સર્જન કરનારા શ્રી રતિલાલ જોગિયા, સાંભળેલી વાર્તાઓનું પુનઃ લેખન કરે અને પછી પુસ્તક રૂપે પ્રગટ કરવાં પ્રેરાય એ વસ્તુ સાનંદાશ્ચર્ય ઉપજાવે તેવી છે.

શ્રી રતિલાલ જોગિયાનો જન્મ, તારીખ ૧-૧૨-૧૯૩૭ નાં રોજ રાણાંકંડોરણાં મુકામે થયો હતો. તેમણે મેટ્રીક પાસ સુધી શિક્ષણ લીધું હતું. પહેલાં પ્રાથમિક શિક્ષક તરીકે થોડો વખત કામગીરી કર્યા પછી તેઓ સૌરાષ્ટ્ર છોડીને મુંબઈ મુકામે સ્થિર થયાં હતાં અને ત્યાં સુવર્ણકાર તરીકે પેઢી સ્થાપી હતી.

શ્રી રતિલાલ જોગિયાએ અનેક ગામનાં પાણી પીધાં છે. દેશ વિદેશમાં પ્રવાસ કર્યા છે અને એક રીતે જોઈએ તો તેમણે આખી દુનિયાને ડોળી નાખી છે. તેમની પાસે અનુભવનો અખૂટ ખજાનો છે. એ અનુભવનો નીચોડ તેમણે અહીં વાર્તાઓ અને કથાઓ રૂપે રજુ કરેલ છે. આ વાર્તાઓ અને કથાઓ ‘‘ગિરનારા સાગર’’ નામનાં સોની જ્ઞાતિનાં માસિકમાં હમાવાર લાગ લાગટ દર મહિને છ એક વરસથી પ્રગટ થઈ રહિ છે અને આજે પણ દર મહિનેએ પ્રગટ થવાનો સિલસિલો ચાલું છે. હૈયાની વાતું

© RATILAL JOGIA

પુસ્તક અઠાવન પ્રકરણ અને ૨૯૮ પાનામાં વિસ્તરે છે.

અહિં અત્યંત રસપૂર્ણ વાણીમાં રજુ થતી લગભગ પસાચ જેટલી વાર્તાઓમાંથી, મિત્રો પાસેથી, કેટલીક અન્ય લોકો પાસેથી સાંભળી હશે. કેટલીક લોકકથા જેવી જાણીતી વાર્તાઓ છે અને કેટલીક ઓછી જાણીતી છે. પરંતુ આ વાર્તાઓની રજુઆતની શૈલી એવી છે કે એ વાર્તાઓ તેમની પોતાની જ બની જાય છે.

આ વાર્તાઓની એક ખાસ વિશેષતાએ છે કે તેની રજુઆત સુંદર અને રમણીય રીતે થઈ છે. શ્રી રતિભાઈ જોગિયાએ વાર્તા કહેવાની કળા સુચારું રૂપે સિધ્ધ કરી છે તેમાં બેમત નથી. તેમની વાર્તાનું નિરૂપણ કરવાની રીત આગવી અને વિશિષ્ટ છે. એમાં કેટલીક વાર ચમત્કારો પણ આવે છે. પરંતુ એ વ્હેમ કે અંધશ્રધ્ધાને પોષવા માટે નથી આવતા. એ ચમત્કારો જીવનનો અર્થ સમજવામાં ઉપકારક નીવડે છે. ઉદાહરણ તરીકે ‘‘ભાગ્ય લક્ષ્મી’’ આ વાર્તાઓ એકવાર હાથમાં લીધાં પછી પૂરી વાંચ્યા વિના મુકવાનું મન ન થાય એવી પકડ ધરાવે છે.

પ્રસ્તુત પુસ્તકની બીજી વિશેષતા એ છે કે તેમાં આજથી સિતેર-એંશી વરસ પહેલાનો સૌરાષ્ટ્ર ગુજરાતનો સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસ આલેખાયો છે. કેવા હતા એ વખતનાં રીતરીવાજ, કેવી હતી એ વખતની રહેણી કહેણી, કેવાં હતાં એ વખતનાં લોકો, સાદા, સીધા, ભલા, ભોળા, વચનને ખાતર મરી પીટનારા, પ્રેમાળ, ખુમારીવાળા, આતિથ્યવાળા, કરકસરથી જીવન જીવવાવાળા આવા લોકોનો આ વાર્તાની સૃષ્ટિમાં ભાતીગળ મેળો ભરાયો છે. ઉદાહરણ પ્રકાશભાઈ, ગુલાબશેઠ, નરોત્તમશેઠ, ગોઠણથી ઉંચું સ્કર્ટને ટોપ પહેરેલી શેઠની પ્રાઈવેટ સેક્રેટરી, જગદંબા સમી લજામણી શેઠાણી, લક્ષ્મી દેવી બાધને કાં બાધવાવાળું દે એવી કાળજાળ દુર્ગાડોશી અને એને પુગીને પાછી વળનારી નવી પરણેલી, હજી સાસરે પણ નથી પહોંચી એવી ચતુર ગુણવંતી વહુ. ગણ્યા ગણાય નહીં ને વીણ્યાં વીણાય નહિં એટલાં પાત્રો આ વાર્તાઓમાં આવે છે અને આપણું ભરપુર મનોરંજન કરે છે. આ સૃષ્ટિમાં સાધુ મહારાજો છે, કરોડપતિ શેઠિયાઓ છે, કુમારીકાઓ છે, શેઠાણીઓ છે, લબાડ અન છેતરપીંડી કરનારા લોકો છે અને રાજા મહારાજાઓ પણ છે.

પ્રસ્તુત પુસ્તકમાં વાત કહેતાં વચ્ચે વચ્ચે કાવ્યની પંક્તિઓ આવે છે. તેથી વાર્તામાં ઉંડાણ આવે છે અને નવા નવા રંગો પુરાય છે. ઉદાહરણ તરીકે,

© RATILAL JOGIA

**અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ;**
**દાસ કબીરા યું કહે, સબ કે દાતા રામ;**
**આવ નહિં, આદર નહિં, નહિં નૈનનમેં નહિં;**
**તુલસી વહાં ન જોઇએ, ભલે કંચન વરસે મેહ;**
**દિન ગણંતા માસ ગયાં, અને વરસે આંતરીયા;**
**સુરત ભુલી સાઇબા, નામે વીસરીઆ;**
**પીપળ પાન ખરંતાં, હસતી કુંપળીયાં;**
**અમ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયાં;**
**હરિ તારાં નામ હજાર, કિએ નામે લખું કંકોતરી ?**

લગભગ પાનેપાને કાવ્યની આવી સુંદર પંક્તિઓ વિખરાયેલી પડી છે. જે પુસ્તકની ગુણવત્તામાં ઉમેરો કરે છે.

અહિં હસી-મજાક, વિનોદ, નર્મમર્મ પણ આવે છે. સમય આવ્યે રતિભાઇ પોતાની મજાક પણ ઉડાવવાનું ચૂકતાં નથી. ''રાતે સાડલે રાંડ, કે લઇ ગઇ પાશેર ખાંડ'' એ પ્રસંગમાં હાસ્ય છે. કોઇ કોઇ વાર્તા કરુણરસથી છલકે છે. એ રીતે અહીં હાસ્ય અને કરુણ એબન્ને રસનું યથા પ્રસંગ નિરૂપણ થયું છે.

બધી જ રજુઆત એકદમ તળપદી ભાષામાં થઇ છે. સોરઠી લોકબોલીનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વચ્ચે વચ્ચે અંગ્રેજી પણ આવે છે. ઉદાહરણ તરીકે નોટ પીટ, ગોટ પીટ, ડેડી, મમ્મી, અંકલ, આન્ટી વગેરે કોઇ વાર મરાઠી ભાષાનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે ''શેઠ, મી શારદાતાઇ બોલતી, હોસ્પિટલ મધેથી, માલા બક્ષીસ દયા, તુમચે કળે પોરધી આલી.'' હિંદી ભાષાનો વિનિયોગ પણ થયો છે. ઉદાહરણ તરીકે, આ ઉખાણું હિંદી ભાષામાં છે.

**''કૌવા આકાશમેં ઉડતાં હૈ**
**મગર રહેતાં કિધર હૈ ?''**

અહિં 'મગર' શબ્દનાં બે અર્થ છે. (૧) પરંતુ અને (૨) મગર નામનું પાણીમાં રહેતું પ્રાણી ઉખાણાનો જવાબ છે. મગર પાણીમાં રહે છે. એ રીતે ૮૧-૮૧-૮૧ એકાશી અહીં પણ શ્લેષ છે. (૧) એક સંખ્યાં (૨) કાશી નામની છોકરીને સંબોધન અને હા ચાઇનીઝ ભાષા કેમ ભુલાય તે પણ વાંચી જોવી.

© RATILAL JOGIA

અને હા ચાઈનીઝ ભાષા કેમ ભુલાય તે પણ વાંચી જોવી.

આ પુસ્તકની ખૂબીઓ ઘણી છે. એ બધી જ ખુબીઓનું વર્ણન કરીએ તો ઘણો વિસ્તાર થાય. એટલે અહિં વિરમું છું.

ફરીથી ''હૈયાની વાતું'' પુસ્તકનું સ્વાગત કરું છું.


ડો. અમૃત રાણીંગા
''મંજુલા નિવાસ''
ટીચર સોસાયટી,
ઉપલેટા. - ૩૬૦૪૯૦
ફોન નં. (૦૨૮૨૬) ૨૨૧૨૯૦


©
RATILAL JOGIA

# પ્રસ્તાવના

ફોનની ઘંટડી રણકે અને રીસીવર ઉપાડીએ ત્યાં સાંભળવા મળે ''દ્વારકાધીશ કી જય.'' એટલે માની લેવાનું કે ઠાકોરજીની નાનકડી ટોકરી જેવો રણકતો મિઠો અવાજ લેખક મહાશય શ્રી રતિભાઈ પી. જોગિયાનો છે ! ''શ્રી ગિરનારા સાગર'' ની બોધકથામાં આજે સાત સાત વર્ષથી જીજ્ઞાસુ વાચકોને અવનવી વેરાયટી પીરસી જે કહેવા જેવું હોઈ તે વાતમાને વાતમાં, ચીંથરે વીંટીને શુધ્ધ ગુજરાતીમાં કોઈને માઠુ ન લાગે તેવી રીતે આધાર ભૂત શાસ્ત્રોક્ત પ્રમાણે સાથે ગીતાના શ્લોકો ટાંકીને કે સંતોની વાણી સહીત હીતની વાતું કહી દેનાર શ્રી રતિભાઈ વ્યવસાયે પ્રતિષ્ઠિત ઝવેરી હોવા છતાં વિદ્વાન સાહિત્યકારોની હરોળમાં સ્વમાન ભેર ઉભા છે.

સમય સમયનું કામ કર્યે જાય છે. તેમ શ્રી રતિભાઈની કલમ આ લેખોમાં તેનું કાર્ય કાર્યે જાય છે. વળી બોધકથાનું ચિત્ર પણ કેવું સુંદર છે ? સમુદ્રની શોભા તેના તરંગો છે તેમ પરજીયા સોનીના આ માસીકની શોભા શ્રી રતિભાઈની બોધકથાઓ છે. આ લેખો વાંચવાની શરૂઆત કરીએ એટલે તે પુરો કર્યા વિના નીચે મુકવા મન ન થાય તેવા ભાવવાદી, લાગણીસભર, ચોટદાર સંવાદો તેમાં આ લેખાયેલા હોય છે. આ લેખોની વાતું કોઈ ઉપજાવી કાઢેલ ગપગોળા કે તરંગી તુક્કા જેવી નથી પણ જીવનમાં આવેલાં પ્રસંગોને ઢંઢોળી બેઠા કરતી સત્ય કથાઓ છે.

ઈશ્વરે નિર્માણ કરેલ વિશ્વની નયનરમ્ય વિધ વિધ સત્ય કથાઓ છે. રચનાઓને જોઈ કવિઓને મોજના તોરા છુટે ત્યારે તે પોતાની કલમ ઉપાડી કુદરતની નયનરમ્ય મનોહર કૃતિઓને શબ્દ દેહ આપી કાવ્યો રચી - જગદીશ્વરને ચરણે અર્પણ કરે છે. તેમ શ્રી રતિભાઈ લેખનાં અંતમાં લખે ''દ્વારકાધીશ કી જય.''

માણસનાં જીવનમાં ડગલને પગલે, સારા નરસા ગમતા અણગમતા, વિધ વિધ પ્રસંગો આવ્યા કરે છે. વહેવારીક, સામાજીક, આર્થિક, શૈક્ષાણીક, કૌટુંબીક, ધાર્મિક અને પારિવારિક અનેક ચટપટી સમસ્યા ભરેલા પ્રશ્નો જયારે ઉભા થાય ત્યારે બુધ્ધિશાળી માણસ કઈ રીતે પવન પ્રમાણે પીઠ ફેરવી ઘોડી માંડે, ખડક્યાં માથી છટકી

© RATILAL JOGIA

જાય. સામા પૂરે તરીને, આભ ફાટ્યુ હોઈ ત્યાં થીગડું મારીને, સમયને ઓળખી પાસા ફેકે અને ધારેલ દાણા લઈ પોતાનો દાવ જીતી જાય આવી અનેક વાતો, દ્રષ્ટાંતો, જુનવાણી કહેવતોને લેખોમાં વણી લઈ શ્રી રતિભાઈએ સુંદર શૈલીથી વર્ણવી છે. ગમેતેવી વીકટ પરિસ્થિતિમાં અનેક માણસોની વચ્ચે ઉભા રહી, સામે આવેલી સમસ્યાઓનું નિરાકરણ કરી પોતાની ગાડી મનગમતા નિશ્ચિત પાટા ઉપર વહેતી રાખવી એ કાંઈ નાનું સુનું કામ નથી !

લેખક શ્રી રતિભાઈ નાનકડાં ગામ રાણાકંડોરણામાં જન્મ્યાં, ત્યાં રમ્યાં, ભમ્યાં, ભણ્યાં, ઉછર્યા, મોટા થયાં, શિક્ષકની નોકરીમાં જોડાણા, નોકરીમાંથી રાજીનામું દઈ મુંબઈ જેવા મોટા શહેરોમાં આવી ધંધાકીય ક્ષેત્રે જબરી હરણફાળ ભરી ‘‘જયેશ આર્ટ જવેલર્સ’’ નામે ઝવેરાતનો ભવ્ય શો રૂમ બનાવ્યો અને સોનાનાં હીરે મઢયાં અવનવા આભૂષણો તૈયાર કરી વિદેશમાં નિકાસ કરી સરકારશ્રીને હુંડીયામણનો લાભ આપ્યો એટલે ભારતને ગૌરવ અપાવ્યું. સોની સમાજે પણ ગૌરવ લેવા જેવી આ વેપારી વાત હતી તેથી તેઓશ્રીનું ‘‘અખીલ ભારત સુવર્ણકાર સંઘે’’ બહુમાન કર્યુ.

બાપદાદાનાં વ્યવસાયમાં ધંધાકીય ક્ષેત્રે આટલી સિધ્ધિ મેળવી ફાજલ સમયમાં તેઓ શ્રીએ લેખન પ્રવૃતિ વિકસાવી. સમાજને પોતાનાં અનુભવ સિધ્ધિ વિચારો આપી અનેકને પથદર્શક થાય તેવા લેખો તૈયાર કર્યા છે. એટલું જ નહી. સાથો સાથ પોતાની સ્વકમાઈમાંથી ધાર્મિક કાર્યોમાં છુટા હાથે ધન વાપર્યુ. જ્ઞાતિની અનેક સંસ્થાઓનાં ઉત્કર્ષ માટે મોટાં દાન આપી જ્ઞાતિઋણ ચૂકવ્યું. દેવમંદિરોનો જીર્ણોધ્ધાર કર્યો, ચારેય ધોમોની યાત્રા કરી, યજ્ઞ યાગાદિક પવિત્ર કાર્યો કર્યા. અનેકને હરીહર કરાવી દાન દક્ષીણા દઈ રાજી કર્યા તો કેટલાય ગરીબ માણસોને મદદરૂપ બની તેનાં કાર્યો પાર પાડચાં. તેમનાં હસ્તક આવા પરોપકારી કાર્યો વધુને વધુ થતા રહે તેવી ભાવનાં રાખીએ.

પરજીયાં સોનીમાં ભગવાને બુધ્ધિમતાનું પ્રમાણ વિશેષ મુકયું છે. તેને સમજાણ આપી છે એટલે આ સમાજમાં ઘણાં વિદ્વાન મહાનુભાવો થઈ ગયાં તેમ અત્યારે કેટલાય જ્ઞાતિરત્ન કહી શકાય તેવાં મોજુદ છે. આમાં કોઈ કોઈ વ્યકિત ‘‘સવાઈ બારોટ’’ તરીકે ઓળખાય છે. જયારે બારોટને એવી ચટપટી માહિતીની જરૂર પડે ત્યારે તેને આવા ‘‘સવાઈ બારોટ’’ અનુભવી મહાનુભાવો પાસે ગયા વગર છુટકો નથી.

હું ‘‘જોગીયા કુળ ગૌરવ’’ પુસ્તક લખી રહ્યો હતો. ત્યારે ‘‘સવાઈ બારોટ’’

© RATILAL JOGIA

કહી શકાય તેવા પીઢ, અનુભવી, સત્યવક્તાં અને સો સો વરસોની જુની ઐતિહાસિક વાતો જાણનાર શ્રી રતિભાઇ પાસે જવાનું થયું. તેઓશ્રીની સાથે મારે ૩૫ વર્ષથી સબંધછે. અગાઉ હું જતો અને આજે મળવા ગયો ત્યારે મેં પાત્રીસ વર્ષથી જે વાત નોતી જાણી તે મને નજરે જોવા મળી.

શ્રી રતિભાઇએ ટુંકા ગાળામાં આટલી ઝડપી પ્રગતિ કઇ રીતે કરી ? આ વિચાર મને ઘણી વખત આવતો. આજની મુલાકાતથી મને ખાત્રી થઇ કે પુત્રની પ્રગતિનાં પાયામાં પ્રથમતો તેનાં માતા પિતાજ પૂનાય અને તેના આશિર્વાદ પડચા છે. બીજું આ પ્રગતિમાં તેમનાં ધર્મપત્નિ શ્રીમતિ લલીતાબેનની અવિરત પ્રેરણાં રહેલી છે અને ત્રીજું તેમનાં સુપુત્ર શ્રી જયેશભાઇ વહેવારૂ, બુદ્ધિશાળી અને પાવરફુલ છે.

દિકરો, જમાઇ અને શિષ્ય આ ત્રણે એવા શૌર્યવંત, સાહસિક અને ખુમારીવાળા હોવા જોઇએ. દિકરો પિતાનો કારભાર સંભાળી ''બાપથી બેટો સવાયો'' ની કહેવત સાર્થક કરે. જમાઇ પણ એવો શક્તિશાળી અને સમર્થ હોવો જોઇએ કે જે કોઇ દિ તેના સસરા પાસે એક પૈસાની આશા ન રાખે. તેમ શિષ્ય એવો જ્ઞાની હોવો જોઇએ કે ગુરૂ પોતાનાં બીજા શિષ્યને વધુ જ્ઞાન પ્રાપ્તી માટે પેલાં જ્ઞાની શિષ્ય પાસે મોકલી ગૌરવ અનુભવે.

શ્રી રતિભાઇને ત્યાં માતા પિતાજ પૂનાય, શ્રીમતિ લલીતાબેનની સંસ્કારીતાં, સહનશક્તિ, કુળ ગૌરવની પ્રતિષ્ઠા અને સાસુ સસરા તથા ઘરની ઇજ્જત વધારવાની કોઠાસુજ ભરેલી આવડત તથા સુપુત્ર જયેશભાઇની ઉજવળ કારકીર્દી વગેરે ત્રિવેણી સંગમ કહી શકાય તેવાં અનેક સદ્‌ગુણોની સુવાસથી શ્રી રતિભાઇનું જીવન પુષ્પની જેમ મહેકતું બન્યું છે.

''વિઠ્ઠલકૃપા ''
આર્યનગર, અલ્પા પ્રિન્ટ પાસે, રાજકોટ.
સાગર કુમાર રાણાભાઇ બારોટ

© RATILAL JOGIA

# આશીર્વચન

***શ્રી પ્રભુદાસ - જગજીવનદાસ જડીયા***
***પ્રમુખ અ. ભા. સુ. સંઘ***
***અમદાવાદ તા. ૨૫-૪-૦૪***

ભારતીય સંસ્કૃતી અનુસાર સજ્જન માણસો સદૈવ પરિવાર, સમાજ અને જનહિતનુંજ ચિંતન કરતા હોય છે. આ ન્યાયે આપે આપના સામીયકોમાં લખેલ લેખનું પુસ્તક બનાવવા નિર્ણય કર્યો છે. જાણી ખુબજ આનંદ થયો છે.

।। સકલ પદારથ હે જગમાંહી
ભાગ્ય બીન નર પાવત નાં હી ।।
।। જો ઈચ્છા હોય મનમાંહી
અને રામકૃપાએ દુર્લભ નાંહી ।।

આ નીયમ અનુસાર ઈશ્વરની કૃપા હોય તોજ આવા સારા વિચારો આવે અને અમલમાં મૂકી શકાય. બાકી મનતો માંકડા જેવું છે.

એક ક્ષણમાં અણુનાં ભાગમાં ક્યાંનાં ક્યાં પહોંચી જાય અને ન કરવાનુ પણ કરી (વિચારો) બેસે. અંતમાં આપનાં પુસ્તક પ્રકાશનનાં કાર્યમાં અંતરની શુભેચ્છા સહ,

પ્રભુદાસ જડીયા
રાષ્ટ્રીય અધ્યક્ષ
એ.બી.એસ.એસ. નાં
જય શ્રી કૃષ્ણાં

©
RATILAL JOGIA

# ‘‘અર્પણ’’ વ્દારકા ધીશનાં ચરણોમાં

રાજ રાજેશ્વર, રાજા ધિરાજ, દેવાધીદેવ કરૂણાનાં સાગર, પરમ કૃપાળુ પરમેશ્વર, દ્વારકાવાળા કાળીયાં ઠાકર, ધોળી ધજા વાળા તારી કરૂણાનો કોઈ પાર નથી. તારી કૃપા એટલી બધી અમારી ઉપર થઈ છે  કે તુને ખુદને ખબર નહિં હોય. જેમ સુદામાનાં તાંદુળની મુઠીયો ભરી ભરીને આરોગતાં મુખ્ય પટરાણી એ તારો હાથ પકડી હવે ખમૈયાં કરોની વિનંતી કરેલી તેમજ અમારી ઉપર તે કૃપા કરી છે. વગર માંગ્યે અમારી જોળી છલકાવી દીધી છે. કહોને કે અમારી જોળી નાની પડી (નાનકળી થઈ) આપે અખુટ ભંડારથી અમોને ભરપુર દયા દાખવી છે. કયારેક કયાંક સુળીનો આદેશ હશે ત્યાં તમો એ ફકત સોઈ ભોકીને અમોને સજાગ કર્યા છે અને તે અમોએ આપશ્રીની પ્રસાદી સમજીને અમારા મસ્તક ઉપર ધારણ કરીને આપને બે હાથને ત્રીજુ મસ્તક નમાવી ને ખરા દીલની પ્રાથનાં કરી છે. પ્રાથનાં પણ કેવી કે હે દયા નીધી, અમોને સારા વિચારો દયો. અમો ઉપર રહેમ દ્રષ્ટી મુકો. આ સીવાય ન લોચા ન લાફસી કાંઈ વિનંતી પણ અમોએ આપશ્રીને કરી નથી. અગર કરી શક્યા નથી. છતાં હે કરૂણાનાં સાગર તારી કરૂણાં નો કોઈ પાર નથી. પાણી પુરની જેમ પુરો દરીયો અમારી ઉપર ઠાલવી દીધો ને અમોને ભાવ વિભોર બનાવી દીધાં. અનાથી વિષેશ અમોને શું જોઈએ. કાયમ અમારી ઉપર અમી દ્રષ્ટી રહે તેવી વિનંતીની સાથે આપેજ આપનાં બાગમાં ઉગાડેલાં ફુલડા તે ફુલડા રૂપી આ ‘‘હૈયાની વાતું’’ નામની બુક અનુભવોનો સરવાળો છપાવીને આપશ્રીનાં ચરણોમાં સમર્પીત કરૂ છું. જે સ્વીકાર કરી અમોને મોક્ષને માર્ગે લઈ જશો. પ્રભુ એજ પ્રાર્થનાં વિનંતીથી વિરમું છું. દ્વારાકાધીશ કી જય.

ખાસ નોંધઃ- જયારે જયારે જયાં પણ ફોન કરીયે ને ફોન ઉપાડવાળાને તેનાજ સભ્ય પુછે કે કોનો ફોન છે. ત્યારે ફોન ઉપાડવાળા કહે કે આતો દ્વારકાધીશનો ફોન છે. ત્યારે અમારૂ હૈયું પુલકીત થઈ જાય છે. અહોભાગ્ય અમારા કે અમોને આવો ઈલકાબ મલ્યો છે.

આ પુસ્તકની વિમોચન વિધી રાજકોટ મધ્યે મારા માતુશ્રી એકસોહ વરસનાં થયા છે તેઓના હાથે કરાવવાની ઈચ્છા છે. જેવી ઠાકોરજીની ઈચ્છા.

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ‘‘લેખકનાં બે બોલ’’

**નામ રહંતાં ઠાકરા, નાણા નહિં રહંતાં**
**કીર્તિ કેરા કોટડા, પાડયાં નહિ પડંતા,**
**મરૂ પણ માગું નહિં, અપને તન કે કાજ,**
**પરમાર્થ કે કારણ નહિં, માગન કો લાજ.**

આજથી સાત વરસ પહેલાં ભાવનગરથી ‘‘સાગર’’ નામનું માસીક અમોને મલ્યું ત્યારે વિચાર આવ્યો કે આ સાગર ખરેખર મહાસાગર બની રહેશે તો અમો પણ ફુલ નહિને ફુલની પાંખડી સાગરને ચરાણે અર્પણ કરીએ ને તે પ્રેરણાંથી દર મહિને આજ દિવસ અને હજુ પણ લેખ લખીને ‘‘બોધકથા રૂપે’’ મોકલીયે છીએ. લેખ લખતા નથી. પરંતુ અંતરથી લખાય જાય છે. તેમાં મારા ધર્મ પત્ની દિકરીયો વહાલો પુત્ર પૌત્ર પૌત્રી... પુત્ર વધુ તથા સગાં સબંધીઓનો તથા સ્નેહિજનો મિત્રો લાગતાં વળગતાં સૌનો સિંહ ફાળો છે. તેવો થકીજ આ બધું થઈ રહ્યું છે, થતું રહેશે. તેવી આશા અસ્થાને નથી. કેવલ‘‘મનુષ્ય યત્ન ઈશ્વર કૃપાં’’ થી અને ઈશ્વર ઈચ્છાથી આ બધું થતું રહે છે. મારા અંતરનાં ઉંડાણમાંથી ઉદ્‌ભવેલી વાતોનો નિચોડ મારી વ્યથા ભલે બીજાની બને કથા ‘‘હૈયાની વાતું નામની’’ આ પહેલી બુક બનાવી રહ્યો છું. જીંદગીની સફરમાંથી ઘણું શીખવા મલ્યું છતાં હજી ઘણું શીખવાનું બાકી રહે છે. તેમ અનુભવાય છે. પરંતુ સમય કયાં કોઈની રાહ જોવે છે. જન્મથી આજ લગીનાં દરેક દિવસો સુખરૂપ પસાર સુખરૂપ કયારે થઈ ગયાં. જોત જોતાનાં સીનીયર સીટીજનનો ઈલકાબનું લેબલ લાગી ગયું છતાં હજુ જાણે એમજ લાગે છે કે કાલ સવારની જ વાત છે. હજુ ઘણું શીખવાનું કરવાનું ને આ સંસારનું રૂણ અદાથી અર્પણ કરવાની ઈચ્છા ખતમ થતી નથી અને આશા અમર છે. ઈચ્છાઓ કયાં કોઈની પરીપૂર્ણ થઈ છે. છતાં કરતાં જાવ કરોડીયો ચાલતાં ચાલતાં જયાં લગી પહોંચાય ત્યાં લગી જાસું. અધુરુ કામ છોડીને જાવું પડશે તો અમારે કયાં મોક્ષ જોયે છે. ફિર અવતાર ધારણ કરશું ને અધુરા કામ પૂરા કરવા મંડી પડશું. ‘‘એકલો જાને રે’’ અમારે સથવારાની પણ કયાં જરૂર છે. ‘‘ઉઠ ઉભોથા જાગને

© RATILAL JOGIA

ધ્યેય માટે મંડી પડ. (સ્વામી વિવેકાનંદ) ની વાત હૈયામાં સોસરાવી ઉતરી ગઈ છે. તે કેમ ભુલાય ભલાં. જન્મ ૧૯૩૭ જન્મભૂમી સૌરાષ્ટ્ર ? કર્મ ભૂમી ''મુબંઈ''

નોંધ : હૈયાની વાતું નામનાં પુસ્તકનાં અઠાવન પ્રકરણને ૨૯૮ પાનાંમાં ઘણાને એમ લાગતું હશે કે આતો અમારૂ નામ ગામ ઠામ છે. તો લાગતાં વળગતાંઓને વિનંતી કે આ લેખો ફક્ત મૌલીક છે. કોઈ ઉપર કોઈનાં હૈયાને ઠેસ લાગે તેવી ભાવનાથી લખેલા નથી. છતાં કોઈને દુઃખ પહોચ્યું હોય તો ક્ષમાં કરી માફ કરશો. બંધ બેસતી પાઘડી, ટોપી, ચણીયાં ચોળી ન પહેરવાં, વિનંતી સાથે ક્ષમાં માંગીએ છીએ.

દ્વારકાધીશ કી જય.

©

RATILAL JOGIA

# બાપુજી એટલે.......બાપુજી

ખરેખર ‘‘હૈયાની વાતુ’ નામની લખાયેલી બુક શ્રી રતીલાલ પી. જોગીયાની કલમે જરૂરથી વાંચીલેવીને એમાંથી લઈ શકાય તેટલો લાભ લેવો. ખરેખર દરેક માણસના ‘‘હૈયામાં’’ ઘણી બધી વાતુ વલોવાતી/વગોવાતી હોય છે. તે તેનાં અનુભવોનું ‘‘જ્ઞાન’’ જીવન સંઘર્ષમાંથી પ્રગટે છે. પરંતુ દરેક લોકો તે વાતુ લખી શકતા નથી. મારા પુજ્ય પિતાશ્રી જેને અમો ઘરના દરેક મેમ્બરો ‘‘વડીલ ભાય’’ તરીકે બોલાવીએ છીએ. તેવોએ જે બુક લખી છે. તે તેમના અનુભવોનો નિચોળ છે. લખાયેલા લેખો વાંચ્યા પછી પણ મગજનાં કોમ્પ્યુટરમાં ગળમથલ અમુક લેખો બાબત થયા કરે, જે આપણે સમજી શકીશું નહી. કારણ કે આ માણસ મૌસમ ખાધેલો આદમી છે. આપણે ધારીએ કાંઈક ને બને કાંઈક તેજ તો તેવોની જિંદગી જીવવાની ખુબાલીટી છે. છતાં જયારે સમજાય ત્યારે ચોક્કસ કહેવાનું મન થાય કે તેવોના લખાયેલા શબ્દોમાં **‘‘જાન’’** છે, તે અગર સમજાય તો જીવન જીવવાની ઘણી બધી ગુંચ સુલજાય જાય. તેવો ‘‘૧૯૬૨’’ માં મુંબઈ મહાનગરમાં રોજી રોટી માટે આવ્યા. અહિ તો રોટલો મળે પરંતુ ઓટલો ? તે સમજાય ગયુ કે મહેનત કરતાં મમાય માતાજીની અસીમ કૃપા થાય છે ને, રોઝી, રોટી, ઓટલો સઘળુ મળે છે. મારો બોર્ન વર્ષ ‘‘૧૯૬૬’’ પિતાજી બિઝનેશમાં એકલા, પાંચ બહેનોનો હું એક જ લાડકો ભઈલો સગાવહાલાનો વેવાર આવવા જાવાનો ખુબજ, ત્યારે નવી જિંદગીની શરૂઆત અત્યારે જે સાધન સગવળ છે કદાચ ત્યારે મુંબઈમા નહિ હોય. તે મહાનગરમાં રહિ ‘‘રેતીમાં નાવ’’ ચલાવવી (સંઘર્ષ રૂપી) ને ઠરીઠામ થવું. તે એક કાબેલીયત ને મહેનતું ઈન્સાનનું કામ હતું છે. સગા વહાલાવોને પણ તેડાવીને સાથે રાખી પોતાનું આગવું સ્થાન રાખી ટકી રહેવું કેટલું અઘરૂ હશે. છતાં આ બધું અત્યારે લખવાનો મતલબ એ છે કે જે માણસ શૂન્ય માંથી સર્જન કરે ને ત્યારે જે અનુભવ થાય, તે કેવો હશે. સુખી માણસોને બધે સુખજ દેખાય પરંતુ, ભાઈએ જીવનમાં જે સંઘર્ષ કર્યો ને અનુભવ મેળવ્યાં તે અલોકીકજ છે. ને જ્યારે સ્વપ્નું સાર્થક થતું લાગ્યું ત્યારે જ ‘‘કેન્સર’’ જેવી ભયંકર બિમારીનો ફટકો લાગ્યો, મધદરીયે પોતાની જિંદગીનું નાવ હાલક ડોલક થતું લાગ્યું. ડુબસુકે પછી જીવસું કે ડુબાળી દેસું જેવી નાજુક પરીરિસ્થતિમાંથી લળી લેવાનો પડકાર ને હિંમત ખરેખર **‘‘દાદ’’** માંગી લ્યે, જુઠા ને ઈર્ષાથી ભરપુર માણસોની ખુશી ઉપર પાણી ફેરવીને જિંદગી જીવી જાવી એટલે પાતાળ માંથી પાણી લયાવવા જેવું કામ કરીને અડીખમ અદાથી જીવન જીવવું ને હજી તેમજ જીવે છે. બિમારીને પણ પડકાર ફેંક્યો કે થાય તે કરીલે, હું એમ હિંમત હારી જાવ તેમ નથી. કારણ -

© RATILAL JOGIA

કારણ કે, મારા પક્ષે, ન્યાય નીતીને ઠાકોરજીની અસીમ કૃપા છે. બિમારીને, ને સ્વાર્થીઓને કહિ દીધું ખુલ્મ ખુલ્લા કે, **''તમારી તો''** ને પુરી દુનીયાના દરેક દેશોની બબ્બે ત્રણ ત્રણ વખત મુલાકાત લીધી ને દરેકને મળ્યા. નાના મોટા નો ભેદભાવ રાખ્યો નહિ. દરેકને સરખી દ્રષ્ટીથી નિરખ્યા ને આનંદમાં વધારો કર્યો. અમોને જિંદગી જીવવાની **''જડીબુટી''** લયાવીને અમારા ચરણોમાં મુકી દીધી ને હાથ જોડીને કહ્યું કે મારાથી **''દોડાય''** તેટલું હું દોડયો હવે તમો દોડો તમારો વારો છે. પરંતુ યાદ રાખજો નીતી, ધર્મ, નિયમોને ઠાકોરજીને છોડશો નહિ. બાકી બધું તમો જે સમજો તે ખરૂ ને ખોટુ, હિરાની કદર જવેરી જ કરે. તેમ આ લખેલ પુસ્તકની કદર સમજદાર માણસ કરી શકશે. આજે 'ગોલ્ડ' શો રૂમ એક્ષપોર્ટ ઈમ્પોર્ટ ડાયમંડ પ્લેટીનમનાં વેપાર વૃધ્ધિને જેનો ઈન્ડિયા લારજેસ્ટ નંબર સાત આવેલ છે. તેનો પાયો ભાયે નાખેલ છે. આજે તે રોપેલ આંબાના ફળ મીઠા મીઠા માનીને આરોગીએ છીએ. અમો તેવોનાં ચીંધેલા માર્ગેજ ચાલશું કયારેય ચલાયમાન થશું નહિં. તેવી હિંમત એકઠી કરી જીવન જીવતાં શીખીએ છીએ. નાનો પરીવાર સુખી પરીવાર તેવોનાં આશીર્વાદ ને ઠાકોરજીની કૃપાથી થયું છે. તેવો અનુભવ હજરા હજૂર જોઈએ છે. ત્યારે ભાવ વિભોર થઈએ છીએ. હૈયાની વાતુ નામની બુક તૈયાર થતાં, સમસ્ત જ્ઞાતી ચરણે ધરી દેશું જેથી સર્વેનાં આશીર્વાદ અમ ઉપર ઉતરે. **''જ્ઞાતી સુખાય જ્ઞાતી હિતાય''** ભાયની સામે હજુ પણ હું બાળક વેળા કરું છું, તેમજ મારા દાદીની સામે ભાય પણ બાળક વેળા કરે છે.

આ, પણ જિંદગીનો એક લહાવો છે, છતાં અહિ જે કાંઈ લખ્યું છે છતા આ નાને મોઢે મોટી વાત છે. આ લખાયેલી વાત દ્વારા પુજ્ય ભાઈ (બાપુજી) તથા 'બા' ને અમારા કોટીકોટી વંદન હોજો અને સદાય તમારા આશીર્વાદ અમારી સાથે હોજો.

લી.

અમો છીએ તમારા લાડકા ભુલકા બાળકો,
કાલીઘેલી વાતુનાં વળા કરતાં
ચિ. જયેશ ''કુસુમ'' કુમારી ''બંસરી''
વહાલો ક્રીસનીલ (શ્યામ) ના સાદર પ્રણામ,
જલારામ બાપાની જય.

નોંધ :- આવા જાજરમાંન ને જવામર્દને પ્રમાણીક માતા, પિતાના અમો સંતાન છીએ તેનો ગર્વ છે. અમોને ''શતજીવ સતાયું.''

© RATILAL JOGIA

# આશીર્વચન

**પૂ શ્રી ત્રિકાલદર્શી**
**ધોરાજીના આશીર્વચન**

'સાગર' માં આવતી 'બોધકથા' નું પુસ્તક તરીકે રૂપાંતર થઇ રહ્યું છે, તે જાણીને આનંદ થયો. 'સાગર' જયારે જયારે આવતુ ત્યારે ત્યારે મારૂ કોઈ લખાણ હોય તો તેને પછી તરત જ શ્રી રતીલાલભાઈની બોધકથા વાંચી જતો, વાંચતો ત્યારે શાસ્ત્રનાં ગ્રંથો હિતોપદેશ-પંચતત્ર વગેરેની યાદ આવી જતી. બોધકથાઓમાં શ્રી રતીલાલભાઈ જાણે કે પુરાણને અર્વાચીન રૂમાં રૂપાંતર કરતા હોય એમ લાગતું. તેમની રજુઆત કરવાની શૈલી જોઈને તેમનાં અનુભવોનો અનુભવ થતો ને કહેવતી યાદ આવતી.

**જયાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવી**
**જયાં ન પહોંચે કવી ત્યાં પહોંચે અનુભવી**

તેમ શ્રી રતીલાલભાઈના જીવનનો અનુભવ સરસ્વતીની કૃપાથી લેખન મારફત જુના જોખવાના ધડાથી માંડીને કોમ્પ્યુટર સુધી પહોંચાડે છે. સ્વામી વિવેકાનંદથી માંડીને હેમીંગ્વેની ઝલક દેખાય છે. બિંદુથી સિંધુ સુધી પહોંચે છે. એમની બોધકથાઓમાં જીવન જીવનાની જડીબુટી છે. નાના નેસડાથી માંડીને મેટ્રોપોલીટન શહેરની ઝલક છે. જીવનનાં અનુભવો જયારે બહુજન હિતાય બહુજન સુખાય હોય ત્યારે પ્રત્યેક વ્યક્તિએ આ પુસ્તક વાંચવું અનિવાર્ય છે.

સમાજનાં હિત માટે આવા તો અનેક મનોરથો શ્રી દ્વારકાધીશે એમના હાથે નિરધારેલ હશે. ત્યારે આ નુતન પ્રકાશનમાં અનુભવી લેખક સાથે બહુમુખી પ્રતીભા ધરાવનાર શ્રી રતીલાલભાઈને મારા તમામ શુભ અશિર્વાદ.


કથા કર્મકાંડ જયોતિષ ક્ષેત્રે
આંતર રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કરેલ.
લી.
ત્રિકાલદર્શી સુરેશભાઈ પી. કનૈયા
ત્રિકાલદર્શી ઓફીસ
મહાલક્ષ્મી રોડ, ધોરાજી
ફોન નાં. ૨૨૨૧૮૭


© RATILAL JOGIA

# રત્નકણિકાઓ


| | | |
|---|---|---|
| ૧. | તારી કરૂણાનો | ૧ |
| ૨. | પેડલ | ૨ |
| ૩. | બાપુજીની | ૪ |
| ૪. | બહુરત્ના | ૭ |
| ૫. | રાતા સાડલા વારી..? | ૧૦ |
| ૬. | દે તાલી..ઈઈ દે | ૧૪ |
| ૭. | ડ્રીમ ગર્લનું લાફીંગ | ૧૮ |
| ૮. | ભાગ્ય લક્ષ્મી | ૨૧ |
| ૯. | ભલે પધાર્યા | ૨૯ |
| ૧૦. | ફક્ત એક આનો | ૩૩ |
| ૧૧. | માણેક | ૩૭ |
| ૧૨. | શ્રદ્ધાળુો 'ને' 'પાલ' | ૪૨ |
| ૧૩. | ધન્ય ધરા ધરણી | ૫૪ |
| ૧૪. | કૌ ઉ સું હાંભળો સો | ૫૮ |
| ૧૫. | અર્પણ | ૬૧ |
| ૧૬. | ધર્મો જસ્યતે ?? | ૬૨ |
| ૧૭. | ઓથાર | ૬૫ |
| ૧૮. | એક ઓર ઓથાર | ૭૨ |
| ૧૯. | ડ્રીમ - ગર્લ | ૭૫ |
| ૨૦. | ભાગો ભુઉઉઉઉત આવે છે | ૭૮ |
| ૨૧. | સાવન આયો રે | ૮૩ |
| ૨૨. | પાઘડીનો વળ છેડે | ૮૯ |
| ૨૩. | ડોલીની દિવાળી | ૯૪ |
| ૨૪. | ગળગળીયું | ૯૬ |
| ૨૫. | હનીમુનની હરકતો | ૧૦૨ |
| ૨૬. | ગદર્ભની આગળ ગાજર બાંધી દયો ???? | ૧૦૩ |
| ૨૭. | ધની ધર્મ ન ચૂકી | ૧૧૦ |
| ૨૮. | ચોખંડે સ્વસ્તિક | ૧૧૫ |
| ૨૯. | રણકાવો રણકાવો રૂડા રૂપૈયા | ૧૨૩ |
| ૩૦. | ડોલી દીલથી બોલી | ૧૩૦ |
| ૩૧. | ધીરો બેરો | ૧૩૫ |


© RATILAL JOGIA

# રત્નકણિકાઓ


| | | |
|---|---|---|
| ૩૨. | લીલો-લાલ | ૧૪૧ |
| ૩૩. | કાના તુજકો ક્યા કહના | ૧૪૬ |
| ૩૪. | સીધીના થઈ ગયા | ૧૪૮ |
| ૩૫. | ઝુલ્લે લાલ | ૧૫૦ |
| ૩૬. | રસીકનું રમખાણ | ૧૫૪ |
| ૩૭. | અલપ-ઝલપ | ૧૬૦ |
| ૩૮. | હાઈલ હરદાસ હળી કાઈઢ (ભાગ ૧-૨) | ૧૬૮ |
| ૩૯. | બાપ, કરતા, 'બૈરી' સવાઈ....? | ૧૮૧ |
| ૪૦. | 'સત્યમ' ને શું કહેવું ? | ૧૯૦ |
| ૪૧. | કહો, કાઠીયાવાડ કેવો છે ?? | ૧૯૮ |
| ૪૨. | સવાય પનોતી | ૨૧૩ |
| ૪૩. | અમથાલાલ આળસુલે | ૨૧૯ |
| ૪૪. | કાકો કાવડીયા વાળો ??? | ૨૨૪ |
| ૪૫. | દેવ દિવાળીના દમ આલુ | ૨૩૧ |
| ૪૬. | હું 'રામ' નથી છું 'રણછોડ' | ૨૩૭ |
| ૪૭. | 'મુખી' | ૨૪૧ |
| ૪૮. | હળફા એ પાંચ, + પાંચો | ૨૪૫ |
| ૪૯. | નવા નાકે દિવાળી | ૨૫૦ |
| ૫૦. | ગોટુએ ગાપચી મારી ગબડાવ્યું | ૨૫૪ |
| ૫૧. | ઘરડા બાળકો | ૨૫૭ |
| ૫૨. | ને મીણસારે 'ઠોંઠ' મારી, ત્યારે 'ભાદર' ભુલી પડી, અણીનો ચુક્યો | ૨૬૨ |
| ૫૩. | છે કોઈ ઝવેરી ? | ૨૬૮ |
| ૫૪. | વેકેશનનાં વળાં (મણાં) | ૨૭૨ |
| ૫૫. | 'દામોદર' નૈ....ના | ૨૮૦ |
| ૫૬. | તુમ ભી, હમ ભી, ખારી ખા | ૨૮૪ |
| ૫૭. | એઈને બેઈ નકામા | ૨૮૯ |
| ૫૮. | આપુળી-બાપુળી-જગુળી | ૨૯૩ |


© RATILAL JOGIA

# ૧ તારી કરૂણાનો

હે પરમકૃપાળુ પરમાત્મા તારી ઈચ્છા વગર એક પાંદડું પણ હલતું નથી. તે આ અજબ સૃષ્ટિનું સર્જન કર્યુ છે.

પવન, પાણી અને પ્રકાશની, માનવ જાતિ તથા સમગ્ર જીવ સૃષ્ટિ ઉપર ભેટ આપી છે.

હે દયાનિધિ, હે સૃષ્ટિના સર્જનહાર, તમોને અમારા કોટિ કોટિ વંદન.

માનવજાતને દિલ, દિમાગ, કરૂણા, દયા, વેર - ઝેર, બુધ્ધિ, બળની અમુલ્ય ભેટ ધરી છે. તે માનવ બનાવ્યો છે. પરંતુ ક્યાંક ક્યાંક માનવ તને બનાવે છે. ભુલો ભટકેલો માનવ તારી દયાની અવગણના કરે છે. તે સમગ્ર જીવ સૃષ્ટિને શું નથી આપ્યું ? છતાં માનવની ગાડી ઉંધે પાટે ચડી જાય છે અને માનવ અમાનવ જેવો વર્તાવ કરી અમાનવ જેવું જીવન જીવે છે.

હે દયાના સાગર, હે નંદનંદન, હે પરમકૃપાળુ પરમેશ્વર, હે સુદર્શન ધારી, સમગ્ર સૃષ્ટિના સ્વામી, જીવન-મરણ, જશ-અપજશ, વિધ્ધિ કેરે હાથ છે. છતાં પામર માનવ પોતે પોતા ઉપર બોજો લઈને ફરે છે. હું કરું હું કરું એ જ અહંકાર છે.

ઘાટ રૂપ જુજવા અંતે તો એ હેમનું-હેમ છે, છતાં માનવ, અધિકાર વગરનું અહંકારી જીવન જીવે છે. પોતે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. નથી પોતે શાંતિથી રહી શકતો નથી બીજાને રહેવા દેતો. અનેક ઉત્પાતમાં રચ્યો પચ્યો માનવી, આખરે જીંદગીના છેલ્લા તબક્કે આવીને વિમાસણ ભોગવે છે. ક્યારેક કોકને પસ્તાવો થતો હશે ત્યારે આત્માનો અવાજ આવે છે. હે માનવ તું કેટલો પામર છે, તું કેટલું જીવ્યો તે મહત્વનું નથી પરંતુ કેવું જીવ્યો તે મહત્વનું હતું. છતાં જે તને અધિકાર નહતો તેવું કર્મ કર્યે રાખ્યું છે. સમય સરી ગયો છે હવે પસ્તાવો થયે શું કામનું, છતાં હજું થોડો વખત છે. પસ્તાવાના આસું સારવાથી પરમ કૃપાળુ પરમાત્મા જરૂર દયા કરે છે, કારણકે તે દયાનો સાગર છે અને તેની કરૂણાનો કોઈ પાર નથી.

હે કરૂણાના સાગર અમોને ઉંડે અંધારેથી પરમ તેજે લઈ જા પ્રભુ.

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૨ પેડલ

હે ગુરૂજી ! ક્ષમાયાચના સહ પૂછુ છું, કે સાયકલ કેમ ચાલે છે. કારણ કે તેને ત્રણ પૈયા નથી, ફકત બે પૈયા જ છે. સાયકલ ઉપર સવારી કરનાર બન્ને બાજુ નમતો જુમતો જાય છે. છતાં, પડી નથી જાતો અને વેગ પૂર્વક આગળ ધપે છે. તો તેનું કારણ સમજાવવા ભગવંત, કૃપા કરશો.

હે વત્સ, સાયકલ ચલાવનારે બેલેન્સ રાખતા શીખવું પડે, સાયકલ ઉપર સવારી કરતાં બેલેન્સ હોય તો જ રહે અને સાયકલ ચલાવી શકાય. અગર બેલેન્સ ગુમાવી દેવાથી સાયકલ સવાર પડી જાય, અગર અકસ્માત થવા સંભવ ખરો એટલે પહેલા બેલેન્સ જાળવતા શીખવું જરૂરી છે. બેલેન્સની સમતુલા જળવાઈ પછી સાયકલ સવારે પેડલ મારવા પડે અને જેટલા ઝડપથી પેડલ મારે એટલી તેજ ગતિથી સાયકલ ચાલે અને મુસાફર ધારેલી મંજીલે પોંહચવામાં સફળ થાય છે.

હે ગુરૂદેવ, ક્ષમા કરશો ગઈ કાલે મેં જોયેલું, એક સાયકલ સવાર પેડલ માર્યા વગર સાયકલ ઉપર સડસડાટ જતો હતો. તો તેનું રહસ્ય મને જણાવવા કૃપાવંત થશો.

હે વત્સ તેનું કારણ સ્પષ્ટ છે. ઢોળાવ આવે, ત્યારે પેડલ મારવાની જરૂરત રહેતી નથી, એની મેળે ઢોળાવ ઉપરથી નીચે સાયકલ સડસડાટ સલામત ચાલ્યે જાય છે.

હે ગુરૂદેવ, હજી એક પ્રશ્ન પૂછવાની ઈચ્છા રોકી શકતો નથી માટે પૂછું છું કે, દરેક વખતે અને દરેક જગ્યાએ ઢોળાવ આવતો નથી. કયારેક ચઢાણ પણ આવે અને વાંકો ચુકો રસ્તો પણ આવે અને ચઢાણ કપરૂં હોઈ ત્યારે શું ?

હે વત્સ, દરેક માણસની જીંદગીમાં ચઢાવ ઉતાર આવે જ છે. વાંકા ચુકા રસ્તાતો હોય જ છે. સીધો રસ્તો કદાપિ કયાંય જતો નથી. પરંતુ જયારે ચઢાણ આવે છે અને ચઢાણ ખુબ જ કપરૂં હોય છે, ત્યારે ખુબ જ પેડલ મારવા પડે છે અને કયારેક કયારેક તો સાયકલ ઉપરથી ઉતરી જવું પડે છે અને મુસાફરની મુસાફરી હાલક-ડોલક થઈ જાય છે અને ત્યારે પરમકૃપાળુ પરમેશ્વરને ચરણે જઈને પ્રાર્થના કરવાથી ઢોળાવમાં રાહત રહે છે. પ્રાર્થનામાં ખુબ જ શકિત છે અને ખરા દિલની પ્રાર્થના અવશ્ય ફળે છે.

© RATILAL JOGIA

હે ગુરૂદેવ, ઢોળાવ આવે છે અને વગર પેડલ માર્યે સાયકલ ચાલે છે તેનો મર્મ સમજાવવા કૃપાવંત થશો તો હું મારી જાતને ધન્ય સમજીશ.

હે વત્સ, ગયા જન્મમાં જેને ખુબ જ પેડલ માર્યા છે અને ચઢાવ ચઢી ગયા છે તેને આ જન્મે પેડલ મારવાની તકલીફ ઉઠાવવી પડતી નથી. મતલબ કે ગયા જન્મે જેને ઈશ્વર સ્મરણ ખુબ જ કર્યું હોઈ, સાચા દિલની પ્રાર્થના કરી હોઈ, દયા ધર્મનું મૂળ સમજયા હોઈ તેને આ જન્મે ઢોળાવ મળે છે અને પેડલ મારવા પડતા નથી. વગર પેડલ માર્યે સાયકલ રૂપી ગાડી સડસડાટ દોડયે જાય છે અને તે પણ પ્રારબધ્ધ ને આધારે બધુ ગોઠવાઈ જાય છે. નથી લક્ષ્મીને ગોતવા માટે મહેનત કરવાની હોતી કે નથી બીઝનેસ માટે રખળવું પડતું કે નથી કોઈની લાચારી કે દયાથી જીવવું પડતું ફકત ગયા જન્મનાં પૂણ્ય અને પ્રતાપે ગાડી ચાલે છે. પછી આ જન્મે જેવા કર્મ કરે અને જીવે તે પ્રમાણે ફરી ભોગવવાનું તો ખરું જ. માટે હે વત્સ, સંતોષ રૂપી સાયકલ, વગર પેડલથી ચાલતી જોવામાં આવે તો સમજવું કે ગયા જન્મનું પૂણ્ય ગાડી ખેંચી રહયું છે અને તેને પેડલ મારવાની જરૂર પડતી નથી.

દ્વારકાધીશ કી જય.
(મહાત્માના પ્રવચનમાંથી, ક્ષમા યાચના સાથે)

©
RATILAL JOGIA

# ૩ બાપુજીની

અરરર !! ભારી કરી હમણા બે દિવસ પહેલા તો અમો મળેલા, ખુબ વાતો કરી, છુટા પૈડા ત્યારે મને કહેલું ગોપાલ શેઠ કયારેક કયારેક ઘેર આવતા હોઇ તો મજા આવે, આપણી ભાઇબંધી વર્ષો પુરાણી છે, શું તેમા આમંત્રણ આપવાની જરૂર ખરી ?

ના એવું નથી રઘા પટેલ પણ....

પણ અને બાણ ગોપાલ શેઠ મારે તમોને ભાઇબંધી યાદ કરાવવિ પડે છે તે જ મને સમજાતું નથી.

એવું નથી પટેલ અ ામેય મારે તમારે ત્યાં આવવું પડસે જ પેલા કામ માટે. ઈતો થઈ રેસે હુંકાંઇ ઈ માટે થોળો કંઉ છું. આ તો સાથે બેસીયે ને સુખ-દુઃખની વાતુ થાય અને મજા બીજુ શું અને આમ વાતુ કરતા અમે છુટા પૈડા ભયલા, પણ આપણને કયાં ખબર હતી કે ત્રીજો દહાળો આવો ઉગસે અને પટેલ મોટા ગામતરે હાલી નીકળશે.

હું એમ કવછુ કે આમ ઓચીંતાનું શું દુઃખ આવ્યું કે બાપલાને ગામતરા કરવા પૈડા મને મારૂ મન ના પાડે છે, કે હોઈ નૈ પણ હવે શું થાય ? ઈશ્વરને ગમ્યું તે ખરૂ, આમ જોવા જઈએ તો પટેલને રૂવાડેય રોગ નઈ હો, અમારા સરખે સરખા મંડળમાં તે સંધાઈથી મોટા પણ લાગે સંધાયથી દહ વરહ નાના અને એટલે જ મારૂ મન માનતુ નથી. આમ ઓચીતાનું થઈ ગયું ? એમ કહીને ગોપાલ શેઠે ઠુઠવો મુકયો.

પટેલના વચેટ દિકરાએ ગોપાલકાકાને થપથપાવ્યા.

કાકા હિમત રાખો, બાપુજી ને કાંઇ કરતા કાંઇ નો તુ, બેઠાતા વાતુ કરતા તા અને ઓંચીતાનો એટેક આવ્યો, છાતિમાં મુંજારો થયો, અમોએ તરત જ દાકતર કાકાને બોલાવ્યા, ખુબ મહેનત કરી બચારા દાકતર કાકાએ પણ... જેની જીવાદોરી ખુટી પડી હોઇ ત્યાં આપણું ચાલતુ નથી. કાકા કાકા બાપુજીએ તમોને છેલ્લે છેલ્લે યાદ કરેલા કેતા હતા કે...

ત્યાં નાનો દિકરો વચ્ચે બોલી ગયો, ભાઇ આવે ટાણે વાત કરવી સારી નહિ, ગોપાલ કાકા ઘરનાજ છે પછી વાત કરશું. ત્યાં ગામના બીજા માણસો મોઢે થવા આવ્યા, વાતનો દોર ટુટી ગયો, માણસોની અવર જવાર વધી પડી, સાંજે ઉઠમણાંમા હાજરી આપી સૌ વિખરાણા.

© RATILAL TOGIA

અગીયારમાનાં દિવસે ફરી પાછા મલ્યાં, ગોપાલ શેઠે પણ હાજરી પુરાવી પટેલનાં એક મોઢે વખાણ થવા લાગ્યા. નિતીમત્તા, ધર્મ, ધ્યાન, દાન-પૂણ્ય, વેપારવટ, હિસાબ-કીતાબ, ગરીબ-તવંગર, સગા વહાલા, વેવાર-વેપાર સર્વેમાં પારંગત એવા પટેલ, હવે આપણી વચ્ચે નથી. પટેલની જીભાન એટલે જીભાન, જીંદગીમાં કયારેય ખોટુ બોલ્યા નથી કે નથી કોઈને કટુ વચન કીધા.

પટેલ જીભાનના પાકકા અને એટલે જ આજે પણ એનુ વેણ કોઈ પાછુ ઠેલતુ નોતુ અને કોરટ કચેરીમાં પણ પટેલનું વજન પડે હોકે, પટેલની જીભાન પાકકી બ્રહમાના લેખ સમજોને.

ગોપાલ શેઠે સાક્ષી પુરાવિ મારો જીગર જાન ભાઈ બંધ તે બોલ્યો નો ફરે જે કયે ઈ હાચુજ હોઈ, ખોટુ કોઈ દાડો નો બોલે...

અને નાના દીકરાએ વાતનો દોર પોતાના હાથમા લઈ લીધો અને કીધુ કે બાપુજીની વાત સો ટકા સાચી હોઈ, કોઈ દાળો બાપુજી ખોટુ ન બોલે શું કયો છો ગોપાલ કાકા ? અને ગોપાલ કાકાએ ટાપસી પુરાવિ ખરૂ કે છે ભયલા રઘો પટેલ સો ટચનુ સોનુ, તેનુ વેણ સો ટકા સાચુ. બાપુજી કોઈ દીવસ ખોટુ બોલ્યા નથી. બાપુજીનીવાત ખોટી હોઈ જ નહીં નાના દીકરા ને આટલુ જ પાકુ કરવુ હતુ, કે બાપુજીની વાત ખોટી હોઈ જ નહી, ને પંચમાં તે ગોપાલ શેઠે કબુલ કરી હતી, કારણ કે તેને ખબર ન હતી કે આ વાત નો દોર મારૂ જ ગળું કાપી નાખશે અને થયું પણ તેમજ...

**દિન ગણતા માસ ગયા અને વરસે આંતરીયા,**
**સુરત ભુલી સાઈબા, નામે વીસરીયા.**

દુખનું ઓહડ દહાળા. જોત જોતામાં એક મહીનો પસાર થઈ ગયો કે થવા દીધો, તે ગોપાલ શેઠનાં મગજમાં નો આવ્યું, પણ એક દિવસે સવારના પહોરમાં ત્રણેય ભાયુ પટેલના દિકરા આવી રામ રામ કરીને ગોપાલ કાકાને પગે લાગીને બેહી ગયા. દુકાનમાં ખબર અંતર પૂછાણા પટેલને આજે મૈનો માસ થવા આવ્યો દિવસોજાતા વાર નથી લાગતી, એવી ઔપચારીક વાતો પતી કે તરત જ વચેટ દીકરો બોલ્યો, કાકા આપણો હીસાબ શું છે ? જે હોય તે આપો એટલે અમો જાયે. ગોપાલ શેઠના ડોળા ચશ્માની ઉપરથી ત્રણેયને જોઈ વળ્યા, તરત જ ચોપડો ખોલીને જોઈને કીધુ બાપુજીના પૂરા દશ હજાર રૂપિયા મારે ત્યાં જમા પડેલા છે, જે હું અઠવાડીયામાં ચુકવી દઈસ ઈ તો તમો ચુકવી દેસો, કાકા પરંતુ તમોને તો ખબર છે જ કે બાપુજીની વાત સો ટકા સાચી હોઈ, બાપુજી કોઈ દિવસ ખોટુ બોલે નઈ, ગોપાલ શેઠે પણ ટાપસી પુરાવી હા ભઈલા તારી વાત સાચી છે બાપુજીની વાત ખોટી હોઈ જ નહીં. તો પછી કાકા તમો ખોટુ કેમ બોલો છો ?

એટલે ?

એટલે એમ કે બાપુજી એ પૂરા એક લાખ તમારે ત્યાં જમા કરાવેલ પડયા છે અને તમો દશ હજાર કેમ કયો છો ? અ રે રે રામ રામ રામ હોઈ કાંઈ ભઈલા હું તમારે બાપ ઠેકાણે છું, તમો ત્રણેય ભાઈ મારી મશ્કરી કરો છો ? બહુ થયું, જે હતુ તે મે સાચુ જ કહયું છે મારે ત્યાં ફકત

© RATILAL JOGIA

દશહજાર જ જમા છે માતાજીના સમ ભઈલા.

કાકા ખોટા સમ શા માટે ખાવ છો ? બાપુજીની વાત કોઈ દાળો ખોટી હોઈ જ નહીં,ને અમારે ત્રણેય ભાયુની રૂબરૂ છેક છેલ્લી ઘડીયે બાપુજીએ આ વાત કરી અને ભલામણ પણ કરી છે ગોપાલ શેઠ ઈજ્જત વારો માણસ છે, તેને પજવવો નહીં, ભલે થોડા થોડા કરીને આપે તો પણ ચલાવી લેવુ, કારણ કે મારો ભાઈ બંધ છે. બોલો કાકા બાપુજીએ આટલી વાત કરી તે શું ખોટી હોઈ શકે.

ગોપાલ શેઠે રઘા પટેલની તારીફ કરવામાં પાછી પાની નોતી કરી, જી હજુરીયાની જેમ એક જ પીપુડી વગાડી હતી કે બાપુજીની વાત ખોટી હોઈજ નહીં. હવે પગ નીચે રેલો આવ્યો, શું કરવુ સુજ પડતી નથી. હૃદય ભરાય ગયું. આંખ માંથી આંસુ ટપકી પડયા.

વચેટ દીકરો કારસ્તાની હતો. ઉલટાનું સુલટુ અને સુલટાનું ઉલટુ કરવામાં પારંગત હતો. લોઢુ તપેલુ છે ઘણ જીકી દેવો જોયે સમજીને ફટકો માર્યો. કાકા કોચવાવમા તમોને બાપુજીની વાતની ખાત્રી થઈ જ ગઇ છે જે અમ માટે ઘણી બધી છે રોવો માં ભલે થોડા થોડા ભરપાય કરજો અને ગોપાલ શેઠની રાડ પડી ગઇ, તેનેય વચેટ ના પગ પકડી લીધા, દિકરા હું તારા બાપને નથી રોતો, પરંતુ તારા બાપની ખોટી ભાટાઇ માં હું આવી ભરાણો એને રોવ છું. દીકરા જેમ તારા બાપુજી ખોટુ નથી બોલતા તેમ હું પણ ખોટુ નથી બોલતો મે આટલા બધા રૂપિયા તારા બાપા પાસેથી લીધા જ નથી.

ના કાકા હવે તમો કયારથી ખોટુ બોલવાનું શીખી લીધુ છે. મારા બાપુજી તો કેતા હતા કે ગોપાલ કાકા કદી ખોટું બોલતા જ નથી અને આજે મારા બાપુજી નથી એટલે તમો આમ રૂપિયા હજમ કરી જવાનું વિચારો છો, તે યોગ્ય નથી જ અને તમોને તો ખબર છે ને કે... બસ બસ હવે વધારે બોલતો નહીં અને આમ જીભા જોડી થઈ ગઇ બે માણસો પણ ભેગા થઈ ગયા, કેવાઈ છે ને કે તમાસા ને તેડુ નાં હોઈ, ગામ આખામાં વાત ફેલાઇ ગઈ. કોઈ શેઠ તરફી, તો કોઈ પટેલ તરફી, વાત કરવા લાગ્યા. ગોપાલ શેઠનાં અન્ન જળ ઉડીગયા, તેનીયે જ બાપુજીની વાત ખોટી ન હોઈ નો જોરદાર પ્રચાર કરેલ અને હવે પોતે જ સુડી વચ્ચે સોપારી જેવી પરિસ્થિતિમાં આવી ગયા. શું કરવું કાંઇ ખબર પડતી નથી.

આમ જ દિવસ પૂરો થયો, રાત પડી, સૌ જીવ જંપી ગયા. ફકત એક ગોપાલ કાકા ખાધા પીધા વિનાના પડખા ઘસતા જાગતા વિચારતા હતા અને આમ મધરાત પુરી થઈ અને અંતીમ નીર્ણય લેવાઇ ગયો. વહેલી પરોઢે ગામનાં કુવામાં ધુબાકાનો અવાજ આવીને સમી ગયો. ગામનાં શ્વાનો ભસીને શાંત થઈ ગયા.

સવારે ગામ આખુ સત્બ્ધ થઈ ગયું. જે છોકરાએ જેરનું પારખું કરેલ તે એકલોજ જાણતો હતો કે **મારી વાત ખોટી હતી,** ગોપાલ કાકા નીર્દોષ હતા. પરંતુ હવે શું થાય, કારણ કે બાપુજીની વાત ખોટી ન હોઈ.

સુજ્ઞ વાચક વર્ગ ઉપરની વાત માંથી એટલું જ શીખવાનું છે કે કોઇ પણ જાતનું કાંઈપણ ઓવર થાય છે, ત્યારે તેનું પરિણામ સારું હોતું નથી.

દ્વારકાધીશ કી જય.



© RATILAL JOGIA

# ૪ બહુ રત્ના

**ગંગા ગંગા ગંગા ડી,**
**વિનવુ તારે ચરણે પડી,**
**સ્નાન કરૂ હું હરકી પેડી,**
**દે પૂણ્યની પડીકી વાડી,**
**તારી રહી જાય નામડી,**
**મેરી હો જાય કામડી.**

હરિદ્વાર ખરેખર હરિનું દ્વાર જ છે ગંગામાતાની ગોદમાં આળોટવાનું મન મુકીને દિલ થાય અને તેમાંય બારબાર વરસનાં વહાણા વાયા પછી કુંભ મેળાનું પર્વ આવે ત્યારે લાખોની સંખ્યામાં ભાવિકો મેળો કરવા ઉમટી પડે અને ગંગા મૈયામાં સ્નાન કરી, પાપ મુકત થઈ, મન પવિત્ર કરીને ધન્યતા અનુભવે, ત્યોર તે રોમાંચ ની ઘડી આવી ચડે અને હૈયું પુલકીત બની જાય. પોતાની જાતને ધન્ય અનુભવાય અને કોઈ વડવાઓના પૂણ્ય પ્રતાપે અહીં લગી પુગ્યા અને ગંગા મૈયાના આરતિના દર્શન કર્યા અને સ્નાન કર્યું તેનાથી વિશેષ શું જીંદગીમાં જોયે છે. છતાં મન છે તે દિવડાની ધાર રૂપી છે, કયારેક કયાં જઈ ચઢે તે કેવાય નહી, અનેક તર્ક વિતર્ક થયા રાખે. ઘર અને પરીવાર યાદ આવે, આળોસી-પડોસી અને સગાવહાલા તો ખરાં જ, કારણ કે તેવો બધાને પ્રતાપે તો આ કુંભ મેળાના ભાગીદાર બન્યા છે, નહિતર વળી એવો વિચારજ કયાંથી આવે કે ચાલો હરિદ્વાર જઈ આવિયે. પરંતુ જેમ આપણાં ધર્મ ગ્રંથનાં પ્રસંશકો કથા સંભડાવતી વખતે કહે છે ને કે, ત્રાણને સમજાવવા અને સમજવા મુશ્કેલ છે....

(૧) પોતાની પત્ની (૨) પડોશીઓ અને (૩) કુટુંબીજનો

આ ત્રાણને કદાપી આપણે સમજી શકીશું નહિ અને સમજાવી શકીશુ નહિ. તેમાઈ પડોશી હોઈ તો તો નસીબદાર, બાકી પાડોસી હોય તોતો કાંઈ કેવા પણું રહેતું જ નથી, કારણ કે પડોસીમાંથી પાડોશી થયો હોઈ પછી પૂછવાનું જ શું? પાડો -સી સમજયા ને એવું જ કુટુંબમાંથી કટું-બી થયો હોઈ, પછી કાંઈ કરવાનું રહેતું નથી, કારણ કે તે કટું-બી થયો છે અને

© RATILAL JOGIA

સમુદ્રમાં તુફાન ઉઠે છે ત્યારે આપણે આપણી કસ્તીને વાડવી જ પડે, ન વાડીયે તો આપણે ડુબી જઈએ અને આપણે ડુબી જઈએ એનો પણ વાંધો નહિ, પરંતુ આપણી પાછડ જે હોઈ તેને પણ ડુબવાનો વખત આવે, ત્યારે તે ત્રણ માંથી એકતો બોલે બોલે ને બોલે જ કે હું નો તો કે તો હું અગર નો તી કેતી, ને આ સાંભળવા માટે આપણું અસ્તિત્વ ગોતવા નીકળવું પડે અને આપણે હોઈ એજ કયાંથી કારણ કે સમુદ્રમાં ઉઠેલું તોફાન આપણને મીટાવિ દયે, છતાં ખારા સમુદ્રમાં મીઠી વિરડી હોઈ જ અને નસીબદાર હોઈએ તો તે મીઠી વિરડીનો સહારો મલી જાય અને આપણું અસ્તિત્વ ભુસાતું રહી જાય અને ધબીધબીને કાંઠે પહોંચી શકીયે, ત્યાં વળી ભો માંથી ભાલા નિકળતા દેખાય અને તે હોઈ સગાવાલા અને સગાવાલા હોઈ ત્યાં લગી તો કોઈ મુશ્કેલી ન હોઈ, પરંતુ તે સળગાવવા વાલા અગર તો સ,ગાવાવાલા બની જાઈ ત્યારે ખરી મુશ્કેલી ઉભી થાય અને જેનું કોઈ નથી તેનો ભગવાન હોઈ છે, તેમ ઈશ્વરની કૃપા હોઈ એટલે બધું હેમ ખેમ પાર ઉતરતું રહે. બીજા બધા જોતા રહી જાય, ત્યારે ખરેખર પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા આપણી ઉપર ઉતરી કહેવાય.

આ જગત ન્યારૂં છે એમાં આપણે અગર બીજા કોઈ હોઈ કે ન હોઈ કાંઈ ફરક પડતો નથી. ફરક પડે છે તો તે આપણાં મનનો ફરક પડે છે, હું ન હોત તો!! અરે પણ હું ન હોઉ કે હોઉ કાંઈ ફરક પડવાનો નથી જ, નાહક સીદને ઉપાધી ની વેઠ લઈને ફરે છે. મોટા મોટા મહારથીઓ આવ્યા અને ચાલ્યા ગયા, આ ધરતી ઉપર કાંઈક રાવણા રમી ગયા, કેટલાઈ ''રામ'' થઈ ગયા હશે. આ ધરતિ કદાપી કોઈની થઈ નથી અને થશે પણ નહિ, આટલું સમજાય તો ઘણું છે. આ ધરતી પર કાંઈ કેટલાય રત્નો પાકયા છે, **આ ધરતી બહુરત્ના વસુંધરા કહેવાઈ છે, યાવત ચંદા દિવાકરો** આ ધરતી ઉપર અનેક વનસ્પતિ, જાડ, પાન, ફળ, ફૂલ આપણને પરમ કૃપાળુ પરમેશ્વરે ભેટ કર્યા છે, જેમાં કોઈ વસ્તુ નકામી નથી જ પછી ભલે ને તે આપણને અરૂચી કરતી હોઈ, તે જ વસ્તુ બીજાને રૂચીકર પણ હોઈ શકે છે અને એમ ન હોત તો કોઈ વસ્તુ નું પૂરૂ પડત નહિ દાખલા તરીકે કોઈકને અમુક શાકભાજી ભાવે છે જે બીજી વ્યકિતને તે બીલકુલ ભાવતા નથી. અમુક અને તમુકમાં આપણે ગોઠવાઈ ગયા છીએ. દરેકને દરેકની પસંદગી અને રૂચી અલગ અલગ હોઈ છે, કોઈ કહે છે હું ચાઈ નથી પીતો, કોફી પીંવ છું, તો કોઈક કહે સે હું કાંઈ પીતો નથી, ફકત સોપારીનો ટુકડો ચાલશે, કોઈ સીગાર, અગર સીગારેટ પીવે છે, તો કોઈ તંબાકુ ખાય છે, કોઈસુંઘે છે, દરેકને દરેકની પસંદગી હોઈ છે અને તે પણ પાછી અલગ અલગ અને રૂચી પ્રમાણે ઉપયોગ કરવાથી કાંઈ નૂકશાની પણ નથી અને કોઈ વસ્તુ ધરતી માંથી ઉત્પન્ન થઈ છે તે નકામી પણ નથી, ફકત જે તે વસ્તુનો અતીરેક થવાથી નુકશાનકારક સાબીત થાય છે. એમ તો આપણે જમવામાં અતિરેક કરીયે અગર અળધોકીલો ઘી ગટગટાવિ જાયે, અગર બે લોટા દુધ, અગર તો બે ગલાસ ખાટી છાશ પી જાઈએ તો શું તે હિતકર થાય છે? તે પણ

© RATILAL JOGIA

આપણને હોસ્પીટલ ભેગા કરી દયે છે. જેનો અતિરેક થાય છે તે નુકશાનકારક છે. બાકી સપ્રમાણ કોઈ પણ ચીજ નુકશાનકારક નથી જ, કહેવાઈ છે કે તંબાકુ તો ગર્દભ પણ નથી ખાતા, તો આપણે પણ ગર્દભ ખાય છે એવું શું છે કે ગર્દભ ન ખાય એટલે આપડે પણ દર્ગભનો વાદ કરીને ન ખવાઈ. ગર્દભ આપણો વાદ કરતા નથી તો પછી આપણે ગર્દભનો વાદ કરવો તે શું શોભાસ્પદ કેવાઈ?

જે આપણને સમજાઈ તે સારૂં અને સાચું, બાકી મનુષ્ય સમજાવ્યો સમજે નહિ, જે વાર્યો ન વરે તે હાર્યો વરે, આપણે ગમે તેટલું સમજાવીયે, વ્યર્થ સમજવું કારણ કે ખુદ શ્રી કૃષ્ણ ભગવાન પણ દુર્યોધનને સમજાવવા ગયેલા, છતા તે કયાં સમજયા હતા. કારણ કે મનુસ્ય માતરનો સ્વભાવજ એવો હોઈ છે કે જે પોતે સમજે તે જ સાચું અને સારૂં, નૈતર મહાભારત થતું રહી જાત જો દુર્યોધન સમજી ગયો હોત તો. પરંતુ તે ન સમજયો એટલે તો આજે અને અત્યારે પણ મહાભારત અને રામાયણ ચાલુ જ છે જે કદાપી બંધ થવાના નથી જ. ખોટી આશા શું રાખવી ? ખરૂ ને ભઈલા.

દ્વારકાધીશ કી જય.

©
RATILAL JOGIA

# ૫ રાતા સાડલા વારી ..?

**રાતા સાડલાવારી, લઇ ગઇ પાશેર ખાંડ,**
**વળતા વળી, લઇ ગઇ તેલની પરી**

**ઓછુ પાતર અને અદકું ભણ્યો,**
**વઢકણી વહુએ દિકરો જણ્યો,**
**ભહુ ને વિછીં કરડયો,**
**ઉંટ ને ઉકરડે ચડયો.**

©
RATILAL JOGIA

ધરતી નો તાત ખંભે હળ લઇને ધબાકા બોલાવતો ઉતાવડી ચાલે ગામ ભણી ચાલ્યો આવતો હોઇ, ધરતીની રાણી માથે ઘાંસનો ભારો ઉપડે એનાથી પણ વધુ ઉપાડીને મલપતી ચાલે ઉતાવળે ગામભણી વાટ કાપતી હોઇ, પંખીડા અંધારૂ થયા પહેલા પોત પોતાના માળામાં પહોંચી જવા ઉતાવળે ગગન વિહાર કરતા નજરે પડતા હોઇ, પશુઓ ધુળની ડમરી ઉડાળતાં ગામમાં પોતાને આસરો આપતા માલીકને વફાદારી સાબીત કરવા ઘર ભેગા જાતા હોઇ, આભ ધરાને અડતું કેસરી કીનારીની બોર્ડર રચતું હોઇ, સંઘ્યા હિંગળો કલર ધારણ કરીને મલપતિ હોઇ, રાતરાણી વાતાવરણમા, સુગંધ પ્રસરાવવા ઉતાવળ કરવાનું કેતી હોઇ અને સંઘ્યાને વિદાય આપવા મંદમંદ પવન લહેરાતો હોઇ, ગામમાં ઠાકર મંદિરમાં સંઘ્યા પુજાની તૈયારી થતી હોઇ, જાલર વાગી અને શંખ ફુકાણો અને દોલત શેઠ ઉઠયા. થડા ઉપરથી અને રમલાને કીધું દુકાનનું ઘ્યાન રાખજે, હું ઠાકર મંદિરે જયાવું, રમલા એ માથુ ધુણાવી હા પાડી.

શેઠ ગયા રમલો એકલો પડયો, આડુ અવળુ જોઇ લીધું, એકાદુ બીસ્કીટ બેક ચોકલેટ ખીસામાં સેરવી લીધા, ચાર છ આનાનું પરચુરણ ચડીના ખીસામાં થપ થપાવ્યું. અગરબતી દિવો પેટાવ્યા, ગોળનો કકળો મોઢામાં મુકી ચગળવા લાગ્યો, ત્યાં એક બાઇ આવી પાસેર ખાંડ માંગી. રમલાએ જોખી દીધી, પૈસા ખાતે માંડી દેજે, કહીને બાઇએ ચાલતી પકડી.

રમલો વિચારવા લાગ્યો, કોણ હશે, જાણીતુ લાગે છે, નૈતર ખાતે લખવાનું નો કયે, રમલો વિચારે ચડી ગયો. વિચારે ચડી ગયેલા રમલાને ફરી અવાજ સંભળાણો તેલની પરી ભરી દેજો, હું ભુલી ગઇ હતી એટલે પાછો ધકકો થયો અને રમલાએ તેલની પરી ભરી દીધી, ફરી પાછું એ જ, ખાતામાં લખી લેજો અને રમલો બોલ્યો ભલે કાકી.

એ જમાનો કાકા-કાકી, મામા-મામીનો હતો. અત્યારે માસા-માસી અને અંકલ-આંન્ટીનું વર્ચસ્વ છે. કાકા-કાકીનાં સંબંધમાં કુટુંબ ભાવના હતી. કાકા બોલતા મોઢું ભરાઇ જાતું. કાકી 'માં' કરતા પણ વધારે હેત દર્શાવતી અને ત્યારે પોતાપણાનું ગૌરવ હતું. પીત્રુ પક્ષનું સગપણ સાચુ સગપણ કહેવાતું, ભાઇચારો અને પ્રેમથી અભીમાનનો ખોંખારો ખાયને કહેતા કે ફલાણો મને ત્રણ પેઢીએ નજીકનાં ભાઇ થાય છે, કે બીજી પેઢીયે કાકા થાય છે અને કહેવાતું કે ભાઇ એક જ લોહી છે, સાત પેઢીયે પણ ઠીકરીમાં પૈડુ હોઇને તો પણ તપે-ત્યારે-અત્યારે માસા- માસીનું સગપણ બૈરાનું સગપણ કહેવાઇ છે, તે જમાનામાં બૈરાના સગપણ લેખાતા નહિ, જે આજ માસા-માસીના સગપણે ઓળખાણ થવા લાગી છે, કહેવાઇ છે કે બાપના નામે ઓળખાવું બુરુ નથી, પરંતુ સસુર પક્ષે ઓળખાવું અધમ છે, કોઇ કયે કે ફલાણાનો જમાઇ તે ઓળખાણ શરમ જનક છે, ખરેખર તો પોતાને પોતાની જ ઓળખ હોવી જોયે. હું વિઠલ, મારો સ્વસુર પક્ષ ઇ. ઇ. મારો મસીયાઇ ભાઇ થાય. આમ પોતાપણાની ઓળખાણ સાચી ઓળખ કહેવાઇ અને ઓળખાણ તે ખાણ છે.

રમલો ફરી વિચારે ચડી ગયો, કાકી કોંણ હશે. બીજા નાના-મોટા ઘરાકના કામ પતાવી નવરાસ મેડવી ખુબ યાદ કૈરૂં, પણ યાદ આવ્યું નહિ, વિચાર પડતો મૈલો હશે, જે હશે તે શેઠને કહિ દેસુ તે ઓળખતા હશે. રમલો આમતો ખાસ કાંઇ ભાણેલો ન હતો, પરંતુ તેની પોતાની કોઠાસુઝ અદકેરી હતી. ઉંમર થતા અનુભવ લઇને રમલો પોતાને ગામ પાછો ફૈરો, નોકરી છોડી દીધી, નાનો મોટો ધંધો ચાલુ કર્યો, નસીબે યારી આપી ધંધામાં ફાવટ આવી ગઇ, કહેવત છે ને કે કામ-કામને શીખવે અને ધંધામાં બરકત આવી અને રમલામાંથી રમલુ શેઠ બની ગયો. કોઇ રમીલા નામની બાઇ સાથે ઘર સંસાર માંડયો દિવસો મૈડા પસાર થવા અને એક દિવસ આગાહી આવિ પડી, સંભાળજો ચક્રાવાત આવે છે. પવન જોરદાર ફુકાસે વરસાદ ભારીથી અતિભારી પડવાની સંભાવના છે. બહાર કોઇ જાતા નહીં. અને થયું પણ એમજ પવન વાવાજોળું વરસાદ અને ગામ આખું તોફાનમાં સપડાય ગયું અને જાન માલની ખુવારી થઇ તેમાં રમલુ શેઠ ઘરબાર વગરનો થઇ ગયો. જયાં આભ ફાટે ત્યાં થીગળુ કેમ દેવું, સેવાભાવિ સંસ્થાઓ-સરકાર વિગેરેએ બનતી ત્વરાએ મદદ કરી. ગર્વમેન્ટ ના માણસો, મોભાદાર આગેવાનોની જીપો ફરવા લાગી, ગામના કહેવાતા અગ્રણીઓની મીટીંગો થવા લાગી. ઘરનું ઘર ન હોઇ, રહેવા માટે સુવા માટે ખાટલો ન હોઇ, બેડરૂમનાં સપનાં જોયે રાખતા હોઇ, તેવા

© RATILAL JOGIA

માણસો મોટા ભા થવામાં પાછી પાની કરતા નથી. તેવા માણસો ગમે ત્યારે ગમે ત્યાં પોતાનું ડોકુ બહાર દેખાય તે માટે પગની એડી ઉપર ઉભા રેતા અને મને જોવે અને કોઈ મને હાર પહેરાવે અને મારો ફોટો કયાંક છપાઈ તેવિ ઈચ્છાવાળાની કયાં કમી હોઈ છે. ગમે તેમ કરીને મોટા ભા-થવા માટે રમલુ શેઠ જેવાની ગાડીયે ચડી બેસવા તૈયાર હોઈ છે, તેવાઓને રમલુ શેઠ જેવા તુરતજ નાડ પારખી લ્યે છે અને જેટલો લાભ લેવાઈ તેટલો ઉંચકી લેવામાં કમી રાખતા નથી. તેમ રમલુ શેઠે પણ ધાર્યુ કરાવી, મબલખ લાભ ખાટી લીધો પરંતુ માણસનું દીધેલું પુરૂ થતુ નથી. ઉપરવાળો જે આપે છે તેમાં જ બરકત હોઈ છે. છતાં રાહત તે રાહત છે અને રમલુ શેઠે પેટ ભરીને રાહતનો લાભ ઉઠાવ્યો અને પછી વિચાર કર્યો કે બાજુના શહેરમાં જઈને રહેવું અને તુરતજ બીજા શહેરમાં જઈને વસવાટ કરી દીધો.

મુળ ધંધાને પકડી, અનુભવ કામે લગાડીને ધંધામાં જંપલાવ્યું. મન લગાડી ખંતપૂર્વક વેપાર ચાલુ કર્યો. આ વખતનો અનુભવ જુદો હતો. તેને ખબર પડી ગઈ હતી કે જેટલો ફાઈદો ઉઠાવિ શકાય તેટલો ઉઠાવવો, **ઈમાનદારીને પકડીને પેટીમાં પુરી દીધી ને ઉપર તાળુ મારી દીધું** અને મૈંડો ખેલાડીની જેમ દાવ પેચથી વિરહવા કયાં કયાં માલ સસ્તો મલે છે સારો મલે છે, કેટલી ક્રેડીટથી મલે છે ની જાણકારી મેળવતો ગયો અને વેપાર વધારતો ગયો પૈસાની રેલમ છેલ થવા માંડી ઘરનું ફદીયુય રોકયા વગર મલ્ટી મીલીયનમાં નામ આવી જાય તેવા સપના જોવા લાગ્યો અને મલ્ટી મીલીયનમાં નામ આવી પણ ગયું. રમલું વિચારે ચડી ગયો, એક જ દિકરો છે જુના ગામમાં જઈને લગન કરૂ દિકરાનાં અને ગામમાં સોંપો પાડી દવ, બધા જોતા રહિ જાઈ અને મુળ વતનના ગામમાં જઈને રમલાએ પોતાનું ધાર્યુ કૈર્યું. બધા મોઢામાં આંગળા નાખી ગયા. આપણો રમલો આટલુ બધુ કમાણો ભારી હુશીયાર, બુદ્ધિશાળી ખરો અને આમ રમલાએ વાહ વાહ બોલાવિ દીધી. સૌ જોતા રહી ગયા અને રમલુએ વિદાઈ લીધી અને પોતાને શહેર ચાલ્યો ગયો અને પછી ધંધામાં લોભને થોભ ન હોઈ તેમ મૈડો જાવા નાખવા. દોળવું હતું ને ઢાળ મલી ગયો, છોકરો પોતા કરતા પણ સવાયો નિકળ્યો જે રમલુને પણ પાણી પાઈ દયે તેવો, ગોળ હોઈ ત્યાં માખીયુની કમી ન હોઈ તેમ દરેક ઠેકાણે મોટા ભા થયેલા, વાહ વાહ બોલાવી એટલે દરેકની નજરમાં ફકત રમલુ શેઠ જ દેખાય અને આવક કરતા જાવક વધી ગઈ. ફંડ ફાળા અને વેવાર ખુબજ વધી ગયા, ખર્ચો એવો થવા માંડયો કે આવક સામે ટકી રહેવું મુશ્કેલી ભર્યુ લાગવા માંડયુ. ક્રેડીટ ઉપર માલ મંગાવવામાં પાછુવારીને જોયું નહિ ગમે તેવો અને ગમે ત્યાંથી માલ મંગાવિને આંટા ભીડવા લાગ્યા. પરંતુ લક્ષ્મી પગ કરી ગઈ.

દોલતનો નશો કાંઈ ઔર જ હોઈ છે તે આવે છે કયારે અને જાઈ છે કયારે તેની ખબર પડતી નથી. અંદર ખાને પેઢી મંડી કાચી પડવા વેવારમાં મૈડા ગાબડા પડવા, જયાં જયાંથી માલ આવતો હતો, ત્યાં મંડી માથા ફુટ થવા અને બજારમાં વેપારીઓ વચ્ચે રમલુ શેઠની

© RATILAL JOGIA

ચર્ચા થવા માંડી, ક્રેડીટ ઉપર માલ મલતો બંધ થવા માંડયો, ડુબતો માણસ તરણુ પકડે તેમ બધે ફરી વળ્યા. કયાંયથી ઉધાર માલ મળવાનો મેળ પૈડો નહિ અને દેશ દેશાવરમાં વાત ફુટી ગઇ રમલુ શેઠની પેઢી કાચી પડી છે. વેવાર ઠપ થઇ ગયો, સાથે સાથે વેપાર પણ ઠપ થતો ચાલ્યો, પરંતુ હિંમત હારી જાઇ તે બીજા, રમલુ હિંમતવાળો, પાતાળમાંથી પાંણી ખેંચી લાવે તેમ ગમે તેમ કરીને ટકી રહેવા હવાતીયા મારવા લાગ્યો, **લક્ષ્મી** જાઇ સાથે **લક્ષણ** પણ જાઇ છે. ઘરમાં કંકાસના બીજ રોપાણા, અવિશ્વાસ અને મતભેદ શરૂ થયા, ગાળાગાળીને જગડા થવા લાગ્યા અને સગા સબંધી અને મીત્રો દુર ભાગવા લાગ્યા. આ બધુ કોના પ્રતાપે થયું તે રમલો વિચારવા માંડયો મન નહોતું માનતુ છતાં દિલ કબુલ કરતુ હતું કે નિયત ખરાબ થઇ છે માટે તેનુ આ પરીણામ આવ્યું છે. જયાં લગી નીયત સારી હતિ ત્યાં લગી કોઇ તકલીફ હતિ નહિ, પરંતુ નિયત બદલી નિષ્ઠા ગઇ સાથે સાથે સ્વાર્થવૃતિ એ જોર પકડયું. કાંઇકના દિલ દુભાવ્યા, ઘણાંના સાથ લીધા, પૈસા માટે તંદુરસ્તીનું બલીદાન આપી દીધું હતું.

પૈસા બનાવવાની લાઇમાં શરીર ખોઇ નાખ્યું, હવે પૈસા ખોતા ખોતા તંદુરસ્તી પાછી મલવાની નથી, શરીર પાછુ મળવાનુ નથી. સમય સરી ગયો. તે પાછો આવવાનો નથી, રમલુમાંથી રમલુ શેઠ બની બેઠેલા રમલુની આંખો ભીની થઇ ગઇ. દિલને ખુબ જ દુઃખ થયું બાજી હારી ગયેલા માણસની સ્થિતીનો બીજાને કયાંથી ખ્યાલ આવે. ઢળતી ઉંમર અને બીમારી માણસને ભાંગી નાખે અને બીમારીની પસંદગી નથી હોતી કે મારા હાથની જગ્યાએ પગ ભાંગ્યો હોત તો સારૂ હતું. એ તો ઠાકોરજીની પ્રસાદી છે જે ભોગવ્યે જ છુટકો અને આ બધુ વિચારમાંને વિચારમાં પીકચરની જેમ દ્રશ્યમાન થતુ ગયું અને જીંદગી આખીનું પીકચર ક્ષણવારમાં જોઇ જવાય છે. એટલે તો આપણા આ નશ્વરદેહને ક્ષણભંગુર કેવાય છે. પીકચરનો એન્ડ અને જબકારો થયો પાસેર ખાંડ અને તેલની પરી સામે રાતા સાડલાવાળી કાકીમાં, પરંતુ બધુ હારી ચુકેલ રમલુ શેઠ પાસે અત્યારે પાસેર ખાંડ કે તેલની પરી સુદ્ધા કયાં હતા. બધુ રમણભમણ થઇ ગયુ હતુ. હાથમાંથી બાજી સરી ગઇ હતિ, હવે પસ્તાવાથી શું ફાયદો અને રમલુ રડી પડયો. ઇતીશ્રી.

નોંધ :- સારા કર્તવ્ય અને સતકર્મથી નસીબનું પાંદડું હટી જાય છે. ટકી રહેવું તે જ સાચું છે પરંતુ દરેકને નસીબ યારી નથી આપતું .

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૬ દે તાલી..ઇઇ દે.

**સ્વિટી 16, ટોપ 21, સ્ત્રીયા જોબન 30,**
**ધોરી જોબન હળ ધરો, પુરૂષ જો બન પેટ ભરો.**

ચુમાલી ચુમાલી હાં હાં ચુમાલી. લાજો લાજો હવે તમારૂં માથું સફેદ થઈ ગયું, આપણા દિકરા દિકરીયું પરણી ગયા અને તમે ફીલમના ગીત ગાવ ચુમાલી-ચુમાલી શરમાવવું જોઈએ તમારે. તમને ખબર છે, આપણી દિકરી માણેકનો પગ ભારી છે. તેવા સમાચાર આવ્યા છે, વહુને પણ સારા દિવસો છે, તમારી બેનને હમણાં ચોથી બેબી આવિ તે તમોને ખ્યાલ કેમ નથી આવતો અને તમો અત્યારે ચુમાલી-ચુમાલી નું ગાણું ગાવ છો તે શું સારૂ લાગે છે. હવે તો ભગવાનની માળા ફેરવો, દેવદર્શન કરો, બની શકે તો જાત્રા કરવા જાવ સંગાથે મને પણ લઈ જાવ સમજયા, હવે તમોને આ બધું શોભતું નથી. કેવા ચુપ થઈ ગયા, કયારના ગાણું ગાતા હતાને પોરસાતા હતા. બોલતી કેમ બંધ થઈ ગઈ ? સાંભળો છો તમને કંઉ છું સાંભળો છો ?

સંધુય સાંભળું છું અને તારી અકકલ, હોશીયારી ઉપર હસુ છું, મારો કેવાનો ભાવાર્થ તું સમજી જ નથી એટલે મને હસવું આવે છે કે આ બૈરી કદાપી મને સમજી શકશે નહિ કારણકે મારામાં અકલ જ નથી એમજ ને? તમો માનો છો ને પરંતુ તમે એ વાતમાં ખાંડ ખાવ છો. હાં હું સંધુય સમજુ છું અને મારી બા એ મારામાં મીઠુ પણ નાખ્યું છે. શું સમજયા - કદાચ તમારામાં કમી રહિ ગઈ હશે, એટલે આમ હરખ પદુડા થઈ ચુમાલી - ચુમાલીનાં ગાંડા કાઢો છો...

ત્યાં જ તારી ભુલ થાઈ છે, તારામાં વધારે વઘાર થઈ ગયો છે એટલે તું તીખી તમતમતી ભાષા વાપરે છે અને એટલે જ મારે કેવું પડે છે કે તારામાં અકલ જ નથી.

હં... હવે સાચુ બોલ્યા, મારામાં મુઈ અકલ બળી જ નથી ને એટલે તો તમોને પરણી છું. જો જરા પણ અકલ હોતને, તો હું તમોને પરણતજ નૈ ને - ઓહો હો એમ વાત છે - ખેર જવાદે આ બધી વાત નાહક જીવ બાળવો કજીયાનું મોં કાળુ અને કજીઓ કરવાથી ગોરાનુ પાણી પણ સુકાઈ અને ઘરમાં બરકત નો રહે, એના કરતા મને મીઠી મધુરી તારા જેવી ચ્હા પીવળાવ એટલે હું ચુમાલીનું રહસ્ય બતાવું. એ ભલે હું ચ્હા બનાવિયાવું છું હો કે...અને

© RATILAL JOGIA

પ્રકાશભાઈ વિચારે ચડી ગયા. ઓહોહોહો જોતજોતામાં ચુમાલીસ વરસ જીંદગીના પુરા થઈ ગયા ખબર બી નો પડી. દિકરા દિકરીયું કયારે મોટા થઈ ગયા, કયારે વરાવિ પરણાવિ દીધા, કયારે તેવોને ઘરે ઘોડીયા બંધાણા, વાહ મારા પ્રભુ તારી માયા પણ અપરંમપાર છે. મારા વાલીડા આમ જ જીંદગી પૂરી થઈ જાઈ છે અને ખબર પણ પડતી નથી કે આટલા વર્ષો કેમ પસાર થઈ ગયા. મને બરાબર યાદ છે, આજથી બરાબર ચાર વરસ પહેલા, એક રાત્રે મને પેટમાં દુખાવો ઉપડેલ, તુરત જ ડોકટરને બોલાવવા પડેલા અને ડોકટરે કહેલું અત્યારે ઈંજેકસન દવા આપું છું શાન્તીથી સુઈ જાવ, સવારે દવાખાને આવિ જાસો અને મેં પુછેલું ડોકટર શું થયું છે તે તો કહો અને ડોકટરે કહેલ ગભરાવાની જરૂર નથી, કદાચ એપેન્ડીકસ હોઈ યા પથરી, તે સવારે દવાખાને આવો રીપોર્ટ કઢાવ્યા પછી ખબર પડે. ડોકટર ગયા, હું કયારે ઉંઘમાં સરી પૈડો તે ખબર રહિ નહીં.

સવારે મોડો મોડો ઉઠયો, નીત્યકર્મ પતાવિ દવાખાને જવા ઉપડયો. ખાસ પેસન્ટ હતા નહી, થોળા ટાઈમમાં નંબર આવિ ગયો. ડોકટરે તપાસ કરી કેસ પેપર કાઢી લખવાનું શરૂ કર્યું. નામ પ્રકાશ દિવેલીયા ઉંમર ચાલી ચાલી હં. આ ઉંમર પછી વળતા પાણી સમજવા, ચાલી પછી ઉતરાર્ધ શરૂ થયો કહેવાઈ, ડોકટર રમુજી સ્વભાવના હતા. હિંમત આપી, ગભરાવવાની જરૂર નથી કાંઈ લાગતું નથી. હમાણાં ગોળીઓ આપું છું સારૂ થઈ જાશે આગળ ઉપર જોસુ ઓકે.... અને હું દવાખાનેથી ઘરે જવા ઉપડયો રસ્તામાં મંદિર આવતું હતું. ચાલ જીવ દર્શન કરી લવ અને પગથીયા પાર કરી મંદિરના ગર્ભદ્વારમાં ભકતોની સાથે ઓતપ્રોત થઈ ગયો. દર્શન કરતી વખતે ભાવ વિભોર થઈ દર્શન કરવા તે એક લહાવો છે અને આપણને ભાવ ન આવે તો કામનું પણ શું, એમ પ્રકાશ ભાવ વિભોર થઈ ગયો. કંઠ ગદગદ થઈ ગયો પ્રાર્થના કરી. મંદિરનાં પગથીયા ઉતરી ચાલતો ચાલતો વિચારી ચડી ગયો, ડોકટરે પુછયું કેટલા થયા મેં કીધુ ચાલી. ડોકટરે સલાહ આપી આ વળતા પાણી થવાની ઉંમર છે. ખરેખર ચાલી ચાલી એટલે જવાની ચાલી ગઈ. ચાલી ગયા પછી એક તાલી બે તાલી ત્રે તાલી અને હવે ચુમાલી ચુમાલીનો મતલબ !! પ્રકાશ માથુ ખજવાળતો રસ્તાની કોરે ઉભો રહી વિચારવા લાગ્યો.

ચુમાલી હવે શું ચુમા લ્યે, જયારે ટાણું હતું ત્યારે કાંઈ કર્યુ નહિ કે કાંઈ થયું નહિ, હસે જે થયું તે ઠીક જ થયું અને પ્રકાશભાઈ કામે ચડી ગયા ચાર પાંચ વરસ જાતા શું વાર લાગે અને ફરી એજ બબાલ. ફરી ડોકટરી દવાખાનું ફરીફરીને હતા ત્યાંના ત્યાં, ફરી ડોકટરે સવાલ કર્યો શું ખાધું હતું, ઓ ગણ પચા નહિ પચા નહિ પચા, હવે એક કામ કરો મગને ભાત ખાવ, ઉકાળેલું પાણી પીવો, ભારી ખોરાક આજથી બંધ, પાચન શકિત નબળી પડી છે. ચયાપચયની ક્રીયામાં રૂકાવટ જાણાય છે. ગોળીયું આપું છું બે દિવસ પછી મલી જાસો ઓ કે અને પ્રકાશ ફરી મંદિરે ઓગણપચા અને પચાની ગડમથલમાં ઉંડો ઉતરી ગયો. સાલુ જીંદગીની ખુબી તો જો પહેલા ચાલી પછી તાલી પછી ચુમાલી અને હવે ઓગણ પચા કે પચા શું સમજવું. આમાં અને ફરી ૫૧ ફાઈવોન અને ૫૨ ફાઈવ ટુ હવે ફાંઈ ટુ એટલે થીગળુ મારવું પડશે દવાનું બીજુ શું. જેવિ

© RATILAL JOGIA

ભગવાનની મરજી મારો વાલીડો કરે ઈ હાચું....

પરમ કૃપાળુ પરમાત્માએ આ અજબ દુનીયા બનાવી છે અને તેમાય માણસ ઈશ્વરનો વહાલો વહાલો અને લાડકળો મનુષ્ય ખુદ પોતાને ભુલી જાઈ છે. પચા વરસ પછી આંખે દેખાવાનું ઓછુ થાઈ, કાને સાંભળવાનું ઓછુ થાય, દાંત મંડે રામ રામ કરવા, માથાના વાળમાંથી કાળાસ ઘટતી જાઈ, પગ ચાલવામાં બળવો કરે અને કહે કે હું હવે તારો બોજો ઉપાડીને જવાનો નથી, પેટ બળવો કરે, શરીર બાંગ પોકારે જે વધવાનું હોઈ તે વધે નહિ અને ન વધવાનું આગળ પાછળ ફુલીને ફાળકો થાય, ખાવાનું નો પચે, છતાંય આપણે કહિયે, પચા પુરા પચા થયા. અમને માથે ઈડલી રચાઈ જાઈ, પાંચ પચીસ માણસ આપણી આગળ બેઠા હોઈ તેના માથા જોઈ લેવા લગભગનાં માથા ઉપર ઈડલી હશે હશે અને હશે જ. મંદિરમાં મુસાફરીમાં કે કયાંય મેળવળામાં આગળ બેઠેલા માંણસના માથા ધ્યાનથી જોવાના, આપણને ઈડલી તરતી દેખાશે અને આપણે કાંઈ વિચારશું નહી. હોઈ એ તો, પરંતુ પ્રકાશને ખુબ જ અફસોસ થયો. સાલુ આમ કેમ ? ચોપન શું ચોપડે ચોપડી લીધું, હવે આ ટાઈમ **ઉત્તરાખંડ જાવું મારે હરીને દ્વારે,** પંરતુ સંસારની માયા અને મોહમાં મનુષ્ય અટવાઈ જાય છે. સ્મશાન વૈરાગ્યની જેમજ તો... કોઈને માટે અવલ મંજીલ પહોચાડવા ગયા હોઈએ અને વૈરાગ ઉતપન્ન થાઈ. આ સંસાર અસાર છે. કાંઈ સાથે આવવાનું નથી ખરીવાત છે. સાથે કાંઈ લાવ્યા નથી, એટલે લઈ જાવાનું પણ ન જ હોઈને, પરંતુ બાળી જાળીને ઘરે પુગ્યા કે સીતારામ, બધુ ભુલી જાવાનું અને મોહમાયામાં ડુબી જઈને બધુ હતું તેમનું તેમ અને એકોતેર, જી હાં એકોતેર એકો તેર હોઈ કે ત્રણ એકો ત્રણ ધબાઈ નમાઃ હવે ઉઠી શકાય તેમ નથી.

સાંભળ્યું કે કવછું સાંભળો છો - એ હા.. આવું છું શાન્તી રાખો નાનકાને સાફ કરીને આ - આવિ અને પ્રકાશને ઉધરસે ઘેરી લીધો. ગોટો વળી ગયો, પ્રકાશ પાંણી પાંણી કરતો બે વળ વડી ગયો, પરસેવો થઈ ગયો, આંખે અંધારા આવિ ગયા. ત્યાં અવાજ આવ્યો શું થાય છે તમને !! તમારે કાંઈ જોયે છે, હા પાંણી, પ્રકાશથી માંડ માંડ આટલુ બોલાણું. દવા ખાધી માથુ ધુણાવિ પ્રકાશે ના પાડી, તમો દવા નો ખાવ તો કયાંથી સારૂ થાય ? લ્યો, આ ગોળીયો ગળી જાવ, અહં, એમ ના પાળો માં દવા તો ખાવિ જોયે, નૈતર તબીયત વધુ બગડશે. તારી વાત સાચી છે, પણ હવે હું દવા ખાય ખાયને થાકી ગયો છું. હવે મને કંટાળો આવે છે દવા ખાવાનો.. ઈમ હિંમત હારી ન જવાઈ, બીમારી તો પાંચ દાળા હોઈ, મેં અને મેમાન કેટલા દાળા, એમ બીમારી પણ થોળા દિવસ, પછી સારૂ થઈ જાસે. હિમત રાખો, મનથી હારી નહિ જાવાનું, હારી તો ગયા જ છીએ. આ તો થપાટ મારીને મોઢું લાલ રાખુ છું શું સમજી. બાકી હવે વાતમાં માલ નથી, ઉધરસ થોડી મોળી પડી. જીવ હેઠો બેઠો થોળી રાહત થઈ...

નીંદરમાં સરી પડેલા પ્રકાશને સપનું આવ્યું સમુદ્રને પેલે પાર જઈ ચડયો આજુ બાજુ નજર ફેલાવિ. કયાંકથી ઓમ ઓમ ઓમ નો ધ્વની આવતો સંભળાતો હતો. પ્રકાશે પગ ઉપાડયા દુરથી એક કુટીર દેખાણી, નજીક જઈને જોયું તો કોઈ અવધુત ધુણી ધખાવિ ને બઠા હતા. આવ ઈધર આવ બચ્ચા, ચીંતા છોડ દે યે માનવ દેહ કુછ કામ નહિ આતા. સર્વે ખો તુમે

જીવાત્માકા શરીર ઔર સબ કુછ કામ આતે હૈ લેકીન મનુષ્ય કુછ કામ આતા નહી હૈ સોક મત કીજીયે સોચો મત, અંદર જાખો તુમે સાફ નજર સે દીખાઈ દેગા દેખો. પ્રકાશે આંખો બંધ કરી. મનન કરતો હોઈ તેમ બેઠો ખુબ ઉંડાણમાંથી અવાજ ઉઠયો. દેખો આ માનવ શરીર પંચ મહાભુતનું બનેલું છે જે સંપૂર્ણ કહેવાઈ છે. (૧) ભુતથી પત્થર બનેલો છે જે ગમે ત્યાં વર્ષો પર્યંત પડી રહે છે જે ખુદનું હલન ચલન નથી કરી શકતો, નથી શ્વાસ લેતો નથી કોઈ ક્રીયા કરી શકતો છતાં મનુષ્યને ઉપયોગમાં આવે છે. રસ્તાની વચ્ચે હોઈ કે કોરે તેનું પોતાનું હલનચલન નહી. તેને એક ભુત કહેવાય છે તે પછી (૨) વનરાજીનાં જાડપાન, તે ધરતી માંથી પૈદા થઈ શકે છે ફળ ફુલ આપે છે શ્વાસ લઈ શકે છે મનુષ્યને ખુબજ ઉપયોગમાં આવે છે પશુને પેટ ભરવામાં મદદ કરે છે, આખી જીંદગી એક જ જગ્યાએ ખોળાઈ રહે છે તે બીજુ ભુત કહેવાઈ છે. (૩) પક્ષી જે સ્થળાંતર કરી શકે છે.પોતાનું પેટ ભરી શકે છે બચ્ચા પૈદા કરી શકે છે મનુષ્યને ઉપયોગમાં આવિ શકે છે જે ત્રીજુ ભુત કહેવાઈ છે. (૪) પશુઓ જે જનમ મરણ જાણી શકે છે પોતાનું પેટ ભરી શકે છે, બચ્ચા પેદા કરી શકે છે, વાસ્તલ્ય ધરાવે છે, મનુષ્યને મદદ કરી શકે છે, વફાદારી રાખી શકે છે, મનુષ્યની સેવા કરી છુટે છે, પોતાને પોતા પણાનો ભાસ થાય છે તે ચારભુત કહેવાઈ છે. મનુષ્ય પાંચભુતનો સંપૂર્ણ મનુષ્ય બનેલો છે. તેને લાગણી પ્રેમ, દયા, ધરમ, કામ, ક્રોધ, દિલ દરેકે દરેક બક્ષીસ મળેલી છે, તે સંપૂર્ણ છે. માટે વત્સ, ચીંતા છોડ દે, ઈશ્વર મે તલ્લીન હો જા, પ્રાર્થના સાચા હ્રદયથી કર, તેરા જનમ સફળ હો જાયેગા અને ઉધરસનું ઠસકું આવ્યું. નીંદર ઉડી ગઈ પ્રકાશ વિચારતો રહિ ગયો, શું હશે આ બધુ..!!! પુરૂ યાદ આવતું નથી, પુરૂ સમજાયું નહિ. શું ઉતરાર્ધ પુરૂથવાની તૈયારીની ચેતવણી હશે. શું પ્રકાશ ઓલવાઈ જાશે? કદાપી નહિ, સામેથી અવાજ નો ભાસ થયો, પ્રકાશ કદાપી ઓલવાતો નથી. પ્રકાશનો પૂંજ અખંડ અવિરત જલતો રહે છે.

આ બ્રહ્માંડમાં 'પ' થી શરૂ થતા બધા 'પ' અજરાઅમર છે પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ અચળ છે અને રહેસે. દેહ ઘસાય છે આત્મા નહિ. પ્રકાશ જલતો જ રહે, એ કોઈએ એક રૂપિયો મંદિરમાં પધરાવ્યો સામેથી અવાજ આવ્યો, એક રૂપિયામાં શુ ખરીદીએ ? ત્યારે તેને જવાબ મલ્યો. ભકત, એક રૂપિયામાંથી ઘી અને દિવેટ લે અને આ મંદિરમાં દિવો પેટાવિ જો, આખે આખું મંદિર પ્રકાશથી ભરાઈ જાશે, પ્રકાશ છે તો જીવન છે પ્રકાશ ચાલ્યો જાશે એટલે દેહ નશ્વર થઈ પડી રહેશે. નશ્વર દેહને માટે પાંચ પચીસ માણસો ભેગા મળશે. જલદી કરો જલદી કરો કહિ ઉતાવળ કરી વેલી તકે અવલ મંજીલે પહોંચાડી ફરજ બજાવ્યાનો સંતોષ અને સંતાપ લઈ સૌ સૌ ની પ્રવૃતિમાં પરોવાઈ જાશે. બધુ હતું તેમનું તેમ કાંઈ ફરક પડવાનો નથી, પડતો નથી. સંસારની ઘટમાળ ચાલ્યા જ રાખે છે. આમ જ ચાલ્યા જ રાખે છે. રેંટ ભરાઈ છે ,ખાલી થાય છે, દર વરસે પાનખર આવે જ છે ત્યારે...

**પીપળ પાન ખરંતા હંસતિ કુપળીયા,**
**અમ વિતી તમ વિતસે ધીરી બાપૂડીયા.**

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૭ ડ્રીમ ગર્લનું લાફીંગ

મારૂ નામ ડોલી. મારા પાપા મમ્મીની હું લાડકી, મારા દાદા અને દાદીની હું દુલારી. મારા બર્થ ડે વખતે દાદએ મને તાજમહાલ ગીફટ તરીક આપ્યો. બસ ત્યારથી હું તાજ મહાલને જોયા જ કરતી. આમ તો મારી પાસે રમકડાખુબ જ છે. હું મોટી થઈસને ત્યારે રમકડાનો આખે આખો રૂમ ભરી દઈશ અને બસ પછી રમ્યાજ કરીશ રમ્યાજ કરીશ, પરંતુ આ તાજમહેલને હું જોવ છુ ને મને કુછ કુછ થાય છે. હું કયારે તાજમહાલ જોવા જઈસ, બસ તેના જ વિચાર આવ્યા કરતા અને વિચારમાં હું ખોવાઈ ગઈ.

કયારે મને સપનું આવ્યુ ખબર છે ?બરાબર રાત્રે એક વાગ્યે. હું ખુબ જ રૂપાડી પરી જેવી છું. આખા ગામમાં મારા જેવિ રૂપાડી બીજી છોકરીઓ નીમલે ખબર છે અને એક પતંગીયું ઉડતુ ઉડતુ આવ્યું અને હું બેઠી હતી ને તે મારા ઉપર ફરતે ઉડ ઉડ કરવા લાગેલું, મે પતંગીયાને કીધું કે, આમ ઉડ ઉડ શેનું કરશ, કયાંક મારા મોઢા ઉપર બેસી પડીશ તો હું શું કરીશ ? અને તમોને ખબર છે, પતંગીયુ કે છે કે ગંદી ચીજ ઉપર હું બેસતુ નથી. મેં કીધું હટ હું કાંઈ ગંદી નથી. હુંતો છેને છે ને એકદમ રૂપાડી અપસરા જેવિ છું. પૂછ મારી મમ્મીને, પતંગીયું ખળખળાટ હસવા લાગ્યું , કે છે મેં તો તને ચીડવવા કીધેલું, મેં કીધું જા જા હવે મારે સવારે સ્કુલે જવું છે, તો પતંગીયુ બોલ્યુ ચાલ આતી હૈ આગ્રા, મેં કીધું, આગ્રા આ કે મેં કયા કરૂં, તો કે આગ્રા જાયેગે, તાજમહાલ દેખેંગે ઓર વાપસ આયેંગે ઔર કયા અને અને તાજમહાલનું નામ પડતા હું પાણી-પાણી થઈ ગઈ, મેં કીધું કે તાજ મહાલ તું બતાવતું હોઈ તો આવું, પણ જાસુ કેવિ રીતે તો કે છે કે મારી પીઠ ઉપર સવાર થઈ જા. હું તને તાજ મહાલ બતાવવા લઈ જાવ. મે કીધું ના બાબા ના મને ખુબ જ ડર લાગે, તો કે છે ડર નહિ ડરેંગે વો મરેંગે અને તમો માનસો હું પતંગીયાની પીઠ ઉપર સવાર થઈ ગઈ અને નવસારી થી અમો નાસીક ગયા, ત્યાંથી ગયા કાનપુર, ત્યાંથી નાગપુરમાં પાણી જ બસ પાણી જ પાણી ચાલ્યા કરે, મારો તો આખો રૂમાલ જ ભીંજાઈ ગયો, ત્યાંથી ગયા ઈન્દોર, ત્યાંથી ગયા દીલ્હી, ત્યાં આડી ઉતરી બીલ્લી, હું તો ખુબ જ ગભરાઈ, ત્યાંથી ઉડતા ઉડતા આકાશમાં ખુબ જ ઉંચે પોગ્યા. ચાંદા મામાએ સ્માઈલ આપી

© RATILAL JOGIA

હેલો કર્યુ. થોડે દુર ગયા તો મારા જેવિ જ રૂપાડી પરી મારૂ સ્વાગત કરવા આવી.  મને કીસ કરી મારો હાથ પકડી મને હેલ્લો કર્યું .. ..  મેં ખાસ જવાબ ન આપ્યો. આકાશમાં તો બાપરે કેટલા બધા સ્ટાર, હું તો બસ જોયાં જ કરતી જોયા જ કરતી, થોડીવારે ચાંદની રાતમાં તાજમહેલ દેખાયો હું તો જોયને ખુશ ખુશ થવા લાગી મેં તો પતંગીયાને લાગલું થેંકયું કહી જ દીધુ અને થોડી વારે હું અને મારૂં પતંગીયું તાજમહેલની બાજુમાં પહોંચી ગયા.

મારા જેવિ લગભગ ઘણી બધી છોકરીયું તાજમહેલ જોવાઆવિ હતી. હું પણ તાજમહેલ જોવા લાગી કેવો લીસો લીસો અને સફેદ દુધ જેવો ચાંદની રાતમાં ચમકતો હતો. મારી બાજુમાં બીજા દેશના આન્ટી અને અંકલ હતા. હું તેમને જોય ને હસી પડી. તેવો વાતો કરતા હતા, આંટી કહે અયોયો યે કયા બનાયા જી યે તો એક હિ રૂમ હૈ ના, યો અયોયો કિચન બેડરૂમ કીધર હૈ, અયોયો બાથરૂમ ટોઈલેટ તો બનાયા ઈ નહિં જી. ભુલ ગયેલા, અયોયો એ કયા તાજમહાલ બનાયાજી અયોયો અને હું હસી પડી. હસી હસીને બેવડવડી ગઈ, મારા મમી કે ઉઠ ડોલી સ્કુલનો ટાઈમ થઈ જાસે હમણાં, હું તો ખડખડાટ હસતી જ હતી હસતી જ હતી.

મમી કે છે ડોલી સપનુ આવ્યુ સવાર સવારમાં કેમ હસે છે આટલું બધું ? શું જોયુ સપનામાં કેમ હસે છે? આટલું બધુ શું જોયુ સપનામાં.  હું જાગી પડી મેં દોડતીકને બાથરૂમમાં ઘૂસી. અયોયો યે કયા દેખાજી અને તમો માનસો. રાત્રે મેં દાદુને ફોન કર્યો દાદુએ હેલ્લો કીધી કે તરત જ મેં તાજમહેલની આખે આખી સ્ટોરી કહી દીધી. ને દાદુ ખુબ જ હસ્યા મેં કીધુ, દાદુ મારા ટેલીફોન નંબર લખીલ્યો દાદુ કહે બોલ બેટા મેં કીધું ટેન ટેન ટેન લાલ ટેન આ સોરી. આ નંબર તો જૂના થઈ ગયેલા છે, નવા નંબર લખી લ્યો બે બે બે બેટરી આ નંબર પણ બદલાઇ જવાના છે અને પડોસીના નંબર લખી લ્યો દાદુ ફોર ફોર ફોર ફોર  સ્કવેર દાદુને કીધું તમારા નંબર તો બદલાયા નથીને ? દાદુ કહે લખી લે નવ નવ નવ કવ મેં કીધું આતો જૂના નંબર છે, નવા લખાવોની અને લખો કહી દાદુએ નવા નંબર લખાવ્યા .. .. એક સો એક રેક્સોના લખાવ્યા.

હવે તમો જ કહો આ તે નંબર હો તો હશે, હમણા હમણા નંબર બદલ્યા અને બાજુવાળાના નંબર પણ બદલસે , માટે લખાવવાની જાણે કે ફેશન આવી છે. પછી મને થયું કે કયારે રજા પડે અને હું દાદુને જઇને તાજ મહેલની વાત કરૂં અને રજાનાં દિવસે દાદુ પાસે પહોંચી પણ ગઇ, દાદુ આંખો મીચીને બેઠા હતા, મે દાદુને હેલ્લો કર્યું દાદુ શું ચાલે છે ? દાદુ કહે મહાભારત, મેં કીધુ ટી.વી. તો બંધ છે. તો કે છે મગજમાં મહાભારતનું ધમાસાણ યુધ્ધ ચાલે છે. મેં કીધું કોરો કપાણો કે પાંડો પડયો ?તો કે છે કે હજી તો શકુનીની ચાલ ચાલે છે. પરંતુ તું આમ અધુરૂ કેમ બોલી ? કોરો ને બડલે કૌરવ અને પાંડો ને બદલે પાંડવો બોલાય, તો મે કીધુ હવે બેજ શબ્દો બોલવાની ફેશન ચાલે છે. ડેડીને બડલે ડેડ, મમીને બદલે મામા, તમારા જમાનાોયો



© RATILAL JOGIA

ગયા હવે તો બધું શોર્ટ કટમાં ચાલવું પડે, નૈતર બોઘા કેહવાઈએ, સમજયા દાદુ. અયોયો યે બાત કરના ઠીક હેના. હું જાવ છું દાદુ, મેં કીધું રોકાઇ જાવ કાલે જાજો. ડોલી બોલી તમારા બાથરૂમમાં ફકત બે જ સાવર છે અને મારે ત્યાં ત્રણ સાવર છે માટે હું રોકાઈશ નહિ. કારણકે એક સાવરમાં ગરમ પાંણી, બીજા સાવરમાં ઠંડુ પાણી અને ત્રીજા સાવરમાં પાણી આવતું જ નથી કારણકે ગરમ પાણીથી નહાવાની ઈચ્છા થાય તે ગરમ પાણીથી નહાઈ, ઠંડા પાણીથી નહાવા વાળાની ઈચ્છા હોઈ તો તે લોકો ઠંડા પાણીએ નહાઈ, પરંતુ મારે નહાવું જ ન હોઈ તો હું મમીને કઈ દેવા મમ્મી સાવરમાં પાણીજ નથી આવતું એટલે નહિ નહાવાનાં બહાના માટેનો સાવર મારો એટલે હું રોકાઈશ નહિ. દાદુ ગુડ બાઈ અને એપ્રીલ ફુલ અને હું વિચારે ચડી ગયો. આ નવું જનરેશન ખુબ જ આગળ આવશે, તે બધો પ્રતાપ ટી.વી. અને ફોનના, કારણ કે તેને હિસાબે દુનીયા નાની બનતી ગઈ અને બાળકો મોટા થતા ચાલ્યા.

આંઠ વરસના બેબી-બાબાને પંદર-સતર વરસનાં બાળક જેટલી સમજાણ આવી ગઈ હોઈ છે અને એટલે જ આજનું બાળક પાપા મમીને રૂઆબથી કહી દયે છે, મને બધી ખબર પડે છે અને આપણે તે વાત કબુલ રાખવી પણ પડે છે. ટ્રીન ટ્રીન ટ્રીન હેલ્લો દાદુ હું પહોંચી ગઈ છું ફીકર કરતા નહિ. ગુડબાઈ અને દાદુ એક ઉખાણું લખી લ્યો. પછી મને આવતા એપ્રીલે કહેસો સાચુ પડસે ને તો તમોને હું સરપ્રાઈઝ ઈનામ આપીસ ઓકે બાઈ...

**ઉખાણું**

**કૌવા આકાશ મેં ઉડતા હૈ**

**મગર રહેતા કીધર હૈં**

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૮ ભાગ્ય લક્ષ્મી

પધારો શેઠ પધારો ઘણા વખત થયા, તમારી વરસાદની જેમ રાહ જોતા હતા. બહેન ‘‘સીમા’’ ના લગ્ન વખતે આપશ્રીને ખુબ જ યાદ કરેલા. અમોને ખાત્રી હતી કે આપશ્રી લગ્નમાં ચોકકસ પધારી રૂડો અવસર દિપાવસો. આપ આવ્યે થી અમારો પ્રસંગ ખુબ જ રૂડો લાગત અને એટલે તો પ્લેનની રીર્ટન ટીકીટ પણ આપશ્રીને મોકલીહતી જે મલી હસે. હા હા મલી હતિને ઇ હાચુ છે પણ હું નો આવિ  શકયો મને એમ થયું કે લગ્ન ટાણે તમોને ફુરસદ હોઇ નહિ એટલે તમોને ટાઇમ નો મળે, મારી પાસે બેસીને નિરાતે વાતુ નો કરી શકો. મારે પણ જાજા દાળા રેવુ નથી, એટલે હું ઇરાદાપૂર્વક લગ્ન પતિ જાઇ પછી જ મલીયાવિસ, એમ નકકી કરીને આવ્યો છું. ઇ તો સમજયા શેઠ પરંતુ ટાણે આવ્યા હોત તો અમારૂ અને તમારૂ ખુબ જ સારૂ દેખાત અમોને પણ તમારો પોરસ તો હોઇ જ ને કે  ‘‘ગુલાબ શેઠ’’ ટાઇમે પધાર્યા. કવછું સાંભળો છો !! ‘‘એ’’‘‘હા’’ આવ્યો હો જાવ શેઠ શેઠાણી બરકે છે. માફ કરજો શેઠ, અબઘડી આવ્યો હો કે ખરાબ લગાડસો નહિ.  એમા શુ ખરાબ લાગવાનું, તમારી કાકી પણ મને આમ જ બરકે છે કોક આવે ત્યારે એ તો આમ જ દરેક ઘરે ચાલ્યુ આવે છે. નરોતમ શેઠ અંદરના ઓરડે ગયા. ગુલાબ શેઠ વિચારે ચડી ગયા, માળુ હાળું સુ જાહોજહાલી છે, પણ બધુય પારકે પૈસે લાગે છે જોવને મારા કેટલા રૂપિયા રોકીને બેઠા છે સાંભડયું છે કે બહેનના લગ્નમાં ખુબ જ ધામધૂમ કરી ખુબ જ ખર્ચો કરેલો, મારો તો જીવ બળી જાઇ છે સાંભળીને કે ભલામાણસ બહારથી નાણુ લાવ્યા હોઇએ અને રહેતા હોઇએ ત્યારે લગ્નમાં આવા આડંબર નો શોભે અને ત્યાં નરોતમ શેઠ આવિ ગયા. વિચારનો દોર ટુટી ગયો.

શેઠ જમવાનું તૈયાર છે પધારો અને હોથ મોઢુ ધોઇને ગુલાબ શેઠ અને નરોતમ શેઠ સામસામે ડાઇનીંગ ટેબલ ઉપર ગોઠવાઇ ગયા. સામે ઉંચામાં ઉંચી કોકરીના વાસણમાં ગરમા ગરમ વાનગીઓના વાસણ પીરસેલા હતા. રસોઇ ધમકતિ અને સુગધથી માલુમ પડતુ હતુ કે રસોઇ ખુબ જ લીજ્જતદાર હસે. ગુલાબ શેઠ વિચારવા લાગ્યા, શું જમવું અને શુ ન જમવું. કેમ ગુલાબ શેઠ, તમો તો કાંઇ જમતા જ નથી ને?  શું જમણવારમાં મજા નથી આવી કે પછી,

© RATILAL JOGIA

નાના એવું કાંઇ નથી. પરંતુ આટલું બધુ બનાવવાની શું જરૂર હતિ. જોઇને જ હું તો ધરાઇ ગયો. આપણે તો દાળ રોટલો હોઇ એટલે ભયો ભયો. આ બધુ અમારૂ ખાણુ નથી. નરોતમ શેઠના મોઢા ઉપર જાખપ પથરાઇ ગઇ. વિચારવા લાગ્યા આ ગુલાબ શેઠને કેમ રૂળુ મનાવવું કેમ ખુશ રાખવા. આ ગુલાબને સમજાવવો અને સમજવો કઠીન છે. છતા હસતુ મોઢુ રાખીને મૈડા તાણ કરવા, ગુલાબ શેઠ યે લ્યો તે લ્યો પરંતુ ગુલાબ શેઠ ટસનામસ થયા નહિં જેમ તેમ જમી પરવારીને આરામ કક્ષમાં ગયા. ત્યાં મુખવાસનો ખુમચો પડેલો હતો. લ્યો શેઠ મુખવાસ લ્યો આપણને આ બધુ નો ફાવે એમ કહીને શેઠ હેઠા બેસવા જાતા હતા ત્યાં નરોત્તમ શેઠે હાથ પકડી લીધો અરે શેઠ આ સોફા ઉપર પધારો, થોડી વાતુ ચીતુ કરીયે પછી બજાર જોવા ઉપડી જઇએ. આરામ કરવો હોઇ તો આરામ ફરમાવો મોડે મોડે ચોપાટી બાજુ ફરીયાવસું આવતિ કાલે બજારમાં જઇ આવિસું.

નારે ભઇલા આરામ કરવો નથ ચોપાટી ફરવા જાવું નથ બજારમાં જઇ આવશું એટલે બધુ આવિ ગયું ઠીક છે બેસો હું આ બાજુના રૂમમાં થોડો હિસાબ કીતાબ લવ છુ. આ પાણીનો ‘‘જગ’’ અને ગ્લાસ, કાંઇ જોઇ એ તો આ બટન દબાવજો એટલે માણસ હાજર થશે. જોતુ કરતું મંગાવિ લેશો. ભલે ભલે નરોતમ શેઠ બાજુના રૂમમાં ગયા ગુલાબ શેઠ મૈડા જીવ બાળવા શું માણસો થાય છે. બીજાને પૈસે કેવી જાહોજહાલી ભોગવે છે. આ સમૃધ્ધિ નરોતમ શેઠનાં કેટલા, મેં ખુબ જ ધીરાણ કરેલુ છે. હું મારા પૈસાથી આવિ ઐયાસી ભોગવિ શકતો નથી અને આ મારો વાલીડો પારકા પૈસે જાહોજહાલી ભોગવે છે. કયાંક મારા જેવાને ડુબાડીનો દયે તો સારું, જોયે હવે બજારમાં જાએ કોઇ વેપારીને મલીયે આડકતરી તપાસ કરીયે તો ખબર પડે કે અંદરખાને શું પરીસ્થિતિ છે. થોડા ટાઇમ પછી એલાયચી વાડી ‘‘ચા’’આવી. ચાનો કપ બહુ જ મોટો હતો, શેઠે ચા અડારીમા લીધી વિચાર કૈરો કે આટલી બસ અને ચા પીધી શેઠથી મનો મન બોલાઇ જવાયું વાહ સુ ‘‘ચા’’ મોકલી છે અને શેઠ આખે આખો કપ ગટવટાવિ ગયા. સામે જ સુડી સોપારી મુખવાસ પડેલા હતા તેમાંથી સુડી સોપારી લઇ સોપારીનો ચુરો કરી મોઢામાં દબાવ્યો. સોપારી પણ કેવિ, વાહ વાહ થઇ જાઇ તેવિ, ત્યાં નરોતમ શેઠ આવ્યા. બોલ્યા શેઠ આરામ કૈરો કે નહિ? ના બેઠો છું. ચ્હા પાણી પીધા ? જી હા પીધા. ચાલો હવે બજાર જઇ આવિયે, હા ચાલો ગુલાબ શેઠને સાથે લઇને નરોતમ શેઠ ગાડીમાં ગોઠવાણા ગુલાબ શેઠે પૂછયું, આ ગાડી મોંઘી હશે ને જી- હા આ સીવાઇની બીજી ગાડી બને દિકરાવની પોત પોતાની છે તે બન્ને ગાડી બહાર ગઇ છે. ‘‘હે’’ હા ઠીક છે કરો જલસા ગુલાબ શેઠ મનમાંજ બબડયા. જીવ બાળવા લાગ્યા.

બજારમાં પૂગ્યા પછી ખ્યાલ આવ્યો કે નરોતમ શેઠ ધાર્યા કરતાં જુદી માટીનો માણસ છે. બજારમાં તેમની ખુબ જ ઇજ્જત છે, તેને હિસાબે ગુલાબ શેઠને પણ ખુબ જ માનપાન

મલ્યુ. ગુલાબ શેઠને પણ સંતોષ થયો. મેં નાહક ટીકીટ ભાડું બગાડગયું, આ માણસ આપણા પૈસા ડુબાવે તેમ લાગતું નથી. ઓફીસે પહોચ્યા શેઠની ઓફીસનો સ્ટાફ ઉભો થઈને શેઠને આવકારવા લાગ્યો. ગુલાબ શેઠ જોતા રહી ગયા, નરોતમ શેઠની અલાયતિ કેબીન હતી. ત્યાં બન્ને મહાનુભાવો ગોઠવાયા પીયુન પાણીનાં બે ગ્લાસ મુકી ગયો. ઔપચારીક વાત ચીત થઈ ગુલાબ શેઠ જે વાત કરવા આવેલા તે વાત નરોતમ શેઠના પ્રભાવતળે આવિ જવાથી કરી શકયા નહિ. બલ્કે જીભ ઉપડી નહિ, માંડી વાળ્યું કહેવાનું. મનોમન નકી કર્યું કે રાત્રે કહીસું ઉતાવળ કરવિ નથી, એમ વિચાર કરી ગુલાબ શેઠ મુક બધીરની જેમ બેસી રહયા. બેચાર વખત ફોન અને ઈન્ટર કોમ રણકયા નરોતમ શેઠે અંગ્રેજીમાં જવાબ આપ્યો. નોટ પીટ ગોટ પીટમાં ગુલાબ શેઠ કાંઈ સમજયા નહિ. હસે  જે હસે તે, આપણે શું ત્યાં શેઠની ફુટડી પ્રાઈવેટ સક્રેટરી આવી. ગોંઠણથી ઉપરનું સ્કર્ટ અને ટોપ પહેરેલા બોકબટનવાળ ગળામાં ચેઈન અને તેમાં લોકેટ જે વક્ષ સ્થળની વચ્ચોવટ ફીટ બેસતું હતું. ગુલાબ શેઠ અંજાઈ ગયા.

અમુક પેપરો સાઈન કરાવિ અંગ્રેજીમાં સલાહ સુચનો લઈ સેક્રેટરી બહાર ચાલી ગઈ. ગુલાબ શેઠ જોતા રહિ ગયા અને ફરી ફોનની બજર બજી, શેઠે ફોન માંજ વાત કરી પછી ગુલાબ શેઠને પૂછયું ઘરેથી મહારાજ નો ફોન છે. પૂછાવે છે કે સાંજે મહેમાનને શું જમવુ છે અગર શું ચાલશે કે પછી હોટેલમાં ડીનર લેશો, બોલો શેઠ મહારાજને શું જવાબ આપીશું. એમાં જવાબ શું આપવાનો, હું તો અત્યારે ઢેબરૂ ને દુધ લવ છું, એકાદુ લીલુ મરચુ, બીજું બીજું કાંઈ નહિ અને શેઠે મહારાજને ફોનમાં સુચના આપી જણાવ્યું ગ્રીન ચીલી આઈસ મીલ્કનો સુગર એન્ડ પરાઠા મહેમાન માટે. હં મારા માટે મસરૂમ સૂપ એન્ડ જીરા રાઈસ, હા હા પરાઠા પાપડ, ગ્રીન સલાડ બાકી બધુ રેગ્યુલર અને હા સ્વિટ તરીકે ગુલાબજામુન ગરમાગરમ બનાવજો. અમો બન્ને લઈસુ મહેમાનને મહેમાન ગતિતો કરવિ જોયે ને ઓકે અને ફોન મુકી દીધો. નરોતમ શેઠે સ્માઈલ આપી ગુલાબ શેઠ સામુ પ્રશ્નાર્થ રૂપે જોયું. ગુલાબ શેઠ સામે બેઠા રહયા શું લેશું ? અત્યારે કાંઈ નહિ બસ બેઠા છીયે. સાંજે ફરી પાછા ગાડીમાં ગોઠવાઈ ગયા, ડ્રાયવરને સુચના આપી ગાડી ચોપાટી ઉપરથી લઈ લેજે ત્યાંથી પસાર થસું તો મન આનંદીત અને પ્રફુલીત થશે અને આમ ફરતા કફરતા ઘરે પુગ્યા. ઘરનાં દરેક મેમ્બરો સાથે ગુલાબ શેઠની ઓળખ વિધી થઈ બધા તંદુરસ્ત અને સારા દેખાતા હતા. ગુલાબ શેઠ અંદરખાને જીવ બાળતા બેઠા હતા. દુરદર્શન ઉપર સમાચાર સાંભડી જોઈને પછી બધા જમવા ગોઠવાણાં, ગુલાબ શેઠને પરોઠુ ખુબ જ ભાવ્યું. આગ્રહ કરીને નરોતમ શેઠે શેઠને જમાડયા, પરંતુ શેઠે ખાસ ખાસ કરીને કાંઈ ખુશી બતાવિ નહિ ઘરના દરેક મેમ્બરો નરોતમ શેઠ પાંસે આવિને સલાહ સુચન લઈ જાતાં. આવતી કાલે શું કામ કરવાનું છે કયાં કોને જવાનું છે તે બધુ નકકી કરીને વિદાય થતા જતા હતા અને છેલ્લે ગોળ મટોળ મધ્યમ બાંધાની સંપૂર્ણ લજજા સીલ કપડા સંકોરતી, કયાંય કોઈ અંગ ઉઘાળુ ન રહિ જાઈ તેવિ ચીવટ

© RATILAL JOGIA

રાખેલી અને સરમના સેરડાથી જેના ગાલ લાલ લાલ થતા રહયા છે તેવિ જગદંબા સમી લજામણી શેઠાણી આવિને બંને હાથ જોડીને ગુલાબ શેઠને નમસ્તે કર્યા. નરોતમ શેઠે ઓળખાણ કરાવિ આ અમારી ગૃહ લક્ષ્મી, જેને હિસાબે અમારો પરીવાર ફૂલ્યો ફાલ્યો છે અને અમો સુખી છીએ. શેઠાણી શરમાઈ ગયા નીચે નજર ઢાળી અને પગનાં અંગુઠાથી ગ્રેનાઇટની ફરસ ઉપર પગનો અંગુઠો ઘસવા લાગ્યા, પછી ખ્યાલ આવ્યો કે આવનાર મહેમાંન ટીકી ટીકીને મને જોઈ રહયા છે. મારે કાંઈક જવાબ આપવો પડશે, એટલે બોલ્યા ''ગુલાબદા'' શેઠતો મારી તારીફ કરે છે એ એનું બડપન છે ખરી મહેનત તો તેવોની છે, ગુલાબ શેઠ શેઠાણી સામુ તાકી રહયા આ શેઠાણી બોલે છે ત્યારે જાણે રૂપાની ઘંટળી વાગતિ હોઈ તેવો મીઠો મધુરો સ્વર આવે છે અને જાણે મોઢામાંથી બોલે છે ત્યારે ફુલ જરે છે. વાહ ધન્ય છે શેઠાણીને પરંતુ ગુલાબ શેઠનો માહીલો ઉછડ કુદ કરતો હતો. આ મારા બેટા પારકે પૈસે તાગડધીન્ના કરે છે, પરંતુ ગુલાબ શેઠ આખરે તો મોટો માણસ હતો સુખી હતો. મોટા માણસોની ખાસીયત હોઈ છે, કે તેને બોલવું હોય તો પણ જટ દઈને બોલતા નથી. ખાસ કરીને મોભામાં રહે છે, અગર રહેવું પડે છે અને ગુલાબ શેઠ મૈંડા જોકા ખાવા નરોતમ શેઠ સમજી ગયા કે ગુલાબ શેઠનો જીવ અંદરથી ચુથાય છે. તેને કાંઈક વાત કરવિ છે પરંતુ તેવો બોલી શકતા નથી. નરોતમ શેઠે કહયુ, ચાલો શેઠ આરામ ફરમાવો.

બન્ને જણાં બેડરૂમમાં ગયા સામ સામે છત્રી પલંગ ઢાળેલા હતા. મસરૂની ભરેલી ગાદી હતિ, પીલો અને ચાદર કીમતી હતા, બાજુના ટેબલ ઉપર નાઈટ લેમ્પ અને એલાર્મ ક્લોક હતાં, મછરદાનીની અંદર શેઠ પૂરાણાં, નરોતમ શેઠ તો સુઈ ગયા ઠંડીની સીજન હતિ, નરોતમ શેઠે કિંમતિ સાલ ઓઢી હતી બને પલંગ વચ્ચે ઈલેકટ્રીક સગડી ચાલુ હતિ. વાતાવરણ ઠંડીની રાતનું સુમસામ હતુ. ગુલાબ શેઠને નીંદર નહોતિ આવતિ સામેના પલંગ ઉપર સુતેલા નરોતમ શેઠ ઉપર નજર ઠેરવિને મનમાં મનમાં વાગોળતા હતા, મારૂં બેટુ આ કેવું શેઠને કોઈ જાતની ફીકર જ નહિ ને હું કેવો અંદર ખાનેથી વલોવાઈ જાવ છું. આમ સમય પસાર થતો હતો રાત્રીનું ત્રીજુ પ્રહર બેઠુ, ઠંડીકે મારૂં કામ અને નરોતમ શેઠે કરવટ બડલી તેમાં તેનીયે ઓઢેલી સાલ સરીને પલંગ નીચે જઈ પડી બાજુમાં ઈલેકટ્રીક સગડી નજીક જ હતી. ગુલાબ શેઠ જોઈ રહયા મનમાં ગાળ બોલીને કીધુ પણ ખરૂ કે આને કોઈ જાતની ફીકર છે. હમણાં સાલ સગડી ઉપર પડતી તો સાલ બડી જાતિ અને ગુલાબ શેઠ પલંગમાં બેઠા થઈ ગયા. ત્યાં ચમત્કાર થયો બંધ ઓરડામાં રૂપ રૂપના અંબાર સમી જોગણી પ્રગટ થઈ, ચારે બાજુ નજર ફેરવિ અને હળવેક હાથેથી સાલ ઉપાડી ખંખેરી ને નરોતમ શેઠને ઓઢાળી દીધી, જેવિ સાલ ઓઢાળીને બાઈ પાછી ફરે છે કે ગુલાબ શેઠે હાથજોડીને સામે ઉભા રહિ ગયા અને બોલ્યા બહેન માવડી માતાજી તું કોણ છે, કયાંથી આવિ, બારણા તો બંધ છે, તમે... તું... તમે.. શેઠની જીભ થોથવાવામાંડી

© RATILAL JOGIA

તમો શેઠાણીતો નથી જ તો પછી તું કોણ છો અને આમ શીયાળાની કળકળતી ઠંડી રાત્રે સાલ ઓઢાળવાનું પ્રયોજન શું મને તે રહસ્ય બતાવ પછી જ તુ અંહિથી જઈ શકશે અને પેલી બાઇ ખડખડાટ હસી પડી અને બોલી ગુલાબ શેઠ હું આ નરોતમ શેઠની **''ભાગ્ય લક્ષ્મી છું''**. શેઠના ભાગ્યમાં પુરેપુરૂ સુખ અને સાઇબી લખાએલી છે, તે મારે ગમે તેમ કરીને પૂરા કરવા પડે છે અત્યારે હું એટલા માટે આવિ છુ કે આ ''સાલ''જરાક પણ ડાઘ વાડી થઈ હોત તો શેઠ આ સાલ કોઈને આપી દેત અને આવતિ કાલે આનાથી પણ વધુ કીમતની ''સાલ'' મંગાવત અને તેના ભાગ્યને હિસાબે મારે તે પૂરૂ કરવું પડત, માટે હું આવિ છું.

ગુલાબ શેઠના ડોળા ચકળવકળ થઈ ગયા, સાક્ષાત લક્ષ્મી માતાજીના દર્શન થયા, તે માતાજીના પગમાં પડી ગયો. કૃપાવંત દેવિ લક્ષ્મીરૂપિ ધનતો મારી પાસે ખુબ જ છે, આ નરોતમ શેઠ પાસે પણ ખાસી એવિ લેણી રકમ હું માંગુ છું મને કયાય ચેન પડતું નથી અને આ શેઠ નીંદર ઘરડે છે, મને સમજાતું નથી. આમ કેમ? લક્ષ્મીદેવિ બોલ્યા, શેઠ તારી પાસે ધનરૂપિ લક્ષ્મી છે, જે હું જ છું, પરંતુ તારા ભાગ્યમાં નથી માટે તું તેનો ઉપભોગ કરી શકતો નથી અને કરી શકીશ પણ નહિ, ત્યારે નરોતમ શેઠ પાસે પોતાની લક્ષ્મી નથી, પરંતુ તેના ભાગ્ય માં હું છું માટે ગમે ત્યાંથી મારે તેનું હિત જોવું પડે છે.. માતાજી હવેથી હું પણ આ નરોતમ શેઠની જેમ જ જીવીશ, મારી પાસે અઢળક સંપતિ છે છતાં હું અભાગ્યો કાંઈ ઉપયોગ કરી શકતો નથી. હવે હું ઘેર જઈને નરોતમ શેઠને ટકકર મારે તેવી જાહોજલાલીમાં જીવીશ, લક્ષ્મીજીએ કહયું શેઠ, એવું નહિ કરતા, નાહક ઉપાધી આવિ પડશે. તેના કરતા તમારૂ સ્થાન તમોને મુબારક અને નરોતમ શેઠને તેમનું સ્થાન મુબારક. વાદ વિવાદથી લક્ષ્મીનો ઉપયોગ કરવો નહિ. દેખા દેખીનું પરીણામ સારૂં આવતું નથી, માટે ઘેરે જઈને જે રીતે રહો છો તે પ્રમાણે જ રહો તે તમોને યોગ્ય છે. આમ કહી માતાજી અદશ્ય થયા.શેઠ માથુ ખંજવાડતા રહયા રાત આમ જ પસાર થઈ, શેઠને થયુ કયારે સવાર પડે અને હું ઘર ભેગો થાવ અને વહેલી સવારે શેઠે ચાલતી પકડી, નરોતમ શેઠે ખુબ જ કાકલુદી કરી રોકાઈ જાવા સમજાવ્યા, પરંતુ ગુલાબ શેઠ જેનું નામ, માન્યા નહિ આખરે નરોતમ શેઠનો નોકર ગાડી લઈને શેઠને ટ્રેનમા બેસાડી આવ્યો.

ગુલાબચંદ શેઠ ઘેર પૂગ્યા પછી ઘરનાં દરેક મેમ્બરોને ભેગા કર્યા, ઘરવાડીને પણ કહી દીધુ કે આજથી તારે હાથે કામ કરવાનું બંધ, દિકરાવને કીધું કે ભારીમાં ભારી કીમતી કપડા શીવડાવી પહેરો, ઘરમાં રસોયો રાખો, ઉંચામાં ઉંચી જાતના પકવાન બનાવરાવો, લીજતદાર રસોય બનાવડાવો, આ ટુટી ગયેલ ખાટલા અને ફાટી ગયેલા ગોદળા અને ગાદલા બદલી નાખો, વાસણ કુશણ નવા મંગાવો, ઘરમાં રંગરોગાન કરાવો આ જમાના જુના પટારા મજુર બોલાવી બહાર કાઢો અને આમની જગ્યાએ નવા વોડ રોબ અને કબાટો મુકાવો, સોકેસ અને આયના ગોઠવો, ઘરના બધા સ્તબદ્ધ થઈ ગયા. વિચાર કૈરો કે ડોહાની ડાગળી ચસકી ગઈ છે,

© RATILAL JOGIA

નૈતર આમ ગાંડા નો કાઢે. અરે બાકસની એક કાંડી માટે વહુઓને સાત પેઢીની ચોપડાવે તેને બદલે આ શૂં ઉપાડો લીધો છે ? નકકી ડોહા પાગલ થઇ ગયા છે અને એક છોકરો દોળતોકને ‘‘ડોકટર’’ને બોલાવી લાવ્યો. ડોકટર આવીને પૂછવા જાતા તા કે શું થયું છે, ત્યાં તો ડોહાએ લાકડી લીધી અને શા.... મારૂં કોઈ કહયું માનતા નથી. આ મીલ્કત મારી છે અને હું કવ એમજ રહેવાનુ છે, ડોકટર વિચારવામાં પડી ગયા, કીધું કે ડોહા પાગલ થઇ ગયા છે, રસી મંગાવો અને આ સામેના રૂમમાં થાંભલા સાથે બાંધી દયો અને બધા સાથે મળી ને ડોહાને કચકચાવીને થાંભલા સાથે બાંધી દીધા. ડોકટરે સોઇ ભોંકીને ચાલતી પકડી.

ડોકટર ગયા બાદ ઘરનું વાતાવરણ થોડું શાંત થયું. પરંતુ બધાના મોઢા ઉપરથી નુર ચાલ્યુ ગયું હતું. ઘરવાડીને ખુબજ ધકકો લાગ્યો કે આખરે આ શું થઇ ગયું. મધરાત વિતી, ઓરડામાં નાનો એવો અમસ્તો દિવો તબકતો હતો, ડોહાને રસીથી થાંભલા સાથે બાંધેલી હાલતમાં ઉંઘ આવી ગયેલી, તે ઉડી ગઇ આજુબાજુ નજર કરી વાતાવરણ સુમસામ હતું ત્યાં ફરી દેવિ લક્ષ્મીજી એ દર્શન દીધા. લક્ષ્મીજી પધાર્યા. ડોહા હાથ જોડવા ગયા, પરંતુ હાથ પગની સાથે બાંધેલા હતા. માથું નમાવી પ્રણામ કર્યા અને કહયું માતાજી મને માફ કરો, મારી ભુલ થઇ ગઇ હું તમારૂં કહયું માન્યો નહિ ઘરે આવી ને જેવુ મારૂ વર્તન બદલ્યું , કે ઘરના બધા એમ માની બેઠા કે હું પાગલ થઇ ગયો છું. મને ગાંડામા ખપાવી દીધો. હવે મને આમાથી છોડાવો, હવે હુ ભુલ નહી કરૂં, હવે તમારી ઇચ્છા વિરૂધ્ધ વર્તીસ નહિ. તમારૂં વેણ નહિ ઉથાપું. દેવિ મને ક્ષમા કરો. લક્ષ્મીજી હસ્યા ગુલાબ શેઠ મેં તમોને પહેલાથી જ ચેતવ્યા હતા. એકવાત ધ્યાન રાખો કે લક્ષ્મી કોઇની થઇ નથી અને થસે પણ નહિ. વડીલોપાર્જીત લક્ષ્મી હોઇ તો તે માતા સમાન ‘‘માં’’સ્વરૂપે આપણાં ઘરમાં રહે છે, બાપીકી મેળવેલી લક્ષ્મી આપણી ‘‘બહેન’’સ્વરૂપે રહે છે અને આપણે પોતે લક્ષ્મી મેળવિ હોય તો તે આપણી‘‘દીકરી’’રૂપે આપણાં ઘેર રહે છે. માટે તારા ભાગ્યમાં ‘‘માતા’’ તરીકેની લક્ષ્મી છે જેનો તું ઉપયોગ કે ઉપભોગ કરી શકશે નહિ. તારી ભાગ્ય લક્ષ્મી તને મલે નહિ ત્યાં લગી તારે આમ જ રહેવાનું, વચન આપ અને સવારે તું મુળવાત રજુ કર, એટલે તારૂં કુટુંબ પરીવાર સમજી જાસે કે ડોહા ડાહયા થઇ ગયા છે. માટે તને છોડી દેસે, તું જેમ રહેતો હતો તેમજ રહે. ભલે માતાજી જેવિ આપની આજ્ઞા. પરંતુ નરોતમ શેઠનું શું ડોહાએ પૂછી લીધુ તેના ભાગ્યની લક્ષ્મી તેની દીકરી થઇને રહુ છું દીકરીને બાપુ ઉપર અતિ હેત હોઇ છે અને એટલે જ મારે તેનું ધ્યાન રાખી , તેની આજુબાજુ ચકકર લગાવવા પડે છે. દિકરી ઉમર લાયેક થતાં પરણી જાસે ત્યારે નરોતમ શેઠનું ભાગ્ય પલટો લેશે અને એટલે જ જીવનમાં ચઢાવ ઉતાર આવે છે. કોઇનો સમય એક સરખો રહે તો નથી માાટે સાંત થઇ જા અને ઉમરના અનુભવને કામે લગાડીને જીવતા શીખી લે ગુલાબ શેઠ અને લક્ષ્મીજી અદ્રશ્ય થયા.

ગુલાબ શેઠે પોક મુકી, રડવાનો અવાજ સાંભળી ઘરનાં બધા દોડી આવ્યા. બધા માં

© RATILAL JOGIA

ભેગા થતા ડોહા બોલ્યા, અરે મને આમ કેનીયે બાંધી દીધો છે, છોડી મેલો મને અને ગયા વખતનાં રોટલા બનાવેલા તે મને આપો અને છાસ આપો મને ખુબ જ ભુખ લાગી છે, ઘરમાં આટલું બધું અજવાળું કેમ છે તમોને ખબર છે દિવેલ કેટલું મોઘું છે, દિવો જાંખો કરી નાખો, નાહકનુ તેલ બળી જાસે અને હા કોઈએ કાંઇ ખર્ચ કરવાનો નથી ખબરદાર અને ઘરનાં દરેક અરસપરસ સામુ જોવા લાગ્યા. આંખ આંખથી સમજી ગયા. ડોહાની ડાગળી ઠેકાણે આવિ ગઇ લાગે છે. બાંધેલી રસી છોડી નાખી અઠવાડીયા પહેલાનો રોટલો અને છાસ ડોહાને આપ્યા. ડોહો ખાયને સંતોષ પામ્યો. ઘરના દરેક સમજી ગયા કે મુળ સ્વભાવમાં ડોહા આવિ ગયા લાગે છે. ડોકટરની દવા ઇન્જેકશન કામ આવ્યા ખરા ફોગટ પૈસા ગયા નથી, આમ મનમનાવ્યું. સમય કોઇની રાહ જોતો નથી. સમય કેટલો અને ક્યારે પસાર થઇ જાઇ તે ખબર રહેતી નથી.

મૈડો સમય પસાર થવા અને એક દિવસ નરોત્તમ શેઠ ને ત્યાંથી લગ્નની આમંત્રણ પત્રીકા આવી, લાડલી દિકરીનાં લાખેણા લગ્ન નીર્ધાર્યા હતા. ખુબજ ધામધુમથી લગ્નોત્સવ ઉજવવાનો હતો. એમ લગ્ન પત્રીકાને જોતા લાગતું હતું. કંકોતરીની સાથે સાથે એક લીફાફો પણ લખેલ હતો. તેમાં ગુલાબ શેઠ ને ખાસ ભારપૂર્વક લગ્નમાં હાજરી આપવાનું જણાવવામા આવ્યું હતું. ગુલાબ શેઠ કંકોતરી અને કાગળ વાંચી વિચાર કરવા લાગ્યા લગ્નમાં જાવું કે ન જાવું મનમાં ગળમથલ થવા લાગી. કોઇ નિર્ણય લઇ શક્યા નહિ, હજી તો લગ્નને ને ખાસી અઠવાડીયાની વાર હતી. એક અઠવાડીયા નો ટાઇમ છે પછી વિચારીશું અને ''આ'' અભાગ્યો જીવ નીર્ણય લઇ શક્યો નહિ. મનમાં ખુબજ ઇચ્છા હતિ લગ્નન નો લહાવો લેવાની પરંતુ નસીબમાં ક્યાં હતુ. લગ્નમાં જવાનો નિર્ણય લઇ શક્યા નહિ અને બાજુનાં ગામમાં ઉઘરાણીએ જવાનું થયું, ટુવિલર ઉપર સવારી કરીને બાજુના ગામે ગુલાબ શેઠ ઉઘરાણીયે ઉપડી ગયા વળતા થોડું મોળું થયું, ઉમર અને થાક આંખે કાંચુ અને નીર્ણય શકિત ઓછી થતી ચાલી તેમાં સામે પક્ષે માથાકુટ થઇ હસે, ગમે તે કારણથી ગુલાબશેઠ અંદર ખાને હતાસ ગઇ ગયેલા અને સામેથી ધસમસથી લોડેડ વાન આવી અને ગુલાબ શેઠ કાંઇ નીર્ણય કરે તે પેલા ઉપર ફરી વડી - સીતારામ- ઘડીના છઠા ભાગમાં ''ગુલાબ'' મુરજાઇ ગયું. ત્યાં સામે પક્ષે નરોત્તમ શેઠ કન્યા વિદાયનાં મંત્રોચાર સાંભળી ભારે હૈયે મન મકકમ કરીને બધું જોતા સાંભળતા ઉભા હતા. ગમે તેવો કઠણ કાળજાનો માનવી પણ કન્યા વિદાયનાં પ્રસંગે ભાંગી પડે છે. નરોત્તમ શેઠ ડુસકા ભરવા માંડયા, હૃદય જાલ્યું રહયું નહિ. ધ્રુસકે ધ્રુસકે રોઇ પડયા. બાપ દિકરીનો સંબંધ કુદરતે ખુબજ નિકટનો સબંધ બનાવેલ છે. જેમાં કોઇ સ્વાર્થ છે નહિ અને જ્યાં સ્વાર્થ નથી ત્યાં નીર્ભેળ પ્રેમ, નીખાલસ અને કરૂણા થી ભરપૂર ત્રણ પેઢી નો સબંધ રચાયેલો છે. બાપ દિકરીનો સબંધ પછી તે જ દિકરીને ભાઇ બહેનનો સબંધ, તે પછી ફુઇ ભત્રીજાનો સબંધ, તે પછી દિકરી છેલ્લે ડોસી માં થતાં સ્વર્ગે સીધાવ્યા પછી પણ માવતાર પક્ષ તરફથી સંભારણાનું ભાતા તરીકે

RATILAL JOGIA

ગોરાણી રૂપિ વિદાયગીરીનો સબંધ જાળવે છે. ધન્ય છે આવા નીર્મળ સબંધને જેમાં કોઈ કરતાં કોઈ સ્વાર્થ નથી. આવા બીન સ્વાર્થ સબંધ કુદરતે માનવ જાતને બક્ષીસ કરીને માનવ જાતમાં ચાર ચાંદ લગાડી દીધા છે. બાકી બીજા બધા સબંધો તો (વાંચકો વિચારી લ્યે) નરોત્તમ શેઠ નું હૈયું હાથ ન રહયું. પોતાનાં મોભાને કોરાણે રાખી ડુસકે ચડી ગયા. વેવાઈ પક્ષે સમધીને હિંમત આપી, આશ્વાસન આપિ ઔપચારિક વિધી વત કરી સમજાવ્યા, ત્યાં નરોત્તમ શેઠને બાજુમાં બોલાવવા માણસ આવ્યો શેઠ બાજુમાં શેઠનો ફોન હતો.

સામે છેડે થી હોસ્પીટલમાંથી નર્સ બોલતિ હતી. શેઠ મી. સારદાતાઈ બોલતિ, હોસ્પીટલ મધેથી માલા બક્ષીસ દયા તુમચે કળે પોરધી આલી સમાચાર સાંભળી નરોત્તમ શેઠ ખુશી ખુશી થઈ ગયા આજે તેવો દાદા બની ગયા હતા. પોતાની લાડલીને વળાવવાનો ગમ ભૂલી ગાય અને પૌત્રીની પધરામણી થતાં નરોત્તમ શેઠનું મન પૂલકીત થઈ ગયું. રાત્રે ''બા''હોસ્પીટલ થી આવ્યા પૂછયું બેબી કેવિ છે. ''બા'' એ મલકાતાં કહયું ''નરો'' તું નસીબદાર છે. બેબી ગુલાબના ગોટા જેવિ છે સમાચાર સાંભળી નરોત્તમ શેઠ ને જલદી હોસ્પીટલે બેબીને જોવાવાની તાલાવેલી લાગી હતી. સવાર થતા તુરત જ દાદા હોસ્પીટલે પહોંચી ગયા. દાદાએ પ્રેમથી લાડથી પૌત્રીને ઉચકી લીધી, છાતિ સાથે ચીપકાવી વહાલી વહાલી કરી દાદાનું હૈયું ભરાય ગયું. અલબત હર્ષથી દાદાને જોઈને ગુલાબના ગોટાએ ભેંકડો તાણ્યો હું આ. તુંવા....હુંવા...તુંવા.....હુંવા.

નોંધ : નર તરીકેનું ઉત્તમ પ્રકારનું જીવન જીવે છે તે નરોત્તમ કહેવાઈ છે પરંતુ આવા ભાગ્યશાળી કેટલા ?

દ્વારકાધીશ કી જય.

©
RATILAL JOGIA

# ૯ ભલે પધાર્યા

**શ્રી સત્ય નારાયણ ભગવાન કી જય. ''હે નાથ નારાયણ''**

દર આંતર વસુ પધારતા પૂર્ણ પુરૂષોતમ માસ ની જય હો. ભલે પધાર્યા, હે દેવાધી દેવ, હે સચીદાનંદ, કરૂણાના સાગર, કૃપાવંત ભગવાન, હે કમલ નયનવાળા, સંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરનારા... સેશ સૈયામાં આરૂઢ થવા વાળા, રત્નાકર ના જુલે જુલવા વાળા, પરમ કૃપાળુ અમારા કોટી કોટી વંદન. અમો પામર જીવ શું જાણીયે સમજીએ, બે હાથ અને ત્રીજુ માથું નમાવી ગાંડા ઘેલા કાઢીયે છીયે. હે દયાલુ તમારી કૃપા અમી દ્રષ્ટી અમ ઉપર સદાય રહે તેવી ભાવના પ્રગટ કરીયે છીએ. અમારી વિનંતિ સ્વિકારી પ્રભુ સમસ્ત જીવાત્માનું કલ્યાણ કરવાવાળા જગતનું કલ્યાણ કરો. હે દેવાધી, દેવ જય હો આપની જય હો. હે કરૂણાના સાગર, આપની કરૂણાનો પારનથી, ઉત્તર પંથ અને દઈબોગતિ જેનો પાર નહિ, પામે પૃથ્વી પતિ, તેવા આ વિશાળ સૃષ્ટીના કર્તા, જય થાવો તમારો જય થાવો. અધીકમાસ અને તેમાંય જયેસ્ઠ માસ અધીક માસ તરીકે હોવો ખુબજ મહત્વનો માસ લેખાય છે. જયેસ્ઠ એટલે મોટો અને મોટો એટલે આપણી રક્ષા કરવાવાળો, આપણું કલ્યાણ કરવાવાળો, આ મહિનામાં માણસોથી બનતું બધુ કરી છુટવા દાન પૂણ્યની હૈયે હેલી ચઢે છે. કોઈ જાત્રા કરવા જાઈ કોઈ અપવાસ એક ટાણા કરે, કોઈ રૂપિયા પૈસાની દાન દક્ષીણા કરે, કોઈ કથા વાર્તા કરે કરાવે, બ્રહમ ભોજન, સાધુ ભોજન, બાળ ભોજન, કપડા ઈત્યાદી દાન કરી પૂણ્ય કમાવવાનો સંતોષ લ્યે.

એક જંગલમાં સાધુ મહાત્મા રહે. તેની સાથે એક નાનો બાળક શીષ્ય તરીકે રહે. સાવ નાનપણ થી જંગલમાંથી મળેલો અને મહાત્માએ પાળી પોસીને રાખેલો. પરંતુ વસતીમાં કદાપી મોકલેલ નહિ તેમ કોઈ વસતીનો અનુભવ કરાવેલ નહિ. બાળક કદાપી વસતીમાં ગયેલો નહિ, કે ગામ કે શહેર જોયેલા નહિ, જંગલમાંથી નાનું બાળક મળેલું અને તેને ઉછેરીને રાખેલો દુનીયાદારીનું કે વહેવારીક જ્ઞાન આપેલ નહિ કે કહેલ નહિ અને એક દિવસ શીષ્ય બીમાર પડી ગયો.પગની સાથળમાં ખાસુ મોટું ગુમળુ થયું અને તે ગુમળાની પીડા તો જેને ગુમળું યથું હાય તેજ સમજી શકે. શીસ્યે આખું જંગલ માથે લીધું, બરાડા પાળે, પીડા સહન થાય નહિં, મહાત્મા

© RATILAL JOGIA

બાજુનાં ગામમાંથી ભીક્ષા લયાવે સાથે સાથે દેશી દવા લયાવે અને લગાવે. આમ મહિનો પસાર થઈ ગયો, શીસ્યનું ગુમળું મટતું ચાલ્યું. પરંતુ થોડા દિવસ પછી પૂરૂષોત્તમ માસ બેસતો હતો મહાત્માએ શીસ્યને સમજાવ્યો. ફોસલાવિ પટાવિ ને બાજુના ગામમાં જવાનું અને ભીક્ષા લયાવવાની, કારણ કે પૂર્ણ પરૂષોત્તમ માસનું વ્રત કરીએએટલે મારાથી વસ્તીમાં જઈ શકાશે નહિ. તું હવે મોટા થઈ ગયો છે, હવેતું વસતીમાં જા અને ભીક્ષા વૃતિ કરીને ભીક્ષા લયાવ. હું હવે પૂજાવિધી શાંન્તીથી કરી શકુ. શીસ્યે થોડી તાણ ખેંચ કરી. બાળક સહજ હઠ કરી, પરંતુ મહાત્માએ એને બરાબર પાઠ ભાણાવિ દીધો, ક્યાં જાવું કેવું વર્તન કરવું કેવિ રીતે કફત પાંચ જ ઘરેથી જ ભીક્ષા લયાવવિ.

**આપે તો ભલા, ન આપે તો ભી ભલા નો પાઠ ભણાવિને શીસ્યને તૈયાર કરી પોતે પૂર્ણ પૂરૂષોત્તમ માસનું વ્રત કરવા બેસી ગયા.** શીસ્ય વસતીમાં ગયો ગામમાં ફર્યો, માણસોને કદાપી મળેલો નહિ અને અનુભવનો એકડો પણ જાણતો ન હોવાથી, આંટો લગાવિ ખાલી હાથે પાછો ફર્યો. આમ દરરોજ થવા લાગ્યું. લાગલગાટ અઠવાડીયું વીતી ગયું. ગુરૂ ચેલા બંનેને આઠ દિવસના અપવાસ થયા. ફરી હિંમત કરી શીસ્ય ઉપડ્યો મનમાં નકકી કર્યુ, કે આજતો ગમે તેમ કરી ભીક્ષા મેળવ્યેજ છુટકો છે, અને ગામમાં પ્રવેશીયા ગામનાં જાપામાંજ પહેલું ઘર કોઈ શ્રધ્ધાળુ કુટુંબનું હતુ ભીક્ષા માગી. ભીક્ષા મલી પણખરી તે લઈને બાળક શીસ્ય જંગલ તરફ રવાના થયો જંગલમાં જંગલી પશુ પક્ષીઓ ઘણા તેમાં એક વાનર આવિને ભીક્ષાની જોળી જુટવિ ગયો, શીસ્ય જોતો રહયો. **હરી કરે તે ખરી** મનમનાવિ જલપાન પોતે કરી ગુરૂને જલપાન કરાવિ. ક્ષમા માંગી કહ્યું કે બાપજી મારાથી આ નહિ બને, હું સાવ અબુધ, મને માણસો સાથે વાતચીત કે મળવાનો મુહાવરો નથી. મને ક્ષમા કરશો . પરંતુ ગુરૂજી એ હિંમત આપી કહ્યું કે જેવિ ઈશ્વર ઈચ્છા. પરંતુ પૂરૂષાથ તો કરવો જ જોઈએ માટે તું તારા પ્રયત્ન માં અડગ રહે, કોને ખબર છે કે શ્રાપ પણ આશીર્વાદ માં પલટાઈ જાય. આવતિ કાલે અગીયારસ છે, **તું પ્રયત્ન કર મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા.**

શીસ્ય બીજે દિવસે પેલા શ્રધ્ધાળું ભક્ત ને ઘરે જઈ શક્યો. ત્યારે ત્યાં ભક્તની દિકરી કુંવારીકા શીસ્ય જેવડીજ ઘરની બહાર આવિ શીસ્યને જોઈજ રહી. શીસ્યે કહ્યું, ભીક્ષા પરમ ધર્મ, ત્યારે બાલીકા બોલી કે હે બાળક સાધું, આજે  અગીયારસ છે મારા માતા પીતા પૂર્ણ પૂરૂષોત્તમ ભગવાનની વ્રત પૂજા માં બેઠા છે. કથાવાર્તા કરે છે આજે કોઈ જાતની રસોઈ બનાવવાના નથી. આજે ઉપવાસ છે માટે હું તમોને ભીક્ષા આપી શકું તેમ નથી. માટે મને ક્ષમા કરો અને બાજુના ઘરે પધારો પેલો બાળક આ બાલીકા ને જોઈજ રહ્યો. કારણ કે બાલીકાનો ઉર પ્રદેશ જવાની ના ઉંબરે આવિ લાગેલો હતો. સાધુ બાળકને દુનીયાદારીનું ભાન હતું નહિ. સંસારની માયા તેને સ્પર્સી નહતી. તેથી તેનાથી બોલાઈ જવાયું, બાલીકા એક પ્રશ્ન પૂછું ? કા

© RATILAL JOGIA

તમોને આ છાતીમાં બે ગુમડા થયા છે તેની પીડા તમોને નથી થતી ? થોડા ટાઈમ પહેલાં મને મારા પગમાં આવો જ ગળ થયેલો ત્યારે અસહ્ય પીડા થતી હતિ અને હું અસ્થવસ્થ થઈ ગયેલ અને તમો શાંત કેમ છો? પેલી કુવારીકાએ કહ્યું, બાળક સાધુ તે ગુમડા નથી પરંતુ અમૃત કુંભ છે. હું મોટી થઈશ મારા માવતર મારા વિવાહ કરશે હું સાસરે જઈસ. ત્યાં હું માતા બનીસ, મને આવનાર બાળક આ અમૃતકુંભમાંથી દુગ્ધપાન કરશે અને તૃપ્ત થશે અને તે મોટો થસે, હેં...આ બાળક સાધુ નું મુંહ ખુલ્લુ રહિ ગયું. ઓહોહો મારા પ્રભુજી એ માનવ જાત માટે આટલી સગવડ કરી છે જે હજી તો આ બાલીકા સાસરે જસે અને એને બાળક અવતરશે તેને ખાસો સમય લાગસે તે પહેલાં આવનાર બાળકની ચીન્તા મારો વહાલો કરે છે. તેનું ઉર ભરવા આજથીજ વ્યવસ્થા કરી છે. ધન્ય પ્રભુ ધન્ય હો હે બાલીકા તુંજ આજથી મારો ગુરૂ અને બાલક સન્યાસી બાલીકાનાં પગ પકડવા જાતો હતો. ત્યાં બાલીકા એ એને રોકી રાખ્યો અને કહ્યું એક ડગલું પણ આગળ વધતો નહિ કારણકે ગયા જનમામાં હું તારી માતા હતિ તું મારો લાડકવાયો હતો. પરંતુ તારો જન્મ થતા મને સાપે ડંસ દિધો હું પરલોક સીધાવિ. આ ભકતને ઘરે જન્મી ઉછરી મોટી થઈ છું. આપણે ઉમર માં સરખા છીયે અને અત્યારે અહિ કોઈ છે નહિ. ફકત આપણે બન્નેજ એકલા છીયે અને સબસે બુરી એકાંત. માટે દૂર ઉભો રહી જા બાલક સાધુ ઘી અને અગ્ની નજીક આવે છે ત્યારે જવાળા પ્રગટે છે, માટે દરેક મનુષ્યે આ નીયમ પાડવો પડે છે. ભરજુવાની માં સ્ત્રી-પૂરૂષ પછી સગપણમાં ગમે તે થતા હોઈ, પરંતુ કદાપી કોઈ સંજોગોમાં એકાંત માં રહેવું નહિ. તું તારા ગુરૂજી પાસે જા. હું તારી પાછડ આવું છું, મારે પણ આજે અગીયાર અપવાસ થયા છે, હું પૂર્વ નું જ્ઞાન સમજી શકું છું માટે કહું છું સન્યાસી બાળક કે સબસે બુરી અકાંત.

હે સન્યાસી, જા આશ્રમ જા અને ભકતિનાં રંગે રંગાઈ જા.. હે. સન્યાસી મનુશ્ય જન્મ સફળ થવા માટે છે. બીજા જીવાત્માનાં અવતારમાં ફકત ૠણ ઉતારવા માટે જ અવતાર ધારણ કરવો પડે છે. જ્યારે મનુશ્ય અવતાર માં ૠણ લેવા અને નવા ૠણ કરવા માટે જન્મ લેવો પડે છે. પાપ અનેક રીતે થાય છે પાપ એક મનથી થાય છે, બીજુ પાપ દ્રસ્ટીથી થાય છે, ત્રીજુ પાપ સાંભળવાથી થાય છે. ચોથું પાપ જીવ્હાથી (જીભથી) થાય છે, પાંચમું પાપ શરીરથી થાય છે, છઠ્ઠુ પાપ પૈસાથી થાય છે. આમ અનેક સ્વરૂપે પાપ જાણે અજાણ્યે થાય છે, અને આમજ ચાલ્યા રાખે છે. ૠણ ચુકવાઈ છે અને ૠણ ચઢે છે. રેંટની જેમ ઘડો ભરાય છે, અને ઠલવાઈ છે. માટે ૠણ ન ચઢાવાઈ પાપ ન થાય તેનું ઘ્યાન રાખવું. ૠણ ચુકવિ નિર્લેપ થઈ જાવું અને પરમ કૃપાળુ પરમાત્માનું શરણ ગોતી તેને ચરાણે જવાથી પાપમાંથી મુકતિ મળે છે. જન્મ જન્મનાં ફેરા ટળે છે. માટે હે સન્યાસી મનસા-વાછા-કર્માણેય થી ઈશ્વરને ચરાણે જા તારૂં કલ્યાણ થસે. આ બધું સાંભડી બાળક સાધુનાં અંતર ચક્ષુ ખુલી ગયા. બોલ્યા હે માતે હવેથી હું ભીક્ષા માંગીશ નહિ, કારણ કે જેની ચીન્તા મારો વહાલો કરે છે, માટે મારે માંગવાની કાંઈ ારસ

© RATILAL JOGIA

જરૂરત નથી. જે વગર માંગે આપે જ છે અને જોળી દંડો ત્યાંજ મુકી પ્રણામ કરીને બાલક ગુરૂની સમક્ષ હાજર થયો. બનાવની વાતકરી પ્રણામ કરી કહી દીધું આજે અગીયારસ છે, ચાહે કેટલી અગીયારસ વિતી જાસે પરંતુ હું અન્નજળ જળ નહિ લવ. કારણ કે મારી વ્યવસ્થા પણ મારો વહાલો કરશે. માંગવાની જરૂર જ નથી અને આમ કહી ગુરૂજીનાં ચરણમાં બેસી ગયો. થોડા વખત પછી પેલી બાલીકા પણ ત્યાં આવિને બેસી ગઈ અને લાગલગાટ બીજા પંદર દિવસ વિતી ગયા. પૂર્ણ પૂરૂષોત્તમ માસની બીજી અગીયારસે ખુદ પૂર્ણ પૂરૂષોત્તમ ભગવાન પ્રાગટ્ય થયા અને ગુરૂ શીસ્ય અને પેલી બાળાને દર્શન દીધા અને પારણા કરાવ્યા. ત્યારે શીસ્ય ને આત્મ જ્ઞાન થઈ ચુકયું હતું. તેનાથી બોલી જવાયું.

**ગુરૂ ગોવિંદ દોનું ખડા, કીનકો લાગુ પાય,**
**કૃપા હે ગુરૂદેવકી, જીન્હે ગોવિંદ દિયો બતાય**

અને આમ સદેહે ત્રાણેય પરમ આત્મા પરમાત્મા માં વિલીન થયા ગીતા સાર.

**યત્ર યોગેશ્વર કૃષ્ણા યત્ર પાર્થો ધનુર્ધર**
**તત્ર શ્રી વિજયો ભુતિ ર્ધુવા નીતી મતિ ર્મમ**

©

## *ગામઠી ગીતા સાર*

જોગી કર હણીયો ને ભડ અરજાણીયો ઈ બે થાય, જ્યાં ભેળા મારૂ દલળુ તો ઈમ શાખ્ય પૂરે સે તિયા દાંડી ઉડે જી ચેળા. શ્રધ્ધાનો અર્થ અંધવિશ્વાસથી કોઈ ગ્રંથમાં કાંઈક લખેલું કે કોઈ વ્યકિત એ કાંઈ કહેલું હોય તે પોતાના અનુભવ વિના સાચુ માનવું તે શ્રદ્ધા નથી. સ્વામી વિવેકાનંદ, જેણે ઈચ્છા છોડી તેને ઘર છોડવાની જરૂર નથી અને જે ઈચ્છાનો દાસ છે તેને વનમાં રહેવાથી શો લાભ. સાચો ત્યાગી જ્યા રહે છે તેજ ભજન કંદરા છે.

RATILAL JOGIA

- મહાભારત

સર્વે વૈશ્નાણવોને લેખકનાં જય શ્રી કૃષ્ણાં.

દ્વારકાધીશ કી જય.

# ૧૦ ફકત એક આનો

ધ્રીબાંગ ધ્રીબાંગ ધ્રીબાંગ ઢોલીડા એ મૈંડો ઢોલ ટીપવા. ઘરમાં દોડા દોડી થઇ ગઇ. બાપુ ભાઇને ઘરઘાવિને આવિ પુગ્યાસે. સંધ્યા ટાણુ થતા થતામાં ગામમા ઘેર આવિ પૂગસે એમ લાગેસે અને તે સાચું પડ્યું. રતનકાકા બીજ વર હતા, છતા દુરના મલકમાંથી કાચી કુંવારી કન્યાને પરણી આવ્યાના સમાચાર આખા ગામમા વાયુ વેગે ફેલાઇ ગયા. કહેવત છે કે, ગામની દિકરી અને ગામના તીરથ ની કોઇને કીંમત હોતી નથી. પરંતુ બહાર થી પરણીને આવેલ પારકી દિકરી, વહુ બનીને આવે એટલે સૌવ કોઇ મોઢુ જોવા તલસે. રતનની આગલી ઘરવાડી જમુના હૈયાત હતિ. પરંતુ બાલબચાં હતા નહિ એટલે આ બીજી નાતરે લયાવ્યા હતા. ત્યારે કોઇને નવાઇ લાગી ન હતિ. **‘‘અતિ સ્વરૂપવાન ભાર્યા દુશ્મનની ગરજસારે છે’’** એમ કહેવાઇ છે. થોળા દિવસ બધુ નવુંનવું. નવ દિવસની જેમ બરાબર ચાલ્યું. એક દિવસ નવ પરણે તરે નામ જેનું ‘‘રંભા’’ કહેવાઇ છે કે ઇન્દ્ર ના દરબારમાં રંભા, મેનકા, ઉર્વસી, અપસરા હોય છે (જેનું પ્રુફ નથી) તેમ આ રંભા પણ જગદંબાના અવતાર સમી દીઠે ભુખ ભાંગે તેવિ જોગમાયા જેવિ બોલે તો મોઢે થી ફુલ જરે અને ગાલમાં ખંજન પડે શરમના સેરડા મોઢા ઉપરઉપસી આવે તેવિ. સાક્ષાત દેવિનો અવતાર ‘‘ક. જગ્યાએ’’ ગરીબ માવતરે પૌસની લાલચે પરણાવિ ને પધરાવિ દીધેલ.

આદમી કરતા બૈરા વધુ સમજતા હસે, અગર તેની લાચારી હસે જે કયો જે સમજો તેમ, પરંતુ બૈરા લમણે હાથ દઇને નિભાવી જાણે છે એટલું ચોકકસ અને રંભા વહુ પણ ભાવે કભાવે નીભાવતિ ચાલી. પોતાની દાદીમાની ઉંમરની સાસુને તેના પ્રદેશ ની ભાષાથી પૂછયું. બાઇજી સુવાડી આપો તો પટકરી દવ, પહેલા તો સાસુ સમજી નહિ બીજી વખત રંભા વહુ એ કીધુ ત્યારે ફકત પટકરી દવ સમજીને પછી તાળુકી, કે પટ કરજે તારા માવતરનું, જોઇ ન હોઇ મોટી પટ કરવા વારી અને આમ સાસુ વહુના સબંધ ની શરૂઆત થઇ. બૈરાનો ખરેખર જો કોઇ દુશ્મન હોઇ તો તે બૈરાજ છે. છતા બૈરા બૈરાને સાચવિ લ્યે છે એ પણએટલુંજ સાચું છે અને વરસ દિવસમાં સાસુમાં શ્રીજીચરણ થઇ ગાય. રતન અને રંભા બેઉ ઘરમાં એકલા, રતનથી

© RATILAL JOGIA

ખાસ્સી નાની ઉંમરની રંભા પરંતુ શું થાય, ભાવિ મીથ્યા થતું નથી. સમય મેંડો પસાર થવા. જોકે ઘરમાં જોયે એટલો મન મેળ કે કાવડીયાનો મેળ ખાસ કરતા કાંઇ હતું નહિ. આંગણે એકાદી ભેંસ અને ગાય હતા અને ઘણો વણો કરીને ''રતન'' ચાર છ આના સાંજ પડચે કમાઇ લેતો. (ઘણા વર્ષો પહેલાની વાત સમજવિ) અને આમ ગાડું ગબળતું ચાલ્યું. થોળા વખતપછી ''રતન'' ને બાજુના ગામડે જવાનું થયું. રંભાને ભલામણકરી બહાર ક્યાંય જાતિ નહિ. ગામમાં નીરણનાં ગાડા આવવાનો આજે દિવસ છે, જો આવે તો નિરણ વારો પૂછે તો એક રૂપિયાનો નિરણનો ભર એટલે કે એક ગાડું ભરેલી નીરણ ફળીયામાં ઠલાવિ દેજે અને એક રૂપિયો આપીને ચાલતિ પકળાવજે. જાજી વાત કરતિ નહિ. આમ સમજાવિને પોતે ''ઘોડી'' ઉપર સવાર થઇને બાજુનાં ગામે જવા ચાલી નીકળ્યો.

બપોર નો ટાઇમ થયો અને ડેલીની સાંકળ ખખડી, રંભા આઇ ઓ રંભા આઇ મારા કાકા છે? રંભા વહુએ વિચાર કર્યો કે આઇ કહિને પોકારે છે. માટે નાની ઉમંર નો છોકરો હસે, જટ દઇને ડેલી નો દરવાજો ખોલીને જોવે છે તો સામે ખખડ ધજ મોટી ઉમરનોં પોતાના બાપની ઉમંરનો કદાચ તેનાથી પણ મોટો આદમી ઉભો હતો. રંભાવહુ એ પૂછયું, બાપા કોનું કામ છે એટલે આવનાર આદમી એ કહ્યું, રતનકાકા નું ઘર આજ કે, એટલે રતન વહુએ તરતજ લાજનો ધુમટો તાણી કીધુ હા. હા. આજ છે શું કામ છે ? તેઓ તો ઘરે નથી. ગામે ગયા છે આવનાર આદમી બોલ્યો એતો હું નીરણનો ભર લયાવ્યો છું. ગયે વખતે આવેલ ત્યારે વાતકરી હતી કે બીજી વખત આવ ત્યારે મારે ત્યાં નિરણ નાખી જાજે. અટલે પૂછવા આવ્યો છું નીરણ જોયે છે. રંભાવહુએ કીધું નીરણ તો જોયે છે પણ ભાવ શું ? આવનારે એક રૂપિયો કહયો રતન વહુએ કીધુ કે એક રૂપિયો વધારે છે એક આનો ઓછો કરીને આ ફરીયામાં નીરણ ઠાલવિદે અને આમ રકજક રકજક કરતાં બંનેને તળકે તપી ગયા. એટલે આવનારે વચલો રસ્તો કાઢીયો કે કાકી એમ કરો. બપોરા કરાવો, ભલે એક આનો ઓછો આપશો બસ, તમારૂ અને મારૂ બેઇનું વેણ રઇ જાય, ઠીક છે. રંભાવહુને ઉમરનો અનુભવ નહિ એટલે છેતરાઇ ગઇ, કે બે રોટલો પૈડા છે ભલે ખાતો એક આનો ઓછો કરે છે પછી ખવરાવવામાં વાંધો નથી અને ખવરાવવાનું પૂણ્ય મલસે અને એક આનાનો ફાઇદો થાસે એટલે જટદેતીકે ને હા પાડી દીધી. આવનાર ગાડુ નિરણનું લયાવ્યો, નિરણ ફળીયામાં ઠાલવિ અને પાણી પીવડાવજો કાકી એમ કહી પાણી માગ્યું પાણીનો કળસ્યો ભરીને આપ્યો. આવનારે પાણીથી હાથ મોઢુ સાફ કર્યા અને ઓસરીની ધારે પલાઠી વારીને જમવાનાં રૂપમાં બેસી ગયો. રંભાવહુ એ બે રોટલા લસાણની ચટાણી ઘી ગોળ છાસ વિગેરે થાળી કરીને પીરસી. મનમાં વિચાર કૈરો કે લેનેકા હરીનામ ઔર દેનેકા ટુકળા એના જેવું પૂણ્ય એકય નથી. માવતરેથી વારસામાં સંસ્કારનું ભાતુ લયાવેલ એટલે મનમાં સંતોષ થયો કે કાલસવારે ભગવાન સારા દિવસ દેખાડસે તો કૈરૂ પૂણ્ય આડુ આવશે વિચાર કૈરો કે બીજા બે

રોટલા ટીપી નાખું અને ચપટી વગાડતાની જ વારમાં બે રોટલા ઘડીને પેલા પાસે આવિ જોયુ તો થાળી ખાલી છે પેલો રોટલાની રાહ જો તો બેઠો છે એટલે વગર પૂછયે બે રોટલા પેલાની થાળીમાં પધરાવિ દીધા. પેલા એ ના પાડી નહિ એટલે હજી બે ત્રણ રોટલા ઘડી નાખું વિચારી ત્રણ રોટલા ઘડી તૈયાર કરીને પેલાની થાળી માં પધરાવ્યા. પેલો હજી પણકાંઈ બોલ્યો નહિ એટલે વિચાર કેરો કે ઘરમાં લોટ નથી તો શું થયું બાજુવાળાને ત્યાંથી લોટ લાયાવિ ત્રણ રોટલ બનાવિ પેલાની થાળીમાં પધારાવ્યા છતાં પેલો આદમી કાંઈ કરતા કાંઈ બોલ્યો નહિ. કરી બીજી બાજુના બાજુવાળા પાસેથી લોટ લયાવિ ત્રણ રોટલા ટીપી ને પેલાની થાળીમાં પધરાવ્યા, તો પણ પેલો કાંઈ બોલ્યો નહિ. પછી સામે પડોસમાં જઈને ત્યાંથી પણ લોટ લયાવિને ત્રણ રોટલા ઘડીને પેલાની થાળી માં પધરાવ્યા છતા પેલો કાંઈ બોલ્યો નહિ, હવે મુંજાવાનો વારો રંભાવહુનો હતો, કારણ કે હવે પાડોસમાંથી લોટ મળે તેમ હતો નહિ. પેલો જમતો હતો. તેની સામે લાજનો ધુમટો તાણીને ઉંબરો પકડીને રંભાવહુ ઉભી રહી ગઈ. મનમાં મનમાં ઈસ્ટ દેવનું સ્મરણ કર્યુ કહે, ''હે દેવ'' હવે પેલો રોટલા માગસે તો હુ. શુ જવાબ દઈસ મારી લાજ રાખજે દેવ અને આંખો ઉભરાઇ પડી. ત્યારે છેલ્લો રોટલો પુરો કરતા પેલો બોલ્યો હવે દોળધામ કરતા નહિ. હવે હું ધરાવા આવ્યો છું. એટલું બોલીને બે લોટા પાણીના ગટગટાવિ ગયો અને બોલ્યો કે બહાર તળકો ખુબજ છે માટે સામા એક ઢાળીયામાં લંબાવું છુ, એટલું બોલીને પેલો એક ઢાળીયામાં જઈ હાથે ખાટલો પાથરી, હાથનું ઓશીકુ કરીને સુઈ ગયો.

રંભા વહુ એ હાસ અનુભવિ, સુરજ ઢળવા આવ્યો નાળાવા દિવસ રહયો ત્યારે રતન કાકો ઘેરે આવ્યો, ફળીયામાં જોયું તો નીરાણ પડેલી હતી અને સામે ઢાળીયા માં પેલો સુતો છે આવતાંક ને પૂછયું તે પેલો કોણ છે તારો સગલો. રંભાવહુ એ કહ્યું કે તમે કે તા હતા તે નિરાણ વારો છે અને એક આનો ઓછો કરાવવા જાતા આપાણા ઘરનો લોટ રોટલા અને પાડોસીનાં ત્રાણ ઘરનો લોટ પૂરો કરાવિ નાખ્યો. મુવો મુને છેતરી ગયો, રંભા ને એમ કે રતન હમાણા પેલાને ઠમ ઠોર સે તેને બડલે રંભા ને જોરદાર જાપટ મારી ને કીધુ. રાં-તારામા તારી માએ મીઠું નાખ્યું છે કે નહિ આમ પારકા ભાઈડા ને ધરવે છે ને ઘરનો ધણીભુખ્યો આંટા ખાય છે શરમ નથી આવતી અને રતન ખીજમાં ને ખીજમાં ઘણું બધું બોલી ગયો અને છેલ્લે કલોયુ વેણ કાઢયું જે કોઈપણ સ્ત્રી સહન ન કરી શકે તેમ રંભાવહુ થી પણસહન ન થયું. કહેવત છે કે કાંકરીનાં માર્ય ન મરીયે, ઓધવજી મેણાના માર્યા મરીયે. અમે ઓધવજી મેણાના મારસો અને સ્રીઓને પોતાનાં ધણીનો પોરસ હોઈ છે કે ગમે તેવિ ભુલ થસે તોય મારો ઘરવાળો મારો પક્ષ લેશે, તેને બદલે રતન જેનું નામ તેની ઘરવાળીને ઢીબીનાખી. કવેણ બોલવામાં બાકી કાંઈ કરતા કાંઈ રેવાનો દિધુ અને રંભાવહુ થી સહન ન થયું અને તેનીયે ઘરમાં વચ્ચે થાંભલો હતો. ત્યાં થાંભલા સાથે માથુ

પછાડયું થાંભળાની સાથે માથુ પછાડવાથી કપાળમાંથી લોહિ નીકળ્યું સામે પેલો સુતો હતો તે બેઠોથઇ ગયો રતન ની સામે હાથ જોડયા કે જગદંબા જેવિ માને આવુ કવેણ કહેમાં રતન. રતન તેને પણ બાજી પૈડો, અહિ રંભા વહુએ હથેળીમાં લોહિ લઇને પેલાને છાંટયું અને શ્રાપ આપ્યો કે તું કે છે કે હવે હું ધરાવા આવ્યો પરંતુ ધરાણો નથી તો તું ક્યારેય ધરાઇસ નહિ તારૂ પેટ ભરાસે જ નહિ. તે થરથર કાંપવા લાગ્યો અને પૈસા લીધા વગર ત્યાંથી ચાલ્યો ગયો અહિં જગડા એ ઉગ્ર રૂપ ધારણ કર્યુ, બે જીવસુ રંભાને ફરી પાછી ઢીબી નાખી. રતન ચાલ્યો ગયો પાડોસમાં.

રંભાવહુ એ નીર્ણય કરી લીધો રાત પડી લગ્ન મંડપનાં કપડા ધારણ કૈરા સોળે સણગાર સજી ધજી ને વેલી સવારે પાણી સેરડે પાણી ભરવાનાં બહાને પાણી સેરડે જઇને કુવામાં જપલાવ્યું. આજુ બાજુના શ્વાન ભસી ને શાંત થઇ ગયા. સાથે સાથે સવારે ખબર પડતા રતન પણ શાંત થઇ ગયો. જીંદગી આખી વાચા ખુલી નહિ ત્યારે પેલો નીરણ વારો ભુખના દુઃખથી ઘેર ઘેર ભટકવા લાગ્યો અને છ મહિને જુરી જુરીને સીતારામ થઇ ગયો. કહેવાઇ છે કે તે સાપીત માનવિ ક્યારેક હજી કોઇ ગામડાના ખીજડે જોવા મલે છે. તેમ લોકવાઇકા છે જે હોઇ તે ખરૂ પરંતુ ફક્ત એક આના જેવિ મામુલી વાતમા જુવાન પરણેતર અને આવનાર બાળકને દુનીયાથી મુખ ફેરવિ લેવું પડયું. પેલો રોટલાનો ભુખ્યો સાપીત થયો, કહેવાઇ છે કે લોભને થોભ હોતો નથી.

**અતિ નહિ બોલના**
**અતિ નહિ ચુપ**
**અતિ નહિ વરસના**
**અતિ નહિ ધુપ**

© RATILAL JOGIA

નોંધઃ- કાંઇપણ અતિ થાય છે ત્યારે તેનું પરીણામ સારૂ હોતું નથી માટે આ માનવ દેહને સંભાડી સાચવિને સમજીને માણસ તરીકે સૈને જીવતા શીખવાની સદબુધ્ધી મળે એજ અસ્તુ.

દ્વારકાધીશ કી જય.

# ૧૧ માણેક

**તુલસી હાઇ ગરીબ કી, કભી ખાલી ન જાઇ,**
**મુવે ઢોર કે ચર્મ સે લોહા ભસ્મ હો જાઇ,**
**" દ્વારીકાધીસ કી જય, ગીરીરાજ ધરણ કી જાય,**
**સબકો સમતિ દે, સબકો સંપત્તિ દે "**

ગ્રંથવાણી :- ક્રોધથી જડતા ઉત્પન્ન થાય છે, જડતાથી સ્મૃતિ ભ્રાન્ત થાય છે, સ્મૃતિ ભ્રાન્ત થતાં બુધ્ધિનો નાશ થાય છે અને બુધ્ધિ નષ્ટ થતાં પ્રાણી સ્વયં નષ્ટ થઈ જાય છે.

"-મહાભારત "

© RATILAL JOGIA

ગામના નામની ખબર નથી, એનું પોતાનું નામ પ્રાઈમસ વાલા, ફક્ત આટલું જ, ગામ આખા ના પ્રાઈમસ રીપેરીંગ કરે ફકત બે રૂપિયામાં અને એક વર્ષ ની ગેરંટી આપે. દુકાન ના દરવાજા ઉપર લખેલું કે બે રૂપિયામાં બાર વખત પ્રાઈમસ રીપેરીંગ કરાવો અને બહેનો કચકચ કાર્ય વગર પ્રાઈમસ રીપેરીંગ માટે આપી જાઇ. ઇ બે રૂપિયા બહુ કેવાઇ, પરંતુ એક વર્ષની ગેરંટી એટલે બાર મહિનામાં બાર વખત પ્રાઈમસ બગડે તે ફ્રી રીપેરીંગ કરી આપીશું, ની ખાત્રી માટે દરેકને પોસાય. પ્રાયમસવારાને નવરાશ પડેજ નહિ. જ્યારે જોવો ત્યારે બસ પ્રાઈમશ રીપેરીંગ કરતાજ હોઇ, કોઇ વખત નવરાશ હોઈજ નહિ. તો કોઈએ પછુયું પણ ખરૂ કે કાકા બાર વખત રીપેરીંગ ફ્રી એક વરસની ગરેન્ટી આમ કેમ ? તો કાકાએ લાગલું જ કીધુ કે તે અમારા ધંધાની ખુબી છે. હું નહિ બતાવું, પરંતુ હા એક વાત કહું છુ કે આ ગેરેન્ટી થી હું ક્યારેય નવરો નથી બેસતો, પરંતુ કાકા તમોને ખબર કેમ પડે કે, આ પ્રાઈમસ ગેરેન્ટીવાળો છે કે બીજો છે. કાકાએ લાગલુ જ સુણાવ્યું કે જ્યારે મેં પ્રાઈમસ રીપેર કરેલો હોઈ ત્યારેજ મને ખબર હોઈ કે આ અઠવાડીયે કે પંદર દિવસે પાછો આવશે જ. એટલે હું સમજી જાવ છું કે તે મારા હાથે રીપેર થયેલો છે કે નહિ અને આમ કરવાનું કારણ કે મારે નવરૂ ન બેસવું પડે, જો હું બરાબર રીપેરીંગ કરૂ તો પછી કોઇ આવે નહિ કારણ કે પ્રાઈમસ બગડે નહિ અને પછી હું નવરો થઇ જાંવ તો કોઇને બોલાવવા થોળું જવાઈ, કે આવો બહેનો આવો તમારા પ્રાઈમસ રીપેર કરાવિ જાવ. તેના કરતા આ મને ઠીક લાગ્યું કે રીપેરીંગ કરતી વખતે જ કાંઇક ને કાંઇક કચાસ રાખવી, જેથીકરીને તે

ગ્રાહક આવેજ અને આપણી રોજી ચાલ્યા કરે. ગ્રાહક પણ આવી સારી સર્વીસ મલે એટલે ખુશ અને આપણે પણ ખુશ અને આમ અમારૂ ગાડુ ચાલે છે ભઈલા.

કાકા ગૃહસ્થી અને ખાનદાન માણસ ઘરવાળી ઉપરાંત, એક જ દિકરો, જે બાજુના શહેર માં અભ્યાસ કરતો હતો. દિકરીયું અડધો ડઝન, એટલે કે છ છોળીયું, મોટી દિકરી હાફ મેટ જેવી, માટે તેને સંસારમાં બાંધવી નકામી હતી, તેમ માનીને તેને બાજુ ઉપર રાખી બીજા નંબરની દીકરી નાં કોઈ મોટા માણસ ના નબીરા સાથે પરણાવી. વરસ દિવસ આવક જાવક કરી હરીફરી ને નબીરો પરદેશ ઉપડી ગયો. દિકરી કાકા ને ત્યાં રહેવા લાગી. કાકાને દુઃખ થયું મન મનાવ્યું, છ મહિના વરસે દહાડે બધુ સારૂ થઈ રહેશે જમાઈ ઠરીઠામ થતાં દિકરીને તેડાવી લેશે. દિકરીનું નામ ‘‘હીરા’’, હિરા જેવી જ પરંતુ, ભાગ્ય આગળ માણસ મહાન બની શકે છે તેમ મહાત પણ બની શકે છે. ભાગ્ય આગળ માણસ પામર બની જાઈ છે. ‘‘હિરા’’ ની કિંમત પેલા આદમીએ કરી નહિ, તે કદાપી પાછો આવ્યો નહિ, કે ન ‘‘હિરા’’ ને તેડાવી નસીબમાં સુખજ ન હતું ક્યાંથી મળે. ત્રીજા નંબરની દીકરી ‘‘પન્ના’’. ચાર ચોપડી ભણેલી, ચોથી ‘‘માણેક’’ તે છ ચોપડી ભણી, બન્ને બહેનોના મહિના માસને અંતરે વેવિશાળ થયા અને વરસ પછી લગ્ન બંધનમાં બંધાઈને સાસરે-સીધાવ્યા, સૌથી મોટી અને ‘‘હિરા’’ કપડા સીવવા સાંધવાના કામમાં ગોઠવાઈ ગયા. કાકા પ્રાઈમસ રીપેરીંગ કરે અને હજી બે નાની દીકરીયું બાકી હતિ, છતાં ગાડું વેવારનું ગબળતું હતું, ત્યાં ‘‘પન્ના’’ સાસરે થી પાછી આવી બંને માણસોનો સ્વભાવનો મેળ પડ્યો નહી અને વટનો કટકો ‘‘પન્ના’’ ધણીને પાટું-ઠપકારીને માવતરે ઘર ભેંગી થઈ ગઈ. બધા સહબધ્ધ બની ગયા. ‘‘પન્ના’’ ને બધી બાજુ થી ભીંસમાં લઈ સમજાવી જોઈ. પરંતુ તે ફરી સાસરે જવા તૈયાર ન થઈ, તે ન જ થઈ. સામે પક્ષે પણ તૈયારી બતાવી નહી. કાકા અંદરખાનેથી વલોવાતા હતા. દિકરીયાળું ઘર છે. ખબર નથી પડતી શું કરવું અને શું ન કરવું ?

‘‘માણેક’’ વરસ દિવસ થયા સાસરીયામાં હવાતીયા મારતી હતિ, બરાબર ફીટ થવા, પરંતુ મન ખુચતુ ન હતુ. ‘‘માણેક’ નો માણીગર રંગીલો હતો. ભંવર સ્વભાવનો હોવાથી કોઈ જાતની કોઈ સાથે જુદાઈ રાખતો જ નહિ, સારૂ એટલું મારું પડાશીઓને પણ પ્રેમ કરવો તેવો છેલબટાવ અને ઉતાવળીયા સ્વભાવ નો હોવાથી, ‘‘માણેક’’ની કીંમત કોડીની કરી નાખતો. બે ચાર વખત ધોલ ધપાટ પણ કરી લીધેલી. ‘‘માણેક’’ મટીને કોડીની થઈ ગઈ હતિ. ‘‘માણેક’’ માવતરે આવતી ત્યારે કાકા કાકી બહેનો પૂછતી. ‘‘માણેક’’ કેમ લેવાતી જાશ, તારી તબીયત તો સારી છે ને ? તારે ઘેર તું સુખી તો છે ને ? ‘‘માણેક’’ ધારાર હસતું મોઢું રાખીને કહેતી, હોવે બંદીને કોઈ વાતની ફીકર ચીન્તા નથી. મારો વર બહુજ ખુશ મીજાજી છે અને લીલા લહેર કરે છે. તે શબ્દો ઉપર ભાર દઈને બોલતી. ‘‘માણેક’’, તે પ્રાઈમસ વારા કાકાથી અજાણ રહેતું નહિ, કારણ કે ઉમર અને અનુભવ અને બૈરા સાથેનો બીજનેસ કાકા બૈરાવો ને પગમાંથી પારખી લેતા, કે આ બૈરા કેટલા પાણીમાં છે. તેમ પોતાની સગીદિકરી ને કાકા ઓળખી ગયા કે, માંઈલો કાંઈક જુદુ જ કહે છે. એકલી બોલાવિને ‘‘માણેક’’ ની પુછ પરછ કરી, પૂછયું ‘‘માણેક’’ ની આંખમાં જળ જડીયા આવી લાગ્યા. કીધુ બાપુજી તમોને

© RATILAL JOGIA

મારી ઉપર વિશ્વાસ નથી. હું ખરે ખર સુખી છવ, પરંતુ કાકાએ હા પાડી નહિ, તે કહેતા હતા કે, તું કે છે તે હું માનતો નથી. એક અઠવાડીયા પછી કાકા ''માણેક'' ને પોતે જાતે જઈને સાસરે મુકી આવ્યા. વેવાઈ વેવાણ બન્ને ને મલ્યા થોડી વાત કઢાવી કે અમારો દીકરો છેલબટાવ અને રંગીલા મીજાજનો છે. જે ''માણેક'' ને પસંદ નથી તેને જરાય ગમતું નથી એમાં અમો શું કરીયે? કાકા આટલી વાતમાં ઘણું બધુ સમજી ગયા. સમસમીને ઘેર આવી ગયા, કાકીએ પુછયું તો કાકાથી નીસાસો નંખાઈ ગયો, કે, છે તો બધુ બરાબર, પરંતુ જમાઈરાજાનું ઠેકાણુ નથી. એટલે ''માણેક'' લેવાતી જાઈ છે અને આમ કાકા-કાકીની નિંદર ઉડી ગઈ કહેવત છે કે કોણ જાગે તો કે છે કે....

**જાગે જાગે જેના ઘરમાં સાપ,**
**જાગે જાગે દિકરીયો નો બાપ,**
**લોભી જાગે, રોગી જાગે,**
**જાગે જાગે જેના અંતરમાં આગ**

કાકા વિચારે ચડી ગયા, પાંચ દિકરી ઘરે છે. દિકરો હજી ભાણે છે ઉંમર હવે સાથ આપતી નથી. માંડ માંડ ઘર ખર્ચ નિકળે છે, છતાં ઈશ્વર ઉપર ભરોસો રાખીને ગાડુ ગબળાવ્યે જાઈ છે. ''માણેક'' તેમને ઘેર સુખી હોય તો સારું પરંતુ સુખ કરતા દુઃખે ''માણેક'' ને ભરડામાં લઈ લીધી, કાયમી કંકાસના બીજ રોપાઈ ગયા. નાની નાની અમથી વાતમાંથી મોટા મોટા જગડા થવા લાગ્યા. સાથે સાથે છુટા હાથની મારા મારી થતી ચાલી અને પછી તો આ કાયમનું થઈ ગયું. રોજનો ક્રમ બની ગયો હોઈ, એમજ થતું ચાલ્યું અને એક દિવસ ''માણેક'' ને લાકડી લઈને, લાકડીયે લાકડીયે ઢીબી નાખી અને વાળ પકડીને ઘર બાહર કાઢી મુકી અને ઘરના દરવાજા બંધ કરી દીધા. ''માણેક'' ને ખુબ જ દુઃખ થયુ, હાડો હાડ લાગી આવ્યું. માવતરનો વિચાર આવતા પોતે કકળી ઉઠી, આટલી બહેનો, બુઢા ઉમર લાયેક માં અને બાપ, એકજ ભાઈ જે હજી ભાણે છે. જાવું કયાં અને શું કરવું ? થોળા વરસો પહેલા પેપરમાં સવાલ આવેલો કે આ પૃથ્વી અવકાશમાં ઘુમે છે, કદાચ તે પડી જાઈ તો, ત્યારે કોઈએ જવાબ આપેલ કે પૃથ્વી પડે તો કયાં પડે. જેને પડવા માટે જગ્યા નથી, તેમ ''માણેક'' જાય તો કયાં જાઈ. ખાનદાન કુટુંબની દિકરી હતી, બન્ને કુટુંબને કલંક લાગે તેવું કામ કરવું ન હતું. હાઈ રે સમાજ, ભોગવવાનું દુઃખ, સહન કરવાનું બધુ સ્ત્રીને ભાગેજ આવે છે. જે સ્ત્રીએ પુરૂષ ને જન્મ આપ્યો, તે પુરૂષે સ્ત્રીનો ગેરલાભ ઉઠાવવામાં કાંઈ કમી રાખી નથી. વધુમાં વધુ અપેક્ષા સ્ત્રી પાસેથી રાખવામાં આવે છે. પુરૂષ કેવી ઈચ્છા વ્યકત કરે છે, કે સ્ત્રી કેવી હોવી જોઈએ, કે ધગધગતા અંગારા જેવી વરસતા અને ગરજતા વાદળજેવી, ચમકતી વિજળી જેવી, ધસમસતી ગાંડી થયેલ નદી ઉતાવળે સાગરને મળવા જાતી સરીતા જેવી, કારણકે **ઉનહી લોગોને તો નઈ ફસલ કા આમ ચાહિયે ચુંસને કે લીયે, પરંતુ સ્ત્રી કાર્યેષુ મંત્રી, ભોજયેષુ માતા, શયનેષુ રંભા.કરણેષુ દાસી,** એટલે શુસીલ પત્ની છે, છતાં તેની કેટલી ઉપેક્ષા થતી રહી છે અને થાય છે. તેવા સમાજને આપણે શું કહેશું. વાવ કુવો પુરે તો, બને કુટુંબને કાળી



© RATILAL JOGIA

ટીલી લાગી જાઇ, શું કરવું ? આખી રાત રોઇ રોઇને ઘરના ઉંબરામાં વિતાવી, વહેલી સવારે પ્રભાત ફેરી નીકળી, કોક ભજનીક ભજન ગાતો હતો, **''જુનુ તો થયુ દેવળ જુનુ થયું રે ..'' ''મનતું માયા મુકી દેને. ''** આમ શબ્દો અસ્ટ પસ્ટ સાંભડયા, પોતે સજાગ થઇ ગઇ કપડાં સંકોરી ઓટલે ઉભળેક પગે જાણે કે દાતણ કરવા બેઠા હોઇએ, તેમ બેસી ગઇ. પ્રભાત ફેરી દુર નિકળી ગઇ હે જીવ હવે શું કરવું ? સામેના મકાનમાં કેસેટ વાગવી ચાલુ થઇ ....

**બુધ્ધમ શરણમ્ ગચ્છામિ,**

**બુધ્ધમ શરણમ્ ગચ્છામિ,**

**બોલ માનવ બોલ**

**બુધ્ધમ્ શરણમ ગચ્છામી**

અને બીજી બાજુ, દેરાસરમાં ઘંટરાવ થયો, નવકાર મહા મંત્રનો જાપ સાંભળવામાં આવ્યો . જો કે સ્પટ સંભળાવતું હતું નહિ, છતાં ધાર્મીક લાગણી ઉભરાય આવી,

નમો અરિ હંતાણં ....નમો સિધ્ધાણં ....નમો આયરિ યાણં

અને માણેક મહામંત્ર સાંભળવામાં લીન થઇ ગઇ, તારથી તાર જોળાઇ ગયા અને ''માણેક'' નું મનડું મહામંત્રના જાપમાં પરોવાઇ ગયું. ખાસો સમય પસાર થઇ ગયો, ત્યારે જબકીને જાગી જાતા ''માણેક'' ને વિચાર આવી ગયો. ધર્મનો સાથ લઇ, દેહ પાળી દવ. જીવ આપી દવ, ન રહે બાંસ ન બજે બાસુરી. બન્ને કુળની લાજ રહી જાઇ અને આમ ભયંકર નીર્ણય લેવાઇ ગયો. સવાર થઇ ગયું હતું. સાસુમાએ ઘરનો દરવાજો ખોલ્યો, વહુ બેટા ઘરની અંદર આવિજા, વહુ સાસુ માને પગે લાગી, બા મને માફ કરો હું સંથારો કરવા વિચારૂ છું. હવે મને આ ઘરના કે પેલા ઘરના અન્નજળ નો ખપે, બા મને માફ કરો, માફ કરશોને ? બા, બા તમો જીત્યા, ના વહુ ના, તું જીતી, તું જીવી જાણી, તેમ સંસાર તરી પણ જાણીશ. હું તારી સાથે છું.. ખુશીથી ઈશ્વરનું દ્વાર ખટખટાવ. પ્રભુ તને સાથ આપશે અને આમ લાગલગાટ અઠવાડીયું ઘરના બહારને ઓટલે વિતી ગયું. આખા ગામમાં વાત ફેલાઇ ગઇ કે ''માણેક'' વહુ સંથારો કરે છે. માવતર પક્ષમાં જાણ થતા, તેવો પણ આવી ગયા અને આ સંસાર અસાર છે. દરેક આવા ભાગ્યવાન નથી હોતા. ''માણેક'' સારા માનું ''માણેક'' હતુ છે માટે તેને આ ધર્મનો માર્ગ સુજી આવ્યો અને આમ ધર્મને નામે ઓટલે એકલી અટુલી ''માણેક'', જીંદગી ભોગવવાને ટાંણે, જીંદગી પૂરી કરવાની પ્રવૃતિમાં ઈશ્વરનાં સાનીધ્યની ખોજ કરવા લાગી. તમાસાને તેડું નથી હોતું, શ્રધ્ધા બીજી વાત છે, જેને ધર્મના મારગે (માર્ગ) ની જાણ સુધ્ધા નથી, તેવો ભાતભાતની અને જાતજાતની વાતો કરીને કુથલી કુટવા લાગ્યા. તો બીજી બાજુ નાના માણસો પોતાની રોજી રોટી માટે, જયાં મેળાવળો જોવા મળે ત્યાં નાનોનાનો ધંધો કરવા ટોપલા લઇને પહોંચી જાઇ છે તેમ અહિં પણ ચુંદડી, ચોખા, શ્રીફળ, અગરબતી, ફુલ-હાર, કપૂર, રમકડાં, ગુબ્બારા, કેસેટો, ખાદ્ય સામગ્રીવાળા ના ગલ્લાા, ઠંડા-પીણા, ગુલફી, આઇસ્ક્રીમ, બરફ-ગોલા, ચણા-મમરા,શીંગ એમ અસંખ્ય આઇટોમની નાની નાની રેકડીયું ગોઠવાઇ ગઇ. સાથે સાથે નાના ભુલકાઓ માટે હિંચકા, ચકરડી, ફજેત-ફાળકાવાળાએ જોરસોરથી પોતાની કેસેટ

© RATILAL JOGIA

વગાડવી ચાલુ કરી દીધી. ધર્મિક માણસોએ પાણીનાં પરબો તથા છાશના પરબો ચાલું કરી દીધા. ચા-પાણી અને નમકીનની રેંકડીયું ગોઠવાઇ ગઇ. ગન્નાનાં રસને કેમ બકાત રખાય, તેવો પણ હાજર થઇ ગયા અને આમ ગામમાં મેળો હોઇ તેવું વાતાવરણ ખડું થઇ ગયું. આજુબાજુનાં ધાર્મીક સ્વભાવનાં માણસો દર્શન કરવા ઉમટી પડયા. તો સાથે સાથે ભજનીક ભકતો, રાત્રે પોતાનાં પ્રોગ્રામ આપવા આવી પુગ્યા. બીજી બાજુ, દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા અને આમ ધર્મનો ઓટલો બની ગયેલ જગ્યાએ શ્રધ્ધાળુ આવી આવીને શ્રીફળ, સુંદડી, સાકર, અગરબતી, ફુલ, ફુલોની માળા ચરણોમાં ધરી પગે લાગીને, આશીર્વાદ માંગવા લાગ્યા. કહેવાઇ છે કે આપણે ગાડરીયા પ્રવાહમાં ખેંચાઇએ છીએ, જે હોઇ તે પરંતુ ‘‘માણેક’’ નો આત્માં પરમાત્મામાં લીન થતો જાતો હતો. હવે તેને સંસારનું કોઇ પ્રલોભન ડગાવિ શકે તેમ હતું નહિ. તેનો આતમરામ ઈશ્વરનાં સાનીધ્યમાં એકાકાર થતો ચાલ્યો હતો. અને લાગલગાટ બાવન ઉપવાસ થયા. ‘‘બા’’ ‘‘વનમેં’’ ઉપવાસે ‘‘વહુ’’ માંથી ‘‘બા’’ બનેલી ‘‘માણેક’’ ‘‘બા’’ ‘‘વન’’ સીધ્ધાવિ ગયાની સીધ્ધી હાંસલ કરીને પરલોક વાસી બની ગયા.

આપણાં આંગણામાં તુલસી કયારો હોઇ અને અમુક ટાઇમે તુલશી વન સીધાવિ જાઇ છે, એમ ‘‘માણેક’’ વન સીધાવિ ગયા, ગામમાં જયજયકાર થઇ ગયો, ધન્ય છે આપણી સંસ્કૃતિને, અને ધન્ય છે આ જુલમગારો જુલમ કરવાવાળાઓને, કે તે લોકોને ખબર નથી, કે તેવો કેવું પગલું ભરી બેઠા છે અને તેનું પરીણામ શું આવી શકે છે. **ઇસુ ભગવાનને ક્રોસ ઉપર જડી દીધા ત્યારે, ઇસુ ભગવાને કહેલ કે, હે પ્રભુ આ લોકોને માફ કરી દેશો, કારણકે તેવોને ખબર નથી કે તેવો શું કરી રહયા છે.** ગામનાં આગેવાનો, ધાર્મીક વડાઓ, સગા સંબંધીઓ અને લાગણી પ્રધાન માનવિઓનો અલખને ઓટલે મેળો જામી ગયો. બરાબર બ્રાહ્મમુહર્તમાં વેલી પરોઢે દેહ ત્યાગ થયો. આકાશમાંથી અમીનાં છાટણાં થયા, વેલી સવારે ગૌમાતાનું ધણ બાજુમાંથી પસાર થયું. તેની પગની ખરીની ચરણ રજ ઉડીને નશ્વર દેહને સ્પીર્શી, ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય વાતાવરણ ધાર્મીક બની ગયું, ત્યારે દેરાસરમાં મહામંત્રનાં જાય શરૂ થઇ ચુકયા હતા. સામેના મકાનમાં કેસેટ વાગતી હતી. જે દરેકનું ખાસ ધ્યાન ખેંચતિ હતી.

**‘‘નારી તું નારાયણી એમ કહે ગીતા પુરાણ,**
**પ્રેમ ભાવનું પ્રતિક છે, નારી પ્રેમભાવનું પ્રતિક,**
**નારી તું નારાયણી એમ કહે ગીતા પુરાણ.’’**

નોંધ :- ‘‘જેના લોહીમાં ખાનદાની ટપકે છે, તેઓને અમારા પ્રણામ.’’

ઉપરની બોધ કથા મૌલીક છે અને મૌલીક રૂપે રજુ કરી છે. કોઇ ધર્મ કે માનસ ઉપર નથી, છતાં કોઇકને કાંઇક લાગુ પડતું નામ કે વિગત હોઇ તો ક્ષમા કરે.

દ્વારકાધીશ કી જય.

RATILAL JOGIA ©

# ૧૨ શ્રદ્ધાળુઓ 'ને' 'પાલ'

છુક ભુક છુક ભુક કરતી ટ્રેઈન આગળ વધી રહી હતી. ફસ્ટ કલાસનાં એ.સી. કંપાર્ટમેન્ટમાં અમારૂં સંપૂર્ણ બોક્ષ રીજવર્ડ હતું. અમારી સાથે સ્વામીજી હતા. કયારેક જ્ઞાન ગોષ્ઠી તો કયારેક ધાર્મીક ચર્ચા, તો કયારેક રમુજમાં ટાઈમ પસાર કરતા હતા. મને એમ થયું કે આ એ.સી. ફસ્ટ કલાસ ડબો અમારા વિના બાકીનો ભાગ સાવ ખાલી હશે. પરંતુ એવું હતું નહિ. દરેક બોક્ષ મુસાફરોથી ભરેલા હતા અને સવ-સવની પ્રવૃતિમાં ઓતપ્રોત હતા. મુંબઈ-કુર્લા ટર્મીનલથી અમારી ટ્રેઈન રાત્રીના બરાબર દશનેદશ મીનીટે ઉપડી હતી. બે રાત્રી અને એક દિવસ પુરો થયો અને બીજા દિવસનું સવાર થયું. પાંચ વાગ્યામાં તો ઘોંઘાટ ચાલુ થઈ ગયો. વાતાવરણમાં સ્ફુર્તિ આવી ગઈ, ત્યારે મને હોલેન્ડ દેશ યાદ આવી ગયો. હું યુ. કે. થી સ્ટીમર મારફત ડોવર બંદરથી બ્રુસલ્સ બંદરે જવા માટે સ્ટીમરમાં ગોઠવાઈ ગયો. સ્ટીમર એક ગામ જેવડી મોટી, બે હજાર ઉપરાંત પેસેજર લઈને રાત્રે આઠ વાગ્યે સ્ટીમર રવાના થઈ. સ્ટીમરની અંદરનું વાતાવરણ મેળો કરવા ગયેલા હોઈએ, તેની જે મજા આવે તેવું જ. સ્ટીમરની અંદર સ્વિમીંગ પુલ, કેસીનો, રેસ્ટોરંન્ટ, બાર, ફલોર શો, મેજીક શોપ અને પ્રાઈવેટ બધુ જ. જેને જેનો શોખ, વીસ્કીની ચુસકી લેતાં લેતાં, મોટી રકમની હારજીત કરતા શોખીનો, હાથમાં વાઈનનાં ગ્લાસ લઈને ઘુમતિ લલનાઓ અને આવું બધું વાતાવરણ આહલાદક અને માદક. કયારે રાત્રી પસાર થઈ ગઈ, તેનો ખ્યાલ રહે તે પહેલા તો પાંચ વાગ્યે બંદર આવી ગયું અને ત્યાંથી, એમસ્ટારડમ શહેર જોઈને ટ્રેનમાં ગોઠવાઈ ગયા.

દુર દુરના ગામડે એક મીત્રને મલવાનું હતું. ફોનથી એપોઈન્ટમેન્ટ નક્કી કરેલી અને ટ્રઈનમાં પુરૂ કંપાર્ટમેન્ટ અમોને મળેલું. વચ્ચે બે સીટની વચ્ચે ટેબલ ત્થા બીસલેરી બોટલો, બીયરની બોટલો, પેપરો, તાજા સામયીકો, આખા ફ્રુટ સાથે ચપ્પું, નાસ્તો પેટી પેક બોક્ષમાં અને દર કલાકે ટી.સી. આવીને મલી જાઈ કોઈ તકલીફ નથી, કાંઈ મંગાવવાનું છે કેમ, આ બધું યાદ આવી ગયું. સ્વામીજીએ કહયું કે, નીત્ય કર્મ પતાવી લ્યો, સાડા આઠ વાગતા માં ટ્રેઈન ''ગોરખ પુર'' પહોંચી જાસે અને અમો ફટાફટ તૈયાર થવા લાગ્યા. દાઢી છોલી, દંતમંજન

© RATILAL JOGIA

કરીને નાહિ લીધું. (એ.સી. ફસ્ટ કલાસના ડબામાં નાહવાની સગવળ હોઇ છે અલબત નહાવું હોઇ તો) કપડા ચેંજ કરી, સૌ સૌની જગ્યાએ ગોઠવાઇ ગયા. થોડીવારે ચ્હા નાસ્તો આવ્યા, તેને ન્યાય આપી પરવાર્યા, પરંતુ ખબર નહિ, ટ્રેઇન થોડી થોડી વારે ઉભી રહી જાતી હતી. હવે તો સવારના નવ વાગ્યા હતા, પરંતુ ટ્રેઇન ધારેલી મંજીલે પુગવાને હજી કલાકેક લાગસે, તેમ તપાસ કરવાથી ખબર પડી.

મે રાષ્ટ્રપિતાનું જીવન ચરીત્ર વાચ્યું છે. તેમાં તેઓ ભારત દર્શન કરવા ત્રીજા કલાસમાં મુસાફરી કરે છે, તે યાદ આવ્યું અમારી સાથે છેક છેલ્લી ઘડીયે તૈયાર થયેલા ભાઇને ગમે તે ટીકીટમાં અમારી સાથે આવવા ઇચ્છા હતી એટલે સેકન્ડની તાબડતોબ મંગાવી, નશીબે યારી આપી એટલે બર્થની ટીકીટ મલી હતી. મને એમ કે હજી કલાકનો ટાઇમ છે તો તે ભાઇનો ડબો જોઇ આવું. તે ભાઇ દર બે કલાકે મળવા આવતા હતા, ચ્હા નાસ્તો જમવા સાથે જ રહેતા, તે આવ્યા એટલે મેં મારી ઇચ્છા દર્શાવી, કે તમારો ડબો કેટલો દુર છે. તો જવાબમાં કહયું કે અહિંથી સાતમો ડબો, એન્જિન તરફનો છે. મેં કીધું ચાલો તમારી બર્થ જોઇ આવિયે, મને અહિં કંટાળો આવે છે. તેમ કહિને મેં ટ્રેનની અંદર ચાલવા પગ ઉપાડયા, પેલા ભાઇ મારી આગળ ચાલતા થયા. અમો એક પછી એક ડબો જોતા જોતા તેમના ડબામાં, તેમનું રીજર્વેશન હતું ત્યાં પહોંચ્યા. દરેક ડબામાં ખાસી ભીળ હતી. રીજર્વેશન જેવું હતુ જ નહિ. ઠાંસી ઠાંસી ને લોકો ગોઠવાઇ ગયેલા હતા. ઉપરાંત ચાલવાની લોબીમાં પણ, માલ સામાનના ઢગલા ઉપર ભાઇઓ અને બહેનો ગોઠવાઇ ગયેલા હતા. તે ઉપરાંત ફેરીવાળાઓ દાળ,ચ્હા, કોફી, ચોકલેટ, ઠંડા-પીણા વગેરે લઇને, આમથી તેમ આવક જાવક કરતા હતા અને અવાજતો એટલો કે બોલતી વખતે મોટેથી બોલવું પડે, પેલા ભાઇની રીજવર્ડ સીટની આગળની સીટમાં જરાક જગ્યામાં, પાંચ દશ મીનીટ ગોઠવાઇને બેઠા પછી પાછા ફરીમુળ અમારી જગ્યાએ આવી પહોંચ્યા. સ્વામીજી એ સ્મીત આપી પુછયું, શું જોઇ આવ્યા ? મેં કીધુ ભારત દર્શન કરી આવ્યો, સ્વામીજી ઉપરાંત સહયાત્રીઓ પણ જવાબ સાંભળી ખુશ થયા. ઘળીયાળમાં બરાબર દશ વાગ્યા હતા. ટાઇમ પાસ થતો ન હતો. હવે અળધાક કલાકમાં સ્ટેશન આવવું જ જોઇએ. એમ માની, સૌ શાંત ચીતે પ્રભુ સ્મરણ કરવા લાગ્યા અને બરાબર સાડા દશ વાગ્યે સવારે અમો ગોરખપુર રેલ્વે સ્ટેશને ગાડી ઉભી રહેતા ધરતી ઉપર ચાલીશ કલાક પછી પગ મુકયો. દિલમાં ખુશીની લહેરકી દોડી ગઇ, પરંતુ રેલ્વે સ્ટેશને પ્લેટ ફોર્મ ઉપર ઉભા રહેતા ભાસ થયો કે, હજી ટ્રેનમાં જ બેઠા છીયે.

સ્ટેશન પાર કરી બહાર આવ્યા. ગોરખપુર ખુબજ મોટુ શહેર હોઇ, તેમ લાગતું હતું. સ્વામીજીના શીસ્ય જેવા દેખાતા આદમી, બે ચાર સામે આવ્યા. સ્વામીજીને ચરણસ્પર્શ કર્યા અને તુરત જ જીપ મંગાવી અમો બધા જીપમાં ગોઠવાઇ ગયા. સામાન પાછળ ગોઠવાઇ ગયો અને પશુપતિ નાથની જે જે કાર બોલાવી, બોર્ડર તરફ કરી મુસાફરી ચાલુ કરી.

© RATILAL JOGIA

રસ્તામાં ગોરખપૂરનાં છેવાળે ગોરખનાથજીનું મંદિર હતું ત્યાં બહારથી દર્શન કરી આગળ વધ્યા. ભારત નેપાળની બોર્ડરે બપોરે બે વાગ્યે પહોંચ્યા. જીપ ભારતની સરહદમાં, બોર્ડરથી થોડી દુર ઉભી રહી. અમો અમારો સામાન માણસ રીક્ષામાં મુકીને બોર્ડર તરફ કુચ કરી. બન્ને સરહદની અંતીમ રેખા ઉપર સીકયોરીટી તથા કસ્ટમના માણસો હતા. ઉપર છલ્લી પુછપરછ કરી અમોને ગ્રીન સીઝનલ આપ્યું.

અમો નેપાળની સરહદમાં પ્રવેશ્યા ત્યાં સામે જ ''સોનાલી'' ગામ અગર તો એરીયાનું નામ હશે. દિલ જુમી ઉઠયું પશુપતિનાથની જે બોલાવી, બોર્ડરની સામે સોનાલી ગામે હોટેલમાં પહોંચ્યા અને બપોરનું લંચ લઇ ત્યાંથી બીજી જીપ કરી આગળ નારાયણ ઘાટ તરફ આગળ વધ્યા. સાંજે નારાયણ ઘાટ પહોંચ્યા, ત્યાંથી દેવઘાટ ગયા. ત્યાંથી નદિના સામે પાર જુલતા પુલ ઉપરથી પસાર થઇ, બે કીલો મીટર ચાલીને ગલેશ્વર સ્વામીજીના આશ્રમે પહોંચવાનું હતું. હરિદ્વારમાં ગંગામૈયા નદી ઉપર ઋષિકેશ સ્થળે જુલતા પુલ છે. જેનું નામ લક્ષ્મણ જુલા અને રામ જુલા છે. તેમાના જ અહિં ઠેર ઠેર પુલો છે અને નદી પણ ગંગા નદી જેવીજ, પુલ ઉપરથી નીચી નજર કરો તો ધસમસતી નદી જાણે સ્થીર ઉભી રહી જાય અને આપણે જે પુલ ઉપર ઉભા હોઈએ, તે ભાગવા લાગે અને આપણે ડામાડોળ થઇ જાઇએ. વધુ વખત જોવાથી ચકકર આવી જાઈ. આ પણ એક જીંદગીનો લહાવો છે.

અમો ગલેશ્વર આશ્રમે સાડા આઠ વાગ્યે રાત્રે પહોંચ્યા. પહાડ ઉપર રમણીય સ્થળે સ્વામીજીનો આશ્રમ આવેલો છે. ત્યાં રહેવા જમવાની દરેક અતીથીને સગવડ અપાય છે. સ્વામીજીનો સતકાર ભકતલોકોએ કર્યો. આરતી ઉતારી, હાર પહેરાવ્યો અને જયજયકાર કર્યો. અમોને અલગ અલગ કમરા આપ્યા. સ્નાનાદીથી પરવારીયા એટલામાં જાલર વાગી, એટલે અમો સર્વે જમવા રસોઇ ઘરે ગયા. એકદમ સાત્વિક અને સાદુ જમવાનું, ખુબ જ મજા આવી (જમવાની વાનગી અને એનો સ્વાદ લેવો હોઈતો, જાતે ગલેશ્વર જાવુ પડે અહિં લખીને જાણ આપવા - હું સમર્થ નથી.) જમી પરવારીને સ્વામીજી સાથે અડધોક કલાક બેસીને સૌ વિખરાણા અને અમો અમારી રૂમમાં પલંગ ઉપર ફસળાઇ પડયા. કયારે ઉંઘ આવી ગઇ ખબર ન રહી. સવારે પાંચ વાગ્યામાં અજવાળું થઇ ગયું, જાલર વાગી, અમો જાગી પડયા અને નીત્ય ક્રમ પતાવીને અમો તૈયાર થયા. હજી સવારના છ જ વાગ્યા હતા. ચ્હા આવી, સાથે લીધેલો નાસ્તોનો ડબો ખોલી, ચ્હા નાસ્તો કરીને, સ્વામીજી જયાં લોંજમાં બીરાજમાન હતા, ત્યાં નમન કરીને તેની સામે ગોઠવાઇ ગયા. ખુબ વાતો કરી, આજુ બાજુથી ભકતગણ સ્વામીજીને મલવા અવીરત આવતો જ રહેતો હતો. ખુબજ વાર્તાલાપ અને સતસંગ કરી બોલીબોલીને થાકી ગયા, ત્યારે માંડ સવારે દશ વાગ્યા હતા. હવે શું કરવું. કયાં જાવુ ? બહાર જીણો જીણો વરસાદ ચાલુ હતો, છતાં હિમત કરી થોડા થોડા પલળતા આશ્રમની આજુ બાજુ ફરવા નીકળ્યા, આશ્રમની બરાબર પાછળ ધસમસતી ગંગા નદી ઘોડા પુરે વહી રહી હતી. (ત્યાં આ

© RATILAL JOGIA

નદીને ગંગા કહે છે) સવા અગીયાર વાગ્યે જમવાની જાલર વાગી અમો લોકો રાહ જ જોતા હતા. રસોઇ ઘર ભણી પ્રયાણ અને જમવા ઉપર ટુટી પડયા. યુકે- લંડનમાં સાંજે છ વાગ્યે કોઇને ઘરે જવાઇ નહિ , કારણકે દરેક ઘરે દાળ ભાત ઉપર ટુટી પૈડા હોઇ. કારણકે ઠંડો પ્રદેશ એટલે સાંજે કકળીને ખુબ જ ભુખ લાગે, એટલે તેવો જોક કરે કે ચાલો દાળ ભાત ઉપર ટુટી પડીયે. એમ અમો પણ વરસાદમાં ભીંજાયેલા થોળુ ચાલેલા અને વહેવી સવારે પાંચ વાગ્યે ઉઠેલા અને જંગલનું હવામાન એટલે કકળીને ભુખ લાગેલી એટલે જમવા ઉપર ટુટી પડયા તેમ કહેવામાં જરાય અતીશ્યોકતી નથી જ. જમીને પલંગ ઉપર આડા પડયા જેને વામકુક્ષી કહેશું. પરંતુ નવરા માણસને નીંદર પણ સાથ આપે નહિ, તેમ અમો પણ પડયા પડયા થાકી ગયા, ત્યારે માંડ બપોરના બે વાગ્યા, તાણી તોળીને ફરી અળધો કલાક પસાર કર્યો અને અઢી વાગ્યે ચ્હા આવી. ચ્હા પીને ભાગતા બીજા બે ચાર આશ્રમ જોવા ઉપડી ગયા. ત્યાં જોવાનું શું હોઇ, કલાકમાં બધું પુરૂં અને બહાર નીકળ્યા કે ધોધમાર વરસાદ ચાલુ થયો. દોળીને સામે ઝુપડુ હતું ત્યાં ભરાણાં, અમારી પહેલાનાં આવેલ ચાર પાંચ માણસો હતા એટલે જુપળું પુરૂ ભરાય ગયું, બેઠા પછી ખબર પડી કે ઝુપડાનાં પાછડના ભાગમાં એક બહેન અમારી બાજુ ટગર ટગર જુવે છે તે ચ્હાની હોટેલ ચલાવે છે. અમો ટાઇમ પાસ કરવા બધા માટે ચ્હા બનાવવા વિનંતી કરી અને અળધા કલાક પછી ચ્હા બનીને આવી પીધી અને પસ્તાવો કીધો કે કયાં આવી ભરાણા. ઠીક છે ઉજળી બાજુ જોવાનું ઝુપડુ ન હોત તો પલળી ગયા હોત અને શરદી-ખાંસી-મેલેરીયામાં કદાચ સપડાય જાત. ભગવાન કરે તે ભલા માટે સમજીને ચ્હા ગટગટાવિ ગયા બીલ ચુકવવા માટે, એન.સી. કરંસી હતી નહી. પેલા બહેનને વાત કરતા તેવો બોલ્યા, કે કાંઇ વાંધો નહિ સાંજે હું આશ્રમે સ્વામીજીને વંદન કરવા આવી એ ત્યારે આપી દેશો તો ચાલશે.અમોએ રાહતનો શ્વાસ લીધો. ત્યાં એક રૂખડીયા ભાઇ આવી ચડયા, પેલા બહેને કીધુ કે તેવો જયોતીસી છે અને અમો ટાઇમ પાસ કરવા હાથ બતાવવા લાગ્યા અને પ્રશ્યો પુછવા લાગ્યા અને જયોતીષી મહારાજે શું ઉટપટાંગ જોસ જોયા કે અમોને મજા પડી ગઇ અને આમ માંડ સાંજના છ વાગ્યા અને અમો મુળ આશ્રમે આવ્યા.

સ્વામીજી બેઠા હતા, સ્મીત આપી મીઠો આવકાર આપ્યો. અમો સામે ગોઠવાઇ ગયા થોડી ચર્ચા કરી, પરંતુ અમોને ખાસ મુડ હતો નહિ કારણકે અમો ધમાલીયા વાતાવરણમાં રહેવા વારા, અહિં સંપૂર્ણ શાંતી એટલે કોઇ છીંક ખાય તો પણ તેનો પડઘો પડે અને મોટો અવાજ સંભળાય કોઇને એકાંતમાં રહી ભજન કરવું હોઇ તો ઉત્તમ સ્થળ. પરંતુ ઉતપાતીયા માણસો માટે આ બધુ નકામુ, માંડ માંડ રાત્રે આઠ વાગ્યા, જમીને આડા પડયા, નીંદર કયાંથી આવે, સુમ સામ વાતાવરણ પાછડ ગંગા નદી દોડયે જોઇ, તેનો ઘુઘવતો અવાજ બાકી બધુ શાંત. ન ટી. વી. ન મલે ફોન, નહી પેપર, ફકત આપાણે આપાણે અને આપાણે જ. હું ફીઝી. (જી ) ગયેલો, ત્યાં સેરેટોન હોટલમાં પણ આવિજ સગવળ હતી ન ફોન, ન ટી.વી. નહિ પેપર

© RATILAL JOGIA

કાંઈ કરતાં કાંઈ નહી. આ ફાઈવ સ્ટાર હોટલ એકદમ સુમસામ, તપાસ કરતા જવાબ મલ્યો કે, આ બધું તો તમારે ઘરે હોઈજ છે. અહિં શાન્તિ માટે આવ્યા છો, માટે શાન્તીથી પડી રહો. ખાવ, પીયો ને નીંદર કરો, ઔર કુછ નહિ. પશુપત્તી નાથકી જે જે-હો જે-હો. પશુપતી નાથની જે હો. હવે નીંદર આવતી નથી, ગુરૂવારે ઘરેથી નીકળ્યા આજે રવિવારની રાત જાણે વરસોનાં વાણાવાયા. જાણે કાળ થંભી ગયો, દુનીયાથી જુદા પડી ગયા, મનમાં બીહામણો હાઉ ઉપસી આવ્યો. નીંદર કયાંથી આવે, અહિં જો બી. પી. વધી જાઈ કે એટેક આવે તો સીતારામ ડોકટર કે દર્દી ભેળા થાય નહિ, પછી પોતાનો આદમી તો કયાંથી મલે. જે હો જો પશુપતીનાથની. હજી આવું અઘટતુ કયારેય બન્યું નથી. તેમ સ્વામીજી કહે છે. જે હોઈ તે ખરૂ, પરંતુ આપણો રૂદીયો કબુલ થયો નહિ.

સવાર પળતાવેત ચાલતી પકડી. સ્વામીજી તથા સંગાથીઓએ કહયું કે, ગુરૂવારે સાથે કાઠમંડુ જાશુ, મેં કીધું હે ? આજે સોમવાર, ચાર દીવસ પછી ગુરૂવાર આવે, એટલો વખત કાઢવો કયાં ? બધાને અમારી વાત ગળે ઉતરી ગઈ. સ્વામીજીને ચરણ સ્પર્શ કરી વિદાય લીધી. ગલેશ્વરથી નારાયણ ઘાટ અને ત્યાંથી સીધા કાઠમંડુ, નદીના કીનારે કીનારે પ્રવાસ થયો. વેધર ખુશનુમા, હિમાલયની ગોદમાં જાણે નાના નાના ભુલકા બેઠા હોઈ, તેવા નાના નાના ફરતા પહાડો પાછળ, બરફાદીથી ઢંકાળેલો હિમાલય, વાદળાની સાથે જાણે સંતાકુકળી રમત રમતો હોઈ, ધસમસતી નદી ઉપર ઠેક ઠેકાણે જુલતા પૂલો અને પહાડમાંથી આવતા ઝરણાં દિલને આનંદ આવી જાઈ તેવું વાતાવરણ. હું નાઈરોબી ગયેલો, ત્યારે ત્યાંથી થીકા ગામની આગળ ફોર્ટીન પોલ જોવા ગયેલો, ત્યાં પાણીનાં એક સાથે ચૌદ ધોધ, પહાડ ઉપરથી પડે છે અને તેનો ધુધવાટ એવો કે આપણે અરસ-પરસ વાત કરી કે સાંભળી ન શકાય એટલો અવાજ અને પાણીમાંથી રૂ ના પુલ જેવા, ગોટે ગોટા ફીણના ઉડે અને કલાકમાંથી તો આપણે ત્રાસી જઈએ, આપણી ખુબી છે કે ખુબ અવાજથી આદમી થાકી જાઈ ત્રાસી જાઈ અને એકદમ શુન્યવકાસથી પણ ત્રાસી જાઈ. માનવ સામાજીક પ્રાણી છે તે મધ્યમ વાતાવરણમાં સમાજની સાથે રહેવા વાળો છે, એટલે આમ બનતું હશે, પરંતુ આ નાના પોલ શાંત ઝરણાની જેમ વધ્યા કરતા હતા. સાથે સુંદરતામાં વધારો કરતા હતા.

રસ્તામાં હોટેલ આવી ત્યાં લટાર લગાવી જમવામાં આપણને ચાલે તેમ હતું નહિ કારણકે ચીપ અને સીપ ફીસ સાથે હતું. બે નંગ કેળા લઈને ચલાવી લીધું. બરાબર ચાર વાગ્યે કાઠમંડુ પહોંચ્યા, ત્યાંથી ટેક્ષી મારફત આશ્રમે ગયા, મુળ સ્વામીજી હતા નહી તેઓના આસીસ્ટંટ હતા. અમારી ભલામણ ચીઠી કામ લાગે તેમ હતિ નહિ, અમારી ખુબ જ ઉલટ તપાસી ચલાવિ, પરંતુ દાદાની મહેરબાની હતી, અમારી વહારે આવ્યા એક મારવાળી શેઠ આશ્રમના મંદિરે આવે તેનીયે અમોને થોળી પુછ-પરછ કરી પેલા સ્વામીજી ને કહયું કે આ લોકોને રૂમ આપો અને જમવાની વ્યવસ્થા કરી આપો અને સ્વામીજી થોડાક પલળ્યા. પરંતુ તે

© RATILAL JOGIA

અંતરથી ખુશી થયા નહિ, જેવી દાદાની મરજી, કહેવાઈ છે કે ગરજવાનની અકલ કામ આવતી નથી. અમો પણ આ અજાણ્યા દેશમાં ગરજવાન હતા. પહેલે માળે રૂમ મલી, સાંજે સાળા સાતે જમવાની જાલર વાગવાની હતિ. ખાસો દોઢ કલાકનો ટાઈમ હતો ત્યાં નેપાળમાં, શ્રાવણ મહિનો પંદર દિવસ પહેલા બેસી જાઈ છે. ભારત કરતા ત્યાં ટાઈમ પણ ત્રીસ મીનીટ વહેલો છે. એ હિસાબે પહેલા સોમવારના દર્શન કરવા એમ નકકી કરીને બહાર નીકળ્યા. આશ્રમની સામેજ એરપોર્ટ છે. વોકેબલ તથા ડાબી બાજુ દેવોના દેવ એવા મહાદેવ પશુપતિનાથજીનું ભવ્યમંદિર છે. તે પણ વોકેબલ છે. છતાં અજાણ્યા હોવાથી ટેક્ષી કરી મીટરથી આવશું તેમ ડ્રાઈવરે કહયું અને અમોને ગલી કુંચી માંથી ફેરવિને લઈ ગયો, તે તો ઠીક પરંતુ મંદિરની બહાર ખાસા દુર ઉતારીને ભાડાનાં રૂા. એકસો સાંઈઠ માંગીયા અને એ પણ આઈ.સી. કરંન્સીમાં, સ્વામીજીએ સમજાવેલ કે એન.સી. કરંન્સીના રૂપીયાજ આપવા. અમોએ એન.સી. કરન્સીના રૂપિયા એકસો સાઈઠ આપતા ટેક્ષી વારો કબુલ થયો નહિ, અમારે ના છુટકે આઈ. સી. કરંન્સી ના રૂપિયા એકસો સાંઈઠ ચુકવવા પળ્યા. આઈ.સી. રૂપિયા એકસો બરાબર એન.સી. કરંન્સી રૂપિયા એકસો સાઈઠ થાય છે. એટલે એન.સી. રૂપિયા બસો સાઈઠ થયા. પુરેપુરા ઠગાયા પરંતુ રકજક કરવાનો સમય હતો નહિ.

થોડુ ચાલીને મંદિરની સાઈડના દરવાજે જાતા પહેલા બન્ને બાજુ ફુલ, દુધ, માળા રૂદ્રાક્ષની હાટળીઓ હતિ. એક બહેને અવાજ આપીને કહયુ, કે બુટ અહિં ઉતારીને જાવ મંદિરમાં નૈતર નહિ જાવા દયે. અમો માની ગયા બુટ અહિ ઉતાર્યા એટલે ફુલનો પળો લેતા જાવ શેઠીયાવો. અમો એ કીંમત પુછી તો પચાસ રૂપિયા અમોએ ના પાળી તો ગરમ થતા બોલી કે બુટ મફતમાં ઉતારવા છે એટલે અમોએ પાંચ રૂપિયા ઠેરાવ્યા બુટ સાચવવાના અને જલ્દી જલ્દી મંદિરમાં પંહોચ્યા. ખાસી ભીળ હતી, લાઈન પણ હતિ. બન્ને બાજુ એકબાજુ વુમન બીજી બાજુ મેન, અમોએ પહેરેગીરને વિનંતી કરી એટલે વચ્ચે જાવા દીધા. મંદિર ભવ્ય હતુ, ચાંદીના દરવાજા, સોનાનો નંદી અંદર પણ પુષ્કળ સમૃધ્ધી હશે. પેગોડા ટાઈપનું મંદિર, એકદમ પૂરાતન વખતનું સીકયોરીટી પણ ખુબજ બહાર વિસફુટ બાઈ દશ ફુટનો નંદી. કદાચ સોનાનો હશે સોના જેવોજ ચમકતો હતો. મંદિરની ફરતે કોડીયાની રેલીંગ બનાવેલી હતિ. તેમાં ભાવિકો દીવા પ્રગટાવતા હતા. જેથી મંદિરની ફરતે દીપમાળા અલૌકીક દેખાતી હતિ .પાછળ નદી હતિ, જે ધસમસતી વહયે જાતી હતી. જમણી બાજુ ભુલભુલામણી હતિ. પોરબંદર સુદામાજીનાં મંદિરનાં ચોગાનમાં છે તેવિ, થોડા ફેરફાર સાથે, એક મુખી રૂદ્રાક્ષનું વૃક્ષ છે. બાજુમાં હનુમાનજી બીરાજમાન છે. તે ઉપરાંત મંકીનું ટોળું ખાસુ મોટું બધુ બઘળાટી બોલાવે છે. આ બધુ જોઈને ખુબ જ સંતોષ થયો, દર્શન પણ પૂરા પ્રેમ ભાવથી થયા, જે ઘણા ટાઈમથી ઈચ્છા હતિ તે આજે ફળીભુત થઈ. ત્યાંથી મંદિરના મેઈનગેટ ઉપર આવ્યા, આરતી ટાઈમે ચારે દિશાઓના દરવાજા ખુલ્લા રહે છે. તે બધુ જાણીને બહાર આવ્યા, પેલી બુટવારી બાઈ ચાલી

© RATILAL JOGIA

ગયેલી, કોઇ આદમી બેઠો હતો, તેને પાંચ રૂપિયા આપી બુટ લઇને ચાલ્યા. વિચાર કર્યો કે આ નદીનો કીનારો તો આશ્રમથી થોડેક દુરથી જ પસાર થાય છે. માટે નદીને કાંઠે કાંઠે ચાલવું અને ખરેખર વિસ મીનીટ ચાલતા અમો આશ્રમે આવિ ગયા. ત્યાં રાધા કૃષ્ણાંનાં મંદિરમાં આરતી થતી હતિ. તેના દર્શન કર્યા, થોળીવારે જમવાની જાલર વાગતા સ્વામી સાથે જમવા ઉપડયા. જમીને સીધા રૂમ ઉપર આડા પળતા વેંત નીદરને ખોળે જઈ પડયા.

સવારે સાડા પાંચ વાગ્યે દરવાજો ખખડયો, આંખ ખોલી જોયું તો ખાસુ અજવાળુ હતું. દરવાજો ખોલતા આશ્રમનો સેવક બે કપ ચ્હા લઇને આપવા આવેલો, તે લઇને સવારનું નીત્ય કાર્ય પતાવિ, ચા પીધી. ગેલેરીમાં ઉભી આજુબાજુનું નીરક્ષાણ કરી નહાવા ગયા. એટલે શાન્તીથી સવારનું કાર્ય પતાવ્યું. ત્યારે માંડ સવારનાં સાળા સાત થયા હતા. નીચે સ્વામીજીને મલ્યા, દર્શન કર્યા. પેલા મારવાડી શેઠ મળેલા તે આશ્રમની બાજુમાં જ રહેતા હતા. રોડ સાઇડ તેમનો પોતાનો બંગલો હતો. તેવોનું આમંત્રણ હતું, એટલે તેને મલવા ઉપડી ગયા. તેવોનો બંગલો ખુબજ સુઘડ સારો હતો. તેમના સન અને એના સન બધાએ ખુબજ પ્રેમથી આવકાર આપ્યો. થ્રી. (૩) જનરેશન ખુબજ સમજુ પરીવાર હતો. ચ્હા નાસ્તો કરાવ્યા, બજારમાં તેમની દુકાન છે. તેનું એડ્રેસ આપ્યું ઘર દુકાનનાં ફોન નંબર આપ્યા. બજાર જોવા આવો તો ચોકકસ દુકાને આવજો, એવિ ભલામણ લઇને અમો ફરી આશ્રમે આવ્યા. હવે ? હવે ? મંદિરે અલબત ચાલીને જ, અને અમો ચાલતા ચાલતા મંદિર પહોંચ્યા, મંકી માટે બીસ્કીટ ચણા લીધા, દરવાજે સીકયોરીટીએ ચેક કરતા. કમરે લેધર્સના પટા અને મની પાકીટ તે બધુ અંદર લઇ જવાની મનાઇ છે, માટે અહિં જમા કરાવિ દયો. લેધરની કોઇ વસ્તુ કેમેરા દુર્બીન એવિ આઇટેમ લઇ જવાની મંજુરી મલતી નથી. એટલે દરવાનને બધુ સોંપીને અંદર ગયા, ખાસ લાઇન હતિ નહિ, ગર્ભ દ્વારે બેઠા, મંકીનું ટોળુ અમારી આસપાસ ફરી વળ્યું. તેને નાસ્તો કરાવિ દર્શન કરીને ઉપડયા બજાર, બજાર માર્કેટ એરીયા ખુબ જ રળીયામાણો અને સારો છે. ત્યાંથી પેલા વેપારીની દુકાને ગયા ત્યાં ગરમા ગરમ ચ્હા નાસ્તો તેનીયે મંગાવિ પ્રેમથી અમારૂં સ્વાગત કર્યુ. હવે અહિં શું જોવા જેવું છે, તેની માહિતી મેળવિ, વહેપારીના કહેવા મુજબ એક લકડીકા મહેલ જોવા ગયા, ત્યારે નાનપણમાં દાદીમાએ કહેલ કહાની યાદ આવિ ગઇ, કે એક દંડીયો મહેલ અને તેમાં રૂપાળી અપસરા જેવિ રાજકુમારી રહેતી હોય છે. કહેવાઇ છે કે એક જ ઝાડની એકજ લાકડીમાંથી આ ભવ્ય મહેલ બનેલો છે, જે શદિઓ પુરાણો છે. બાજુમાં ભવ્ય મ્યુજીયમ છે, તે પણ સુઘડ અને સરસ છે. તેની ઉતરે બીજે માળે માતાજી બીરાજે છે, કહેવાઇ છે કે અહિં રાજાધીરાજ અને રાજપરીવાર પણ વરસમાં એક વખત માતાજીના દર્શન કરવા અચુક આવે છે અને માતાજીના આશીર્વાદ લઇ પ્રસન્ન થાય છે પરંતુ આ માતાજી ‘‘જીવિત’’ છે. હજરા હજુર છે, કોઇ મુર્તી નથી. કહેવાઇ છે કે શદિઓ પૂરાણો આ રીવાજ ચાલ્યો આવે છે કે એક જ વંશની કુંવારી કન્યા સમજાણી થતા જ, તેને માતાજીના વસ્ત્રાલંકારો, મુગુટ, આયુધ્ધ વિગેરેથી



© RATILAL JOGIA

શણગારી સજીને તૈયાર કરીને બાજોઠ ઉપર બીરાજમાન કરે છે. તેની પ્રતીષ્ઠા કરી તેની પૂજા થાય છે. તે કન્યા ટાઈમમાં આવતા સુધી માતાજી તરીકે પુજાય છે. ટાઈમમાં આવે એટલે તે રીટાયર્ડ થાય છે, તેની જગ્યાએ બીજી કન્યા માતાજી તરીકે બીરાજમાન થાય છે. જયારે આ ફેરફાર બદલી થાય છે, ત્યારે મોટો ઉત્સવ ઉજવાય છે અને નવા બીરાજેલા માતાજીની ખુબ જ પ્રેમભાવથી ભક્તિપૂર્વક માન અકરામ આપી, તેવોની પૂજા વિધી, મનત વિગેરે થવાનું ચાલુ થાય છે. અમો પણ માતાજીના ચરણ સ્પર્સ કરી ધન્ય બન્યા, ત્યાંથી નીકળી ઓટો કરી દાદાનાં મંદિરે ગયા. ત્યાં દર્શન કરી ચાલતા ચાલતા આશ્રમે આવ્યા. થોડી વારે જમણવારની જાલર વાગી, અમો સર્વે જમવાના  રૂમમાં પહોંચી ગયા. જમીને થોડીવારે આશ્રમની બહાર લટાર લગાવિ, હજી ફકત સાડા આઠ થયા હતા. છતાં મેઘલી રાત જામી હોઈ તેવુ સુમસામ વાતાવરણ ડરામણુ લાગતુ હતુ. ના છુટકે રૂમમાં જઈ લંબાવ્યુ. પરંતુ એમ નીંદ્રાદેવિ થોળા પ્રશન્ન થાય. આમજ રાત્રી જાગતા પસાર કરી વેલીપરોઢે નીંદર આવિ, ન આવિ, ત્યાં તો ચ્હા લઈને સેવક હાજર.

ઘડીયાળમાં જોયું તો વેલી સવારના સાળા પાંચ, હવે ? હવે આ દિવસ કેમ પસાર કરશું, જેવિ દાદાની મરજી આશ્રમની બહાર જઈ, ચાલીને સીધા એરપોર્ટ પહોંચ્યા, અંદર ફર્યા, ઈન્ડીયા ફોન કર્યો. કોક પીધુ, ત્યારે માંડ સવારનાં દશ વાગ્યા અને ફરી આશ્રમે જમીને, થોડીવારે આરામ કરીને સીધા પેલા વેપારીને ત્યાં, બીજા દિવસની પ્લેનની ટીકીટ મલે, તેવિ વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી તેનીયે અમોને ખુબજ મદદ કરી, ઘણી જગ્યાએ ફોન ઘુમાવ્યા, પરંતુ બીજા દિવસની ટીકીટ અવેલેબલ નથી નો જવાબ મલ્યો. ત્રીજા દિવસની ટીકીટ મલતી હતિ, તે અમો એ લીધી હવે ફરી એક દિવસ કયાં પસાર કરવો તેની મુંજવણ હતિ. હવે અમો જયા જાવું હોય ત્યાં ચાલીને જ જતા, પૈસાની બચત અને ટાઈમ કપાત બીજો કોઈ વીકલ્પ હતો જ નહિ. સ્વામીજીએ અમોને એક વાત સાચી બતાવિ કે, તમો અત્યારે આવ્યા છો તે ઓફ સીઝન છે. અત્યારે અવાઈ નહિ. સીજનમાં આવ્યા હોત તો તમોને ખુબજ આનંદ આવત, સીજનમાં જાપાનીજ બર્મી (રંગુનથી) ચીના બધા લોકો અહિં આવે છે. અમોએ જાપાન અને રંગુન, બર્મી દેશનાં પેગોડા બનાવેલા, તેના દર્શન કરેલા. તેની કલાકારીગરી અને કલર કોમ્બીંગ કામ ભવ્ય તો હતા જ, પેલા વેપારીને તો ખાસ કાંઈ પુછાઈ નહિ. પરંતુ તેના નોકર ને વિશ્વાસમાં લઈને બહાર મારકીટમાં લઈ ગયા. ત્યાં વાત વાતમાં તેનીયે જણાવ્યું કે અહિં કેશીનો ખુબ જ છે. બીયર બાર, ફલોર શો તેમજ પ્રાઈવેટ બજાર ખુબ જ આકર્ષક છે અને ટુરીસ્ટોને મોટી હોટલોમાં આ બધું મલી રહેતું હશે. પરંતુ અમોને આ બધુ પ્રતિકુળ હતું, વૃજય હતું, અમારે માટે નકામુ હતુ એટલે મુંઝાઈને મારકેટને ઓટલે બેસી ગયા અને ધારેલા દિવસે ટાઈમથી છ કલાક પહેલા ચાલીને સામાન ઉપાડીને એરપોર્ટ પહોંચ્યા. ત્યારે હજી પાંચ કલાક, પાંચ વરસ જેટલી લાંબી લાગશે તેનો ખ્યાલ આવતા કમકમાટી છુટી ગઈ અને અમો વિચારે

© RATILAL JOGIA

ચડી ગયા કહેવાઈ છે કે ......

**સૌરાષ્ટ્રે સોમનાથં ચ, શ્રી શૈલે મલ્લિકાર્જુનમ ।**
**ઉજજયિન્યાં મહાકાલ ઓંકાર મમલેશ્વરમ ।।**
**પરલ્યાં વૈજનાથં ચ, ડાકિન્યાં ભીમાશંકરમ્ ।**
**સેતુબન્ધે તુ રામેશં, નાગેશં દારૂકાવને ।**
**વારાણસ્યાં તું વિશ્વેશં, ત્ર્યંબકં ગૌમતીતટે ।**
**હિમાલયે તું કેદારં, ઘુષ્ણેશં શિવાલયે ।।**
**એતાનિ જયોર્તિલિંગાનિ નામાનિ, સાયં પ્રાતઃ પઠેન્નરઃ**
**સપ્ત જન્મકૃતં પાપં, સ્મરણેન વિનશ્યતિ ।।**
**ૐ ૐ ૐ ૐ ૐ ૐ**

**સાતપુરી : અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા, પુરી, દ્વારાવતી, ચૈવ સપ્તેરેતા**

**મોક્ષ દાયકાઃ**

**ચાર ધામ : દ્વારિકા, બદ્રી-કેદાર, જગન્નાથપુરી, રામેશ્વર.**

©
RATILAL JOGIA

ભગવાન શ્રી રામ પણ શીવજીની પુજા અર્ચના કરી વંદન કરતા, તેઓ દેવોના દેવ, મહાદેવ અને તેમાય, તેવોનો વહાલો મહિનો શ્રાવણ મહિનો, એટલે તો આનંદ ઉલ્લાસનો મહિનો, તહેવારોનો મહિનો. વૈશ્નવ સંપ્રદાયના વહાલા વહાલા શ્રી નાથજી અને તેમાં હવેલીમાં હિંડોળાની ભવ્ય હારમાળા, મનને મુગ્ધ કરી દયે. નીત નવા શણગારેલા હિંડોળાના દર્શન કરી ભાવિકો ધન્યતા અનુભવે, તે પછી સુદ સાતમ જે નાની સાતમ, અમુક કોમમાં પ્રચલીત તે ઉજવાઈ, તે પછી પૂનમ નાળીયેરી પૂનમ તો ખરી જ, ઉપરાંત ભાઈ બહેનના પવિત્ર બંધનનું પર્વ નીખાલસ અને ખરા અંતકરણથી ઉભરાતું, ભાઈ બહેનનું પર્વ એટલે રક્ષાબંધનનો તહેવાર. તે પછી બોરચોથ, ગૌવરી વ્રત ગાયનું પૂજન, તે પછી નાગપંચમી, તે પછી રાંધણ છઠ અને તે પછી શીતળા સાતમ, પછી ગોકુળ આઠમ જન્માષ્ટમી, લાલાનો જન્મ દિવસ જે જગતભરમાં શ્રધ્ધાળુઓ ઉજવે અને ઉત્સવ મનાવે રાત્રે બરાબર બાર વાગ્યે, શ્રી યદુનંદન નંદનું આગમન, જે દરેક ભાવિકો ભાવ વિભોર થઈ ધન્યતા અનુભવે, ગામડે ગામડે મેળા ભરાય અને તેમાંય સૌરાષ્ટ્રમાં તો ખાસ અને પછી આવે આરાવારાના દિવસો, અગીયારસથી અમાસ જ્ઞાતિ ભોજન, પીત્રુ પક્ષ પાણી પીપળે રેડવું અને મોટા મેળા ભરાય અને છેલ્લે ભાદરવી અમાસનું અનેરૂ આર્કષણ તો ખરૂં જ, શ્રાવણ મહિનાનો મહિમા જ કાંઈક ઔર છે. પ્રેમીઓનું મીલન પણ આ ટાઈમે આહલાદક લાગતું જ હસે, એટલે તો કોઈ ફીલ્મનું ગીત યાદ આવે છે કે તારી દો ટકીયાની નૌકરી મે મેરા સાવન બિતા જાયે.... જે હોઈ તે પરંતુ શ્રાવણ ખરેખર મનને પ્રફુલીત

કરવાવાળો મહિનો. ધરતી માતાએ લીલી નવી નકોર પાલવ પહેરી હોઈ મોલાત નાના ભુલકાવોની જેમ ડોલતી હોઇ, ધરતીમાંથી સુગંધ આવતી હોઇ, જાણે નવોઢાએ સાજ શણગાર સજયા હોઇ, તેવું વાતાવરણ મહેકતું મલપતું હોઇ, કુદરતના સૌંદર્યને મન ભરીને મહાલવાનો મહિનો એટલે શ્રાવણ મહિનો.

એટેન્સન પ્લીજ ...અને અમો વિચારમાંથી જાગી ગયા, કોઈ બીજે જાતા એરલાઈન્સના મુસાફરોને આવકાર અપાતો હતો અમારે તો હજી ખાસી વાર હતી.

ચ્હા પીસું પીયે બીજું કરસું પણ શું.......

ફરી વિચારે વમળમાં આવી ગયા......

કારણ ગમે તે હોય, પરંતુ ધાર્મિક સ્થળોએ ગરીબાઈ અને બીમારીનું વર્ચસ્વ વધુ જોવા મળે છે અને આ કારણ કદાચ માનવ સર્જીત હશે નૈતર ચોવિસ કલાક મંદિરોની આજુ બાજુ રહેતા હોઈએ તેને આવું કેમ બની શકે જે હોઇ તે ખરૂં.

એ ટેન્સન પ્લીજ.

ફરી અમો વિચાર ખંખેરી સુચના સાંભળવા લાગ્યા, હવે અમારો નંબર હતો સામાન ચેક કરાવી રવાના કર્યો. કસ્ટમ પાસ કરી લોંજમાં બેઠા, ત્યાં હજી ખાસી એક કલાકની વાર હતી. સાથે આવેલા ભાઈ ટ્રેન માર્ગે જવાના હોવાથી વિદાઈ લઈ છુટા પડયા. પછી વિચારે ઘેરી વડયો જીંદગીમાં આમ એકલા જ આવવાનું જવાનું માનવ જાત માટે નકકી થયેલું હશે. સાથે હશે તે તો ફકત સથવારા પુરતા જ હસે, જાવાનું તો ફકત એકલાયેજ હોઇ છે. આવન જાવનનો ક્રમ અવીરત ચાલ્યા જ રાખવાનો, ''યાવત ચંન્દ્રા દિવા કરો'' કયારેય બંધ રહેશે નહિ. આપણા આપણા કરીને આપણે વળગીયે છીએ, સંસારની માયામાં અટવાઇયે છીએ. પરંતુ છેલ્લે તો આપણે ''એકલવીર ની માફક જ'' જવાનું છે. જીંદગીને ધન્ય છે એને બનાવનારને વિષેશ ધન્ય છે અને એના લાલન ને પાલ ન કરનાર ને કોટી કોટી વંદન છે.

એટેન્સન પ્લીજ ફરી એલાવંસ

હવે અમારો નંબર હતો પ્લેનમાં ગોઠવાઇ ગયા, નીર્ધારીત સમયે પ્લેન ટેક ઓફ થયું. નેપાલ ની ધરતી ને મનોમન ચુમી વંદન કર્યા. પશુપતિનાથની જે બોલાવી પ્લેન જોતજોતામાં વાદળ વિંધીને અનંત ગગનમાં વિહાર કરવા લાગ્યું. ચાંદીના સોરસા ઢાળેલા પડયા હોઈ અને તેની ઉપર સૂર્ય પ્રકાશ પડે અને તે પ્રકાશથી આપણી આંખો અંજાઈ જાય. રૂના પોલ સમા વાદળની ઉપર જાણે આપણે સ્થિર થઈ ગયા છીએ, પ્લેનમાં તેવો ભાસ થાય ત્યારે યાદ આવે છે એક ડંડીયો મહેલ, જે એક જ ઝાડની એકજ લાકડીમાંથી છે. ''ન્યુજી લેન્ડ - ઓકલેન્ડ'', ત્યાં શહેરની વચ્ચે સદીયો પૂરાણું ટેકરી ઉપર એક ઝાડ છે. જેને તે લોકો ''વન ટ્રી હીલ'' કહે છે. તેની જાળવણી માટે ગવર્નમેન્ટ ખાસો ખર્ચ કરે છે. અને પર્યટકો જોવા જઈ શકે તેવી વ્યવસ્થા કરેલી છે. ખૂબ જ રમણીય સ્થળ છે. શુશોભિત નાના વૃક્ષો થી ટેકરી શણગારી

© RATILAL JOGIA

છે. ફરતી રેલીંગ બનાવી છે. જીંદગીમાં અચૂક જોવા જેવું સ્થળ ખરૂં જ અને આમ વિચારોમાં ખોવાતો જતો હતો, ત્યાં રૂપાની ઘંટડી જેવો મધૂર અવાજ આવ્યો. સર પ્લીઝ સર પ્યોર વેજ જમવાનું તમારા માટે હાજર છે. આપ કહો તો સર્વ કરૂં. મને વી. આઇ. પી. ક્વોટા માની જગ્યા આપી હતી. હું ખુશી થી જુમી ઉઠયો. અફકોર્ષ આપી શકો છો અને ગરમા ગરમ પૂલાવ કઢી અને પાલક પનીર ભાજી ખાઇને હું ખૂશ થઇ ગયો. ઉપર કોફી પીધી અને બહારના દશ્યો જોતો બેઠો. સામયીકો બે ચાર ઉથલાવ્યા અને બરાબર અઢી કલાકે કાઠમંડુ થી મુંબઇ ઈન્ટરનેશનલ શીવાજી એરપોર્ટ ઉપર અમારી ફ્લાઈટ લેન્ડ થયું. કસ્ટમ વિધિ પતાવી બહાર આવ્યો. ડ્રાઈવર સામેજ ઉભો હતો. ગાડીમાં ગોઠવાઈ ગયા. ઘરે પહોંચતા માસીએ લાગતોજ સવાલ કર્યો. બસ આવતા રહયા નો ગમ્યું ? બધા હસી પડયા.

નોંધ : શ્રધ્ધાળુઓ -ને-પાલ હે દેવાધી દેવ માણસ સ્વભાવજ એવો છે કે જેને સંતોષ નથી નહિતર વગર માગ્યુ મલ્યેજ જાઈ છે છતાં માંગવાનું ચાલુ જ છે તેવોને તમો તે ને પાલ એટલે કે ભરણ પોષણ કરો એ જ પ્રાર્થના વંદન.

ઈચ્છા ધારીને પણ પ્રભુ પ્રસન્ન થાય છે.

**ૐ ત્ર્યંબકં યજા મહે સુગંધિ-પુષ્ટી વર્ધનમ્**
**ઉર્વારુકમિવ બંધનાન્મૃત્યોર્મુક્ષીય મામૃતાત્**
**ત્રિદલં ત્રિગુણાકારં ત્રિનેત્રં ચ ત્રિયાયુધમ**
**ત્રિજન્મ પાપસંહારં એક બિલ્વ શિવાર્પણમ**

કોઈને નેપાળ દાદાના દર્શન કરવા જાવા ઈચ્છા હોઈતો આશ્રમ માં રહેવા જમવાનું ફ્રી છે તો અમારી પાસેથી ભલામણ ચીઠ્ઠી મેળવી લે.

RATILAL JOGIA

----------------

## પશુપતિનાથ મંદિરનું મહાત્મ્ય

પશુપતિનાથનું મંદિરને નેપાળમાં કાઠમંડુ નગરથી પાંચેક માઈલ દુર, ગોમતી નદીના પાવન તટ પર આવેલું છે. આસ્થા ધરાવતા શિવભકતોમાં એવી માન્યતા પ્રચલિત છે કે બદરીનાથ, કેદારનાથ વગેરે તીર્થધામોની યાત્રા ત્યારે જ પરિપૂર્ણ માનવામાં આવે છે, કે જયારે પશુપતિનાથનાં દર્શન કરવામાં આવે. ઈતિહાસકારોનાં કથન મુજબ, આ મંદિરની સ્થાપના ઈસવીસન સદીની પૂર્વે, ત્રીજી સદીમાં કરવામાં આવી હતી અને આ મંદિરમાંનું શિવલિંગ તો એનાથી પણ કેટલીયે સદી પુરાણું છે, આ મંદિર પહેલા આદિશંકરાચાર્યનું મંદિર છે, આદિશંકરાચાર્ય દ્વારા જણાવાયેલી વિધિ દ્વારા આ મંદિરની પૂજા-અર્ચના કરવામાં આવે છે. સદીઓ પછી પણ આ વિધિમાં હજુ કોઈ અડચણ આવી નથી. મંદિરની અંદર બહાર સુરક્ષાની

કડક વ્યવસ્થા છે. મંદિરના મુખ્ય દ્વાર પર સશસ્ત્ર ચોકીદારોની કડક પહેરી છે.

હિન્દુઓ-વૈષ્ણવો, જૈનો, બૌદ્ધ, શિખ વગેરે દર્શનાર્થે જઈ શકે છે.

મંદિરમાં પ્રવેશ કરીને ભકતજનો મુખ્ય મંદિરમાં પ્રવેશ કરતાં પહેલાં મેદાનમાં સ્થાપિત ૬૪ શિવલિંગોની પરિક્રમા પણ કરે છે.એમ માનવામાં આવે છેકે નેપાળમાં ૬૪-શિવમંદિરોનાં આ પ્રતિક છે. મુખ્ય મંદિરની છત સુવર્ણ પતરાં દ્વારા અને દિવાલો ચાંદીના પતરાં દ્વારા મઢાવેલી છે. ચૌમુખ શિવલિંગ પ્રત્યેક મુખની સામે ચાર દ્વાર છે અને આ મંદિરનું મુખ્ય દ્વાર આકર્ષક અને મનોરમ્ય છે. ભારતનાં પ્રમુખ ૧૨-જયોતિર્લિંગોની નિર્માણ શૈલીથી એકદમ અલગ શૈલી દ્વારા બનાવાયેલું પગૌડા શૈલીનું મંદિર છે. આ મંદિરમાં સ્થાપિત શિવલિંગ લગભગ દોઢ મીટર ઉંચું છે અને તેને એક મીટરના ઉંચા ચબૂતરા પર સ્થાપિત કરવામાં આવ્યું છે. મંદીરોની દિવાલો પર શિવ-પરિવારની સાથે જ યક્ષગણ, કિન્નરો વગેરેની મૂર્તિઓ અંકિત કરવામાં આવેલી છે. અહીં ભકતોમાં ચંદનનો પ્રસાદ વહેંચવામા આવે છે. આદિશંકરાચાર્યનાં વખતથી અહીં દક્ષિણ ભારતનાં ગૃહસ્થો જે પૂજારીનાં રૂપમાં નિયુકિત મેળવી શકે છે અને મુખ્ય પુજારીને 'રાવળ' કહેવામાં આવે છે. આ મંદિરમાં કેટલાંક અતિ દુર્લભ રત્નો પણ છે. વામાવર્ત શંખ તો સર્વત્ર ઉપલબ્ધ છે. પણ દક્ષિણાવર્ત શંખ અહીં જ જોવા મળે છે. આ રીતે એક મુખી રૂદ્રાક્ષ, નાગમણી, સૂર્યકાંતમણી, ચંદ્રકાંત મણી, ચિંતામણી વગેરે અતિ દુર્લભ રત્નોને મંદિરમાં મૂકવામાં આવ્યા છે. એક લોકવાયકા અનુસાર અહીંનું લિંગ પારસનું છે. જેના સ્પર્શથી લોખંડને સોનામાં પરાવર્તિત કરી શકાય છે.

ઓમ પશુપતિનાથ જય હો.

RATILAL JOGIA



# ૧૩ ધન્ય ધરા ધરણી

## તું ગગન કે ચંન્દ્રમાં હો , મેં ઘરાકી ઘુલ હું ઘુલ હું

૮૧-૮૧-૮૧ અલી કાશી શાંભળતી નથી, કયારની રાળો પાળો છું. હોંકારો નથી દેતી, બેરી થઈ ગઈ છે કે શું ? ઉઠ, બેઠી થઈ જા અને જટ દેતીકને ભઈલા માટે ચાપનર લયાવી આપ અને તું પણ તૈયાર થઈ જા, હમણાં ટીચર ટયુશન માટે આવસે. અરે સાંભળે છે કે નહિ, તારી કેળ ભાંગુ ઉભી રે જે તો !!! અને માથાના વાળ પકડી બે ધુંબા વાંસામાં ઠપકારી દીધા ગાલે ચીટીયો ભર્યો અને કાશીથી ચીસ પળાય ગઈ ઓઈ માળી રે-

માળીવારી ચુપમર કયારની બોલાવું છું તી હોકારો દેતી નથી. ૮૧-૮૧-૮૧ કઈ - કઈ ને મારો તો અવાજ બેસી ગયો (રાં...) તારા મનમાં તું સમજે છે શું અને આમ સવાર સવારમાં પાંચીકા રમવા બેસી જાઈ છે. હવે તું કાંઈ નાનકી નથી, જા જલદીથી ભઈલા માટે ચાપનર લયાવી આપ અને કાસી રોતી રોતી ડુસકા મેલતી બનીયાની દુકાન તરફ ડગ માંડતી માંડતી વિચારે ચડી ગઈ. મારા માટે કાંઈ કરતા કાંઈ નહિ, હું મોટી છુ, ભઈલો નાનો છે, તે રોવો ન જોયે, તેને જે વસ્તુ જોયે તે તુરત જ હાજર અને અમારૂ કાંઈ નહિ. હું બહેનપણીયો સાથે પાચી કે રમતી હતી. મારો દાવ હતો છતા મારી બા એ મને ઉઠાળી રમત બંધ કરાવી, ઉપરથી ખીજાણી અને માર માર્યો તે પણ કેવો કે હજી મારો વાંસો દુખે છે. મારા ગાલ હજી લાલ લાલ છે અને બળતરા થાય છે. બા ને કોણ સમજાવે પાપાને કવ છુ તો તે પણ ભઈલા નો પક્ષ લયે છે, ભઈલો નાનો છે તેને રોવરાવવો નહિ, તું મોટી છે. શું મારી કોઈ ઈચ્છા જ નહી. હું મોટી છું તો મારે જે વસ્તુ જોયે તે મને તો કોઈ અપાવતું નથી. મને પુરૂ રમવા મળતું નથી. મનગમતી ચીજવસ્તુ મલતી નથી અને ભઈલાને બધુંજ ભઈલો બાળોતીયા પલાળે તો પણ વાંધો નહિ અને મારૂ કોક જરાક અમથું ગંદુ થાય, કે તુરત જ બા- મંડે બળબળ કરવા, કયાં ગઈ હતી. ફ્રોક કેમ મેલુ કરી નાખ્યું અને દુકાને પહોચતાજ કાશી થી ડુશકુ મેલાઈ ગયું. આંખમાંથી મૈડા આસુડા ટપકવા. બીજાને આપણી શું પડી છે આપળી વ્યથા તે બીજાને મન કથા તે આ નાનકળી કાશીને કોણ સમજાવે. દુકાનના ઉંબરામાં બાધાની જેમ ઉભી રહી, દુકાનદારે રૂબાબથી પૂછયું, બેબી શું

© RATILAL JOGIA

આપું. ચાપનર, આટલું માંડ બોલી દુકાનદારે પૈસા માંગ્યા કાશીબોલી અમારે ખાતેલખવાનું મારી બા એ કહયું છે. દુકાનદારે ચાપનર આપ્યું, કાશી લઇને ઘરે ગઇ ને ભઇલાને આપ્યું. ભઇલો ચણા અને ગોળ ખાતો હતો. કાશીયે ભઇલા પાસે થી ચણા માગ્યા, મને આપ, નૈઆપું, કેમ નહિ આપે આપને, આપ મે તને કેમ ચાપનર લાવી આપ્યું. નહિ, નહિ આપું અને ભઇલો ઘરની બહાર ભાગી ગયો. બા મને ચણા આપને, બા ઓ બા ..શું છે ? મને ચણા આપને. જો સામે વાટકામાં છે લઇ લે અને જા ભઇલાને રમાળ અને તેનું ધ્યાન રાખ.

કાશી દશ- બાર વરસની છોકરી હતી, તે વિચારે તો કેટલુ વિચારે તેને ખ્યાલ જ નહોતો આવતો કે બા ઘડીક કે છે તું નાની છે, ઘડીક કે છે તુ હવે મોટી થઇ છે, ભઇલો નાનો છે. આ વાત કાશીના મગજમાં આવતી ન હતી. બા આજે સ્કુલમાં મેસ મેરીજમવાળા આવેલા છે, તેનો પોગ્રામ જોવા જાવ? નહિ હવે તુ નાની નથી, છોકરીયુ થી પોગ્રામ જોવા ન જવાય, પણ બા પડોશની બધી છોકરીયુ પોગ્રામ જોવા જાઇ છે, મને જાવા દે ને બા, ન જવાઇ ના પાળીને ? બા હું ભઇલાને સાથે લઇને જાવતો ? ના ભઇલાને એવું બધું કાઇ ગમે નહિ અને કાશી સમસમીને બેસી રઇ. કાશી પથારીમાં પડી પડી ડુશકા ભરતી હતી, ત્યારે પાપાએ કીધું, તું તારી બાનું કહયું ન માને તો તને માર પડે, કહયુ ન માનીયે તો મારેય ખરી. માટે ચુપચાપ સુઇ જા, ભઇલાને સાચવવો અને તારી બાનુ કહયું માનવાનું બસ, સુઇજા, પાપા પણ મારો પક્ષ લેતા નથી અને કાશી સમસમીને સુઇ ગઇ. બા તું મને તૈયાર થવાનું કે છે, તો મને કહેતો ખરી કે આપણે કયાં જવાનું છે.  મુઇ કયાંય જવાનું નથી તને જોવા આવવાનાં છે. માટે માથું, મોઢું કરીને પેલા કપડાં પહેરી લે, જો તું પસંદ પડી જાઇસ તો તમારી સગાઇ થશે પછી તારા હાથ પીળા કરશું. બા હાથ પીળા કરશુ એટલે ? મુઇ આવળી મોટી ઢાંગરી થઇ તો પણ તને ખબર નથી પડતી, તારા વિવાહ કરશું. પણ બા.... પણને બણ કાંઇ નહિ અને કાશી પસંદ પડી ગઇ,

આવનાર મહેમાનોને અને સારા ચોઘડીયે ગોળ ધાણાં થી વધાવીને સગાઇ નક્કી કરી લીધી. બાજુના ગામડે, બા મારી બહેનપણીયું પણે મેળો કરવા જાઇ છે હું જાવ, અરરર માળી તારે મેળો કરવા જાવું છે. મુઇ તારા સાસરાવારાને ખબર પડશે, તો આપણું તો નાક જ કપાઇ જશે.  હવે તું જુવાન થઇ છે, તારાથી હવે મેળો કરવા ન જવાઇ. કાશી સમસમી ગઇ. કાશી ઓ કાશી, આજે રાસ લેવા નથી આવવુ તારી રાહ જોઇએ છે. જલદી ચાલ, તું આવે પછી જ રાસ ચાલુ કરશું, આજે નહિ આવું મારી ઇચ્છા જ નથી. ના તારે આવવું જ પડશે, નહિતર અમારી બધાની કીટા અને ના છુટકે પરાણે કાસીને રાસ લેવા મેદાનમાં ઉતરવું પડયું. કાશીનો કંઠ અને હલક આખા ગામમાં વખાણાતાં હતા અને કાશીયે ગાવાનું ચાલુ કર્યુ.  એક પછી એક ગીતની હલકે જાણી રાત થંભી ગઇ હોઇ એમ લાગ્યું અને છેલ્લે...

**કાનજી તારી મા કહે, પણ અમે કાનુડો કહેશું રે....**

© RATILAL JOGIA

**એટલું કહેતા નહિ માનેતો, ગોકુળ છોડી દઈશું રે...**
**માખણ ખાતા ન આવડે તુને, અમે તુને ખવડા વતા રે...**
**ગોવાળીયાની ગાળો ખાતો તો અમે તુને છોડાવતા રે...**

અને માજમ જ રાતે સખી વૃંદની હેલી થંભી ત્યારે કાશી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. અહિ પેટ ભરીને કાશીયે રડી લીધું. બહેનપણીયો એમ સમજી કે, ભાવાવેશમાં કાશીનું હૈયું હાથ ન રહેતા કાશી રડી પડી છે. પરંતુ અંતર કાંઈક જુદુ જ જાણતું હતું. થોડા વખત પછી કાશીનાં લગ્ન લેવાયા કાશી પરણીને સાસરે ગઈ, પોતાનાં મનનો માણીગર સારો હતો. પરંતુ સાસુમાં કહે તેમજ કરવું પડતું, માટે સાસુ કહે તેજ સાચુ, એક બે વખત કાશીએ કહયું કે બા અમો બેઈ માણસ બાજુના શહેરમાં ખરીદી કરવા જાયે ? એમ પૂછતા સાસુ બા એ તુરત જવાબ આપ્યો, ના પાડી દીધી. કહયું કે આ જુવાન જોધ વહુને લઈને શહેરમાં જવાઈ? શહેરનાં માણસો સારા ન હોઈ અને કાશી અને કાનજી એ શહેરમાં જવાનું માંડી વાળ્યું. થોડા ટાઈમ પછી કાશી માં બની. નાનકી છોકરી રાતે કે દિવસે કાશીને જપવા ન ધ્યે, છતાં શું થાય સાસુ સ્વર્ગે શીધાવી ગયા, પણ આ નાનકીની ભેટ આપતા ગયા. જે સવાઈ સાસુ પૂરવાર કરે ત્યારેજ જંપે થોડા વરસોમાં કાશી ચાર છોકરાવ ની માતા બની ગઈ. તાણ ખેંચમાં સમય પસાર થવા લાગ્યો. જવાની ખોળાતી ચાલી, કાશીના ઓરતા મનમાંજ રહી ગયા.

જે રીતે જીવવું હતું તે મનમાંજ ધરબી રાખીને જીવતી કાશી વિચારવા લાગતી, શું આમ જ જીંદગી પૂરી થાશે, થોડા વરસો પછી, કાનજી શ્રીજી ચરણ થયો. છોકરાવ મોટા થતા ચાલ્યા, હવે કાશીને થયું કે કાંઈક તીરથ યાત્રા કરૂ, મોટા દિકરાને પુછયું કે મારે હવે તીરથ યાત્રા કરવા વિચાર છે, મારે જાત્રા કરવા જાવું છે. દિકરાએ ના તો ન પાડી, પરંતુ એટલુ કહયું કે આ વખતે વરસાદ નથી થયો, મોસમમાં ઉપજ ઓછી છે. હાથ ભીડ છે માટે આવતા વરસે રાખો તો સારૂ અને કાશી માની ગઈ આવતા વરસે જાશુ શું ઉતાવળ છે અને આવતા વરસના ખ્યાલમાં રાચતી કાશી મનમાં મનમાં વિતી ગયેલા વરસોનો સરવાડો માંડે છે ત્યાં બાજુના ગામેથી દિકરા માટે મોટા ઘરનુ માંગુ આવ્યુ અને બધુ પાર પાડવા માટે તૈયારી શરૂ થઈ, સગાઈ થઈ, કંકુ પગલા કરવા વહુ આવિ ગયા, પોતે વેવાઈ વેવાણ ને મલી આવ્યા. ચાર-છ મહિને લગ્ન લેવાયા ધામ ધુમથી લગ્ન થયા બધાએ આનંદમાં દિવસો ગુજાર્યા અને વરસ દહાડે વહુએ દુધમલીયો દિકરો આપ્યો. વંશ વેલો આગળ વધ્યો, કાશીનાં દાંત બધા પડી ગયા, કાનથી સાંભળવાનું ઓછું થયું, આંખે મોતિયો અવવા લાગ્યો, પૌત્રો વરસ દિવસનો થયો, કાશીયે દિકરા આગળ વાત મુકી કે હવે જાત્રા કરવાનો જીવ બહુ જ થયો છે. તું બધી સગવળ કરી દે, મારે હવે જાત્રાએ જાવુ છે. દિકરાએ હા પાડી, ભલે બા ખુશીથી તમ તમારે જાત્રા કરી આવો, અમારા વતી દર્શન કરશો. ભલે દિકરા પરંતુ વહુએ કહયું કે આ નાનકો તમારા વગર રહેશે નહિ. માટે હમણાં જાત્રા કરવાનુ

© RATILAL TOGIA

માંડી વાળો, નાનકો થોડો મોટો થાય પછી જયાવજો, આમ જાત્રા કરવાનું પાછું ઠેલાતું ચાલ્યું, બે વરસે બીજો દિકરો, પછી ત્રીજો, **સીંદરાવાળું છેડો આવવાનો નથી**. સમજાણી થઇ ત્યારથી બુઢી ડોસીમાં થઇ, ત્યાં લગી કાશીબા પોતાનું ધાર્યુ કરી શકી નહી. નાનપણમાં બા-બાપૂજી એ ઈચ્છા પૂરી કરવાની ના પાડી. જુવાન થતાં સાસુમાં અને મનના માણીગરે બહાર જવાની ના પાડી. હવે દિકરા વહુ ના પાડે છે. શું જીંદગી આમજ જીવાનની, જીવવું તો કોના માટે, બીજાઓ માટે જ, મારા પોતા માટે કાંઇ જ નહિ. આમજ વરસો પસાર થઇ ગયા. બુઢાપાએ ઘેરી લીધી, કમરેથી વાંકા વડી ગયા, છતા હજી જાત્રા કરવાની ઈચ્છા જોર કરતી હતિ. ફરી દિકરા વહુને પૂછયુ કે હવે જીંદગી પૂરી થવા આવિ છે. માટે એક વખત મારા વાલાજીનાં ચરણોમાં માથુ નમાવિયાવું, ગોમતી નદિમાં ડુબકી લગાવી આવું તો જીવને શાન્તી થાઇ, ત્યારે દિકરા વહુએ સુણાવિ દીધું કે બા હવે આ ઉમરે જાત્રા કરવા ન જવાઇ, કયાંક પળી જવાઇ અને હાથ પગ ભાંગે તો જીવવું અકારૂ થઇ જાઇ. આ આપણું ઘર છે તેને જ દેવ મંદિર માનીને ઠાકર મારાજની નામની માળા આ ઓસરીની કીનારે બેસીને ફેરવો. પ્રભુ સ્મરણ કરો અને આ છોકરાનાં ઘોડીયાની દોરી ખેંચો. કાશી બા સત્બધ થઇ ગયા.

વાહ મારા વાલા, એક વખત પણ જીંદગી માં તારે દ્વારે ન આવિ શકી. મારા વાલા મને માફ કરજે, પ્રભુ મારા દંડવંત પ્રણામ સ્વીકારજો, પ્રભુ ઈચ્છાતો ઘણી જ હતિ, છે, પરંતુ આ સંસાર ની માયામાં ગુચવાઈ ગઈ છું. મારાનાથ મને માફ કરજે અને આ ૮૧ વરસનાં કાશીમાં ઢળી પડયા અનંત યાત્રાએ ....

**જીંદગી કા સફર હે યે કૈસા સફર.**

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૧૪ કૌ ઉ સું હાંભળો સો

ઓ હો હો હો બહાર શું ગરમી પડે છે. કયાં ગઈ ? એ આવી... આવતારીયા, હા આવતો રયો. ઘરે કોઈ આવ્યું હતું. હા આવ્યાસને, કોંણ આવેલું, તમે આવ્યા ને, તેને આવ્યા નો કેવાઈ, મારી વાત નથી કરતો, બીજુ કોઈ આવ્યુ હતુ કે નહિ, ઈ કહે ને. હા આવેલ છે. ભાવન-ગરથી પેલી સોપડી આવિ સે અને જામન-ગરથી આમત્રાણ કંકોતરી આવિસે. કંકોતરીમાં લખેશે કે બહુમાન કરશુ, તો વેલા પધારશો, તી હે રૂળકીના બાપા મોળા પધારીયે તો કેવું માન કરે? અરે જમકુળી તને આમાં ખબર ના પડે, તો ડબકા નો મેલ. બહુમાન અને થોળુ માન એવુ ન હોઈ. જામન-ગર થી નહિ પરંતુ જામનગરથી એમ બોલાઈ, ભાવન-ગર નહિ પરંતુ ભાવનગર એમ કહેવાઈ શું સમજી ? તી એમા હું ફરક પળવાનો સે. હવે ઈ કે જોયે કે, જમવાનું સું બનાવ્યુ છે. મને ભુખ લાગી છે. ખાવાનું, ખાવાનું તો હજી કંઈજ બનાવ્યુ જ નથી. હવે તમો તમુ કો ઈ બનાવું, હમણા સપટી વગાડતા તૈયાર કરૂ શું, કયો હું ખાવું સે. તારે જે બનાવવું હોઈ તે બનાવ, કવસું ભીંડાની કળીને ખીસળી ખાવા સે કે પસી રોટલા અને રીગણાનું સાક બનાવું, એમ કર ભીંડી મસાલા અને જીરા રાઈસ બનાવ. હે ભીંડી મહાલા એટલે વળી હું? એ કાંઈ શાક હોતા હશે. અરે તું સમજતી કેમ નથી ? એને હું બધુય સમજુ શું, સમજવાનું વળી, એમાં હુ સે ? અરે તુ કયા જાઈ છે ?કેમ વળી પળોહીને ત્યાં લોટ લેવા. અરે અરે આપણાં થી લોટ લેવા ની જવાઈ આપણું ઘર મોટું કહેવાઈ. માટે બાજુવાળાને ત્યાં લોટ લેવા નહિ જવાનું. કેમ નો જવાઈ ઈ  તે લોકો તો આવેજ સે ને, તો પછી આપણે શું કામ ન જાયે. હે તમોજ કો. અરે તે લોકો ભલે આવે આપણું મોટુ ઘર છે, આપાણાંથી ન જવાઈ, કહેવતછે કે દરેક સફળ પુરૂષની પાછળ સ્રીનો હાથ હોઈ છે. પછી સ્ત્રી ગમે તે રૂપે હોય. તેમ નીષ્ફળ પુરૂષની પાછડ પણ સ્રી હોઈ છે. અળીયો દળીયો સ્રીઓજ ઉપજ આવે છે. કહેવાઈ છે કે, હલકુ લોહિ હવાલદારનું અને આમા પણ એક વિલ ટ્રેટકટરનું અને એક વિલ સ્કુટરનું જોઈન્ટ થઈ ગયેલું, એટલે ઘાણીના બળદની જેમજ ગોળ ગોળ ફુદરડીજ ફરવાની હતિ. આગળ પાછડ જવાનો સવાલ જ ન હતો.કહવેવાઈ છે કે રાંડેલી બાઈ સાથે ઘર માંડવું ઠી કછે, પરંતુ છાંડેલી (છોડી દીધેલી) સાથે ઘર માંડવું અને નીભાવવું લોઢાના ચણા ખાવા જેટલું કઠીન કાર્ય છે. (જેને અનુભવ હશે તેને ખબર, લેખક ને નથી) અને આમ બધડાટી બોલાવતી જમકુળી કોઈ વાતે સખાણી રહેતી

© RATILAL JOGIA

નોતી કે શીધો જવાબ આપતી નહતિ. ઘરમાં કાખના બહાર લાખના જેવો તમાસો હતો. પરંતુ શું થાય નીભાવ્યેજ છુટકો, પરંતુ સમય સમય નું કામ કર્યે જાઈ છે. આપણે સૌ ભલે ગમે તેટલા ''દેવ દેવિઓ'' અને સાધુ મહાત્મા ઓને ભજતા હોઈ એ પુજતા હોઈએ, પરંતુ ખરેખર ભજવું અને પુજવું હોઈ તો ધરતિ માતાને પુજવિ જાઈયે અને ભજવું હોઈ તો સમય દેવતાને ભજવા જોયે. જે કામ જે સમયે થવાનું હોઈ છે ત્યારે જ થાય છે. છતાં આપણી સૌની ગાડી બીજે પાટે ચાલે છે, સમય આપણને ચેતાવણી આપેજ છેછતાં આપણે શોખ પૂરો કરવા માટે સમય જોઈએ છીયે.

એક વાત યાદ આવે છે, એક વહેપારી ને ત્યાં રાત્રે ચોર લોકો આવ્યા, ઘરમાં રાઈની ગુણીઓની થપી પડી હતિ. વહેપારી બુધ્ધીવાળો હતો. ચતુર હતો, તેનીયે તેની ઘરવાળીને કહયું અરેતું સાંભળે છે? આપણી પાસે આ રાઈની ગુણીઓ પળેલી છે. તેની કિંમત સવારે સોનાના ભાવ કરતા પણ દશગણી થઈ જાસે, માટે કોઈને કહેતિ નહિ કે આપણી પાસે રાઈની આટલી ગુણીઓ પળેલી છે. એક પણ ગુણી આઘી પાછી ન થવિજોયે. એક ગુણી પણ જાસે તો આપણને લાખોનું નુકસાન થસે. સવારે બજારમાં રાઈ ના ભાવ ખુબજ ઉલટ સુલટ થવાના છે. ધ્યાન રાખજે માટે, રાઈની ગુણી એક પણ ઓછીન થાય. તે ગણી છે ને બરાબર તે યાદ રાખજે ઘરવાળી પણ કાબેલ હતિ, તેનીયે કીધુ કે ચીંતા કરોમાં સુઇ જાવ બધી જવાબદારી મારી અને બને માણસ ચુપ થઈ ગયા અને તમાસો જોવા લાગ્યા. પેલા ચોર લોકો એ વિચાર કર્યો કે એક ગુણી રાઈના લાખો રૂપિયા થતા હોય તો અત્યારે જ રાઈની એક ગુણી લઈને પલાયન થઈ જાયે. બીજી જંજટ માં પડવું નથી અને બંને ચોર એક ગુણી રાઈની લઈને ચાલતી પકડી. શેઠ શેઠાણી હાથતાળી આપી ખુશ થયા કે બચી ગયા. સવારે શેઠે દુકાન ખોલી કલાકે ક પછી માણસો પૂછવા લાગ્યા કે શેઠ રાઈનો શું ભાવ છે. શેઠે માથું ખજવાડી ને જવાબ આપ્યો કે હમણાં ભાવ બહાર પડસે જરા થોભો અને રાહ જૂવો થોડાક ટાઈમ પછી પેલા ચોર લોકો રાઈની ગુણી લઈને આવ્યા શેઠે મીઠો આવકાર આપ્યો. બેસાડયા, પેલા આવનાર ચોર લોકોએ રાઈનો ભાવ પૂછ્યો શેઠે સામાન્ય ભાવ કહયો. પેલો ચોર કહે કે, શેઠ તમો રાત્રે તો કહેતા હતા કે એક ગુણી રાઈનો ભાવ લાખો રૂપિયો ભાવ થઈ જાસે તેનું કેમ. શેઠે જવાબ આપ્યા કે, ભાઈ મારા રાઈના ભાવતો રાત્રે ગયા - અત્યારે તો જેટલા હતા તેજ ભાવ કહ્યા. આ દરેક વાત છુપાઈ ને બેઠેલા પોલીસ વાળા ઓ સાંભળતા હતા. તેનીયે તુરતજ બને ચોરને પકડી લીધા. આમ સમય સમયનું કામ કર્યે જ જાઈ છે. અહિં પણ સમય સમય નું કામ કર્યુ છે.

માણસ સમયથી **મહાન** બને છે અને **મહાત** પણ થાય છે. અહિ માણસ મહાન બન્યો છે.મોટા માણસની ખાસીયત જોયા જેવિ અને વિચારવા જેવિ અને વિચીત્ર હોય છે. મોટા માણસો કોઈ મોટું દાન કરે અને બદલામા નામ કમાતા ક્યાંક મંદિર બંધાવે કે મહત્તમ ફાળો આપી. લાગવગ ઉભી કરે, બીજી ખાસીયત યે હોય છે કે એક મોટા રાજદ્વારીની ઓળખાણ રાખે એકાદો નાનો એવો ભાઈ લોગ ને સબંધી બનાવે, એકાદો કહેવાતો મહાત્મા ને પૂજનિય બનાવે, મહાત્માની નામની માળા પહેરે, ઘેરે પધરામણી કરાવે, પાંચ પચીસ માણસોને બોલાવે, પ્રસાદ વાટે (વહેચે) ઘેરે પધરામણી કરાવે, એક આલ્સેસીયન કે પછી સાદો ડોગ

© RATILAL JOGIA

(કુતરો) પાળે. આમ પોતે માટો માણસ છે, તેનું નગારૂ દરેક પાસે વગાડે અને પોતે મહાન સેવાધારી હોઈ તેમ સાવ સાદા કપડામાં જ્યાં જાઈ ત્યાં રજુ થાઈ અને તેના મળતિયા તેઓનાં ગુણ ગાન ગાઈ અને બને હાથ જોળીને નમસ્કાર બોલતો ફરે. પરંતુ તેની સાથે સમય પાણ ફરે ક્યાંક કાયદાની આંટી ધુટીમાં સપડાય જાઈ. પછી મોટા મોટા કાળા ડગલા વાળાવોને રોકીને હાંફતો હાંફતો ઓફીસનાં પગથીયા ઘસી કાઢે. સામે પક્ષે પોતાને પીલીને તેલ કાઢીલ્યે અને પછી સુચેલી સેરડી ના છોતાની જેમ ફેંકી દયે, છતાં પોતે હાર કબુલ કરે નહિ, ને ગર્જના કરે હું જોઈ લઈશ અને પછી સમય તેને જોઈલ્યે. બતાવિ દયે કાયદાની કોટડી અને માંડ માંડ જામીન ઉપર છુટે અને અને પૈસાથી ઘસાતો જાય છતા સમય સાથે તાલ મીલવે નહી, રૂઆબ ભેર રહેતો હોય. તેમ ઉંચે ગગનમાં ઉડતો હોય તેમજ જીવ્યે જાઈ. સગા વહાલા મીત્ર મંડળ દરેક દુર ખસતા જાઈ. છતા,પોતે સમજે નહિ કે દિન પલટચો પલટી ઘડી સમયનો તકાજો હોઈ, છતાં પોતે સમયને માન આપે નહી. કાયમ સવારે ઓફીસમાં હાજરી પૂરાવવા જવું ફરજીયાત થાય. કાયદાને માન આપવું પડે સુર્ય વંશી થયા હોઈઈ એ એટલે સવારનાં દશ વાગ્યા પહેલા કેમ ઉઠી જવાઈ. (જોકે આમતો ઉઠેલાજ હોય) છતાં સવારે સાત વાગ્યે ચોકીની વિસલ વાગે એટલે ચોકી ઉપર હાજરી પૂરાવવા જાવું પડે. ત્યારે ઘરવાડી જમકુડી રોતિ રૂળકીને મુકીને ઉઠાડતી હોય ને કહેતિ હોઈ એ હાંભળ્યુ તમુએ, ઉઠો જોવ, ઉઠો કતિના બાપ ચોકી ઉપરે ડામજી ભાઈનું ડબલું વાગ્યું.

**સમય સમય બાળવાન હૈ, નહિ માણસ બળવાન**
**કાબે અર્જુન લુંટીઓ, વોહિ ધનુષ વોહિ બાણ.**

કુદરતની ગતિ ન્યારી છે, જેને છે તેને નથી જેને નથી તેને છે. કહેવાઈ છે કે ડાહિનાં ઘેલા અને ઘેલીના ડાહયા, એક ગરાસદાર મોટુંમસ ઘર અને તેમાં ઓચીંતી ઘરમાં આગ લાગી, ઠકરાણાં બાઈ ગામમાં હટાણું કરવા ગયેલા. તેને સમાચાર પહોચાડવામાં આવ્યા કે તમારા ઘરમા આગ લાગી છે. જલદી ઘરેજાવ, ઠકરાણા મલપતિ, ચાલે ચાલતા ઘર તરક પગ ઉપાડયા. કોઈ સામું મલ્યું કે ઠકરાણા જલ્દી ઘરે જાવ, ઘરમાં આગ લાગી છે. ત્યારે ઠકરાણા એ જવાબ આપ્યો કે, હું મારી ચાલ બદલું નહિ. અમો રજવાડી કુટુંબમાના છીયે અમારા થી અમારી ચાલ બદલાય નહિ. ઘર સળગતું હોઈતો ભલે સળગે. આમેય ઘરે જઈને હું શું કરી શકવાની હતિ. સમય સમયનું કામ કરે છે, માટે સમયને તેનું કામ કરવા દયો. આપણે આમાં શું કરી શકાયે, જેનીયે સમયને માન આપ્યું તે જીતી જાઈ છે.

**આવ નહિ, આદર નહિ, નહિ નૈનો મે નેહ,**
**વો ઘર કભી ન જાઈએ, ભલે કંચન વરસે મેહ**
**આવ હૈ, આદર હૈ, હૈ નૈ નો મે નેહ,**
**વો ઘર સદા જઈઓ ભલે ભાલે વરસે મેહ**

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૧૫ અર્પણ

**૧ સા - સારા વિશ્વમાં નામ રહે તમારૂ**
**૨ ગ - ગગનથી ઉચું સર રહે તમારૂં**
**૩ ર - રહે ગિરનારા જ્ઞાતીમાં સ્થાન કાયમ તમારૂં**
**૪ કુ - કુદરતે દિધી કળા, વાગે નગારૂ તમારૂં**
**૫ મા - માતાજી ની આસીમ કૃપાથી ખમીર વધે તમારૂ**
**૬ ર - રજનુ ગજ ભલે કોઇ બીજા કહે, સ્વાગત હો તમારૂં**
**૭ બા - બાજ પક્ષી જેવી નજર થકી નામ હો તમારૂં**
**૮ રો - રોજ રોજ પ્રગતી થતી રહે, જ્ઞાન વધે તમારૂં**
**૯ ટ - ટમ ટમ તારલામાં દિર્ઘાયુ હો તમારૂં**
**૯ નવ અક્ષરનું નામ તમારું નવનાથમાં સ્થાન હો તમારું**
**જો ૧ - જોગીઆ કુળ ગૌરવ લખી પૂર્વજોને જીવિત કર્યા નામ સર્વેનું ઉજાળી.**
**ગી ૨ - ગીરનારા જ્ઞાતિના ભેખ ધર્યા તમોએ રતિ-લાલ હોઈ કે કાળી.**
**આ ૩ - આનંદ ભયો ગૌરવ લખી, તમોએ નામ દીધું ઉજાળી**

હે પૂજનીય સાગરકુમાર બારોટ હું કોઈ મોટો કવિ કે લેખક નથી, છતાં જોગીયા કુળ ગૌરવ વાંચીને મને તમારા પ્રત્યે ખુબજ લાગણી થઈ આવી. મારી છાતી ગજગજ ફુલી સમાતી ન હતી અને મને દિલિમાં ઉમકળકો આવતા, ઉપરનું કાવ્ય તમારા પહેલા અક્ષરના નામથી શરૂ કરતા લખાય ગયું છે, તો તે તમોને અર્પણ કરૂ છુ. જે સ્વીકારી આભારી કરશો એટલે તમો તો ધન્ય બન્યા જ છો, સાથે સાથે અમો પણ ધન્ય બનીયે. આજ અમારા પૂર્વજોને જીવિત કરી તમોએ અમારા કુળનું ગૌરવ વધાર્યુ છે. તમોને ખુબખુબ ધન્યવાદ. આજે કલમ રોકાતી નથી. મારે ફરી ફરીને લખાય જાઈ છે. જોગીયાના પહેલા અક્ષરની ત્રણ લાઈન લખી છે કે હે બારોટજી. તમારા અને અમારા સબંધો ખુબ ખુબ ગાઢ બને એવી શુભ કામનાઓ સાથે સાથે હેપી દિવાળી, નુતન વર્ષાભિનંદન .

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૧૬ ધર્મો જયતે ??

કણીયા પઢરાવો સાવધાન -કન્યા પકરાવો સાવધાન!! કન્યા કન્યા, અરે એ લાઇન (લાયન) હું ક્યારનો કન્યા -પઢરાવોની રાળો પાળુંસુ. તમો લોકો સાંભળતા નથી. જાવ માંડવળે જાવ અને કન્યા લયાવો શું મારૂતો ગળુ બેસી ગયું. આ જજમાનથી તો તો બાભાઈ અરે કવુછું કન્યા પઢરાવો સાવધાન. અરે એઇ ગોર બાપા, આમ રાળો શાના પાળો છો. બોલતા તો પૂરૂ આવળતું નથી. અને મગજ આસમાને રાખીને ફરો છો. તમો તમારા મનમાં સમજો છો શું. આ કાંઇ તમારૂ ઘર નથી, કે તમારો હુકમ બધા માનીને માથે ચળાવે. તી તું કોંણ છે ? વચમાં બોલવા વારો. ક્યાં તારી કન્યાને બોલાવિ છે. આતો અમારા યજમાને અમોને તેડાવ્યા છે, તી અમો આયા છીયે, એમનમ નથી આયા, શું સમજ્યો. અમો યજમાનનાં કપારગોર છીયે શું અહિ અમારો હક છે અને અમો ક્યે તેમ તમારે કરવું જોયે. અતારે લગન ગાલાની ટેમ છે. અમારે બીજે પણ લગન કારાવવાનાં હોઇ કે નહિ, એલા ગોરબાપા કપાળ તમારૂ, અમારા કપાળ નો તું વળી સાનો ગોર હેં, છે કાંઇ તારી પાસે સર્ટીફીકેટ કે લખાણ, કે હું આમનો કપાળગોર છુ. અરે અરે ''નવિન'' આમ લગ્ન ટાઇમે નહિ બોલવાનું, તે આપણા પુજનીય છે, તે આપણા કપાળગોર છે, તેનું માન-સન્માન કરવું જોઇએ, આમ તેવોનું અપમાન નહિ કરાય, શું સમજ્યો. જો માંડવળે જા અને કન્યાનો હાથ પકળીને માંડવામાં પધરાવ. તું કન્યાનો મામો છે ને એટલે ગોરદા એ તને કહ્યું નૈતર ન કયે. જરા ટાઢો પળ ભઇલા. અરે એ ટાઢો સાનો પરે તે તો ખુમારી બહુજ રાખે છે. અરે ગોરબાપા ભુલ થઇ ગઇ માફ કરો હવે એવું કાંઇ નહિ થાય. અંકલ તમો માફી શા માટે માંગો છો, આવા ગોર તે હોતા હસે, જેને પૂરૂ બોલતા પણ આવળતું નથી. કાઇ ભણેલો અને વિદ્વાન બ્રાહ્મણને બોલાવવો જાઇએ, આવા લંગોટીયા ને તમારા જેવા એજ ફટવિ માર્યા છે. અરે નવિન આવુ ન બોલાય. કેમ ન બોલાય અંકલ, મારૂ ઘર હોઇ ને તો આ ગોર નો કાન પકળીને હમણાંજ વિદાય કરી દવ. એમ વાત છે, તો હું આ ચાલ્યો મારે કાંઇ જરૂરત નથી. આતો હિંમતભાઇની દિકરી, તે મારી દીકરી જાણી. બીજા પાંચ લદન જાતા કરી મે અહિ આવવાની હા ભણી. મને આવી ખબર હોતને કે કન્યાનો મામો સાવ આવો છે, તો હું અહીં પગ મુકત જ નહિ. હું આ ચાલ્સયો તમો તમારે બીજો ગોર ગોતી લે જો બસ. અરે-અરે

© RATILAL JOGIA

ગોરબાપા તમો તો નીરાંત રાખો. આમ પ્રસંગ બગાડીને જવાતા હસે ક્યાંય. તે તો છોકરૂં છે. પણ તમો તો મોટા છો ને, તમો તો નવિનના માવતર કહેવાય. માવતરે તો મોટું મન રાખવું જોઈએ. કહો જોઉ રાખવું જોયે કે નહિ, ગોર બાપા ઠંડા થયા. સમજાવટથી તમોએ કહ્યું ને એટલે તો આ ટેણીયા સામુ ન જોતા હિંમતભાઈની ઘરની આબરૂ સામું જોવું છું અને એટલે તો ચાલ્યો જાતો નથી નૈતરતો...!! નૈતરતો વળી શું, ટેણીયો કોને કેશે અને બે ચાર વડીલો આવીને નવિનને બાથમાંથી પકડીને માંડવાની બહાર લઈ ગાય અને ગોરબાપા ને ઠંડા કરવાની કોશીશમાં પડયા, ગોરબાપાને પાણી પીવડાવ્યું ઉપરથી ચા અને ગુટખાની પડીકી પકડાવિ, બધું થાળે પાડયું. (ગુટખા ખાવાવાળા શુધ્ધતાથી બોલી શકતા નથી તેનો આ ગોરબાપા પુરાવો છે.)

હસ્ત મેળાપ કરાવ્યો, વરઘોડીયાને ચોરીના ચાર ફેરા ફેરાવ્યા, સપ્તપદી અને લગ્ન પત્રીકા વાંચી સંભળાવ્યા, રંગે સંગે બધુ પાર ઉતરતુ લાગ્યું અને પહેરામણી મામેરાનો સમય બોલતા, ગોર ગુંગળાઈ ગયા કે સવારના છ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી, આમજ ગધ્ધા મજુરી કરવાની અને ધુમાળો બુકવાનો શું સાલી આ પણ જીંદગી છે અને બધું પત્યા પછી કન્યા પક્ષે તો જે કાંઈ દક્ષીણા આપવાની હતિ તે આપી દીધી. પરંતુ વર પક્ષ વાળા જીદે ભરાણાં તેનીયે જે દક્ષીણા આપી તેમાં ગારેબાપાનાં રીક્ષાભાળાનો પણ ખર્ચ નીકળે નહિ. તેમાં પોતાનું પૂરૂકેમ થાય, એટલે ગોર ત્રાગા કરે, તેમાં નવાય લાગે તેમ હતું નહિ. છતાં ગોરબાપાના પક્ષમાં કોઈ હતું નહિ. ગોરબાપાને કોઈએ જમવાનું પણ પૂછયું ન હતું અને હવે બને તેટલું ગોરનું લોહિ ગરમ કરીને સંતોષ માનવાવાળા સ્વભાવના માણસો જાતજાતનાં સવાલો જવાબો ગુથીને ગોરબાપાને ભીળવતા હતા. છતાં મજબુરી નું નામ ગોરગાર શું કરે અને બનતી કોશીસે થોળા રૂપિયા વધુ મેળવિ લઈને, ગોરબાપાએ વર કન્યાને બ્રહ્મા-બ્રહ્માણીનાં ઈન્દ્ર-ઈન્દ્રાણીનાં વિશ્નું-લક્ષ્મીના આર્શીવાદ આપીને વિદાય લીધી.

પાછડ નાનો શીખાવ બટુક બ્રાહમણ ને મુકી ગયા હતા. તેની યે જાન વિદાય અને પૈળુ સીચવાની અસ્ટમ પસ્ટમ બિધી પતાવી, ત્યાં બારોટની પધરામણી થઈ. જાનવાળાના મોઢામાં કડવિ બદામ આવી ગઈ હોઈ તેમ કટાણું મોઢું કરીને રૂપિયાનાં ત્રણ અરધા કરીને બારોટને દક્ષીણાં આપીને હાથ જોડયા બારોટ શું બોલે, જે પોતાને ખર્ચ અહિં લગી આવેલ તે ખર્ચ પણ પૂરો થાય તેમ નથી. તો ઘર ખર્ચ ની તો વાત જ ક્યાં રહી, ઘર ખર્ચ માટે બીજી ખેતી કરવી પડે, તેનું શું અને બરાબર તેજ ટાઈમે બીજા બારોટજી પધાર્યા. એટલે મામુલી રકમના બે ભાગ પળતા ચા પાણી પણ થયા નહિ. બારોટે યજમાનનું ધ્યાન દોર્યુ. યજમાન આ આવેલ બારોટની શીખ અને તેને કન્યા પક્ષવાળાએ શીખ આપી. આવનાર બારોટે કહ્યું કે તમોને શું શીખમલી, એટલે પેલા બારોટે કહ્યું, કે રીક્ષાભાળું મલ્યું છે, છતા તારે ભાગ જોતો હોઈ તો હું ના નથી પાડતો. આમ સમજુતિ કરીને માતાજી નો છંદ ગાઈને વિદાય લીધી. લગ્ન ટાઈમે હજારો

© RATILAL JOGIA

અને લાખોનો ખર્ચો કરતા હોઈ છે, છતાં ગોર બારોટને ખુશ રાખી શકતા નથી. તે પણ હકીકત છે. પાંચ-પચીસ રૂપિયાનો સવાલ હોઈ છે, છતાં તેવોનું દલળું દુભાવવવાવાળાઓ પોતાને મોટા સમજે છે. તે શું વ્યાજબી છે, ઠીક છે, જેવા જેના નસીબ અને બધુજ જો નસીબ ઉપર છોડી દઈશું તો સાચો રસ્તો કયાય મલસે નહિ.

સમુહલગ્નો ખુબજ થાય છે અને થવા જોઈએ, પરંતુ તેનો હિસાબ કયાંય થતો નથી કે કન્યાવો ને આટ આટલું આપ્યા પછી પણ લગ્નો ફોક કેમ થાય છે. માટે વસ્તુ ન આપી હોઈ અને બચત પત્ર કન્યાવોને આપ્યા હોઈ તો લગ્ન ફોક થતાં અટકાવિ શકાય. છતાં લગ્ન ટુટે તો તે બચત પત્ર કન્યાવોને મલે તેવિ જોગવાઈ હોય, તો કન્યાની જીંદગી બરબાદ થતી બચી જાઈ. મરાઠી ભાષામાં કહેવત છે કે, પોરઘી સીકત આહે, એટલે કે છોકરી શીખે છે. તેમ આ સમુહ લગ્નવાળા પણ હજી શીખે છે. સમય જાતા બધુ શીખી જાસે અને યોગ્ય પૃથારીવાજ અપનાવસે, એટલું ચોકકસ છે. બાકી આવડા મોટા પ્રસંગો કરવા, તે જેવા તેવાનું કામ નથી. વ્યવસ્થાપકો, પોગ્રામરો અને આયોજકો ને ધન્યવાદ આપવા રહયા. કેટલું ભવ્ય આયોજન, કેટલો માનવ સમુદાઈ, કેટલા લગ્નો, કેટલી જરૂરીયાત, છતાં ક્યાંય કોઈ અવકો કાઢી ન શકે. ગોઠવવવા વાળા દિન-રાત એક કરીને આ બધુ તનતોળ મહેનત કરીને કરે છે. છતાં બોલવાવાળાતો બોલેજે છે, કે દાળમાં પાણીજ હતું. તો દાળમાં પાણી ન હોય તો શું ઘી હોય ? ઘી તો મહાપ્રસાદમાં હોઈ અને તે પ્રસાદ આરોગવાની ડોકટરોએ એમને મનાઈ ફરમાવિ હોઈ કે ઘી અને સાકરથી દુર રહેશો. એટલે ભાઈસાહેબ મહાપ્રસાદ આરોગી શકે નહિ, એટલે ફકત દાળ પીને સંતોષ માનવો પડે, એટલે દાળમાં કેટલું પાણી હતું, તે જોઈને ગાંડા કાઢે અને મનમાં ને મનમાં ગણગણે. ભલે ગણગણતો, આપણે આપણું કામ ચાલુ રાખીસુ. સુધારો જરૂરી છે અને અનુભવે સુધારો થતો રહે શે, આ પણ પ્રગતિનું પગથીયું છે. જરૂર સ્ટેપ બાઈ સ્ટેપ આગળ વધીશું, તેમાં બેમત નથી. બાકી આવું ભવ્ય આયોજન અને વ્યવસ્થા દાદ માગી લ્યે, ત્યારે ગોરબાપાનાં મત્રોચાર વાતાવરણમાં કરૂણતા ફેલાવતા હોઈ અને ગોરબાપા ઉચ્ચારણ કરતા હોય કે **''ધર્મો-જસ્યતે'' કન્યા પધરાવો સાવધાન.** સાવધાન બન્ને પક્ષે રહેવાનું, આહવાન હોઈ જે સમજદાર ને સોટીની જરૂર નથી પડતી. અકલ મંદને ઈશારા કાફી હૈ અને હવે તો સમજદાર વર્ગ ખુબજ આગળ છે. અને એમા પણ યુવા વર્ગ, ખુબજ સમજદાર છે. તે પોતાનું હિત સમજી શકે છે, પોતાની રીતે આગળ વધી શકે છે. પેલા નવિનભાઈ જેવા થોડા હિંમતભાઈની હિંમત દાદ માંગી લ્યે તેવી. માટે સર્વે બોલો **''ધર્મો-જસ્યતે''**

નોંધઃ કોઈપણ સમુહલગ્નો ના આયોજકો કે નામધારીએ કે ગોર બારોટે બંધ બેસતી પાઘડી ટોપી ન પહેરવા વિનંતી. કોઈનું દિલ દુભાયું હોય તો ક્ષમાં.

દ્વારકાધીશ કી જય હો.

© RATILAL JOGIA

# ૧૭ ઓથાર

હાઉ--હાઉ--હાઉ, ડબીંગ ડબીંગ ડાકલા વાગતાની સાથે જ દયા ડોશીમાં ધુણવા લાગ્યા. સૌનું સારૂ થશે ફીકર નહિ કરો. વિશ્વાસ રાખો, માં મારૂં કામ પાર ઉતરસેને. લ્યો વાયકો જુવાર ની ચપટી. એકી દાણો હોઈ તો પાણીમાં ઓગાળી જાસો. સૌ સારાવાના થસે. વિશ્વાસ રાખો સૌનું કલ્યાણ થસે. હા.ઉ.હાઉ.હાઉ. ખમૈયા કરો માં ખમૈયા કરો. અમારી ભુલ ચુક માફ કરો. આમ ભાવિકો વારા ફરતિ, દયા ડોસીમાંને પગે લાગવા મંડી પડયા, કહેવાઈ છે કે આપણે લોકો ગાડરીયા પ્રવાહ માં તણાઈ જાઈએ છીયે, કયાંક કંકુ કે શીંદોર લગાવેલ પથર જોઈ જાસુ તો ત્યાં પણ પગે લાગસુ અને બે પાચ વરસમાં તો ત્યાં અમસ્તુ અમસ્તુ દહેરૂ કે દેરી સ્થપાઈ જાસે, પછી થોડા વખત પસાર થતા ત્યાં મંદિર બંધાશે અને ભાવિકો ઉમટી પડશે. પગે લાગવા પ્રસાદ ધરવા, કોઈ પૂછશે નહિ, કે આ મંદિર નો ઈતિહાસ શું છે ? કેટલો વખત થયા આ મંદિર છે. બસ દરેક માણસો આવિને પગે લાગસે, માટે આપણે પણ પગે લાગવું, શા માટે આપણે આમ કરીયે છીયે. તે વિચાર માગીલ્યે તેવો પ્રશ્ન છે. પરંતુ બીલાડીની ડોકે ઘંટળી કોણ બાંધે? આંખે કોંણ થાય, શા માટે આંખે થાવું. **''સૌ ગત વહુ ગત''** **''દ્વારકાધીશ કી જય''** અને આમ દયાડોસીમાં ની જે બોલાવિ, શ્રી ફળ પેંડાનો પ્રસાદ લઈ, ભાવિકો ભાવ વિભોર થતા થતા વિખરાવા માંડયા અને આ કાર્યક્રમ-હંમેશ નો થઈ ગયો.

ગમે ત્યાં મેળાવવો હોય કે પ્રસંગ હોય, ત્યાં દયાડોસીમાં ને અચુક બોલાવે, સૌ તેના આશીર્વાદ લેવા તત્પર થાય. સૌનું સારૂ થસે તેમ આશીર્વાદ આપે, પણ ખરા સમય કોઈની રાહ જોતો નથી. વર્ષો પહેલા દયા વહુ પરણીને સાસરે આવ્યા, ત્યારે તેને પોતાને ખબર હતિ નહી, કે જમાનામાં તેમનું નામ, આમ ભુઈમાં તરીકે સ્થપાસે અને પોતે વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરશે. સમયે સમયનું કામ કાર્યું. હવે ઉમર થઈ છતાં દરેક સજ્જન લોકો તેવોને ખુબજ પુજ્ય ભાવથી જુવે, આદર સતકાર કરે, આર્શીવાદ લ્યે અને સંતોષ અનુભવે અને કાળ ક્રમે સમય પલટાઈ ગયો તેવો ભાસ તેમને થયો. હવે ફક્ત ઉમર ને હિસાબે તેવોને માન પાન મલતા હતા. બાકી કોઈ ખાસ પૂછતું નહિ કે નહિ કોઈ તેમની સલાહ માનતું. અગર સલાહ લેતું પરંતુ **''બહુ રત્ના**

**વંસુધરા''** એમ આ જગતમાં કયારે ય કોઈની ખોટ પળી નથી અને પડશે પણ નહિ, તેમ નવિ નવિ વહુ બનીને ગુણવંતી બહેન આવ્યા. રઘોભાઈ ના ત્રણ દિકરા, મોટા ને પરણાવ્યે બે વરસ થતા ત્યાં વચેટ દિકરાનું માંગુ આવ્યું. ઠામ ઠેકાણું સારા હતા. માટે વધાવિ લીધું. વચેટ અને નાનો દિકરો ભણેલા ખરા એટલે છોકરી પણ કોલેજ કરેલી જોઈએ, તેવો વચેટ દિકરા નો આગ્રહ ખરો અને કોલેજ કરેલી કન્યા મલી, સારૂ ખાનદાન ખોરડું. પાંચમાં પૂછાય ખરૂ અને મોભાદાર મોટુંઘર, જેથી કાંઇ પૂછવા પણું હતુ નહિ અને આમ ચાંદલા વિધી થઇ કન્યાનું નામ **''ગુણવંતી''** ખરેખર ગુણીયલ અને ડાઈ (હી) એકની એક દિકરી, છતા દરેક વાતે તૈયાર મીઠા બોલી અને પ્રેમાળ. દુધમાં સાકર ભળે તેમ જ્યાં જાઈ ત્યાં ભળી જાઈ અને આમ ચાગઠુ ગોઠવાઈ ગયું. થોડો ટાઇમ થયા પછી. લગ્નનું મુહર્ત આવ્યું અને અનુકુળ તારીખે લગ્ન નકકી થઈ ગયા. વેવાઈ પક્ષે કેટલી જાડી જાન લઈને આવસો તે દરેક વાતચીત થઈ ગઈ. પોતાના ગામથી વેવાઈ નું ગામ બહુ દુર નહિ, નજીક નહિ એટલું ખરૂ, સવારે પોતાનાં ગામથી નિકળે તો સાંજ સુધીનમાં વેવાઈના ઘરે પહોચી જવાઈ, તેમા બેમત નહિ. તે જમાનો બળદ ગાડા અને ઘોડા નો ખરો, રાત વરતના રસ્તામાં, ચોર-લુટારૂ નો ડર પણ લાગતો. રઘોભાઈ સીધો સાદો વેપારી સ્વભાવનો હતો. જરાય રીસ્ક લેવા ટેવાયેલો નહિ. વેવાઈને ચોખ્ખું જણાવી દીધેલું કે સાવરે ઘેરથી જાન લઈને રવાના થાશું અને સાંજે તમારે ત્યાં જાન લઈને પહોચી જાસુ. રાત્રે લગ્ન વિધી પૂરી કરીને, સવારે વિદાય આપશો. જેથી વળતાં સાંજે ઘેર પહોચી જવાય એમ નકકી કરેલ, પરંતુ આતો **''વિવાના વાજા છે''** ટાઈમ કયાં કોઈનો સચવાઈ છે.

પહોચતાં પહોચતાં જાનને ખાસું મોળું થઈ ગયું. વરઘોડો સામૈયા જમણવાર અને છેલ્લે માઈરા લગ્ન થતા થતા તો રાત ક્યારે પૂરી થઈ ગઈ અને દિવસ કેટલો ઉપર ચડી ગયો તે કોઈને ખબર રહિ નહી. બપારેનાં હવે જમ્યા વગર વેવાઈ રજા આપવાના નથી. તેમ ખાત્રી થતાં તાણ ખેંચમા ફરી સમય પસાર થઈ ગયો અને વેવાઈનું માન રાખવા બપોરે જમણવાર કરીને જાન વિદાય થઈ. સુરજ ઢળતી દિશામા નમવા લાગ્યો. અડધો પંથ કાંપતા અંધારૂ થવાનો ટાઈમ થવા લાગ્યો. હવે સામે ગામ છે. ત્યાં રઘોભાઈના ખાસ મીત્ર જાનમાં સાથે હતા. ત્યાં રોકાઈ જાવું કારણ કે અહિં થી પોતાને ગામ જાવા માટે જંગલનો અને નદી-નાળાનો રસ્તો અને લુંટારૂનો ભય. કદાચ લુંટાઈ જવાય, માટે રઘોભાઈ જોખમ ઉઠાવવા તૈયાર થયા નહિ. ખોટી હિંમત કરી ને નુકશાની કરવી નથી. કારણ વગર લુંટાવુ નથી, જોખમ ઉઠાવવુંનથી, તેમ નકકી કરી લીધું. પોતાના ખાસ માણસોને કહ્યું, કે સામે ગામ જઈને ત્યાં રાતવાસો કરસુ. આમે મિત્રનું માન રાખવું હતું. તેવો ઘણા વખત થયા આમંત્રણ આપતા હતા, માટે તેમનું માન રહિ જાઈ અને આપણું કામ થઈ જાઈ. તેમ નકકી કરીને સામેને ના ગામે પહોચ્યા. મીત્ર ખુબજ ખુશી થયો, જો કે જાનમાં સાથે હતો જ, આમ પ્રોગ્રામ બની ગયો. પરંતુ આખી જાનને ગાડા

© RATILAL JOGIA

બળદ ઘોડા બધાનો સમાવેશ થઈ શકે એટલી ખાસી મોટી જગ્યા મીત્રને ત્યાં હતિ નહિ. છતા હિમત હારે તે બીજા, ગામ ના ઝાંપા માંજ **''દુર્ગા''** ડોસીનો ડેલો હતો. રઘોભાઈ તેમનાં ભાયબંધ સાથે **''દુર્ગા''** ડોસીને ડેલે પહોચી ગાય. દુર્ગા ડોસીને વાત કરી કે આવડું મોટું મકાન છે. મોટો ડેલ્લો છે માટે જાનનો ઉતારો તમારે ત્યાં રાખવા નકી કરેલું છે. આપણી આબરૂનો સવાલ છે, માટે નાં પાડતા નહિ, આજે રાત્રે અમારે ઘેર જમણવાર રાખેલ છે, આપણે બધા સાથે જમસું. રઘો ભાઈના મીત્ર એ વધુમાં વધુ મસ્કો લગાવિ **''દુર્ગા''** ડોસીને વિનંતી કરી અને ત્યારે **''દુર્ગા''** ડોસી જેનું નામ તે ફકત એટલું જ બોલ્યા કે મને જરાય વાંધો નથી. ખુશીથી જાનને ઉતારો આપો, પરંતુ મારી એક શરત છે તે તમારે પાડવી પડશે, તે મંજુર હોઈતો જ અહિ જાન રહિ શકસે. રઘો અને તેમના મિત્ર વિચારવા લાગ્યા કે વળી આ ઉમરે માજીની શું શરત હસે જે હોય તે કબુલ કીરી લઈએ. એમાંજ હડાપણ છે. ''દુર્ગા'' ડોસીને હાથ જોળીને રઘોભાઈએ કહ્યું કે માળી તમો તો અમારા માવતર છો તમોને કાઈ તકલીફ નહિ પડવા દઈએ, છતાં તમારે જે શરત હોય તે અમોને મંજુર છે. ત્યારે જરાક ''દુર્ગા'' ડોસી પલળ્યાં કે મને અનિદ્રાનો રોગ છે. મારે આખી રાત જાગવું પડે છે કેમેય કરી રાત ખુટતી નથી. હું કંટાળી ગઈ છુ. માટે આજની રાત મારી સાથે તમારે લોકોને જગળવું, જો તમો હારી જાવ કે તુરજત જ ઉચ ાળા ભરીને ચાલતી પકળવિ અને હું હારી જઈશ તો દરવાજો બંધ કરી ને મારી રૂમમાં પૂરાઈ જઈશ. ફક્ત આટલી જ મારી શરત છે. બોલો જગડો કરવા મંજુર હોય તોખુશીથી ગાડા બળદ છોડો, મને વાંધો નથી. આટલું કહીને ''દુર્ગા'' ડોસી ચુપ થઈ ગયા. આખી જાનમાં આ વાત વાયુ વેગે ફેલાઈ ગઈ, સૌ નીસ્તેજ થઈ ગયા, જાણે સોપો પળી ગયો, કે હવે ''દુર્ગા'' ડોસી ની સાથે રાત આખી જગડો કરી જગડસે કોણ અને કારણ વગરનો જગડો પણ કેમ કરવો, બધા એક બીજના મોઢા સામું જોતા રહી ગયા. બીજી જગ્યાએ સગવળ સચવાઈ છે કે નહિ, તેની તપાસમાં પણ બે ચાર માણસો ઉપડી ગયા. પરંતુ કયાંય મેળ પડે તેમ હતું નહિ. હવે દુર્ગા ડોસીની શરત નું શું. બધા ખુબજ મુંજવાણમાં મુકાઈ ગયા હતા, ત્યા નવિ નવિ વહુ આરૂ ''ગુણવંતી'' વહુએ પૂછયું કે શું થયુ છે? આમ બધા જંખવાણા કેમ પડી ગયા છે. શું પ્રોગ્રામ છે. ત્યારે બાજુમાં બેઠેલી ''લુણવંતિ'' એ કહ્યુ કે ભાભી આમ વાત છે એટલે બધા મુંજાણા છે. ત્યારે ગુણવંતી વહુ એ કહ્યું કે, ઓહો એમાં શી મોટી વાત છે. મારા સસરાને બોલાવો હું તેમને વાત કરવા વિચારૂ છું. તો આવિ ને મલીજાઈ અને એક માણસ દોળતોકને રઘોભાઈને વાત કરીને બોલાીવ લાવ્યો. સસરા -આવતા વહુ પગે લાગ્યા અને કાનમાં ફુક મારી બધુ સમજાવ્યું અને સામે પોતાની શરત કહિ અને કહ્યું કે જાવ બાપૂજી. હિમત રાખો ''દુર્ગા'' ડોસીને જાણ કરો, પરંતુ રઘોભાઈ ને તો કાપોતો લોહિ ન નિકળે તેવિ હાલત થઈ ગઈ, કારણ કે વહુને જે ઉમંગથી લયાવ્યા હતા. તેના ઉપર પાણી ફરતું લાગ્યું, પરંતુ પરીસ્થીતી એવિ હતિ કે હવે કોઈ છુટકો ન હતો. રઘોભાઈ

© RATILAL JOGIA

જઈને ''દુર્ગા ડોસી ના કાનમાં કહિ આવ્યા. ''દુર્ગા'' ડોસીએ શરત મંજુર રાખી. પરંતુ કહ્યું કેઆ વાત જાહેર કરી દયો. તોજ હું માની શકુ. એ તેના કેવા થી સર્વે સાનજ મજનને જાણ કરી કે આપણી નવિ વહુ 'ગુણવંતિ'' દુર્ગા ડોસી સામે ટકરાશે, પરંતુ જાન જમી પરવારી લ્યે પછી, એમ નકી કરેલ છે. આ વાત ''દુર્ગા'' ડોશીએ કબુલ રાખી છે કે ભલે જાન જમી પરવારી લ્યે, પછી જગડો કરવા વહુ મેદાનમાં આવે. હું જોઈ લઈસ, જમીપરવારીને જગડો કરવાની ઓર મજા આવસે. આ વાતની જાણ થતા ઘણા લોકોવહુના વખાણ કરવા લાગ્યા કે નવિ વહુ હિંમતવાળી છે. તો બીજાલોકો કહેવા લાગ્યા કે વહુ સાસરે જાશે પછી. રઘા નું અને તેના કુટુંબનું આવિ બનશે. હજીતો વહુનું પોખણુ પણ થયુ નથી, ત્યાં વહુ જગડવા તૈયાર થઈ છે, તો ઘેર જઈને શું બાકી રાખશે. વહુ ખરેખર કજીયા ખોર અને માથા ભારી હસે. કોઈએ ટીખળ કર્યુ કે, **કદાચ પગે પણ ભારી હસે**.

આમ ચર્ચા નો ચકડોળ ફરવા લાગ્યો. કહેતા કહેવાઈ છે ને કે કપાળે કપાળે અલગ મતિ, પરંતુ જમવાની હાકલ હાકલ પડે, ત્યારે સૌની એક મતિ. અને હાકલ પડતા સૌ જમવા ઉમટી પડયા. જમવામાંથી પરવાર્યા પછી દરેકના મનમા ફરી ઉચાટ વર્તાવા લાગ્યો કે હવે નવિ વહુ જગડશે. ઘણા માણસોને વગર પૈસે તમાસો જોવા મલસે, તેમ મનમા ને મનમાં આનંદ થવા લાગ્યો, ત્યારે સજ્જન માણસો મનમા અફસોસ કરવા લાગ્યા, કે અહિ રોકાવાની જરૂરજ હતી નહિ. રસ્તામાં ભલે લુટાંઈ જાત, પરંતુ આ નામોસીથી તો બચી જાત. પરંતુ હવે કોઈ રસ્તો હતો નહિ, મધરાત થવા આવિ હતિ, પાંચ છ કલાક ની વાત છે. વહેલી પરોઢે તો પ્રયાણ કરશુ. ત્યાં લગી ભલે નવિ વહુ તેની જીભનું જેર ''દુર્ગા'' ડોસી સામે ઉતારે, આપણે શું. એમ માનીને તમાસો જોવા સૌ આતુર હતા. ત્યાં ''દુર્ગા'' ડોસી તેમની રૂમમાંથી બહાર આવ્યા અને પડકાર કીધો કે, અલી કાલ સવારની છોકરી તું મને સમજે છે શું તારા મનમાં? મારી સાથે તારે જગડો કરવો છે, મારી આટલી ઉમરમાં મારી સાથે જગડો કરવાવાળા હજી સુધી મને પોગ્યા નથી તો તું શુ અંગુઠા જેવડી ચાંપલી, મને પોંચવાની હતિ. બહાર આવ હમણાં જ હું તારો ચોટલો વિખી નાખું છું કે નહિ, અને વધુમાં વધું ઉશ્કેરી શકાય તેવાઅપશબ્દ પ્રયોગ થી ''દુર્ગા'' ડોસી ખરેખર લડાયક મુડમાં આવિ ગયા. સાથે આ જાનમાં આવેલા ઢોલી અને શરણાયવારા હતા. તેવો પણ વચ્ચે વચ્ચે ઢોલ ઉપર થાપી મારીને ''દુર્ગા'' ડોશીમાંને પાણી ચડવતા હતા. ''દુર્ગા'' ડોસી બોલી બોલીને અકળાય ગયા, ત્યારે ''ગુણવંતિ' વહુ પોતાના ઉતારાની રૂમમાંથી મલપતી ચાલે ધીર ધીરે સંભાળીને, એક એક ડગલું સંભાળી સંભાળીને સાથે હાથ એકનો ઘુંઘટ ખેંચીને ''દુર્ગા'' ડોસીની સમીપે આવ્યા અને બે હાથ જોડીને ''દુર્ગા'' ડોસીનાં કાનમાં એટલું જ કહ્યું કે આ અમારી સાથે આવેલા આપણા ઢોલી અને શરણાય વગાડવાવાળા સાચુ જ કહેતા હતા, કે ''દુર્ગા'' ડોસી ખરેખર નપાવટ અને હલકટ છે અને ''દુર્ગા'' ડોસીનો

© RATILAL JOGIA

આ વાત સાંભળી મગજ ગરમ થઇ ગયો અને પીતો ગયો, **''વહુને મેલ પળતી''** અને ઢોલી અને શરણાયવાળા ને ઉધડા લીધા અને મન ફાવે તેમ આ બન્ને ને બોલવા લાગ્યા. ઘડીભર તો આ બન્ને કાંઇ સમજયા નહિ. પછી ખ્યાલ આવ્યો કે આ ડોશીતો આપણને કહે છે, પછી તો આ બન્ને જાલ્યા રહે ખરા અને ઢોલી-શરણાયા યે સામે ''દુર્ગા' ડોસીને સામે ખુબજ કાદવ ઉછાડયો. બરાબર ત્રેખળ જામી એટલે ''ગુણીયલ'' વહુએ કહ્યું કે, સસરાજી હવે આરામ ફરમાવો સવાર સુધી આ લોકો છુટા નહિ પડે. ત્યારે રઘાભાઇની છાતી ભરાય ગઇ અને ગદગદ થઇ ગયા, કે ખરેખર નવિ વહુ બુધ્ધીશાળી અને સાલસ સ્વભાવની છે અને બધા સુઇ ગયા. પેલો ત્રી-પાંખીયો જંગ સવાર સુધી બઘડાટી બોલાવતો રહ્યો. એક બીજા ઉપર આક્ષેપ બાજી કરતો રહ્યો અને વેલી સવાર પડતાં ''દુર્ગા'' ડોસી હારી થાકી ને એની રૂમમાં ભરાય પડી. આ બાજુ  વહુની વાહ વાહ બોલાવા લાગી. જાન, મિત્રની રજા લઇને વિદાય થઇ, ત્યારે સગા સબંધી વહુ બુધ્ધીશાળી છે તેની ખાત્રી થઇ ગઇ. રઘોભાઇ વહુ લાવ્યા માં ખાટી ગાય છે. વરરાજાથી તો બોલાય જ નહિ, તેને તો ભારમાં રહેવું પડે તે તો ખંભે તલવાર રાખીને ટેસ્યુની જેમ તમાસો જોતો બેઠો રહેલો. જેનો અંત સારો, તેનું બધુજ સારૂ. એમ રંગે ચંગે વિવાહ નો પોગ્રામ પૂરો થયો.

સગાસબંધી સૌ વિદાય લઇને વિખરાવા લાગ્યા, સૌ પોત પોતાને ઘેર પૂગવા ઉતાવળા થવા લાગ્યા. લગ્ન પછીનાં નાનામોટા પ્રસંગો ઉપર ''દયા ડોસી'' ને બોલાવતા હતા અને તેમના આર્શીવાદ લેવાતા. પરંતુ કહેવાઇ છે કે ગમે તેવો ડાહ્યો અને હોંશીયાર માણસ પણ ખુસામતથી ઢીલો પળી જાઇ છે અનેઆતો નવી નવી પરણીને આવેલી વહુ. દયા ડોસી જ્યારે મલે ત્યારે વહુની ખુબ જ ખુશામત કરે. પોરસાવે વહુના મગજમાં ઠસી ગયુ, કે હું જ ડાહિ છું. હું જ હોશીયાર છું. હું જ ભણેલી ગણેલી છુ. મારા જેવું કોઇ નથી, તેમ ગુણવંતિને લાગવા માંડયું, કહેવત છે કે **''રચડી આવત જાત હૈ પથ્થર પર કરત નીશાન''** હંમેશની એકજ વાત કોઇને કહેવામાં આવેતો સ્વભાવિક છે કે તેમનાં મગજમાં ખોટો ભ્રમ પેદા થયા વિના રહેતો નથી. માણસ જાતનો ખખરેખર કોઇ સત્રુ હોય તો તેનો ખુશામતિયો શુભ ચીંતક જ હોય શકે છે. જ્યારે આપણો કોઇ વાંક નો કાઢે,તો આપણે સુધારા તરફી ઢળી શકીયે, પરંતુ ચારે બાજુથી વખાણજ થાય, ત્યારે આપણે દિશા ભુલી જાયે અને ઉંધી દિશસામાં કદમ મુકી દયે. એમ ''ગુણવંતિ'' વહુના મગજમાં પણ ભુસુ ભરાય ગયું કે મારા જેવું કોઇ ડાહયું કે હોશીયાર નથી અને જ્યારે એમ મગજમાં વાત આવે છે ત્યારે નિર્ણય લેવામાં ભુલ થાયછે. ''ગુણવંતિ'' વહુ પણ દયાડોસી ના ઉપકાર તળે દબાઇ ને ધુણવા લાગ્યા. ઘરનાં દરેકે વિરોધ કર્યો કે આ આપણી લાઇન નથી, પરંતુ ડાકલા વાગે અને હાકલા પળકારા થતાં માંજ વહુ ધુણવા લાગે, એમ આતો રોજ નો ક્રમ થઇ પડયો. ઘરનાં બધા કંટાણી ગયા, પરંતુ હવે પરોઢના પગલા ભરાય

© RATILAL JOGIA

તેવિ પરીસ્થીતી રહિ નહી. સાપે છછુંદર ગળ્યા જેવિ હાલત થઇ ગઇ. હવે તો ગમે ત્યાં ગમે ત્યારે ''ઓથાર'' આવેજ અને સમય અને શરમ નોભોગ અપાય ''ગુણવંતિ'' વહુ સમજે છે. છતા પરોઢના પગલા ભરાય તેમ નથી, કારણ કે, તો વળી સમાજ ફીટકાર દયે કે ''આરંભે સુરા'' ''પૂનાની ઘોડી પાદર સુધી'' સરમાં આવે છે અટલે ધુણીયે છીયે. આવા આવા વિચારોમાં અટવાયેલી વહુને કોઇ રસ્તો મલતો નથી કહેવાઇ છે કે,

**રાગ પાઘ ને પા રખવું,**
**નાળી ને વળી ન્યાચ,**
**તરવું તસ્કરવું ને તાંતરવું,**
**એ આઠેય આપ કળાય.**

પરંતુ ઓથાર આવે છે તેનું શું? ધુણ્યા વગર છુટકો જ નથી અને ધુણસું તોજ બધા વાહ વાહ કહેશે. પરંતુ ''ઓથાર'' ની અસર ખાસ થતી નથી, કારણ કે માઇલો (અંદરનો આત્મરામ) કાંઇક જુદુજ વિચારે છે. કહેવાઇ છે કે, મુખવટો પહેરીને આદ રેલું કાર્ય અધુરૂ રહે છે, તેમાં ક્યારેય સફળતા મલતી નથી. છતાં પણ..

**''બાવા બન્યા છે માટે હિન્દી બોલ્યા છે''**

જેવો ઘાટ થઇ ગયો, એક વાત યાદ આવે છે કે એક બહેનનો બાબો, ગોળ ખુબજ ખાતો હતો. સવારે બપોરે સાંજે બસ ગોળનું દળબુ હાથમાં ને હાથમાં હોય જ, બસ ગોળ નો ટુકળો ચાવ્યાજ કરે. બહેન બીચાળી કંટાણી ગઇ કે હવે આ છોકરા ને સમજાવવો કેવિ રીતે, તેને ગોળ ખાવની આદતથી છુટકારો કેમ અપાવવો. બીચાડી છોકરાને સમજાવિ ફોસલાવિ ધમકાવિને પોતે થાકી ગઇ. પરંતુ છોકરો સુધર્યો નહિ. એમાં ગામની ભાગેળે કોઇ સંત મહાત્મા પધાર્યા. ગામમાં વાયુ વેગે વાત ફેલાઇ ગઇ કે, સાધુ ખુબજ પ્રભાવશાળી છે અને પરોપકારી છે. તેના આશીર્વાદ મલી જાઇ, તો તે કહે તે કાર્ય સફળ થાયછે.આ બહેનને વિચાર આવ્યો, કે ચાલ મારા દિકરાને લઇને સાધુ મહાત્મા પાસે જાવ અને મારા બાળકની ગોળ ખાવની આદતમાંથી છુટકારો મલે તેવિ વિનંતી કરૂ. એમ નિર્ણય કરી પોતે પોતાના બાળકને લઇને સંધ્યા ટાઇમે પેલા મહાત્મા પાસે જઇ, પ્રાથના કરી પગે લાગી, દિકરાને પગે લગાડી વિનંતી કરીકે પૂજ્યવર આ છોકરો આખો દિવસ ગોળ ખાધા રાખે છે. માટે આ આદતથી હું તંગ આવિ ગઇ છું, માટે કૃપા નિધાન આ ટેવ મારા દિકરાને પડી છે તેમાંથી તેનો છુટકારો થાય તેમ હું આપશ્રીને વિનંતી કરૂ છું. તો મારા દિકરાને આ ટેવથી છુટકારો અપાવો. મહાત્મા શ્રી એ ધ્યાનથી બરાબર વાત સાંભળી પછી કાંઇક નકકી કરી ને કહ્યુ કે, બહેનશ્રી તમો પોતે ગોળ ખાવ છો કે નહિ. બહેને કહ્યું કે પૂજ્યવર મને તો ગોળ દેખ્યો પણ ગમતો નથી. તો ખાવાનો તો વિચાર જ કેમ કરી શકુ મહાત્માએ કહ્યું તો પછી એક કામ કરો, આજથી બરાબર ચાર દિવસ પછી આ બાળકને લઇને

©
RATILAL TOGTA

મારી સમક્ષ આવજો, એટલે તેની આદત છુટી જાશે અને ચાર દિવસ પછી ફરીને પેલા બહેન મહાત્મા પાસે આવિને વિનંતિ કરી, પગે લાગ્યા એટલે મહાત્મા એ પલા છોકરાને પ્રેમથી માથે હાથ ફેરવિ પ્રેમપૂર્વક જણાવ્યું કે બેટા ગુળ ખાના અચ્છી આદત નહિ હૈ. દેખો હમ ભી ગુળ નહિ ખાતે ઔર તુમારે માતાજી ભી ગુળ નહિ ખાતી. ઇસલીયે તુમભી ગુળ નહિ ખાવોગે તોહિ અચ્છા હૈ . એ પેલા છોકરાએ ત્યાંજ ગોળનો ગાંગળો મહાત્માજીનાં ચરણે ધરી દીધો અને વચન આપ્યું કે હવેથી તે પોતે પણ ગોળ કદાપી ખાસે નહિ. એમ કહિ મહાત્માને ચરણે નમી પડયો અને આ છોકરાની ગોળ ખાવની આદત છુટી ગઇ.

મહાત્માના અનુજોએ પૂછયું કે મુનીવર, આપે પેલા છોકરાને ગોળ ખાવાની આદત છોડાવવા માટે, ચાર દિવસ પછી કેમ બોલાવ્યો. તે અમારી સમજમાં આવતું નથી. તુરતજ ઉપદેશ કેમ આપ્યો નહિ. ત્યારે મહાત્મા એ કહ્યું કે જ્યારે છોકરાને ગોળ ખાવનાની આદત હતિ, ત્યારેહું પોતે પણ ગોળ ખાતો હતો. સામાના અવગુણ અને આપણા અવગુણ એક સરખા હોઇ ત્યારે ઉપદેશ આપવો ફળીભુત થતો નથી. બન્નેનો છેદ ઉડી જા ઇ છે, માટે મે તુરત જ ગોળ ખાવનું છોડી દીધું. મેં ગોળ નો ત્યાગ કાર્યે પછી જ મે પેલા છોકરાને શીખામણ આપી, એટલે તે છોકરાને મારી વાતની તુરત જઅસર થઇ અને તે માની ગયો. અગર હમ ગુળ ખાતે ઔર ઉનકો ઉપદેશ દેતે કે યે તુમ મતકરો, ગુળ મતખાવ તો વો માનતે નહિ. ઉનકે દિમાગ મેં હમારા બાત આતા હિ નહિ ઇસલીયે, પહેલે હમ સુધરે, હમને ગુળકા ત્યાગ કીયા ઔર ઉનકો બતાયા કે ગુળખાના અચ્છી બાત નહિ હૈ ઓર કહા કે આપ ગુળખાને કા છોડદો કે હમારા બાત ઉનકા દીલ ઔર દિમાગ મે આયા ઔર યે હમારી બાત માન ગયે. યે બાત સબકો સમજને કી હૈ . આપણને જે ‘‘ઓથાર’’ આવે છે, તે સહિ હશે, પરંતુ ‘‘મુખવટા’’ વગરનો ઓથાર હશે, તો જ તેની અસર થસે, નૈતર તો કહેવત છે ને કે, પીપળો દેખી સૌ પાણી રેડે જ, કારણ કે બધા કરે તેમ કરવું જ છે. શું સાચું ? શું ખોટું તે જાણવાની કોશીશ કરવી નથી. કે આ બધુ કોના માટે ? ‘‘બબાલ’’ શાને માટે છે ? અને શું કરવા માટે છે ? ‘‘હોતી હૈ’’, ચલતી હૈ, આગુ સે ચલતી આતી હૈ, વિગેરે વિગેરે એક બીજા બથમાં લઇને મલ્યા. ભાવવિભોર થયા. રઘાભાઇ ઇડરીયો ગઢ જીતી લયાવ્યા. ખાધુ પીધુ ને તારાજ કર્યુ. ફરી ત્રીજા દિકરાને પરણાવસું તેમાં બે મત નથી. ત્યારે ફરી હતા ત્યાં થીજ શરૂઆત કરશું. ત્યાં લગી બધુ સેફ ફ્રીજ કરી દઇએ બીજુ શું.

ખાસ નોંધ :- બંધ બેસાતી પાઘડી ટોપી કે ચણીયા ચોળી નં પહેરવા વિનંતિ આ લેખ મૌલીક છે છતા કોઇ ના દિલને દુખ પહોચ્યું હોય તો ક્ષમા કર સો .

દ્વારકાધીશ કી જય હો

© RATILAL JOGIA

# ૧૮ એક ઓર ઓથાર

ફ્રીજ કરેલુ ફરીથી ઉવેખીયે છીએ, કારણ કે રઘોભાઇ સમયજાતા, ફરી પાછો ત્રીજા દિકરાને પરણાવવા તૈયાર થઇને થનગનિ રહયો છે. ઘોડારમા કે તબેલામા, જેમ ઘોડો હણહણાટી કરે તેમ રઘોભાઇ રઘવાયા થયા છે. અત્યારે ગુણવંતિ વહુ કહયામાં નથી, તે સંપૂર્ણ આજાદી ભોગવે છે અને સ્વછંદી બની ગઈ છે. ઘરના દરેક સભ્યોને ફરજીયાત આંગડી ઉચી કરાવે છે અને પોતાની જે બોલાવે છે. હું કહું છુ તેજ સારૂં અને સાચુ માનવું, નો આરગ્યુમેન્ટ, નો દલીલ કોઇએ કાંઇ પૂછવુ નહિ, કોઇએ કાંઇ દલીલ કરવિ નહિ, ફકત મારી હા એ હા કરો. હુંજ સર્વોપરી છું, સામુ બોલવાવાળા પોતાનું અપમાન વહોરશે, માટે ચુપ રહો અને મને જ સાંભળો, મને દરેકે દરેક વાતની માહિતી છે જ, માટે મારી વાતમાં વચ્ચે કોઇએ ડબકુ મુકવું નૈ નૈ ને નૈ અને મુકશો તો તેનું અપમાન થતા વાર લાગશે નહિં. તમો લોકોને ખાત્રી ન થતિ હોય તો તમારી પાછડ ઉભેલ વ્યકિતનું મોઢુ જોઇ લ્યો, એટલે આપો આપો સમજાઇ જાસેકે, અપમાન શું ચીજ છે. માટે મહત્વની બાબત સમજી લ્યો, કે હું જ સર્વો પરી છુ. માટે મારૂં રાંધેલું જ ઘી સમજવું, કોઇએ વિરોધ કરવો નહિ અને આમ આ વાત સાંભળીને ઘરનાં દરેક સભ્યો સત્બ્ધ થઇ ગયા, કે આતો ભારી કહેવાઇ. શું અમારાથી કોઇ પ્રશ્ન પૂછાય જ નહિ ? શું અમોને અમારી કોઇ ઇચ્છા જ નથી ? તમો સર્વોપરી છો તે કબુલ, પરંતુ અમો પણ આ ઘરના માલીક છીયે, સભ્યો છીએ, અમારો પણ હક બને છે. તો શું અમારે જતુ કરવું અને અન્યાય થતો હોય તો પણ ચુપ જ રહેવું. આતો ખરેખર યોગ્ય નથી જ. શું યોગ્ય છે અને શું યોગ્ય નથી, તે મને તમારા કરતાં વધુ ખબર પડે છે. માટે અત્યારે ડહાપણ ડોળવાનું રહેવા દયો, તો સારૂં, મારૂં માનો અને હું કહું છું તેમ કરશો તો આપણને સૌને લાભા લાભ જ છે. તે તમોને ખ્યાલ કેમ નથી આવતો, હું તમારા ભલા માટે જ કહું છું અને કરૂં છું ,તે તમો લોકો સમજવાની કોશીસ કરો તો તમારી મહેરબાની, અત્યારે વાદ વિવાદમાં ઉતરવાની જરાય જરૂર નથી, માટે સર્વે મને મારૂં કામ કરવા દયો અને તમો બધા મને સમંત છો તેમ ફકત માથુ નિચુ રાખીને સાંભળતાજાવ. ચાલો સૌ સાથે બેસીને જમી લઇએ અને આમ કુટુંબ કમ વસુતમ્, બધાને એકે એક આંગળીયે રાખી

RATILAL JOGIA ©

એકલાકળીયે બાંધી દીધા અને સૌને જમાળીને તૃપ્ત કર્યા. ખાધુ પીધુ અને ખુશ થયા અને રઘોભાઈ ડઘાય ગયા હતા. છતાં કાંઈ બોલ્યા ચાલ્યા વગર સંમતીની મહોર લગાવિ દીધી કારણ કે છુટકોજ ન હતો, વહુના પક્ષમાં પોતાનો દિકરો હતો અને દિકરાના પક્ષમાં તેના સસરા હતા એટલે કે વેવાઈ હતા. વેવાઈ ઈરાદા પૂર્વક ઘસાતા હતા અને પૈસા ટકાની મદત દિકરીને જરૂર ન હોવા છતા કરતા હતા. વેવાઈ સમજતા હતા કે થોડોક ભોગ આપવાથી આપણી દિકરી સર્વોપરી બનીને રહેતિ હોય તો ઘસાય છુટવામાં વાંધો નથી અને આમ રઘોભાઈની બાજી અત્યારે અવળી દિશામાં ચાલી રહિ હતી. છતા રઘોભાઈ હિંમતવાળા અને નીતીમતાને માનવાવાળા હતા. જે માણસ વાર્યુ વરતુ નથી તે હાર્યુ વરે છે અને કદાચ ઠોકર લાગવાથી વહુ સમજી જાસે. તેલની કઢાઈ ગમે તેટલી ગરમ હસે, પરંતુ આખરે તો તેને ઠંડુ પડવું જ પડશે. દિકરો તો આપણો છે જ એને સમજતા વાર નહિ લાગે અને રઘોભાઈ ત્રીજા દિકરાનુ સગપણ કરવા માટે બહારગામ ઉપડી ગયા.

ઘણી જગ્યાએ તપાસ કરી પરંતુ વચેટ દિકરાના સગા જેવા સગા કોઈ ધ્યાનમાં બેસતા ન હતા. કેહવાઈ છે કે પોતાનો ધંધો હોય તેનાથી ઉતરતી કક્ષાનો ધંધો કરવો નહિ, નૈતર મુળ ધંધાનો હેતુ માર્યો જાઈ અને પછી પસ્તાવું પડે તેમ સગાપણ નબળા ગોતવા નહિ, નૈતર સારા સગા પછીથી મલે નહિ અને દિકરા દિકરીઓના સબંધો અટવાઈ પડે. પરંતુ રઘોભાઈ જેવા વિચારવાવાળા કેટલા અને આમ રઘોભાઈ રઘવાયા બની ગયા. છતા ઉતરતી કક્ષાના ઠેકાણા તેવો પસંદ કરતા નહિ. પોતાની દિકરાની વહુને કારણે ખાસ મોટા ઘર કે ખાનદાન માણસો સબંધ બાંધવા તૈયાર થતા ન હતા. જયાં જાય ત્યાં કાંઈક ને કાંઈક બહાનાં સામે પક્ષે બતાવતા હતા. જોસું હજી વાર છે, દિકરી બાઈ અભ્યાસ કરે છે, બેઈ દિકરીયુને સાથે વળાવવાની ઈચ્છા છે, ઉતાવળ નથી વિગેરે બહાના બતાવિને છુટકારો મેળવતાં હતાં. આ બધું સાંભળીને રઘોભાઈ અનુભવને આધારે સમજી જાતા કે ના પાડવાની આ બીજી તરકીબ છે જેનો અખતરો મારી ઉપર થઈ રહયો છે, પરંતુ શું થાય અને રઘોભાઈને મૈંડા સપના આવવા, ડ્રીમમાં વિચારે ચડી ગયા. અહોહો આવિ કન્યા, આવા વેવાઈ-વેવાણ, આટલી બધી જાહો-જહાલી અને લગ્નની તૈયારી ત્રીજો દિકરો ખરેખર નસીબદાર છે. ઠેકાણુ સારૂં મલ્યુંછે. ફરી પાછી જાન જુતી, ફરી લગ્ન લેવાય, ફરી પાછા હારતોરા અને બથુ ભરી ભરીને મલીયા, નુરો ગાઈ અને પીરો વખાણે તેમ આપે ડહયા અને આપે ઘેલા. અંદરો અંદર બથુ ભરી ભરીને મલવું અને એક બીજાને હાર પહેરાવવા, એક બીજાને વખાણ કરીકરીને ન થાકવું. તેમાથી જ નવરાસ નથી મલતી. ઈશ્વરે માણસ જાતના હાથ સમીત બનાવ્યા છે. નૈતરતો આ લોકો પોતાનો વાંસો પોતે જ થાબડીને સાબાસી આપે નહિ, તો જ નવાઈ, પરંતુ આપણા પોતાના હાથ વાંસો થાબડવા કામયાબ નથી હોતા, એટલે લાચાર છીયે, નૈતર બીજાની જરૂર જ ન રહેત અને વચેટ

© RATILAL TOGIA

દિકરાના લગ્ન વખતે રઘોભાઈનો પેલો મીત્ર અમસ્તો અમસ્તો જાંનને ઉતારો આપીને ખોટા ખર્ચના ખાડામાં ઉતરી ગયો. શા માટે ફકત વાહ વાહ કહેવળાવવા માટે જતો, ઘર બાળીને તીરથ કર્યુ તેમ, દુર્ગા ડોસી બીચાળી અમસ્તી અમસ્તી શહિદી વહોરવા તૈયાર થઈ ગઈ અને પેલો ઢોલી શરણાયો નાહકના બાખડયા તેનું શું?

બાપા રઘોબાપા આ વખતે અમોને શુળીયે ન ચડાવતા, તો જ અમો જાનમાં આવિસુ અને તો જ ઢોલ શરણાય વગાળશું હો બાપા. અમ ગરીબનું ધ્યાન રાખજો, બાપા અમો કારણ વગરના હોળીના નાળીયેર ન બની જાયે. બાપા એટલું અમારૂ ધ્યાન રાખજો બાપા અને હાકલા પળકારા થતા સાંભળીને રઘોભાઈની નિંદર ઉડી ગઈ. સપનું ડ્રીમ વિખેરાઈ ગયું. હતા ત્યાના ત્યાં જાગીને જોયુ તો ગુણવંતિ વહુ છોકરાવને ધબેળતી હતી અને મોટેથી રાળો પાડી પાડીને કહેતી હતિ કે, આ જમાનો ભણતરનો છે સાલાવો ભણસો નહિ તો કોઈ ભીખ પણ નહિ આપે. માટે રાત દિવસ મંડી પળો પરીક્ષા આવે છે. ભણવા મંડો, ભલે તમારા બાપા કે દાદા નથી ભણ્યા. પરંતુ હું ભણી છુ અને એટલે જ આ ઘરમાં હું સર્વો પરી છું, ભણતર શું ચીજ છે તે મને ખબર છે માટે લેશન લઈને હોમ વર્ક કરવા બેસી જાવ, નૈતર તમારી ખેર નથી. સાંજે જમવા નહિ મલે, રાહ જોતા નહિ. ભણવું જ પડશે અને રઘોભાઈ ફરી વિચારે ચડી ગયા કે આવા નાના ભુલકાવોને માર મારવો પડે તે ભણતર શું કામનું. શું પ્રેમથી નહિ સમજાવિ શકાતું હોઈ. થોડો ભગવાન ઉપર તથા થોડો નસીબ ઉપર પણ ભરોસો રાખીને જીવિ શકાતું નહિ હોય. પરંતુ ગુણવંતિ જેનું નામ તે કહે તે જ સાચું શું સમજયા. બોલો .....

દ્વારકાધીશ કી જય

©
RATILAL JOGIA

# ૧૯ ડ્રીમ-ગર્લ

તાળીઓના ગળગળાટ અને અભીનંદનની વર્ષા વચ્ચે ડોલી, ઉર્ફે મીસ ડોલી નવસારીને માનપત્રક માટે સ્ટેજ ઉપર બોલાવવાની જાહેરાત થતા માંજ ડોલીની આંખમાં હર્ષના બીંદુ બાજી ગયા. મનમાં ધારણા કરીને જ ડોલી સભા મંડપમાં આવિ હતી. બાજુમાં બેઠેલી તેની મમીએ કહયું, ડોલી જા સ્ટેજ ઉપર માનપત્રક લયઆવ, બધાને નમસ્તે કરવાનું ભુલતી નહિં. ડોલી ઉભી થઈ સફેદ વસ્ત્રોમાં પરી સમી દિસતિ મલપતિ ચાલે સભા મંડપની વચ્ચેની ગેલેરીમાંથી સેન્ટનાં છંટકાવથી ધમધમતિ રૂપાળી પરી જેવિ ડોલી, લાવણ્ય મઈ ચાલે ચાલતી, સ્ટેજ ઉપર દાખલ થતાં જ, તાળીઓના ફરીથી ગળગળાટ અને અભીનંદનની વર્ષા આયોજકો ડોલીને જોઈ જ રહયા અને ખુબ જ ખુશ થયા. વહાલથી સેકહેન્ડ કર્યા. ગાલ ઉપર ટપલી મારી અભીનંદનનું અભીવાદન જીલતિ ડોલી ખુશ ખુશાલ ચહેરે માનપત્રક લેવા માઈક પાછડ આગળ વધી, કહેવાઈ છે કે **''ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે''** અને ત્યાંજ પાવર કટ, બધે અંધારૂ અંધારૂ, ઈમરજન્સી લાઈટો થતા થતા માં જ તો રીડીયો રપટ ઓડીયન્સમાં હોહા મચી ગઈ. ઈમરજન્સી લાઈટો ચાલુ થઈ, ઓડીયન્સને શાંત થતા થોડો સમય લાગ્યો, તેટલા સમયમાં સ્ટજેજ ઉપરથી મુખ્ય વ્યકિત ગુમ થયેલી માલુમ પડી, ડોલી એક બાજુ કોઈ બહેનનો હાથ પકડીને ઉભી હતી. બધાએ હાસકારો અનુભવ્યો, કોઈને ખ્યાલ સુધા પણ આવ્યો નહિ કે મુખ્ય વકતાની ગેરહાજરી થઈ ગઈ છે, ચુપચાપ અંદરો અંદર મસલતો થવા લાગી, ધુળ ઉપરનું લીંપણ કરીને હસતે મુખે ડોલીને ભારત નાટયમનું આંગેત્રમ એવોર્ડ ફાસ ફાસ પધરાવિ દિધો. પ્રોગ્રામ રસ વિહોણો બની ગયો. ડોલીને પણ કાંઈ સમજ પડી નહિ કે આ બધું શું બની ગયું.

તે સ્ટેજ ઉપરથી પાછી ફરી ફરી તાળીઓના ગળગળાટથી વધાવો મલ્યો. બધું શાંન્ત થઈ ગયું. ડોલી વિચારે ચડી ગઈ, દર વર્ષે પોતાને ઈનામ મળે છે. આ વખતે ઈનામ ઉપરાંત માનપત્ર મઈલું છે, હવે હું મોટી થતી ચાલી છું, હવે મારાથી કયાંય બહાર જવાય નહિ, અલબત એકબી અજાણ્યા સાથે વાત કરાય નહિં. હવે ફ્રેન્ડ સર્કલ રખાય નહિ. કોઈ ઘરે આવે

© RATILAL JOGIA

અગર હું કોઈને ઘરે જાવ, તે યોગ્ય નથી. તેમ બધા કહેતા ફરે છે. આવું કેમ, ડોલીનાં મગજમાં આ બધું બેસતું ન હતું.

ડોલી એક વખત મમી સાથે કોઈ બીમાર વ્યકિતની ખબર કાઢવા હોસ્પિટલે ગયેલ, ત્યાં અપસરા જેવિ જ સફેદ કપળામાં નર્સો, સીસ્ટર દોડા દોડી કરતિ જોઈ હતિ. ટેલીફોન કરતા, રૂપાની ઘંટડી જેવો મધુર અવાજ ધરાવતી ઓપરેટરોના અવાજ સાંભળવા મળતા હતા. વિદેશથી મહેમાન આવેલા, તેની પાસેથી વાતો સાંભળેલી કે, પ્લેન ખુબ જ મોટુ હોઈ છે અને એમાં આઠથી દશ બહેનો એર હોસ્ટેસ તરીક મુસાફરોની સેવામાં લાગેલી હોઈ છે તે બધી બહેનો ટ્રેન્ડ થયેલી હોય છે. બોલવું વાતચીત સ્માઈલ આપવી વિ.વિ. રેલ્વે સ્ટેશન જાતા લાઉડ સ્પીકરમાંથી પણ કોઈ ગર્લનો અવાજ સાંભળી લીધેલો, યે આને વાલી ટ્રેન ફાસ્ટ ટ્રેન હે, પ્લેટ ફોર્મ કી બહાર મત જુકીયે, પ્લીજ થોળા દુર ખડા રહે, ઓર યે જાને વાલી ટ્રેન મુંબઈ કી ઓર જા રહી હે, યે સુપર ફાસ્ટ ટ્રેન હૈ, ઔર સહિ સમય પર દોડ રહી હે, અમુક જગ્યાએ તો પોસ્ટ ડીલેવરી માટે પણ બહેનો કામે લાગેલી હોય છે. મોટા મોટા ડીપાર્ટમેન્ટ સ્ટોરનાં કાઉન્ટર ઉપર બહેનો ગ્રાહકને એટેન્ટ કરતી હોય છે. જવેરીઓના શો રૂમો પણ બહેનો સોભાવતી અને સંભાળતી હોય છે. આ દરેક બહેનો કોઈની દિકરીઓ બહેનો કે મીસીસો હશે જ ને, તો આટલી બહેનોને કામ કરતા વાંધો આવતો નથી, તો મને શું વાંધો. હું પણ ભણીને એર હોસ્ટેસ બનું, નર્સ બનું , ટેલીફોન ઓપરેટર બનું, આમ વિચારે ચડેલી ડોલી સપનોકી દુનીયામાંખોવાઈ ગઈ.

તેને અવાજ સાંભળવામાં આવ્યો, ઈલા, મીનુ, ડોલી, બ્રીન્દા, પીલુ, બંસરી, રાધા આપ સબ હવાઈ જહાજ કી ઓર આગે બઢે, ઓર આપકી ડયુટી બજાએ. આપકા હવાઈ જહાજ આપકા ઈન્તજાર કર રહા હૈ. થેંકયુ, ડોલી, ખાસ ડ્રેસમાં પ્લેનની વિન્ડોમાં દાખલ થઈ, પોતાની ડયુટી સંભાળી લીધી, પેસેંજરોને પટરી બાંધવાની સુચના અપાય ચુકી. પ્લેન ટેક ઓફ માટે આગળ વધ્યું, જોત જોતામાં પ્લેન ગગન વિહાર થતુ ચાલ્યું, વિ.આઈ.પી., જેને જેડ કલાસ કહેવાઈ તે કલાસમાં ડોલી ફ્રુટ જયુશ, સર્વે કરવા પહોંચી ગઈ. ત્રીજી લાઈનમાં ફસ્ટ સીટ ઉપર બેઠેલા મહાનુભાવને ડોલી જોઈ જ રહિ, પેલા મહાનુભાવ પણ તુરત જ ડોલીને ઓળખી ગયા. હેલો મીસ ડોલી, હાઉ આર યુ ? ફાઈન, સર આપ, હા જરા અરજન્ટ કામ આવતા, તારા પ્લેનમાં ચડી બેઠો, તને કોઈ વાંધો તો નથીને, નો સર આપ મજાકના મુડમાં છો. સોરી સર, મારે મારી ડયુટી બજાવવી છે. અરે બેસ હું છું પછી ડયુટી ફયુટી કાંઈ નહિ, શું સમજી? એમ કહિ પેલાએ ડોલીનો હાથ પકડી લીધો અને ડોલી જેનું નામ ફટાક કરતાં ને ડોલીએ પેલાને લાફો ચોડી દીધો. પૂરા પ્લેનમાં હો હા મચી ગઈ. બીજી એર હોસ્ટેસો ભેગી થઈ ગઈ અને ડયુટીનો બહીસ્કાર કરી દીધો. માનો કે પ્લેનમાં, ચાલુ પ્લેનમાં હડતાલ. પાયલોટે કંટ્રોલ રૂમને જાણ કરી, પ્લેનને ફરી મુળ જગ્યાએ આવવાની સુચના મલી કે તુરત જ પ્લેન

© RATILAL JOGIA

રીટર્ન, એક કલાકની સફર બાદ પ્લેન ફરી પાછુ હતુ ત્યાંનું ત્યાંજ આવિને ઉભુ રહિ ગયું. નિચે બીજા સંગાથીઓ, પાયલટો, વર્કરો બધાને આ બનાવની જાણ થતા બધા કામકાજ પોતાનું છોડીને ડોલીને પળખે ખડા રહિ ગયા. ડોલીની હિમતને બીરદાવવા લાગ્યા. ઉપરી અધીકારીઓ મીટીંગો ભરવામાં અને મામલો બહાર ન જાય તેની તકેદારીમાં ગોઠવાઈ ગયા.

કોઈ પાપારાજી (પેપરવાળા) આ બનાવને હેડ લાઈનમાં છાપી ન મારે તેની ખાસ તકેદારીની ગોઠવણી થઈ ગઈ. પેલાને પકડીને ખાખી વરદીવાળા મોટા અમલદારને સોંપી દીધો. ડોલીને ફરી પાછુ માનપત્ર આપવા બોલાવવામાં આવિ, ત્યારે ડોલી એ ના પાડીકે આવું માનપત્રક મને નથી જોઈતુ. માનપત્રકને બદલે, અમારા જેવિ બહેનોની સલામતીનો પ્રબંધ કરો, જેથી અમો શાંન્તીથી ગમે ત્યાં સર્વીસ કરી શકીએ, ડયુટી બજાવિ શકીયે. પેલો માણસ એ જ હતો કે જેનીયે લાઈટ ગુમ કરાવિને પોતે ગુમ થયેલો. તેનીયે આ બધું શા માટે કર્યું તે ડોલીની સમજ બહાર હતુ. છતાં ડોલી હિંમત હારી નહિ. ડોલીને ફરીથી પાછી ફરજ ઉપર હાજર થવા રીકવેસ્ટ કરી બોલાવવામાં આવિ. ડોલી તૈયાર, ડોલીને મમીએ ના પાળી પરંતુ ડોલીયે ખુલાસો કર્યો કે આવા બનાવથી હારી થાકીને ઘેર બેસી રહેવાથી પેલા આદમી જેવા લોકોને ફાવતુ આવિ જાસે. માટે તેવાઓને સબક શીખવાડવો જ હિમતથી ફરજ બજાવવી હું અપીલ કરૂં છું . સમસ્ત બહેનોને કે આપણે આપણી ફરજ બજાવવી ખંતથી મહેનતથી ઈમાનદારીથી સ્વમાનભેર જીવવુ. એલ-ફેલ આદમીઓનો હિંમત પૂર્વક સામનો કરવો, પરંતુ હાથ પકડીને (જોડીને) ઘરમાં બેસી રહેવું નહિ. આ મારો સંદેશ છે. હમ સબ સાથ હૈ નો નારો ગાજયો. ડોલી જાગી ગઈ ઓહોહો જીંદગી ઓ જીંદગી તારો પણ જવાબ નહિ.

**''પ્રારબ્ધ અને પૂરૂષાર્થ બંનેના માર્ગ ભિન્ન છે, છતા જયારે''**
**'' તેઓ મળે છે, ત્યાં અદ્ભૂત સફળતા પ્રગટે છે''**

© RATILAL TOGIA

ખાસ નોંધ : ડોલી જેવિ હિંમત કેળવવી માટે સર્વે બહેનોને ભાર પૂર્વક જણાવું છું કે દરેક ક્ષેત્રમાં બહેનો અત્યારે આગળ આવિજ છે તો તમો કેમ પાછડછો ? **આપમાં શું કમી છે ?**
**ઉઠો જાગો અને ધ્યેય માટે મંડી પળો (સ્વામી વિવેકાનંદ)**

દ્વારકાધીશ કી જય

# ૨૦ ભાગો ૫ ભુઉઉઉત આવે છે

ધ્રુબાંગ ધ્રુબાંગ ધ્રુબાંગ ઢોલીડાએ બુંગીયો ટીપ્યો. બને એટલા મોટા અવાજે સૌ સાંભળે તેમ કહયું કે, આવતા મંગળવારે લુટેરા આપણાં ગામ માથે ત્રાટકવાના છે. તેવિ જાસા ચીઠી મલી છે. માટે સૌ સાબદા રહેજો ઓ ઓ ઓ. સાદ સાંભળજો ઓ ભઈલા પેલો બુંગીઆવાળો સેનો સાદ દઈ ગયો. કાંઈ હમજાણું નૈ ઘણા વર્ષો પહેલા એક બહારવટીયો થઈ ગયો, તે અવારનવાર ગામડામાં જઈને, ગામને લુંટી લેતો. કહેવાઇ છે કે અમુક કોમના માણસોના નાક કાન પણ કાપી લેતો, તે જમાનામાં તેની હાક વાગતિ, બહાર વટીઓ આવે છે તેની ખબર પડતા ગામનાં માણસો થર થર ધ્રુજવા માંડતા. ગામના દરેક માણસો આડા અવડા છુપવાની કોસીસ કરતા, ઘરબહાર કોઇ નિકળતું નહિ. પરંતુ આ બહારવટીઓ બહેનો દિકરીઓને કદાપી રંજાળતો નહિ. તેમ લોકવાયકા છે, છતાં જે હોય તે પરંતુ બહારવટીયા જન્મજાત હોતા નથી. કોઈના પાપે બહારવટીયા ઉભા થાય છે, સમાજ તેવોને અન્યાય કરે, અગર બહારવટીયાને પોતાને એમ લાગે કે હું સાચો અને મને અન્યાય થાય છે. માટે ના છુટકે વેર ઉભુ થાય છે, તે વેરથી વેર વધે છે. આમ બહારવટીયા ઉભા થાય છે. છતા તે જમાનામા ઈજ્જત અને ખાનદાની જળવાઇ રહે તે વાત માટે બહારવટીયા પોતાનો ધર્મ ચુકતા નહિ.

ઈમાનદારી થીજ લડત ચલાવતા, જેના આપણાં જૂના ચોપડા ચોપડીયુમાં ઘણા દાખલા મોજુદ છે. અત્યારે પણ લુટારા છે જ, તે જમાનામાં ભાલા, બરસી, તલવાર, બંદુકથી, લુંટારા લુંટ ચલાવતા, અગર લુંટી જાતા, અત્યારે કાયદાની આંટી ઘુટી અને કલમને ધારે, લુંટ ચલાવવાવાળાની કમી નથી જ. તેમાંય ઉપરથી બોસ લોકોનો ટેકો હોય, પછી તો પૂછવાપણુ રહેતુંજ નથી, કારણ કે મામાનું ઘર અને ''માં'' પીરસનાર, પબ્લીકને જેટલી વધુમાં વધુ નિચોવાઈ એટલી નિચોવિ લેવામાં જરાય કચાસ રાખતા નથી. તેમ પેલા બારવટીયાને પણ, આસરો અને આંટો મલી રહેતો, સરકારી ઘોડે સ્વારો રખળી થાકી હારીને પાછા ફરતા, કે બારવટીઆ અંધારાનો લાભ લઈને ભાગી છુટવામાં સફળ થયા છે, પકડાયા નથી, છાપાવાળા કકળાટ કરતા કે આવળી મોટી સલતનની સામે, એક માણસની ટોળી પોતાનું મન ફાવે તેમ ચરીખાય છે અને પકડાતી નથી તેતો બહુ કહેવાઈ. છતા છાપાવાળાનું કાંઇ ઉપજતુ નહિ, નિંભર તંત્રના બહેરા કાને વાત અથડાઈને પાછી ફરતિ અને

© RATILAL JOGIA

બહારવટીયાઓ લીલા લહેર કરતા. છતાં ઉપરથી ભીંસ વધી હશે કે કેમ અગર બીજા કોઈ કારણસર પડોસી સલતનમાં તે બારવટીયો રાજીખુશીથી કોઈ જાતના અડચણ કે રોકટોક વગર પહોંચી ગયો. જીંદગી ત્યાંજ પૂરી કરી, રામ બોલો ભાઈ રામ. પરંતુ કહેવાય છે કે તેની પૂરાની ઘરવાળી અહીં રહેતી હતી. તેનીએ શોક જાહેર કર્યો અને ખુણો પાળ્યો અને લાગતા વળગતા તેને મોઢે ખરખરો પણ કરવા ગયા હસે કારણ કે સબંધ વસ્તુ અલગ છે.

એક ભાઈની ઘરવાળીને પોતે છુટાછેડા આપ્યા પછી, તે બાઈ બીજે ઘરઘી (પૂનઃ લગ્ન કર્યા) પછી તેને ત્યાં, તેનીયે દિકરાને જન્મ આપ્યો. તેવા સમાચાર પેલાભાઈને મલતા, તે બહુ જ ખુશી થયો અને વિચાર કર્યો કે મોંઘી તો મોંઘી જ છે (ઘરવાડીનું નામ મોઘીબાઈ હશે) જેના મુલ હું કરી શકયો નહિ, નૈતર આજ હું પણ દિકરાનો બાપ બનત, પરંતુ હવે શું થાય. પરંતુ પાછા પડે તે બીજા, હાલ્ય જીવ મોઘીંને રૂળુ મનાવિયાવુ તેને રૂળુ લાગે, માટે ઝભલુ ટોપી લઈને દયાવું ગગાને રમાળીયાળું મોંઘીને મલીયાવું. એમ નક્કી કરીને ખંભે જોરી નખીને ઉપડચો. કારણકે સબંધ વસ્તુ અલગ છે, નારણબાપાનો દિકરો હજીતો ઉમર થતા થતામાં હતો ને નારણબાપા બિમાર પડયા. માટે દિકરાને જલદિ પરણાવિને લહાવો લઈલવ, હવે આ રાજરોગ મને જીવવા નહિ દયે, એટલે હોંસે હોંસે મૈંડા બધી જગ્યાએ તપાસ કરવા. બેચાર ઠેકાણા જોઈ લીધા પછી એક ઠેકાણું ધ્યાનમાં આવ્યું. ગગી ગમી પણખરી. નારણ બાપાએ પોતાની ઘરવાળીને વાત કરી કે તમોને કેમ લાગે છે, ઘરવાળી એ જવાબ મા કહયુ કે માણસો જૂનવાણી છે. ગગી આપણા ગગા કરતા બેક વરસ મોટી છે, નારણ બાપા કે ઈમા શું, તી ભલેને મોટી હોઈ, મોટી હોઈ તે તો સારૂ, આપણી ઘરે આવતાવેંત ઘર સંભાળી લ્યે. છોકરમત નોકરે, ઘરવાળી કે, તમો સમજતા કેમ નથી કે આપણાં ગગા કરતાં તેમની ગગીમોટી હોય તે સારૂં નો કેવાય કારણ કે દશ પંદર વરસ પછી, બૈરૂં ખખાની ડાકણ જેવું થઈ જાઈ, પછી આદમીને બૈરૂ નો ગમે એટલે, વાંધો પડે, અરે પણ આ ઉપાધી આપળે શા માટે કરવી જોયે. ઘરવાળી કહે મારૂ મન હચુ ડચુ થાય છે. અત્યારે પગે લાગે છે, પછી પગે લગાડશે, અત્યારે હાથ જોડે છે, પછી હાથ જોડાવસે, માટે હજી વિચાર કરીને આગળ પગલું ભરો એમ હું કઉ છું. અરે ગાંડી નિરાશાવાદી થામાં આશાવાદી થા. તને ખબર છે આશાવાદીઓએ પ્લેન બનાવ્યા, ત્યારે નિરાશાવાદીઓ એ પેરેસુટ બનાવ્યા. માટે આતો સંસાર છે, ચાલ્યા કરે, આમ જ ચાલશે, માટે ભગવાન ઉપર ભરોસો રાખો. સૌ સારા વાના થશે શું સમજી ? ઘરવાળી ધણીનું વેણ ઉથાપી શકી નહિ. છતાં કહ્યું કે બીજા ઠેકાણાં ઘણાં છે બીજે તપાસ કરીને પછી નિર્ણય લેવો, પરંતુ કહ્યુ છે ને કે નસીબમાં જે હોય તે જ થાય, તેમ આખરે હતા ત્યાંના ત્યાં, મેલ કરવતીયા કરવત કે છીયે તેમનાં ત્યાંજ. માટે શુભઘડી, શુભ દિવસે, ગોળ-ધાણા સામ સામી બથુભરી ભરી ને વેવાયો અને વેવાણો મલી ને પછી તો શું ? ખુશી થયા શું ખુશી થયા કે ન પૂછો વાત.

આમ સગાઈ નો પ્રસંગ રંગે ચંગે પૂરો થયો વેવાઈ ને ત્યાં આવવા જાવાનાં પોગ્રામ બનતા રહ્યા. ગગા-ગગી એ પત્ર વહેવાર અને ફોન થી એક બીજાની નજીક આવવાની કોશીશો ચાલુ રાખી. પરંતુ કહેવત છે કે, માણસ જોઈ વસી અને સોનું જોઈ ઘસી. એમ સમય પસાર થતા થતા એક બીજાનો કસ કાઢતા રહ્યા. કોઈ માણસ સાથે રહેવા કરતા તે માણસને મુસાફરીયે સાથે

© RATILAL JOGIA

લઈ જઈને સાથે મુસાફરી કરો તો તરત જ ખ્યાલ આવિ જાસે કે તે માણસ કેટલો કિંમતી છે. અગર કેટલા વલો છે. એમ સગપણ લંબાવો તો એની મેળે ખ્યાલ આવવા મંડે કે આ સારૂ કે તે સારૂં, આમ અનુભવે સમજી શકાય અને અનુભવનો વિટલો થતો રહેતો હતો.

એક ગામમાં નાનકડા ગામમાં, ક્યારેય મોટું જાનવર આવેલું નહીં. એક દિવસ અચાનક મોટું જાનવર આવિ લગતા ગામ આખુ જોવા ટોળે વળ્યું કે આ વળી ક્યું જાનવર છે. આખા ગામમાંથી કોઈ નક્કી કરી શક્યું નહિ કે આ કયું જાનવર છે. ગામનાં વડીલો મલીને વિચાર કર્યો કે, આપણા ગામમાં મેપો રહે છે. તે જંગલમાં પશુ ચારવા લગભગ સીમમાં જ રહે છે માટે મેપાને બોલાવિયે અને તેને પૂછીયે કે ભાઈ તે આ જાનવર જોયું છે ક્યાંય અને જોયું હોય તો બતાવ કે આ જાનવર નું નામ શું છે. તેમ નકકી કરીને, આખરે મેપાને બોલાવ્યો. સૌ દોળીને મેપાને બોલાવિ લાવ્યા કારણકે મેપો રાત દિવસ સીમસેઢે અને જંગલમાંજ રહેતો. ત્યાં જંગલમાં ઘેટાં બકરા ચરાવવાનું જ કામ કરતો. કદાચ તેનીયે એટલે કે મેપાએ આ જાનવાર જંગલમાં ક્યાંક જોયું હોય, આવા તરંગોમા ગુંથાએલા માણસોએ મેપાને મોટા ભા કરીને બોલાવ્યો. મેપો આવતાં ગામ લોકો એ મેપાને ઘેરી લીધો અને પૂછવા મૈડા કે મેપા આ જાનવર આપમેળે ગામે આવ્યું છે તો તુંજ કહે કે આ જાનવર ક્યું છે અને તેનું નામ શું છે, કારણ કે તું જંગલમાંજ જીવે છે, માટે ક્યાંય ને ક્યાંય તો તે આ જાનવરને જોયુંજ હસે, મેપો પહેલા તો કોઈ વાત સમજ્યો નહિ. પરંતુ ભણેલા કરતા અભણ ખુબ ચાલાક હોય. ભણેલા ભુલ કરે પરંતુ અભણ ભુલે નહિ. તેવિ કહેવત આગળથી ચાલી આવે છે, તે સાચી ઠેરવવા, મેપો પેલા જાનવર ની નજીક ઓર નજીક જવા લાગ્યો પછી તો જાનવરના પગે હાથ ફેરવિને જોયું કે, આહાહા આ થાંભલા જેવા જાડા જાડા પગ કોઠી જેવું મોટું મસ મોઢુ, ને માથુ ,સુપડા જેવડા કાન, પટારા જેવળું પેટ, અરે આ શું મોટા અજગર જેવડું નાક, મોટા નગારા જેવડી પીઠ, પરંતુ આંખો એકદમ નાનકળી, તેમ પૂછડું પણ નાનકળું. હા જોતો ખરા મોટી દુધલી જેવડા દાંત, અરે હા, હવે ખબર પડી કે આતો છેને આતો છેને ગામ લોકો સાંભળો સાંભળો, આ બીજુ કાંઈ નથી ભઈલા ઓ આતો રાત ગોટો વળીગઈ છે. રાત બીજુ કાંઈ નથી શું સમજ્યા, પરંતુ ગામ લોકો કાંઈ કરતાં કાઈ સમજ્યા નહિ અને સમજે તે પહેલા તો પેલું જનાવર મલપતિ ચાલે ચાલતું થયું. એ જનાવરની પાછડ પાછડ શ્વાન ભસવા લાગ્યા. પરંતુ તે ભસવાના અવાજની અસર પેલા જાનવરને થઈ નહિ, ત્યારે ગામ લોકો એ મેપાને સાબાશી આપી કે, આખરે ઘેટા બકરા ચરાવિને ખુબજ પીઢ થઈ ગયો છે તો હોંશીયાર, તેનીયે આપણી શંકાનું સમાધાન કરાવ્યું અને જેવું સમાધાન થયું કે પેલું જનાવર ચાલી નીકળ્યું. શ્વાન ભસતા રહિ ગયા. ગીરીરાજ ધરણ કી જે જે હોજો આમ સમય પસાર થતો રહ્યો.

ગગીનાં અને ગગાના લગ્નની તૈયારી થવા માંડી, પરંતુ આ વરસે દુકાળ જેવું ખરૂ એટલે લગ્નની હા પાડવામાં પાછીપાની કરવા લાગ્યો કે, હમણા લગ્ન લેવાના નથી. પછી જોશું શું ઉતાવળ છે. આમ સમય પસાર થતો રહ્યો, એક વરસ જોતજોતામાં પસાર થઈ ગયું. ત્યાં નારણબાપાની તબીયત સુધરવા મંડી, નારણબાપાને ખ્યાલ આવિ ગયો કે ભારી કરી સગાઈ કરવામાં ઉતાવળ થઈ ગઈ છે. આવિ ભરાણાં છીયે, પરંતુ હવે શું થાય, આબરૂ સામે પણ ફકત

જોવાનું કે નહિ, આમ વિચારમાંતે વિચારમાં ટાઈમ પાસ થવા લાગ્યો, જે લોકોયે આ ઠેકાણું બતાવેલ તેને વાત કરી તો તે લોકોએ ખુલ્મ ખુલ્લા કહી દીધું કે, અમોએ તો તમોને ફકત બતાવેલ સગાઈ કરવાનું ક્યાં કહેલું, ધબાયનમાઃ હવે હવે પરોઢનાં પગલા ભરવા નહિ. હરિ કરે તે ખરી, તેની ઉપરભરોસો રાખીશું બીજુ શું?

બીજા વરસે પણ દુષ્કાળ, છતાં લગ્નનો મેળ બેસતો ન હતો. ભરોસો કેટલો રાખવો, કહેવત છે કે, ભરોસે ભેંસને પાડો થયો અને વહુને થઈ દિકરી બન્ને ઉલટ સુલટ થઈ ગયું, નૈતર બંનેને ખુબજ ખોરાક પાણી અને તહેનાત ભરી રીતે રાખેલ, પરંતુ શું થાય, છતાં ગમે તેમ સમજાવટ કરીને સાદાયથી લગ્ન આટોપ્યા. આમેય લગ્નને બીજા શબ્દોમાં શાદિ કરી કહેવાઈ છે. તો આ સાદાઈથી લગ્ન કૈરા મતલબ અને અર્થ એક જ થાય છે. ગગા-ગગી પરણી ઉતર્યા, કહેવાઈ છે કે, પૂતરના પગ પારણામાંથી અને વહુના પગ બારણામાથી કેવા પગલા પાળે છે તેની ઉપર આધાર બધાય છે, પરંતુ આમા ખાસ ખબર પડી નહિ, જેવિ મારા વાલાજીની મરજી ઘરવાળીયે કહ્યું કે બધુ સમજવા જેવું છે, પરંતુ હવે આમા સમજીયે તોય શું કામનું, કારણ કે હુકમનો એકો ઉતરી ચુકયા છીયે. હવે બાજી હારમાં પલટાઈ જાઈ તો પણ શું કરી શકવાનાં છીયે. થયું પણ તેમજ, હુકમનો એકકો સામે પક્ષે ચાલ્યો ગયો. ધીરે ધીરે બાજી હારમાં પલટાતી હતિ. સમય તેનું કામ કરતો હતો. ગગી વહુ બનીને આવિ હતિ, તે હવે માં બની ગઈ. સાસુ વહુ બની ગઈ. બાપ દિકરો બની ગયો. નારણબાપા ફરીથી પથારી ભેગા થઈ ગયા. દિકરો વહુ ખબર અંતર ફક્ત લોકલાજે પૂછતા હતા. બાકી કાંઈ નહિ, દિલમાં લાગી આવે. પરંતુ હવે કોને કહેવું, કેવાથી પણ ફાઈદો શું ? **''આપણી વ્યથા બીજાની મન કથા''** હવે ખુલ્મ ખુલ્લા ઉઘાડા થવામાં મજા નથી.

હવે નારણબાપાની બીમારી છેલ્લી કક્ષામાં હતિ. પોતાની ઘરવાડી હેબતાઈ ગઈ હતિ, કે હવે મારૂ કોણ, તે નારણબાપાનો હાથ પોતાના હાથમાં લઈને વહેલી સવારે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. ખુબજ રોઈ લીધા પછી દિલ હળવું કરી લેતા બોલ્યો કે હવે તમોને કેમ છે, ત્યારે નારણબાપા એ એટલું જ કહ્યું. તમો સાજા સારા છો, છતાં આમ હિંમત હારી જાસો તો પછી મારૂ કોણ, માટે તમારે તો ખુબજ હિંમત રાખવી. અગર તમો હિંમત હારી જાસો તો મારૂ શું થાસે ? માટે તમો હિંમત રાખો, ગમે તેમ કરીને જીવવું જ તો પડસેજ. પરંતુ અફસોસ એકજ વાતનો છે કે, મને ખ્યાલ કેમ ન આવ્યો કે આ લોકો ફક્ત ઘેટા બકરા ચરાવવાવાળા નથી. આતો દાતણ વેચવાવાળા છે, તેવોની દિકરી નો લેવાઈ, છતા હું ભુલ કરી બેઠો. તો ચલબચીસ પરંતુ તારૂ શું ? તારૂ તું સંભાળજે બન્ને પતિ-પત્ની ના હૃદય ભરાય આવ્યા. થોડી વારે સ્વસ્થ થતા ઘરવાળી બોલી કે, ચ્હા પીસોતો બનાવિ લાવું. નારણબાપાએ ચ્હા પીવાની હા પાડતા, સંમતિ મલતા, ઘરવાળા ચ્હા બનાવવા રસોડામાં જાતા રહ્યા, ત્યાં ડેલીની સાંકળ ખખડી, એ ખોલું છું, એમ સામો જવાબ દઈને તુરતજ જટ દેતાક ને ડેલીની સાંકળ ખોલી, સામે છોકરીનો મામો મોટા મોટા દાંત બતાવતો ઉભો હતો. કેમ છો ? જેસી કૃષ્ણા નારણબાપાની તબીયત ની તપાસ કરવા આવ્યો છું. આવો આવો અંદર આવો અને ઘરવાળીયે મોટા સાદે હાંક મારી, બેબી ઓ બેબી, જોતો ખરી બારણે કોંણ આવ્યું છે. તારો મામો આવ્યો છે, જલદિ બહાર આવ,

© RATILAL JOGIA

બેબી નિંદરાળી આંખે, લઘરવઘર, આંખો ચોડતિ, જટુકલા ફરફરાવતિ રૂમનિ બહાર આવિને બાઘા સી મામાને ટીકી ટીકીને જોવા લાગી. પછી નિંદરમાંથી બહાર આવતિ હોય તેમ મામાને જોય ને બોલી, બા ઓ બા આ છે. ભુત મામા આવ્યા છે ભાગો. આ સાંભળીને મામા, દાદા, દાદી સૌ હસી પડ્યા, જેનો અંત સારો તેનું બધુ સારૂં. બોલો દ્વારીકા ધીસ કી જે હો જે હો.

**પરંતુ સમય કોઇની રાહ જોતો નથી.**

**સમય સમય બળવાન હૈ**

**નહિ આદમી બલવાન.**

**કાબે અર્જુન લુટીયો**

**વોહિ ધનુષ્ય ઓહિ બાણ**

આજે સમય પલટાઇ ગયો છે. નારણબાપા સાજા સારા થઈ જાતા યાત્રા તિરથ વગેરે દેવમંદદિરોમાં સમય પસાર કરે છે અને હુકમનો એકો ધુરા (વહીવટ) સંભાળે છે. જી હજુરીયાવો અને ખાટ સ્વાદિયાવો હાજી-હાજી કરી વહિવટ માંથી જેટલું તારવિ શકાય તેટલું તારવવા કોશીસ કરે છે. હવે નારણબાપા ન્યાયની દેવડીયે જઈને પોકાર કરે છે, મને ન્યાય આપવો, પરંતુ ન્યાય એમ કાંઇ રસ્તામાં થોળો પડેલો છે. નારણબાપા ભલે ને ગામ ગજવતા હોય કે, મારો છોકરો મને મારી નાખસે, મને ઘરબાર વગરનો કરી મુકયો છે, હવે હું મહેનત મજુરી કરી શકુ તેમ નથી. મારી આજીવિકાનું શું ? મને ન્યાય જોયે છે. સમાજ ખળભળાટ હસે છે, જાણે કહેતા હોય ને કે મુરખ તને ખબર છે. ન્યાય એમ નો, મલે. ન્યાય અને અન્યાય શું હોઈ શકે, દુધમાં પાણી પડી ગયા પછી તે જુદા થઈ શકે નહિ. માટે ન્યાય અન્યાય ની વાત છોડી દે અને સમયને માન આપીને જીવતાં શીખીલે. દિકરાની પગ ચંપી કરવા બેસી જા, તેવોનાં ગુણગાન ગાતોજા, પછી જોયલે તું સુખી થાય છે કે નહિ, ત્યાં હાજર રહેલા બધા હસતા રહ્યા.

પેલો આવેલ અભાગ્યો જીવે ચાલતી પકળી, આખરે થાકી હારી ને કુવામાં જંપલાવિ મૃત્યુ શરણ થયો. દિકરા ને ખબર પોંચાડવામાં આવ્યા, દિકરે રજુઆત કરી કે ફાધર, ઓહ ગોડ ફાધર માઈન્ડ વિક હતા. અમો ઘણું કર્યુ તેના માટે પરંતુ, આખરે અમોને જે મનમા શંકા હતિ તેજ થયું. બીચાડા પાંચવરસ બેઠા હોત તો અમોને ખુબજ સેવા ચાકરી નો લાભ મળત અને પૂણ્ય કમાત, ખેર ઈશ્વર ઈચ્છા બળવાન છે. આમ ફાધરને પાગલપણમાં ખપાવિને પોતે ધુટી ગયો અને ફાધર પણ છુટી ગયા, ત્યારે સમાજના સમજુલોકો ના મુખેથી શબ્દો સરી પડ્યા કે, ખરેખર શું કળીયુગ આવિ ગયો છે. આ પ્રશ્ન કદાચ ઘરે ઘરે ઉભો થઈ શકે છે. અત્યારે વાવળો ફરી ગયો છે, કયારે કયાં કોનું ફટકે તે કહેવાય નહિ. જેવિ મારા વાલાજી ની મરજી જય શ્રી કૃષ્ણ.

નોંધ : વાચક વર્ગને કદાચ ઉપરનો લેખ સમજાઇ અગર નહી પણ સમજાઇ તે જુદી વાત છે. પરંતુ કોઈએ બંધ બેસતિ પાઘડી ટોપી કે ચણીયા ચોલી નહી પહેરવા મહેરબાની કરવી.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૧ સાવન આયો રે

**શીયાળે શીરો ભલો,**
**ઉનાળે ટાઢી છાસ,**
**વર્ષામાં ભજીયા ભલા,**
**ખીચડી બારે બાસ.**
**ભાદરવાનો ભીંડો-તુરીયા,**
**ગલકા અને છાસ,**
**તાવ સંદેશા મોકલે, કાલ આવું કે આજ**
**જેઠ તો સદાય જાય, (વરસાદ વગર)**
**અષાઢનો એકેય નહિ,**
**અષાઢ સુદ પંચમી જો જબુકે વિજ,**
**ઘરનું સઘળું વેંચીને રાખો,**
**બળદ અને બીજ (બીયારણ)**
**હાથી ઘોડા પાલખી,**
**જય કનૈયા લાલકી.**

શ્રાવણ મહિનાનો માહોલ જ કૈક ઓર છે. ધરતીનું સૌંદર્ય ખીલી ઉઠે છે. ઝાડપાન નવા કલેવર ધરે છે. સજીધજીને રૂપકળા લાગવા મંડે છે. ખેતરોમાં નાના નાના ટપુળાક મોલમોલાત હવાની લહેરમાં લહેરાતા જાણે આપણને સ્માઈલ આપતા હોઈ તેમ લાગે છે. ધરતિમાંથી ફોરમ ફેલાતી હોય છે. વાતાવરણ હળવું અને લીજતદર બની ગયું હોઈ છે. શ્રાવણ મહિનામાં થયેલા નવા નવા કપલો માટે જાનમહિનો કહેવાઈ છે. એટલે તો કોઈ કવિએ ગીત લખેલું છે કે....

**તારી દો ટકીયાકી નોકરી**
**મેરા સાવન બીતા જાયે ...ડીંગ ડાંગ ડીંગ ડાંગ**

ખરેખર, શ્રાવણ મહિનાનો માહોલ નશીલો હોઈ છે. બાંકે બીહારીજીનાં હિંડોળાના દર્શનની

© RATILAL JOGIA

ભવ્ય ઝાંખીનો લહાવો લેતા લેતા હૈયું આનંદથી ભરાય જાઈ છે એનો લહાવો અનેરો હોય છે.

શ્રાવણ સુદ સાતમનો ઉત્સવ પછી રક્ષા બંધનનું પર્વ બહેનભાઈનાં લાગણી બંધનનું પવિત્ર સબંધ દિલને કોઈ અનેરા નશામાં ખેંચી જાય છે. પછી શ્રાવણવદ પાંચમી નાગદેવતાની, નાગપાચમ, પછી શીતળા સાતમ અને આપણાં લલાનો બર્થડે, જન્માસ્ટમી, જગતને ખુણે ખુણે કયાંકને કયાંક આ ઉતસવ ઉજવાયેલો જોવા મલશે. લલ્લાના પારણાની દોરી હાથમાં લઈને લલ્લાને હિચોળતાં હૃદય ભાવવિભોર બની જાય છે. ભકતગણ પોતાને ભાગ્યવાન સમજશે તે પછી પિત્રુઋણ, આરાવારાના દિવસો બ્રહમભોજન, બટુકભોજન, કુંવારીકાભોજન કરાવવાનાં દિવસો, ઘણી બધી જગ્યાએ ભાદરવિ અમાસના ભરાતા મેળાવો. લોકમેળામાં ગામે ગામથી ગામનાં લોકો મલીને, મેળાનો આનંદ લુટવા પહોંચી જાય છે. ત્યાં મેળામાં અન્નક્ષેત્ર, પાણીની પરબો, છાસની પરબો, રમતગમતનો માહોલ અને ખાસતો ગામડાનાં જુવાન હૈયાવોને મલવા માટેનું સ્થળ જે એક બીજામાં ખોવાય જવા તલપાપડ થઈ રહયા હોઈ તે જુવાન દલડાની મીઠપભરી મુલાકાત. આ બધુ માણતા માણતા, શ્રાવણ મહિનાનો મહિમા ‘‘દેવાધી દેવ’’ ભગવાન ભોળાનાથની તપસ્યાનો ખાસ મહિનો. શ્રાવણીયા સોમવાર ઉત્સવ તરીકે ઉજવાઈ, અપવાસ એક ટાણાથી શ્રદ્ધા પૂર્વકની તપસ્યા સાથે સાથે અભીષેક તથા હોમાત્મક તથા બીલ્લા બીલીપત્ર ફુલમાળા ઘી બરફથી પુજાવો અને આ બધી વિધીનો લહાવો કાંઈક ઓરજ હોય છે.

ભાવિકો આ બધુ કરી છુટવા તલપાપળ બની જાઈ છે. ભોળાનાથને આરાધવા સજી ધજીને તૈયાર થઈ જાય છે. અગીયાર જાતના રસથી અપવાસ કરવાની વાત નથી. પરંતુ ખરેખર જેને તપસ્યા કહેવાય છે તેનો માહોલ જરા જુદો હોઈ છે. આતો દેવાધીદેવને ચરણે જાવાનું છે. તેવોને પ્રશન્ન કરવાના છે. ‘‘મનુશ્ય પત્ન ઈશ્વર કૃપા’’ કોઈ પણ કાર્ય નો આરંભ કરીયે એટલે તેનું ફળ સામે જ હોય છે. પરંતુ તે કાર્યની ઈફેકટ ઘણા વખત પછી થાય છે અને ઈફેકટ મળે ત્યારે ખ્યાલ આવે છે કે આ શું થઈ રહયું છે. મોળે મોળે પણ ઈફેકટ થયા વગર રહેતિ નથી. આપણે પેટ ભરીને જમીયે એટલે ફળ તરત જ મલ્યું કે આપણે ધરાય ગયા પેટ ભરાયગયું, જમવાની મજા આવિ ગઈ, ખુબ આનંદ આવ્યો. પ્રેમથી ભોજન કરતા કરતા બે ચાર કોળીયા વધુ જમી ગયા એટલ પેટ ઉપર હાથ ફેરવિને મીઠો ઓડખાર ખાયે અને આનંદની લાગણી અનુભવિયે અને મનમાં ખુશી થઈયે મજા આવિ ગઈ નહિ ? પરંતુ તે જમણવારની ઈફેકટ બીજે દિવસે આવે. ખાધેલું કેટલુ પચ્યું, કેવિ મોસમ રહિ, આનંદની સામે અતિરેક કેટલો રહયો, તબીયતમાં કયાં તીરાળ પડી. તે ઈફેકટ થઈ તે આપણને બે દિવસમાં, ચોવિસ કલાકે પછી અડતાલીસ કલાક પછી આપણને ખબર પડે, તેમ સેવા પુજાનું કાર્ય પણ ફળ તુરત જ મળે છે.

ધુપ દિપ અગરબતિ દીવો પ્રસાદ લઈને ઘંટડી વગાડવી નગારૂં વગાડવું, જોર જોરથી પ્રાર્થના ગાવી,ગવળાવવી. તેનું ફળ એટલું જ કે આપણે ભાવુક બની જાઈએ. લાગણીમાં ખેંચાય જાયે પ્રસાદ લઈને આપણે ધન્ય બની ગયાનો અહોભાવ જાગે. પરંતુ એ કાર્યની ઈફેકટ

© RATILAL JOGIA

વરસો પછી થાય, કુટુંબ સુખી રહે, કામકાજ મા ઓટ ન આવે, ખાસ બીમારીથી બચી જવાઇ કહેવત છે ને કે સુળીનો હુકમ થવામાં હતો ત્યાં સોઈ ભોકીને છુટકારો થય ગયો. પોતાની પ્રજા નીર્દોશ થાય, સમાજમાં આબરૂ બંધાય, સંસારી માણસને આનાથી વધુ શું જોઇએ. સુખમાં દિવસો પસાર થતા રહે તેના જેવું ઉત્તમ બીજુ શું હોય શકે અને તેને પુજાનું ફળ સમજી ઠાકોરજીનો પ્રસાદ લેખી માથે ચડાવિ સંતોષ પૂર્વક જીવિ જાઇયે તો પણ આપણું જીવન ધન્ય બની ગયુ કહેવાઈ.

પરંતુ આ સમયમાં કોમ્પ્યુટર યુગમા તરતદાન ને મહાપૂણ્ય જોયે છે. જેને રાહ જોવિ ગમતી નથી, માટે લબક જબક પ્રાર્થના કરી, તુરંત જ માંગણી મુકીને માંગણી પ્રમાણે કોઇ ન મલતા શ્રધ્ધા ગુમાવિ. આ બધું એટલી ઝડપથી બની જાઈ કે બે ડગલા આગળ વધવાનો અવસર ચુકી જવાય એને બદલે ચાર ડગલા પાછડ ચાલ્યા જવાઈ, પરંતુ તે વખતે તેવા લોકો ને તે ખ્યાલ નથી આવતો કે આપણી માંગણી ગેર વ્યાજબી છે. અગર આ માંગણીને આપણે લાયેક નથી. લાયેક છીયે કે કેમ અગર તો આપણી શકિત હજી એવિ થઇ નથી. તે દરજે આપણે પહોંચ્યા નથી. માટે આપણે માંગસું તે મલશેકે કેમ છતા ઇશ્વર ખુબજ દયાળુ છે. વગર માગ્યે દરેકને દરેક પૂરતુ તે આપજે છે. માંગવાની જરૂર નથી. માંગીને તો આપણે આપણાં આરાધ્યદેવનું અપમાન કરીયે છીયે. પરંતુ દરેક ને આ વાત સમજાતી નથી. નાના નાના અબુધ આત્માઓને આ બાબત ખ્યાલ માં હોતી નથી. તેવોને પટ મંગની ચટ  વિવાહ જેવો ઘાટ ઘડવો છે. જે તુરત જ કાંઇ બનતુ નથી. આપણે કોઇ મોટા સાહેબને મલવા જાવું હાઇ તો પણ તેમની એપોઇન્ટ મેન્ટ લેવિ પડે છે. તે કહે તે ટાઇમે અને તારીખે આપણે મલવા તે ટાઇમે હાજર થયે ત્યારે ખબર પડે છે કે મોટાસાહેબ ખાસ અગત્યની મીટીંગમા બીજી છે. આજે દરેકની એપોઇન્ટમેન્ટ કેન્સલ છે. ફરી વખત આવજો તેવું બહાર નોટીસ બોર્ડ પળેલું જોઇને આપણે નીરાશ થઇએ છીયે અને ફરી મુલાકાત ગોઠવવાની કાકલુદી કીરીયે કરતાહોઇએ. બે ત્રાણ ધકા ખવડાવ્યા પછી પટ્ટાવાળો મુલાકાત ગોઠવિ આપે છે. મોટાસહેબ પાંચ જ મીનીટ ટાઇમ આપે છે. આપણે સાહેબની એ-સી કેબીનમાં દાખલ થતા થતામાં તેમના પ્રભાવ હેઠળ આવિ જાયે છીયે. કોઇ પણ જાતની રજુઆત કરી શકતા નથી. પસીનો વળવા મંડે છે. આપણે ડઘાય જાયે છીએ અને મુલાકાતનો ટાઇમ પૂરો થઇ જાઇ છે. છતા મોટા સાહેબ બધુ સમજી જાય છે. આપણા પેપર ફાઇલ તેની નજર સામે પડેલા હોય છે. સાહેબે હજી આપણી સામે આંખ મીલાવિ નથી આંખમાં આંખ પોરવ્યા વગર આપણી આ હાલત થઇ છે તો આ તો જગતનો તારણહાર છે. સમગ્ર સૃષ્ટીનો પાલન હાર છે. ત્રીલોકનો નાથ છે, કરૂણાનો સાગર છે, તેને દ્વારે જાવું ભાવવિભોર જ થઇને સાચા દિલની પ્રાથના કરવિ. વિનયથી અડગ શ્રધ્ધાથી ઉભુ રહેવું, તે ખુબજ અઘરૂં છે.

ગીતાજીનું જે લોકોયે અધ્યયન કરેલું હશે તે લોકોને ખ્યાલમાં હશે કે કુરૂક્ષેત્રમધ્યે અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણના વિરાટ રૂપનાં દર્શન કરાવ્યા, તે પહેલા અર્જુન ખુદ ડઘાય ગયેલો.

© RATILAL JOGIA

તારે મંદિરીયે જરૂર આવિસ એવો વિચાર આવતાંજ માનવ જીંદગીના ચાલીસ પચાસ વરસ વહી જાય છે. ત્યારે મંદિરે જાવાનો વિચાર આવે છે તે પછી તેનો અમલ કરતા બીજો થોડો ટાઈમ પસાર થઈ જાઈ છે, ત્યારે તેને મંદિરીયે જાતા શીખાય છે. તેને દ્વારે દરવાજો ખટખટાવિ પ્રાથનામાં બેસી જાવું તે ગીતાજી માં કહ્યું છે કે ફળની આશા વગર કર્મ કર્યે જા તેમ નિર્લેપ ભાવે અડગ શ્રધ્ધાથી જુકી જાવું. હું કરૂં છું તેવો ભાવ મનમાં લાવ્યા વગર રાગ દ્વેસથી પ્રેરાયા વગર કરેલી પ્રાથાના શુધ્ધ બુધ્ધીથી પવિત્ર ફરજ સમજીને કરેલું નીત્ય કર્મ મારો વાલોજી રાજીથાય તેવિ ભાવનાથી ભગવાત પ્રત્યે કરેલી સેવા સમગ્ર માનવ જાતના કલ્યાણ અર્થે કરેલી પ્રાર્થના શ્રી કૃષ્ણાર્પણમસ્તુ કરીને ભાવથી ધરાવેલી પ્રસાદની પાતર, નીસ્કામ ભાવે શ્રધ્ધાથી કરેલી પૂજા કદાપી નીષ્ફળ જાતા નથી. ક્યારેક ને ક્યારેક કહિને કહિ અચુક મારો વાલોજી ડાળ નમાવસેજ. એમા બે મત નથી જ. આપણે પ્રયત્ન મહિ રહેવું જોયે ભગીરથ પ્રયત્ન જે ભગીરથ નામના રાજાએ જન્મો જન્મની તપસ્યા કરી દેવો ના દેવ એવા મહાદેવ ને પ્રસન્ન કરીને માતા ગંગાને સ્વર્ગ માંથી આ પ્રથવિલોકેમાં પદાર્પણ કરાવ્યું તે પ્રયત્નને ભગીરથ પ્રયત્ન કહેવાઈ છે કે જન્મો જનમના પ્રયાસ પછી તેની તપસ્યા ફળી, આ વાત ભાગવત પૂરાણોમાં આવે છે. ઘણા પૂણ્યશાળી માનવમાં ખ્યાલમા હશે. પરંતુ આપણે મંદિરે ગયા ઘંટળી વગાડી આંખો બંધ કરી પ્રાર્થના કરતા કરતા કાંઈક યાદ આવ્યું, બાજુમાં ગણ ગણાટ થતો સાંભળ્યો એક આંખ ખુલી કરીને જોઈ લીધું, ધ્યાન અહિં ધરીયે છીએ, જીવ બીજે ફરે છે, તે પ્રાથના કદાપી ફળીબુધ્ધ થતિ નથી. એક ખેડુત સવારનાં પહોરમાં પૂજા કરવા બેઠો હતો. બહાર ફળીયામાં તેના દિકરાની વહુ ફળીયું વારતી હતિ. સફાઈ કામ કરતિ જાય અને કીર્તન કરતી જાઈ, ત્યાં કોઈ ભાઈ આવ્યા પૂછયૂં કે બાપા ઘરમાં છે કે એટલે પેલી વહુએ કહ્યું કે બાપા છે અને નથી ત્યારે આવનાર માણસે કહ્યું કે સામે બઠેલો છે તે બાપા નથી, ત્યારે વહુએ કહ્યું કે છે પણ અને નથી પણ, કારણ કારણકે બાપા બેઠા બેઠા પૂજા કરે છે. પરંતુ તેવોનું મન વાડીયે પહોચી ગયું છે કે મજુર વાડીયે ગયા હસે કે નહિ, ગયા હોય પાણી ખેંચવા માટે કોસ ચાલુ કરેલ હસે કે નહિ કરેલ હોય, ખેતરમાં પાણી પોચાડયું હસે કે નહિ. આ વિચારોમાં બાપા ખોવાયેલા છે માટે બાપા છે અને નથી. બાપા આ વાત સાંભડી ગયા તેની આંખ ખુલીગઈ, વહુના પગમાં પડી ગયા, મારી માવાડી તે આજે મને ગુરૂ જ્ઞાન આપ્યું છે. આજથી તું મારો ગુરૂ, તે મારી અંતર ચક્ષુ ખોલી આપી છે, ધન્ય છે, તારી જનેતાને.

આપણે સમજવાની કોશીશ કરતા નથી કે શા કારણ થી આપણું મન બીજે ભટકયા કરે છે. આમ કેમ થાય છે, મન છે તે ધજા પતાકા જેવું છે, તેને સ્થીર રાખવું ખુબજ કપરૂ કામ છે અને ઈશ્વર જીવાત્માની ખરાય કરે છે. ઈન્નર વ્યુ લયે છે. જેમ કોઈ આદમી નોકરીની લાલચે ઈન્ટરવ્યું આપવા જાઈ છે, ત્યારે ઈન્ટરવ્યુ લેનાર તેને ઈલેકટ્રીક ટાઈપરાઈટર આપી ને લેટર ટાઈપ કરવા કહે છે. પેલો પ્લગ ભરાવિ ટાઈપ કરવા બેસે છે, પરંતુ ટાઈપરાઈટર કામ કરતું નથી, એટલે પેલો ઈન્ટરવ્યું આપનાર મુંજાઈ જાઈ છે. માથું ખજવાડે છે, પસીને

© RATILAL JOGIA

રેબઝેબ થઈ જાઈ છે. ત્યારે ઓફીસર કહે છે, કે બરખુદાર તે જે પ્લગ ભરાવ્યો છે તે ગલત છે. સાચો પ્લગ લગાવ એટલે ઓટોમેટીક ટાઈપ રાઈટર કામ કરતું થઈ જાસે. તેમ આ આપણી પ્રાર્થના ફળતી નથી તેનું કારણ પણ કદાચ એજ હોઈ કે આપણે જે પ્લગ ભરાવેલ છે તે ખોટી જગ્યાએ નો ઉપયોગ થયો નથી ને, આ પ્રાથનામાં કયાંક કચાસ છે. ત્યાં લગી આપણી પ્રાથાના ફળીભુત થસે નહિ. આપણે કોઈપણ એક સીડીને પગથીયે ઉભાજ છીયે, ઉપર નજર કરશુ તો આપણને આપણાથી ઉંચાસ્તરના આત્માઓના દર્શન થશે. નિચે નજર કરશું તો આપણાથી નબળા આત્માઓના દર્શન કરીશું. આપણે એજ નકકી કરવાનું છે કે આપણે ક્યાં ઉભા છીયે, ઉપર જાવા માટે આગળ વધવા માટે સ્ટેપ બાઈ સ્ટેપ પસાર કરવું પડસે, તે જરા મુશકેલ છે. ત્યારે નિચે ઉતરવું સહેલું છે. સીડી ઉપર લઈ જાઈ શકે છે, તેમ નીચે પણ ઉતારી શકે છે અને આ તો સંસાર સીડી છે. રીમાંટ કંટ્રોલ છે. જી હા છે.

એક ટ્રેનનાં ડબ્બા માં સામસામી પાટલી ઉપર બે મુસાફર મુસાફરી કરતા હતા. તેમાંથી એક મુસાફરે સામેવાળા મુસાફરને પુછ્યુ કે રીમોટ કંટ્રોલ છે ? ત્યારે સામેવાળાએ જવાબ આપ્યો કે, એવું હું કાઈ માનતો નથી. ફકત મનના ભેદ છે, ત્યારે પહેલા મુસાફરે સામેવાળાને ગાળ દીધી સામે વાળો મુસાફર ઉભો થઈ ગયો, આંખો લાલઘુમ થઈ ગઈ, રાતોપીળો થઈ ગયો. પેલા મુસાફરની બોચી પકડીને મારવા માટે હાથ ઉગામ્યો, ત્યારે પેલા મુસાફરે કહયું, ભાઈસાબ, આને જ રીમોટ કંટ્રાલ કહેવાઈ છે, મેં તમોને ગાળ આપી તે તમોએ ક્યાં જોઈ છે, અગર તમોને ક્યાં લાગી છે, ક્યાંય લાગી હોય તો ક્યાં લોહિ નીકળ્યું છે, અગર ક્યાં ઢીમળું ઉપસ્યું છે, છે તમારી પાસે પ્રુફ છે, પરંતુ આ ગાળ તમારા હૃદય સોસરવિ ઉતરી ગઈ, તમારો મગજ ફાટી ગયો, તમારૂ બ્લડ ગરમ થઈ ગયું, તમો ગુસ્સામાં સારા-સારનું વિવેક ભાન ભુલી ગયા. બસ એજ રીમોટ, તમે ગાળ આપવા ને બદલે, કોઈ વખાણ કરે, રૂળુ મનાવે, ત્યારે આપણે તે વ્યકતિથી પ્રભાવિત થઈ જાયે, આપણે નરમ ઘેંસ જેવા બની જાયે, તેમ પ્રાર્થનાનું પણ એવું જ છે. સાચા દિલની પ્રાર્થના અવશ્ય મારા વાલજીની સમીપ પહોચશેજ. તેવિ અડગ શ્રધ્ધા અને ધીરજ જોઈએ. આપણે સુર્યઅસ્ત થતો તથા ઉદય થતો જોયેજ છીએ. સુર્યનારાયણ ભગવાન આ સૃષ્ટીના સાક્ષી છે. તેનીયે પરમકૃપાળુ પરમાત્માના દરેક અવતારનાં દર્શન કરેલા છે તે સુર્યનારાયણ ઉદય થાય પછી પાંચી મીનીટે અને અસ્ત થયા ત્યારે પણ પાંચ મીનીટ પછી આપણે જોય શકીએ છીયે કારણ કે સુર્યઅસ્ત તો થઈ ગયો, પરંતુ તેનું ચીત્ર પાંચ મીનીટ પછી આપણી સમીપ પહોચી શકે છે, તેમ ઉદય થઈ ગયા પછી, પાંચ મીનીટે આપણે સુર્યદર્શન કરી શકીયે છીયે. આટલે દુરથી આપણાં સુધી પહોચતાં ટાઈમ લાગે છે, તો પછી આપણી પ્રાથનાં પણ આરાધ્ય દેવને પોંચતા ટાઈમ માગી લ્યે છે. જેમાં બેમત નથી, કદાચ વરસો લાગી જાઈ, માટે આપણે હારી થાકી ને બેસી ન જાવું કે મોઢું ન ફેરવિ લેવું, અડગ શ્રધ્ધાથી ચરણું શોધવું, એક દિવસ જરૂર એવો આવશે કે ઈશ્વર ની અમી દ્રષ્ટી આપણી ઉપર પડશે જ અને આપણું જીવન ધન્ય બની જાશે.

© RATILAL JOGIA

એક સુરદાસ દરરોજ મંદિર જતા હતા. ત્યારે એક ભક્તે તેને કહ્યું કે, હે સુરદાસ, તમો મંદિર શા માટે જાવ છો, તમો તો દર્શન કરી શકતા નથી. તમારે આંખો છે જ નથી. માટે નાહક કષ્ટ શા માટે ઉઠાવો છો. ત્યારે પેલા સુરદાસજીએ જવાબ દીધો કે, ભાઈ ભકતરાજ હું દેખી શકતો નથી, તે બરાબર છે, પરંતુ મારા વાલોજીતો દેખ છે ને તે જરૂર નોંધ લેશે કે અહિં એક સુરદાસ પણ મારા ચરણોમાં સર જુકાવવા અચુક આવે છે.મારા વાલજીની જ્યારે અમી દ્રષ્ટી મારી ઉપર પડશે, ત્યારે હું સુરદાસ નહી હોંવ, ત્યારે મારો વાલોજી જરૂર મને ગળે લગાડશે, માટે હું તેને મંદિરીયે હાજરી પૂરાવું છું. ધન્ય છે આવા શ્રધ્ધાળુ આત્માઓને...

**''વિજળી ને ચમકારે**
**મોતીળા પરોવિ''**
**''મેરૂ ડગે પણ જેના**
**મનળા ડગે નહિ''**

ગંગા સતિ પાન બાઈની ભજનાવલીમાં કેટલી મર્મભરી છે જે સમજે, તેનો બેળો પાર થઈ જાય. કોઈ કામમાં નીષ્ફળતા મળે, ભલે આપણું ધાર્યુ હોય તે થાય નહિ. આપણી જીંદગી હાલક ડોલક થવામાં હોય, દરેક જગ્યાએથી આપણને જાકારો મલે, અપમાન થાય. નાખી નજર ન પળે ત્યારે આપણે શ્રધ્ધાપૂર્વક અડીખમ ઉભા રહીએ, તો સમજવું કે આ મુશ્કેલી માંથી કોઈ સાચો રસ્તો નિકળવા માટે જ આમ થયું છે. ઘોર અંધકાર પછી જ વહાણું વાય છે અને પ્રકાશ પૂંજ પથરાય છે. શ્રધ્ધા ફળે છે. પરંતુ શ્રધ્ધા જેને ફળી છે, ઈશ્વરના ચારેય હાથ જેની ઉપર છે, તેઓ ભુલી જાઈ છે કે, આ ગયા જનમમનાં કરેલા પુણ્યનો પ્રતાપ છે. કરેલા સુકર્મ નું ફળ ભોગવિ રહ્યા છીયે, કબીરસાહેબ કહી ગયા છે કે...

**''કબીરા તેરા પૂન્ય કા જબ તક હો ભંડાર''**
**''તબતક અવગુણ માફ હૈ કરો ગુનાહજાર''**

RATILAL JOGIA

માટે સુખ હોય ત્યારે ઉછાછડી જીંદગી જીવવી નહિ. દયા, પ્રેમ, સમભાવ રાખી, શ્રધ્ધાથી જીવવું. નબળા વખતમાં રોદડા રડવા નહિ, જે થઈ રહ્યું છે તે જીવ માટે ભલુ થવા માટેજ થઈ રહ્યું છે. મારો વાલોજી સૌ સારા વાના કરસે, કારણ કે જેની ઈચ્છા વગર એક પાંદળું પણ હલતું નથી, ત્યાં આપણું શું ગજુ, માટે આ શ્રાવણ મહિનો ધર્મ અને શ્રધ્ધા બઢાવવાનો માસ મહિનો છે, બને એટલું દાન પૂણ્ય કરી આવતા ભવનું ભાથું કરી લેવા કોસીસ કરવિ. ગયા ભવનાં પૂણ્ય પ્રતાપે આ ભવની જીંદગી નિર્વિઘ્ને પાર ઉતરીયા છે, તેમ આવતો જનમ પણ સુખ રૂપ અને સારો પસાર થાય, તેવા સારા કહેવાતા આત્માઓની વચ્ચે અવતાર મલે તેવિ આપણી પ્રાર્થના ફળે અને ભગવાન ભોળાનાથની અમી દ્રષ્ટી સૌ ઉપર રહે તેવિ અંતર પૂર્વક ની લાગણી પ્રગટે એજ અસ્તુ.

દ્વારકાધીશ કી જય

# ૨૨ પાઘડી નો વળ છેડે

**જનની જણ તો ભકત જણ,**
**કાં દાતા કાં સુર**
**નહિતર રહેજે માં, જણી**
**મત ગુમાવજે નુર**

રામજીભાઈ આ તમોને શોભતું નથી. આ મનસુખ તમારો મોટોભાઈ છે. અત્યારે બીમારીને બીછાને પડેલો છે, તેવે ટાઈમે તેના હૃદયને ઠેસ પહોચે તેવું વર્તન તમારે કદાપી કરવું જોઈએ નહિ. તમારો આવતો દિવસ ઘરે હોઈ તો તમારે નીતીનીયમ ધર્મ સમજવો જોઈએ. સમજવાની કોશીસ કરવી જોઈએ, નહિ કે આમ મોટાભાઈની ઘરવાળીને ચોટલો પકડી ઘસડીને ઘરની બહાર કાઢી મુકવિ જોયે. આ તો સરાસર અન્યાય છે. રમાનો શુ ગુનો છે ? શું દોષ છે તેનો ? તે મને કહો એટલે રમાને હું ઠપકો આપવા જેવું લાગસે તો જરૂર હું તેને ઠપકો આપીશ, સમજાવિસ. પરંતુ તમો આમ રમા ઉપર હાથ ઉપાડો તે શું જરાય યોગ્ય છે?

© RATILAL JOGIA

આમ દેવજીભાઈ આજીજી કરીને રામજીભાઈને વિનવતા હતા. તેમ તેમ રામજીભાઈ વધુને વધુ ઉગ્ર થતા જાતા હતા અને કહેતા હતા કે નજોયા હોઈ મોટા નીતી નિયમવાળા. તમારી દિકરીને પૂછો, જયારથી આ અમારા ઘરમાં આવિ છે ત્યારથી અમારા ઘરમાં પલીતો ચંપાય ગયો છે. સુખ શાન્તી હણાય ગયા છે. આજે તો ચોટલો જાલી ઢસળીને ઘરબારી કાઢી છે, પરંતુ હવે પછી વાવ કુવામાં ફેકી દઈશું, તમો બાપ દિકરી સમજો છો શું તમારા મનમાં ? અને આમ સામ સામે ઉગ્ર બોલા ચાલી થતાં જગડો વધી પડયો. દેવજીભાઈ એ રામજીભાઈનો કાઠલો પકળીને એક નહિ પરંતુ બે થપાટ રામજીભાઈને ચોળી દીધી. ઘરનાં બધા જોતા રહયા, બૈરાવો બધા સત્બ્ધ થઈ ગયા. રમાબહેન દોળીને તેના બાપુજી દેવજીભાઈને વળગી પળી અને બોલી કે બાપુજી આ તમોએ શું કર્યું ? આ અમારી અંગત બાબત છે, ઘરની વાત છે, આમા તમારે વચ્ચે આવવાની જરાય જરૂર નથી. તમોએ મારા દિયર રામજીભાઈ ઉપર હાથ ઉપાડયો તે તમોને શોભતું નથી. તમોને શરમ આવવી જોઈએ. માટે હમણાને હમણાં

અંહિથી ચાલ્યા જાવ. હવેથી બાપુજી કયારેય અમારે ઘેર ફરીવાર પગ મુકતા નહિ અને મુકોતો તમોને મારા સમ છે. મારૂં મળા મોઢુ જુવો તેવા સોગંદ છે તમોને. દેવજીભાઈ લાચાર નજરે પોતાની દિકરીને રોતી મુકીને ભારી હૃદયે ખીન્ન થઈને ચાલી નીકળ્યા. રામજીભાઈએ પડકાર કર્યો કે દેવજી શેઠ યાદ રાખજો સમય આવ્યે હું તમોને ભુલીશ નહિ તારી દિકરીની એવિ હાલત કરીશ કે તારી આંખે લોહિ આવિ જાસે. પીઠ પાછળ શબ્દોનાં બાણ લાગતા દેવજી શેઠ ફરીને એટલું જ બોલ્યા કે રામજીભાઈ ખરેખર મરદનો બચ્ચો હોઈ તો જરાય ઓછો ઉતરતો નહિ. હું પણ જોઈ લઈશ મારી દિકરી સાથે આવો વહેવાર કે અજુગતું પગલું ભરીશને તો હું તો કદાચ જાતું કરીશ પરંતુ ઉપરવાળો જરૂર તારા લેખા જોખા કરશે સમજયો. દેવજી શેઠે દિકરીને ઘેરથી ભારી હૃદયે વિદાય લીધી.

સમય સમયનું કામ કરે છે થોડા ટાઈમ પછી રામજીભાઈ અને તેના ઘરવાળા ધરાબેનને વાંધો પડયો બન્નેમાં અરસ પરસ અવિશ્વાસ પેદા થયો. એકબીજાની આંખોમાં જયાં પ્રેમ વરસતો હતો ત્યાં જેરનો અગ્ની પ્રજવલીત થયો. રોજે રોજ કાઈક ને કાંઈક નાની અમસ્તી વાતમાં રોજનાં કંકાસ જગડામાં દિવસો પસાર થવા લાગ્યા. રામજીભાઈ આમ તો ગરીબીમાં ઉછરેલા ભારખટારામાં પથ્થર ભરીને ભારખટારાનાં ફેરા કરતા અને ભારખટારો ચલાવતા ચલાવતા આજે મોટા કોન્ટ્રાકટર બની બેઠા. પાંચ પૈસાની મુળી જમા થતા થતા પોતાનો દિમાગ સાતમા આસમાને વિહાર કરવા લાગ્યો. બીજા માણસોને તુચ્છ સમજવા લાગ્યા. લાગણી અને પ્રેમના જરણા સુકાય ગયા. સમાજમાં હું મોટો છું, તેવો ભાવ મનમાં જાગૃત થયો અને હવે પોતાને પોતાનાં બૈરાથી નફરત થવા લાગી ત્યારે પોતાનું બૈરૂં દીઠે પણ ગમતું નથી. તેવો મનમાં અહેસાસ થવા લાગ્યો. હવે તે પોતે પોતાનાં બૈરા ધારાબહેન સાથે પણ રહિ શકે તેમ નથી. પોતાનું કોન્ટ્રાકટરનું કામ એવું હતું કે રોજ કયાંયને કયાંય બહારગામ જાવું પડતું અને જયારે બહારગામથી ઘરે આવે ત્યારે તરત જ ઘરમાં જગડો ચાલુ થઈ જાતો. પોતાની ઘરવાળી ધારા પણ માથાફરેલી અને પહોચેલી માયા હતિ. તે પણ પોતાની હાર કબુલ કરે તેવિ હતિ નહિ કે નમતું આપી દયે તેમ હતિ નહિ. મોટાભાઈ ભાભી જુદા રહેતા હતા.

© RATILAL TOGIA

હવે રામજીભાઈનો દિકરો જુવાન થયો હતો. દિકરીયો પણ ખાસ્સી મોટી થઈ ગઈ હતિ. પરંતુ રામજીભાઈનો વેવાર વાચાળ તથા હાથ સારા હતા નહિ માટે દિકરા દિકરીયુના સગપણ કરવામાં કયાંય મેળ પળતો હતો નહિ. માણસે પોતાની જીંદગીમાં આટલું સાબીત રાખવું જોઈએ. **પોતાની નજર, પોતાની જીભાન તથા પોતાનાં હાથ** આ ત્રણ વસ્તુ સાબુત હોય તો જીવનમાં ઘણા પ્રશ્નો સહેલા બની જાય છે. પરંતુ રામજીભાઈ પોતે આ ત્રણેય માં નબળા હતા. હવે અત્યારે તે સમાજ સામે જાતા ત્યારે તેમને પોતાને નીચા જોવા જેવું થતું. પૈસાથી જીવાતું નથી. આબરૂ ક્રેડીટથી જીવાય છે. તે બાબત રામજીભાઈની સમજમાં આવી

ગઈ હતી. પરંતુ જ્યારે માણસને સમજાય છે. ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. સમય સરી ગયો હોય છે. પોતાનો કાકાનો દીકરો ભદા જેવો હતો. માસ્તર મારેય નહી ને માસ્તર ભણાવેય નહી, તેવા માણસની સંગત રામજીભાઈને કરવી પડી.

કાકાના દીકરા રસીકભાઈના ઘરવાળાને પલાળી પલાળીને પોતાના પક્ષે લીધા. તેના ભાઈના દીકરા માટે માંગુ નાખવા લીલાબહેનને સમજાવ્યા. પોતાની દીકરીનું ગોઠવી આપવા લીલાબહેનના પગ પકડી લીધા. લીલા બહેને પોતાના ભાઈને સમજાવવા કોશીસ કરી, પરંતુ લીલાબહેનનાં ભાઈ બીકાવ હતા નહિ, પરંતુ અઠંગ વહેપારી હતા. જેટલો લાભ લેવાય તેટલો લેવા હંમેશા તૈયારી રાખીને આગળ વધતા. અત્યારે સગપણની વાત આવિ ત્યારે પણ ત્રીરાસી માંડી મૈંડા લાભાલાભનો હિસાબ માંડવા. પોતાનો દિકરો મનસુખ હજી તો ઉગીને ઉભો થયો છે, અભ્યાસ ચાલુ છે. જુવાનીને ઉંબરે પગ માંડવાની તૈયારીમાં છે. ત્યાં સગપણ લગ્નની વાત આવતા મનસુખ નારાજ થઈ ગયો. સામે પક્ષે છોકરી પણ પોતાથી ખાસી ઉમરમાં મોટી છે. છતાં તેને પૈસાનો મોટો દલ્લો મળે તો મનસુખનાં બાપુજી સબંધ બાંધવા તૈયાર થઈ ગયા. સામે રસીકભાઈ તથા લીલા બહેન પણ ખાસ ઉતાવળ કરાવવા લાગ્યા. નરેશભાઈને સમજાવવા લાગ્યા કે રામજીભાઈ મોટા કોન્ટ્રાકટર છે. મોટા મોટા પહાળ ખોદી નાખ્યા છે હવે તેનાથી પણ મોટા કોન્ટ્રાકટર મળવામાં છે. તમારી દિકરીની જીંદગી બની જાસે, રાજ કરશે રાજ, મોટી હવેલીમાં મહાલસે અને ફોરેનની મોટરૂમાં ફરશે અને મોટો બીજનેશમેન કહેવાશે. માટે હા પાડો, છોકરાને તેવો પોતાની પાસે જ રાખશે. મોટો કોન્ટ્રાકટરનો બીજનેશ શીખવાડસે, મોટો બીજનેશમેન બનાવશે, આમ કોણીયે ગોળ ચોંટાળીને રમાબહેન અને રસીકભાઈ પોરસાવતા રહયા.

RATILAL JOGIA

આ બાજુ નરેશભાઈ હિસાબ માંડતા હતા કે કેટલો દલ્લો મળશે. છોકરાને પૂછતા છોકરાએ ખુલ્મ ખુલ્લા કહિ દીધું કે તે છોકરી મને પસંદ નથી. પરંતુ હામ-દામ-ઠામથી છોકરાને કબજે કરી લીધો. જીંદગી બનતી હોય તો થોડુ જતુ કરવા સમજાવિ પટાવિને તૈયાર કરવામાં લાગી ગયા. પોતાનું મન ન હોવા છતા પણ છોકરાએ સગપણ માટે હા પાડવી પડી કેપછી ધરાર હા પડાવિને ચાંદલા વિધી આટોપી લીધી. હવે રામજીભાઈને પોતાના દિકરામાટે પણ નરેશભાઈનાં સગાવહાલામાંથી દિકરી પસંદ કરાવિને છોકરાનું ચોકઠુ ગોઠવવાની કોશીસ કરતા કરતા ચોકઠું ગોઠવાઈ ગયું અને આમ દિકરા દિકરી ખીલે બંધાય ગયા.

જાણે પહાડ જેવડો બોજો ઉતરી ગયાનો ભાવ મનમાં પેદા થયો. રામજીભાઈ તરત જ અભિમાનથી ખોંખારો ખાયને પોતાના સમાજમાં ધુમવા લાગ્યા. પોતે જાણે મોટો મીર માર્યો હોય તેમ બધે કેવા લાગ્યા કે આવતી સાલ દિકરા અને દિકરીનાં લગ્ન લેવાના હોય તેટાઈમે પધારશો. આવવું જ પડશે ચાલશે નહિ. ભારપૂર્વક હું આમંત્રણ આપવા જ આવ્યો છુ. તેમ

સમજશો જયાં જાઈ ત્યાં બધા રૂળુ મનાવે, એટલું જ બાકી, માઈલો અંતર આત્મા કબુલ કરે નહિ, કારણ કે રામજીભાઈનો ભરોસો થાય નહિ. પરંતુ પૈસા પાતર માણસ એટલે મોઢા ઉપર કોઈ જણાવે નહિ કે કહે નહિ. બાકી આબરૂ ક્રેડીટ વગરનો રામજીભાઈ એમ જ સમજે કે બધા મારાથી દબાઈ છે અને મારાથી દુબળા છે એટલે હું કહિશ તેમજ થશે એટલે લગ્નમાં જરૂરથી આવશે.

જોત જોતામાં સમય પસાર થઈ ગયો દિકરા-દિકરીના લગ્નની તૈયારીઓ થવા લાગી. સૌ પોતપોતાની રીતે તૈયારીમાં અટવાય ગયા ખુબ જ મોટો ખર્ચ કરવો, દરેક સગાવહાલાઓને તથા જ્ઞાતિજનોને લગ્નમાં તેડાવિને સૌને આશ્ચર્ય ચકિત કરી દેવા. એવા લગ્ન કરવા કે કયારેય આવા લગ્ન થયા નહિ હોય, **ન ભુતો ન ભવિસ્યતી.** ખોટા આડંબરની ઓથે ગરીબ સગાવહાલાની મજાક ઉડાળતાં, અભિમાનથી ધરતીથી અધર ઉડતાં, કોઈની આમન્યા નહિ જાળવવાનો જાણે પોતે ઠેકો લઈને લગ્ન આટોથી લીધાં. પરંતુ માણસ ધારે છે કાંઈ અને કુદરત કરે છે કાંઈ, પોતાનો દિકરો અને પોતાની દિકરી લગ્ન પછી બંને બેનભાઈ સ્વસ્છંદી બની ગયા. કારણકે બંને કજોળા હતા. અરસપરસ એક બીજાનાં મોઢા ગમતા હતા નહિ બંને કપલ અંદરો અંદર વિખવાદથી જીવતા હતાં. પૈસા ખાતર આ લગ્નની ગોઠવાણી થઈ હતિ, છતા રામજીભાઈ મુછમાં હસતા હતા, મલપતા હતા. પોતાના દિકરાએ ચોખ્ખુ જણાવિ દીધુ કે હવે આ નાટક બંધ કરો. સુખેથી જીવો અને જીવવા દયો પરંતુ રામજીભાઈ જેનું નામ, વહુનો પક્ષ લઈને દિકરાને કબજામાં રાખવાની પેરવિ કરવા લાગ્યા અને સામે પક્ષે દિકરીનો પક્ષ લઈને જમાયને હાથ જોડાવવાની એકેય તક જતિ કરતા ન હતા. છતાં થાગળ થીગળ પાંચ સાત વરસ વિતાવિ કાઢયા. પરંતુ આખરે મતભેદ જગડા કંકાસ સપાટી ઉપર આવિ ગયા. જમાઈએ ચોખ્ખુ જણાવિ દીધું કે સંભાળ તારી દિકરીને, પરંતુ ઘરનાં માણસોએ સમજાવટ કરી વાતાવરણ શાંત કરી લીધું. પરંતુ જમાય, અંદર ખાને તૈયાર હતો. ધંધાથી છુટો પડી ગયો. રામજીભાઈને બીજનેશ પોતાનો ચાલુ કર્યો પોતે મોટા મોટા માણસોની ઓળખાણથી પોતાનો બીજનેશમાં ફાવટ આવિ ગઈ. મૈડો કોન્ટ્રાકટ લેવા અને રામજીભાઈને બીજનેશમાં પછાડવા માટેની એકેય તક જતિ કરી નહિ. રામજીભાઈને દેવામાં ડુબાળતો ગયો. રામજીભાઈ પણ પાછળ પાની કરે તેવા હતા નહિ. જમાયની સાથે સામે દિકરીને ગોઠવિને તીર મારવાના ચાલુ કર્યા.

આમ બન્ને પક્ષે મોરચો મંડાય ગયો, આખરે જીતની બાજી હારમાં પલટાઈ જતી રામજીભાઈ જોય રહયા અને ફરીથી જમાયે કહિ દીધું કે આ તારી દિકરી અને આ તેની દિકરી બન્નેને સંભાળી લે. મારેને તારે કે તારી દિકરીને કશું નહાવા નિચોવવાનુ નથી. આજથી હું છુટો પરંતુ રાજીભાઈ એમ પોતાના જમાયને છુટો થવા દયે તેમ સીધા સાદા સ્વભાવે થોળા છે. પોતાના જમાય ઉપર મોટી રકમનો દાવો દાખલ કરીને જમાયને ધુળ ચાટતો કરવા કમર કસી.

© RATILAL JOGIA

દિકરી ને ફોસલાવિ પઢાવિને તૈયાર કરી કહયું કે તું હિંમત હારતિ નહિ, એ લોકો આપણું કાંઇ બગાડી શકશે નહિ. તે તો મગતરૂં છે, મગતરૂં એમ કહિ દિકરીને પાણી ચડાવિ રામજીભાઈ ફરી બાજી ગોઠવવામાં લાગી ગયા. જમાય પહોંચેલી માયા હતિ. તે રામજીભાઇનાં વિરોધી પક્ષોની પાસે જઈને તેમની મદત માંગી. પગે લાગીને વિનંતી કરી કે મને બચાવો મારા સસરા મને મારી નાખશે. કહેવત છે કે **દુશ્મન ના દુશ્મન મીત્ર,** આમ ફરીથી બબાલ બેવડાઇ ગયો. બને પક્ષે નમતું આપવું નહિ તેવો મકમતા અપનાવિ.

રાજીભાઈનો ખુદનો પોતાનો દિકરો પણ હવે રામજીભાઈને તકલીફ આપવા લાગ્યો. દિકરાએ ખુલ્લુ કહિ દીધું કે, જમાયનો પશ્ન પહેલા પતાવો, પછી આપણે બાપ દિકરો સમજી લઇશું. પોતાની ઘરવાળી અને મોટાભાઈની વહુ બંને દેરાણી-જેઠાણી એ પોતાનાં હાથનાં અંકોળા ભીડાવ્યા અને રામજીભાઈની જુની રામાયણનાં પાના ખુલ્લા કર્યા. અત્યારે રામજીભાઈની હાલત કફોળી સ્થિતીમાં આવિ ગયાનો અહેસાસ થઈ રહયો છે. રામજીભાઈ ન બૈરીનો ન બેટાનો ન વહુનો ન જમાયનો. દિકરી, જમાય, દિકરો, વહું મોટા ભાઈને ભાભી, દરેકને માટે અળખામણો અને લાચાર છે ત્યારે ત્યારે આ તમાસો કાકાનો દિકરો રસીકભાઈ અને રમાબહેન રસપૂર્વક જોઇ રહયા છે કારણ કે માસ્તર મારેય નહિ અને ભણાવેય નહિ. છતાં કોઇ પૂછે તો તો કહે છે કે આમા આપણે શું કરીયે.

બહુ જ ચગ્યો હોઇ પતંગ ત્યારે કોઈકતો તેની દોર કાપે જ ખુબ ઉંચે ચડાવતિ સીડી નીચે પણ લયાવી શકે છે. તે રામજીભાઈને સમજવું, જોયે ને તે ન સમજે એમાં આપણે શું કરી શકીએ. અત્યારે ભુરાટ થયેલા આખલાની જેમ અંહિથી તહિ ભટકતો રામજીભાઈ નાક ફુલાવતો ધુંધવાતો દરેકને કહેતો ફરે કે હું જોય લઇશ. પરંતુ હજી તેને ખ્યાલ જ નથી કે આ દિકરીની જીંદગીનું શું ? જમાય સામે મોરચો માંડતા પહેલા કોઇ જાતનો વિચાર કર્યો જ નહિ. રામજીભાઈ જેવા પસ્તાવો કરે ખરા ? અને કદાચ પસ્તાવો થશે. ત્યારે સમય સરી ગયો હશે. પાઘડીનો વળ છેડે આવિ ગયો હશે. ખુબ તાણવાથી ટુટી જાઇ છે તે વાત ચોકકસ છે.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૩ ડોલીની દિવાળી

જાયતાજ જાયતાજ જાયતાજ છે મમી, ઓ મારી વહાલી મમી. મમી, બસમાં અને ટ્રેનમાં રોજે રોજ આવડા આ બધા કયાં જાઇતા છે ? એક દિવસ બધા જેને જયાં પણ જવાનું હોય ત્યાં જયાવતા હોય તો ? આ તો દરરોજને દરરોજ કયાંકને કયાંક જાયતાજ છે. આવડા મોટા થઇ ગયા છે માણસો પણ સમજે જ નહિ ? સમજતાજ નથી, સમજવું જ નહિ એક દિવસ જયાવવાનું, રોજ રોજ શા માટે જાવું જોવે હે. આતો રોજે રોજ જાયતાજ છે ? હું કેવિ ડાહિ ડમરી, એક દિવસ મામાને ઘેર જયાવિ પછી કેટલા ટાઇમ થયા ગઇ જ નથી બોલો, અને આ લોકો, તોબા ભઇ રોજે રોજ, ખબર નથી પડતિ મને મારા મગજમાં આ વાત આવતિ જ નહિ બોલો કે, રોજે રોજ શું છે એક દિવસ જયાં પણ જયાવવાનું એટલે જયાવવાનું, પરંતુ મારી વાત સમજે છે જ કોણ મને ટીકીટ માસ્તરની બનાવેને તો મેં કોઇને બી ટીકીટ આપુજ નૈને એમજ કવ તમો કાલે જયાવીયા છો હવે તમોને ટીકીટ ની મલે. પછી જુવો કયાંય ગીળદીજ ની મલે, બધુ ખાલીખમ, આતો આ લોકો ટીકીટો આપ્યા જ કરે, આપ્યા જ કરે, પછી માણસો જાયા જ કરે ને ? બસમાં ટ્રેનમાં કયાંય જગ્યા જ ની મલે, અરે જગ્યાની કયાં કરોચ, બસમાં ટ્રેનમાં ચડવાજ નીમલેને બોલો, હવે તમોને મારી વાત સમજાઇ છે. કાયદો કરીને પોલીસવાળાને ઉભા રાખવા જોવેને કે કયાંય પણ માણસો એક વખત જયાવ્યા તેને હવે જાવા ની મલે જાવાનું જ નહિ બોલો પણ મને કોઇ પૂછે જ નહિ ને નૈતર હું કવ તેમજ થાય બોલો થાય જ ને ? પણ આપણું આ પેલા લોકો ચાલવાજ નૈ દયેને. બોલો શું થાય, અમો છોકરી થયા અને નાના ભુલકા એટલે મારૂં તો કોઇજ માને જ નૈને બોલો ?

ડોલી ઓ ડોલી શું કરે છે, ચાલ બજાર જાવું છે, મોડું થાય છે, જટપટ તૈયાર થઇ જા. ઉંહું, મમી મારે બજાર નથી જ આવવું. તું જયાવ, કેમ હમણા તો તું કહેતિ હતિ કે મમી દિવાળી આવે છે નવો ડ્રેસ લઇ આપ,ફુલજર લઇ આપ, હવે પાછું શું થયું. ચાલ જલદિકર મારી ડાહિ દિકરી, ડોલી કેવિ ડાહિ છે. ડોલી તને ખબર છે, આ વખતે તને મોટી ફુલજર લઇ આપીશ બોલ ચાલ તૈયાર થઇ જા જોવ ? હા હા મમી ચાલ હું અબી હાલ તૈયાર થઇ જાવ. પણ મમી મને

© RATILAL JOGIA

મોટામાં મોટી ફુલજર લઈ આપીશને, શ્યોર પકા પકા અને તમો માનસો હું ફટાફટ તૈયાર થઈને મમી સાથે બજાર જાવા ઉપડી ગઈ.

બાપરે મારકેટમાં તો શું ગીરદિ, શું ગીરદિ, વાત જ ન પૂછો. હું તો ગભરાય જ ગઈ. દુકાન ઉપર તો બોલવાજ નીમલે, જે વસ્તુ જોયેતે લખીને આપો ? એટલે પેલો વેપારી ચીજ વસ્તુનું પળીકુ પકળાવિદે. આપણે તો પૈસા ચુકવિ આપવામાં જ. પૈસા આપી દેવાના ભાવ તાલ પૂછવાનો જ નહિ. વાત કરવાની જ ફુરસત કોને નીમલે ને બધા જાણે આખુ ગામ ખરીદી ખરીદી કરવાજ મૈડીપૈળુ છે ? શું પાછી દિવાળી આવવાની નથી ? હું પણ મમીનાં કેવાથી ખરીદી કરવા મંડી પળી. મોટા મોટા બે થેલા ભરી દીધા, તમો માનસો મારૂં નાનકું રૂપકળું પાકીટ, એક ચોર જુટવવા આવ્યો. તેમાંથી માંડ માંડ બચ્યા મેં તો રાળારાળી જ કરતિ છ્વ ને, લોકો બધા ભેગા થઈ જાતાં. પેલા ચોર કયાં ગયો તેનો પતોજ નીમલેને મારૂં પાકીટ જાતા જાતાં બચી ગયું. હાસ માંડ બચ્યા, થેલા ઉપાડી મારકીટની બહાર આવ્યા. પસીનો પસીનો જ રેબજેબ, આખા પલળી ગયા, હું અને મારી મમી. તમો માનશો મને રોવું આવી ગયું. પણ હું કાંઈ એમ રોય થોળી પડું, મમીનું મોઢુ જોવા જેવું થઈ ગયું, લાલ ચોળ. મેં મમીને કહયું ચાલ સામે ગન્નાનો રસ મલે છે, ત્યાં બેસીને રસપીયે અને થાક પણ ઉતારીયે. તમો માનશો મમી માની ગઈ મને મારી મમી ખુબ જ ગમે છે. કેવિ ડાહિ છે અસલ મારા જેવિજ, મારા પાપા પણ એમજ કેઈ છે.

બોલો રીક્ષા...ઓ રીક્ષા.... પણ રીક્ષાવાળા સામુ જ નીજુવેને, બોલો કેમ જાણે આપણને મફતમાં લઈ જાવાના હોય, એમ તો મારકીટમાં પણ જાણે કેમ મફત ચીજવસ્તુ મલતી છે. ચીજવસ્તુ લેવા બધા ઉમટી જ પડયા છે, બોલો માંડ માંડ એક રીક્ષા વાળો મલીયો. બેરૂપિયા વધારાના આપીને ઘેરે આવ્યા. મમી કે ડોલી હાથ મોઢુ ધોયને ફ્રેસ થઈજા, પછી આ થેલા ખોલીયે. એમ નકી કરીને હું ફ્રેસ થવા ચાલી, મને એ જ વિચાર આવતા છે કે આજે મારકીટમાં ગળદી છે એટલે આવતિકાલે ગીળદી નીમલે ગીળદી પરંતુ દરરોજ ગીળદીતો હોય ની જ છે. મમીએ બુમ પાળી, ડોલી જલદિ બહાર આવ તારી ફુલજર કયાં, હું બહાર આવી બાથરૂમમાંથી, ને યાદ કર્યું કે મમી ફુલજર તો લીધી જ ની હવે હવે કાલે ફરી પાછુ મારકીટ જાસું ત્યારે લયાવસું તારા માટે ફુલજર હો. એમ દરરોજ મારકીટે જાવું જ પડે સમજ પડી બોધાંવ, ઠીક ત્યારે ચાલો મારકીટ જાતા પહેલા સૌને સાલ મુબારક નુતન વર્ષાભીનંદન ડોલીના, હોકે.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૪ ગળગળીયું

**‘‘સજજનને તો એક છે,**
**વિષધરને બે પાસ,**
**દુર્જનને જીભ કેટલી,**
**તેનો ન મળે કયાસ’’**

**‘‘ઠુમક ઠુમક નાચો વગાળો કરતાલ,**
**ભલે મરે પબ્લીક પાણી વિના,**
**પાડો હડતાલ’’**

ખરેખર આપણો કોઈ દુશ્મન હોય તો તે આપણી પોતાની માંના પેટમાં પેદા થયેલો આપણો જ ભાઈ હોય છે. દુશ્મન ચાર પ્રકારના હોઈ છે. એક આપણો ભાઈ, બીજો આપણો પળોશી, ત્રીજા આપણા સગા-વહાલા, ચોથાની વાત જરા સૌ કોઈને વિચીત્ર લાગશે છતા સાચી જ વાત છે કે જે સ્વિકાર વિજ રહી તે છે આપણા ઘરમાં લયાવેલ પારકી દિકરી. જેને આંખની ઓળખાણ ન હોય કાંઈ લાગતું વળગતું ન હોય, તેને આપણા ઘરની વહુ બનાવિને લયાવિયે, તેને આપણી આપણી કરીને હરખાઈ યે, મંડીયે ફેર કુદરડળી ફરવા, તે કન્યા જયારે રમત રમી જાઈ, દગો ફટકો કરીલ્યે, ત્યારે જરાય નવાય પામવી નહી. કારણ કે તે કન્યાને અને આપણને શું સબંધ હતો. પહેલા કે આપણે તેને આપણો દિકરો, જીગરનો ટુકળો, આંખનું રતન, ભણાવિ ગણાવિને જુવાનીનાં ઉંબરામાં આંખોમાં અનેક સ્વપનાં ભરીને દુનીયા સામે મીટ માંડીને ઉભો થતો હોય, ત્યાં આવનાર કન્યાને સોંપી દઈયે, આપણા ઘરની તમામ માલ મીલકતની તેને માલકણ બનાવિ, તેને આપણું સર્વસ સોંપી દઈએ, પછી જે આપણે ફુલાઈને ફાળકો થતા હોઈએ અને ફેર કુદરડી ફરતા ફરતા ફુલ્યા સમાતા ન હોઈએ તે જ બાબતે અવળી ગંગા વહેવા મંડે, હવે તેજ કન્યા આપણને ફેરકુદરડી ફેરવિને આપણને હતાસાની ગર્તામાં ધકેલી દયે, જેની આપણે કલ્પનાં પણ ન કરી હોય, કે તેવો આપણને ધકો મારી ધકેલી દેશે. ત્યારે આપણે નવાય પામવા જેવું જરાય નહિ હોય, કારણ કે સાવ પારકી જાણીને આપણે

RATILAL JOGIA

પોતાની કરવા ગયા ત્યારે તેનીયેજ આપણને પોતીયાભર કરી દીધા હોય છે અને તે પણ આ જમાનામાં નહિ, આ તો આગુશે ચાલી આતિ હૈ ? માટે ધ્યાનમાં રહે કે

**૧. પહેલો દુશ્મન માંના પેટમાં પાકે છે ?**

**૨. બીજો દુશ્મન પળોશી થઇ શકે છે ?**

**૩. ત્રીજો દુશ્મન આપણા સગાવાલા હોય શકે છે ?**

**૪. ચોથા આ આપણા ઘરની માલકણ, તેને કેમ ભુલાય ભલા ?**

બૈરાનું તો એવું છે કે ભૈરૂ નાળીયેર છે, નીવળ્યે વખાણ. નાળીયેરના પાંચ પ્રકાર હોય છે, ખોરૂ ટોપરૂ પણ નીકળે, કોહવાય ગયેલું પણ હોય શકે, પાણી ભરેલું સ્વચ્છ પણ હોય શકે, યા તો સુકાયને ચીમળાય ગયેલુ. **''ગળ ગળીયું તો ખરૂં જ''**. **સમાજને ખોટું નથી નડતુ,** નડે છે તો સાચુ નડે છે. આપણને ખબર છે કે સત્ય હમેશા કડવું અને મોંઘુ હોય છે. કયારેક કયારેક હદબહાર કડવું અને મોંઘામાં મોંઘૂ હોય છે ? સત્ય એટલા માટે નડે છે કે બીજાના ચીતરીયા ને ભીતરીયા ઉઘાડા થાય છે. માટે સત્યને છુપાવવામાં આવે છે. આપણે કોઇને કહીયે કેવરસાદ નથી થયો, પાણી નથી, તો ઠીક છે હશે, જેવિ ઠાકોરજી ની મરજી એમ કહિ હાથ જોડીને બેસી રહિશું. પરંતુ પાણી છે છતે પાણીયે આપણે પાણી વગર ટળવળવું પળે તે સત્ય નગ્ન. સત્ય સહન ન થાય માટે પબ્લીક રોડ ઉપરઆવિ જાય. તેમ ઘરમાં પણ જાના-દુજુ થાય, છુપાવવાની કોશીશ થાય, તે પણ કારણ વગરની કરમપીડા ઉભી કરવામાં, જેને જરાય આંચકો ન લાગે ત્યારે તે સત્ય ખરેખર ખટકે છે ? કહેવાય છે કે **''પાપ છાપરે ચડીને પોકારેછે''** તે વાત કદાચ સાચી હશે, પરંતુ સત્ય તો આકાશમાંથી ટપકે છે, ત્યારે તે સત્ય સહન કરવું ભારી પડી જાય છે ? ખોટું કરવાવાળા કદાપી પાછી પાની કરતા નથી અને કરશે પણ નહિ, કારણ કે, **''હું મરૂ પરંતુ તને રાંડ કરૂ''** આ નીતી-નીયમથી તેવો ને ચાલવું હોય છે, ત્યારે જેમ દિવસ થતાં અંધારૂ છુપાય જાઇ છે, તેમ ખોટુ કરવાવાળા ખુલ્લા પળી જાય છે. ખાનદાની જેની આંટો લઇ ગઇ છે, તેવા ખાનદાન ખોરડાની ઉચા ઘરાનાની વહુવારૂ હોય છે, તેની ખબર ઉમર થતા પછી જ ખ્યાલ આવે છે. જુવાનીના જોશમાં પીળું તેટલું સોનું છે કે કેમ તેની ખબર પડતી નથી. પરંતુ લાંબે ગાળે જેનો ચળકાટ ઓછો થઇજાય છે અને ખબર પડે છે કે આતો ખોટુ છે ત્યારે તેનો મોહ જતો રહે છે, કહેવાય છે કે **''જર જમીન ને જોરૂ, તે કજીયાના છોરૂ''** તે સત્ય છે. **''અતિ સ્વરૂપવાન ભાર્યા દુશ્મન પેદા કરે છે''** કયારેક ધરમ કરતા ધાળ પડે છે, કારણ કે બીજાના ખેતરમાં **''ગાય''** ચરતિ હોય, તેની રાવ ફરીયાદ ખેતરના માલીક ને જઇને કરાય નહિ, કદાચ કરીયે તો ખેતરનો માલીક પેલી ગાયને મારી મારીને ગાયનાં હાડકાં ખોખરા કરી નાખે. આપણને જેમ આંગળી ચીંધવાનું પૂણ્ય મલે તેમ **''પાપ''** પણ મલે ખરૂ. પછી તે ભલે સત્ય હોય, પરંતુ તેવું સત્ય ઉઘાળુ કરાય નહિ, તે સત્ય તો છુપાવવું જ પળે. અગર

© RATILAL JOGIA

**''નરોવા કુંજરોવા''** કરવું જોયે તો કદાચ ઉગરી જવાય, પરંતુ '' મને ખબર નથી'' એટલું શીખવા માટે જીંદગીના વર્ષો ઓછા પળે છે, તેનું શું ?

એક બહેનને વહેમ થયો કે મને પગની પાનીયે ઉંદર કરડી ગયો. વહેલી સવારે પેલા બહેનને તેના ઘરવાળાને ઉઠાળીને કહયું જૂવો પથારી લોહિવાળી થઈ ગઈ છે, કદાચ મને ઉંદર કરડી ગયો લાગે છે. માટે જલદી જઈને ડોકટર સાહેબને બોલાવિ લયાવો. પેલો ભાય કહયાગરોકંથ ખરો, એટલે મોઢુ ધોયા વગર ઉપડયો ડોકટરને બોલાવવા અને જપાટા બંધ ડોકટરને બોલાવિ લાવ્યો. ડોકટર આવ્યા અને પૂછયું કે પેસન્ટ કોણ છે, ત્યારે પેલા ભાઈએ કહયું કે આ તમારી સામે છે તે જતો પેસન્ટ છે. ડોકટર કહે ઠીક છે, શું થાય છે ત્યારે પેલા ભાય બોલ્યા કે તે મારા પત્ની થાય છે. ડોકટર પેલા ભાયની સામે સામે જોઈ  રહયા. આ મારી બૈરીને ઉદર કરડી ગયો છે. ડોકટર કહે અછા શું નામ ? ત્યારે પેલાભાઈ બોલ્યા કે નામતો નથી પૂછયું ઉંદરનું અમોતો સુતા હતા ને ત્યારે કરડી ગયો લાગે છે. ડોકટર વિચારમાં પડી ગયા ફરી પુછયું ઉમર, ત્યારે પેલાભાઈ તાળુકયા કે ડોકટર સાહેબ જેનું નામ પૂછયું નથી, તેની વળી ઉમર કયાંથી પૂછી હોય, તમો પણ ખરા છો. ડોકટરને હવે લાઈટ થઈ કે આતો રમુજ કરવાનું ઠેકાણું છે. માટે ડોકટર પોતે પેસન્ટની સાથે રમુજે ચડયા અને કહયું કે કેવળો હતો. ત્યારે પેલાભાયે કહયું કોણ કેવડો હતો. અમારા ફળીયામાં કેવળો નથી અને ગુલાબ પણ નથી. અમારૂં ફળીયુંતો ચોખુ ચકણ છે, ડોકટર કહે ઠીક છે મેલ કે ફીમેલ, ત્યારે પેલાયે કહયું કે મેલ નહિ મેલની ટીકીટ મલતી જ નથી. આતો એકસપ્રેસની ટીકીટ કઢાવિ છે. મેલનું રીજર્વેશન કયાં મલે છે. ડોકટરે કહયું કયારે કઢાવિ, પેલાભાઈએ કહયું કઢાવિ નહી, કપાવવા મોકલ્યો છે ટીકીટ તો પછી આ કઢાવિનું શું છે. કઢી તો રાત્રે બનાવિ હતિ, રોટલા કઢીને ખીચળી જમીને સુઈ ગયેલા અને વહેલી સવારે આને ઉંદર આભળી ગયો. જુવોને પથારી પણ લોહિનાં છાંટણાવાળી થઈ ગઈ છે. જરા દયાનથી જૂવો ડોકટર સાહેબ અને દવા આપો. ડોકટર સાહેબ તમો એમનમ ડીગરી ધારી ડોકટર છો, મારી ઘરવાળીને કાંઈક થઈ જાસે તો પછી મારૂં કોણ, કેમ ઘરમાં ભાઈ બાપ નથી? છે છેતો ખરા પરંતુ અમો તો તેનાથી જુદા રહિયે છીયે. ડોકટરે બહેનને તપાસ્યા પછી કહયું કે આ બહેનને અત્યારે જ હોસ્પિટલે લઈ જાવ કારણ કે આને ઉંદર બુંદર નથી કરડયો આતો **''મીસ થઈ ગયું છે''** સમજયાને, પેલાભાઈ ડોકટર સામે મોઢુ ફાળીને જોઈ રહયા અને કહયું કે ડોકટર સાહેબ અમો પરણ્યાને ત્યારે જ આ મીસમાંથી મીસીસ થઈ ગયા છે. તમો કેવા ડોકટર છો અને ડોકટરે બે ગોળી આપીને ગળી લેવાનું કહયું, તો પેલાભાઈ ગળીનું પળીકુ લયાવ્યા અને ગળી સાથે જબરજસ્થીથી ગોળી પીવડાવિ દીધી પછી પછી **'સીતારામ'**આને આપણે શું કહિશું ? સાચુ કે ખોટુ કે પછી ''ટાઢે પાણીયે સુજ્ઞ વાચક ઉપર છોડી દઈએ જે સમજાય તે ખરૂં, સમજાણ સમજાણ નો જેટલો ફરક છે તેટલો જ નજર નજરનો ફરક છે, ઘરમાં ચાર

© RATILAL JOGIA

પ્રકારનાં બૈરા હોય છે. તે દરેક બૈરા જ છે. માં, બહેન, દિકરી, ઘરવાળી છતાં માં-બહેન દિકરીસામે જોવામાં કેવિ નજરથી જોઈએ છીએ અને ''આને કઇ નજરથી જોયે છે, છે તો ચારેય બૈરાજ, પરંતુ નજરનો ફરક કેટલો છે અને તે ઈશ્વર ગત જ છે. ખરાબ દ્રસ્ટી કરી હોય તો પણ થઇ શકે નહિ.

જેમ આપણે પાણી પીવા માટે, પાણીનું પવાલું હાથમાં લઈયે કે તરત જ ખ્યાલ આવિજાય કે અરે આ પાણીમાં તો કચરો છે. ચોખ્ખું નથી. માટે આ પાણી પીવાય નહિ. જમવામાં પણ તેમજ, જમવા બેઠા હોઈએ ત્યારે કાંકરી આવે કે વાળ આવે એટલે તુરત જ બ્રેક લાગી જાય. શું આપણે જમી શકીયે નહિ. આ બધુ ઈશ્વરીય સંકેત નથી. આપણે સમજી શકીયે છીએ, તેમ ઘરમાં પણ ચાર પ્રકારનાં બૈરા હોય છે તેને પણ આપણે અલગ અલગ દ્રસ્ટીથી જોઈએ છીએ. જે માં એ શુકામાં શુવાળી, પોતે ભીનામાં સુતિ, તે માંને આપળે ભુલી જાઈએ. છીએ જે બહેને પોતાનો ભાગ જાતો કરી, નાના ભઈલાને કાંખમાં ઘાલી ને વજન ભઈલાનો ન ઉપાડી શકે તોય રમાડયો, પોતાનો ભાગ ખવડાવ્યો, પ્રેમથી ખવડાવિ દીધો પોતે ન ખાધો, તેવિ બહેનને આપણે ભુલી જાઈએ. પોતાની દિકરી બાપ માટે નીચોવાય જાતિ હોય, બાપુ બહારગામ ગયા હોઈ, ઉંબરે ઉભેલી દિકરી બાપુની રાહજોતિ હોય, હજી મારા બાપુ આવ્યા નહિ. સાંજ પડી ગઈ, અંધારૂ થઈ ગયું, આવવા દે બાપુને એટલે તેને ખીજાઈસ, હું રીસાય જાઈસ, પછી બાપુ મને મનાવશે, પછી હું માની જાઈસ. બાપુના ખોળામાં દોળતીકને બેસી જાઈસ, ગાલ ઉપર બેક ટપલી લગાવિ દઈસ, મુછ હસે તો ખેંચીસ, અગર કાંન ખેચીંસ, છાતિમાં બેક ધુમ્બા મારીસ, ત્યારે બાપુ મને વાલીવાલી કરશે, મીઠી ચુમી ભરસે, મારા માટે ભાગ લયાવ્યા હશે, રમકડા લયાવ્યા હશે, તેહું લઇ લઈસ અને મારા નાનકા ભઈલાને જે જોસે તે તેમાંથી આપી દઈસ. મારો ભઈલો મારા જીવથી પણ મને વધારે વહાલો છે, મારે ભાગ નથી જોતો એમ મનમાં ને મનમાં નકી કરીને નાનો ભઈલો જયા સુતો હશે ત્યાં પંહોચી જાસે, પ્રેમથી તેને જગાડશે ઉઠાળશે અને બાપુ લયાવેલ ભાગ બતાવશે કે ભાઈલો તરત જ ભેંકળો તાણસે તે આમાંથી શું લીધું શું ખાધું જોવા દે તારૂં મોઢુ ખોલ, બેનડી મનાવસે લાખવાના કરશે. છતાં બેનની કિંમત ભઈલો નહિ કરે, છતાં પણ, જરાય મનમાં ઓછુ લયાવ્યા વગર ભઈલા ને વાલીવાલી બહેન કરશે. તેવિ બહેનને ભઈલો ભુલી જાસે, ટાણું આવ્યે બેન ઉંમર લાયેક થતાં થતાંમાતો આપણે તેને બીજાને ઘેર મોકલી દઈયે છીએ, ત્યારે ગમે તેવો પથ્થર હૃદયનો પૂરૂષ, પુરૂષ મટીને બાપ બનીને રોઈ પળે છે. તેની આંખો માંથી ટપક-ટપક આંસુળાવો પડે છે તે બાપ પણ દિકરીના ગુણ ભુલી જાય, છતાં કહેવાય છે કે દિકરી બીજા માટે જન્મે છે એટલે કે બીજાનાં નસીબની થઈને જન્મે છે, એક જ ઘરની બે ત્રણ બહેનો તેમનાં બાપને ઘરે સરખા હાવભાવ સ્વભાવની હશે, પરંતુ તેજ દિકરી સાસરે જાશે ત્યારે, મારે કાંઈ પણ ભાગ નથી જોતો, મારા



© RATILAL JOGIA

ભઈલાનું ઘર છે એમ કહિને તેને બધોભાગ આપીને પોતે પેલા **''મુગટલાલ''**ના નશીબ પ્રમાણે પલટી ખાય જાસે.

આગળ કહયા પ્રમાણેનું વાણી વર્તન દિકરી બાઈનું થઈ જાશે, આને આપણે શું કહેશું ? નશીબની બલીહારી જ તો, કે બીજું કાંઈ, છતાં પારકે ઘેર જઈને કોઈ સાવિત્રી બને, કોઈ જગદંબા બને, કોઈ ગંગા બને, કોઈ સીતા બને, અરે કોઈ ''ગીતા''બને, કોઈ ચંડીકા બને, કોઈ દુર્ગા બને, કોઈ સરસ્વતી પણ બને, પરંતુ નર્યુ સત્ય દરેકને કઠે છે. રોજે રોજ શીરો જલેબી ખાય ખાયને કંટાળી ગયેલો માનવિ રોટલા ખોચડીની માંગણી કરે જ છે. તેને ખીચડી રોટલાનો અભાવો આવતો જ નથી. પરમેનેન્ટ મીઠાસ તેમાં મારા વાલાજીએ મુકી છે જીંદગી આખી ખાય શકાય છે. છતાં રોટલા રોટલીનો અભાવો આવતો નથી, તેમ ગૃહસ્થી જીવન અપનાવિ સાદાયથી ધર્મ ચુસ્ત સમદ્રષ્ટીથી જીવતાં શીખેલી દિકરીયું બંને કુળને ઉજાળે છે.

કોક બારોટ કવિયે કહેલું કે **''જેનીયે દીઠુ નથી બાપ ઘેર'' ''તે શું પીરસે આપ ઘેર''** જેનીયે પોતાના બાપને ઘેર કાંઈ દીઠુ નથી, તે પોતાને ઘેર જઈને શું શકર વાળવાની, તે તો **''નખરાળી નાર''** બનીઠનીને બીજાની અદેખાય કરીને, હું બધાથી ચડીયાતિ છું, તેમ માનીને મનોમન મલકાતિ હોય છે, તે બીજાને નડે છે. પોતાની તથા પોતાના બંને કુળની આબરૂનાં લીરે લીરા ઉડાવીને ધજાગરા ફરકાવે છે. પોતાના **''ધણી''** બહાર પબ્લીકમાં અને સગાવહાલામાં લાખોનો થઈને ફરતો હોય, તેને ઘરમાં કીંમત વિનાનો અને કાંખનો કરી નાખે છે અરે **''પુજવા લાયેક'' ''માતા પિતા''** સમાન સાસુ-સસરાને અપમાનીત કરીને હળધુત કરતાં જરાય પોતે ક્ષોભ અનુભવતિ નથી. તેવિ ''સાપણ જેવિ નાર'' પણ પોતાનાં ઘરને પતનની ગર્તામાં ધકેલી ને ઉખાળી નાખે છે. નારી ચાર પ્રકારની હોય છે. સતિ, સંખાણી, સાપણ, સદગુણી. કહેવાય છે કે ....

**''ઉચો જોયો બળદીયો અને**
**નિચા જોઈ નાર,**
**બાળી મુકે ઘર બાર ''**

છતા પરીવર્તન નશીબ જોગે આવે પણ છે, ઘણી વખત હલાવવાને વાંકે દાજતું હોય છે. દુધપાક ચુલે ચડાવ્યો હોય તેને સમજીને હલાવ્યે રાખવો પડે છે. જો ન હલાવ્યો તો દુધ દાજી જાય છે. પછી તે દાજેલો દુધ પાક ખાય શકાતો નથી. તેવિ જ રીતે ઘરમાં પણ વાતાવરણ એવું ગોઠવીયે કે હલાવતા રહીયે તો સૌ સારૂં થશે તેમ માનીને ચાલતા હોઈયે ત્યાં પેલી ચંડીકા આવે અને મંડે **''હલબલાવવા''** અને તપેલું ઉંધુવાળી દયે, ઉજાળી નાખે તો તેને આપણે શું કહેશું? નસીબના ખેલ કે બીજું કાંઈ ? પરંતુ દરેક બાબતમાં નસીબના સહારે જીંદગી જીવાતી નથી. દિવો લઈને ધરાર કુવામાં પડીયે તો કોણ રોકવાવાળું છે. કહોઈ છે કે, દરેક સફળ પુરૂષની

© RATILAL JOGIA

પાછડ એક સ્ત્રીનો સહારો હોય છે. તેમ નીષ્ફળ પુરૂષની સફળતાનો અપયસ પણ સ્ત્રી ને ફાળે આવે છે, પછી ઉપર લખેલી ચારમાંથી કોઈ એક સ્ત્રી તો ખરીજ, તેમાં વધારે જવાબદારતો **''ભાગવાન''** જ હોય છે. માં તે તો માં જ છે. તેને અપયસ આપવાનું કારણ તો ગોતવું પડે, સમજોને કે ઘાંસની ગંજીમાંથી સોય ગોતવા બરાબર છે, પરંતુ જસ અપજસ તો **''ભાગવાન''** એટલે કે, સ્ત્રી ના નસીબે ટીકાની જેમ ચોટેલો જ રહે છે, રામાયણ મા ભલે લખેલું હોય કે , **''જીવન મરણ જસ અપયશ, વિધી કરે હાથ''** પરંતુ તે વાત કોઈ યાદ કરે નહિ. અળીયો દળીયો વઢકાણી વહુને ભાગે જ આવે. એટલે તો કહ્યું છે કે......

**ઓછું પાત્ર ને અદકેરૂં ભણચો,**
**ઉંટને ઉકરડે ચડ્યો,**
**ભસુ ને વળી વિંછી કરડ્યો,**
**વઢકણી વહુ એદિકરો જણ્યો.**

આ ચારેય વાતાનો અભ્યાસ કરવા જેવો ખરો, બાકી કોક સતિ સાવિત્ર બીચાળી સસુરાલ માં અનાજની જેમ પીલાય જાઈ. હસતે મુખળે બુધું સહન કરતિ જાય. દુઃખ હૃદયમાં દબાવીને મીઠું મીઠું બોલીને દરેકનું માન મેળવવા. અળધી અળધી થાય, છતાં કોઈ મોકો જાવા ન દયે અને હળધુત થયા કરે. માવતરની શીખામણ પુરેપૂરી ધ્યાનમાં રાખે, કે દિકરી અનાજની જેમ દરાય જાજે પરંતુ કાંકરીની જેમ નીકળી નહિ જાતિ. તે નીતીથી જીવતિ, કોઈને કશી રાવ ફરીયાદ કરે નહિ. નાળીયેર ની જેમ સુકાય ને ઠપ થઈ જાઈ. કારણ કે, ''કાંકરીનાં માર્યા ન મરીયે, અમો મેણાના માર્યા મરી જાશું રે'', શરીરની માલીપા હાડકા ખખળે હાડપીંજર શું શરીર થઈ જાય, સામે મલે તો ડરી જવાય તેવું શરીર સુકવિ નાખે, જેમ સોનું તપાવિયે, ગાળીયે, શુધ્ધ કરીયે પછી જ તે પ્યોર સોનું કહેવાય, તેમ પેલી ''સાવિત્રી'' પણ પોતાની જીંદગી સામે શરીરની પરવા કરીયા વગર શરીર ખપાવિ દયે. ત્યારે ત્યારે સાચુ શ્રી ફળ વધેરાય જાઈ અને તેનો પ્રસાદ વહેંચાઈ જાય. પરંતુ ખોટુ શ્રી ફળ ગળગળીયું, શ્રી ફળ મોતિથી, ભરતગુંથળ થી મોતિળે મઢાય જાય. મોતિળાની રૂપકળી ઈંઢોળી ઉપર સવાર થઈને **''સો''** કેઈસમાં ગોઠવાઈ જાઈ. ત્યારે સમાજ વખાણ કરે કે નાળીયેરમાં જુવોતો ખરા કેવા મોતિળા ભર્યા છે. શું મોતિળાથી નાળીયેર ગુંથાઈયું છે, પરંતુ તે વખાણ કરવાવાળાને ખબર નથી કે બાપલા સાચું શ્રી ફળ નાળીયેર તો વધેરાય ગયું છે. આ શ્રી ફળ નાળીયેર તો ગળગળીયું છે. બાપલા ગળગળીયું.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૫ હનીમુનની હરકતો

પૈણી ગયોને વાત પટી, આ બટો ને તે બેટી,
કંસાર ખાધા પછી આઈસક્રીમની કરે જટા જટી,
પછી ડીસ છટકી પડી નીચે ગઈ ટુટી,
સગા વહાલાના સંગાથે પાછી પીધી ફ્રુટી,
ગણપતિ દાદાને પગે લાગી ગોતવા બેઠા વિંટી,
જટા જટી કરી કોડીયે રમ્યા પછી ગયા લેટી,
સવાર પડયું ને કુકડો બોલ્યો પળી, રયો, ને લેટી,
કેમ હનીમુનની તૈયારી કરી જાવુ નથી ઉટી,
બર્ફીલા પહાડો, સ્નોનો વરસાદ, જલ્દી કરો છુટ્ટી,
પૈસા પુરા ખર્ચો કરીને આવ્યા, અહિ કેમ જાસુ છુટી,
જરૂરથી વધુ ફર્યા હવે ઘરે પુગીયે ખુબ મજા લુટી,
ફરી પાછા જરૂરથી જાસુ ફરવા, સ્તો, ઉટી,
સૌરાષ્ટ્રે  સોમનાથ ગયા લેંઘો જભ્ભો લપેટી,
મુળ ગામ પોર ને માલ બાપાના આશીસની ભરી લોટી,
ઘરે આવ્યા ત્યાં હોળી આવિ, જોયુ ત્યાંતો, પ્રગટાવે, ઘરઘાટી,
જલદી જલદી તૈયાર થઈને દુકાન ખોલી મોટી,
બોસ બગડયા કરી રાડા રાડ ઉગામી સોટી,
હવે મોડુ નહિ થાય ભાઈ સાબ પકડળુ કાનની બોટી,
પછી, પછી, શું ખાધુ પીધુ ખેરસલ્લા કમાવવા લાગ્યા રોટી,
મજબુરીનું બીજુ નામ તે ગુલામી કહે લાલ રતી,

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૬ ગર્દભની આગળ ગાજર બાંધી દયો ????

યા હોમ કરીને પળો ફતેહ છે આપણી. રાજકારણીઓ પોતે તો કુવામાં પડતા નથી પરંતુ બીજાને સુફયાણી સલાહ આપવામાં જરાય પાછી પાની કરતા નથી. શા માટે કરે, સલાહ આપવિતો મફત છે ને અને તે આપવા માટે જ છે માટે આપ્યા જ રાખે છે. કહેવાઈ છે કે આપણા દેશમાં એક લોખંડી પુરૂષ થઈ ગયો, તે ખરેખર લોખંડી હતો જ તેમાં બે મત નથી જ માણસ ખાસ બે પ્રકારનાં હશે, એક લોખંડી તથા બીજા લાકડા જેવા. લાકડા જેવા માણસને કોઈ કરતાં કોઈ પહોંચી શકતું નથી, કારણ કે લાકડું કદાપી ગરમ થાય નહિ. ગરમ થાય નહિ, તે નરમ પડે નહિ, નરમ પડે નહિ તે વળે નહિ, લાકડું સળગી ઉઠે પરંતુ તે ગરમ થઈને નરમ થાય નહિ ? અગર વાળવું હોય તો વળે નહિ, માટે પોતે લાકડું સળગીને રાખ થઈ જાઈતો બહેતર. પરંતુ તે વળે નહિ,વળે નહિ માટે તેને પહોંચી શકાય નહિ ? લાકડું અવાહક છે, વિજળીનો પ્રવાહ પણ તેમાંથી પસાર થઈ શકતો નથી. ત્યારે લોખંડ ગરમ થઈ શકે છે. ગરમ થતાં તે લોખંડ નરમ થાય, નરમ થતાં લોખંડને જે ઘાટ આપવો હોઈ, જેમ વાળવું હોય તેમ વાળી શકાય છે. માટે એને પહોંચી વળાય છે. માટે લોખંડી માણસ સારો, પરંતુ લાકડા જેવો માણસ સારો નહિ, આપણા દેશનાં આ લોખંડી ‘‘પુરૂષ’’ હતા એટલે તેનીયે પોતાનો હક જાતો કર્યો અને ગરમ થતાં નરમ થયા અને વળી ગયા. વળી ગયા માટે, તેનું પરીણામ હજી સૌ ભોગવે છે, જે લાકડા જેવા હતા તે આગળ આવિ ગયા. સત્તા હાંસલ કરી લીધી, એટલે જ ઘણા દાયકા વિતિ ગયા છતાં હજુ એકેય પ્રશ્ન નો નિકાલ થયો નથી, અગર તો લયાવતા નથી. પરંતુ લોખંડી ‘‘પુરૂષે’’ સત્તા હાંસલ કરી હોત તો ઈતીહાસ કદાચ જૂદો જ લખાત, એટલા આપણે કમભાગ્ય ખરા કે આપણે હજી ભોગવિયે છીએ, કહેવાઈ છે કે ‘‘શીંદરી’’બળી જાઈ પરંતુ તેનો વળ ચઢેલો જ હોય તે વળ છુટે નહિ. શીંદરી બળી ગયા પછી પણ અંગારામાં પણ સ્પસ્ટ વળ જોઈ શકાય અને અંતે રાખ થતાં સર્વે જગ્યાએ ફેલાઈ જાય. કદાચ કોઈની આંખમાં પણ તે રાખ પડે અને આંખમાં કણાની જેમ ખુચે પણ ખરી, કારણ કે શીંદરી પણ લાકડાની માસીયાય બહેન થતિ હશે, માટે જ તેનો વળ છુટવા દયે નહિ, આપણા કમ ભાગ્યે આવડા મોટા મહાન દેશમાં એવો એક પણ અવતારી આદમી નથી પાકયો કે મુળ પ્રશ્નો નો નિકાલ કરી શકે. અત્યારે તો

©
RATILAL JOGIA

ઉલટાના પ્રશ્નનો ઉભા કરીને કોકળું ગુચવવામાં જ સર્વેને આનંદ થતો હશે.

અમારા ઓળખીતા ભાઈ શીક્ષક છે, તેવો વર્ષો થયા શીક્ષક જ છે, હવે થોડા ટાઈમમાં કદાચ રીટાયર્ડ થશે, પરંતુ તેનો વટ અને વહેવાર ખાસ વખાણાય છે. તેવો બીજાની વાતમાં કયારેય બાંધછોળ કરવા તૈયાર નથી. પોતાની વાત આવતાં, કાંચીડાની જેમ રંગ બદલશે ખરા, પરંતુ બીજાની વાતો તે લાકડા જેવા થઈને મુઠીવાળી દેશે, કયારેય બાંધછોળ કરવા તૈયાર જ નહિ થાય ને. પોતે શીક્ષક છે છતા પોતાના દિકરાવોને બીજી લાઇન અપાવિ દુકાનો બનાવિ લીધી છે. છોકરાવોને શેઠ બનાવિ દીધા છે. કોઇ પૂછે કે આમ કેમ તો તુરત જ જવાબ આપશે કે આ તો ભગવાનની માયા છે. છોકરાવ હવે જુવાન થયા છે, બુધ્ધીશાળી છે, (તેમ તેવો માને છે) તેવો પ્રગતિ કરે તો આપણે જોઇને ખુશી થવું, એ જ અરમાન દિલમાં રાખીને આ આખી જીંદગી શીક્ષક તરીકે, ગામડા ગામમાં અથળાતા કુટાતા પીટાતા નોકરી કરી છે.

**''ઉતમ ખેતિ, મધ્યમ વેપાર, કનીસ્ઠ નોકરી''** આ નોકરીનું કામ કરીને પણ છોકરાવને દુકાનદાર બનાવ્યા છે. આગળ જાતા મોટા શેઠ કહેવાઇ તો પણ નવાય નહિ. **''જોકે આંગળી પાકીને થાંભલો થતો નથી''** છતા આશા અમર છે. કદાચ મોટા શેઠ બને પણ ખરા, અગર શેઠ નહિ બની શકશે તો, શઠ તો જરૂર બનશે જ. **''મનુશ્ય યત્ન ઈશ્વર કૃપા''**. પરંતુ એક વાત શીક્ષકને કયારેય કોઇએ પૂછવિ નહિ કે માસ્તરનાં આવળા અમથા પગારમાં આ બધું કેમ થયું. એતો એમ જ સમજી જાવાનું, બાકી શીક્ષક એટલે શીક્ષક, જરાય બાંધછોળ બીજા માટે કરે જ નહિ ને એક ખુબ જ ભણેલાભાઈ ઉંચી પદવિધારી હતા. તેના દિકરા દિકરીયોને જુવાન થતાં, ભાણી ગણીને તૈયાર થતાં, ચોકખુ જાણાવિ દીધું કે મારા નામથી કયાંય પણ નોકરી ધંધો માંગવા જશો નહિ. તમો પોતે તમારા નામથી નોકરી ધંધો ગોતિ લ્યો. આવડો મોટો દેશ છે, ગમે ત્યાં વાવસો ત્યાં ઉગશે, માટે મારી લાગવગનો ઉપયોગ કરશો નહિ. માટે હું કહું તેમ કરશો તો મને ઘણી ખુશી થશે અને તમો પોતે તમારા પગ ઉપર ઉભા રહિ શકશો તો ટકી રહેશો અને ખરેખર તેની પ્રજા અત્યારે પગભેર માનભેર અડીખમ ઉભા છે અને સારૂં કમાય છે. નો પ્રોબલેમ બધુ શમુ સુતરૂ ચાલે છે.

© RATILAL JOGIA

એક વપોરી પોતાની સામે જ દુકાન ધરાવતા વેપારીની ઈર્સા કરે તે તો સમજયા, પરંતુ પેલો વેપારીએતો ખુદના પોતાના દિકરાને સ્વાર્થની આંધળી ડોટમાં હોમી દિધો. આગળ પાછડનો વિચાર કર્યો જ નહિ, કહેવાય છે કે સામી વ્યકિતને આપણે એક આંગળી ચીંધ્ધીએ છીયે ત્યારે આપણી બાજુ ત્રણ આંગળી ચીધાએલી રહે છે. છતા સ્વાર્થમા ડુબેલા માણસને તે ધ્યાનમાં આવતુ નથી. તેમ પેલા વેપારીએ પોતાનાં દિકરાને ખુલમ ખુલ્લા કહિ દીધું કે, સામેવાળા વેપારીના દિકરાને તું તારો ભાયબંધ બનાવ તેને મોજશોખને રવાળે ચડાવિ દે. આપણે કોઇને પછાડવો હોય અગર ડુબાળવો હોય તો તેને જુગારી બનાવિ દેવો જોયે, અગર, જીભનો સ્વાદિયો બનાવિ દેવો જોઇએ. એટલે આપો આપ તે વ્યકિત ખલાસ થઈ જાઇ. તેમ

પેલા વેપારીએ પણ એ જ નીતી રીતી અપનાવિ પોતાના સગા દિકરાને ખુલમ ખુલ્લા કહિ દીધું કે સામેના વેપારીના દિકરાને દરેક અપલક્ષણમાં લપેટી લે, એટલે તે બરબાદ થઇ જાસે. તેમ પેલા વેપારીએ પોતાનાં દિકરાને સમજાવ્યો, પરંતુ પેલા વેપારીને ખ્યાલ ન રહયો કે હું આ કામ કોને સોપું છું આ કોઇ ‘‘જીન’’(ભુતપલીત માનું) નથી. પરંતુ સ્વાર્થમાં આંધળો થયેલો આદમી સર્વનાશ તરફ ધકેલાઇ જાય છે, જયારે તેને પોતાને ખ્યાલ આવે છે ત્યારે, ખાસો સમય પસાર થઇ ગયો હોય છે અને ત્રીભેટે આવિ પહોંચ્યા હોય છે કે જયાંથી પાછું વળી શકાતુ નથી. તેવિ જરીતે પેલા વેપારીનો દિકરો પોતાના પિતાજીને કાલાવાલા કરે છે કે બાપુજી મારી આ લાઇન નથી મને આવં બધુ ફાવતું નથી. છતાં પોતાના દિકરાને ટોર્ચર કરીને પણ ધકેલે છે કે જા તું ખરેખર મારો દિકરો હોય તો સામેવાળા છોકરાને ગર્તાની ખાયમાં ધકેલી આવ.

કહેવાઇ છે કે એક અંગ્રેજ (ધોળીયો) શીક્ષક કોઇકને અંગ્રેજી (ઇંગલીશ) શીખવાડવા માટે છોકરાને ઘેર ટયુશન આપવા ગયો થોડા ટામઇ પછી, પેલો છોકરો તો ઇંગલીસ શીખ્યો નહિ પરંતુ પેલા છોકરાની માતૃભાષા પેલો અંગ્રેજ શીખી ગયો. પેલો છોકરો ઇંગલીસ શીખ્યો કે નહિ તે જાણમાં નથી પરંતુ પેલાને પેલીભાષા આવડવા લાગી. ઘેર જઇને બોલવા પણ લાગ્યો કે રોટલા બનાવ, કળી બનાવ, ભુખ લાગી છે, મેમાન આવે છે. વિ.વિ. તેમ પેલા શેઠનો દિકરો સામેવાળાના છોકરાને બગાડવા જાતા સામેવાળાનો છોકરો તો, નો બગડયો પરંતુ પેલા શેઠનો દિકરો સ્વછંદી અને ખરાબમાં ખરાબ લક્ષાણવંતો થઇ ગયો. છોકરાએ એના બાપને જે વિગત કહિ તેથી પેલો શેઠ ચોંકી ગયો. પરંતુ બાજી હાથથી સરી ગઇ હતી. ઘણું જ મોડું થઇ ગયુ હતુ. પેલા શેઠે પોતાના દિકરાને સમજાવિ પટાવિ ફોસલાવિને કહયું કે દિકરામારા સામેવાળાનાં છોકરાને બા બધું શીખવાડવા માટે મે તને મોકલ્યો હતો. તેને બદલે તું જ આમ બગડી ગયો. શરમ આવવિ જોઇએ તને, ત્યારે પોતાનાં દિકરાયે ઠાવકાઇથી જણાવિ દીધું, કે બાપુજી તમારા કેવાથી જતો હું આ કામ શીખ્યો છું. હવે મને ઠપકો આપતા નહિં, નૈતર હવે તમારી ખેર નથી. મારી ઇચ્છા ન હોવા છતાં મારે આ બધું પરાણે અપનાવવું પૈડું છે. હવે મને **‘‘આ’’** વગર કાંઇ ચાલે તેમ નથી, માટે કહેવત છે ને હાથના કર્યા હૈયે વાગ્યા. તે હવે ભોગવો, ત્યોર શેઠે કપાળ કુટયુ. કપાળે હાથ દઇને હાઇકારો બોલાવ્યો, હાઇરે નશીબ, એમ પોકારીને બેશી ગયા.

શીક્ષક લોકો ખુબ જ સીદધાંતમાં માનતા હશે એનો દાખલો કોઇ હાસ્ય કલાકાર પાસેથી સાંભળેલો કે શીક્ષકો સાથે મળીને બહારવટે ચડવાના હતા. પછી તેનું શું થયું તે વાતની દરેકને જાણ હશે જ આમ તો આ લેખના લેખક પોતે પણ એક મહિના માટે એચ.એમ. તરીકે હતા અને સીદ્ધાંત માટે થઇને આખી સ્કુલ નાપાસ કરેલી. ખાત્રી કરવિ હોઇ તોસાગર કુમાર બારોટને પૂછી લ્યો. તેનીયે તેની નોંધ પોથીમાં આ વાત લખી છે. શીક્ષક હોય તે બાંધછોડ કરે નહિ, તેવો મત એક તરફી વનવે જેવો લાગે છે, છતાં જે હકીકત છે તે છુપતિ નથી. પેલા શીક્ષક પણ વરસો થયા એક જ એકળો ઘુંટયા કરે છે તે ઘરેડમાંથી પસાર થઇ રહયો છે છતા જમાના

© RATILAL JOGIA

સાથે તાલ મેળવવા રાજી નથી. અંદરખાને રાજી હશે, પરંતુ સીધ્ધાંતોનુ શું ? માટે ફેરબદલી સ્વિકાર્ય નથી. કહેવાઇ છે કે ભણેલા માણસો તો ભાડે મલે છે એટલે કે આપણે નોકરી એ રાખીયે છીએ.

એક વેપારી અંગુઠા છાપ હતો. છતા લાખોનો કારોબાર ચલાવતો હતો. તેની પેઢીમાં ખુબ જ ભણેલા માણસો સર્વિસમાં જોઇન્ટ હતા. એક મેનેજર નવો નવો આવેલો તે શેઠ પાસે ચેકબુક લઇને ગયો. શેઠની સાઇન લેવા એટલે શેઠે ચેક ઉપર અંગુઠો ઠપકારી દીધો. મેનેજર ઘડીક શેઠ સામું તથા ઘડીક ચેક સામું બાઘામંડળની જેમ જોઇ રહયો. શેઠ સમજી ગયા, તુરત જ બોલ્યા મારા કપાળ સામું જોઇલે એટલે બધું સમજાઇ જાસે, ચેક સામું જોવાની ફીકર કરોમાં એટલે કહેવત પતી. હશે કે ભણેલા તો ભાળે રાખી શકાય છે, એટલે કે પગારથી, છતા ફકત ભણેલો માણસ સારો નહિ. સાથે સાથે ગણેલો પણ હોવો જોઇએ. એક ભણેલા કરતા એક ગણેલો વધુ ડાહયો પૂરવાર થાય છે અને તેમા પણ સમય ભણ્યો હોઇ તે ઉત્તમ કહેવાઇ છે.

એક બ્રામણે પોતાની દિકરી માટે મુરતિયો પસંદ કરવા માટે દરેક મુરતિયાને પૂછે કે ભાઇ તું સમય ભણ્યો છેકે નહિ અને આમ ઘણા મુરતિયા પાછા ઠેલાણા, નાપાસ થયા, કોઇ સમજી શકયું નહિ કે સમય ભણ્યો એટલે શું ? આખરે એક મુરતિયો મલ્યો, તેનીયે કહયું કે હા હું સમય ભણ્યો છું. એટલે તે મુરતિયો પાસ થયો એટલે તેની સાથે પોતાની દિકરીનાં ઘળીયા લગ્ન લીધા અને દીકરીને સાસરે વળાવિ. સમય પસાર થતાં થતામાં રાજયમા દુકાળ પડયો. પાણીની તંગી, કામકાજ ઠપ થઇ ગયા, બેકારી વર્તાવા લાગી. પેલો મુરતિયો ગામમાં ધરમની જે બોલાવવા ગામમાં નિકળ્યો, પરંતુ કોઇ ચપટી લોટ આપે નહિ કારણ કે કુવામાં હોય તો અવેળામાં આવેને, ધર્મ ભાવના મરી પરવારી ન હતિ, પરંતુ કોઇની પાસે કાંઇ હતુ નહિ માટે કયાંથી આપે. ભલા ત્યારે કહેવાઇ છે કે દમળે ઉંટ વેચવા નિકળેલ વણજારાનો એક ઉંટ દમળે પણ વહેચાયેલ નહિ (દમળું એટલે ટબુ પે પૈસા તે વખતના). આવો કપરો સમય પસાર થઇ રહયો હતો, છતાં ખારા સમુદ્રમાં મીઠી વિરડીની જેમ ગામને છેવાળે, હરિજન વાસમાં વેજુ વણવાનું કામ ધમ ધોકાર ચાલતું હતું (વેજુ એટલે જાડું કાપળ), ત્યાં પેલો મુરતિયો ગયો અને કહયું કે બાપજી મને પણ કાંઇક કામ આપો, હું ઇમાનદારીથી ખંતથી કામ કરીશ. પેલા એ પૂછયું કે હરિજન વાસમાં તું બ્રાહ્મણ થઇને કામ કરીશ તો તને આભળ છેટ નહિ લાગે, ત્યારે પેલાએ કહયું કે એ પ્રશ્ન મારો છે, તે હું નિપટાવિ લઇશ. પરંતુ મને કામ આપો એટલે મને રોજીની સાથે રોટી પણ મલી રહે. તે જમાનામાં સમયને અનુસાર, બે આના આખા દિવસના કામના નકકી કરી ઠેરાવિને વણકરે પોતાને ત્યાં પેલાને વેજુ વણવા બેસાડી દીધો. પેલો બ્રામણ ખુશી થઇ ગયો, મનોમન ઇશ્વરનો આભાર માનવા લાગ્યો કે હે મારાનાથ તમો ખરેખર દયાળુ છો, કૃપાનિધાન તમારી કરૂણાનો કોઇ પાર નથી, મારી ઉપર આટલી બધી કૃપા કરી આપે કસ્ટ ઉઠાવ્યું અને મને કામ અપાવ્યું મારા વહાલા પ્રભુ તમોને કોટીકોટી વંદન. આમ પ્રેમપૂર્વક ઇશ્વરનો ઉપકારમાની રોજી રોટી મલતાં આનંદથી બન્ને માણસ રહેવા લાગ્યા. પરંતુ શાંત

© RATILAL JOGIA

જળમાં પથરો પડે અને વર્તુળ રચાય જાઈ તેમ આ બને માણસ આનંદથી રહેતા હતા.

વહેલી સવારે ઉઠી નાહિ ધોઇ નીત્યક્રમ પતાવિ સંધ્યા પૂજાપાઠ કરીને કામે જાઇ, પાછો સાંજે આવે ત્યારે નાહિ ધોય સંધ્યા પૂજા કર્યા પછી જ ઘરમાં પ્રવેશ કરે. આખો દિવસ મુખમાં પ્રભુ સ્મરણ સીવાય કાંઇ હોય નહિ, તેવા ભકિત ભાવવાળાનાં શાંત જળમાં પથરો પડયો. ગામના બૈરા પાણી ભરવા કુવા કાંઠે ભેળા થાય, મલે ત્યારે અંદરો અંદર વાતુ થાય ઈસારા થાય. પેલી બ્રામણબાઈને બનતી કોશીસે દુર રાખે, કોઈ બોલે નહિ. તેમ કોઈ બોલાવે નહિ.પેલી બ્રામણબાઈ વિચારવા લાગી કે આમ કેમ આખરે મુળ વાતનો પતો મલ્યો. એક બાઈથી રહેવાયું નહિ, મોઢા મોઢ કહિ દીધું કે અલીબાઈ તારો ઘરવાળો તો હરિજનવાસમાં વેજુ વણવા જાય છે, તમો તો કઈ પ્રકારનાં બ્રાહ્મણ છો. આખા ગામને અભડાવિ મેલશો વિ.વિ. નુ મહેણું મારીને જીભાનથી દેવાય એટલા સાણસાણતા ડામ ચોળી દીધા. પેલી બ્રામણબાઈને તોએટલું બધું લાગી આવ્યું કે કયારે સાંજ પળે અને મારો ધણી ઘેર આવે અને સાંજે પેલો ઘરે આવતો દેખાયો, હાથમાં માળા મોઢામાં શ્રી કૃષ્ણા સરણમમાઃ (૨) ના જાપ કરતો જાઇ અને ધીમી ગતિયે મલપતિ ચાલે, મક્કમ પગલે, ઘરતરફ આવતો જાઇ, જેવું ઘર આવ્યું કે પેલી બ્રામણ બાઈએ કહયું કે ખબરદાર ઘરમાં પગ મુકયો છે તો, આખા ગામમાં વાતો થાય છે દરેકને ખબર છે અને મને જ અંધારામાં રાખી મને પૂછયું તો નહિ પરંતુ કહયું પણ નહિ, હવે મારે આ ઘરમાં રેવું નથી. એમ કહિ જગડો કર્યો અને કહયું કે તમો હરીજન વાસમાં વેજુ વણવા જાવ છો અને મને કહયું પણ નહિ. માટે હવે મને તમારૂં આ ઘર અગરાજ છે, મને મારા માવતરે મુકીયાવો પેલા બ્રામણભાઈએ તેમની ઘરવાડીને ખુબ સમજાવિ, પરંતુ બેન સમજયા નહિ. સમજવા તૈયાર થયા નહિ. આખરે બ્રામણભાઈએ બૈરાને કહિ દીધું કે માવતરનો આટલો બધો મોહ છે તો ચાલ તને મુકી જાવ પોટલું તૈયાર જ હતું. બેનને આટલું જ જોઈતું હતું.

પોટલું ઉંચકીને બેન પેલાભાઈની આગળ થઈ ગયા. બ્રાહ્મણ લાચાર નજરે ઘરવાડીને સાથે લઈને બન્ને પગપાળા ચાલી નીકળ્યા. દુરના ગામે, ગામના પાદરમાં બજાણીયાનો ખેલ ચાલતો હતો ત્યાંજઈ ચડયા. પેલીબાઈએ જોયુંતો પોતાનો જ બાપ ઢોલક વગાડતો હતો. પોતાની જનેતામાં હાથની આંગળી ઉપર થાળી ફેરવતિ હતિ. પોતાનો નાનો વહાલો ભાઈ દોરડા ઉપર ચાલતો ચાલતો બેલેન્સ ટકાવિ રાખવા હાથમાં લાંબો બાંબુ જુલાવતો જુલાવતો ધીમી ચાલે દોરડાના સામા છેડા એ પહોંચવા મથામણ કરતો હતો. પોતાની વહાલી પ્યારી-પ્યારી ભાભી હાથ એકનો ધુંઘટ તાણીને ભીખ માટે હાથ લંબાવતિ ખોળામાં પાઇ પૈસો મળે એ માટે ખેલ જોવા આવનારને વિનંતિ કરતિ હતી. ઢોલક વગાડવાવાળાનાં હાથ આબંનેને જોઈને ઢોલક બજાવતા થંભી ગયા અને લાગલું જ દિકરી જમાયને પૂછયું કે આ બાજુ કેમ આવ્યા ? તમો એ તો મને જબાન આપી હતી જમાયરાજ કે તમો સમય ભાગ્યા છો અને આમકેમ ત્યારે જમાય રાજઠાવકું મોઢુ કરીને બોલ્યા. કટાક્ષમાં જવાબ આપ્યો કે સસરાજી હું તો, સમય ભણ્યો છં પરંતુ તમારી આ લાડલી દિકરી અભણ છે તે

© RATILAL JOGIA

ભાણી પણ નથી અને ગણી પણ નથી. મને ધરાર અહિ લગી ખેચી લયાવિ છે, ખાત્રી નથતિ હોય તો પૂછો તમારી લાડલી દિકરીને, હું તો હરિજન વાસમાં વેજુ વણવા જાતો હતો. બે આના રોજનાં કમાતો હતો. બેવખત દિવસમાં સ્નાનાદી પતાવિ સંધ્યા પૂજા કરતો અને શ્રીજીનો જાપ જપતાં જપતાં ઘરે આવતો, આનંદથી સેવા પૂજા કરતો હતો. પરંતુ તમારી લાડકી દિકરીને આ બધું મંજુર નથી. હવે તમારી લાડકી દિકરીને આ બજાણ્યાનો ખેલ બતાવો ત્યારે દિકરીનો બાપ બોલ્યો કે, **''દેખલે બેટી પેટ કરાવે વેઠ'' ''પેટ વાજા વગડાવે''** અમો ઢોલક મંજીરા વગાડીયે, દોરડા ઉપર ચાલવાના ખેલ કરીને ગામે ગામ ભટકીયે છીએ. તેના કરતા આ આપણાં ''જમાય'' નસીબદાર છે. માટે સમજીને રોજી રોટી ટાઢે છાંઈડે મલી છે તેને પ્રભુનો પરસાદ માની ને માથે ચડાવ બેટી તને ખબર છે ખુબ તાણવાથી ટુટી જાઈ માટે ખોટી હઠ છોડી દે અને પગ ઢાંકીને ઘરભેગી થઈજા, તેમા જ તારૂ ભલું છે. દિકરીને ગળે ઘુંટડો ઉતરી ગયો, સમજીને સાસરે ચાલી ગઈ.

કહેવાઈ છે કે નામમાં વળીશું બળ્યું છે પરંતુ નામ પાછળ લોકો પાગલ થાય છે, તે કોંણ નથી જાંણતું. **''લક્ષ્મી લાકડા વિણતી'' ''ધનપાલ માગતો ભીખ'' ''અમરતો મરી ગયો'' ''જય હો મારા ઠનઠન ગોપાલ''**. છતા નામ ખાતર કાંઈક શહિદ થઈગયા છે તેમ નામ ખાતર ફના પણ થતા રહયા છે, આપણે કાયરેક ફકત એટલું જ કરવાનુ, હોય છે કે સામા માણસને મોટો ભા બનાવિ દયો. પછી જોઈ લ્યો તેની શું હાલત થાય છે.

બીરબલ અને બાદશાહની એક વાત છે તે રજુ કરૂં છું. રાજ દરબારમાં બીરબલની વાહવાહ બાલોય, ત્યારે એક ભાઈ તેની ખુબ જ ઈર્સા કરે, એલફેલ બોલે બળીને બેઠો થઈ જાઈ. પોતે અને બીરબલનું ખરાબ બોલવાની એક પણ તક જતિ કરે નહિ. બીરબલ સમજતો હતો કેપેલો ઈર્સાળું માણસ વાર્યો વરે તેમ નથી. જે વાર્યો વિહે નહિ તે, હાર્યો વરે. એટલે બાદશાહને બીરબલે વિનંતિ કરી કે નામદાર આપ મારા પર ખેરખર ખુબ જ ખુશ થયા હો તો આજે જે ઈનામ મને આપવાના છો તે મારા બદલે પેલા ભાઈને, મારાવતી ઈનામ મળવું જોઈએ. એવિ આપ નામદારને મારી વિનંતી છે, કૃપાનિધાન આપતો સમજી જ ગયા હશો કે મારા કરતાં પેલા ભાઈને ઈનામની ખુબ જ જરૂર છે. બાદશાહે બીરબલને પૂછયુ કે કોઈ કારણ તો બીરબલે જણાવ્યું કે કારણ તોસમય બતાવશે, પરંતુ અત્યારે તમો તેને ઈનામની નવાયેજ કરો તેવિ વિનંતી આપશ્રીને હું કરૂં છું. બાદશાહ કહે, ઠીક છે, શું ઈનામ આપું, તમો કહો તે આપું છું, બીરબલજી કહે, નામદાર આપતો કદરદાન છો બીજું કાંઈ ન આપો તો કાંઈ નહિ. પરંતુ કમસે કમ એક હાથી, પેલાભાઈને ઈનામમાં મલવો જોઈએ. એવિ મારી વિનંતિ આપ બાદશાહ સલામત સ્વિકાર કરો. બાદશાહ વિચારવા લાગ્યા કે આમ કેમ પરંતુ અને બાદશાહ સલામતે બીરબલનું માન જાળવવા પેલાને બોલાવિને કહયું કે બીરબલ વતિ તને એક હાથી ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. પેલો માણસ ખુશીખુશી થઈ ગયો. પરંતુ તેને કાંઈ સમજાણું નહિ. મંડયો

© RATILAL JOGIA

માથુ ખજવાડવા અને બીરબલને મુરખ છે શું. એમ મનમાં ને મનમાં બબડવા માંડયો છતાં, ખુશ ખુશ થઈ ગયો છે તેમ, મુખારવિંદ ઉપર હાસ્ય બતાવિ, દરેકનો ઉપકાર માની, બાદશાહ સલમતને કુરનીશ બજાવિ, લળી લળી ને સલામી આપી, હાથી લેવા એલીફન્ટ શાળામાં પંહોચી ગયો અને મંડયો રૂબાબ છાંટવા કે જોયું બીરબલ મારાથી ગભરાય ગયો એટલે મને હાથી બાદશાહ સલામાત પાંસેથી અપાવ્યો અને આમ નાને મોઢે મોટી મોટી વાતું કરી હાથી ને લઈ પહોંચ્યો ઘેર. પરંતુ ઘેર પહોંચ્યા પછી વિચાર આવ્યો કે હાથીને રાખવો ક્યાં ? આવડા મોટા હાથીને રાખવા માટે જગ્યા નથી. પરંતુ હાર માને તે બીજા. ઓળખીતા પાળખીતા સબંધીઓના ડેલાવાળા વાળીયું એક હપ્તા પંદર દિવસ માટે લઈ લઈને આખરે નદીના પટમાં પહોંચી ગયો. ડાહ્યા માણસોએ કહયું કે, **માગ્યું અને ત્રાગ્યું** કેટલા દિવસ ચાલે. તેમ હાથીને બાંધવા કાયમ થોડા કોઈ સગવડ કરી આપે. ઠીક છે, હપ્તા બે હપ્તા સૌ કોઈએ મદદ કરી છેલ્લે નદીના પટમાં પહોંચી ગયો અને બીરબલ ઉપરાંત જે લોકો એ, જગ્યા હાથી બાંધવા આપી હતી તેનું પણ સાથે સાથે ખરાબ બોલવા લાગ્યો. આખરે સૌ ભેળા મળીને પેલાને ગાંડામાં ખપાવી દીધો. પેલો ન રહયો ઘરનો કે ન રહયો નદી ના ઘાટનો.આમ બીરબલે ટાઢે પાણીએ પતાવી દીધું. એટલેજ કહેવત પડી હશે કે, ''ગદર્ભ ની આગળ ગાજર બાંધી દયો'' એટલે કે ગધેડાની ઉપર વજન ચડાવી ઉપર લાકડીમાં ગાજર બાંધી દયો એટલે ગધેડો ગાજર ખાવા મંડશે દોડવા. પરંતુ એમ ગાજર ગધેડાના મોઢામાં આવવાનું નથી, તે ગધેડાની સમજમાં આવવાનું નથી. ગધેડાને તો એટલું જ સમજાય છે કે દોડીને હમણા ગાજર પકડી લઈસ એટલે મંડશે દોડવા. ડબલ બોજો ઉપાડેલો ગધેડો, વજનની ખેવના કર્યા વગર દોડવા માંડશે. એને એમ થશે કે હમણાં ગાજર મોઢામાં આવી જશે પરંતુ એમ ગાજર મોઢામાં આવે ખરું. માટે ''ડાહયા ની ડાગળી અને મુરખની મતી, બંનેનો સંગ કરતા પહેલા સો વખત વીચાર કરવો રહયો''. ''મુરખની ભાઈબંધી શુ કામની, તે પોતે તો ડુબે પરંતુ સામી વ્યક્તિને પણ ડુબાડે''. માટે પાણી આવે તે પહેલા પાળ બાંધવી સારી. અજાણ્યાનું પાન ખાતા પહેલા સો વખત વિચાર કરવો. કોઈ પ્રસાદને બહાને પણ ફસાવે છે. તે સમાચાર છાપામાં વાંચવા મલે છે. નહિતર, ''આંધળો વણે અને વાછડો ચાવે'' તેવો ઘાટ ઘડાય.

પેલા શીક્ષક હજી પીપુળી વગાડે છે. સમય ની સાથે તાલ મીલાવવા તેઓ તૈયાર નથી. સમય ની સાથે જે માણસ ચાલતો નથી તે ચોકકસ ફેકાય જાય છે. પછી નસીબને દોસ આપે છે. કહેતો ફરે છે કે હાય રે નસીબ પરંતુ નસીબ આમા શું કરે ? આપણે સમજવું નથી અને બીજાને સમજાવ્યા કરવામાંથી ઉંચા આવવું નથી, માટે ડાહયા માણસોએ કહયું છે કે, '' સમય ની સાથે તાલમેલ કરો, સુખી થાવ અને સુખી કરો'' એજ અસ્તુ.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૭ ધની ધર્મ ન ચૂકી

**ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી।**
**સંકટ સમયે પ્રખર બિચારી।। (રામાયણ)**

માણસ ધર્મ ચુકી જાય પછી તેવોની જીંદગીમાથી સઘળુ બાદ બાકી થઈ ગયું સમજવું. ધર્મ ગયો એટલે બધુજ ગયુ જાણવું. માણસની ધીરજ ધર્મ સંકટ સમયે અગ્ની પરીક્ષા થાય છે, તેમ સાચા મિત્રની તથા પોતાની ધર્મપત્નીની પણ ખરેખરા ટાઈમે ખબર પડે છે. તાલી મિત્રતો અનેક મલે છે પરંતુ સાચો મિત્ર મલવો મુશ્કેલ છે, પરંતુ સાચે સાચો મિત્રજો મલે તો તે સંકટ સમયે આપાણી પાસે ઉભો રહે છે. તેમ પરણેતર પણ જો ખ ાનદાની ખોરડાની હોય, તો સંકટ સમયે તેની પરીક્ષા થઈ જાય છે. નૈતરતો આદમી કમાતો ધમાતો હોય, ઘરની સઘડી જરૂરીયાતો પુરી કરતો હોય, પત્ની ને હુલાવી ફુલાવી રાખતો હોય, ત્યાં લગી તો બધુ બરાબર છે. પરંતુ પતિ બીમાર પડે, અગર આવક આવતી બંધ થઈ જાઈ, એટલે કે બીજનેસ ઠપ થઈ જાઈ અગર નોકરી છુટી જાઈ ઘરમાં હાલ્લા મંડે કુશતિ કરવા, ત્યારે ઘરવાડી તાળુકીને છોકરાવ ને કહે કે શુ મારો ટાંગો નાખુ ચુલામાં, ને મારૂં માથુ રાંધુ. ઘરમાં એક દાણો અનાજનો નથી. પિટયાવ મારા, તમોને ખીર ખાવી છે. લાજી મરો જાવ જઈને તમારા બાપને કહો કે પૈસા લયાવે. આમ ખાટલામાં પૈડા પૌડે ખોં ખોં કરે છે, તો કેટલા દહાળા ચાલસે, આવે વખતે કદાચ કોઈ સાધુ સંત કે નિકટનો સગો વહાલો આવી ચડે ત્યારે ઘરવાળીની અગ્ની પરીક્ષા થાય છે. ત્યારે તેની ખાનદાનની ખબર પડેછે. જે હોય તે, ગીરીરાજ ધરણ કી જે હો.

ધની ને ધનીનીમાં વજીમાં, ઘરમાં બેજ, માં ને દિકરી રહે, આવકમાં કાંઈ નહિ . મકાન માલીક ભલો માણસ ક્યારેય ભાડું મકાનનું માગે નહી. એક મહીનાનું ભાડું ફકત બારઆના આમાં શું માંગવું. ઉલટાનો વાર તહેવારે મદદ કરે, ગરીબ માણસ જાણી ને વજીમાં આધેડ ઉમરનાં જીભ થોથવાય, બોલે ત્યારે મોઢામાંથી થુંક ઉડે. માટે વજી માં ને કોઈ કામવગર બોલાવે જ નહી. વળી પાપડ, સેવ, ટાંકો ટેભો, એવું બધુ કરીને માંડ માંડ પેટનો ખાડો પુરે, ધની સ્કુલે જાઈ. ધની ચાર ફુટની ઉંચાય ધરાવતી ખુબ સુરત કહેવાતી, ખાસી ઉંચાય ધરાવતી,

© RATILAL JOGIA

ચણીયા'' બ્લાઉઝ તેની ઉપર પોમચો (પોમચો એટલે ઓઢણી) ઓઢે. માથામાં ખુબજ તેલ નાંખે ચપટવાળ ઓળે, પાછડ બે ચોટલા અગર ચોટલી ગુંથે, વાળને છેડે લાલ રંગની રીબીન બાંધે, જમણા હાથમાં અડધા ફુટ સુધી જાત જાતની ને ભાતભાતની નવરંગ બંગડીઓનો ઠઠરો કરે, ડાબા હાથે રમકળાની ઘડીયાળ બાંધે, પગે ચપલ હોય નહી, ઉઘાળા પગે ચપલ વગર છતા પણ પગમાં કાળો (શ્રી નાથજીની દોરી) દોરો પાયલની જગ્યાએ બાંધે. નાકમાં બારીક તારની વાળી પહેરે, કપાળમાં બરાબર કપાળની વચ્ચો વચ્ચ શ્યામ ગુલાબનો મોટો બધો ચાંદલો કરે. જેની સાઈજ આઠ આની ના સાઈજની કહી શકાય. કાનમાં મોતિથી બનાવેલા મોતીનાં લટકણીયા લટકણ પહેરે, ચાલ ધનીની મલપતિ, બોલે ત્યારે ફુલ ગુલાબી લાગે, કોઈ તેને ધનેશ્વરી કહે અગર શનેશ્વરી કહે, ત્યારે તેનાં ગાલ શરમનાં શેરેડાથી લાલ થઈ જાઈ. ધની નિચું જોઈ સરમાય જાય, સ્કુલના સાથે અભ્યાસ કરતાં વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ લાડથી ટીખળ કરે, ટયુબ લાકળી કહે, કારણકે ધનીની ઉંચાઈ ટયુબલાઈટની ટયુબ જેવડી જ હતી. કોઈ ગુલાબનો ગોટો કહે, કોઈ શ્યામગુલાલનો સોટો કહે. સ્ટુડન્ટ લોકોની ગેગરીંગ અજબ ગજબ ની હોય છે. ટપાટપી થતીજ હોય છે.

આમ ધની ચાર ચોપડી ભાવે કભાવે ભણી ગઈ. પછી પાંચમાં ધોરણમાં આવી, સ્કુલઈમાં રજા પડી, વૈશાખનો ધોમ ધખતો તળકો પડે તેવે સમયે ધની તેનાં પોતાના મામાને ઘેર વેકેશન કરવા ગઈ. ત્યાં મામા એટલે ડબલમાં પરંતુ મામી એટલે, ધની ને કાંઈ ખાસ મજા આવી નહી. એક મહિનાનું વેકેશન પુરે પુરૂ મામાને ત્યાં ગાળવાનું કહિને ગયેલી ધની, એક અઠવાળીયામાં, હા ફકત એકજ અઠવાડીયે પાછી પોતાને ઘેર આવતી રહી. પોતાનો દુરનો પાડોશી નાગજી, ધનીના મામાને ગામડે આવેલો, તેને પોતાનો સથવારો બનાવીને ધની મુળ પોતાને ઘેર આવી ગઈ. વજીમાં એ ધની ને પાછું આટલું જલ્દી મામાને ઘેરથી કેમ આવવું પડ્યું તેમ પૂછતાં, ધની પોતાનું મોઢું બંધજ રાખ્યું. વજીમાએ ધનીને ગમે તે કારણે ખુબજ ખખડાવી, મુઈ રાં - તને આડો ફેણ વાળો ઉતાર્યે નહિ. આટલી જલ્દી પાછી આવી જ કેમ અહી તારા બાપુનં શું ડાટ્યું હતું. મામાને ઘેર મહિનો પળી રહેતનેતો મામીને ઘર કામમાં મદત લેખાત. મામીને મદત કામમાં કરી હોત ને તો તારો મામો છ મહીનાનાં દાણા પાણી ભરી દેત. મુઈ તારામાં અકલજ નથી, હવે તું માતેલી થઈ છે, હવે તું જુવાની મા પગ મુકવાની વેળાએ આવિ છો, હવેતુ આજથી કયારેય ઘરની બારી કયાંય જાતિ નહિ, માથે પોમચું ઓઢી રાખ અને માથામાં ખીલી ઠોક, જેથી પોમચું માથા ઉપર ખોળાઈ રહે સમજી. ઉઘાડે માથે હરતિ ફરતિ નહિ, આમ ધની ને ખુબજ સંભાળાવી બેચાર ધોલ અને વેલણ ઠપકારી ને ધનીની ખુબજ પીટાય કરી. સાંજે ધનીને જમવા પણ આપ્યું નહી. જમવાને બદલે ગાળો દીધી જે અહિં છાપી શકાય તેમ નથી. સુરતી ઓને પણ સારૂ, કહેવળાવે તેવું વેણ કવેણ બોલીને ધની ના હૃદયને ઠેસ

© RATILAL JOGIA

પોંચાળીને વજીમાં જમ્યાં.

તોતળું બોલવા વાળા માણસો ગાળ ગલોચ બોલે ત્યારે, અર્થ નો અનર્થ થઇ જાઇ જે અહિ છાપી શકાય નહિ. પરંતુ વાચક વર્ગને, મનમાં મનમાં અનુભવ કરી લેવો, સવારે નાગજી ઘર પાસેથી પસાર થયો ત્યારે ધની નમાલા મોઢે ને ભુખ્યા પેટે ઉંબરો પકળીને, ઉંબરામાં ઉભી હતી. નાગજી એ ઈસારો કર્યો, સામે ધની એ પણ ઈસારાથી બધુ સમજાવી દીધું. નાગજી જે સમજયો તે, પરંતુ નાગજી ને એટલી ખબર પડીકે બન્ને માં દિકરી વચ્ચે જગડો થયો છે.નાગજી નોકરી ઉપર પોતાની ડયુટી બજાવવા ચાલ્યો ગયો. સાંજે છ વાગ્યે નાગજી નોકરીયે થી છુટીને, સીધોજકંદોયની દુકાને ગયો. કંદોયની દુકાનેથી નાગજીએ બસો ગ્રામ તીખા ગાંઠયા લીધા,ને બાજુની દુકાનેથી બ્રુકબોન્ડ ચ્હાનું નવટાંકીયુ પડીકુ ખરીદયુ. પાસેર ખાંડ બંધાવી, ત્યાંથી સીધોજ ધની ને ઘેર ગયો.

વજી માં આડે પડખે પડેલા, ધની બ્લાઉઝ સાંધતી બેઠી હતી, નાગજી ઘરમાં દાખલ થયો, એટલે વજી માં તરતજ બેઠા થઇ ગયાને બોલ્યા, આવ નાગજી આવ. ઘરમાં દાખલ થતાંજ નાગજી બોલ્યો આ નાસ્તો ચા ખાંડ લયાવ્યો છું, કારણકે મારે ઘેર કોઇ નથી માટે અહી લયાવ્યો છું. તો ચા બાનાવો એટલે આપણે ચા નાસ્તો કરીયે. વજી માં યે તરતજ પૂછયુ કે કેમ વહુઉ કયાં ગઇ છે એટલે નાગજી યે તુરતજ જવાબ આપ્યો, કે તે તેનાં સગા કોક બીમાર છે, ત્યાં તેને ખબર કાઢવા જોવાગઇ છે. તેમ કહેતી હતીકે સાંજે જાવાની છું, માટે સાંજે મોળેકથી આવસે. ઠીક ભલે કહી વજી માં એ ધનીને કહયું કે બેટા ચા ના ત્રણ કપ બનાબ ત્યારે ધનીએ કહયું, કે ઘરમાં દુધ નથી. એટલે નાગજી એ એક આનો ખીસા માંથી કાઢીને ધનીના હાથમાં મુકયો કે, લે આ એક આનો લઈજા, ને દુધ લયાવ. પછી વિચાર આવતાં નાગજી બોલ્યો કે ધની ટબુડી લાવ, હુંજ દુધ લયાવુ. તું ચા મુક, આમ કહીને નાગજી દુધ લેવા ઉપડી ગયો. ધની એ સગડી પેટાવી, તેના ઉપર ચાની તપેલીમાં પાણી ઠાલવી સગડી ઉપર ગરમ કરવા મુકયુ, ત્યાં નાગજીદુધ લઇને આવી પહોચ્યો. ગરમ તપેલીમા ચાવાળું પાણી ઉકળતું હતું. તેમાં દુધ નાખીને ચા બનાવ્યો, પછી ત્રાણેય વ્યકિતએ ચા નાસ્તો કર્યો. પછીતો નાગજી અવારનવાર કાંઇને કાંઇ બહાનું કરીને, ધનીને ઘેર પહોચી જાતો. કાંઇ ચીજ વસ્તુ લયાવીને વજી માં ને આપીને મદત કરતો. વજી માં ને શરૂ આતમાં સારૂ લાગતુ હતુ. પછી તેને ખ્યાલ આવિ ગયો. પોતાની ઉમર ને અનુભવનાં આધારે કે નાગજી આટલી બધી, લાગણી શામાટે બતાવે છે. ધની માટે તો નહી હોયને ! એટલે ધનીને ઘરમાં એકબાજુ બોલાવી, ધનીનાં કાન પકડીને ધમકાવી, મુઇ છોળી હવેતું મોટી થઇ છે. ઘ્યાનથી સાંભળીલે નાગજી આપણા ઘર સાથે ઘરોબો કેળવતો આગળ વધતો જાઇછે. માટે નાગજી નો ભરોસો કરતી નહી, તેનાથી દુર રહેજે. ધની સમજી નાં સમજી આંખ આડા કાન કરી કામે લાગી ગઇ. આમ નાગજી નો વહેવાર ધનીના

© RATILAL JOGIA

ઘર સાથે વધતો ચાલ્યો. નાગજીની ઘરવાડી ને ખબરપડી, તેનીયે નાગજી ને ઠમઠોર્યો ,વાર્યો, પરંતુ નાગજી ને કોઇ અસર થઇ નહી.

**''રસી આવત જાત હૈ પથર ઉપર કરે નીસાન''** (રામાયણ). કાયમનું થયું, એકને એક દોરી જો અગર એક પથ્થર ઉપર, એકજ જગ્યોએ ઘાસાઇ, તો પથ્થર પણ કપાય જાઇછે. તેમ આતો જુવાની માં ડગલા માંડતી ધની પલળવા લાગી. નાગજી ની સંગાથે જયાં ત્યાં જવા લાગી, બહાના બતાવવા લાગી, આ બધું ઉમર અને અનુભવથી સજાગ વજીમાંથી ખાનગીમાં નાગજી ને મળવા લાગી. ધની આમતો ફુટળી હતી. ચાલ તેની મલપતી હતી. ધ્યાન રહેકે અમુકજ બૈરાવોની ચાલ મલપતી હશે, બાકી તો ઠીક ભલા માણસ. એમ ધની છેતરાય તેમ હતી નહી. પરંતુ નાગજી ને લપેટમાં લઇ લીધો, થોળો થોળો ખર્ચો નાગજી પાસેથી વસુલ કરવા લાગી. અલબત મીઠું મીઠુ બોલીનેજસ્તો પરંતુ, પોતે નાગજીથી દુર રહીને પોતાની સલામતીનો પુરેપુરો ખ્યાલ રાખી બચતી રહેતી. નાગજી ને એમકે આજ નહીતો કાલ સહી, ધનીને હું મારી પોતાની કરીનેજ જંપીસ.

હવે ધની જુવાન જોધ લાગતી હતી. શરીર ભરાય ગયું હતુ, રૂસ્ટ પુસ્ટ શરીરે ધની ગોળ મટોળ થતિ ચાલી હતિ. એક દિવસ વજી માં ના કટુંબી સગાવ્હાલામાં બહાર ગામે કોઇ ગૌ લોક વાસી થયું. ત્યારે વજીમાને સફેદ સાડલો લપેટીને વહેવાર સચાવવા જાવું પડ્યું. તે લાગ જોઇને નાગજી ધની ને ઘેર પહોચ્યો, ધની વાસણ માંજતી હતી. કેમ ધની વજી માં નથી? એમ કહીને નાગજી એકદમ ધની ની નજીક પહોચ્યો. ધની સાવધાન થઇ ગઇ. બોલો નાગજી કાકા અત્યારે કેમ આવવું થયું. ત્યારે નાગજી યે ઓફર કરી કે બપોરે ફીલ્મ જોવા જાવાનો વિચાર છે. તું મારી સંગાથે આવે તો આપણે બન્ને ફીલ્મ જોવા જોઇએ, ત્યારે ધનીએ કહ્યું કે નારેબાબા ત્યાં અંધારામાં બેસવાથી મને ડર લાગે માટે હું નહી આવું . તારે શું કામ ડરવું જોઇએ હું સાથે છું ને એમ નાગજી યે કહ્યું. નહિ નહિ મારી બાને ખબર પડેને, તો મને માર પડે. માટે મારા થી તમારી સાથે ફીલ્મ જોવા આવાય નહિ. મારા કાકીને સાથે લઇ જાવ. ત્યારે નાગજી એ કહ્યું કે, ત્યાં તારી કાકીને લઇ જાવી હોત તો, હું તને મનાવા આવતા જ નહી. માટે ત્યાં તને અંધારામાં ડર લાગે છે તો પછી અહિ અજવાળા માં મને એક પપ્પી આપ એટલે તારો ડર ચાલ્યો જાશે. એમ કહીને નાગજીએ ધનીનો હાથ પકળ્યો એટલે ધની એ સળાક કરતી કે એક જાપટ નાગજી ને ગાલ ઉપર ચોળી દીધી. છતા નાગજી યે પીછેહઠ કરી નહિ, ઉલટાનો નાગજી ભૂરાયો થયો અને સારાસાર નો વિવેક ભુલીને આગળ વધ્યો, ત્યારે ધનીએ સમય સુચકતા વાપરી ને એક જોરદાર, ધનીએ નાગજી ને એક જગ્યાએ પાટુ ઠપકારી દીધું એટલે નાગજી બેવળ વળી ગયો. નાગજી થી રાળ પડાય ગઇ, ઓઇમાળી કહીને બેસી પડ્યો. ઉભળક પગ માથું બે પગ વચ્ચે ઘાલી લીધું. ત્યાં નાગજીની ઘરવાળી ધનીના ઘર પાસેથી પસાર થતાં ધનીએ જોઇ એટલે ધનીએ બુમ પાડી,

© RATILAL JOGIA

કાકી ઓ કાકી જૂવો તો મારા કાકા ને શું થઈ ગયું છે? ત્યારે નાગજી ની ઘરવાડી દોળતાકને આવી ને આ નાગજી નું માથું ઉંચુ કર્યુ. ત્યાં તો નાગજી ના ડોળા ચકર વકર થતા જોઈને નાગજીની ઘરવાડી મંડી રોવા. હાઈ, હાઈ છોડી તારા કાકાને શું થઈ ગયું છે. ત્યારે ધની બોલી કે કાકી મને કાંઈ કરતાં કાંઈ ખબર નથી. કાકી કાકા એક દમ અમારા ઘરમાં આવી લાગ્યા ને આવતા વેંત તુંરતજ પાણી માંગ્યું. હજી તો હું પાણી આપુ, તે પહેલા આમ મારા કાકા બેસી પડ્યા ને ગોટો વળી ગયા. ત્યારે નાગજીની ઘરવાળી એ નાગજીની માથે ઠંડુ પાણી છાંટ્યું, થોડું પાણી પીવડાવ્યું, ત્યારે વાંકો વળી ગયેલો નાગજી, વાંકો વાંકો તેમના પોતાને ઘેર તેની બૈરી લઈ ગઈ. સાંજે ધની અને વજીમાં ને માંડીને વાત કરી, માં દિકરીયે મસલત કરી ને તુરતજ બન્ને નાગજીની તબીયત ના ખબર અંતર પૂછવા પહોંચી ગયા. ત્યારે નાગજી ટુંટીયુ વાળીને ખાટલામાં પડ્યો પડ્યો કણસતો ઉહંકારા ભરતો હતો. ધની ને પોતાને ઘરે આવતી જોતાં નાગજી ના હોસ કોસ ઉડી ગયા. ત્યારે એજ નાગજીને માથે હાથ ફેરવી ને ધની બોલી કે કાકા હવે કેમ છે. ત્યારે નાગજી માંડ માંડ એટલું જ બોલી શક્યો કે ધની બહેન તું મારી માં તું મારી બહેન, તેં મને બચાવ્યો. નૈતર અત્યારે નાગજી અહિ હોત નહિ.

વહાલા વાંચકો ત્યારે નાગજી ક્યાં હોત વિચારી લેશો ત્યારે ધની મનમાં મનમાં એક સવાલ ગોખતી હતિ કે કોકે સાચું જ કહ્યું છે કે, **ઉંનહિ લોગો ને તો નઈ ફસલ કે આમ ચાહિયે, ચુસને કે લીયે, મગર વો દિન કહા સે આયે**.

નોંધ : ધની જેવી બહેનું દિકરીયુને વંદન હોજો વંદન. નાગજી ને શું કહેવું. પૂરૂષો, તો નર ભમર છે. ફુલડા દેખે એટલે આકર્ષણ થાય, પરંતુ ફુલડાવને સમજી ને પોતા પાસે ભમરને આવવા દેવા જોઈએ નહિ. કહેવાઈ છે કે, ચંપાના ફુલ બાબત ચંપા તારામાં ચાર ગુણ, રંગ રૂપ ને સુગંધ પરંતુ એક અવગુણ એૈસો થયો ભમર ન આવે પાસ. ચંપાના ફુલ પાસેથી અન્ય ફુલો એ સમજવું જોઈએ.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૨૮ ચોખંડે સ્વસ્તિક

દુંદાળા દેવ ના દાતા રિદ્ધિ-સિદ્ધિ, લાભ-શુભનું પ્રતિક સ્વસ્તિક જેને ચોખંડે કહે છે. તે ચોખંડે એટલે ચારેય ખંડમાં પૂજન થાય છે તેવા દુંદાળા દેવના ધરમનાં થાંભલા જેવા ચારેય ખુણે ચાર ગામ આવેલા છે જેને ચોખંડે કહે છે તેવા

**૧.ઓળદરીયા**

**૪.મેસવાણીયા**  **૨.ભોળદરીયા**

**૩.મોકરીયા**

આ ચાર ગામના નામ આપેલ છે.

પહેલું નામ છે ઓળદરીયા, એટલે કે પોરબંદરનું બાજુનુ ઓળદર ગામ. ત્યાંના રહેવાસીઓ ઓળદરીયા તરીકે ઓળખાય. પછી આવે છે ભોળદરીયા, જે કુતિયાણા તાલુકાનું ગામ છે. ત્યાંના લોકો ભોળદરીયા તરીકે ઓળખાય છે. પછી આવે છે મોકર નામનું ગામ, જે રાણાવાવની બાજુનું ગામ છે. ત્યાંના વતની મોકરીયા તરીકે ઓળખાય છે. પછી આવે છે જૂનાગઢ તાબાનું લુશાળા બાજુનું મેસવાણ ગામ આવેલું છે. ત્યાંના વતની મેસવાણીયા તરીકે ઓળખાય છે. આ ચારેય ગામના વતનીઓ ઓળખાણ કરવા જેવા તથા તેની પાસેથી ઘણું જ શીખવા જેવું, જીંદગીમાં ઉતારવા જેવું. ત્યાંના રહેવાસીઓ જવામર્દ નિતીમતા, સહિશ્ણુતા, ધર્મપ્રેમી અને અડીખમ એવા. તે જમાનામાં આ ચોરય ગામ ધરમનાં થાંભલા કહેવાતા હતા. (અત્યારની ખબર નથી)

ઓળદર ગામનાં જવામર્દો મેર કોમ જે આગવિ ઓળખ ધરાવે છે. વિદેશમાં તથા દેશમાં તેવોનું સ્થાન આગવિ પ્રતિભાશાળી સુખી સાધનસંપન તથા આબરૂદાર તરીકે પ્રખ્યાત નામધારી છે. ત્યાનાં વતની મેર ઓડેદરા રાજકારણમાં પણ આગળ પડતો મોભો દિપાવે છે. તેવિ જ રીતે ત્યાંનાં ગીરનારા સોની જ્ઞાતિનાં સોની કુટુંબો પણ, પોતાની તેજ પ્રતિભાથી દીપી ઉઠયા હતા. તે જમાનામાં દેશ વિદેશમાં પથરાય ગયા હતા. (હજી પણ છે) તેવોની ખાનદાની

© RATILAL JOGIA

તથા વટવેવાર, વેપારમાં આગવું સ્થાન ટકાવિ શકયા છે. અમુક કુટુંબો પરદેશમાં મહત્વનો વેપાર હાથવગો રાખી મોટી મોટી કંપનીયો સ્થાપીને નામ ઉજવળ કર્યા છે. તેમ ભોળદરનાં આહિર ખમીરવંતા તથા પ્રભાવશાળી વ્યકતિત્વ ધરાવનાર જમીનદારો તથા ખેડુતમા નામનાં મેળવિને ઈમાનદારીથી રહેતા. ત્યાંના સોની લોકો પણ બહોળુ કુટુંબ ધરાવરતા. અત્યારે પણ ધણા ગામડા તથા શહેરોમાં ભોળદરીયાના નામે ઓળખાય છે, બહોળુ કુટુંબ ધરાવે છે. ખંત તથા ઈમાનદારી તેઓનું આગવું અંગ છે. સંપ ત્યાં જંપ ની જેમ સંપીલુ કુટુંબ મમતાળુ પ્રજામાં ભળી ગયેલું સુખી પરીવારમાં લેખાય છે. તેમ મોકર ગામના અબોટી બ્રાહ્મણો ખેતી વાડી, વજીફા તથા જવામર્દ કોમ લેખાય છે. જ્ઞાતિએ બ્રાહ્મણ હોય છે અને ખેડૂત તરીકે આગવુ સ્થાન ધરાવે છે. ત્યાંના સોની લોકો પણ બુધ્ધીશાળી ભણેલા વહેવાર કુશળ તથા ધંધામાં આગવું સ્થાન મેળવિને જવેરી બની ગયા છે. તેવો પણ મોકરીયા તરીકે ઓળખાય છે. પછી આવે છે મેશવાણીયા, મેશવાણગામના પટેલો, વેપારી કોમ તથા ખેડુત બન્નેમાં આગવુ સ્થાન ધરાવે છે. પટેલ કોમ રાજકારણમાં પણ સક્રીય છે. અમેરીકામાં પટેલો માટે કહેવત છે કે હોટેલ મોટેલ પટેલનાં રૂપકડા નામથી ઓળખાય છે. પટેલો એટલે પટેલો પછી સૌરાષ્ટ્રનાં હોય કે ગુજરાતના કે ઈતર પ્રદેશના, પરંતુ તેવો ડોકટરો, ઈજીનરો, લોયરો, મોટા મોટા ડીપાર્ટમેન્ટ સ્ટોરો, બીલ્ડરો, દુકાનદારો એમ માનોને કે દરેક ધંધામાં આગવું સ્થાન જાળવિ રાખેલું છે. કહેવાય છે કે આગળના જમાનામાં વાણીયા, લોહાણા વહેપારી કહેવાતાં અને સોની કોમ માજન તરીકે ઓડખાતિ. અત્યારે વહેપારમાં, વ્યવહાર કુશળતામાં પટેલ લોકો ખુબ જ આગળ છે, જે જોઇને આપણે ગર્વ લઈયે છીયે. તેવો મેસવાણના વતની પટેલો તથા સોની લોકો મેસવાણીયા તરીકે ઓળખાય તો નવાય લાગશે નહિ. સોની કુટુંબ પણ ખુબ પ્રખ્યાત છે. તેવોનો પરીવાર પણ દેશ પરદેશમાં પથરાયેલો છે. સાંભળેલી વાત છે કે તે વખતમાં કહેવાતું કે,

**બાપૂની લીંબળી (ગામનું નામ)**
**કોળી કુટુંબનું કવલકુ (ગામનું નામ)**
**વાણીયાની મુંબી (મુંબઇ)**

જવામર્દ મેર કોમ દિમાગથી નહિ દિલથી સબંધ રાખતિ. પોરબંદરનાં રાણા સાહેબ (તે વખતના રાજા)નું સાસરૂં લીંબડી, જવા મર્દ મેર જયારે પોરે (પોરબંદર) જાઇ ત્યારે બાપૂને મલવા જાય. ત્યારે બાપૂનો ઓ.ડી.સી. જવાબ આપી દયે કે બાપૂતો નથી લીંબળી ગયા છે. પેલા જવામર્દ જવાબ સાંભળી સાંભળીને થાકી ગયેલા, જયારે પણ બાપૂને મલવા જાઈ ત્યારે એક જ જવાબ મળે કે બાપૂ તો લીંબડી છે. એક વખત રાણાસાહેબ બાપૂની મોટર આવતાં દેખાણી, પેલા જવા મર્દને ખાત્રી થઇ કે આ મોટર તો બાપૂની જ છે એટલે રોડ વચ્ચે ઉભો રહિ ગયો. બાપૂની મોટર આવિને પાસે ઉભી રહિ ગઇ, બાપૂએ પૂછાવ્યું મોટરમાં બેઠા બેઠા કે પટેલ આમ વચ્ચે કેમ ઉભા રહયા છો, કોનું કામ છે. ત્યારે પેલા જવા મર્દે જવાબ આપ્યો કે મારે

© RATILAL JOGIA

પોરના રાણાને મલવું છે. (પોરબંદરના નરેશ રાણાને) રાણા સાહેબ મોટરમાંથી નીચે ઉતરીને પટેલને બથમાં ઘાલી ને મલ્યા. (મેરનાં મોભીને પટેલ કે તા હશે) પછી પેલા જવા મર્દે ઠપકાના રૂપમાં કહયું કે બાપૂ બીજુ બધું તો ઠીક છે, પરંતુ હું જયારે તુને મલવા આવું છું તારે તું લીંબળી જ ગયો હોય છે. તારે કાંઇ કામ ધંધો નથ, તી તું લીંબળી જ દેખશ (મેર લોકોની ભાસા આપણને તોછડી લાગસે પરંતુ મીઠાશથી ભરપૂર હોય છે અને દિલથી બોલેલા શબ્દો હોય છે) બાપૂએ કહયું કે તમારે શું કામ છે ? આટલા બધા ધકા કેમ થયા, ત્યારે પેલા જવા મર્દે કીધું કે મારે તો બસ તુંને મલવું હતું, કે મારો રાણો કેમ છે, મજામાં છે ને, પણ હું જયારે પધારૂં તયે તું લીંબળી જ હોય છે. માટે હવે લીંબડી જા ત્યારે મને કઇને જાસે. આવો રૈયતનો અને રાજાનો પ્રેમ હવે કયાંથી જોવા મળે ભલા. કેટલી નીખાલશતા, ખરા હૃદયનાં શબ્દો પ્રેમથી બોલાયા છે, કેવાનું હતું કે બાપુ તમો પધારો ત્યારે હું આવું, તેને બદલે કહયું કે, હું પધારૂં તયે તું આવજે, છતાં દિલથી પ્રેમ પૂર્વક બોલાયેલી લાગણીનો અર્થ ઉંધો થતો નહિ. રૈયત અને રાજા પ્રેમથી ભેટી પડયા અને પોતાની ગાડીમાં બેસાડીને સાથે લઇ ગયા. આવા લાગણી ભર્યા સબંધો અત્યારે કયાં જોવા મલશે ભલા.

એક વખત મોકર ગામથી ચાર ભેરૂબંધ અબોટી ખેળુત, ઘોડા ઉપર અસ્વાર થઇને દુરના ગામડે કોઇ ખાસ પ્રસંગ ઉપર જાતા હતા. ઉનાળાનો ટાઇમ એટલે રાત્રે વાળુ પાણી (રાતનું ડીનર) કરીને ઘોડા પર સવાર થઇને જાવાનું વધુ સુગમતા ભર્યુ રહેશે. તેમ માનીને રાત્રે વાળુ પાણી કરીને ચોરય જવા મર્દો ઘોડે ચડી મૈડા ચાલવા. ચાલતા ચાલતા મધ્ય રાત્રીનો વખત થયો. તે ટાઇમે એક ભાઇને નાળા છોળ કરવાની ઇચ્છા થઇ (નાળાછોડ એટલે એકી જાવાનું) એટલે પેલા ત્રણેય ને કહયું કે તમો ચાલતા રહો હું હમણાં જ મારૂં કામ પતાવિને પંહોચી જાઇશ. તેમ કહિને પેલો ભાઇ નાળાછોળ કરવા જાંખરાની પાછળ ગયો. પાછળ ઘોડી ઉભી રાખેલી હતિ તે મંડી હણહણાટી કરવા. પેલોભાઇ નિરાતે કામ પતાવિને પાછો વળ્યો. ફરીને ઘોડીની લગામ પકડી ત્યાં અજવાળી રાતમાં, થોડેક દુર, એક બાળક પૈડુ પૈડુ પગનો અંગુઠો ચુસતું પડેલું દેખાણું. બાળક ખુબ પ્રભાવશાળી લાગતું હતું. આજુબાજુ નજર કરી જોયું, પરંતુ કોઇ દેખાયું નહિ. વિચાર કર્યો કે આ બાળકની ''માં'' કદાચ મારી જેમ કુદરતિ હાજતે ગઇ લાગે છે. આજુબાજુ નજર ધુમાવિ, પછી મનમાં મનમાં હસ્યો કે અધરાતે મધરાતે આવા જંગલમાં એકલી બાઇ માણસ બાળકને લઇને આવા અડાબીડ આડ રસ્તે ચાલીને જાઇ નહિ. કદાચ કોઇ મરદ માણસ સાથે હશે તો પછી પેલા બાળકને નીચે સુવડાવ્યું શા માટે હશે. તેમ વિચાર કરતા કરતા આજુ બાજુ ખોંખારા ખાતા ખાતા, હાથથી તાળી પાડતા પાડતા, જાંખરા તથા વોંકળા જોઇ લીધા. છતા પેલા બાળકનો સંગાથી કોઇ મલ્યો નહિ, ફરી બાળક પાસે આવતાં બાળકે ભેંકળો તાણ્યો એટલે કે રોવા લાગ્યું, એટલે વિચાર આવ્યો કે કદાચ તજી દેવા માટે આ બાળકને અહિ મેલીને પેલી બાઇ કદાચ કયાંક છુપાય ગઇ હશે. માટે મારે આ બાળકને સાથે લઇ લેવું



© RATILAL JOGIA

જોઈએ. એમ વિચાર કરીને બાળકને ઉંચકયું અને ખંભે  નાખ્યું. બાળકને તેડતિ વખતે આજુ બાજુ નજર કરી, પરંતુ કોઈ કરતા કોઈ દેખાયું નહિ. બાળક ખંભે લીધા પછી પોતાને ખ્યાલ આવ્યોકે આ બાળક ખુબ બળુકું લાગે છે. ધાર્યા કરતા વધુ વજનદાર છે. છતાં કાઈ વાંધો નહિ. હમણાં ઘોડી પર અસરવાર થઈ જાઈસ પછી મને કયાં વજન ઉપાડવો છે. જેથી કરીને મને વજન લાગસે, એમ માની ઘોડી પાસે આવતાં ઘોડી મંડી પગ પછાડવા તથા હણહણાટી કરવા. છતા પોતાને કાંઈ કરતાં કાંઈ બીજો કોઈ ખ્યાલ રહયો નહિ  ઘોડીની લગામ પકળી ને મૈડો ચાલવા પછી વિચાર આવ્યો કે ઘોડી ઉપર અસ્વાર થઈ જાવ પરંતુ ઘોડીએ અસરવાર થવા દીધો નહી, ઠીક છે એમ મન માનવી ઘોડીની લગામ પકડીને ચાલવા માંડયુ, પેલું બાળક ખભે નાખેલ તેનો વજન વધવા લાગ્યો તેમ ભાસ થયો છતા મન મનાવ્યું કે કદાચ મારો વહેમ હશે, પરંતુ ડગલે ડગલે પેલા બાળકનો બોજો વધતો ચાલ્યો કે જ્યારે પેલા બાળક ને પોતે હવે ઉપાડી શકશે નહિ તેવો ખ્યાલ આવ્યો પાછું વાળીને જોયું ત્યાંતે જ્યાંથી બાળક ઉપાડેલું ત્યાં લગી પેલા બાળકનાં પગ હતાં આટલા લાંબા પગ બાળક સામું જોતા બાળક હસતું હતું. બાળકને મહામહેનતે ઉચકીને નીચે પટકીને ગાળ દીધી. સાલું હહરીનું આતો ભુત લાગે છે, ત્યૌ તો પેલુ બાળક તાપનો ભળકો થઈને અદશ્ય થઈ ગયું. ત્યારે પેલી ઘોડી પણ શાંત થઈ ગઈ, પરંતુ પેલાને પસીનો છુટી ગયો, કપળા પલળી ગયા. છતા જવામર્દ તો ખરો જ એટલે હિંમત કરીને ઘોડી ઉપર ચડી ગયો. આ વખતે ઘોડીએ પણ વિરોધ કર્યો નહિ. ઘોડી ઉપર અવસાર થઈને ઘોડી મારી મુકી (એટલે કે દોળવી) પરંતુ એકાદુ ખેતર નો પલ્લો કાપ્યો હસે ત્યાં તો પાછડ થી કોઈ બોલાવતું હોય તેમ સાદ સંભળાણો. પાછડ ફરીને જાયું ત્યાં તો ખુલ્લા વાળ વારી બાઈ દેખાણી. બાઈ દોળતીકને આવી રહી હતિ. આંખના પલકારામાતો પેલીબાઈ નજીક આવિને પૂછયું એ ખરૂ કે અહિં બાળક પડેલું તે તમો એ જોયું છે, ત્યારે ઘોડી વરી પાછી મંડી હણહણાટી કરવા તથા પગ ઉલાડવા ત્યારે પેલાભાઈ સમજી ગયા કે પેલો મળેલો છોકરો અને આ બાઈ એકજ છે એટલે ભેટમાંથી જમૈયો કાઢી ને જેવો વાર કર્યો કે પેલીબાઈ ઉપર કાંઈ અસર થઈ નહિ. ઉલટાના તેના વાળ અને દાંત મોટા થવા લાગ્યા એટલે પેલાભાઈ મુંજાઈ ગયા પછી તુરતજ ખ્યાલ આવ્યો કે આતો ચુડેલ છે, તેને અગની આગ બતાવવાથી ભાગી જાઈ છે. તેમ પોતે ક્યાંક સાંભળેલ, એટલે ખીસામાંથી ચકમક અને કળી કાઢીને ચકમકથી અગની કરી દેખાળતાં પેલી ચુડેલ પાછી વળી ગઈ.

તે જમાનામાં અગની પેટાવવા માટે ચકમક નો પથર તથા લોખંડની કળીનું ઘર્સાણ કરતાં અગની પેટતી, ત્યારે બાકસ કે લાઈટર બેટરી કદાચ નહિ હોય તેથી આમ કામ ચલાવવું પળતું હશે. જે હોય તે ખરૂ ચુડેલ જાતા જાતા ભયંકર અટ્ટહાસ્ય કર્યુ. એ એટલું મોટું હતું સાથે સાથે તેનો દેખાવ પણ ભયંકર હતો કે ભલભલાનાં હાજાગગડી જાઈ. તેમ પેલા ભાઈનાં તથા ઘોડીનાં યુરીન છુટી ગયા. પાછુ વાળીને જોવાના હોંસ રહ્યા નહિ. પરંતુ આ હિમત હારે તો

© RATILAL JOGIA

જવામર્દ શાના હિંમત કરીને ઘોડીને થાબળી કેશવારી ઉપર હાથ ફેરવ્યો તો ઘોડીને પસીનો થઈ ગયેલો. ઘોડીની પસવારી ભીની થઈ ગઈ હતિ. તરતજ ઘોડી ઉપર સવારીકરીને ઘોડીને દોળાવીમેલી. પેલા આગળ ગયેલાભાઈઓએ ખુબજ આ ભાઈની રાહ જોઈ એમાંથી એક ભાઈને વિચાર આવ્યો કે પેલો હજુ કેમ આવ્યો નહિ, એટલે તે ત્રણ જણામાંથી એક આદમી તૈયાર થયો કે હું તપાસ કરીયાવું, તે હજી સુધી કેમ આવ્યો નહિ, એટલે પેલોભાઈ ઘોડી લઈને સામે આવ્યો. બન્નેની આંખ મલી, પરંતુ જે ભાઈ જાતો હતો તેનું મન કબુલ કર્યુ નહિ કદાચને આ પણ ભુત હોય એટલે પળકારો કર્યો કે દુર રહેજે તું બાળક બનીને આવ્યો પાછી બાઈ બનીને આવ્યો હવે મારો જોળીદાર બનીને આવ્યો છે. કાના પરંતુ હવે હું છેતરાઈશ નહિ. મને હરાવવા આવ્યો છે તો તેમ હું હારી નહિ જાવ, મરદ નો દિકરો હોય તો લડવા તૈયાર થઈજા. ત્યારે પેલાએ ખુબ સમજાવટ કરી કે હું ભુત નથી. તારો જોળીદાર કાનો છું. કાનો તને આવતા મોળું થયું માટે તારી તપાસ કરવા મને પેલા આપણા જોળીદારે મોકલ્યો છે, છતાં પેલો માનવા તૈયાર નજ થયો એટલે તેનીયે પોતા પાસેથી જમૈયો કાઢી પેલાની આંગળી ઉપર કાપો મુક્યો હાથની આંગળીમાંથી મુંડયું લોહિ ટપકવા છતા વિશ્વાસ બેઠો નહિ એટલે ચકમક અને કળી કાઢી અગનીપેટાવી પછી કાંઈ બનાવ બન્યો નહિ, છતાં પૂરેપૂરો વિશ્વાસ બેઠો નહિ એટલે પેલાને કહ્યું કે તું આગળ ચાલ હું તારી પાછડ પાછડ ચાલીસ એમ સમજુતિ કરી બેક માઈલ દુર પેલા બેજણાં રાહજોતા નાળાવી વાવ કુંવાકાંઠે રાહ જોતા બેઠા હતા, ત્યાં પહોચ્યાં ચારેય જણાં મલ્યા કેમ મોળું થયું એટલે માંડીને વાતકરી.

મેપા એ કીધું કે આ રસ્તે આવું એક ભુત મે પણ જોયેલું, એક વખત એકલો અહિં થી પરસાર થતો હતો. ત્યારે જ્યાં તને પેલું બાળક મળેલું તે જગ્યા ની આજુબાજુ રસ્તા વચ્ચેજ એક ડેડકો (મેડક) બેઠલો. તેની આંખની કીકીયો બેટરીના બલ્બ જેવી ચમકતી હતી. તેની સામે જોવાથી મારી આંખ અંજાય ગઈ. હવે બીજું કાંઈ દેખાતું ન હતું. ડેડકા સામું જોવાથી તે ડેડકો બીહામણો લાગતો હતો. ડેડકાએ મારી સામે જોઈને ઠેકડો માર્યો અને પાછો બોલ્યો ડ્રાંઉ ડ્રાંઉ ડ્રાંઉ, હું મુંજાઈ ગયો, શું કરવું? મારો મગજ ચાલતો બંધ થઈ ગયા, મેં સામો જવાબ આપ્યો કે મે ડરાવ નહિ. ડેડકો બોલે ડ્રાઉ, હું બોલું મે ડરાઉ નહિ. આમ અરસ પરસ ચાલુ થઈ ગયું. ડેડકાની બોલવાની ઝડપ વધતી ચાલી. હું જવાબ આપી આપીને થાકીને લોથ પોથ થઈ ગયો, હું એમ ડરી જાવ નહિ. છતાં રસ્તાની વચ્ચે ડેડકાની સામે બેસી પડચો અને આ વાતચીત ચાલુ રાખી. છેવટે પરોઢ થયું. હું હવે એકદમ થાકી ગયેલો, વેલી પરોઢે પેલો ડેડકો મોટો મોટો મોટો થતો લાગ્યો, એ એટલો મોટો થયો કે એક હાથી જોઈ લ્યો. હવે મને ધ્રુજારી છુટી ગઈ, કે આ હાથી જેવડો ડેડકો મારા ઉપર પગ મુકી દેશે તોઆપણાં તો રામરમી જાસે. ને અજાણ તાજ રામ રામ રામ નો જાપ ચાલુ થઈ ગયો. પછી ડેડકો મોટા ફુગાની જેમ રબરનો બલુન ફુટે તેમ ધળાકા બંધ ફુટી ગયો. તે તાપનો ભળકો થઈને ઉડી ગયો. આમ સવાર પડતા તે ગાયબ થઈ

© RATILAL JOGIA

ગયો. એટલે હું કપડા ખંખેરી ઘોડીને લઈને ચાલતો ચાલતો આ જગ્યાએ આવેલો અહિં પોરો ખાવા બેઠો પાણી પીધું ઘોડીને પણ ગદબ ખવડાવી, પાણી પાયું .

આમ વાત કરીને ચારે જાણાં ઉઠયા અને જોયું તો ઘોડી ચારને બદલે પાંચ દેખાય પાંચયે ઘોડી સરખી લાગતી હતી. હવે પોત પોતાની ઘોડી ઓળખવી કઇ રીતે, વળી પાછો ગભરાટ ચાલુ થયો, હવે નક્કી આપણા માંથી એકાદ જણ ઓછો થસે હવે શું કરવું ? કાંઇ ઉપાય દેખાતો નથી. ઘોડી પાસે જવાય તેમ હતું નહિ. તેવોની ઘોડીયો બીકના માર્યા ધ્રુજી રહી હતિ પેલી ઘોડી જે વધારાની હતિ તે દરેક ઘોડીને જાણે ભીંસ આપતી હોય તેમ વારા ફરતી તેને નજીક જયાવતી અને ચકર લાગાવતી હતિ. હવે શું કરવું ત્યારે પેલા ચારેય ને વિચાર આવ્યોકે આપણી ઘોડીને ગદબ ખવડાવી છે. સાથે સાથે મોંગરી-મુળા પણ ખવડાવ્યા છે. તો દરેક ઘોળીના મોઢા સુંઘી લયે, મુળા મોગરી ની ગંધ પારખીને આપળી ઘોડીઓ લઈ લયે. પરંતુ આટલું બધુ સાહસ કરવાની હિંમત ક્યાંથી લયાવવી. હવેતો સવાર પડતાં લગી અહિ જ પડી રેવું પડશે. બીજો કોઈ રસ્તોજ નથી. તેમ નકકી કરી લીધું, ત્યાં તો દુર દુર થી જાનડીયુ ના ગીત નો અવાજ નજીકને નજીક અવતો લાગ્યો. ગાડા અને બળદ નાં ગળે બાંધેલા ઘુઘરાનો અવાજ સંભળાણો, લાંબે નજર કરતાં કોઇ દુર જાણે ગાડું આવતું હોય તેમાં જાનળીયું બેઠી બેઠી લગ્નનાં ગીત ગાત્યું હોય તેવો ભાસ થયો. થોળી વારમાં ગાડું નજદીક આવી પહોચ્યું. હવે આ ચારેય ને ખુબજ હિંમત આવી ગઇ. પેલીબાજુ ઘોડીઓ મંડી હમચી ખુંદવા અને લાતમલાત કરવા અને જાનનું ગાડું એકદમ દોડવા લાગ્યું. જાનડીયું ના ગીત તથા બળદની ડોકે બાંધેલા ઘુઘરાનો અવાજ કાન તોળી નાખે તેવો આવવા લાગ્યો અને આંખના પલકારામાં તો ઢોલ ઢબુકતા ઢબુકતાં ગાડા એ ડોટ મેલી જાનનું ગાડું સીધુંજ પેલી નારાળીવાવામાં ખાબક્યું. ઢોલીડા તાપ થઇને ઉડી ગયા, રીળીયો રપટ થઇ ગયો. પેલી ઘોડી પણ તાપ થઇને ઉડી ગઇ. પેલું જાનનું આખે આખું ગાડું નારાળી વાવામાં સમાય ગયું.

રાડારાડી શાંન્ત થઈ ગઇ, પેલાની ઘોડીયો પરસેવે વેલીપરોઢે રેબજેબ થઈ ગઇ. સાથે સાથે આ જવામર્દો પણ અવાચક થઈને બેસી પડ્યા. છતાં બચી ગયાનો ખ્યાલ આવતા ફરી હિંમત એકઠી કરીને ઉભા થવા કોશીસ કરી, પરંતુ હવે ઉભા થવા જેટલી પણ હિંમત હતી નહિ કે તેવો ઘોડી પાસે જઈ શકે. હવે સવાર થવા આવ્યું થોડું અજવાળું થયું, ત્યારે ખુદ ઘોડીઓજ તેવોની પાસે આવી લાગી અને આ લોકોને મંડી મોઢેથી ઉભા થવાની લાગણી વ્યકત કરવા. પરંતુ આ લોકોને જાણે મહિના નો થાક હોય તેમ, એટલા બધા થાકી ગયેલા હતા હિંમત કરી માંડ માંડ ઉભા થયા. છતાં જવામર્દ તોહતા જ બીજા કોક હોત તો તો ક્યારનાં ફાટી પડ્યા હોત. આ લોકો એમ હિંમત હારે તેમ હતા નહિ. જાતા જાતા એક નજર કુવામાં નાખીને જોઈ. એક નજર કુવામાં નાખીને જોઇ લેવાની લાલચ થઈ, તે લાલચ રોકી શક્યા નહિ. વિચાર કર્યો કે કુવામાં જાનનું આખે આખે ગાડું પડયું છે તો તેનું શું થયું હશે માટે આપણે કુવામાં જોયે તો

© RATILAL JOGIA

ખરા, પરંતુ ફરી વિચાર આવ્યો કે કયાંક ફરી આપડી ઘોડીયું ભડકી જાસેતો, એટલેએમ નકી કર્યુ કે, આપણે પોત પોતાની ઘોડીની લગામ પકળી બીજા હાથે કુવાનો કઠેડો પકડયો અને એક સાથે ચારેય જાણાએ કુવામાં જાયું તો પેલી બાઈ અને પેલું બાળક જાણે આ લોકોની રાહ જોતા હોય તેમ દેખતાકને બનેયે પોતપોતાના હાથ લાંબ કર્યા કે કુવાને કાંઠે ઉભેલાને પકડી શકે એટલા હાથ લાંબા થતા, ત્યાંતો પોત પોતાની ઘોડીઓ એ હણહણાટી બોલાવી ને, ચારેય માલીકોને ઘોડીઓએ ખેંચી લોધા. જાણે માખણમાંથી વાળ ખેંચે ચેમ ચારેય જાણા સીધા કુવાને કાંઠે પડ્યા પરંતુ બચી ગયા.

ભલે હાથપગ છોલાય ગયા, શુળીનો હુકમ સોયથી ઉકલી ગયો. તેમ માની લીધું ઘોડીઓ ફરી હણહણાટી એક સાથે બોલાવીને મંડી હમચી ખુંદવા, જાણે કેતી ન હોય કે હવે અહિ થી ભાગી નીકળો, પેલા લોકો પણ સમજી ગયા કે હવે અહીંથી જટભાગો. વધુ રોકાવામાં સારૂં નથી. કપળા ખંખેરી ને હોસ આવતા પોતપોતાની ઘોડી ઉપર અસવાર થઈને વેલું આવે ભોળદર, તેમ ઘોડીઓ દોડાવી મુકી. ભોળદર જઈને હોંસમાં આવ્યા. માંડીને વાત કરતા ચારેયનાં રૂવાળા બેઠા થઈ ગયા, ત્યારે અરજાણબાપાએ કીધુ કે દર પૂનમે રાત્રે આ કીસ્સો બને છે, તમો ચારેય નસીબદાર છો, જેથી હેમખેમ આવી ગયા, નૈતર કોઈ બચતું નથી. જેને આ ભુત ભટકી જાઈ છે, તે તેનો જીવ લઈજ લ્યેછે. તમો બચી ગયા તેનું કારણ આ ઘોડી રૂપી પશુનો ઉપકાર માનો કે તેવોએ તમારી રક્ષા કરી, બાકી આજે તમારા સો વરસ પૂરા થઈ ગયા સમજવાનો ટાઈમ હતો.

ત્યાંતે પાછડ વાળામાં ધબાકો થયો કાંઈક પડ્યું હોય તેમ તેવો અવાજ સાંભળીને વાળામાં ગયા તો એકઘોડી જમીન ઉપર ફસડાઈ પડી હતિ. તેને મોઢે ફીણ વળી ગયા હતા. તે ઘોડી તરફડતી હતી. નારણબાપાએ બુમપાડીને પાણીની ગાગર મંગાવી, ઘોડીનાં માથે મોઢે પેટે પાણી રેડતાં જ ઘોડીયે દમ છોળી દીધો. ત્યારે ત્યાં ઉભેલા સૌ એ ઘોડીને તથા તેની દીવ્ય આત્માને વંદન કર્યા. મનો મન કબુલ કર્યુ કે દેવતાય ઘોડીને હિસાબે જ આ ચારે જણ અને ત્રણ ઘોડી જીવતા રહિ ગયા છે. પોતાના જીવની પરવા કર્યા વગર અમોને જીવતા રાખ્યા, ધન્ય છે હે વફાદાર પ્રાણી કે તે તેના જીવને જોખમે અમોને ઉગાર્યા. વંદન હો તને અને તારી વફાદારીને ભુત પ્રેતમાં ઘણા કેતા ફરે છે કે અમો માનતા નથી. ભુત જેવું કાંઈ છેજ નહિ. પરંતુ અનુભવવાનો મોકો મલે ત્યારે ખરેખર ખબર પડેકે કેટલી વિસુએ એકસોહ થાય છે.

આ વાત સત્ય ઘટના ને આધારે બની ગયેલીહકીકત છે, આ લેખનાં લેખકેને તેના વડીલોએ આ વાત કહિ હતિ. વર્ષો પહેલા, હવે વર્ષો પછી યાદ આવતાં રૂપક તરીકે રજુઆત કરી છે. રજુ કરવાનું પણ કારણ છે, છતાં કોઈ પૂછતું નહિ કે લેખકને ભુત ભટકાઈ ગયું હશે એટલે યાદ આવી ગયું લાગે છે. તો તેમ માનવાની પણ છુટ છે. ચમતકારો અત્યારે પણ બની શકે છે અપના અપના ખ્યાલ હૈ.ભઈ,

© RATILAL JOGIA

નોંધ :- આ લેખ ખરી હકીકત રૂપી સત્ય ઘટનાત્મક છે. પાત્રોના નામ અડસટે લખેલા છે. બાકી વાત એકસોહ એક ટકા સાચી છે. આગળનાં વખતમાં આવા બનાવ બનતાં જેમાં બેમત નથી કારણ કે, ત્યારે આટલો વાહન વહેવાર હતો નહિ. અગર રોડ પણ હતા નહિ, ત્યારે તાર ટલીફોન ની સગવડ પણ હતિ નહિ, મોટે ભાગે જંગલોની વચ્ચેથી રસ્તા પસાર થતા અને નાના નાના કસબા જેવડા ગામડા હતા. જે અંધારીયા ખંડ રૂપી હસે, એટલે આવા બનાવ બને પણ ખરા અત્યારે પણ કદાચ બનતા હસે કારણ કે ઘઉંમા કાંકરાતો હોય જ ક્યારેક વધુ તો ક્યારેયક ઓછા. જે હોય તે.

દ્વારકાધીશ કી જય

©
RATILAL JOGIA

# ૨૯ રણકાવો રણકાવો રૂડા રૂપૈયા

રૂપૈયા રૂપૈયા રૂપૈયા  શું આ જીંદગીમાં બીજા કશાનું મહત્વ જ નથી ? રૂપૈયા જ સર્વોપરી છે. જી હા રૂપૈયા જ સર્વોપરી છે. રૂપૈયા ભગવાન નથી પરંતુ યાદ રહે કે, રૂપૈયા ભગવાનથી કમ પણ નથી. માટે ડગલે ને પગલે રૂપૈયાની જરૂર પડે છે. રૂપૈયાથી જરૂરીયાત ખરીદાય છે. શું ખરીદી શકાતું નથી. રૂપૈયાથી સારામાં સારો બેડરૂમ ખર્ચ કરીને બનાવી શકાય છે. ઉંચામાં ઉંચું ફર્નીચર બનાવી સવામણની સેજ બનાવી, એર કંડીશનર વસાવી, મ્યુજીક સીસ્ટમ તથા લાઈટીંગ ગોઠવી શકાય છે. પરંતુ તે બેડરૂમમાં આખી રાત આળોટવા છતાં નીંદર આવતી નથી. તે ઉંઘ રૂપૈયાથી ખરીદી શકાતી નથી. સારામાના કપડા, સારામાના દાગીના, ઉચામાની નસો કરવા યોગ્ય પ્રવાહી પીણું તથા ઈમ્પોર્ટેડ તંબાકુની પાઈપ સાથે બત્રીસ જાતના ભોજન - શરાબ-શબાબ-કબાબ. આ બધુ હાજર હોય છતાં ઈચ્છા મરી પરવારી હોય, કેવાયમાં દીલ લાગે નહી, તે ઈચ્છા રૂપૈયાથી ખરીદી શકાતી નથી. છતાં રૂપૈયાને આટલું બધુ મહત્વ શા માટે ? કારણકે...

©
RATILAL JOGIA

સમાજમાં આગલી હરોળમાં રહેવા માટે દોડવું પડે છે. પરંતુ દોડવાવાળાને ખબર નથી કે બહુ દોડવાથી થાકી જવાય છે.થાક લાગવાથી ઉલટાના પાછળ રહી જાયે છીયે. રૂપૈયા ભેળા કરવા માટે ઘરમાં સગાવહાલામાં વહેવારમાં ટાઈમને અભાવે ધ્યાન આપી શકાય નહી. અરે નાના ભુલકા નીર્દોષ બાળકો પણ પ્રેમથી વંચીત રહે તે કેવું. ઘરમાં પવિત્ર પ્રેમાળ પત્ની રાહ જોઈને ભુખ્યા સુઇ જાય. પછી મોડી રાત્રે શેઠ ઘરે પધારે રાત્રીનાં બે વાગ્યા હોય, ત્યારે શેઠ આવતા વેત ખુલાસો કરવા માંટે શું કરૂ ડાર્લીંગ કામ એટલું બધુ છે કે તે છોડી શકું તેમ નથી, એટલે આવતા આવતા મોડું થઈ જાય છે. આઈ લવ યુ ડાર્લિંગ, સોરી હવે હું ઘરે જલ્દી આવવા કોશિશ જરૂરથી કરીશ ઓકે. છતાં પ્રેમાળ પત્નિ મીઠળું સ્માઈલ આપી વિનંતીથી એટલું કહે કાંઈ વાંધો નહિ. તમો ફ્રેશ થયાવો ત્યાં લગીમાં હું તમારા માટે જમવાનું ગરમ કરીને લયાવીને જમવાની થાળી તૈયાર કરૂં છું. જમવાની થાળી રજુ થાય ત્યારે, પેલો અભાગ્યો જીવ કહે કે ડાર્લિંગ મે તો રહી રહીને ભુખ લાગવાથી પેટ ભરીને નાસ્તો કરી લીધો છે. હવે ભુખ નથી, તે

પોતાની પ્રેમાળ પત્નિને પુછતો પણ નથી કે, તું જમી કે નહિં ? નશામા ઘેન ચડતા લથડતી ચાલે પલંગ ઉપર ફસડાઈ પડે ત્યારે પત્નિની આંખ ભીની થાય, છતાં પોતાના ધણી ને ખબર ન પડે તેમ હસતું મોઢું રાખી ધણીની બેગ, કોટ, ટાઇ, ચશ્મા, સેલફોન વગેરે સંભાળીને એક બાજુ મુકે પછી પગમાંથી બુટ કાઢીને મોજા હળવેકથી ઉતારે પછી પગના તળીયે હાથ પસવારતા પસવારતા વાત કરવાની કોશિષ કરે, જુઓ તો ખરા તમારા પગ કેટલા ગરમ થઈ ગયા છે, નહિં ! પગે મસ્કો ઘસી દઉ ત્યારે શેઠ લળથળાતી જીભે માંડ માંડ જવાબ આપે સોરી ડાર્લિંગ મને સુવા દે, તુ પણ આરામ કર. એમ કહી ને અભાગ્યો જીવ ઉંઘરેટિયો ઉંધો ફરી સુઇ જાય ત્યારે પ્રેમાળ પત્નિના સપના ચકનાચૂર થઈ જાય. છતાં બૈરું બિચારું શું બોલે ? કારણકે આ તો રોજ નું થયું છે. કાંઇ કરતા કાંઇ જણાવે નહિ, નસીબને દોષ દઈ છોકરામાં જીવ પરોવે અને જીવતા શીખી જાઈ. બીજુ શું ?

રૂપૈયા મેળવવા માટે આટલી બધી દોડધામ શા માટે ? જીવને નિરાંત નહિ શરીરને આરામ નહિ જીંદગી મશીનમેડ થઈ જાય. રૂપૈયા મેળવવા માટે શરીરની તંદુરસ્તીનો ભોગ લેવાઇ જાય ત્યારે, ત્યારે રૂપૈયા તો પ્રાપ્ત થાય, પરંતુ શરીર નીચોવાઇ જાય. જે રૂપૈયા મેળવવા તંદુરસ્તી ખોઇ નાખી તે પાછી મેળવવા માટે ગમે તેટલા રૂપૈયા ખોઇ નાખો છતાં ગઈ તંદુરસ્તી પાછી મળતી નથી. ત્યારે ખોબલે-ખોબલે આંસુ સારવા પડે છે. આ બધુ સમજાય ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હશે. સમય સરી ગયો હશે. વિતિ ગયેલો સમય કદાપી પાછો આવશે નહિ. તેનું શું? ખરેખરતો સંતોષી જીંદગીવાળો મનુષ્ય જ સુખી હોય છે. જીવનમાં જેટલી જરૂરિયાત ઓછી એટલી નિરાંત હોય છે, પરંતુ કારણ વગર જરૂરિયાત વધારતાજ જઇએ, તો પછી તેનો છેડો આવે જ નહિ. રૂપૈયાથી શું ખરીદાય છે ખબર છે ? ભય-દુઃખ-દર્દ બાકી રૂપૈયાથી સુખ ખરીદી શકાતું નથી. દરેકે દરેક સગવડ બનાવી લીધી હોય છતાં, રહેવાવાળાને સંતોષ જ ન હોય તો શા કામનું ?

RATILAL JOGIA

નાના બાળકની પાસે ક્યાં રૂપૈયા હોય છે ? નાનું બાળક જન્મ લે ત્યાંથી પુખ્ત એટલે કે જુવાન થાય ત્યાં સુધીમાં તે બાળકનું બેંક બેલેન્સ કશું જ હોતું નથી, છતાં તે બાળકને ક્યાં કોઇ કહે છે કે હા અમારો મુન્નો કે મુન્ની ગરીબ છે ? બીચાળા તેઓ પાસે રૂપિયા જ નથી તેમ બાળકને કોઇ કરતા કોઇ થોડું કહેવાનું છે ? છતાં તે બાળકની દરેક જરૂરિયાત બાળકના માતાપિતા દાદા-દાદી, ભાઈ-ભાંડુ, કાકા-કાકી, મામા-મામી પૂરી કરે જ છે ને ? અરે, ઈશ્વર કેવો દયાળુ છે. જે બાળક આ જગતમાં આવવાનું છે તેને માટે દુગ્ધપાનની વ્યવસ્થા આગળથી તેના માતાના ઉરમાં કરી રાખી હોય છે ને છતાં માણસ ભુલી જાય છે, કે તે તેના ઈશ્વરનો દયા પ્રેમ વિશ્વાસ શા માટે છોડી દીધો છે ? **શું છેતરપિંડી ઈશ્વર સામે પણ કરી શકાય છે ?**

રૂપૈયાની જુવાનીમાં માણસ આવતા જરૂર પડે છે. જુવાન માણસ ને ખૂબ જ રૂપૈયા જોઈએ છે. તેને કમાવવા માટે ફાફા મારવા પડે છે. પચ્ચીસ વર્ષનો ગાળો એટલે કે વીસ વર્ષની

ઉમર પછી પીસ્તાળીસ વર્ષ સુધી એટલેકે ગદ્ધા પચ્ચીસી જેને કહેવાય છે. તે ગદ્ધા પચ્ચીસીમાંજ રૂપૈયા માટે દોડધામ અને ધમાલ હોય છે. બાકી પીસ્તાલીસ વર્ષ પછી જીંદગીના વળતા પાણી થાય છે. પીસ્તાળીસ વર્ષની ઉમર થયા પછી આળસ આવે છે, થાક લાગે છે, બાળકો મોટા થતા ચાલ્યા હોય છે, તેઓની જરૂરિયાત તરફ ધ્યાન આપવું પડે છે. સગાવહાલામાં વહેવાર સાચવવાની સમજ દાખવતા શીખવાય જવાય છે, કદાચ કોઈ ભાગ્યશાળી આત્મા હોય તો દેવ મંદિરનો મોહાવરો વધતો જાય છે. ઈશ્વર સ્મરણ માં ધ્યાન પરોવવાની ઈચ્છા જાગી પડે છે, ગળા માં માળા પહેવરવાનું તથા જાત્રા કરવાની ઈચ્છા જોર પકડે છે. ઘરમાં પોતાનું બૈરૂં સમજદાર હોય તો ઉપરની બાબાતમાં સાથ સહકાર આપે છે. ધાર્મિક કાર્ય માં ભાગીદાર બને છે. કોઈ અભાગ્યો જીવ હોય તો કર્કશા કકડાટ કરવાની ઉંધે પાટે ગાડી દોડાવી મૂકે છે. દીકરા દીકરીયું જુવાન જોધ થઈ ગયા હોય તેઓને ઠેકાણે પાડવા એટલે કે સગાઈ સમૂરતા લગ્નની દોડધામ અને ઠેકાણે પાડવાની દોડધામ વધી પડી હોય છે. જે સગા વહાલાને કદાપી બોલાવતા ન હોઈએ તેઓના પ્રસંગોમાં હાજર રહયા ન હોઈએ જેઓની સાથે બીલકુલ વહેવાર હોય જ નહિ તેઓની સાથે વહેવાર વધારવા બહાનું શોધતાં ફરવું પડે. ન દીઠા નગમતા આદમીઓને બોલાવવા પડે. દીકરા દીકરીઓના સગાવહાલા ચીટીયા ખણેં, મેણા ટોણા આપે, તે સહન કરવા પડે. આ બધામાંથી ઉંચા અવાય નહિ. ક્યારેક મન શાંતિ જખતું હોય, ધંધા પાણી નરમ ચાલતા હોય, અગર નોકરી કરતા હોય તો ઉપરથી બોસનું દબાણ હોય, તે ટાઈમે ઘરવાળીનો સંગાથ યાદ આવે, વહેલા વહેલા ઓફિસેથી અગર ધંધાની જગ્યાએથી છુટ્ટી લઈને પરવારી ને ઘરે જઈએ ચોમાસાની આહલાદક મોસમ હોય વરસાદના ફોરા પડેલાં હોય અગર પડતા હોય વાતાવરણ, ખુશ્નુમાં હોય, ધરતીમાંથી જાણે સુગંધ મહેકતી હોય એવું લાગતું હોય ત્યારે 'ભજીયા' યાદ આવે. 'ઠાકોરજી ને ભજીયા' કે નહિ પરંતુ જમવા માટેના ભજીયા ત્યારે ઘેર પહોંચતાજ હુકમ કરીએ, ભજીયા બનાવો.

ભજીયા એમ ઘરવાળાને યાદ કરાવતા ઘરવાળા કહી દયે કે અત્યારે તો હલવો છે હલવો, કહેતા હોય તો 'ગુલાબ ચટણ' ગરમા ગરમ બનાવી આપું અગર તો 'મન ભાવની' કરી આપું , ઘરવાળો સોફામાં ફસડાઈને બેઠો બેઠો ઘરવાળી સામું ટગર ટગર જોઈ જ રહે, ઘરવાળી ઉંધો અર્થ કરીને પટાક દેતીકને કહી દયે - લાજો લાજો હવે આપણાં છોકરા પરણાવવા જેવડા થયા, અમૂક પરણી પણ ગયા છે. કાલ કવારે વહુને ડીલેવરી થશે, ત્યારે તમો દાદા થઈ જાશો અને હું દાદી, બે મહિના પછી દીકરી બાઈનો શ્રીમંત આવશે માટે ભાઈ સાહેબ આવા ગાંડા કાઢોમાં. હવે ઠરી ઠામ થઈને બેસી રહો. ખૂબ જ દોડધામ કરી ખૂબ જ ઠેકડા માર્યા, હવે આપણી ઉમર થઈ કહેવાય, હવે આવું બધુ નો શોભે, હવે તો હલવો, ગુલાબ ચટણ, મનભાવનીથી ચલાવતા શીખી લ્યો સમજ્યા. ત્યારે ઘરવાળાથી બોલી જવાયું કે તું વાતનું વતેસર કરી નાખીશ એવું મે નોતું ધાર્યુ મે એવું શું કર્યુ છે કે, આવડું લાંબુ પહોડું ભાષણ આપવા

© RATILAL JOGIA

મંડી પડી. ત્યારે ઘરવાળીએ કહયું કે, ઘેર આવતાકને મરક મરક મારી સામે હસતા અને ભજીયા ખાવાની ઈચ્છા બતાવી તે શું ઓછું છે અરે શું વાત કરે છે ? મારાથી તારા સામું જોઈને હસાય નહી. આવા આહલાદ્દ્ક વાતાવરણ માં ભજીયા ખાવાની ઈચ્છા થાય તો તે પણ તને કહેવાય નહી. આવી સરસ મોસમ ખુશ્નુમા વાતાવરણ હોય ત્યારે ઈચ્છાઓ જોર કરતી હોય તે શું રજુ નો કરાય ?

જમકુડી શું મારે હર વખત હલવો ગુલાબ ચટણ, મનભાવનીથી જ સંતોષ માનવો ? એ કોણે કહયું, હલવો એટલે બપોરનું વધેલું હોય તેને હલવો સમજવાનો, બે દિવસની ભેળી ઠંડી થયેલી રોટલી ના ટુકડા કરી છાસમાં પલાળી ને વઘાર આપીને ગરમા ગરમ પીરસેએ તેને ગુલાબ ચટણથી ઓળખીયે, મગની દાળ ચોખા સાથે મેળવીને ખીચડી બનાવીએ, તેને મનભાવનીથી ઓળખીયે, પરંતુ આ ત્રણેયના નામ અલંકારીત ભાષાથી બોલીએ એટલે હલવો, ગુલાબ ચટણ, મનભાવની ઘરે કોઈ બેસવા આવેલું હોય અગર પડોસી સાંભળતા હોય તે મનમા સમજે કે ઓ હો હો આ લોકો અત્યારે આવી ઉંચી આઈટમ જમશે ? આવા રૂપાળા નામની આઈટમથી ડીનર કરશે સુખી લોકો લાગે છે. ગયા હોઈએ અમદાવાદ છતાં કહીએ કે અમો તો આદામાન ગયા તા, તેવો ઠાઠ ઘણો બતાવીએ કારણકે ઉમરમં ફેરફાર થતો હોય વાળ સફેદ થવામાં હોય, ધ્યાન બહેરાશ કાનમાં આવતી હોય, છાતીમાં કફ ફફળતો હોય ઉધરશે ને છીંકો એ શરીરનો કબ્જો મેળવવા બળવો પોકારતો હોય શરદી થાય ત્યારે સમજવાનું કે ભૈની ઘંટડી રણકે છે. શરીરમાં ખાનાખરાબી થવાની તૈયારી ચાલે છે. તેની અગમ ચેતી રૂપે ચેતવણી છે. લાલ ઝંડી શરદીએ બતાવી દીધી છે માટે સમજી જાવ બહાર જા વાનું બહાર ખાવાનું તથા સખત મહેનત બધામાં નીયમીત થઈ જાવ, છતાં માને તે બીજા આ ભાઈડાને કાંઈ થાય નહી મને તો પાણા પણ પચી જાય તેવો અહમ ચાલુ રાખીને જીવે, સમય પસાર થતામાં તો કોઈ મહારોગ બહાર ડોકાય, દેખાડો દીયે ડોકાયી કરવા લાગે ત્યારે ત્યારે બીચાળું બૈરૂ પડખે બેસીને કહે કૌછું હવે જંજટ ઓછી કરો હાલો હું ભેડી આવું કોઈ મોટા ડોક્ટર પાસે જાઈએ. આમ કાલાવાલા કરીને તે મર્દ માણસ (ભાયડા) ને તૈયાર કરે મોટા ડોક્ટર પાસે જાય ડોક્ટર તપાસ કરે પછી કહે આમ તો ખાસ કાંઈ લાગતું નથી છતાં. ‘કાર્ડીયોગ્રામ’, ‘એક્સ રે’, ‘બ્લડ ટેસ્ટ’ એક ફરીથી ‘એક્સ રે’ છેલ્લે ‘ઈકો સીટી સ્કેન’ બધા રીપોર્ટ આવી જાય જોઈ તપાસીને ડોક્ટર કહે કે ગભરાવાની જરાય જરૂર નથી છતાં તમો બીમારીની બોર્ડર નજીક છો શરીરની અંદીરથી તાકીદ થાય કે રૂકજાવ એટલે કઉ છું એમ ડોક્ટર મીઠી મધ જેવી જીભાને પેશન્ટને સમજાવે ઘરવાડી કહે ડોક્ટર સાહેબ બધા રીપોર્ટ તો સારાજ છે છતાં આમ કેમ ? એટલું કહેતા કહેતા તો આંખ માંથી શ્રાવણ ભાદરવો વરસી પડે ત્યારે ડોક્ટર કહે માસી ગભરાવાની જરાય જરૂર નથી આ તો અમારા ભણવામાં આવે છે. એટલે પેશન્ટ ને તાકીદ કરૂં છું માટે અત્યારથીજ બધું છોડી દયો. જીવલેણ બીમારીનો ખતરો છે દવા ઈન્જેક્શન ચલુ કરો, સંપૂર્ણ બેડ રેસ્ટ લ્યો, જમવાની

© RATILAL JOGIA

પરેજી પાળો, તેલ ઘી મીઠું સંપૂર્ણ બંધ, એસી માં પડયા પડયા આરામ ફરમાવો. બધું સારું થઇ રહેશે ગભરાવાની જરાય જરૂર નથી.

હું દવા લખી આપું છું ને જરૂર પડે તો રાતના ગમે ત્યારે મને ફોન કરજો હું હાજર થઇ જઇશ અને ડોક્ટર ને તગડી ફી જ ચુકવી ને વેલુ આવે ઘર હવે, હવે શું ? આપણા ઈષ્ટ દેવની બાધા આખડી રાખીએ ઈષ્ટદેવનું સ્મરણ કરો આમ શ્રદ્ધાથી જીવવાની કોશીષ થાય ડોક્ટર તો કોઇ કાંઇ કરતા કાંઇ મને (ભાયડાને) થવાનું નથી તું નાહક જીવ બાળે છે. મને તો હજી ''ભજીયા'' યાદ આવે છે. ત્યારે બૈરૂ બીચારું પ્રેમથી પૂછે ખરેખર ભજીયા ખાવા છે ? બનાવી આપું લ્યો ખૂશીથી ખાવ અને ડીશમાં ભજીયા લઇને જમકુડી હાજર થાય છે. ત્યાં તો અહીં ''સીતારામ'' જમકુડી બીચારી રાડારાડ થાય છે અરે ઘડીક પહેલા કાંઇ હતું નહી અને આ શું બની ગયું. પરંતુ પરંતુ ભાવિ મીથ્યા થતું નથી. સમય સમયનું કામ કરે છે. બૈરૂં બીચારૂ એકલું થઇ જાય છે, હવે દીલની વાત ક્યાં કરવી છતાં ઈશ્વર ખુબ દયાળુ છે તે ચોક્કસ થી સમજવું. માણસોનો જમેલો ભેળો થઇ ગયો અંદરો અંદર ચર્ચાનો ચગડોળ ચાલુ થઇ ગયો કોઇ કહે છે રામ રમી ગયા અગર શ્રી ચરણ થઇ ગયા , અરે ગૌલોકવાસી થયા, નહિજી સ્વર્ગવાસી થયા, કોઇ લાગણીહીલ માણસે કહી દીધું કે તેઓ તો ગુજરી ગયા છે માટે આ બબાલ છોડો અને જલ્દી અંતિમ યાત્રાની તૈયારી કરો ખૂબીની વાત તે છે કે **''જીવ ને શ્વાસ તણી સગાઇ રે''** માનવ દેહ જેમ છે જ્યાં છે તેમ જ પડેલો છે તેમાંથી એક વાળ પણ ઓછો થયો નથી ફક્ત જીવ ચાલ્યો ગયો છે, ચેતના નથી. શ્વાસો શ્વાસની ક્રીયા થંભી ગઇ છે.

**''જીવન મરણ જરા વ્યાધી''** બધું નક્કી જ છે. જીવન થયું છે તો મરણ નક્કી જ છે, જીંદગી જીવતા જીવતા જરા (ઉમર)વધમાં અને બુઢાપો આવવાનો જ છે. બુઢાપો આવે એટલે વ્યાધિ રોગ કાંઇક ને કાંઇક લાગુ પડવાનો જ છે. આ સત્ય હકીકત છે છતાં ''આ જીંદગીની કેવી સફર'' કે જીવતા જીવને ધમપછાડા કરવા પડે છે. આત્માને તો કાંઇ લગતુ વળગતું જ નથી તે તો નવા ક્લેવર ધરવા માટે ઉપડી જાય છે. જેમ કપડા બદલી લઇએ છીએ તેમ આત્મા શરીર બદલે જ છે. જેને પાણી પલાળતો નથી અગ્નિ બાળતો નથી તેવા આત્માને કાંઇ શોક હોતો નથી. છે નહી, થશે નહી, શોક તો માત્ર દેહ રૂપી નામને થાય છે આ કર્યુ તે નકર્યુ શું જટા જટીમાં જ જીંદગીના દીવસો કપાય જાય છે. પછી તો વહેવારની વાત પકડાય છે

**''દીન ગણતા માસ ગયા, વર્ષ આંતરીયા, સુરત ભુલી સાયબા નામે વિસરીયા''**

જીંદગીની કડવી વાસ્તવીકતામાં બધું ભૂલી જાવું પડે છે. સ્મશાન વૈરાગ્ય ચાલ્યો જાય છે. ઈશ્વરે માનવ મગજની આ જ તો ખૂબાલીટી બનાવી છે. અગર જો દરેકે દરેક વાત યાદ રહે તો જીંદગી ઝહર બની જાત, ભુલી જાવામાં જ મજા છે. માટે જ માણસ પ્રેમથી ભુલી જાય છે અને એટલાજ પ્રમેથી જીવી જાય છે. અગર મનની વાત પણ જો કોઇ જાણી શકતું હોત તો ધારી

લ્યો કે શું અંજામ આવત માટે ઈશ્વર ખૂબ દયાળુ છે. માણસ ને જીવવા માટે ખરેખર દયા -પ્રેમ- લાગણી -દીલ -દીમાગ હૃદય બધું જ આપ્યું છે છતાં તે માનવ ઈશ્વરને પણ ભુલી જાય છે. મંદિરે જઈને શરમથી માથું જુકાવીને આંખો બંધ કરી દે છે પછી મન ગમે ત્યાં ભટકે તે કહેવાય નહી. ગીરીરાજ ધરણકી જે, જે, જે હોય તે પરંતુ આ સત્ય હકીકત છે.

સમાજમાં ડોસીમાં ઘેર ઘેર હશે ડોસા બાપા નહી હોય કારણકે બાપાઓને સાચવ્યા સચવાય નહી આદમી આદમીને સાચવી નહી શકે બૈરા બૈરાઓને સાચવી લેશે. બૈરાવોના દુશ્મન બૈરા જ હોય પરંતુ છેલ્લી અવસ્થામાં બૈરાઓને બૈરાઓનો જ સહારો મળે છે. બૈરા બૈરાઓને પ્રેમથી સાચવી લ્યે છે. તે ટાઈમે માજી પાસે બેંક બેલેન્સ હોતું નથી. નથી હોતી કોઈ મીલ્કત કે જમીન જાયદાત કાંઈ કરતા કાંઈ હોતું નથી બહુ બહુ તો હાથમાં બે બંગડી પીળી ધાતુની, અગર ગળામાં તુલસી કંઠી સીવાય ચાર જોડી કપડા આટલી જ મીલ્કત માજી પાસે હશે. છતાં તે માજીને ઘરના સભ્યો કે સગા વહાલા કે પડોશીઓ અગર ઓળખીતા પાડખીતા જાણાવતા નથી કે આ માજી તો ગરીબ છે. તેમની પાસે રૂપિયા નથી અગર રૂપિયા વગરના છે એવું કોઈ જાણતું નથી છતાં ઘરના દરેક નાના મોટા તે માજીનું લાલાન પાલન કરે જ છે. કપડા લઈ આવી દે છે. દવા લાવી આપે છે. ક્યારેક સંઘ જાતો હોય તો માજીને તેમા જાત્રા કરવા મોકલે છે. દેવ દર્શન કરવા તથા ધર્માદો કરવા રૂપિયા આપે છે. આ માજીઓ વગર ધાણીએ ને વગર રૂપિયાએ વરસો કાઢી નાખે છે. કોઈને કદાચ કહેવાય જાય કે મારી પાસે તો રૂપિયા નથી. આ દિકરાની પ્રજા છે તે મારું ધન છે. આ મારી વહુ દીકરીઓ જેવા છે તેવા પણ મને સારી રીતે રાખે છે. અત્યારે નવા નવા પરણી આવેલા પડોશીના વરઘોડીયા કહે છે કે માજી તમો આશીર્વાદ આપો તે અમારે માટે ઘણું જ છે. ફક્ત અમોને આશીર્વાદજ તમારા જોઈએ છે . ત્યારે માજી દીલથી નહી તો દીમાગથી વખાણ કરી આશીર્વાદ આપેજ છે. **''દુધે નહાવો ફૂલડે ફ્રો''** ત્યારે પેલું કપલ ખુશ થઈ જાય છે. માજી ને પગે લાગે છે. લ્યો માજી આ પચાસની નોટ દેવ સ્થાને જાવ ત્યારે વાપરજો અમારા વતી દર્શન કરજો અને માજી તરતજ પટાક દેતાકને રૂપિયા ગાદી નીચે નાખી ને કહે છે, આની શું જરૂર હતી છતાં તમારો પ્રેમ જોઈને ના નથી પાડતી હો કે. અને આમ જીંદગીના બાકીના પચ્ચીસ ત્રીસ વરસ એકલા એકલા કાઢી નાખે છે. નથી ઘરવાળો નથી પાસે બે પૈસાની મૂળી વગર રૂપિયાએ એય ને લીલા લહેર. નથી કોઈ જંજટ, નથી કોઈ વહેવાર કે કોઈ હીસાબ કીતાબ કે દોડાદોડી અગર જો જીવતા આવડે તો આ સમય ખૂબ જ ઉત્તમ લેખાય છે.

**કહેવાઈ છે કે, ''શીયાળા ના છાંણા'', ''ભર જુવાનીમાં કમાયેલા નાણાં'', 'બાળપણમાં જમા કરેલી શક્તિ'' અને '' છેલ્લી જીંદગીમાં કરેલી ભક્તિ''** આ ચારેય સ્ટેપ છે. જે સાચવે તે કદાપી વ્યર્થ જાતા નથી. પાછલી ઉમરમાં પરિવારની સાથે દુધમાં સાકરની જેમ ભળી જાઈ પ્રભુ સ્મરણમાં જીવ પરોવીને જીવાય જાય તેનાથી ઉત્તમ શું છે?

© RATILAL JOGIA

પરંતુ કોઈ અભાગ્યો જીવ, દુઃખી થાય અને દુઃખી કરે ત્યારે ખૂબ જ પીડા દાયક જીંદગી બની જાય છે. ત્યારે ત્યારે વૃદ્ધાશ્રમ નજર સામે દેખાય છે. પરંતુ સમાજને માથે આ વૃદ્ધાશ્રમ કલંક છે, કારણકે વૃદ્ધાશ્રમ ક્યારે નજર સામે આવે છે કે જ્યારે સમાજ , સીનીયર સીટીજન જેવા રૂપાળા નામને ઘરમાં સાચવવા તૈયાર નથી ત્યારે તેને વૃદ્ધાશ્રમમાં મુકવા પડે છે.આ કામ સમાજને માટે ગૌરવ લેવા જેવી વાત નથી જ ઉલટાનું શરમાવવા જેવી બાબત છે. પરંતુ કોઈ રસ્તો ન રહે ત્યારે વૃદ્ધાશ્રમ જેવું ઉત્તમ સ્થળ પણ બીજું કોઈ નથી જ. જુવાન કે આધેડ માબાપોએ સમજવું જોઈએ કે તેના બાળકો કાલા ઘેલા, અપંગ, અપાહીજ, લુલા લંગડા, બહેરા કે આંધળા કે મંદ બુદ્ધિના હોય છે. છતાં તેનું લાલન પાલન તેઓ કરે જ છે ને, છતાં તે પોતે પોતાના માબાપને બાળકોની જેમ સાચવી નથી શકતાં તે કેટલી દુઃખની બાબત છે. કહેવાય છે કે **'ગાડા-વાટ-ગાડલીવાટ'** એટલે કે તમો જેવું વર્તન કરશો તેવું જ વર્તન તમારી પ્રજા તમારી સાથે કરશે.

ઉમર લાયક માબાપને લાડ કોડથી સાચવો સમજો કે તઓ બુઢા નથી થયા પરંતુ બાળક જેવા બની ગયા છે. તેમ માની લ્યો જેમ તમો તમારા બાળક ને ઓછું નથી આવવા દેતા તેમ તમારા ઘરમાં વૃદ્ધજનો હોય તો તેને પણ ઓછું આવવા નહિ દયો. રૂપૈયાની હોળમાં જેણે પોતાની જીંદગી હોળમાં મૂકી દઈને તમોને ઉછેર્યા તેને તમો શા માટે ભુલી જાઓ છો. રૂપૈયા માટેની આ દોડમાં વૃદ્ધ લોકો થાકી ગયેલા છે, શું તમો પણ રૂપૈયા પાછળ દોડવાનું ચાલું કરેલ છે. જી હા તો સમજવાનું કે તમારી પણ આમજ જીંદગી પૂરી થશે. અગર જી-ના તો સમજવાનું કે તમો એ લાલ સીગ્નલ તમારા વૃદ્ધ થયેલા માબાપ પાસેથી જોયું જાણ્યું છે. તમો રૂકાવટ થી થોભી ગયા છો. સમાજ ભલે તમોને થાકેલા કે હારેલા કહે, પરંતુ આખરી જીત તમારી જ થશે. જેમા બે મત નથી ફક્ત એટલું જ શીખવાનું છે કે જેટલી જરૂરિયાત ઓછી એટલા વધુ સૂખી માટે રૂપૈયાની બબાલ શા માટે ? છોડી દયો બબાલ થાવો ન્યાલમ ન્યાલ હરી ભજો ને તરી જાવ ભવપાર. પરમ કૃપાળુ કરૂણાના સાગર પાસે. માંગો તો શું માંગો એટલુંજ માંગો કે અમારી ઉપર રહેમ નજર રહે, ચેન થી જીવી શકીએ, સદ્‌બુદ્ધિ ને સારા વિચાર મળે. બસ વધુ કાંઈ નહિ. હે પરમ કૃપાળુ દયાના સાગર રહેમ કર રહેમ કર.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૩૦ ડોલી દીલથી બોલી

વહાલા બાળકો આપણી આસ્કુલમાં હવે આપણે એક વરસ ભણ્યા. આજે છેલ્લો દિવસ છે. આવતી કાલથી લાંબુ વેકેશન પડશે વેકેશન પછી ફરી મળીશું ઓકે -પરંતુ છેલ્લે છેલ્લે મારે બે સવાલ પૂછવા છે. વર્ગમાંથી કોઇ એક બેબી ઉભી થાય અને એક હું પુછુ તે સવાલ નો જવાબ આપશે. કોણ ઉભું થાય છે ? સાહેબ હું આપના સવાલ નો જવાબ આપીશ. ખૂબજ સરસ, બોલ બેબી તારૂ નામ શું ? મારું નામ ડોલી સારાભાઈ, માતાનું નામ કવિતા. હં તો બોલ ડોલી બેટા આ વેકેશન માં તમો કઇ ટૂર જોઈન્ટ કરવાના છો. ક્યાં જવાના છો. સાહેબ આવખતે હું એક પણ ટૂર માં જવાની નથી કારણકે આ વખતે વર્ડ ટૂર માટે ધરતી કંપ નીકળ્યો છે. જુઓને કચ્છથી કોલકોતા, નેપાળ થઇ અફઘાનીસ્તાન, અમેરીકા, કેનેડા પછી ઈરાન પહોચ્યો છે. જાપાન ચીન તો ખારા જ માટે મારે તે ધરતી કંપની આડે આવવું નથી. છો કરતો તે વર્ડ ટૂર. તે ભલે મજેથી વર્ડટૂર કરતો હું મારી વર્ડટૂર મુલત્વી રાખું છું.

તાળીઓના ગળગળાટ થયા બાળકો હર્ષોલ્લાસથી ખુશ ખુશ થઇ ગયા. ડોલી ને પણ આનંદ આવ્યો. વધાય મળી પછી ડોલી તેની જગ્યાએ જઇને ગોઠવાઇ ગઇ તે પછી મમતા ઉભી થઇ સાહેબ બીજા સવાલ નો જવાબ હું આપીશ. ઠીક છે બેબી તારું નામ શું છે. મારું નામ ગમતા મેટરજી, મુળ કોલકોતાના છીએ. ઠીક છે. તું આ વખતનાં વેકેશમાં ક્યાં જવાની છે. આ વખતે હું ગુજરાત જોવાની છું કારણકે ગુજરાતમાં નોર-મોદાનું પોણી જોવાનો લહોવા મલશે સાહેબ. બધા વિદ્યાર્થી ખડખડાટ હસી પડ્યા. અમોર કોલકોતામાં તો નોર-મોદા ને બોદલે ગોંગાનું પાણી નોહે છો. માટે હું ગુજરાત જોવા જવાનું છો સાહેબ. ઠીક છે. ગમતા તમો કોલકોતાથી અહીં કેમ રહેવા આવ્યા છો. શું કોરીએ સોહેબ મારા ફોધર અહીં નોકરી કોરી છે. અચ્છા તને અહીં ગમે છે ? એટલે કે અહીં ગુજરાતમાં તને રહેવાનું ફાવે છે ? ફાવોવાનું તો એવું છે કે ફાધર જાય ત્યાં અમોરે રોવું પડે છે. તાળીઓના ગળગળાટ દરેક વિદ્યાર્થીઓએ વધાઇ આપી એક બીજાને ગલે લગાડી મળી અરસ પરસ લાગણી અને પ્રેમ આપી લઇને ભીની આંખે હૃદય થી સૌ છુટા પડ્યા. દરેકે એક બીજાને ટા-ટા કર્યા એપ્રિલ હૈ ભાઇ એપ્રિલ હૈ, પરિક્ષા પૂરી

© RATILAL JOGIA

થઈ છે ભાઈ પરિક્ષા પૂરી થઈ છે. વેકેશન પડયું છે ભઈ વેકેશન પડયું છે.

ડોલી તેની મમ્મીને પૂછી બેઠી, હેં મમી મને વિચાર આવે છે કે પરિક્ષા પૂરી થઇ તો તેની રોટલી કેમ નો થઇ હેં ? હેં મમી બોલ વેકેશન પડયું તો તેનો અવાજ કેમ ન આવ્યો, આ બધુ એપ્રિલ મહિનામાં જ શું કામ? દિવાળી ટાઈમે કેમ નહિ ? હેં મમી મને જવાબ દે. ત્યારે મમી એ આંખ કાઢીને કહયું કે, ડોલી, હવે તું નાની કિકલી નથી કે આવા શેખચલ્લી જેવા સવાલ પુછે છે. તું ટીવી જુએ છે તેમા બજેટ ફેબ્રુઆરી મહિનાના એન્ડમાં જ આવે છે પછી ભલે બે વરસ લખવા પડે. દાખલા તરીકે, વરસ ૧-૨. પરંતુ ડિસેમ્બર મહિનામાં તો ક્યારેય પણ હોતું જ નથી. આપણે બે ત્રણ મહિના આગળ પાછળ ચાલે, શું સમજી ? માટે હવે તું આ વખત ના વેકેશન માં કાંઇક નવું શીખ. મમી, મને તો બધુ જ આવડેછે. શું આવડે છે ? તને, કેમ પાલક ની ભાજી, મુળા, ભીંડા, બટાકા સમારતા શીખી ગઈ છું કે નહિ ? અરે ! એ નવું નો કહેવાય. હવે આ કોમ્પ્યુટર યુગમાં તો તારે કોમ્પ્યુટર ચલાવતા શીખવું જોઈએ. કોમ્પ્યુટર પ્રોગ્રામ બનાવતા આવડવા જોઈએ, તો મોટા થતા સારી પોસ્ટ મળે. અરે હા, મમી, સવારે પોસ્ટ આવી છે. તે તો હું તને આપતા જ ભુલી ગઇ લે આ પોસ્ટ. જો સારી જ છે ને ? આ પોસ્ટ થી પણ વધુ સારી પોસ્ટ શું મલવાની છે. અરે જો આ એડની પોસ્ટ છે તેમા કપડાં રમકડાં વગેરે વસ્તુઓનો સેલ છે, કાંઇ નવું નથી. ઠીક છે. બીજી સારી પોસ્ટ ની રાહ જોઉં છું, બસ અને ડોલી ટીવી જોતાજોતા ઉંઘી ગઈ. મમીએ પંખો ચાલું કરી ડોલી ને શાલ ઓઢાડી પછી ટીવી ઓલવી નાખ્યું. ડોલી ખૂબ જ આશાવાદી છે. કહેવાય છે કે આશાવાદીઓએ પ્લેન બનાવ્યા ને નીરાશાવાદીઓએ બનાવ્યા પેરેશુટ.

ડોલી ને ડ્રીમ આવ્યું. મૈંડી નભો મંડળમાં ફરવા. જો પેલી ગુણીઓ પડી છે ને ત્યાં જઈને પાંચ કિલો રતાળુ ગારજ લઇ આવ. ડોલી દોડતીકને રતાળુ ગાજર લઇ આવી. રૂપૈયા પૈસા આપવા લેવાની વાત જ નહિ. એમ જ જે કાંઇ જોતું કરતું કારવતું હોય તે લઇ આવવાનું આપણી પાસે જે કાંઇ હોય તે બીજા લોકોને જે જોઇએ તે આપવાનું. વહેવારમાં ફક્ત મીઠળું સ્મીત કરીને કહેવાનું જરાય મુંજાતા નહિ. જે જોઇએ તે લઇ જાશું. ડોલી ફરતી ફરતી માર્કેટ ગઇ ત્યાંથી પ્રસાધનો લીધા ચોપડીઓ પેન્સિલ પફ પાવડર, બકલ, હેર પીન, ચંપલ, ચુડીઓ વિગેરે વિગેરે લીધું બધે બધું મફત. ડોલી ખુશ ખુશાલ. બધું લઇને ડોલી ઘેર આવી. અવાજ કર્યો, મમી ઓ મારી મમી જો તો હું કેટલું બધું, આ બધું સાવ મફત લઇ આવી. અરે ડોલી ! આ તે શું કર્યુ ? આટલું બધુ શા માટે લઇ આવી તને ખબર છે, આપણને જેટલું જોઇતું હોય તેટલું જ એક દિવસ પુરતુ જ લઇ આવવાનું કારણ કે જો વધુ પડતુ લઇ આવીએ તો ચીજ ચસ્તુની અછત થાય. બીજા માણસોને ની મલે એટલે કંકાસ થાય, જગડા, ટંટા ફિસાદ થાય. માટે જેટલું જોઇએ તેટલું જ લઇ આવવાનું રોજે રોજ બજારમાં જઇને તાજે તાજું ફ્રેશ લઇ આવવાનું, સમજ પડી હવે ? આવી ભુલ કરતી નહિ. એ ભલે મમી, સોરી હવે ધ્યાન રાખીશ.

© RATILAL JOGIA

કવિતા બહેન ઓ કવિતા બહેન ? એ આવી. કવિતા બહેને બુમ પાડતા ચંપા બહેન માટે દરવાજો ખોલ્યો અને લાગલું જ પુછયું. બોલો ચંપા બહેન કામ હતું ! કેમ આવવું થયું ? એ તો એમ જ. ઘરમાં ઘી ખલાસ થયું માટે થયું કે લાવ કવિતા ને ત્યાંથી ઘી નો ડબરો ભરી લઈ આવું અત્યારે માર્કેટ જવાનો કંટાળો આવે છે. માટે તમોને તકલીફ આપું છું. તો આ ડબરો ઘી નો ભરી આપશો. મારે જરા ઉતાવળ છે. માટે, ભલે ઘી આપું છું તમ તમારે લઈ જાવ અને કવિતા બહેને ઘી નો ડબરો ભરી આપ્યો. ડોલી જોતી જ રહી અને લાગલી જ પુછી બેઠી, હે મમી ! આ ઘી તેને તે કેમ આપી દીધું ? કેમ આપણે બજારે જાશું ત્યારે ત્યાંથી જેટલું જોશે એટલું ઘી લઈ આવશું માટે આપી દીધું. પરંતુ મમી, ધાર કે બજારે જઈએ અને ઘી નો મલે તો, એવું બને જ નહિને જેને જે વસ્તુ જોઈતી હોય તેટલી મલે જ પરંતુ મમી મફત કેમ મલે ? મલે જ ને, આપણી વસ્તુ આપણે મફત આપીએ જ છીએ માટે મફત લઈઆવીએ જ ને ? ક્યાંય પણ ક્યારેય પણ બધુ જ મફત મલતું જ હોય છે, બસ મહેનત કરો અને મજા કરો. રામ રાજ્યમાં આવું જ રાજ્ય હતું. ત્યારે પણ બધુ મફત મલતું કોઈના પણ મકાનના દરવાજે તાળું જ નહિ. કંઈ છુપાવવાનું જ નહિ. જેને જેટલું જોઈએ તેટલું જ લેવાનું વધારે સંગ્રહ કરવો જ નહિ ને પરંતુ મમી ધાર કે આપણે દશ ડબા ઘી લઈ આવીએ તો ? તો શું ઘી વાળો ના નહિ પાડે ? પરંતુ આપણી તપાસ થાય કે આટલા બધા ઘી ને શું કરશો તો ખુલાસો આપવો પડે. જો યોગ્ય ખુલાસો ન આપી શકીએ તો જેટલા ડબા ઘી લઈ આવ્યા હોય એટલા દિવસ પહાડીમાં પત્થર ભાંગવા જવાનું અગર રોડ ઉપર ડામર છાંટવો પડે અગર સખત મહેનત મજુરી કરવી પડે, આપણું નામ બ્લેક લીસ્ટમાં આવી જાઈ. આમ ઉપરા ઉપરી ગુનેગાર થતા જાયે તો આપણને કાળાપાણીની સજા થાય અને આપણે ક્યાંય ના ન રહી એ. આ બધું બે કલાકના સમય ગાળામાંજ ઝડપથી ન્યાય થાય એટલે કોઈ ખોટું કરે જ નહિ. પરંતુ મમી મને એક વાત સમજાતી નથી. શું સમજાતી નથી ? ઉભી રહે મમી હું વિચારું છું કે - કે અને ત્યાં ડોલી ની નીંદર ઉડી ગઈ.

ડોલી આળસ મરડીને બેઠી થઈ ગઈ આંખો ચોળતી ડોલી મમી ઓ મમી કહેવા લાગી. મમી કવિતા બહેને એકદમ ડોલી પાસે આવીને પુછવા લાગ્યા શું છે ? મને થેલી આપ. હું બજારે જઈને રમકડાની થેલી ભરી આવું. કેમ ઓચિંતાના રમકડા યાદ આવ્યા ? કેમ ન આવે ? માર્કેટમાં બધું મફત મલે છે માટે જલ્દી જઈને લઈ આવું. અરે ગાંડી થઈ ગઈ છે કે શુ ? કાંઈ ક્યાંક મફત મળતા હશે શું ? ડોલી તને ડ્રીમ બ્રીમ (સપનું) આવ્યું કે શું થયું તે કહે, ત્યારે ડોલી એ માંડીને વાત કરી. ત્યારે મમી એ કહયું કે મારા દાદી માના જમાનામાં રૂપૈયાને બદલે જુવાર અગર બીજું ધાન્ય સામે વિનિમય થતો. ધાન્ય આપો એટલે જે ચીજ વસ્તુ જોતી હોય તે મલતી. ત્યારે આજના જમાના જેવી ધમાલ હતી નહિ. એટલે કે રૂપૈયા કે પૈસા હતા જ નહિ. વિનીમય તરીકે અનાજ આપો સામે જે જોઈએ તે વસ્તુ લ્યો. આપણી પાસે એક રૂપૈયો અખંડ હોય તો તે ગાડા નાં પૈડા જેવડો એટલે કે બુલેટના વ્હીલ જેવડો કહેવાતો. એક રૂપૈયો એક મહિનો ચાલતો એમ



© RATILAL JOGIA

મારા દાદી કહેતા. ત્યારે શાકભાજી, દાતણ, ધોબી, હજામ, મોચી, કપડા સીવવા વાળો દરજી, સુથાર, લુહાર, ગાયો ચળાવવા વાળો ગોવાળ આ દરેકે દરેક બધા મફત કામ કરી આપતા. વરસ ને છેલ્લે બાજરી, જુવારી, મકાઇ, ચણા, કઠોળ, મગફળી જે ખેતરમાં થયું હોય તે હિસાબ વગર કામ કરવા વાળાને તેની મહેનતના પ્રમાણમાં ડબો (સુંડલો) ભરીને આ બધુ અપાતું. બધે બધુ શાંત વાતાવરણ હતું કોઈ જાતની ઝંઝટ નહિ બહારગામ જાવાનુંજ નહિ અગર જાવું પડે તો બળદ ગાડામાં અગર ધોડે સ્વારી કરીને તે પણ મફત એટલે કાંઈ ખર્ચ થાય જ નહિ. ન કોઈ બીલ ભરવાનું આવે કે નહિ ભાડું ચૂકવવાવું પડે. અગર કાંઈ ખર્ચ વાહન પણ ની મલે એટલે ધુમાડો થાય નહિ એટલે પ્રદુષણ પણ નહિ. એય ને ઠેક ઠેકાણે જલપાનના પરબ હોઈ વનરાજી ઘટાટોપ જાણે લીલો નાઘેર. લીલા નાળીયેર પીવા હોય તો મફત. કેરી ટાઈમે કેરી, ચીભડા, તળબુચ, સકર ટેટી આ બધું વિનિમય તરીકે જુવાર, બાજરી, મકાઈ, ઘઉં ની સામે મળે. લેવા દેવામાં ઉપર મુજબના ધાન્ય કઠોળ થી વિનિમય સચાવતો. ફીકરનું કોઈ કારણ નહિ. ચિંતાનું નામ નહિ. વરસાદ ટાઈમે થાય. શ્રાવણ મહિનો આવે એટલે સાતમ આઠમ નો ખૂબ જ મહિમા હોય ત્યારે મેળો ભરાય.ગામ આખું મેળો કરવા ઉમટી પડે. એઈને મજા જ મજા. ત્યારે પાંચ વરસના બાળકને સ્કૂલમાં દાખલ નો કરે. સાત વરસનું બાળક ભણવા બેસે ત્યારે ભેંકણો તાણે તેને ટીંગાટોડી કરીને સ્કૂલે લઇ જાવું પડે ત્યારે બાળક ને પાટી પેન અપાવી દયો એટલે પત્યું. કોઈ ચોપડા નહિ, ગાઈડ નહિ, કોઈ જ જાતનું ટ્યુશન નહિ, કોઈ જંજટ ન નહિ. કોરી પાટીમાં લખાવે કે લખો બાળકો શ્રી ૧ા-ૐ માબાપની સેવા કરવી દયાધર્મને અનુસરવું.

અત્યારે બે વરસની બેબી બાર વરસના બાળક જેટલી બુદ્ધિશાળી બની ગઇ છે. બાળકના વજનથી વધુ તેના દફતરનો વજન ઉંચકીને બાળક સ્કુલમાં જાય છે. સમય ઝડપી આવી ગયો છે. કામ વધુ આરામ નહિ. ઉભા ઉભા લુશ લુશ જમી લેવાનું. ટ્રેનમાં અગર બસમાં કે ઘરની ગાડી હોય તો તેમા અલપ ઝલપ નીંદર કરી લેવાની. ધકા મૂકીમાં જીવવાનું. ન લાગણી ન પ્રેમ દીલથી નહિ ફક્ત દિમાગથી જીવવાનું. સમય સમયનું કામ કરે છે. દરેક વખતે યુગ પલટો આવે છે. અત્યારે પણ પલટો આવ્યો છે. પચાવીને જીવતા શીખી લેવાનું બીજું શું ? ડોલી જેવડી બેબીને હજુ ઘણું જ શીખવાનું સમજવાનું બાકી છે પરંતુ આ કોમ્પ્યુટર યુગમાં બધું ઝડપથી થાય છે. માટે ચિંતાનું કોઈ કારણ નથી. મમી ઓ મમી મુકને હવે આ લપ તે તો કેટલું લાંબુ લચક ભાષણ આપી દીધું. ડોલી દીકરા મમી સામે આમ નહિ બોલવાનું. વડીલ સામે માનથી બોલવાનું. એ ભલે હવેથી હું સમજીશ ધ્યાન રાખીશ, મમી તને ખરાબ લાગી ગયું કે ? સોરી મમી. આ પેલાના જમાનાની વાતો મને નથી ગમતી, અત્યારે જે કાંઈ છે તે જ મને તો ગમે છે શું સમજી ? એ સારું હવે, ફ્રેશ થઈ જા. આપણે મંદિરે જાવાનું છે. કેમ મંદિરે ? કેમ શું ? આજે અગિયારસ છે એટલે દર્શન કરીયાવીએ. સાથે સાથે વોકીંગ પણ થાય, બે ઓળખીતા મળે તેને ખબર અંતર પણ પુછાય. મમી મારે આવવું જરુરી છે ? હા, અત્યારથી મંદિરે જાવાની

ટેવ પડે ને તો શ્રદ્ધા વધે. મોટા થતાં ઈશ્વર સ્મરણ માં રૂચિ રહે. ઠીક છે, મમી હું આવું છું બસ. નહીતર તું ફરી પાછી, ચૂપ એવું કાંઈ કહેવાની કાંઈ જરૂર નથી.

ટ્રીન -ટ્રીન -ટ્રીન, મમી ફોનની ઘંટડી વાગે છે. ફોન હું લવ ? હા લે જો કોનો ફોન છે ? હેલો, કોણ દાદા ? હાવ આર યુ ? ફાઈન. બોલ ડોલી બેટા શું ચાલી રહયું છે ? કાંઈ નહિ. દાદા, હું વિચારું છું કે તમારે અને અમારી ઉમરના બાળકોને આટલો બધો સમજણનો ફરક કેમ છે ? એ તો બેટા, જનરેશન ગેપ રહેવાનો જ . તું ફીકર કરમાં બેટા, ગીતાજીનું વાક્ય સાંભળ, જે થઈ ગયું છે તે પણ સારા માટે, જે થઈ રહયું છે તે પણ સારું જ છે અને જે થઈ રહેશે તે પણ સારું જ હશે જ. માટે તું ફીકર છોડી દે . અચ્છા એક વાત કહે તું પાસ થઈ કે નહિ તે કહે અને ફોન ડીસકનેક્ટ થઈ ગયો. વાત અધુરી રહી ગઈ. દાદાજી બોલ્યા, જેવી મારા ઠાકોરજીની મરજી. સામે છેડે ડોલી વિચારે ચડી ગઈ અલબત, ફોનનું રીસીવર હાથમાં રાખીને.

દ્વારકાધીશ કી જય

©
RATILAL JOGIA

# ૩૧ ધીરો બેરો

અલખ નિરંજન, અલખ નિરંજન ખુશ રહો સેવક, લે યે પ્રસાદી સમજકર યે ફુલ લે ઓર યે ફુલ કી સુગંધ લે ઓર વેપાર કે ગલ્લે કી અંદર રખ દે, તેરા કારોબર સરળ હો જાયેગા ઔર ગુરૂદેવ કી કૃપા હોગી તેરી ઉપર. પધારો મહારાજ પધારો, આપકા આશિર્વાદ મીલા યે હમારે લીયે બહોત હે, પધારીયે. સેવક, હમ પધારને કે લીયે તો આયે હે. ગુરૂદેવકી ઈચ્છા થી ઓર ક્યા ચાહિયે ? આપ પધારે ઈતનાહી હમારે લીયે બહુત હૈ. પૂજ્યવર આપ બીરાજીયે, ઓર આપ બતલાયે, હમ આપકા ક્યા સેવા કર સકતે હે ? કુછ ચાય કોફી અગર દુધ લયેંગે તો મંગવા દઉ. નહિ, સેવક હમ તો આજ તુમ્હારે ઘર કી રોટી ખાયેંગે. અહો હો હો તો - તો બહુત કૃપા. જરૂરસે જમનેકુ પધારે. સેવક બતલાયે, કૌનસા ટાઈમે હમ આવે. હમકો અભી ઓર એક દુસરા સેવક કે ઘર જાના હે. ઐસા કરો અભિ હાલ દશ વાગ્યા હૈ આપ બીરાજો, બારાહ બજે આપકો પ્રેમ સે પ્રસાદ અર્પણ કરેંગે, ઠીક હૈ ઐસા કરો હમ બારા બજે આ જાયેગા ઓર હમારી સાથ હમારી ‘સેવીકા’ ભી હોગી કુલ હમ તીન મૂર્તિયા હૈ, ઐસા કરો આપ સબ આજાઓ, પ્રસાદ લેને કે, હમ આપકા ઈન્તજાર કરેંગે. ગુરૂજી આપકા સભીકા ભલા કરે. મહારાજ યે બતાયે કી યે ફુલકો હમને તીન દફા સુંઘ લીયા ઔર ગલ્લે મે રખા હૈ ઔર ક્યા હુકમ હૈ. ઐસા કરો તીન ઘંટે કે બાદ યે ફુલ કી પૂજા કરકે આપકા કબાટ મે રખ દેના ઓર હર તીન દિન કે બાદ ઈસકા દર્શન કર લેના, ગુરૂજી ભલા કરેગા, હમ ચલતે હૈ, ફીર ટાઈમે આજાયેગા. ત્યારે ધીરો બેરો વિચારે ચડી ગયો.

આમ તો તેનું નામ ધીરેન્દ્રકુમાર હતું. પરંતુ તે વાતચીત માં વેવારમાં કામમાં અને ચાલવામાં નીર્ણય લેવામાં માનોને  કે દરેક વાતમાં એકદમ ધીમો હતો. ધીમો એટલે અતિ ધીમો. પછી ઉમર થતાં હોટલમાં વેઈટર તરીકે નોકરીએ રહયો ત્યારે વેઈટરને બેરો કહેવાતો હશે એટલે એક તો ધીરો એટલે ધીરો બેરો છાપ પડી ગઈ એમાં ખરેખર કાન દગો રમી ગયા. સાંભડવાનું ઓછું થતું ગયું એટલે નામમાં મેડ પડી ગયો એટલે હવે તો તેને ધીરો બેરો કહીને બોલાવતા હતા. ત્યારે  વિચાર માંથી ને વિચારમાંથી યાદ આવ્યું એટલે બાજુવાળા ટાબરીયા રમેશ ને કહ્યું જા રમેશ ઘરે જઈને તારી કાકી ને કહિયાવ કે આજે અત્યારે બપોરના ત્રણ

સાધુમાત્મા જમવા પધારશે શીરો,પુરી,ભજીયા બનાવી રાખશો. કેટલા વાગ્યે આવશે તે કહેવાનું ? હા કેજે કે બાર વાગ્યા પછી આવસે ને કેજે કે સાધુમારાજ ખુબજ ચમત્કારી તેમજ જાણકાર છે. તો તેનો માન મર્યાદા રહે તેમ જમાડવાના છે. કેમ તમો ઘરે જમવા નથી જાવાના? હુંતો જાવાનો છું. પરંતુ કહિ રાખવુ સારૂ આતો બૈરાછે શું સમજયો? સમજી ગયો, હમણાં જાવ કે પછી અરે હમણાજ જા બપોરના સાડાબાર વાગ્યા પછી પેલા સાધુમહારાજ પધાર્યા તેવોની સાથે એક તેમની ‘‘ચેલ્લી’’ તથા એક ચેલો હતા. તેવોને લઈને ધિરો બેરો ઘરે ગયો ત્યારે ઘરે આશનીયા પાથરી જમવાની થાળીયું ગોઠવાઈ ગઈ હતી. તેવો ઘરમાં પ્રવેશતાં ઘરના બધાએ વંદન કર્યા. સાધુ મહારાજે આશીર્વચન કહયા. પછી મહાત્મા જમવા બીરાજયા જમણવારની થાળીને પાણીની ધારવાડી થી પવિત્ર કરી મંત્ર જપીને વાતાવરણ પવિત્ર થાય માટે અગરબતિ પેટાવિ સ્તુતી કર્યા પછી ભોજન ગ્રાસનો કાર્યક્રમ ચાલુ થયો. બધા પ્રેમથી ખુબજ જમ્યા જમીને કલાકેક આરામ રૂપીવામકુક્ષી કરી પછી સાધુમહારાજે રજા લીધી. ત્યારે ધીરા બેરાયે વિનંતી કરીકે આપશ્રીને અમારે ત્યાં અનુકુળતા લાગતી હોયતો રોકાય જાવ. ત્યારે મહારાજે કહયું કે અવશ્ય ભક્ત પરંતુ આજ નહિ ફરી કોઈવખત જરૂર હમ આપકે વહાં ઠહરેંગે ને એમ કહિ મહારાજે વિદાય લીધી. ત્યારે ફરી પાછા ઘરના દરેક મહારાજને પગે લાગ્યા ને ચરણ સ્પર્શ કરીને રૂપીયા પૈસા(પગમાં) ચરાણે ધર્યા ને આશીર્વાદ લીધા. ત્યારે મહારાજ ખુશ ઘરના સર્વે ખુશ. જાણે જીંદગી ધન્ય બની ગઈ હોય તેમ તેટલો આનંદ થયો.મહારાજે વિદાય લીધી.

આ વાત ને પુરે પુરૂ એક વર્ષ વિતી ગયુ. સમય કોઈની રાહ જોતો નથી. ગુજરા સમય ભુલા જાતા હૈ બધુ રૂટીન મુજબનું કામ ચાલુ થઈ ગયું છે.ત્યાં એક દિવસ અલખ નિરંજન કહિ પેલા સાધુ મહાત્મા તેની ચેલ્લી સાથે પધાર્યા. કયું સેવક પહેચાના!! હા હા યાદ આયા એક સાલ પહેલે આપ આયા થા બરાબર, ખુબ પહેચાના ગુરૂજી તેરા ભલા કરેંગે કૈસા હૈ ઠીક હૈ ના સેવક બસ દાલ રોટી મિલજાતી હૈ ઔર કયા ચાહિયે. જરૂર, ચાહિયે તો બહોત કુછ મગર ભાગ્યવસાત હી મીલતા હૈ લેકીન ગુરૂજી કા આર્શીવાદ મીલે તો સબકુછ મીલ જાતા હૈ સમજ લો કે દાલ રોટી કી જગ્યા એ દુધપાક પુરી મીલ જાતી હૈ. યે આપકી કૃપા હૈ લેકીન ઐસા હમારા ભાગ્ય કહા હૈ.અચ્છા બાતો બાતો મે યે પૂછનાતો મૈ ભુલ ગયા હું કે આપ આયા કીતના દિન પહેલે ઔર કંહા ઠહરે હૈ બસ સમજ્લો. અભી આયાહું ઔર આપકો ઘર ઠહરનેકા ઈરાદા હૈ.ખુબજ સરસ હમારે કો સેવા કરનેકા મોકા આપને દિયા હૈ.

બહોત અચ્છા પધારીયે ઔર આસન ગ્રહણ કરે જલપાન કીજીયે ઔર વિશ્રામ કીજીયે. ચલો ઘરપે હિ વિશ્રામ કરેંગે યે ઠીક રહેગા. આમ નકકી થતા મંડળી ને લઈને ધીરો બેરો ઘરે ઉપડયો.ઘરે જઈને મહાત્માને આસન ગ્રહણ કરવા વિનંતી કરી કહયું કે બીરાજો ત્યારે મહાત્મા બીરાજ્યા. મહાત્માની જમણી બાજુ તેમની ચેલ્લી તથા ડાબી બાજુ ચેલકો ગોઠવાયા.જલપાન કરી પછી એલાયચી વાળુ દુધ પરોસ્યું.દુધ ગ્રહણ કર્યા પછી ધર્મ ચર્ચામા

© RATILAL JOGIA

બધા ઘરના સભ્યો જોડાય ગયા.તે છેક સાંજ પડી ત્યાં સુધી સાંજે મહારાજ માટે મગનીદાળનો શીરો ને ગ્રીન પાલકભાજી બનાવ્યા.પ્રેમથી જમાડયા નો સંતોષ લીધો.રાત્રે ધર્મ ચર્ચા ફરી ચાલુ થઈ.તે વખતે આડોશ પાડોશને  સગા સબંધીઓને બોલાવ્યા. સૌ આવ્યાતે છેક રાત્રે એક વાગ્યા સુધી મહાત્માએ બધાને ધર્મ ઉપદેશ આપી ટુચકા રૂપી દ્રષ્ટાંત આપી દરેકને ભાવવિભોર થી ખુશ કરી દીધા. છેલ્લે''ચેલ્લી''એ વિનંતી થી એક પ્રાર્થના ગાઈ સંભળાવિ.ચેલાએ મહારાજ મહાત્માની ખુબજ પ્રશંસા કરી.મહાત્મા ના ગુરૂજીના આશીર્વાદ કોક ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.અગર આશીર્વાદ મલે તો અચુક ફળે જેમાં બે મત નથી. આશીર્વાદ ના થોડા નમુના કહિ બતાવ્યા. જેથી શ્રોતાગણ ખુશી થયો.

ડાહયા માણસો નો મત પડે છે કે માણસ જોઈએ વશી ને સોનુ જોઈએ ઘસી મતલબકે સોનાનો ટુકળો કે દાગીનો કસોટી નામના પથર ઉપર ઘસીને જોવાથી અનુભવિ જવેરી તુરતં પારખી લેશે ને કહેશે કે,આ ધાતુ કેટલી કીમતી છે.તેમ માણસ ની ખરી જાત જાણવિ હોઈ તો તેને ત્યાં અગર તેને આપણે ત્યાં મહેમાન થવુ અગર મહેમાન થવા આમંત્રણ આપવું.બે દિવસે ચાર દિવસે અચુક ખબર પડી જાસે કે આ મહેમાન-યા-યજમાન કેવિ વૃત્તિનો છે.જોકે મુરખ માણસ બોલશે નહિ ત્યાં લગી તેની કીંમત આંકી શકાતિ નથી.તેમજ જ્ઞાની માણસ નુ પણ એમજ સમજવુ. છતા કોઈ વ્યકતી ની વધુ ખાત્રી કરવી હોઈતો તેની સાથે મુસાફરી કરવી. મુસાફરી માં માણસ અચુક અંકાય જાસે તે ખુલ્લો પડી જાસે.તે પોતાપણું બતાવસે જ તેમાં બે મત નથી. તેમ ધીરા બેરા ને ત્યાં પધારેલા મહારાજ બે દિવસ રોકાવાના હતા.તેને બદલે બાર દિવસ લગી પડયા પાથરીયા રહયા.જાણે તેનું પોતાનુ ઘર હોય તેમ  રહેવા લાગ્યા.ત્યારે યજમાન ના ઘરના પણ મુંજાઈ ગયા કે હવે શું કરવું. બાર દિવસ પછી મહેમાનગતિમાં ઓટ આવવા લાગી. ત્યારે અનુભવિ મહારાજ સમજી ગયા કે હવે વધુ રોકાસુ તો બાજી હાથથી જાસે માટે યજમાન ને જાણકરીકે આવતિકાલે સવારે તેવો પ્રસ્થાન કરશે.ત્યારે યજમાન ના ઘરના  સર્વેયે કહયું કે તમો એ અમોને સતસંગ નો ખુબ જ લાભ આપ્યો છે. ફરી ચોક્કસ પધારસો. ત્યારે ''રૂખી'' નામની ચારફુટની ટયુબ લાકળી જેવડી બટકબોલી વહુ થી બોલ્યા વગર રહેવાયું નહિ.તે તેની ત્રાંસી આંખે જોઈ જોઈને ખુદની આંખ ત્રાંસી કરી નાખી હતી. તેવી અલડ બેખબર  ખાનદાની વગરની બોલવામાં એક ઘાને બે કટકા એક મગની બે ફાડુ કરવાવાળી યે મહારાજ ને મીઠુ મરચુ ભભરાવિ ને મધજરતી જબાને કહયું કે, મહારાજ હજી એક મહિના પુરા કયાં થયા હૈ.માટે રોકાય જાવ આવ્યા છો તો એકાદ મહિનોતો રોકાવું જોયેને. ત્યારે ધીરો બેરો અંદર થી ફફળી ઉઠયો. છતાં કાંઈ બોલ્યો નહિ.ત્યારે મહારાજ બોલ્યા કે લળકી તુમારી ઈચ્છા હમ જરૂર પુરી કરેંગે.આપકી ઈચ્છા હોયેગી તો હમ અગલે શાલ ફીર આયેગે તબી જરૂર તુમ કહેગા ઉતના ટાઈમ ઠહરેંગા અબતો હમારેકુ જાનાઈ પડેગા. મગર કયું ચંચલી બુઢી થી રહેવાયુ નહિ એટલે તે વચ્ચે ટપકી પડી ને પુછી બેઠી **''મગર કયું''** ત્યારે અવળ ચંડો દિકરો વચ્ચે બોલ્યો કે મહારાજ

© RATILAL JOGIA

જેમ કહે તેમ કરો. એટલે મહારાજ બોલ્યા કે સાધુ તો ચલતા ભલા ને આમ સાધુ મહેમાનનો અંત આવ્યો.ત્યારે ઘરના બધાયે છુટકારાનો શ્વાસ લીધો ને હાસકારો બોલાવ્યો.ધીરો બેરા ને બુધ્ધીની સાથે બારમો ચંદરમાં હતો. બુધ્ધી સાથે લેણદેણ હતી નહિ. પોતાની સગી ઘરવાડીને **''બા''** કહિને બોલાવતો હતો. તે પોતે પરાક્રમી છે. તેમ સાબીત કરાવવા કોસીસ કરતો ત્યારે તેનો દુરનો ભાયબંધ ફોન કરીને ધર્મ ચર્ચા ફોન ઉપર કરતો.

એક વખત ફોનમાં તેની યે કહયું કે આજે તો મારા દિકરાની વહુએ મને બે જાપટ મારી લીધી. પછી, પછી મેં આત્મ ખોજ કરી કે આમ કેમ થયું ત્યારે મગજ માં લાઇટ થઇ મને કે ભુલ મારી હતી. મારે જાણાવવું જોઇતુ હતુ નહી કે દાળ માં નિમક વધુ છે. મારા થી સ્વભાવગત બોલી જવાયું કે દાળ માં મીઠુ વધુ છે.શું તારા બાપે મીઠાનુ પારસલ મોકલ્યું છેએટલે વધુ લાલ પીળી થઇ ગઇ ને મને બે જાપટ મારી લીધી. મે આત્મખોજ કરી નકી કર્યુ કે આપણે બોલવામાં આવિભુલ કરવી નહી. હજી આપણે પુરે પુરા સુધર્યા નથી. આપણને ગુરૂજીનું જ્ઞાન પ્રાપ્ત થયું નથી નહિતર આવિ ભુલ થાય નહી. ત્યારે ધિરા બેરા એ વચ્ચે થી જ ફોન માં કહયું કે તમોને આટલું જ્ઞાન થયુને સાચી વાત સમજાણી, માટે ગુરૂજીની કૃપા તમારી ઉપર થઇ છે. તેમ સાબીત થાય છે. મેં તો નક્કી કરી લીધું છે કે ત્રાણ બાબત -ભાવસે-ચાલસે-ફાવસે ને વળગી રહેવું એટલે મને કોઇ જાતનો પ્રોબલેમ થતો નથી.

એક વખત વહુએ ઇરાદા પુર્વક કે ભુલ થી મીઠુ ચમચો ભરીને જમવાની થાળી માં જમવાના ટાઇમે મુકી દીધુ તે પણ હુ જમી ગયો.જોકે પછી પેટ છુટી પડયુ પણ કાંઇ વાંધો નહી. તે પછી બીજી વખત વહુ એ લાલ મરચાનો પાવડર ચમચો ભરીને જમવાની થાળી માં મુકી દીધુ ત્યારે પણ બંદા જમી ગયા.જોકે ત્યાર પછી લીલા મરચા ચાર પાંચ મારી થાળીમાં આવ્યા.તે પણ હુ જમી ગયો.હવે એસીડીટી નો ભોગ બની ગયો છુ. પરંતુ તે પણ ગુરૂજીની પ્રસાદી માનીને ચલાવિ લવ છુ. હાલમાં દુધને ભાખરી અગર ભાત થી ગાડી ગબળાવું છું.શું થાય જેમ ગુરૂજી રાખે તેમ રહેવું આવા આવા ફોન ઉપર ગાંડા કાઢીને ગતકળા ચલાવ્યે રાખી ને ફોનમાં વાતુ ના વડા કરીને કલાકો પાસ કરે છતાં પોતે મુરખ છે તે કબુલ થાય નહિ.કહેવાઇ છે કે મુરખ ને માથે શીંગડા નથી ઉગતા તેમ પુઠે પૂછડી પણ હોતી નથી.પરંતુ જે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ નથી તેનું શું કરવું. દુધ દહી માં પગરાખીને લાભ ખાટી જવાની નીતી રીતી નો જમાનો હવે નથી. બાસુંદી તથા લસ્સી બેઉની આશા રાખીને ધિરો બેરો જીવતો હતો.પરંતુ એ જમાનો હવે ગયો હવે તો તરત દાન મહાપૂણ્ય નો જમાનો છે.તે કેમ ભુલાય ભલા ધિરો બેરો જીવવા માટે વલખા મારતો હતો. બાવાના બેઉ બગડયા જેવિ જીંદગી થઇ ગઇ હતી.પરંતુ સીંદરી બળે પરંતુ તેનો વળ છોડે નહી. તેમ પોતે જાણે કે મહાન સાધુ જેવુ જીવન જીવે છે.ને જાણે પોતે ઇશ્વરની નજીક છે.તેવો દેખાળો કરવા લાગ્યો.ફરી સમય થતા પેલા મહારાજ પધાર્યા આ વખતે અવળ ચંડા દિકરાયે કહી દીધુ કે મહારાજ ભલે બીજે ઉતારો રાખે આપણે તેને જમવાનુ ટીફીન

© RATILAL JOGIA

પહોચાળસુ .આમ નક્કી કરીને મહારાજ ને બીજે ગોઠવ્યા ત્યારે ધિરા બેરા ને દુઃખ તો થયું.પરંતુ દેખાવા દીધુ નહી કે મહારાજ ને આપણાથી બીજે કેમ મોકલાય માટે મનમાં ને મનમાં સમસમી ને બેસી રહયો.પછી પંદર દિવસે મહારાજ ની સાથે ધિરો બેરો પણ ઉપડયો. મહારાજને આશ્રમે ત્યાં મહારાજે ખાસ મનમો આપ્યું નહી. ધરાર થોડો ટાઈમ રહયો.ત્યારે ધિરો બેરો ફરી વિચારવા લાગ્યો કે કયાંક મારી ભુલ થઈ લાગે છે. નહિતર મહારાજ આમ અજાણ્યા ની જેમ વર્તન મારી સાથે કરે નહી.

થોડો ટાઈમ સુખે દુખે પસાર કરીને ધિરો બેરો ઘરે આવ્યો ત્યારે ઘરનું વાતાવરણ ડામડોળ થઈ ગયુ હતુ. આજીવિકા માટેની આવકનુ સાધન લંગડાતુ હતુ ત્યારે ધિરો બેરો વિચારે ચડી ગ્યો કે મહારાજ ના ગુરૂદેવે જેવોને આર્શીવાદ આપ્યા છે તેવો નુ શું હશે તેને પેલો વિચાર આવ્યો કે ગુરૂદેવે એક આદમીને આર્શીવાદ આપેલા કે તારા હાથના ઈસારે વાહન વહેવાર ચાલસે, બીજાને કહેલું કે તું મુસાફરી કરવામાં સદા અગ્રેસર થઈને રહિસ ,ત્રીજા ને કહેલું કે તું જયાં બેઠો હઈસ ત્યાં નોટો ના બંડલ આજુ બાજુ પડેલા હશે,ચોથાને કહેલુકે તારા એકજ ઈશારે થતી વાત ચીત હજારો માણસો સાંભળી શકશે ત્યારે ધિરા બેરાને પણ આર્શીવાદ આપેલા કે તારા ઘરે ધન કાયમ રહેશે ને તું તારે હાથેથી અનેક ને જમાડીશ અત્યારે ધિરા બેરાને આ બધી વાત યાદ આવતી હતી ત્યારે તે પોતે વિચારમાંથી મનન કરતો હતો કે હાથના ઈશારે વાહન વહેવાર ચાલસે તે તો રોડ ઉપર સાઈડ આપવાવાળો હવાલદાર પણ હોય શકે છે. મુસાફરી ખુબજ કરીસ તેનો અર્થ તો અપડાઉન કરવા વાળાને પણ કાયમ આવાગમન કરતાજ હોય છે. ત્રીજાને કહેલુ કે તુ બેઠો હોઈસ ત્યાં નોટોના બંડલ હસે તો તેતો બેંકનો કેસીયર પણ હોય શકે છે ને જેની વાત ચીત પુરા એરીયામાં સાંભળી શકાસે તે તો ટી. વિ.માં સમાચાર વાંચી સંભળાવવાળો પણ બની શકે છે.ત્યારે તે પોતે વિચાર માંથી જાગૃત થયો ને સીધો ઉપડયો પેલા મહારાજ ને ત્યાં આશ્રમે પહોચ તાજ ખબર પડી કે ગુરૂજીતો કોઈની સંગાથે જાત્રા કરવા ઉપડી ગયા છે.

મહારાજ છેક બીજે દિવસે મલ્યા પૂરો દિવસ મુલાકાતીઓથી પસાર થઈ ગયો. છેક રાત્રે ધિરો બેરો મહારાજને પોતાને મુંજવતા સવાલ નો જવાબ મેળવવા વિનંતી કરી ત્યારે મહારાજે કહયું કે તુમ લોગ સંસારી લોગ મુરખ જયાદા હોતા હૈ. ઈતનાભી સમજતા નહિ હૈ કે ગુરૂદેવ કા આશીર્વાદ કભી ખાલી નહિ જાતા હૈ.ત્યારે ધિરા બેરા એ ખુલાસો કર્યો કે મહાત્મા એ આપેલ આર્શીવાદ નું અર્થઘટન પોતે કર્યુ છે.તે શું સત્ય છે.ત્યારે મહારાજે કહયું અવશ્ય સત્યજ છે. ત્યારે ધિરો બેરો બોલ્યો કે મને ખુદને આર્શીવાદ આપેલા કે તું કાયમ ધન ની સંગાથે રહિસ તેમાનું અત્યારે કાંઈ છે નહી તેનું શું ને વળી મારે હાથે અસંખ્ય મનુષ્ય ભોજન કરશે તે પણ બન્યું નથી ત્યારે મહારાજે ચોખવટ કરી કે મુરખ સેવક અમારા ગુરૂદેવ ની વાણી કભી ભી મીથ્યા થતી નથી.સેવક તમોને ધનનો યોગ છે.થોડા ટાઈમ પછી ધન નો માલીક બનીશ ને થોડા ટાઈમ પછી

© RATILAL JOGIA

તારે ત્યાં લડકા પૈદા હુવા ઔર યે લડકે કા નામ તુને ''ગોરધન''રાખ્યું છે.બરાબર ઔર યે ધન ''ગોરધન''તુમારા તો હૈ તુમ ઉસીકા માલીક હૈ ના સમજ પડી સેવક ઓર તુમ ઉનકા માલીક તો હૈ નાં. જેથી તું ધનાધન ''ગોરધન'',''ગોરધન''ની બુમો પાડયા રાખજે ભલે રૂપીયા પૈસા રૂપી ધન થી તુમ વંચીત હૈ મગર ''ગોરધન'' તો હૈના. ત્યારે ધિરા બેરા યે પૂછયું કે આવો અર્થ થયો તે તો ઠીક પરંતુ મારે હાથે અસંખ્ય માણસો જમસે ત્યારે મહારાજે કહયું કે અત્યારે તું શું કરે છે. ત્યારે ધિરા બેરાએ કહ્યું. કે અત્યારે એક હોટલ માં નોકરી કરીને ગુજારો કરું છું.બસ વોહિ આર્શીવાદ ગુરૂજી ને તુમકો દિયા હૈ .અભી તુમ યાદ કરો સુબહસે સામતક કીતના આદમી કો તુમ ભોજન પ્રદાન કરતે હો.

**''સુબહ હોતિ હૈ,સામ હોતિ હૈ,જીંદગી યુંહી તમામ હોતી હૈ''** ઈસલીયે બેટા શોક મત કરો. ભાવિ મીથ્યા નહિ હોતા હૈ. તુમતો જ્ઞાની હૈ. મગર મહારાજ હુ કાનથી ઓછુ સાંભળુ છું .હું ચાલવામાં ને બોલવામાં  ખુબજ ધીમો છું. માટે મને હોટલ નો ધિરો બેરો તેમ સૌ કહે છે. તેથી મારૂં નામ ધિરો બેરો પડી ગયું છે. મારા કામ થી ગ્રાહક લોકોને સંતોષ થતો નથી.તેથી હવે હોટલવાળા મને નોકરી માં રાખવા માંગતા નથી.એક ટોમેટો સુપ  નો બાઉલ લઈને હું કીચનમાંથી ગ્રાહક ના ટેબલ પાસે પોચતા એ.સી.ને હિસાબે ઠંડો થઈ જાઈ છે.ત્યારે ગ્રાહક ન બોલાવાનુ બોલે છે. ગ્રાહક સ્પુન(ચમચ)માંગે છે તે હું સાંભળી શકતો નથી ત્યારે હું બીજો ટોમોટો સુપ લયાવું છું. ત્યારે ફરી ગ્રાહક રાડારાડી કરી મુકે છે. ગ્રાહક''સુપ''મંગાવે છે ત્યારે હું સ્પુન લઈને જાવ છું. આવિ રીતના ગોટાળાથી મને હવે હોટેલવાળા નોકરીમાં રાખવા તૈયાર નથી. અત્યારે મારી હાલત ધોબીના સ્વાન જેવિ થઈ ગઈ છે. હું ઘરે પણ રહિ શકતો નથી.તેમ આપના આશ્રમે પણ તમો રાખતા નથી.તેથી મારે હવે શું કરવું, સેવક આશ્રમમાં તારા જેવા બે સમજ માણસ નું કામ નથી.તું ધિરો બેરો છે. તેજ બરાબર છે. હોટેલ ના માલીકને સમજાવ કે બે ટંક વધ્યું ઘટયુ જમવાનુ આપે તોય પ્રસાદી માનીને પેટ ભરીલે ને હોટલનો સર્વટ બેરો બનીને પડયો રહે શું સમજયો.ત્યારે ધિરો બેરો એ કહયું  કે હવે સમજાણું કે આ દેહને સેવક નહિ પરંતુ ધિરો બેરો કહો.

ખાસ નોધઃ-કહેવાઈ છે કે નદીનું મુળને સાધુનુ કુળ જોવાનું કે પૂછવાનું હોયનહિ પરંતુ સમય બદલાતા દરેકે દરેક માં મુખવટો આવિગયો છે. માટે જો સમજીને ચેતીને ન ચાલીયે તો છેતરાય જવાય.આજના સમય માં દ્વીઅર્થી સભર જ્ઞાનની વાતુ કથાવાર્તા ભજન ગીત બધુય દ્વી અર્થી સભર  હોય છે. લગભગ માટે ચલતા પૂર્જાથી બચતા રહેવું તે સમજ દારીનું કામ છે.બાકીતો જેને જેટલુ સમજાઈ જેવુ સમજાઈ તેજ સાચું માનવું બીજુ શું

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૩૨ લીલો-લાલ

હાક છી - હાક છી - હાક છી, ખો - ખો - ખો - ખો.... અરે આ આપણા મીઠુને તો શરદી થઈ ગઈ લાગે છે, આજે આને પેરૂ આપતા નહી, જમવામાં ફક્ત લીલા મરચા અને મગફળી આપશો અને હા પાણી પણ ગરમ આપશો. આખો દીવસ પોપટની પળોજાણ ચાલી, પરંતુ થોડી થોડી વારે પોપટ છીકો ખાય ઉધરસ ખાય અને પાંજરામાં એક બાજુ લપાઈ ને બેસી જાય. ઘરના બધા પરેશાન થઈ ગયા કે આ આપણા મીઠું ને શું થઈ ગયું છે શુ ? તેને શું બીમારી લાગી છે? કાંઈ કરતા કાંઈ ખબર પડતી નથી. સાંજે મીઠુ ના કાંઠલે ગરમ દવા ઘસવામાં આવી. માથા ઉપર લવીંગ વાટીને કપાળે ભર્યા. મોઢું ખોલીને ગરમ પાણીના કોગળા કરાવવાની તરકીબ અજમાવી જોઈ. પરંતુ ધાર્યુ પરીણામ આવ્યું નહી. ઘરના દરેક સભ્યો ચીંતાતુર થઈ ગયા. કારણકે ''પોપટ'' ઘરનો માનીતો સભ્ય હતો. સામે ઓસરીની કોરે દાદા બાપુની પણ આ જ હાલત હતી. બંનેની બીમારી સરખીજ લાગતી હતી. દાદા બાપુને તપાસવા ડોક્ટર આવ્યા ત્યારે ઘરના કોઈ માણસે સુચન કર્યુ કે આપણા આ મીઠુ ને પણ ડોક્ટર ને બતાવી દયો અને ડોક્ટર ચાલ્યા જાય તે પહેલા રોકી લીધા અને કહયું કે, ડોક્ટર અમારા આ મીઠુને પણ શરદી, ખાસી, મલેરીયા જે હોઈ તે કાંઈક તકલીફ થઈ છે, માટે તેને પણ તપાસીને દવા આપો. ડોક્ટર બાઘામંડળસા થઈ ગયા અને બોલ્યા કે શેઠ હું તો માનવ નો ડોક્ટર છું. પશુ-પક્ષીનો નહી. તમારા મીઠું ને શું તકલીફ થઈ છે તે મને કેમ ખબર પડે. શેઠ તાડુક્યા, તમો અમારા ફેમીલી ડોક્ટર છો, તમારે અમારા આ મીઠુની સારવાર કરવી જ પડશે. કારણકે તે પણ અમારો ફેમીલી મેમ્બર જ છે. પરંતુ હું તેનો ડોક્ટર નથી તેનું શું શેઠ અને શેઠથી અજુગતુ બોલાઈ ગયુ કે ડોક્ટર તમોને ખબર છે દર વર્ષ દહાળે અમો કેટલુ બીલ તમોને ચુકવીએ છીએ અને તમો આમ સાવ અમારા તરફ લાગણીથી જોતાજ નથી તે કેમ ચાલે. ડોક્ટર વીચારે ચડી ગયો કે આ શેઠને કેમ સમજાવવા કે પશુ-પક્ષીની દવા મારાથી થઈ શકે નહી. ડોક્ટર ડાહયા અને વહેવારીક સમજાણવાળા હતા. તેનીએ વીચાર કર્યો કે મીઠુની સારવાર બાબત જીદ કરવી નહી. નહીતર આ ગ્રાહક જુંટવાઈ જશે. અમુક માણસો ડાહયા હોય છે. અમુક માણસો હોંશીયાર હોય છે.

© RATILAL JOGIA

પરંતુ આ બંને ગુણ એક સાથે કોઈ ભાગ્યશાળી માણસ જ ધરાવતો હોય છે. આ બંને ગુણ ડોક્ટર ધરાવતા હતા અને ડહાપણ વાપરીને શેઠને મનાવી લીધા, પોપટને ડોક્ટરે તપાસ્યો તપાસીને નીદાન કર્યું કે પોપટને શરદી થઈ છે. હું ડ્રોપ આપું છું તે દિવસમાં ત્રણ વખત પોપટને બબે ટીપા આપશો એટલે લગભગ સારું થઈ જશે અને એક અઠવાડીયા પછી પણ પોપટની તબીયતમાં સુધારો થયો નહી.

સામે દાદબાપુની હાલત પણ એજ હતી. હવે ઘરના દરેક સભ્યો ફીકરમાં પડી ગયા કે દાદા બાપુ તો ઠીક તેમનીતો ઉંમર થઈ છે. પરંતુ આપણા આ મીઠુ નું શું ? અને ઘરના દરેક સભ્યનો મત થયો કે મીઠુ ને કોઈક મોટા ડોક્ટરને બતાવી જોઈએ અને ફેમીલી ડોક્ટર આગળ રજુઆત કરી. ડોક્ટર વીચારી ચડી ગયા કે મારે હવે આને કયો ડોક્ટર બતાવવો. ખેર તેનીયે કોઈ ભળતાજ ડોક્ટર ઉપર ચીઠી લખી આપી અને પછીથી ફોન કરી ખાસ હકીકત જાણાવી દીધી અને પોતે હાસકારો કરી જાણે મોટો બોજો ઉતરી ગયો હોઈ તેમ નીરાંત અનુભવી અને દાદાબાપુની સારવારમાં લાગી ગયા. પોપટને બીજી કોઈ તકલીફ હતી નહી ફક્ત છીંકો ખાય અને ઉધરસ ખાય બાકી બધુ ઓલ રાઈટ હતું. છતાં મોટા ડોક્ટરની એપોઈન્ટમેન્ટ લઈને એક દીવસ સાંજે પોપટને લઈને ડોક્ટરને મલવા શેઠ ઉપડી ગયા.

ડોક્ટરે મીઠો આવકાર આપ્યો. પ્રેમથી ખબર અંતર પુછ્યા, કોને શું તકલીફ છે. તે જાણાવવા પુછ્યું ત્યારે શેઠે જાણાવ્યું કે, આ અમારો મીઠુ આખો દિવસ છીંકે છે અને ઉધરસ ખાય છે લાગે છે કે શરદી થી ઘેરાયેલો રહે છે. માટે તેની યોગ્ય સારવાર કરીને મીઠુને જલ્દી થી જલ્દી સાજો સારો કરી આપો. ડોક્ટર વીચારમાં પડી ગયા અને કહયું કે ભલે બનતી કોષીશ કરીશું જાણાવી પોપટને કેશ પેપર બનાવીને કેશ હાથમાં લીધો. પૂરો મહીનો સારવાર કરી. બને તેટલું વધુ બીલ બનાવી શેઠને વાતચીતથી સંતોષ થાય તે રીતે સમજાવ્યા. બીજા ડોક્ટરની ઉપર ભલામણ ચીઠી લખી આપી અને કહયું કે મારાથી બનતી કોષીશ કરી છે હવે આનાથી વધુ દવા હું આપી શકું નહી. માટે આ ડોક્ટર ને મલો તેની દવાથી મીઠુને ચોકકસ આરામ થઈ જશે એમ હું માનું છું, એમ કહી શેઠને વિદાય કર્યા.ડોક્ટર લોકો માફ કરે કારણકે ડોક્ટર તો સમાજનો દીવો છે અને માવન જીંદગીની સામે રમત રમતા નથી. પરંતુ આવા પેશન્ટ આવે પછી ડોક્ટર પણ શું કરે !!!!!

એક ઓર્થોપેડીક ડોક્ટરનો જોક છે કે તેઓ કહેતા કે પેશન્ટને મારુતિ મોટરમાં લઈ આવો ને ચાલતા જાવ. હું તેઓને રોડ ઉપર ચાલતા કરી દઈશ. **''મતલબ વાંચકોએ કરી લેવો''**. અહીં એક મીઠુનો કેશ છે તેમ ડોક્ટરો શું કરે છતાં મોટા ડોક્ટર બતાવો ને બતાવો. એમ પેશન્ટ જીદ કરે તો ડોક્ટર શું કરે. ચલક ચલાણું કયે ઘરે ભાણું ની રમત શરુ થઈ ચુકી. ઘણા ડોક્ટરોની દવા લીધી પણ ફરક પડયો નહી. મીઠુની પરીસ્થિતિ જૈસે થે ની જ રહી. ત્યાં શેઠને ઘેર કોઈ મહાત્મા પધાર્યા પૂજ્યવર નો ખૂબ જ આદર સત્કાર કરવામાં આવ્યો. ઘેર ઘેર

RATILAL JOGIA ©

પધરામણીઓ થઈ, ઘરના દેરક સભ્યો દંડવત પ્રણામ કરી આશીર્વચન મેળવી ધન્ય થયા. પછી દાદા બાપુ પાસે મહાત્માને લઈ ગયા. પૂજ્ય ને જાણ કરવામાં આવી કે ઘણાજ વખત થયા દાદાબાપુ બીમાર છે શરદીથી ઘેરાઈ ગયા છે. દવા કામ લાગતી નથી. આપશ્રી આશીર્વાદ આપો જેથી વડીલને રાહત રહે. મહાત્માએ આશીર્વચન કહયાં. ચીંતા છોડો ઔર ઈશ્વર સ્મરણ કરો. સર્વેનું કલ્યાણ થશેપછી શેઠને કહયું હમ ચલે.

શેઠ કહે પૂજ્યવર હજી એક કામ કરી આપવા આપશ્રી ને હું નમ્ર વિનંતી કરું છું. જે આપ અમારા દુઃખ દુર કરો. અમારે ત્યાં અમોએ પાળેલો આ પોપટ જેને મીઠુ ના હુલામણા નામથી અમો બોલાવીએ છીએ અને અમારા પરીવારનો લાડલો બની ગયો છે. તેને પણ દાદાબાપુ જેવીજ તકલીફ છે. ઘણાં ડોક્ટરોની દવા કરી પરંતુ ફરક પડતો નથી. તો તેને પણ આપ આશીર્વાદ આપો જેથી અમારો મીઠુ સાજો સારો થઈ જાઈ મહાત્મા વીચારમાં પડી ગયા કે... મીઠુને શરદી, ખાસી છીંકો એ તો બહુ કહેવાય. ખૂબ જ વિચારને અંતે મહાત્માએ જણાવ્યું કે હું દવાતો ન કરી શકું પરંતુ દુવા કરુ કે, હે જગદીશ્વર સમસ્ત જીવો નું કલ્યાણ થાવો. હું પ્રાર્થના જરૂર કરીશ, ફરી પાછા આપણે કાલે મલશું ત્યારે અવશ્ય રસ્તો મલી જશે. એમ કહી મહાત્મા તેના ઉતારે પધાર્યા.

ઉતારે ગયા પછી મહાત્માને ખૂબ જ વિચાર આવવા લાગ્યા. પેલા મીઠુના કે આમ કેમ બને અને ખૂબ જ વિચારના અંતે મીઠુની બીમારી મહાત્માએ પકડી પાડી. બીજે દીવસે ફરી મહાત્મા અને શેઠની મુલાકાત થઈ, દાદાબાપુ અને મીઠુ ની બાબતે શેઠને આસ્વાસન આપ્યું અને છેલ્લે એક સુચન આપ્યું કે દાદાબાપુની બેડ ફેરવીએ તો કેમ અને ઘરના દરેક સભ્યો સંમત થતા દાદાબાપુની બેડ ઓસરીમાંથી અંદરના ઓરડે લઈ ગયા અને મીઠુ નું પાંજરું પણ વિરુદ્ધ દિશામાં ટીંગાળી દીધું અને મહાત્માએ થોડા મંત્રોચ્ચાર ભણી મીઠુ ઉપર ફુક મારી માથે હાથ ફેરવ્યો અને મીઠુ એ દાદાબાપુનો બેડ નો જોતા થોડો વખત પાંખો ફફડાવી ચીંતાતુર બની ગયો. કહેવાય છે કે દુઃખનું ઓસડ દહાળા ટાઈમ પાસ થતા બધુ થાળે પડી જાય છે. એમ એક બે ને ત્રીજે દીવસે મીઠુ મુળ સ્વભાવે આવી ગયો અને શરદી ઉધરસ ગાયબ થઈ ગયા. ઘરના દરેક ચીંતા મુક્ત બની ગયા. મીઠુ હવે સીતારામ સીતારામ બોલવા લાગ્યો.

એક અઠવાડીયા પછી મહાત્મા ફરીને ઘેર આવ્યા ત્યારે ઘરમાં હળવાશનું વાતાવરણ હતું દરેકને મહાત્મા ઉપર ખૂબ જ પ્રેમભાવ પ્રગટયો. મહાત્માની અમી દષ્ટીથી જ મીઠુ સાજો સારો થયો છે તેમ માનીને દેરક સભ્ય એ મહાત્માનું ખૂબ જ માન સન્માન કર્યુ અને મનમાં દઢતાથી માની લીધુ. દરેકે મહાત્માને પૂજ્યભાવથી શ્રદ્ધાથી ખૂબ જ માન આપવા લાગ્યા. મહાત્માને વિનંતી કરવામાં આવી કે આપશ્રી મહાન છો માટે કાંઈક ઉપદેશ આપો જેથી અમારા જીવનનો અંધકાર દૂર થાય. મહાત્માએ વિનંતીનો સ્વીકાર કર્યો અને સર્વોને આસન લેવા વિનંતી કરી. ઘરના બધા સભ્યો યોગ્ય જગ્યાએ ગોઠવાઈ જતા મહાત્માએ જણાવ્યું કે હું

© RATILAL JOGIA

કોઈ મોટો મહાત્મા નથી કે નથી કોઈ જ્ઞાની કે સિદ્ધપુરૂષ. છતાં તમારી વિનંતીને માન આપી એક દાખલો આપું છું. તે ધ્યાનથી સાંભળીને વિચારશો તો તમારા જીવનમાં ઘણો જ ઉપયોગી થશે ને મહાત્માએ પોપટનો જ દાખલો આપ્યો કે એક બહેને પોપટ પાળેલો, બહેનને પોપટ વિષે એટલી બધી માયા બંધાયેલી કે તેઓ બહાર જાય ત્યારે પણ પોપટને જ યાદ કરે. કયાંય વાતચીત કરે તો પણ તેમા પોપટની વાત લયાવે ત્યારે જ સંતોષ થાય તેને. હવે એક વખત પેલા બહેનને બહારગામ જવાનું થયું એટલે પોપટને પઢાવ્યો કે હું બહારગામ જાવું છું. ત્રાણ દિવસ પછી આવીસ, આ પીંજરામાં ચાર દિવસનું ખાવાનું અને પીવાનું પાણી મુકેલું છે. તું મને યાદ કરજે હું તને યાદ કરીશ અને હા એક વાત ખ્યાલમાં રાખી લે કે કદાચ બીલાડી આવે તો તારે ઉડી જાવું કોઈ પણ ભોગે બીલાડી તને પકડી ન લ્યે તે ખ્યાલ રાખવો અને પોપટને શીખવ્યું કે બીલાડી આવે એટલે ઉડી જવું, બીલાડી આવે એટલે ઉડી જવું, બીલાડી આવે એટલે ઉડી જવું. આમ લેશન પાકું કરાવી પોપટને બરાબર પાઠ ભણાવી પેલા બહેન બહારગામ જવા રવાના થયા.

કુદરતનો નીયમ કહો કે જે હોઈ તે પરંતુ આપણને જેનો ડર હોય તે જ સામુ મલે તેમ પોપટના પાંજરા સામું પણ બીલાડી આવી લાગી. પોપટતો બીલાડીને ઓડખતો હતો નહી. એ તો ફક્ત એટલું જ શીખેલો કે બીલાડી આવે એટલે ઉડી જવું. તેનું જ રટન કરતો હતો અને ખરેખર બીલાડી આવી જાપટ મારતા પીંજરાનો દરવાજો ખુલી ગયો. જારી ખુલતા પોપટને બરાબર પકડયો. છ્તાં પોપટ તેનું જ ગાણું ગાતો હતો કે બીલાડી આવે એટલે ઉડી જવું ઉડી જવું. પરંતુ પોપટને કયાં ખબર હતી કે જેનીયે મને પકડયો  છે તે જ બીલાડી છે અને હમણા પ્રસાદ વટાઈ જશે તે તો તેની ધૂનમાં મસ્ત હતો કે બીલાડી આવે  ઉડી જવું....ઉડી જવું...અને આમ અંત સમય સુધી એ જ રટન પોપટ કરતો રહયો. તેમ માનવ પ્રાણી પણ ઘણા દેવ દેવીઓ દેવતાઓની જે બોલાવે છે. ધૂન પણ ગાણે ગાણે છે. માળા ફેરવે છે, પરંતુ તે બધુ આંખ મીચીને, ખુલ્લી આંખે જોવાની તસ્દી કોઈ લેતું નથી કે આપાણે જે બોલાવીએ છીએ તે શા માટે, માળા ફેરવીએ છીએ તે શા મટે, દર્શન કરવા મંદિરે જઈએ છીએ ત્યાં પણ આંખો બંધ કરી દઈએ છીએ શા માટે. ત્યાં તો દર્શન કરવા જ જઈએ છીએ તો ત્યાંતો આખો ખુલ્લી રાખવી જોઈએ તો જ પેટ ભરીને દર્શન થાય.તેને બદલે આપાણે સૌ આખો મીચી જઈએ છીએ. ત્યાં તો આંખો ખોલો અને જુઓ કે આપાણે દર્શન શા માટે કરીએ છીએ, દંડવત પ્રાણામ શા શારુ કરીએ છીએ કે પછી પેલા પોપટની જેમ બીલાડી આવે ઉડી જવાની ધૂન અને આપાણી ધૂનમાં ફરક ખરો કે નહી તે વિચારવું રહયું.

આપાણને પણ બીલાડી રૂપે કાળ આવશે અને આપણો કોળીયો કરી જશે ત્યાં લગી આપાણે પણ જે બોલાવીશું દર્શન કરીશુ કે પછી સમજવાની કોષીશ કરીશું કે મંદિરે ગયા પછી વર્તન સુધારવું. કહેવાઈ છે કે **''જુઠુ બોલવું પાપ છે પરંતુ સાચુ ન બોલવું તે મહાપાપ છે''**

© RATILAL JOGIA

છતાં સૌ કોઈ જુઠ નો આશરો છોડતા નથી. અમથુ અમથુ કારણ વગરનું જુઠાણું ચલાવ્યે જ રાખશુ તો પેલા પોપટની જે હાલત થઈ તે આપણી પણ થશે. ત્યાં બીલાડી આવી કાળ રૂપે તેમ અહીં યમકાળ રૂપે આવી કોળીયો થતા હશુ ત્યારે પણ કથા કીર્તન કરતા રહીશું, ધૂનો બોલાવતા રહીશું. પરંતુ તેનો મર્મ સમજશુ નહી કે આ બધુ શા માટે. ફક્ત આંખો બંધ કરી દેવાથી અર્થ સરવાનો નથી. એના માટે કોઈ સંતના ચરણ પકડવા પડે, કોઈ સદ્‌ગુરૂ ધારવા પડે જે આપણને સાચો રાહ બતાવે. ફક્ત ડર નહી બતાવે પરંતુ સાચો રસ્તો બતાવે જ તે સાચા સંત નીઃસ્વાર્થ સંત

મહાત્માએ ઘટઃસ્પોટ કર્યો કે તમારા મીઠુને કોઇ રોગ બીમારી કે શરદી હતી નહી તે તો સાજો સારો જ હતો. પરંતુ દાદાબાપુની ખાંસી અને શરદી જોઇને તેની તે નકલ કરતો હતો અને એ નકલને આપાણે બીમારી સમજી બેઠા હતા અને તેની પાછળ આપાણે આંધળુકીયા કરી સમય અને ધનનો વ્યય કરતા હતા. હવે દાદાબાપુની બેડ ફેરવી નાખી છે હવે મીઠુ દાદાબાપુની નકલ નહિ કરે કારણકે હવે તે તેને જોઈ શકતો નથી માટે હવે તે સીતારામ સીતારામ બોલશે. આપાણે પણ નકલ કરવાનું છોડી દઈને સાચો રસ્તો પકડીએ. મીઠુ સીતારામ બોલે છે તે પણ ગોખેલુ જ્ઞાન છે. મીઠુને અને સીતારામને શું લાગેવળગે છે તે તો ફક્ત પઢાવેલું બોલે છે અને પઢાવેલું બોલવાથી કદાપી કોઈનો ઉધ્ધાર થતો નથી.

જો એમ ઉધ્ધાર થતો હોય તો તો આ ટેલીવીઝન, ટેપ, ઓડીયો વીડીયો કેસોટો ક્યારનાં સ્વર્ગ ભેગા થઈ ગયા હોત. માટે ખરા અંતઃકરણ પૂર્વક દિલથી સાચા હૃદયથી પ્રાર્થના સમજપૂર્વકની થાય તો જ અપાણે સાચુ સુખ પામીએ . અપણે કોઇને ભાડેથી લાયાવીને પ્રાર્થના કરાવી શકીયે નહી. આ માટે તો આપાણે પોતે જ જીંદાદીલીથી દીલગી કરવી રહી. બાકી આ પણ એક કુદરતનો કરીસ્મો છે.. કે પાંજરે પૂરાયેલો પોપટ લીલો છે અને સામે ખાટલામાં બેઠા બેઠા છીંકે છે દાદાબાપૂ જેનુ નામ પોપટલાલ છે.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૩૩ કાના તુજકો ક્યા કહના

ગીરીરાજ ધરણ કી જય હે, કાના તને મોજ આવિ ગઈને, તે કાળી નાગને હરાવ્યો. તને સુરાતન ચડયું, ત્યારે તે મામા કંસને માર્યો. હે કાના તને ઈન્દ્ર સાથે વાંકું પડ્યું, ત્યારે તેનું અભીમાન ઉતારવા તે ગોવર્ધન ધારણ કર્યો. પરંતુ અમોને ખબર છે કે તને મોજ આવે છે.ત્યારે તું મોઢે થી ફુંકમારે છે, ત્યારે વાવજોળું ફુંકાય છે, તને મોજ મોજ આવે ત્યાર તું અકાલ યા સકાલ નું ચિત્ર ઉપસાવે છે. પરંતુ હે કાના, આજે અત્યારે તને મોજ કેવિ આવિ તે અમારી સમજ ની બહારછે. ત્યારે કાનો ખળભળાટ હસિ પડયો, માતા જશોદાએ કાનાનો કાન આમળ્યો, કાના કાના તું ચોપાટ રમવા બેઠો તને ખબર છે. રમત બરાબર જામી જ હતિ, ત્યારે જ તે ચોપાટ ઉપાડીને ખંખેરી નાખી, તે જરા સરખો પણ વિચાર ન કાર્યે કે આ ગોઠવેલા ચોગઠાનું શું થશે. તેવો કેવા વેરવિખેર થઈ ગયા. તે જોતો ખરો ચોકઠાના હાલ હવાલ તો જો, પછી દાંત કાંઢજે. ત્યારે ના છુટકે કાના એ ''માં'' ને વહાલી વહાલી કરીને પછી ખુલાસો કર્યો કે, ''માં'' જો હું ચોપાટ નાં પ્યાદા ને ઉડાળી ન મુકત તો... તો શું ?ત્યારે કાનાએ કહ્યું કે, માં તને ખબર છે, ફકત એક કંસ માટે અવતાર ધારણ કરવો પડેલો, પરંતુ અત્યારે તો અનેક ''કંસ'' ના ટોળા ઉભા થાય તેમ હતા. ''માં'' મારી વહાલી વહાલી ''માં'' માનીલે કે અધર્મ નું આચરણ થઈ જાત તો મારે ફરી વખત અવતાર ધારણ કરવો પડત, હે ''માં'' તું જ કહે હવે, મે કર્યુ તે ઠીકજ કર્યુ છે ને ચોપાટની બાજી ઉંધીવાળી તે જીવાત્માનાં ભલા માટેજ કર્યુ છે. પરંતુ કાના જરા વિચાર તો કરકે શુકા ભેગું લીલું પણ બળી ગયું તેનું શું ? હે માં ફીકર કરમાં તેને આગલી બાજી માં સહિ જગ્યાએ ગોઠવિ આપીશ. માટે ''મા'' જીવ બાળમાં, ત્યારે કરૂણાં ના સાગર બાળ સ્વરૂપ ''કૃષણાં'' ઉપર દેવગણ તરફથી પુષ્પ વૃસ્ટી થઈ અને જય જયકાર થયો. ઈશ્વરની લીલા અપરંમ પાર છે, જેનો કોઈ પાર પામી શક્યું નથી . ક્યારેક ''શ્રાપ'' પણ આર્શીવાદ ના રૂપમાં મળે છે.

© RATILAL JOGIA

**‘‘ જે થઇ ગયું છે તે પણ સારા માટે,
જે થઇ રહ્યું છે, તે પણ સારા માટે
જે થસે તે પણ સારા માટે ’’**

માતા રોવે, પિતા રોવે, રોવે એનો પરીવાર, કરૂણાનો સાગર ઉમટે, કોણ લે કોની સંભાળ. જ્યાં આભ ફાટયું, ત્યાં થીગળું કેમ કરી ને દેવાય, છતાં શોક ન કરતા, ઈશ્વર સ્મરણ કરવું. જેથી મૃતાત્માઓના આત્માને શાંતી મલે, એજ પ્રાર્થના ૐ શાંતી..શાંતી.. શાંતી ૐ.

નોંધ : ગુજરાત માં તથા સમસ્ત દેશમાં ધરતિ કંપ થતાં મૃતાત્માને શ્રધ્ધાપૂર્વકની શ્રધ્ધાંજલી

દ્વારકાધીશ કી જય

©
RATILAL JOGIA

# ૩૪ સીધીના થઇ ગયા

અભી અભી ‘‘સમાચાર’’ પ્રાપ્ત હુવા હે કે દક્ષીણ કી ઓર સે વાવાઝોળું એટલે કે ‘‘ચક્રવાત’’ પશ્ચીમ કી તરફ આગળ વધી રહ્યું છે. સંભવ છે કે બેક દિવસ માં સમુદ્ર થી આગળ વધીને કાંઠા વિસ્તારમાં આવિ શકે છે માટે સાવધાન. સમાચાર બહુ બીહામણાં હતા. પરંતુ લજામણા હતા નહી. માનવ સ્વભાવ છે તે ગમે ત્યાંથી પોતાની ‘‘ભાખરી’’ શેકી લેવા માટે યુકતિ પ્રયુકિત કરતા રહે છે. ‘‘ભાખરી’’ શેકવાવાળા અમંગળ વિચારે ચડી ગયા કે કદાચ તોફાન આવે ત્યારે આટલુ આમ થાય, તેટલુ તેમ થાય, ત્યારે કઇ વસ્તુની જરૂ પડે, ક્યારે કોને કોના માટે શું શું કરવું, વિ. વિ.

ઘરમાં ‘‘રિધ્ધી’’ નામની મોટી ‘‘વહુ’’ હતિ. તેનીયે કહ્યું કે, આવું કામ આપણાથી થાય નહિ. પાપ લાગે ત્યારે ઘરનાં દરેક સભ્યો એ ‘‘રિધ્ધી’’ થી નાતો તોડી નાખ્યો ‘‘રિધ્ધી’’ ને એકલી પાડી દીધી. ઘરનાં કોઇ તેને હવે બોલાવતાં નથી. ‘‘રિધ્ધી’’ મનમાં મનમાં મુંજાઇ ને આ તમાશો જોવા સિવાય કાંઇ કરી શકે તેમ ન હતિ. બીજી વહુ ‘‘દયા’’ તે પણ ઘરને એક ખુણે લપાય ગઇ, છુટકોજ ન હતો. ત્રીજી વહુ ‘‘કીર્તી’’, તેની બોલબાલા હતિ. ‘‘કીર્તિ’’ વહુનુ વર્ચસ્વ ખુબજ હતું. જ્યાં મોકો મળે ત્યાં ‘‘કીર્તિ’’ ના યશોગાન ગાવામાં ક્યાંય કચાસ રાખવામાં આવતિ ન હતિ.

આ બાજુ ચક્રાવાત આગળ ને આગળ વધી રહયો હતો. નજીક ઓર નજીક ઓર નજીક લોકો સમાચાર સાંભળી ને ફફળી ઉઠતાં હતા. ક્યારે ‘‘ચક્રાવાત’’ ખાબકશે, શું થસે, હજુ હમણાંજ થોડો ટાઇમ પહેલા ધરતી કંપ નો અનુભવ થયા છે. તેમાં જાન માલ મીલ્કત નું કેટલું બધું બલીદાન દેવાય ગયું, તે યાદ આવતાં માનવ જાત કંપી ઉઠી. હવે, હવે તો એક જ આશરો છે. ‘‘ઠાકોરજી’’ ને ચરણે થાવાનો, ખરાદિલથી પ્રાથનાં કરવાનો, ટી. વી. ઉપર થી સમાચાર વહેતા થયા કે ઠેર ઠેર મંદિરો મંદિરો માં ભજન કીર્તન ને પ્રસાદ ની લહાણી થાય છે. સમસ્ત માનવ જાતનાં કલ્યાણ માટે ‘‘ઠાકોરજી’’ ને વિનવવા મનાવવા માનવ જાત મંડી પડી છે. સાચા હૃદયથી કરેલ પ્રાર્થના કદાપી નીષ્ફળ જાતી નથી, માનવ જાતની પ્રાર્થના ફળી.

''ચક્રવાતે'' જળ સમાધી લઈ લીધી. ''રત્નાકરે '' ''ચક્રાવાત'' ને પોતાનામાં સમાવી લીધો. ''રત્નાકરે'' માનવ જાત ઉપર ઉપકાર કરી બતાવ્યો. પરંતુ સ્વાર્થમાં અંધ બનેલા માનવિયે ન તો ''રત્નાકર'' ની આરતી ઉતારી કે નતો ચુંદડી મોરીયો ચડાવીને પ્રાર્થના રત્નાકરની કરી. છતાં ''રત્નાકર'' માનવ જાતને માફી આપી જ હશે. કારણ કે તે સમરથ છે માતા પિતા પૂત્રના, પતિ પત્નિ  નાં, તેમજ મિત્ર મિત્ર નાં, ગુના માફ કરે તેમ આપણા ગુના ''રત્નાકરે'' માફ કર્યા જ હશે. તેમ મન મનાવવું રહ્યું, માણસ જાતે રાહત નો શ્વાસ લીધો ત્યારે આકાશમાંથી અમી નાં છાંટણાં થયા.

છેલ્લો દિકરો બાકી હતો. તેનાં લાખેણાં લગ્ન લેવાયા. ''સિધ્ધી'' નામની વહુને વાજેત ગાજતે લયાવ્યા, ત્યારે મામેરીયાત રૂમજુમ કરતા આવ્યા. ''બરખારાણી'' તેનીયે છુટે હાથે મામેરૂં છાબથી ભરી દીધું. ઠેર-ઠેર જય જયકાર થયો, ત્યારે ''કરૂણાં'', ''વિજળી'' તેમજ ધરતી પૂત્રી ''ખુશ્બુ'' એ મન મૂકી ને ડીસ્કો રમ્યા. ઘરના બધા નવિ નવિ આવેલ ''વહુ'' સિધ્ધી ના થઈ ગયા.

''ગીરીરાજ'' ધરણ કી જય
દ્વારકાધીશ કી જય

©
RATILAL JOGIA

# ૩૫ ઝુલ્લે લાલ

શ્રવાણ મહિનો આવ્યો, ડોશીમાયો સર્વે સાથે મલીને નદીયે નહાવા ગયા. સ્નાન કાર્ય પતાવિ, પવિત્ર થઈને ભીના વસ્ત્રે નદીનાં કાંઠે બેઠેલા અભ્યાગતો ને પાઈ પૈસો આપ્યો, પીપળે પાણી રેડયું, ભોળાનાથ ને ફુલયુલની માળા બીલ્લી પત્ર પાણીનો લોટો ચઢાવિ, દિલપૂર્વક પ્રાર્થના કરી. ફરી નદીનાં કાંઠે સૌ આવ્યા, ત્યાં ખેતર ખેડવાની તથા ધાણીદાળીયા જુવાર વાવવાની ભાવના પ્રગટ કરી. મન મનાવિ ઈસ્ટદેવની પ્રાર્થના, પ્રેમ પૂવક કરીને મન ભરી દીધું. આ વાત ઘણા વર્ષો પહેલાની છે, કે જ્યારે પાણીની અછત હતિ નહી. નદી નાળામાં નવા જુના પાણી મલતા, શ્રવાણ મહિનો આવતા સર્વે જુમી ઉઠતાં, પોતાથી થાય તેટલા વ્રત વર્તોલા દાન પૂણ્ય કરીને, ધરમ ધ્યાન માં મન લગાવવાની કોસીસ કરી, પૂણ્ય કમાય લેતાં.

શ્રાવણ મહિનાનો માહોલજ કાંઈ ઓર હોય છે. શ્રવાણ મહિનામાં ઘણા બધા તહેવાર આવે છે. કહોને આખો શ્રવાણ મહિનોજ તહેવારો નો જ છે. તેમાંય ખાસ કરીને રક્ષાબંધન નું પર્વ, પછી સાતમ-આઠમ નો તહેવાર. આઠમ એટલે જન્માષ્ટમી, જેને ગોકુલ આઠમ કહેવાય છે. ગામળામાં લોકો ગોકળ આઠમના નામથી પ્રખ્યાત છે. તે ટાઈમે આપણા આ **''લલ્લાનો જન્મદિવસ''**. તે પર્વ વલ્ડવાઈડ છે. અસ્ટમીની અંધારી રાત્રે, બરાબર મધ્યરાત્રીનાં બારને ટકોરે, શ્રી કૃષ્ણાં જન્મ રાત્રે બાર વાગતાં થાય છે, ત્યારે દ્વારીકા-પૂરી-મથુરા-ગોકુળ-વૃંદાવન જેવા પવિત્ર સ્થળોનાં ધાર્મીક સ્થળોથી ટી. વી., રેડીયો ઉપર લાઈવ પ્રસારણ કરીને, ભક્તો ને ભાવ વિભોર બનાવિ દયે છે. ગોકળ આઠમ નો અપવાસ ઘણા લોકો કરે છે. પછી મધ્ય રાત્રીએ લલ્લાનાં દર્શન કરી સવારે પારણું ઝુલાવી ને પારણાં કરે છે, ત્યારે જીવન જાણે ધન્ય બની ગયા નો અહેસાસ થાય છે. પછી જેવિ જેની શ્રધ્ધા ભાવનાની વાત છે.

અમુક વર્ગ એવો પણ હસે કે આખો શ્રવાણ માસ બાવન પાના ગંજીપાના પત્તાથી ઉજવે છે. જેમાં જુગારી વૃતિ દેખાય આવે છે. જે હોય તે, પછી આવે છે પિત્રુ ના દિવસો, તેરસ-ચૌદસ અમાવ્યાસ્ય (અમાસ) ત્યારે પણ દાન પૂણ્ય, બ્રહમ ભોજન, જ્ઞાતિ ભોજન, સગા સબંધી નો મેળાવળો, પછી ખ્યાતિ પામેલી જગ્યાઓ એ મેળો ભરાય છે. સૌ આનંદની

© RATILAL JOGIA

હેલીએ ચડે છે. વાતાવરણ આનંદ ભર્યુ બની રહે છે. વરસતા વરસાદ નાં ફોરા પડે છે. ત્યારે ધરતિ સુગંધ થી મહેકી ઉઠે છે. ખેતરોમાં વાવાએલો પાક લીલો કલેવર ધરી હવાની લહેરખીઓમાં જુમી ઉઠે છે. વાતાવરણ આહલાદક બની જાઇ છે. કાનો, ગીરધારી, લલ્લો, બંસીવાળો, ગોવાળીઓ આમ અનેક નામધારી ની પુજા અર્ચના થાય છે. **''હરિતારા હજાર નામે, કયે નામ લખું હું કંકોતરી''** તેવા પરમ કૃપાળુ પરમાત્માની જન્મ સમયની ગોકુલ કે ગોકળ આઠમ, તે દિવસે ભકતગણ અપવાસ કરીને એક દિવસ અનાજ જમવાનો ત્યાગ કરે છે. અપવાસને દિવસે ફરાળી વાનગીઓનો માહોલ રચાય છે. તે પણ કેવિ વાનગીઓ, કેળા, કેરી, શીંગ, સરગવો, કાકળી, ટામેટા, શીંગોળાના લોટનો, શીરો, રાજીગારની પૂરી, સાબુદાણાનો દુધપાક, અગર સાબુદાણાની ખીચડી, રાજીગરાનો શીરો, રાજીગરાની પૂરી, છાસ, દહિં, કાજુકતરી, બરફી, પેંડા, બટાકાની ચીપ્સ, સુકીભાજી, આવિ તો અનેક ફરાળી આઇટેમની સાથે તળેલા, લીલા, મરચા તો હોય જ જમવા કરતા ફરાળ ભલો, જેમ કે અનકોટ ની ગરજ સારે. જે લોકો એ અપવાસ ન જ કર્યો હોય, તેના મોઢામાં પણ પાણી આવે ને વિચાર કરેકે કાશ હું પણ ગોકુળ આઠમ નો અપવાસી હોય તો. આ દરેકે દરેક ફરાળી વાનગી મને પણ નસીબ થાત, પરંતુ ભલેને અપવાસ ન કર્યો હોત તો પણ ફરાળી વાનગી આરોગી શકાય છે. વધી ઘટી ફરાળ કરી લીધા પછી અપવાસી ભકત પેટ ઉપર હાથ ફેરવિને ઓડકાર ખાય તે શેરીને નાકે સંભળાય, ત્યારે મનમાં થાય કે આને અપવાસી કહેવાય કે પછી..., જાવા દયો નાહક ભક્તોનાં દલડા દુખાશે. બાકી લાલાનો જન્મદિવસ હોય, એટલે મજા આવિ જાઇ એમાં બે મત નથી જ.

**''ખરા દિલથી પ્રાર્થના કરેલી કદાપી નીષ્ફળ જાતિ નથી''** પરમ કૃપાળુ પરમાત્મા ખુબજ દયાળુ છે. દયાના સાગર છે કરૂણા નિદાન છે. તેવો ચોકકસ પ્રાથના તેના હૃદયે ધરશેજ.

© RATILAL JOGIA

**મીઠી મીઠી મોરલી વાળો મોહન પ્યારો પ્યારો,**
**તેજ છે દ્વારકાવાળો, ભલે રણછોડીને રણછોડ કે વાણો**
**તેજ છે ડાકોરવાળો, બંસી ધરી પવિત્રાં પહેરી વેણું વગાડી**
**તેજ છે ગાકુલવાળો, બાંકેબીહારી વૃજમાં લીલા કરવા વાળો,**
**સુદામાનો સાથી, નરસૈયા નો નાથ કેવાણો,**
**લલીતકળામાં નીપૂણ, અર્જુનનો સારથી કેવાણો.**
**ભલે મુક્તિ મલી કે ન મલી, કરૂ નહિ હું વગોણો,**
**લાભ તો જરૂર મલ્યો છે, હૃદય સરસો શ્યામ છપાણો.**
**વૃંદાવન મે બંસરી બજી, લાલરતિ ફુલાણો,**
**સાગર તટે જુલે લાલને જુલાવિ ટોકરી વગાડો.**

મોહન ભલે મોરલી વગાડતો હોય તેનો નાદ આપણને સંભળાવતો ન હોય. છતા આપણે તે મોરલી નો નાદ સાંભળવા કોસીસ કરીને તેની પ્રાથના કરવાનું ચુકશુ નહિ. એક દિવસ જરૂર તેની કૃપા થશે જ તેમ રણછોડ ભલે રણછોડી ને ભાગી ગયો હોય, આપણે તેના ચરાણે મસ્તક નમાવવુજ, ક્યારેક ને ક્યારેક તેની અમી દષ્ટી આપણી ઉપર પડસેજ, જેમાં બે મત નથી જ. લલીતકલાથી જેનું હૃદય ભરાયેલું છે તેવોની પ્રાર્થનાં અફળ જાસેજ નહિ, પરંતુ શર્ત એકજ છે કે આપણે **''લોખંડ''** થવું રહ્યું. આપણે **''લોખંડ''** થશુ તો તેવો પારસમણી તો છે જ, જરૂર તેનો સંપર્ક થશેજ, ત્યારે, પારસ મણી રૂપિ **''પ્રભુ''** નો, સંપર્ક થતા આપણે પણ ''સુવર્ણ'' માં પરિવર્તન પામીશું. ''પ્રભુ'' સાંપડચાજ છે, માટે લોખંડ બનીને પણ તેનો સંગ, કર્યેજ છુટકો. સંગ થતાંજ ''પ્રભુ'' રૂપિ પારસમણી લોખંડ ને સુવર્ણ માં ફેરવિનાખશે, ત્યારે, લોખંડમાંથી બનેલ ''સુર્વણ'' ધન્ય ધન્ય બની જાસે ને જય જય કાર થસે જ, ત્યારે આધાઅષાઢ આધાશ્રાવણ નાં હિંડોળા ના દર્શન કરી ભકત ગણ ધન્ય બની જાશે, હિન્ડોળા પણ કેવા ફુલપતાનાં, ફુલનાં, માખણ મીસરીનાં, બરફનાં, ઘીનાં, પવિત્રાનાં, શાકભાજીના, કાજુ-પિસ્તાના-બદામ-પિસ્તાના-ફુલ-બંગલાનાં, ધેનુ ચરાવવાવાળા ગોપાળનાં, ગોપિયોની મટકી ફોળવાના, આમ આખા વર્ષના દર્શન, ફક્ત એક મહિનામાં હિન્ડોળા રૂપિ શણગાર, સજી ધજી ને, ''ઠાકોરજી'' ને ચરાણે મસ્તક નમાવિ, ધોળ કીર્તન કરીને લલ્લાને ખુશખુશ કરી ધન્ય બની જવામાં જાણે કે હરિફાઈ થતિ હોય એવો આભાસ ઉપજાવિ ને પરમ ભકત ગણ ભાવ વિભોર થઈ જાઈ છે. સાથે સાથે લલ્લાને દાગીના નીત નવા વાઘા, મુગુટ, કાનકુંડળ, ભાલ તીલક, માળામણી, રત્નો, નેણ સુરમો, પાનબીડા, ઉપરાંત છેલ્લે **''અન્નકુટ''**થી સમસ્ત અર્પણ કરીને, ન્યોછાવર થઈ પોત પોતાનુ **''જીવન''** ધન્ય બની ગયા નો અહેસાસ થયાનો અનુભવ કરે છે. તેવા વૈષ્ણવોને વંદન. કહેવાઈ છે કે, શ્રધ્ધા ફળે છે જે સકળ બ્રહમાંડના સ્વામી છે, તેને સમજવા આટલું પણ સમજવું ઘણું છે. પરમ કૃપાળુ ''પ્રભુ'' તો પ્રેમ ના ભુખ્યા છે. તુલશી-પત્ર, મધુ-મીસરી, દુધ-જળ-ઘી પણ અર્પણ થતાં ઠાકોરજી ની અમી દ્રસ્ટી ભક્ત ગણ ઉપર રહે છે. ઠાકોરજી ને પ્રસાદ ધરાવવાનારનું દિલ સાફ હોવું જોઈએ એટલે ઠાકોરજી ખુશ રહે છે.

**''ફરાળી વાનગી''**

**સુવર્ણ રેતિ નો શીરો બનાવો, ચાંદીનું બનાવોસુપ,**
**ડાયમંડ ના દહિવડા બનાવો, પ્લેટીનમ ના બનાવો પાત્રા,**
**રેણ મુકીને તેનું રાયતું બનાવો, એસીડનો આથો નાખીને તાંબાની કઢાયમાં ખીર બનાવો,**
**ખીજની વેવારીક વાતોને છોડીને દુશ્મનીના દમ આલુ બનાવો,**

© RATILAL JOGIA

**મનીનો મશાલો મુકાવિને, રૂડી મનભાવની બનાવો,**
**કંકાસની કઢાયમાં કડવિવાણીનાં કારેલા વઘારી કડવિ હવા ફેલાવો,**
**ઈતર તિતરની રામાયણ રચીને, રમખાણ મચાવિ નાચ નચાવો,**
**ભાલુ લઈને ભાગતા ફરો, સામે મલે તેને સજા ફટકારો,**
**બીજાને સામે બીજી બનીને ત્રીજા ને તાબામાં રાખો.**
**લાલરતિ ની ફરાળી વાનગી આરોગી ગોકળ આઠમ મનાવો**
**ઓર ગીરીરાજ ધરણ કી જે બોલાવો.**

પ્રાર્થનાની પણ પ્રાર્થના હોઈ શકે છે. એ છે મધુર વચન, ધીરજ, શુધ્ધ મનથી જ્ઞાન સભર સંતોષ, દયા, ક્ષમા, સત્ય, મીઠળુ સ્મીત, દરરોજ ભાવ પૂર્વક પરમ કૃપાળુ ની પ્રાર્થના કરવાથી અંતર પરનો ચક્ષુ ખુલ્લે છે. અંતઃ કરણ પવિત્ર થાય છે. પરીવર્તન ભર્યો સ્વભાવ બને છે. નિરાશા ને હતાશા મનમાંથી ચાલ્યા જાઈ છે. શાંન્તી ભર્યુ મન રહે છે. તાજગી ને સ્ફૂર્તિ દિલમાં ભરાય છે અને ઉમંગ પ્રગટે છે ઓર જીવન જીવવાની શકિત સ્ફૂર્તિ પ્રગટે છે. એ પ્રેરણા રૂપિ પ્રાર્થના એનર્જી પૂરી પાળે છે. જીવન જીવવા માટે પ્રાર્થના આવશ્યક છે જ. તેમાંથી જીંદગી જીવવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે. જેનું મન શુધ્ધ હોય, તેવોની નિઃસ્વાર્થ મનથી કરેલી પ્રાર્થના કદાપી અફળ પુરવાર થતી નથી. પ્રભુ બનીને તમો આવ્યા આ જગત મહિ, અમો તમોને સમજી શક્યા નહિ. બસ મારા તમારા ના ભેદભાવ સહિ બારબાર અમો જનમ લેતા રહયા કહિ ના કહિ

**આઈ એમ ધ માસ્ટર, ઓફ માય ફેઈટ.**
**આઈ એમ ધ કેપ્ટન, ઓફ માય સાઉલ.**

અર્થાત હુંજ મારા ભાગ્યચક્રનો સ્વામી છું, હુંજ મારી આત્માનો કેપ્ટન છું (બ્રીટીશ કવિ વિલીયમ એનેસ્ટર દેન લીના કાવ્યની બે પંકતિ)

RATILAL JOGIA

**મધુ**

એવિ કોઈપણ વ્યકિત આ સંસારમાં નથી, કે જેની પાસે જીંદગીમા એકવાર પણ ભાગ્યોદય નો અવસર ‘‘**ન**’’ આવ્યો હોય. પરંતુ જ્યારે તે ભાગ્યોદય એમ જુવે કે વ્યકિત તેનું સ્વાગત કરવા માટે તૈયાર નથી. ત્યારે તે અવળા માર્ગે પાછો વળી જાય છે. (ફાઈનલ) સમાધાન વગર નો વહેવાર શું કામનો. સત્ય, નિષ્ઠા વગર નો વહેપાર શું કામનો. સમજશકિત વગર નું જીવન શું કામનું. સુંદરતા વગરની સરીતા શું કામની. સત્યમ્ શીવમ્ સુંદરમ્ વગર શીવ અને જીવ શું કામનાં. સુર વિનાવી ‘‘બંસરી’’ શું કામની. સાગર ને મળ્યા વગરની સરીતા શું કામની.
સ-રતિ વગર સુખ શું કામનું.

દ્વારકાધીશ કી જય

# ૩૬ રસીકનું રમખાણ

કેમ છો રસીકલાલ? મજામાં છું. તેમાં તમોને કાંઇ વાંધો નથી ને. આલેલે તમો મજામાં હોઇ તેમાં મને શું વાંધો હોઇ ભલા માણસ. પરંતુ તમોને વાંધો હોઇ કે ન હોય મને કાંઇ ફરક પડતો નથી મને ખબર છે. અમુક માણસોને કાંઇ ફરક પડતો નથી. તો પછી તમો ચીંતા શા માટે કરો છો. હું હું ચીન્તા નથી કરતો, ફક્ત વાત કરૂં છું. પરંતુ તમોને પુછયું કે કેમ છો રસીકલાલ. તેમાં તમારૂં શું લુટાઇ ગયું? લુટાઇ નથી ગયું પરંતુ તમો વ્યંગમાં પૂછો છો, તે વાતનો મને વાંધો છે. તો પછી તમ તમારે વાંધા ગોત્યા રાખો, અમારે શું. આમેય તમારે કે કોઇને કશુ છે જ નહિને. આમ અમસ્તી વાતમાં બન્ને જણાં જાણે કડવિ બદામ ચાવિ ગયા હોય, તેવું મોઢું કરીને છુટા પડયા. નાહક નો સબંધ બગાડીને મુરખા નહિ તો શું, રસીકલાલ આમ તો સારા જ માણસ છે. પરંતુ નામને છેડે ''લાલ આવે છે માટે કાયમ લાલ'' જ રહે છે. ''પીળા''''લીલા'' થતાં જ નથી, કારણ ગમે તે હોય, વાતેવાતમાં લાલ લાલ થઇ જાય છે.

© RATILAL JOGIA

આમ તો રસીકલાલ એચ એમ હતા. આખી જીંદગી ભણાવવામાં, સ્કુલનાં સ્ટુડન્ટ સાથે વિધ્યાર્થીઓની સાથે વિતાવિને, પોતે પણ બાળક જેવા સ્વભાવે થઇ ગયેલા. વાતવાતમાં દુઃખ લગાડવું, ગમે તેની સાથે જીભાજોડીમાં ઉતરી જાવું. માનો ને કે ભણાવવતા ભણાવતા તે પોતે ગણતા ભુલી ગયેલા છે એટલે કે ભણાવ્યા પરંતુ ગણાવ્યા નહિ. પરંતુ ઉમરનો તકાજો થતા, ભલભલા માણસો ખખળી જાઇ છે. તેમ રસીકલાલ પણ શરીરે ખખડવા લાગ્યા, માંડ માંડ સ્કુલની સર્વિસ પૂરી કરીને ગયા વરસે રીયાટર્ડ થયા. રીટાયર્ડ થતાં થતાં માં તો બુઢાપો રસીકલાલ ને આંટો લઇ ગયો. માથા ઉપરનાં અડધા વાળ ચાલ્યા ગયા. જે વાળ બચેલા તેનીયે, પોતાનો બ્લેક રંગ બદલીને રૂપેરી કરી નાખયો. આંખથી દેખાવાનું ઓછું થતું ચાલ્યું, પેપર વાંચવાનું પણછોડી દેવું પડયું, શું થાય ત્યાં તો કાન કહે, હું કેમ પાછડ રહિ જાવ. કાન પણ પોતાનો રૂબાબ દેખાડવા માટે ખણખોદ ઉપાડી, વારેવારે કાનમાં કાંડી પેટીની બાકસ લઇ દિવાસળી થી કાનમાં ફેરવવા ની ઇચ્છાઓ જોર કરવા લાગી. કાનમાં ખજવાડ આવે પછી ત્યાં દિવાસળી ફેરવ્યેજ છુટકો, જાણ કે મન કાન ઉપર ચોંટયું રહે, જાણે કે કાન

ખોતરવાની લગની લાગે એમ સમજોને, એટલે કાન ખોતરવાજ પડે, પછી કાયમી કાન ખોતરવાની કુટેવ પડીજાઇ, પછી મંડે સાંભળવામાં તકલીફ થવા, કોઇ કહે રસીકભાઇ રામરામ, તો રસીક ભાઈ કહે રીંગણા સરસ છે. આમ સાંભળવામાં પણ તકલીફ થતિ ચાલી, પછી તો શરીરનાં મુખ્ય અંગ જેવા કે ચહેરાને સુંદર દેખાડે છે, તે હા તેજ દાંત અડધા પડધા છોડીને ચાલી ગયા. દાંત તો ખુલ્લેઆમ કહિને ગયા કે હે રસીકલાલ અમો ક્યાં તમારી સાથે આ જગતમાં આવ્યા છીએ એટલે અમો તમારી હાજરીમાંજ અમો ગેર હાજર થઈ જાયે છીએ. આમ દાંત બળવો કરીને મંડયા એક પછી એક રજા લેવા અને રસીકલાલને દાંતે કહિ પણ દીધુ કે અમોએ તમોને કાઈ વચન આપ્યું નથી કે તમો આ દુનીયામાં રહો ત્યાં સુધી અમારે પણ તમારી સાથે રહેવું જ પડે, શું ત્યારે પગના તળીયામાં બળતરા થવા લાગી. ઉપરાંત પગમાં દુઃખાવો, કપાસી નામની બલા એ પણ પોત પ્રકાશ્યું, ને પોતાપણ દેખાડ્યું તે કપાસી બહેનવળી કેમ પાછડ રહિ જાઇ. ત્યારે ત્યારે ગોઠળ કે ઢીંચણ જે કહો તે કહે કે મારો શું વાંક. રસીકલાલ મે તમારો બોજો ઉપાડી ઉપાડી ને તમોને ખુબજ ફેરવ્યા. શુભ પ્રસંગો, બ્લેક પ્રસંગો, યાત્રાવો, વિદેશની શહેલગાહો, તીર્થસ્થળો, દેવદર્શન વિગેરે માં મે ખુબજ સાથ સહકાર આપીને મેં મારી ફરજ બરાબર નિભાવી છે. પરંતુ તમોને ખુબજ ફેરવ્યા છે. હવે મારાથી તમારો બોજો વજન ઉપડે તેમ નથી માટે શાંતીથી પથારીમાં પડયા રહો. પરંતુ એમ જીવતો જીવ ડમી તરીકે કેમ રહિ શકે, ત્યારે ત્યારે જીભલડી એ સાથ આપીને કહ્યું કે હે રસીકલાલ ફીકર કરોમાં, ભલે બધા સાથ છોડી દયે, હું મરતા દમ તક તમારી સાથે ને સાથે છું. તમારૂં મન માને તેવિ રીતે મારો ઉપયોગ કરો રસીકલાલ, ત્યારે રસીકલાલે જીભનો સથવારો મલ્યાનો આનંદ છુપાવિ શક્યા નહિ. જીભ નો ભરોસોકરીને આલતુ ફાલતુ વાતો ના વડા કરવા લાગ્યા. વાતવાતમાં જગડી પડવામાં, દુઃખ લગાડવામાં ને અફસોસ કરવામાં બાકી ન રાખ્યું . ત્યારે બુધ્ધિ એ મનને ઠપકો આપ્યો કે હે મન જરા શાંતથા કારણ વગરનો રસીકલાલને કઠોળે ચડાવ નહિ. પરંતુ મન તો ધજાની નોક અગર દિવાની જ્યોત રૂપે ફળફળ્યાજ રાખે. મન માંકળુ છે તેને કાબુમાં રાખવું ખુબજ અઘરૂં છે. છતાં અશકય તો નથી. તેમજ શકય પણ નથી. ભલભલા ઋષીમુનીઓને મહાપુરૂષો પોતાની તપસ્યા પૂર્ણકર્યા પછી પણ, પોતાનું મન જીતી શક્યા નથી. પરંતુ આ સંસારી જીવ પામર છે. સમુદ્ર કાંઠાની રેતીમાના એક કણ બરાબર પણ કદાચ ન હોઈ શકે, કદાચ એક રેતિમાનો કણ બરાબર હોય તો પણ તેનું શું ઉપજે.

રસીકલાલ ખુબ ધમપછાડા કરવા માંડયા એટલે ઘરના તમામ કુટુંબીઓથી અળગા થઇ ગયા. સમાજમાંથી ફેંકાઇ ગયા, છેલ્લે તેની ધર્મ પત્નીયે પણ સાથ છોડી દીધો, તે પણ હવે રસીકલાલ ને બોલાવતી નથી. દિકરાવો તેમની ગૃહલક્ષ્મીઓ, દિકરીયો જમાઇઓ ને તો ભાવતું હતું ને વૈદે કહ્યું, જેવો ઘાટ થયો, તેવો હવે રસીકલાલ નો ભાવ પુછે ખરાં ? છતાં

© RATILAL JOGIA

રસીકલાલ હિંમત બાજખરા, એમ હિંમતહારે તેવા નથી. પરંતુ હિંમત રાખીને પણ શું ફાઇદો. રસીકલાલે ક્યાંક વાંચેલું કે અગર સાંભળેલું..

**કાબે અર્જુન લુટીઓ, વોહિ ધનુશ્ય વોહિ બાણ**

પરંતુ તે બાબતમાં રસીકલાલને ખાસ ગતાગમ પળી નહિ. મંદિરોમાં થતા કથાકીર્તન થતા હોય તે મંદિરોમા ક્યારેક ક્યોરક રસીકલાલ જાતા, ત્યારે એક વખત પ્રવચન સાંભળેલું કે વડીલો તો પાયાના પથ્થર છે. પાયાના પથ્થર કદાપી બહાર આવવાની કોશીસ કરતા નથી. તે તો પુરે પુરો બોજો પોતાની ઉપર ઉઠાવિને ધરતિ અંદર પાયામા ધરબાય જાય છે. તે પાયાના પત્થરો બહાર આવવાની કોશીસ કરે તો તેની ઉપર થયેલું ચણતર ખળભળી જાઇ તે વાત પણ રસીકલાલને ગળે ઉતરી નહિ. ફરી ક્યાંક સાંભળવામાં આવ્યું કે **''હમેશા ઉગતો સુર્ય પૂજાઇ છે. આથમતા સુર્યની સામે કોઇ જોતું નથી''** ત્યારે તો સંસારી આત્માવો પોતપોતાના કામમાં વ્યસ્ત હોય છે. કામ કરવાવાળાના કામ કોઇ અડચણ કરે, કે ખલેલ પહોંચાળે તો તુરત જ પટદેતાકને સુણાવિ દયેકે અમો કામમાં છીયે, અત્યારે દખલ કરોમાં. સાંજ પહેલા આટલું આ કામ અમારે પૂરૂ કરવું છે, માટે ઘડીક શાંત રહો તો સારૂ. તે વાત પણ રસીકલાલ ને ગળે ઉતરી નહી. રસીકલાલ મનોમન કોચવાતા રહ્યા કે સાલુ જીંદગી આખી ઢસરડા કર્યા. છેલ્લે જીંદગીને છેડે આમ એકલું અટુલુ પડી જાવું તે યોગ્ય નથી. પરંતુ હારેલો સૈનિક, લંગડાતો સીપાઇ શું કરી શકે. છતાં રસીકલાલ હિમંત ટકાવવાની કોશીશ કરતા રહ્યા. તેની જીંદગી માં એકજ વાક્ય હતું કે, ''કરતાં જાળ કરોડીયા અગર એકલો જા ને રે'' બીજો કોઇ ધ્યેય હતો ન હિ. જોકે ઠાકોરજી ઉપર શ્રધ્ધા ખુબજ હતિ. ગમે તેવા કપરા સંજોગોમાં પણ, ઠાકોરજીની પ્રાથના કરવામાં આળસ કરેલું નહિ, એટલે જ પોતે પ્રાર્થનાના બળ ઉપર ટકી રહ્યા છે તેમ માનતા હતા. તે વાત પણ ખરી હોય શકે છે, કારણ કે ''જેનું કોઇ નથી થતું, તેના ઠોકરજી થાય છે. શ્રધ્ધાનું બળ અતુટ હોય છે. પ્રાર્થના કદાપી નિષ્ફળ જાતી નથી, તે વાત હૃદયમાં ચોકકસ રાખીને સમજવું રહ્યુ. બે મોઢાવાળો સમાજ આજે વખોડશે, અગર આવતિકાલે વખાણ કરતાં કદાચ થાકશે પણ નહિ, તો તે બાબતમાં નવાય નથી. આ લડાયની પણ રીતી-નીતી હશેજ, દરેકે દરેકનાં પોત પોતાનાં સીંધાત હોય છે, પોતાનું અંગત જીવન બરબાદ થાય ત્યારે આમ આદમી તે વાત સહન કરી શકતો નથી. તે સૌ કોઇ જાણે છે, છતા પણ એક જીવ બીજા જીવને જંપીને રહેવા દેતો નથી. તેવા સમાજ ને ફીટકાર સીવાય બીજું શું આપી શકાય. છતાં વિચારવા જેવું ખરૂ કે નહિ, યાદ રાખી લેજો, સમજવા જેવું લાગે તો દરેક જીવ સેવકનાં રૂપમાં આજગત માં આવે છે. પતિ પત્નીની સેવા લ્યે છે, પિતા પૂત્રની સેવા લ્યે છે, નોકરની સેવા શેઠ લ્યે છે, દેશ સીપાહી અને સૈનીકની સેવા લ્યે છે. ખુદ પરમ કૃપાળુ પરમાત્મા તેવોના ભક્તોની સેવા અંગીકાર કરે છે, સ્વિકારે છે. કોઇ પશુ-પક્ષી પણ આ સેવા કાર્યમાંથી મુકત નથી. શ્વાન તેના

© RATILAL JOGIA

માલીક ની સેવા કરીને છુટી જવાની ઈચ્છા વ્યકત કરે છે. ઘોડો તથા ગધેડા તે પોત પોતાની માલીકનો ભારવહન કરીને ઉપરથી ડફણા ખાયને પણ સેવા પૂરી પાડે છે. ગાય, ભેંશ, બકરા, ઘેટા, ઉંટ દરેક પોત પોતાની બનતિ સેવા કરી આ સંસાર નું ઋણ ચુકવે છે. ખુદ વનસ્પતી પણ ફળ-ફુલ આપીને પોતાનું ઋણ ચુકવીને સેવા કરવાનો સંતોષ લ્યે છે. અરે ખુદ ધરતી તથા અકાશ પણ પોત પોતાની રીતે ઋણ ચુકવે છે. એટલે તો કહેવય છે કે, અન્નજળ હશે, ત્યારે મલીશું ને આ ભવસાગર ઋણાનુંબંધીથી બંધાયેલ છીયે, જ્યારે ઋણાંનુંબંધ પરૂ થતા થતાં માં દરેક જીવ પોતાની જીંદગીની જીવાદારી થી સંકેલાઇ જાઇ છે એટલે કે આ ફાની દુનીયા છોડીને વિદાય લ્યે છે. આત્મા અજર અમર છે એમ કહેવાય છે. સ્વર્ગનું કોઈ પ્રફુ નથી છે કે નહિ. પરંતુ બૃધ્ધીશાળી ભક્તગણ પોત પાતાના ઈષ્ટદેવનું ગુણ ગાતાગાતા આ ધરતી ઉપર જ સ્વર્ગ ઉભુ કરે છે.

રસીકલાલને આ બધુ કોણ સમજાવે. જોકે લાખો માણસોમાંથી હજારો માણસોને પ્રભુદર્શન કરવાનાં વિચાર આવે છે. તે હજારોમાંથી સેંકડો માણસો, પ્રભુ દર્શન કરીને ભાગ્યશાળી થાય છે. તે સેંકળો માથી દશેક માણસો સ્થીર મનથી પ્રભુજીનાં દર્શન કરવા ભાગ્યશાળી બને છે. તે દશમાંથી એકાદ મહામાનવ પ્રભુપદ સુધી પહોચી ને પ્રભુ ચરણ પામે છે. તેવા મહામાનવ ને લાખો વંદન હોજો. પરંતુ રસીકલાલને અમાનું કાંઈ સમજાતું ન હતું. તે પોતાનું મન સ્થીર રહેતું નહતું. અગર કહો કે રહેવા દેતા ન હતા. અમુક માણસોના સ્વભાવને પ્રતાપે કારણ કે અમુક માણસોને ગરમ ગરમ જ લાગે છે. તેમજ ઠંડુ એકદમ ઠંડુજ લાગે છે એટલે કે ગરમ પણ સારૂં લાગતું નથી. તેમજ ઠંડુ પણ સારૂં લાગતું નથી. મુળે માનવ સ્વભાવ તેનાં પૂર્વના લેણ દેણ ને સંસ્કાર ઉપરથી ઘડાય ને ફીટ થયેલા હોય છે, એટલે પામર માનવિઓમાં શું કરી શકે.

રસીકલાલની પાછલી જીંદગી ડામાડોળ થઇ ગઇ, અગર ઈરાદા પૂર્વક કરી નાખવામાં આવિ. તેતો માંયલો ભીતર જ જાણે. પરંતુ જે કાંઇ થયુ છે તે અજુગતુ થયુ. કહેવાઇ દિકરાવો કુટુંબીઓનો સાથ છુટી ગયો, અગર કહો કે ઈરાદા પૂર્વક સાથ છોડવવાનું કારસ્તાન ઘડી કાઢયું. હવે રસીકલાલની નજર ફકત પોતાની એકની એક દિકરી ઉપર મંડાયેલી હતિ. **''આશા અમર છે''**, ડુબતો માણસ તરણુ પકડે તેમ રસીકલાલ પણ દિકરીને સહારે ભરાય પડયા. થોડો ટાઈમ તો બધું સમુ સુતરૂ ચાલ્યું, પરંતુ રસીકલાલની મૂળી માલ મીલકત માયા બધુજ મીઠુ બોલી બોલીને દિકરીયે કબજે કરી લીધું. પછી રસીકલાલ ને શુળ ભરાવવાનું ચાલુ કર્યુ, બાપુજી વહેલા સુઈજાવ મોળા ઉઠો, તમો વહેલા ઉઠો છો તેથી બાપુજી ઘરનાં દરેકની તમારા અવાજ થી નિદંર બગડે છે. માટે મોડા ઉઠો, ઉઠચા પછી તમો ને તરતજ બાથરૂમ માં પડચા રહેવાની આદત છે. તો તમારે ક્યાં મોળું થાય છે. આ લોકોને પહેલાં પરવારી લેવા દયો.

© RATILAL JOGIA

તેવોને કામે જાવનું હોય વહેવાર સાચવવા બહાર જાવું હોય, તે લોકો પરવારી લ્યે, તે પછી એઈને તમો તમ તમારે ખુબજ સાબૂ ઘસો પાણી બગાડો તેમાં મને જરાય વાંધો નથી, શું સમજ્યા? પછી તો જમવાનું પણ વહેલા મોડું થતું ચાલ્યું, રાત્રે વધ્યું ઘટ્યું મલવા લાગ્યું. આ બધું રસીકલાલ મુંગે મોઢે જોઈ જોઈને અંદર થી ભળકે બળવા લાગ્યા. જ્યારે ત્રાસ હદ બહાર નો થયો ત્યારે એક દિવસ રસીકલાલે સંભડાવ્યું કે દિકરી બેટા આ અન્યાય છે. મે તને ન્યાય નીતીની શીખ આપેલી તે કેમ ભૂલી ગઈ છો. શું તને પરમ કૃપાળુ પ્રભુજી નો ડર પણ નથી. હું આ અન્યાય ચાલવિ નહિ લવ. ત્યારે જે દિકરી જાનથી પણ પ્યારી ગણેલી તેનીયે સુણાવિ દીધું કે, બાપુજી તમારા થી તો તોબા, ચલાવિ નહિ લેવાનું હોય તો જુવો સામેજ દરવાજો ખુલો છે, ચાલ્યા જાવ, ત્યારે રસીકલાલને હાડોહાડ જનુન વ્યાપિ ગયું. તેને **''ધરતિ''** ફરતી લાગી, કાળજે કારમો ઘા લાગી ગયો. જે દિકરી માટે પોતે પોતાની જીંદગી હોડમાં મુકી હતિ, તે દીકરી ને પૂછી બેઠા કે બેટા આ આ તું બોલી છે. તારી બેટા બોલવામાં તો ભુલ નથી થતીને, ત્યારે દિકરીયે શુધ્ધ ગુજરાતી માં કહ્યું કે મારે પણ મારૂં ઘર સાચવવું કે નહી, કે પછી તમારે માટે... બસ બસ આજે હું બાજી હારી ગયાની ખાત્રી થતાં રસીકલાલ રડી પડ્યા. જેનીયે જીંદગી જીવી જાણેલ તેવો સીંહ જેવો આદમી આજે ભાંગી પડ્યો. કહોને કે ભાંગીને ભુકકો થઈ ગયો, મનમાં થયું કે ધરતી મારગ આપે તો સમાય જાવ. શું કરૂં ? કયાં જાવ ? લાચાર માણસ, પામર જીવ તરછોડાયેલો આદમી કરી કરીને શું કરી શકે? માણસ સામાજીક પ્રાણી છે, સમુહમાં રહી શકે છે, એકલો અટુલો માણસ રહી શકતો નથી ને કકળતે કાળજે થી વરાડ રૂપિ શબ્દો સર ીપડ્યા....

**તુલસી હાઇ ગરીબ કી, કબુન ખાલી જાય,**
**મુવે ઢોર કે ચર્મશે, લોહા ભસ્મ હો જાય.**

RATILAL TOGIA ©

ગરીબ માણસની હાઈ હૈયા વરાડ લાગે છે તેવું નથી. દરેક માણસની હાઈ લાગે છે. પરમ કૃપાળુ પરમાત્માએ દરેક માણસને દિલ એક સરખુંજ આપ્યું છે.ભલે દિમાગ અલગ અલગ હસે પરંતુ દિલતો દરેકને એકજ સરખાં જ પરમ કૃપાળુ પરમાત્માએ આપેલાંજ છે, માટે દરેક ઈન્સાન ને ''પસીનો એકજ રંગનો નિકળે છે, એટલે દિલથી સરી પળેલા કે નિકળેલા શબ્દા ખાલી જશે નહી. તેમ માનીને રસીકલાલે પછેડી પ્રમાણે **''સોળ''** તાણી લિધી.

**ઘરમાં જેનું માન ન હોય તે............ શ્રીમાન**
**ઘરમાં જેની મતિ મારી ગઈ હોય તે ....શ્રી મતિ**

યુનકો યાદ કરો

**મેઘ- મોતિ ને માનવી**

**ગર્ભ-ગધેડો ને વહાણ**
**વહુ-વછેરો ને દિકરો**
**આ નવે નવના નિવડે વખાણ**

**૧. જો મધુર મીઠી વાણી જીભાન હોય અગર તો, અમૃતની શી જરૂર.**
**૨. જો ક્રોધ હોય તો, શત્રુ ની શી જરૂર.**
**૩. અગર જો પવિત્ર મન હોય આપણું તો, તપ કરવાની શીજરૂર.**
**૪. જો ચાડી ચુગલી કરતા હોય તો, પાપની શી જરૂર.**
**૫. જો લોભ હોય તો, અવગુણની શી જરૂર.**
**૬. અગર જો દુર્જન હોઈએ આપણે તો, જહેર ની શું જરૂર.**
**૭. જો મિત્ર હોય જ્ઞાની તો, દવાની શી જરૂર.**
**૮. જેની પાસે કોઈ ન હોઈ, તેની પાસે વાળ અને વાઈ ડાઈ તો હોય જ.**

જીંદગીની સફર આ કેવી સફર લેણ દેણ ના સબંધ પૂરા થતા પોતાનાં માંણેલા માણસો દુર ધકેલાઈ જાઈ. જેને કશુલગતું વળગતું ન હોય તે જજીક આવી જાઈ. પ્રેમ અને લાગણી બતાવી તરબોળ બનાવી દયે. એટલે જ કહેવાયું હશે કે, ઓવાર નાં લાકળા છીયે. પૂર આવવાથી તણાય જાશું ને છુટા પડીજાશું, વાહ મારા પ્રભુજી અજબ સંસાર બનાવીને ચાર ચાંદ લગાવી દિધા તમે તો, હે નાથ આ સુંદર સૃષ્ટીનું સર્જન કર્યા નો આટલો ભાસ થાય છે, તો તો તમો કેટલા સુંદર હશો મારા શ્યામ કોટી કોટી વંદન હજો આપ ને. એજ અસ્તુ.

© RATILAL JOGIA

નોંધ : આ લેખ લખતા લખાય ગયો છે, જેમ કે એક પત્થરનો ટુકળો શીલ્પીને મળે તેમાંથી મુર્તી કંડારે, મુર્તી આબેહુબ પ્રસંન્ન મુખાર્વિંદથી દેદીપ્યમાન રૂપ ધરે, ત્યારે શીલ્પી પોતે તે મુર્તી ને દંડવત પ્રણમ કરી ભાવ પ્રગટ કરે છે. તેમ આ લેખને લખાય ગયા પછી લેખક વંદન કરે છે. જ્ઞાતિ વાચક વર્ગને સમજાઈ જાશે એજ.

દ્વારકાધીશ કી જય.

# ૩૭ અલપ - ઝલપ

### *આવા ગમન*

ધમાલીયો ધોકો ધમધમ થાઇ, પાછુ વાળીને જુવે તેનું ટકલુ રંગાઇ. ધોકો ધમધમ થાઇ, સાંજપડે ત્યારે દિવાળી ચાલી જાઇ, રાત્રે એટમ બોમ્બની તળાફળી થાય, સાવરે નવલું પ્રભાત નિકળતાં નવલું વર્ષની શરૂઆત થાય. મુર્ખાની વ્યાખ્યા બતાવો, કરોડપતિ સામે રોડપતિ કારણ વગર જગડો કર્યા પછી પણ પસ્તાય નહિ. રોડપતિની સામે કરોડપતી લાચાર બનીને કરોડો હોમી દયે, છતાં આશાનું કીરણ ઘણું જ દુર છે તેમ ભાસ થાય, આને મુર્ખા નહિ તો બીજુ શું કહેવાય. એલા તેલની શીશી આડી પડી ગઇ લાગે છે,માંય થી તેલ ઢોળાય જાહે શીશી સરખી કર જોંવ એ---ને--- તેલ ઢોળાય તેમ નથી, કારણ કારણ કે બોટલને માથે બુશ લગાડી દીધું છે. ફીકર કરોમાં રામ રામ કરો રામ રામ, એક પડોશીયે બીજા પડોશીને ત્રણ ચાર લાકડીનાં ફળાકા મારી લીધાં ત્યારે માર ખાનાર પડોશી યે પૂછ્યુ કે શું તમારે અમારી સાથે, જગડો કરવો છે, ત્યારે પેલા પડોશીયે કહ્યું કે નારેના આતો રીહરસલ કરીયે છીયે, ત્યારે માર ખાનાર પાડોશી બોલ્યો કે તો બરાબર છે, મને એમ કે તમો જગડો કરવાનો ઈરાદો ધરાવો છે, ત્યારે પેલાયે કહ્યું કે નારેનાં આતો દિવાળી છેને એટલે, ત્યારે બીજાએ કહ્યું કે તો વાંધો નહી ધી ૧ એન્ડ દિવાળી આવી ને ગઇ લાભ પાંચમે વેપારી લોકોએ બીજનેશ ચાલુ કયાં મુહર્ત ના કાંટાં (વજન કરવામાં) મંડાણાને પહેલો વજન કરતા કરતા પળકારો કર્યો. **''લાભ ધણીને** હવે આમા ધણી કોને સમજવો છતાં, લાભ પાચમે લાભ ન થાય તો **''દેવ દેવાળી''** ક્યાં દુર છે. દેવો પણ દેવ દિવાળી મનાવતા હશે, ને ફટાકડા ફોડીને લાભ ખાટવાની કોશીસ કરતા હશે ને તમો માનસો દેવ દિવાળીયે ખરેખર કોક ને કોકને લાભ થયો જ હશે કારણ કે,. ''ઈશ્વર ને ઘરે દેર છે, પણ અંધેર નથી ''

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

## *છાસભી કભી દહિંથા*

''કોઈ કવિયે કહ્યું છે કે ભગવાન ઉપર સંપુર્ણ ભરોસો રાખો, પરંતુ આપણા ઘરનો દરવાજો તો ખુલ્લો કદાપી ન રાખો. એક ભાઈને તેના મિત્રએ પુછયું કે અરે ઓ ''અખરોટ તે આ ઘોડું ક્યાંથી લીધું, ત્યારે અખરોટે જવાબ આપ્યો કે અરે ઠળીયા'' આ કાંઈ ચોરીનો માલ નથી મારી મહેનતની કમાણી છે મહેનતની. ત્યારે ઠળીયા ભાઈએ કહ્યું કે, મેં તો તને ક્યારેય કામ કરતાંજોયો નથી, છતાં આ **''ઘોડું''** કયાંથી ઉપાડી લાવ્યો, ત્યારે અખરોટે ખુલાસો કર્યો કે, બે દિવસ પહેલા હું નદીયે નહાવા ગયેલો, હજુ હું વિચાર કરતો ઉભો હતો કે નહાવું કે નહિ, તેની અવઢવમાં હતો ત્યાં ઘોડા ઉપર સવાર થઈને એક કપલ આવ્યું આવતાની સાથે જ પાણીમાં ધુબાકો માર્યો અલબત કપડા ઉતારીને હું નદીનાં કાંઠે ઉભો ઉભો જોતો જ રહ્યો મનોમન વિચાર કરતો રહ્યો કે કાશ હું પણ આમ કરી શક્યો હોત તો, ત્યાં પેલા કપલ નો અવાજ આવ્યો બંનેએક બીજાને ભીડાઈને તરતાં તરતાં બોલ્યા કે અરે ઓ મુરખ આદમી તું અમારી આ તકનો લાભ લઈને કયાંક અમારા કપડા ઉપાડીને ભાગી તો નહિ જાઈને ત્યારે મને મગજ માં જબકારો થયો બનેનાં કપડા મે ઉપાડી ને પાણીમાં પધરાવ્યા ને પછી આ તેનું ઘોડું લઈને ચાલી નીકળ્યો, ત્યારે પેલું કપલ રાડા રાડી કરવા લાગ્યું પરંતુ તેના કપડા નદીમાં પધરાવીને પલાડી નાખેલા એટલે તેવો બહાર આવી શકે તેમ હતા નહી, ત્યારે ઠડીયાએ શાબાશી આપી કે જરૂર તે બુધ્ધીનું કામકરી બુધ્ધી વાપરી કારણકે તું કપડાને શું કરતે ઘોડું તને કામ આવશે ત્યારે અખરોટે કપાડ કુટયું, કે મારો બાપ લાકળી લઈને મને મારવા દોળ્યા કે મુરખા કપળા લીધા હોત તો મને ને તારી નવિમાં ને પહેરવા કામ આવત આ ઘોડું શું કામ આવશે. ત્યારે મે જવાબ આપ્યો કે આ ઘોડું મને ચડાવા કામ આવશે, ત્યારે મારા બાપાએ કપાળ કુટયું કે તને કામ આવડે મને તો નહિને અને હું બાપાને મેલ પડતો ને ત્યાંથી ભાગી નીકળ્યો બોલ ઠળીયા હવે તારે કાંઈ કેવું છે ? હા અખરોટ તારા જેટલા વખાણ કરૂં એટલા ઓછા છે

**''અજગર કરે નહી ચાકરી**
**પક્ષી કરે નહિ કામ**
**દાસ કબીરા યું કહે સબકો દાતા રામ''**

અંગ્રજી માં કહેવત છે કે **ધેર ઈઝ નો ફ્રી લંચ.** તમો મફતલાલ બનીને કાંઈપણ મફતનું જમો તેની કીંમત ચુકવવીજ પડે છે, જીંદગીમાં કશુજ મફ્ત મલતું નથી. દરેક કર્મ કે અપકર્મ ની કિંમત માનવીયે વહેલી મોડી ચુકવીજ પડે છે. દ્વારકા ધીસ કી જે

© RATILAL JOGIA

## એઈને ઈતો જવાની એટલે જવાની

દિવાળી ધોકો પછી નવલું વરસ નવલી પ્રભાત સુરજ ઉગે છે, તેમજ ઉગે છે, જીવતા જીવને નવાજુનું નો ભાસ થાય છે, જોતજોતામાં એક વરસ પસાર થઈ ગયું તે જીંદગીમાંથી ઓછું થયું કે જીંદગીના વહિ ગયેલા વરસોના ઉમેરો થયો કે પછી હતા ત્યાનાં ત્યાં શું આમજ જીંદગી ની સફર પુરી થશે ઘેર-ઘેર શ્રી કૃષ્ણાને રાધાજી જન્મ લીયે છે.

કહેવાઈ છે કે નવિ જીંદગી તે ઈશ્વરનો અંશ લઈને પધારે છે. પરંતુ બાળક ઘુઘરો પકડતા શીખે પોતાના હાથમાં અગર તો દુધની બોટલની નીપલ મોઢામાં પકડતાં શીખે અને બાળકને કહેવામાં આવે કે આ ઘુઘરો મારા પપલુ નો છે આ નિપલ મારા પપલીની છે. ત્યારથી પપલુ ને મારા તમારાનો ભાસ થાય છે, પછી આપણે કહિયે કે પપલુ બેટા મને ઘુઘરો આપીશ એટલે તરત જ પપલુ કહેશે, નહિ આપૂ તે ઘુઘલો માલો સે. ખલાસ ત્યારથી ઈશ્વરીય અંશની બાદબાકી થતિ રહેને માણસ નામથી તે બાલક ઓળખીતો થાય.

જીંદગીના સાઈઠ વરસ પસાર થઈ જાઈ ત્યારે, પચાસમે વરસે તેને વિચાર આવે કે ચાર પાંચ મીનીટ મંદિરે જયાવું, તે પાંચ મીનીટ મંદિરે જાવા માટે પચાસ વરસ જીંદગીનાં વિતી જાય તે કેવું ? શું જીંદગીની કીંમત આટલી જ છે ? વર્ષો પછી પણ એમજ થાય કે હજુ વધુ જીવ્યા હોય તો સારૂં થતા. કેટલું જીવ્યા તે મહત્વનું નથી, કેવું જીવ્યાતે મહત્વનું હોવું જોઈએ, દરેક માણસને, ક્યાંકને ક્યાંક, ક્યારેક ન ક્યારેક હળવા પાગલ પણાનો દોરો પડતો હોય છે, દાખલા તરીકે માનવ જીંદગી જે બાજુ ઢળતિ રહે તે બાજુ ઢળતિજ જાશે, વેપારી નોકરીયાત સાહેબ બીલ્ડર સાધુસંતો સર્વેને બસ એકજ ધુનક લાગેલી હોય છે કે તે પોતાની પ્રવૃતિમાં ખુબજ રહ્યો પચ્યો રહેને આગળ વધે, તે પાગલ પણું કોઈપણએક રસ્તે જીંદગીની ગાડી દોડાવ્યે રાખશે, જ્યારે સમજાય છે, ત્યારેખુબજ મોળુ થઈ ગયુ હોય છે સમય સરી ગયો હોય છે, છતાં સમજાય છે તે સારી વાત લેખાય છે. જાગ્યાત્યારથી સવાર બીજુ શું ને આમ નવલું વર્ષ બેસતાં જ દરેક માનવી એક બીજાને ભેટીને ઉમંગથી સાલમુબારક કરતા રહેશે. અલબત મુખવટો પહેરીને, મુખવટાની અંદરતો માનવી વિચારતો હશે કે ગયા વરસે તેં બાકી નથી રાખી મારા ઉપર વિતાડવામાં, માટે આ વરસે તારી વાત છે,આમ બદલાની ભાવના છુપાવિને હસતે મોઢે અભીનંદનની આપલે કરતા કરતા કહિયે છીયે કે બે ઘર પતાવ્યા છે. હજી બીજા ચાર ઘર પતાવવા ના બાકી છે. માટે ઉતાવળ માં છીયે ફરી મલસુ, એમ કહિને છુટા પડતા પડતા પાછુવળીને, બદલાની ભાવના પ્રગટ ન થઈ જાઈ તેની ખાત્રી કરી લઈયે છીયે, શું આને જીંદગી કહિશું ?

જીંદગી જીવવા માટે છે, એવા વિરલાકોક, જે જીવી જાય છે. બાકી તો અમુક હદનાં અંતરેની ત્રીજીયામાંજ જીંદગીના વર્ષ સમાપ્ત થાયછે, છતા એક બીજાને, નવલા વર્ષના સાલમુબારક કહયા વગર રહેવાતું નથી. વર્ષને છેવાળે, કાંઈ ન વધેતો કોઈ નહિ, પરંતુ ઉમર માં એક વર્ષનો ઉમેરો થતાં ઉમર તો વધેજ છે. જેવી રીતે **નાખુન ને વાળ વધતા જ રહે છે**, જીંદગી

© RATILAL JOGIA

પર્યંત તેમાં છતાં ખરા દિલની માફા માફી કરવાવાળા ખેલદિલને નિખાલસ માનવને ખરાદિલના સાલમુબારક કહિ  દઈયે. ગયા વર્ષનું બધુ ભુલી જાયે ને નવા વરસમાં તેનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખીયે. આવતા વર્ષને વધાવીયે જેથી કરી આવેલો સમય હાથથી વહયો નહી જાતા આપણો પોતાનો બની રહે. સુખી થઈએ ને અલબત બીજાને સુખી કરીયે તેવી ઉચ્ચ ભાવનાથી નવલા વર્ષ ની શરૂઆત થાય ને ભાઈબીજ ને દિવસે ભલે, ગોકુળ મથુરા ન પહોચાય તો ઘરના ગોરાનુ ગંગાજળ જમનાજી માનીને આચમન કરીને પવિત્ર થઈયે દેહ સુધી ને મન શુધ્ધી થતાં દિવસો સારા જાશે તેમાં બે મત નથી, કહેવાઈ છે કે **''ગંગા સ્નાને-યમુનાપાને -નર્મદાનામે- તાપી દર્શને''**, એમ મનમેહો ચંગા તો કાથરોટમે ગંગા શ્રધ્ધાનુ બળ અટુટ હોય છે, શ્રધ્ધા ફળે છે, છતા જીવતા જીવને, રૂટીન મુજબ જીવવાનુ શીખવું પડે છે, પરંતુ બીજાને સુધારવા કરતા આપણે સુધરીશુંતો આવડા આટલા માણસોમાં એક માણસ સુધર્યો એમ કહેવાશે, પછી તેનાં તેજ લીસોટા બીજાને જરૂરથી સુધારશે તેમાં બે મત નથી, ઠીક ત્યારે બીજા ઘર પતાવવા માટે ઉતાવળ છે માટે સૌને સાલમુબારક યાને  નુતન વર્ષાભીનંદન,

નોંધ :- બીજાના ઘેરે સાલ મુબારક કરવા જાવું છે, તેમ  કહેવાને બદલે પતાવવા જાવું છે તે શું યોગ્ય છે, છતાં રૂટીન મુજબ આમજ બોલાય છે, **૧.**ગંગાજીમાં સ્નાન કરવાથી **૨.** યમુનાજી નું ચરણામૃતનું પાનકરવાથી **૩.** નર્મદાજી નું સ્મરણ કરવાથી **૪.** તાપીજી(નદી) નું દર્શન કરવાથી આ ચારેય નું પૂણર્ય સરખુ લેખાય છે, એમ ક્યાંક વાંચેલું છે, દ્વારકા ધીશ કી જે.

## *ને માતાજી શાંત થઈ ગયા*

રમલુભા તું મને દાતાણવારાની દિકરી કે છે તે મને હારૂ નથ લાગતું. હું માતાજી ની ભુઈમા છું, તારે મારી ઈજ્જત કરવી જોવે. હા ભાભી હા. ઈ. સંધીય મુને ખબર સે પણ તું મારી ભાભી ગુડાઈ સે એટલે  તે નાતે તું જેવી છે તેવી કંવુ છું તેમા મે ખોટું શું કીધુસે. રમલુભા તને ખબરસે તારા ભાઈ મંદિર ને નાકે બઠો બેઠો તેજાનાનો વેપાર કરે છે (તેજાના એટલે જાયફળ તજલવિંગ એલાચી વિ. વિ.)એટલે એમ કે અમો ઉંચ વર્ણના લોક છૈયે અને તું આમ અમોને હલકા લોગોની ઉપમાં આપે છે, તે મને જરાય ગમતુ નથી. ઠીક છે, ભાભી હવે તને દાતણવારાની દિકરી નહિ કહું બસ. પરંતુ શરત એટલી કે તારે ધુણવું નહિ, રમલુભા તું મને સમજતો કેમ નથી, ધુણવું તે મારા હાથની વાત નથી. મારા માથે માતાજી નો હાથ છે તે મને પંડમા આવે છે તે હજરા હજુર છે માટે તું આડા અવળી વાત કરશે ને તો તે તને ફોલી કાઢશે સમજાયો તું, માટે માતાજી ની અવગ્યા કરતો નહિ, સમજ્યો રમલુભા કે નહિ. એ હા હવે તારાથી થાય તે કરી લેજે હું કાંઈ આવી વાત માનતો નથી. થોડા દિવસ પછી રમલુભા ગામના ચોરે થી (ચોરે એટલે ઠાકર મંદિર જે દરેક ગામમાં ગામની મધ્યમાં હોય છેતે) પસાર થયા ત્યાં બાજુની શેરીમાં ડાકલા વાગતા સંભળાયા અનાયાસે રમલુભાના પગ શેરી તરફ વળી ગયા.

© RATILAL JOGIA

ડબાંગ..ડબાંગ..ડબ..ડબાંગ..ડબાંગ..ડબ ડાકલાની રમજટને ધુપ ધુવાળાના ગોટે ગોટાની વચ્ચે પેલી ભુઈમાં ધુણતી હતિ. તેને લોકો પગે લાગીને આશર્વાદ મેળવવા પડાપડી કરતા હતા. જે પગે લાગે તેને વધાવોઆપે, (વધાવો એટલે જુવારનાં દાણાં) ને કહે કે, આ વધાવો પાણી સાથે ઓગાળી જાહો સૌ સારા વાના થાહે. માતાજી દયા કરો આને સારૂ રેતુ નથ, દયા કરો દયા કરો માતાજી અમો તમારે ચરણે આવ્યા છીએ, રહેમ ભરી દ્રષ્ટી કરો. ત્યારે માતાજી ધુણતાં ધુણતા લ્યો આ વધાવો સાર સૈંજા ટાણે ત્રણ રસ્તાની વચોવચ ઉભારહીને આ દાણા છાંટી દેજો પાણીનો કળશીયો વચ્ચે ઠાલવી દેજો, વળતા વળો ત્યારે પાછુ વાળીને જોવાનું નહિ સંધુય સારૂ થાહે. ત્યાં રમલુભાનીને માતાજી ની નજરૂ ટકરાઇ, રમલુભાથી કુદરતિ જ હાથ જોડાય ગયા ને માતાજીને, નમન પ્રાણામ કરી લીધું. માતાજી યે હાથના ઈશારાથી રમલુભાને પોતાની બાજુ બોલાવ્યા, માતાજીને બધા ભકતો પગે લાગતા હતા એટલે શીસ્ટાચાર મુજબ પણ રમલુભા પગે લાગ્યા એટલે માતાજી યે હુંકાર કર્યો, હટ પાપી તું સમજે છે શું તારા મનમાં તે તારી જીંદગીમાં કાંઇ કરતા કાંઇ કર્યુ છે. તી વળી આજે મોટો ભા થઇને માંને પગે લાગવા આવ્યો. ત્યારે રમલુભાયે પોતાની ઘરવાડીને તથા પોતાના છોકરાને પણ ભાળ્યા આંખથી આંખ મલી એટલે પટાક દેતાંકને રમુલભાયે પોતાના મનીયા દિકરાસામુ જોય ને આંગળી ચીંધી ને માતાજી ને કહ્યું કે મેં, મારી જીંદગીમાં ભલે, બીજુ કાંઇ ન કર્યુ હોય તો તે તો સમજ્યા, પરંતુ આ મન્યાને તમારી સામે ઉભેલો જુવો છે ને તે શું પૂરાવો પરૂતો નથી તે શું ઓછું છે. મનીયો આ વાત સાંભળી ને શરમાયને ચાલ્યો ગયો, મનીયાનીમાં શરમથી માથુ જુકાવી ગઇ અને અને, ''માતાજી ધુણતા હતા તે એકદમ શાંત થઇ ગયા ધી એન્ડ શાંતજીવ શરદ નવલા વરસનું નજરાણું'' દ્વારકાધીશ કી જે.

RATILAL JOGIA ©

## તળતળીયા દિવાળીનાં તીકળમ બાજીના

આવો આવો બીજે ક્યાંય છેતરાવા ન જાતા. અહિ જ પધારો. દિવાળી પર્વની મીઠાઇ તેમજ નમકીન અવ્યાજબી ભાવે ખરીદો. ગઈ દિવાળીની પડેલી ગરમાગરમ બાસુંદી તથા ટાઢી બોળ કઢી સાથે મીઠા વગરનાં ગાંઠીયા તથા ગુંચવાઈ ગયેલી જલેબી. જલદીજ ખરીદીને દિવાળીની અમોજ જલાવો ને જલદિજ કોઇ ડોકટરને બોલાવો. તબીયત ન બગડે તેની ગેરંટીવાળા ફુલ ગુલાબ જાંબુ તથા રસવગરનાં રસગુલાબ સાથે સાથે રંગીન નારંગીનો વાસી જ્યુસ પીયો ને પીવડાવો, સાથે ન ફુટે તેવા બંદુકયા ને ટ્રોટ્રી ફ્રી મલવાની ગરેન્ટી નહિ.

આ દિવાળી પર્વમાં દરેક વડીલની મશ્કરી કરીને અબોલા વધારવાવાળાને ખાસભેટ કે તેવોએકલા અટુલા ન રહેતા તેની ટોળી જમાવીને જગડ્યા કરે, તેને કાતર ને બ્લેડ ડબલ કીંમતે આપીશું, ઠીક ત્યારે આ દિવાળીનો અસાલ મુબારક નહી સમજવાનાં નવું વરસ પણ તમારા ગયા વરસ જેવું જ અસફળ રહે તેમ કોઇ ન ઇચ્છે તો સારૂં માનવું.

*ને હાલી નીકળ્યો હરદ્વાર*

આમતો તેમનું નામ મુકુંદભાઇ, પરંતુ તે પોતે વાતવાતમાં મુળે તો મુળેતો એટલે કે મુળેવાત એમ છે, મુળે વાત તેમ છે, મુળે મે કીધું, મુળે તે મને નહિ, વિ. વિ. વાતવાતમાં મુળે, મુળે, કહયા કરે એટલે મુકુંદભાઇમાંથી મુળે નામ તેવોનુ થઇ ગયુ. હવે જાણ્યા અજાણ્યા બધા તેને મુળો અગર મુળેના હુલામણા નામથી જાણી ગયા. તેજ નામથી બધા જાણે , મુળનામ મુકુંદ તો ભુલી જવાયુ.

આ મુળેના લગ્ન થયા, તે કોલેજ કરીને બાજુના શહેરમાં પ્રાયવેટ કંપનીમાં સર્વિસમાં જોઇન્ટ થયોને કામે લાગી ગયો. ત્યાં તેનું સર્કલ ભાયબંધોનુ પણ બનીગયુ. એક જ રૂમમાં ચાર ચાર જણા રહે, તેવિ રૂમો કંપની તરફથી આપેલી પરંતુ લગ્ન થયા પછી બૈરાને અહિ, લયાવિને રાખવિ કયાં. મુળે વિચારે ચડી ગયો લગ્નમાં માંડ પંદર દિવસની છુટી મળેલી, ને પંદર દિવસ જાતા શુંવાર લાગે. જોત જોતામાં સમય પસાર થઇ ગયો. મુકુંદે વિચાર કર્યો કે બૈરાને સાથે લઇ જાઇસ તો રાખીશું કયાં ? વળી ભાઇબંધોનું સર્કલ પણ, ટુટી જાશે અગર વધી જાશે, ભાભી ભાભી કરતા ઘણાં જાણ્યા અજાણ્યા મલવા આવશે, વળી નવિ નવેલી, પરણેતર છે, માટે એકલી રાખવિ, રૂમ ઉપર તે પણ યોગ્યતો નથી જ. આમ વિચાર કરીને ''બા'' બાપૂજી ને કહયું કે તમો સાથે આવો તો આપણે હવે સૌ સાથે રહિયે.

આમ વાત કરીને વાત કરતાં કરતાં મુળેનુ જાણે રદય ભરાય ગયું હોય તેવિ લાગણી બતાવિ ગદગદીત થઇ ગયો. સાથે સાથે બા બાપુજી પણ લાગણીમાં તરબોળ થઇ ગયા. નવિ નવેલી પરણેતરની પણ આંખ ભીની થઇ ગઇ, મુકુંદભાઇએ એક કાંકરે બે નહિ ત્રાણ ત્રાણ પક્ષીઓનો શીકાર કરી નાખ્યો. મા-બાપ ગામ છોડવાના હતા નહિ તેની તેને ખાત્રી હતિ નવિ નવિ પરણેતરને સાથે લઇ જાવુ ન હતુ. એટલે પોતે રોદણા રોઇ રોઇને જણાવ્યું કે તમો અહિં રહો હું અવારનવાર આવતો રહિશ ખર્ચા પાણીની ચિંતા કરશો નહિ, એમ કહિ માં બાપને પગે લાગ્યો, ત્યારે માં એ કહયું દિકરા અત્યાર લગીતો તું એકલો હતો હવે આ તારી વહુ પણ છે, તો જેટલુ બને તેટલુ વેલાસર ઘર તથા ઘરવાળીને યાદ કરજે. જો બની શકે તો દર શનિવાર-રવિવારની રજામાં આવજે જ. મુકુંદ મનમાં વિચાર કરતો હતો કે શનિ-રવિ તો મીત્રો સાથે જ મજા કરૂં છું પછી અહિ કેમ આવું છતા પોતાના મનની વાત જણાવવા દીધી નહિ.

મનની વાત મનમાંજ રાખીને પોતાની નવિનવેલી પરણેતર ને ભલામણ કરીને મુળે બસમાં ગોઠવાઇ ગયો, નેબસ ઉપડી, વહેલું આવે શહેર. પોતાના મુકામે પંહોચીને કાયમના રૂટીન પ્રમાણે કામે ચડી ગયો. સમય પસાર થતો રહયો. અલપ ઝલપ કયારેક કયારેક ગામળે ચકર લગાવતો રહે. પાતોના મા-બાપને ને બૈરાને રૂળુ મનાવિયાવે. આમ સમય પસાર થતો રહયો મુળે બે બાળકોનો પિતા બની ચુકયો. મુળેના બાપુજી હરીચરણ થયા, થોડા વખત પછી મુળેની માં પણ બાપુજીને મળવા માટે સ્વર્ગે શીધાવિ ગયા. હવે મુળેનાં બાળકો જુવાન થવા માં છે. પોતાની ઘરવાડીનાં માથાના વાળનો કલર ચેંજ કરતા કરતાં રૂપેરી થવા લાગ્યા. મુળે પણ

© RATILAL JOGIA

હવે ખખડવા લાગ્યો હતો કારણકે જીંદગીનાં આટલા વર્ષોમાં ઘર શું કહેવાઈ તેનો લહાવો મુળેએ લીધો હતો નહી. પરંતુ કયારેય વિચાર શુધ્ધા કર્યો નહીકે હવે તો બૈરા છોકરાંવને તેડાવુ, બસ મનમાં એકજ ધુન ચાલતી હતી કે મીત્રો સાથે સાથે એકલા રહેવું ને મજા કરવી.

આમ સમય સરી ગયો, પછી તો કંપની તરફથી નોટીસ મલી કે હવે તમારી કંપનીના વર્ષો પુરા થયા છે મહીના પછી અગર તો તમો ધારો ત્યારે છ મહીનામાં કયારેય પણ છુટા થઈ શકો છો. કંપની સાથે તમોએ વફાદારી પૂર્વક કામ કરીને રહયા તે બદલ તમોને કંપની કદર રૂપે આ શર્ટીફીકેટ આપે છે. ત્યારે ત્યારે મુળાને મગજમાં લાઈટ થઈ કે, આ શર્ટી ફીકેટથી પેટ ભરાવવાનું નથી. પરંતુ હવે ખુબ જ મોડુ થઈ ગયું હતુ. સમય સરી ગયો હતો. પરંતુ હવે શું થાય, મુળે વિચારે ચડી ગયો, પોતાનો ભુતકાળ રૂપિ પીકચર નજર સામેથી પસાર થતું રહયું, ને મુળેનું દિલ ભરાય આવ્યું. ટાઈમ આવતા કંપનીમાંથી **વિદાય સમારંભનો સુપ પીને વિદાય લીધી,** હાથમાં ફકત સારા માણસ, સારા વર્કર, સારી વર્તુણક, વિ.વિ. ના વખાણ ભર્યું શર્ટીફીકેટ લઈને મુળે તેને ગામ આવ્યો.

જુવાન થવા આવેલો પોતાનો એકનો એક દિકરો તથા દિકરીનો અભ્યાસ પૂરો થવામાં હતો. ઘરમાં ''બા'' નું ખુબ જ મા ન હતુ. બાપુજી મુળે ખુણામાં પડેલી ખુરશી ઉપર બેઠા બેઠા છાપુ  પેપર વાંચતા હોય છતા તેની (મુળેની) નોંધ કોઈ લ્યે નહિ. સવારે ને સાંજે, બા બા બા જ બોલાતુ હોય, બા પણ હડીકાઢી કાઢીને છોકરાંવની જરૂરીયાત પુરી કરવામાં વધુ ધ્યાન આપતિ હોય, ત્યારે મુળેને ખુબ જ ઓછુ આવિ ગયું કે હું મારે ઘેર છું કે પછી બીજાને ઘરે આવિ લાગ્યો છુ. પત્ની મોગરી આમતો તેનું અસલ નામ મનોરમાં હતુ. પરંતુ હુલામણુ નામ મનોરમાં માંથી, મુળાની મોગરી થઈ ગયું. તેમ હવે સૌ કોઈ મોગરીબહેન કે મોગરીકાકી કહિને બોલાવતા હતાં. છતાં મોગરી સ્વભાવનાં સારા હતાં. જેથી કયારેય દુઃખ લગાડીને કોઈની સામે કટાણું મોઢુ કર્યુ હતુ નહિ, કે કોઈ સાથે જગડયા હતા નહિ. સરળને શાંત સ્વભાવનાં આવા મનોરમાંને પણ મુળે હવે મોગરી કહેતો હતો. દિકરો દિકરી કોલેજ ગયા, ત્યારે મુળે કહયું કે, મોગરી મને દુઃખ થાય છે, જાણે મારા ઘરમાં, હું  અજાણ્યો આવેલ મહેમાનની જેમ રહુ છું. તેમ મને લાગે છે, ત્યારે મોગરી યે કહયું કે બસ ચાર દિવસ માંજ થાકી ગયા, અમો એ તો તમારા વગર ચાલીસ ચાલીસ વરસ વિતાવ્યા છે. તે તમોને કયારેય યાદ આવે છે, જયારે હું જુવાન હતિ ત્યારે, મારી લાગણી સામુ કયારેય જોયું છે. હું રાતોની રાત રોય રોય તમારી યાદમાં જુરતિ રહિ છતા તમોને મે કયારેય ફરીયાદ કરી હતી. જયારે સાથે રહેવા નો ટાઈમ હતો, તેટાઈમે તમોને હું, કયારેય યાદ આવિ છું. તમારે બૈરૂ જોઈતુ હતું, બૈરૂ એ તમોને મલી ગયેલુ પત્નીની તમારે કયારેય જરૂ ન હતિ.

હવે આજે તમોને પત્ની યાદ આવે છે, તો તે મારે કયાંથી લયાવવિ. હું તમારી પત્ની નહિ બૈરૂં છુ બૈરૂ, **ને બૈરી સાથે, લાગણીવેળા નો કરાય સમજયા.** આમ કહિને મોગરી બીજા રૂમમાં ચાલી ગઈ, રાત્રે રૂમમાં એકલા મલતાં ફરી પાછુ મુળાએ મોગરીને કહયું કે મને અહિ

© RATILAL JOGIA

અકળામણ થાય છે. મોગરી ચાલ આપણે કયાંક, બીજે ચાલ્યા જાઈએ, ત્યારે મોગરી એ મૌન ધારણ કરી લીધુ. કાંઈ જવાબ આપ્યો નહિ.

બે દિવસ આમ જ પસાર થઈ ગયા. ત્રીજે દિવસે છોકરાવ પીકનીક માટે પીકનીક કરવા ઉપડી ગયા. પાપા નામનું જંતુ ઘરમાં છે તે બાબતની છોકરાંવે નોંધ પણ લીધી નહિ. મુળો ખુબ જ અંદરથી બળવા લાગ્યો. છોકરાંવ ગયા કે તુરત જ, હાંક મારી મોગરીને બોલાવિ, મોગરી આવિ કે તરત જ કહયું, મોગરી પછીતે શું વિચાર્યુ. ત્યારે મોગરીયે સામો સવાલ કર્યો, કે શેનુ વિચારવાનું મારે છે, ત્યારે મુળેએ યાદ દેવડાવ્યુ કે કેમ મે તને કહયુ હતુ ને કે ચાલ આપણે બીજે ચાલ્યા જઈએ, એટલે મોગરીયે તુરતજ જવાબ આપ્યો કે આ ઘર મારૂં છે. આ બાળકો મારા છે, હું શા માટે બીજે જાવ, તમ તમારે જાવું હોય ત્યાં ખુશીથી જઈ શકો છો. ત્યારે મુળાને સણ સણતો ડામ કોઈએ દિધો હોય તેટલુ લાગી આવ્યું. મોગરી ઓ મોગરી આ તારો ફાઈનલ જવાબ છે એટલે મોગરી એ જવાબ આપીને બોલી કે જે સમજો તે, તમોએ કયારેય તમારી બૈરીની કે બાળકોની ખેવના કરી છે. અરે તમારા મા બાપને પણ કયારેય યાદ કર્યો હતા. જે માણસ સગા માં બાપનો નથી થતો તે બીજાનો કદાપી ક્યારેય થઈ શકતો નથી. ને તે માના એક તમો છો, એટલુ યાદ રાખી લે જો. તમ તમારે તમારૂં જ ધાર્યુ કરોજ છો, માટે હવે પણ તમારૂ જ ધાર્યુ કરો . હું તે બાબતમાં તમારે આડી નહી, આવું બસ. ને મુળ મુળો ઉર્ફે મુકુંદ હચમચી ગયો. કયાં જાવ, શું કરું, કોને કહું ને અંતે, મુકુંદ ''હાલી નિકળ્યો હરદ્વાર'' ગંગા મૈયાકી જે હો જે.

## ''ત્રણનો મહિમા''

૧. વાણી, વર્તન, વસ્ત્રથી માણસ પરખાય છે માટે કાબુમાં રાખો.
૨. કામ, કદમ, કળા વાપરતા શીખો.
૩. હામ, દામ, દેખાળો બતાવો નહિ.
૪. દયા, દાન, દુશ્મન છુપાવિ રાખો.
૫. દિલ, દુઃખ, દિવસ જોયા કરો.
૬. શર્મ, શંકા, ચીંતા, છોડી દયો.
૭. બદલો, બાદશાહી, બાણગાં ફુકો નહિ.
૮. તમો હરણ, હોકે, હિપોપોટેમશ અમારે શું.

ગીતાજીનાં અભ્યાસીને ખ્યાલ હશે કે, બીજા અધ્યાયનાં છેલ્લા શ્લોકોનાં, અભ્યાસનો ખ્યાલ કરો. યાદ કરો....

**બહુ જર (જમીન), બહુ છોકરા (બાળકો), દો (બે) નારી ભરથાર**
**ઉનકો મત મારીયે, ઉનકો માર રહે કિરતાર**

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૩૮ હાઇલ હરદાસ હળી કાઇઢ

## ભાગ ૧

ભાભી ઓ ભાભી... હરદાસ છે કે ? કુંણસે ? ઈતો હું ભુરીયો. કેમ કાંઈ કામ હતુ તમારા ભાઈનું ? હા મલવું તુ. ભુરીયા, આજ તારા ભાઈની તબીયત બગડી ગઈ છે માટે હુતાશે, કેતો હોય તો જગાળું. ના ના ભાભી મારોભાઈ ભલે હુતો, હું પછી આવીસ ઠીક છે, હું આયવોતો તે તેને કાણે કેજો એ ને. ભલે હું તારાભાઈને કહિ દઈશ ફીકર કરતો નહી હોકે. આમતો હરદાસ માંદો પડતો નથી પણ શરીર છે. ચાલ્યા કરે એમ વિચાર કરતો ભુરીયો ગગજી (ગગો)ને ઘેર પોગ્યો. ગગજીને આમતો બધા ગગો જ કહે. પણ ગગો પોતાને ગગજી કોઈ કહીને બોલાવે તો ગગો ખુશ ખુશ થઈ જાઈ. કોઈ મોઢા મોઢ ગગો કહેતો ગગાનું મોઢું જાણે કડવી બદામ ખાઈ ગયો હોઈ તેવું થઈ જાઈ. ભુરીયો ગગજીને ઘેર પોગતા ગગાને શાંતીદાગોર વાતોના ફળાકા મારતા બેઠા હતા.

©
RATILAL JOGIA

ગોર બાપાએ વિવેક કર્યો આવ ભુરીયા. આવ, ક્યાંથી આવશ. આવતો હતો આ બાજુ પછી વિચાર કર્યો કે હાઈલ પેલા હરદાસ ને મલતો જાવ. પછી હરદાસ મલ્યો ? ના ન મલ્યો. ભાભી મલી કોંણ પેલી જમનાળી? હા ઈજ, તેણીયે કીધું કે હરદાસ માંદો પડી ગાયો માટે હવે આ ટાણે નૈ મલે પછી પછી શું હું શીધો જ તમારે ત્યાં આવ્યો. બેસ બેસ સારૂં કૈરુ, ભલે આવ્યો. ગોરબાપા બોલ્યા. પછી ગગાએ પૂછયું હમણા હમણાં નાથો કયાં છે નાથો દેખાતો નથી. ખબર નૈ, શેરમા ગયેલો લાગેસ, ત્યાં મનીયા ઓ મનીયા હું છે. આલે આ પૈહા લઈને દોળતો ક ને જા માવાના પડીકા લયાવ, ચ્યાંથી લાવું. અરે પેલા બચુડીયાની દુકાનેથી બીજે વળી કયાંથી લયાવું, ડોબો નહીતો આટલું પણ સમજતો નથી ને ઉપરથી પૂછે છે કે કયાંથી માવાના પડીકા લઈ આવ્યો. મનીયો રેવાલ ચાલે દોળતોકને ભાગ્યો, બચુડાકાકા ઓ બચુડાકાકા લ્યો આ પૈહા ને તેના બદલે માવાના પડીકા આલો, મારા બાપાએ કીધું શે ને માવાના પડીકા લયાવ, ને મનીયો દોળતોકને જપાટાબંધ માવાના પડીકા લઈને રેવાલ ચાલે દોળતોકને ઘેર પોગ્યો. માવાના પડીકા આપીને રમવા ઉપડી ગયો. ભેરૂબંધોની સાથે. ગોરદાએ તમાકુ મસળી થપથપાવી ને તમાકુનો ફાકળો માર્યો ને તમાકુ નો એટેક ચાલુ થતા ગોરદા હેડકીયે ચડી ગયા.

તમાકુ કડળક લાગે છે કે એમ, ભુરીયાયે ગોરદાને પૂછયું. તોજ તંબાકુ ખાવાની મજા આવે ને ! ગગાએ ટાપસી પુરી. ભુરીયો બોલ્યો, હવે હું પોગરામસે, આપરો. ગોરદા કહે તેમ કરીયે. એઈને ભલે, ગોરદા એ જવાબ આપીયો. ત્યારે ગગાએ જવાબ આપ્યો, હજી જાવાને વાર છે ને કણે તાં લગીમાં હરસાદ હાજો હારો થઈ રેસે ને નાથો પણ પોગી જાહે પછી હંધાય હારે ઉપડીયે. ને પાંચ દિવસ પછી, હરદાસ, ગણો, ભુરીયો અને નાથો ને ગોરદા ખંભે ખેસ ભેરવીને બાજુમાં આવેલ ગામડે જવા ઉપડયા.

બાજુના ગામે લગ્ન હતા ને વરઘોડામાં પોગવા માટે આ પાંચેયની મંડળી પરીયાણ કરીને લગ્નનો લહાવો લેવા લગ્નમાં જાવાનું નક્કી કરેલુ. સાંજે સૌ ભેળા મલી વાળુ પાણી કરી ને વાતુના ફળાકા મારતા બેઠા હતા. બાજુના ઓરડે વરરાજાને તૈયાર કરતા હતા. વરઘોડા માટે ઘોડી તૈયાર થઈ, સજી ધજીને આવી ગઈ હતી. ધોળી હમચી ખુંદતી હતી કારણ કે ઢોલ ને શરણાયું ના સુરો (અવાજ) તેનાં મગજ ને બંધ બેસતા નહતા. છેલ્લે વરરાજા તૈયાર થયા, ઘોડી ઉપર અસવાર થયા સાજન માજન સૌ આગળ થયું. તેની આગળ ઢોલ શરણાયવાળા પોતાની શક્તિનું પ્રમાણ દેખાડવા જોર સોરથી વધુમા વધુ ઘોંઘાટ કરવા મંડી પૈડા હતા. પછી ઘોડી ઉપર અસવાર રૂપે વરરાજા શોભામાં વધારો કરાવા કેરોસીન છાપ અતર સ્પ્રે ઠપકારીને મોઢામાં પાનનો ડુચો, મારીને ગહન વિચારમાં ખોવાય ગયા. તેવી મુખ મુદ્રા કરીને ઘોડે સ્વારી શોભાવતા બેઠા હતા. ઘોડી પાછડ બૈરાવો ગીતની રમજટ બોલાવતી બોલાવતી અગડમ બગડજમ ગીતના રાગળા તાણી અવાજ નું પ્રદુશણ વધારવા કોશીશ કરતી હતી. મોઢા ઉપર પાવડરને લિપસ્ટીક ના થથેડા, ગરમીને કારણે અગર જોર જોરથી, ગીત ગાવાથી મહેનત ને કારણે પસીનો વળવાથી મોઢા ઉપર રેગાળા ચાલુ થવાની તૈયારી મા હતા ને આમ ગામના આ છેવાળેથી સામેના પેલા છેડા સુધી વરઘોડો વગર કારણે મુસાફરી કરી રહ્યો હતો. ફટાકડાને બંધુકીયા ફોળીને પ્રદુશણ ઔર બગાડવાનો ફાળો વિના કારણ આપીને આનંદની મજા લુંટાતી હતી ત્યારે હરદાસે, શીંગલ જોટાની જામનગરી માંથી ભળાકો કરીને ઝાડ ઉપર બેઠાલાં પંખીની ઉંઘ બગાડી નાખી. નાહકની જેની કોઈ એ નોંધ લીધી નહિ ને આમ ફુલેકુ કરીને વાજતે ગાજતે ઘેર રીટર્ન થયું.

રાત અંધારી જામી હતિ. વૈશાખ માસની ગરમીથી રાત્રે પણ પસીનો વળતો હતો. ઉનાળો જાણે કહેતો હતો ન હોય કે હું હાજર છું. મને પણ જાનમાં જાનૈયા તરીકે સાથે રાખશો ને બીજે દિવસે જાન બાજુનાગામે, જવા રવાના થઈ ને ધાર્યા સમય કરતાં ઘણુંજ મોળું થયું પોંચતા. છતાં આતો વિવાના વાજા છે એમ મન મનાવીને વેવાઈને ગામમાંથી બને તેટલાઓને જાનૈયા બનાવ્યા હતા. તેવો બધા હસી મજાકમાં મસ્ત હતા. ત્યારે વરરાજા ખંભે તલવાર રાખી નીમાણાં ને બીચારા બનીને નીચી નજરે બધુ સહન કરતા હતા. મંગળ ફેરા ફરવાની ડયુટી બજાવી રહયા હતા જાણે કે પરાણે પરણવું પળતું હોઈને તેના મોઢાના હાવભાવ ઉપરથી વંચાતુ

© RATILAL JOGIA

હતુ. પરંતુ લગનતો લકળના લાડુ છે. ભઈ ખાય તે પણ પસ્તાય ને ન ખાય તે પણ પસ્તાય તેમ ગગો ને ભુરીયો વાતો કરતા કરતા ચ્હાની ચુસકી મારતા બેઠા હતા. ગોરદા લગન ની વિધીમાં પરોવાયેલા હતા. નાથો ને હરદાસ ઉંઘરેટી આંખે પરાણે હાજરી પૂરાવવા, આડે પળખે પૈડા હતા. તેને આ લગનમાં જરાય રસ હતો નહિ. રાત બીતી વાત બીતી તેમ ગોરબાપાએ લગ્ન વિધી પૂરી કરી. પછી હરદાસે ભુરીયાને પૂછયું કે હવે લગ્ન પુરા થયા સે તમારે ફરી પાછુ વરરાજાની જાન સાથે તેને ગામ જાવું છે, કે પછી આપણે આપણાં ઘેર જાવા આપણે ગામ જાઈએ. શું કરશું આપણે નીકળીયે આપણાં ઘેર જાવા માટે, ને આમ વિચાર નું સંગઠન કરીને હરદાસ, ભુરીયો ને ગારેદા પોતાને ગામ જવા રાવાના થયા. ગગજી (ગગો) ને નાથો વરરાજાની સાથે ગયા. સાંજે વાળુ ટાંણે જાન આવી પોતાને ગામ ત્યારે ગામનાં અબુધ બાળકો, જાનઆવી જાનઆવી એમ ગામમાં મોટામોટા અવાજનો ગોકીરો કરી ગામ ગજવી નાખ્યુ. ગામમાં ગોકેરો થયો એટલે વળી પાછા ઢોલ ઢબુકયા, શરણાય ના સુર લેરાયા, પોંખાણા થયા, વરવધુ કોડીયે રમ્યા. કોંણ જીત્યુ કોણ હાર્યું તે મહત્વનૂં હતુ નહિ. કોડીયે રમ્યાનો સંતોષ હતો. જાનમાંથી પાછા ફરેલા જાનીયા બધા થાકેલા હતા. તેથી કકળીને ખુબ ભુખ લાગી હતી. માટે વેલાસર જમવાનુ મલતા સૌ જમવા ઉપર ટુટી પડયા. ત્યારે વરને કન્યાએ એકજ થાળીમાં સાથે મગભાત ને લાપસી ભજીયા ઉપર ત્રાપળ દીધી. ખુબ દાબીને લાપસી ભજીયા દબાવ્યા ને હાસકારો બોલાવ્યો કે હાસ છુટયાં ને અલાયદા રૂમમાં પૂરાણાં ગીરીરાજ ધરણ કી જે.વહેલુ પડે સવાર.

સવારનું પહેલું પરોઢ થતા થતા માં મૈંડા સૌ જાગવા ને એકબીજાને ઉઠાડવા એલાવ ઉઠો ઉઠો સવાર થયું સૌ ઉઠી પ્રાત્હ કર્મ પતાવીને સૌ સૌના કામે લાગી ગયા. કોઇ પાણી સેર ડે પાણી ભરવા ચાલ્યું. કોઇ વાસીદા કરવા લાગ્યું. કોઈ એ છાણા થાપવા વાળામાં જાવા ઉપાડયા ત્યારે કોઈએ ગોરી માંડીને ગોરસ તૈયાર કરાવા ધમર વાલોણા ચાલુકર્યા. કોઇ દરણું દરવા ઘંટીએ બેઠુ રૂડા પ્રભાતિયા ગાતા ગાતા, **જેના દલળામાં દિવાન થાય. તેને ઝાંખી ક્યાંથી થાઈ ભઈ મારા ઝાંખી ક્યાંથી થાય** અને જાગને જાદવા કૃષ્ણાં ગોવળીયા તુજ વીના ધેનું ચરાવવા કુંણજાહે આવા મીરાબાઈના તથા ભકત નરસૈયાના પ્રભાતિયાને રામગીનાં રૂડા સુર રેલાવતાં રેલાવતા દળણી દળવા માટે ઘંટી તાલબધ ફરવા લાગી ત્યારે ફરી પાછું છાંડી જાને બાલુડા આ કાલી નાગનો ધરો છે. નાગ જાગસે તુને મારસે, છાંડીજાને બાળુડા નહિ જાવ. હું માતાજી મથુરાનગરીમાં જુગટે રમતા નાગનું શીશ હું હારીયો, જમુના તટે ગીલી દંડે રમતા ધરા માંહુંઆવ્યો. હવે જગાડ તારા નાગને બાલ કૃષ્ણાં એ જમુના કાંઠે કદમ વૃક્ષ ઉપર ચડી ઉંઠાધરમાં ઠેકડો મારીને કાળીનાગને છંછેડીને જગાડયો ને યુધ્ધમાં હરાવ્યો. ત્યારે કાળી નાગે પોતાના જીવ ન લેવા દયાની ભીખ ભગવાન પાસે માંગતા ભગવાને કરૂણા કરી કાળીનાગને આ ધરા છોડી જાવા જાણાવ્યું. ત્યારે તે ધરા કાયમ છોડી ગયો. પરંતુ તે ગયો ક્યાં ત્યારે આ આપણો ભારત દેશ કેવળો મોટો હશે કે છેક ફીજી આઈલેન્ડ ટાપુ ઉપર કાળીનાગનું રહેઠાણ

© RATILAL JOGIA

છે. તેમ આ લેખ ના લેખક ફીજીટાપુ આઈલેન્ડ ગયા ત્યારે ત્યાંના લોકોએ જણાવ્યું ને પર્વતની ગોદ મા પથ્થરનો નાગ હજી મૌજુદ છે અને દર વરસે આ પથ્થરનો નાગ મોટો થતો જાઈ છે. જેના ફોટા લેખક પાસે છે. જે હોય તે ખરૂ મધપૂડો છંછેડવા માં મજા નથી. હોય કે ન હોય અત્યારે કોઇને કાંઇ, ફરક પળતાં નથી. છતાં તે જમાનમાં નરસીંહ મહેતાને મીરાબાઈના પદ પ્રભાતીયાને રામગરી ઘેર ઘેર ગવાતાં. છાસ ગોરસ બનાવતા વલોણાની સાથે કે અનાજ પીસતી ઘંટી ફરતી હોય. હાથેથી તેની તાલે આવા પ્રભાતીયા ગવાતાં ઘરનાં બૈરા ઘંટી ઉપર દળયું દરવા બેશે ત્યારે જે પ્રભાતિયાની હાકલથી દરણું દળાતું તેનાં સદભાવનાની મીઠપથી બાજુના રૂમમાં આદમી લોકો સુતા હોય તેને પ્રભાતિયાની હલકથી મીઠી ને ઉડી ઉંઘનો અનુભવ થતો. મગર વો દિન અબ કહા, ગીરીરાજ ધરણ કી જે.

ભાભી ઓ ભાભી દરવાજા ની સાંકળ, ખખડાવી નવી નવી આવેલી ભાભી ઓ ભાભી બોલતા. જેનું મોઢું ભરાતું જતુ હતુ. તેવિ રૂપકળી નાનકળી નંણદી નવિ વહુની રૂમની સાંકળ ખખડાવતી ભાભીને ઉઠાળતી હતી. ત્યારે સાકળ ખખડવાનો તથા દરવાજો હલવાનો અવાજ સંભળાતા ભાઈ ભાભી સફળા બેઠા થઈ ગયા. નવિ નવોઢા શરમાયને જપાટા બંધ દરવાજો ખોલવા આગળ વધી ત્યારે જુના થયેલા વરરાજા એ પોતાની પ્રીયતમાને આંખના ઈસારા થી રોકી જાવાનું સમજાવ્યું. ત્યારે નવોઢાયે સમજાવ્યું ત્યારે નવોઢાયે કહ્યું કે સવાર થયું છે. બહારથી કોઈ સાંકળ ખખકાવે છે. માટે હવે મને રોકશો નહિ. મને શરમ આવે છે. એમ કહિ નવોઢા અંદરથી દરવાજો, ખોલવા જાતા મરદ માણસે જપાટા બંધ નવોઢાનો હાથ પકળી લીધો અને એકબીજાની નજરૂ ટકરાય બને એ આંખથી આંખ મીલાવીને સમજુતી કરી લીધી. દરેક કામનો ટાઈમ હોય છે. તે બન્ને ને સમજીને સમાધાન કરતાં દરવાજો ખોલી નાખ્યો. ત્યારે નાની નણંદ બોલી ભાભી તું બહેરી છે. ક્યારનો દરવાજો ખખડાવું છું મારો તો હાથ દુખી ગયો. ત્યારે નવોઢા મલકી ને સામેનાં ઓરડે થી ઘરમાં ચાલી ગઇ ઘરમાં ગંગામાં એ તરત સંભાળ્યું કેટલું મોળુ થઇ ગયું છે. કાંઇ ભાન પડે છે કે નહી, જાવ જલ્દી જલ્દી નાહિ ધોઇને તૈયાર થઇને આવો. તમારે હાથેથી તમારે સુકન નાં મગ ને લાપસી બનાવવનાં છે. ને મંદિરે શ્રીફળ ધરવાનાં છે. પછી બધાને પ્રસાદ વહેચવો છે. જલ્દી જલ્દી બધું કામ આટાપી લ્યો ત્યારે નવી નવી આવેલી વહુ કહયા વગર. પોરસાયને ગંગા માળીને પગે લાગી રજા લઇને નહવા માટે એક ઢાળીયા તરફ ગયાને ફટાફટ તૈયાર થઈને માતાજી નાં સણગરોલા મઢરૂપિ મંદિરયે સામે પલાડી લગાવીને બેસી ગયા, ત્યારે માતાજી ને શ્રીફળ કુલેર નો પ્રસાદ ધરાવવામાં આવ્યો. ત્યારે મંગળ ગીતળા ગવાયા, ક્યો તો માળી તમોને એકોટા ધડાવી આપું, કયો તો માળી તમોને ચુંદડી લયાવી આપું, માં રન્નાદે ખોળનો ખુંદનાર દે રન્ના દે. પછી વરરાજા ને બોલાવવામાં આવ્યા. ત્યારે ગંગામાં એ પોરસાઈ છોકરામાંથી ભાઇડો બનેલો પોતાનો પોત્રો નવોનવો પરણીને આવેલો તેને સતાવહિ અવાજે હુકમનાં રૂપમાં કહ્યું કે બેટા વડીલોને પગે લાગો વરઘોડીયા જોઉ અને વરવધુ

© RATILAL JOGIA

એ ગંગામાળીનો હુકમ માથે ચડાવી દરેક વડીલને નમી નમી ને પગે લાગી આર્શીવાદ લીધા પછી, માતાજીને લળી લળી ખોરો પાથરી ને પગે લાગ્યાં. ત્યાં ઘરના વડીલે જોરદાર ખોંખરો ખાઈને ઘરમાં પ્રવેશ કર્યો. ત્યારે નવિ વહુ  સડાક કરતીકને ઘરની વચ્ચે જ થાંભલો હતો. તેની પાછડ ઘુંઘટ હાથ એકનો તાણીને ઉભી રહી ગઈ. તે પણ એક જમાનો હતો, કે ઘરમાં વડીલો આવતાં ત્યારે વહુ આરૂ બેહનો, દિકરીયો આઘી પાછી થઈ જાતી. ઘરની ધણીયાણી પણ માથે ઓઢીને બાજુમાં ઉભી રહી જાતી. આ બાબાતને જૂનવાણી ગણો કે મર્યાદા ગણો, તે સુજ્ઞ વાચક વર્ગ ઉપર છોડી દઈયે છીયે. અત્યારે ઘરમાં સૌ ઉઘાળામાથે સાથે બેસીને ટી.વી. ના પ્રોગ્રામ જુવે છે. પરંતુ બજારમાં દુકાનો ઉપર માર્કેટમાં ક્યાંય પણ જાવ બૈરાવો હાથતાળી દેતાદેતા વાતો કરતા હોઈ, ખળભળાટ હસતા હોય, રસ્તા વચ્ચે કોઈ આદમી સામો મલેતો, બીચારો તે આદમી એક બાજુ ઉભો રહીજાઈ પરંતુ બૈરાવ વાતોમાં એટલા ગુલતાન હોઈ કે તે પેલા આદમીની નોંધ પણ લ્યે નહિ કે ઉભા રહે નહિ. ભલેને પછી સાથે ભટકાવું પડે.

અત્યારે ઉલટી ગંગા વહેતી થઈ છે, ફરી ગંગામાનો સત્તાવાહી અવાજ સંભળાયો, પતુળી ઓ પતુળી, અવાજ સાંભળીને પતુળી તરતજ હાજર થતાં જ ગંગામાએ સત્તાવાહિ આવજે કહ્યું, અલ્લી પતુળી આ પ્રસાદ બધાને વહેંચી દે, જો જે પ્રસાદ ઢોળાવા ન દેતિ. ઢોળાય ને પ્રસાદ તો બેટા આપણને પાપ લાગે સમજી. હા દાદીમા, સમજી ને હરખ પદુળી પતુળી પ્રસાદની થાળી લઈને પ્રસાદ વેંચવા લાગી. નવા આવેલા વહુ હજી પણ, પેલા થાંભલા પાછડ થાંભલાને ચીપકીને લાજ કાઢીને ઉભા હતા. ત્યારે ભાભલળી લ્યો પ્રસાદ લ્યો, ત્યારે ભાભીએ થાંભલો વચ્ચે બે હાથની વચ્ચે રાખીને બંને હાથનો ખોબો ધર્યો. ત્યારે પતુળીયે ભાભીનો ખોબો પ્રસાદથી છલકાવી દીધો, પ્રસાદ પધરાવીને પતુળી હસીને બીજા લોકોને પ્રસાદ વહેચવા ચાલી ગઈ. ઘરના બધા માણસો વાતો કરવામાં ગુંથાયા એટલે કે રોકાયાં હતા. વડીલ પણ ઘરમાંથી ચાલ્યા ગયા હતા. છતાં પેલી નવોઢા  થાંભલાને બથભરીને એમજ ઉભી હતી ને ઉભી ઉભી બધાને સામું ટગર ટગર જોયા કરતી હતી ઘુંઘટમાંથી, ત્યાં ગંગામાનું ધ્યાન નવી વહુ ઉપર ગયુ, એટલે તુરતજ ગંગામા સતાવાહી અવાજે બોલ્યા, અરે વહુ તું કેમ આમ ઉભી છે. પ્રસાદ જાપટીજા ને મગ લાપસી બનાવવા માટે ના આંધણ મેલ. જા જોંવ જટકર, પરંતુ નવિવહુ કાંઈ બોલી નહિ.

ગંગામા વહુ પાસે આવ્યા, ને વધુ ને ધારી ધારીને જોવા લાગ્યા. જોયું તો વહુએ ખોબોભરીને પ્રસાદ લીધેલો, પરંતુ બે હાથ વચ્ચે થાંભલો સલવાણો હતો. હવે વહુને થાંભલો છોડવવો કેમ ? ત્યારે ગંગામાએ ઉંચે અવાજે હાંક મારી, અરે હાંભળો છો કંવુછું. જલ્દી આવો જોવ, ત્યારે ઘરના વડીલ દોળતાકને આવ્યાને તુરતજ પૂછયું શું થયું છે. જુવો તો ખરા વહુ ફસાય ગયા છે. વડીલ ઘરમાં આવ્યા ત્યારથી વહુ શરમાયને નિચુ માથુ કરીને ઉભા રહ્યા. તમાસાને તેળુ ન હોય, તેમ એક કરતા અનેક લોકો ભેગા થઈ ગયા. મહેમાનમાં ગગો ને નાથો હતા. તે પણ

ઘરમાં પહોંચી ગયા, બધા ભેગા મળીને વિચારવા લાગ્યા કે હવે વહુનું શું કરવું. કેમ કરીયે તો વહુનાં હાથ થી થાંભલા નો છુટકારો થાય. ત્યારે નાથો બોલ્યો આમા મુંજાવા જેવું કાંઇ નથી. થાંભલો પાળી નાખો. પછી થાંભલાને બે હાથ વચ્ચેથી ખેંચી લ્યો, પરંતુ એમ કરવું વ્યાજબીન લાગતા સૌ વિચારવા લાગ્યા કે હવે શં કરવું, ત્યાં ગગો બોલ્યો કે એક કામકરો સુતાર ને બોલાવો ને વહુના હાથ કરવતથી કપાવી નાખો. ત્યારે ઘરનાવો તથા બીજા બધા ગગાને ફીટકાર વરસાવી ઘરની બહાર કાઢી મેલ્યો. ત્યારે ઘરના વડીલને વિચાર આવ્યો કે ઉપરનું આડસર કપાવિને વહુને શિધે શીધ્ધી ઉપર સુધ્ધી ખેંચી લયે તો વહુનો છુટકારો થાય. ત્યાં લગીમાં વહુ હિબકે ચડીને રોવા લાગી હતી. ઘરના બધા રઘવાયા થઈ ગયા હતા. કોઈને કાંઇ સુજતુ ન હતુ કે આ પ્રશ્નનો નિવેડો કેમ લાયવવો, સામે માતાજીને બેસાડેલા તેને શ્રધ્ધાળુ ઓએ બે દિવા કરવાની માનતા માની કદાચ માતાજી ની કૃપા થાય ને હેમખેમ વહુનો પ્રોબલેમ પાર ઉતરી જાયે.

ત્યાં લગી માં ગામમાંથી કરવત સાથે સુથાર ને બોલાવિને હાજર કરવાનું નકકી થતાં. સુથાર તેનાં સાધનો સાથે હાજર થઈ ગયો. સુથાર ઘડીક વહુના હાથ સામું તો ઘડીક થાંભલા સામુ ને ઘડીક આડસર સામું બાઘા મંડળની જેમ જોતા ઉભો હતો. ત્યાં ગંગામાં બોલ્યા કે ઉભા રહો જો તમારે આડસર કાપવું હોય તો મુહર્ત જોવરાવવું પડે મુહર્ત પૂછાવ્યા વગર એમનમ આડસર કપાય નહિ, કારણ કે આડસર ઘરનો મોભ કહેવાય, માટે આડસર કાપવા માટે મુર્હત જોવરાવવું જરૂરી છે. ગંગામાની વાત ઘરનાં બધા સભ્યોને ગળે ઉતરી ગઈ ને તાબળ તોબ શાંતિદા ગોરને બોલાવવા માણસ રવાના કર્યો. વહુ બીચાળી બરાબર કારણ વગરની ફસાય ગઇ, તેમ બધા અફસોસ કરતા અમંગળ ઘટના બની હોય તેવા ભાવ સાથે બધા શાંતીથી શાંતીદા ગોરની રાહ જોવા માંડયા ને છેક સાંજ થવા ટાઈમે શાંતીદાગોર તથા હરદાસ બન્ને આવી પહોંચ્યા. હરદાસ ને શાંતીદાગોર આવ્યાના ખબર મળતાજ બધા ટટાર ઉભા થઈ ગયા. ઘરમાં દાખલ થતા હરદાસે વાત છેડી કે શું પ્રોબલેમ છે. ત્યારે ગંગામાએ ગોરબાપાને બાઘામંડળીની જેમ વહુ સામે તાકી રહ્યા હતા, ત્યારે ગંગામાએ ગારે બાપાને કહ્યું કે, જટ મુહર્ત જોઇ દયો, એટલે આડસર કાપીને વહુને ઉપર ખેંચી લેવાય આ વિચાર બધાને પસંદ પડયો. ગંગામાએ ઉચા અવાજે ગોરબાપાને હુકમનાં સ્વરે કેવા લાગ્યા કે, જલ્દી જલ્દી મંત્રો પઢો ને આ તકલીફ થી વહુનો છુટકારો થાય તે વાતનો નિવેડો લયાવો બધાનો એક મત થતા ગોરબાપા આગળ વધ્યા. સકલમ મકલમ સ્વાહા, કરીને મનમા ગણગણાટ ચાલુ રાખ્યો. જે આજુ બાજુવાળાને કાંઇ સમજાણું નહિ, ને ગોર બાપાએ વહુને પૂછયું બેન તારૂં નામ શું છે ? પરંતુ વહુ કાંઇ બોલી નહી, કયાંથી બોલે ઈ બોલવાના હોસ કોસ જ ઉડી ગયા હતા. સવારથી વહુ આમ જ થાંભલાને બથ ભરીને કુદરીતે હાજત ને ભુખ તરસ છુપાવીને, વડીલોની હાજરીમાં તો વહુઆરૂથી બોલયજ કેમ.

ગોરબાપા થાળીમાં કંકુ, ચોખા, દિવો, કપૂર, અગરબતિ, સોપારી, કંકાવીટી. લઈને

© RATILAL JOGIA

વહુની એકદમ નજીક ગયા ને ફરીથી પૂછયું બેટા તારૂં નામ શું છે, વહુ ધીમેથી બોલી પરંતુ ગોરબાપા સાંભળ્યા નહિ પરંતુ વહુને એકદમ નજીકથી જોઈ નીરખીને ગોરબાપાથી વહુ સામે આંખ મીચકરાય ગઈ. વહુ ઉંધુ સમજી તેનીયે રાળ પાડી ગોરબાપાની થાળીમાં પ્રસાદ મુકી બને હાથ છુટા કરીને રોતી રોતી રસોડામાં ભરાય ગઈ. ત્યારે ઘરનાં સભ્યો બધા ઉંધુ સમજ્યા કે વાહ ગોરબાપા વાહ શું મંત્ર ભણ્યા કે તુરતજ વહુ નુ દુઃખ દુર થયું. ત્યારે વહું કાંઇક બીજુ જ સમજી ત્યારે શાંન્તીદાગોર કાંઈ સમજ્યા જનહિ, પરંતુ પોતાનાથી થઈ ગયેલ ભુલનું આ પરીણામ છે. માટે નવીનવેલી વહુ ઘરવાળાને માંડીને વાત કરશે કે ગોરબાપાએ મને નીરખી નિરખીને જોઈ પછી એકદમ નજીક જઈને અવીને મારૂં મોઢું જોયું ને હસ્યા પછી મને આંખ મારી, આવું બધુ ઘરવાળાને વાત કરે તે પહેલા ભાગી જાઈએ. એમાંજ સલામતી છે તે શાંતીદાગોર ઘોડા ઉપર સવાર થઈને હરદાસને પળકારો કર્યો **''હરદાસ હળી કાઈઢ''** વહેલું આવે આપણું ગામ, ઘરે જઈને શાંતીગોરદાએ પોતાની રૂમના બારણા બંધ કરીને બેસી ગયા. ત્યારે ત્યારે હરદાસ માથુ ખજવાળતો તેના પોતાને ઘેર જઈને ઘરવાળીને આ પીંજાણની રામાયણકેતો રહ્યો છેલ્લે ગોરદા બોલેલા તે બોલ્લયો કે ગોરદા ગભરાય ગયા હતા ને મને કહ્યું કે ''હાઈલ હરદાસ કળી કાઈઢ'' . દ્વરકાધીશ કી જે.

## હાઈલ હરદાસ હડી કાઈઢ ભાગ ૨

શાંતીદા ગોરદા ઘરમા દરવાજા બંધ કરીને ઘરમાં પુરાયને બેસી ગયાં હતાં. ગોરદાને તેનાં મનમાં ફફળાટ કયાંય કરતાં કયાંય સમાતો ન હતો. પાછલી ઉમરે,આમ કેમ બન્યું. મારાથી આવી ભુલ કેમ થઈ કે પછી મને કમતી સુજી, હવે વહું તેનાં ઘરવાળાવોને વાત કરસે, પછી પછી મારી સાથે જીભા જોડી થસે. કદાચ મને પકળીને બે ધોલ થપાટ મારસે. ત્યારે ગામનાં બીજા લોકો સાંભળસે હિતસત્રુઓ અંદરથી ખુશી થસે. છતા ઉપર ઉપરથી સારૂ લગાડવા સામા પક્ષને સમજાવસે ને કહેશે કે આમતો ગોરદા સારાજ માણસ છે. છતાં માણસ માત્ર ભુલને પાત્ર ભુલ થઈ. માયા દેખીને મુનીવર ચડે, ભુરીયો, હરદાસ બધા જાણસે પછી મારી ઈજ્જતનું શું રહેશે. નાથો, હા, નાથો તો માસ્તર મારે, પણ નહી. ને ભણાવેય નહી. ને ગગો, ગગાની તો જીભાન છે કે કરવત તેજ ખબર પડતી નથી. ગગાએ એવો ઉપાડો લીધો છે. તે જયાં જાય ત્યાં ગમે તેમ અને ગમે તેની ગમે ત્યાં જીભાનની કરવત ચલાવવામાં જરાય પાછો પડતો નથી. તે મારા માટે મારૂ હલકું બોલવામાં ને મને હલકો ચીતરવામાં ને વેતરવામાં બાકી નહી રાખે. શીવ, શીવ, શીવ, હવે મારે શું કરવું. ભુખ હળતાલ ઉપર ઉતરી જાંવ કે પછી ગળે ફાંસો નાખીને ટુંપો ખાય જાંવ. મારાથી હવે, આ લોકોને મોઢું બતાવવા પણ છે જ નહી. કોને મોઢું બતાવવું. ઘરવાળી જીવતી હોત તો તે તેની હૈયાતી માં મારો પક્ષ લેત, પરંતુ તે પણ અત્યારે હૈયાત નથી.

સ્વર્ગમાં પણ ગગો તેને સમાચાર પહોચાળશેજ ગગો આ બાબતમાં સખાણો રહેશે

© RATILAL JOGIA

નહી. તેને ગગાને એવો વિચાર પણ નહી આવે કે જે આત્માં અત્યારે અહી આ ધરતી ઉપર મોજુદ નથી. તેની સામે તો વાતું ન કરૂ ભલાં, પરંતુ ગગો આટલું સમજે તો પછી ગગો કેવાયજ શાનો કેમ કે અત્યારે ગગો સાઈઠ વરસનો થયો. છતાં ગગો ગગોજ રહ્યો. તે કયારેય મોટો થયોજ નહી. કે ગગજી નામ ગગાનું થયું જ નહી. પરંતુ ગગો ગગોજ રહેશે તે કયારેય મોટો થાશે પણ નહી. ગગાને કોઈની પણ ભાંગી ટુટી સાચી ખોટી વાત હાથમાં આવે તે વાતનો વિચાર કર્યા વગર કાંકરી ચારો કરવાનું ચાલું કરી ધ્યે. ને તેનાં વેજા વેતરવામાંથી ગગો નવરો થાય જ નહી.

જોકે ગગાને એકજ છોકરો છે. તે તેનું ભરણ પોસણ કરે છે. માંડ માંડ ગુજારો ચાલે છે. છતાં ગગાનો પાવર જાણે ગામધણી કેમ ન હોય તેમ હાકલા પળકારા કરતો હોય છે. જયારે જુવો ત્યારે આળોશ પાળોશમાં સગા વહાલાં ને મારા તમારા ઓળખીતાં ભાય બંધોને પણ મોકો આવે ટોણો મારવાનું ચુકતો નથી. અરે પોતાનાં કુટુંબીઓને પણ છોડતો નથી. દિકરીયો બહેનો ના ઘરે જઈને પણ જીભાનથી સાણસાણતાં ડામ આપી આવે છે. ત્યારે બહેનો બીચાડી આસુડા પાડતી હોય તે તેના નિસાકા તો લાગશેજ પરંતુ અત્યારે મારૂ શું થાશે. શું કરૂ જીભાન કરડીને મરીજાવ કે પછી રાત્રે અંધારે વાવકુવામાં ધુબાકો મારી દવ. આવા આવા વિચાર વાગોળતાં શાંતીદા ગોરબાપા આમને આમ સમસમીને બેસી રહ્યાને બીજો દિવસ પુરો થવા આવ્યો ત્યારે ભુરીયો હરદાસને ઘેરે ગયો. ત્યાં નાથો ને ગગો બેઠા હતાં ત્યારે નાથો ગગાને કહેતો હતો કે તે વહુનાં હાથ કાપવાનું કહ્યું. ત્યારે તને જરા અમસ્તો પણ વિચાર ન આવ્યો કે આવી વાત રજુ કરીને સામા માણસનાં દિલને વધુ દુઃખી ન કરવું. ત્યારે ગગો બોલ્યો કે વિચાર આવ્યો ત્યારે તો સલાહ આપી જોંયેતો ખરા કે વહુનાં હાથ કપાય છે કે નહી. ત્યારે નાથાએ કહ્યુ કે ગગા તું ધારીલે કે તારી વાત સૌ કોઈ માની લ્યે ને બીચાડી ગભરૂ વહું ના હાથ કાપવા લાગેતો તેનો તને જરાય અફસોસ થાત કે નહી. તારી તો સાલા જીભાન છે કે પછી કુહાડો, ત્યારે ગગો બોલ્યો કે તમારે જે સમજવું હોય લખવું હોય તે લખો. હું તો જોતો હતો કે કોઈ ઘરનાં માણસમાં બુધ્ધી જેવું કાંઈ છે કે નહી. ત્યારે નાથો બોલ્યો કે હહરીનાં શું તારી મા એજ તારામાં મીઠાની ગુણ ઠાલવી છે. તી તું બીજાને મીઠા વગરના સમજે છે. આમતો નાથો કયારેય માથાકુટમાં પડતો નથી. છતાં આજે તે પણ ગરમ થઈ ગયો. છતાં, ગગાને કાંઈ કરતાં કાંઈ અસર થઈ નહી. તે તો મરક મરક હસતોજ રહ્યો. ત્યારે ભુરીયો ને હરદાસ વિચારવા લાગ્યા કે ગગાની સંગત કરવાથી આપણે પણ હલકા થઈશું. બે આબરૂ લાગીએ છીએ પણ નાથો ગગાનો સાથ છોડવો તૈયાર નથી. માટે આપણે પણ શા માટે આંખે થઈને મંડળી વિખી નાખવી જોઈએ. જોયા રાખો જે થાયતે આપણું શું જાઈ છે. ત્યારે ગગો પોતે હારી ગયો છે. તે કબલુવા તૈયાર નથી તે હાર કબુલે તેવું બને જ નહી. પણ લંગડાય છે. હાથ ધ્રુજે છે. છતાં ગગો સમજવા તૈયાર નથી. કે હવે પેલેપાર જવાનો ટાઈમ થઈ ગયો છે. કયારે સીતારામ થઈ જાસુ તે ખબર નથી. છતાં ગગો જેનું નામ વટ છોડે તે બીજા તેને ગોરદા શાંતી બાપાની હરક્તની ખબર હતી નહી. નૈતર તે તો

© RATILAL JOGIA

ગોરદાની આખા ગામમાં ફજેતો કરેત. તેને પણ સારો કહેવડાવે તેવો જ ગામમાં એક હતો.

દેવજી તે સતકનો ત્રીજો ભાગ આરોગી ગયેલો. પોતાની પેઢી ઉપડી ગઈ. તેને પોતાને રતાંધળા પણું છે. માટે પુરૂ આંખથી જોઈ શકાતું નથી. સાંભળવામાં પણ ધબાય નમઃ છે. તેને આજે કોઈ મલે પછી ચાર દિવસ પછી મલે એટલે પુછે આપણે કયારે મળેલા ઘણો વખત થઈ ગયો નહી. ત્યારે પેલો, મુલાકાતી યાદ દેવળાવે કે અરે દાદા અઠવાડીયા પહેલા ગયા વિકમાં તો મળેલાં તમો ભુલી ગયા કે શું. ત્યારે દેવજી જેનું નામ તે તરત જ ફેરવી તોળે ને કહે એમ છે. હું ભુલ્યો નથી પરંતુ તમો ભુલ્યાં નથી ને તેની ખાત્રી કરતો હતો. તેવો આ દેવજી હજી નવા મકાનનાં પાયા નાખીને બિલ્ડીંગ બંધાવવાનાં સ્પનામાં રાચે છે. આવા કાંઠે બેઠેલાં માણસોને કોણ કહે કે ભાય સાહેબ બહું થયું. હવે કાંઠે બેઠા બેઠા ધક્કા મારોમાં ને સુખે રહોને બીજાને સુખેથી રહેવા દયો. પરંતુ બીજાઓને શું આપણી વ્યથા બીજાને મન કથા આમ શાંતીદા ગોર વિચારોને ગરેળેચડી ગયા હતાં. જેનો છેડો મલતો ન હતો. ત્યારે ગામને ચોરે મંડળી જામી હતી.

તેની નજર જાપા બાજુથી આવતા ઘોડે સ્વાર ઉપર સ્થીર થઈને ઘોડે સ્વાર નજીક આવ્યો. તેનીએ ચોરે મંડળી જામતી હતી. તેને આંગતુકે સીધુજ પુછયું કે શાંતી ગોરદા કયાં છે. ત્યારે ભુરીયાએ પુછયું કે વળી તમારે ગોરદાનું શું કામ છે. ત્યારે ગગાએ ડબકું મુક્યું કે આ વખતે વહુને બદલે વહુની સાસુ આવી ભરાણી હશે. પરંતુ ગગાની વાતનું કોઈ એ ધ્યાન આપ્યું નહી. હરદાસ ઉઠીને ઘોડે સ્વારીને એક બાજુ લઈ ગયો ને પુછયુ કે ગોરદાનું શું કામ પડયું છે. ત્યારે આંગતુ કે વાતનો ફોળ પાડચો. ત્યારે હરદાસે તેને સાથે લઈને ગોરદાને ઘેર જાવા પગ ઉપાડચા. જાતા જાતા ભુરીયાને ભલામણ કરતો ગયો કે તમો લોકો અંહિજ બેસો હું અબઘડી આવું છું. શાંતીદા ગોર ઘરનું કમાળ બંધ કરીને શીવ, શીવ, શીવ, ના નામનાં જાપ કરતાં ખુણો પાળીને ઘરમાં બેઠા હતાં. ત્યારે હરદાસે ડેલીની સાંકળ ખટખટાવી ત્યારે શાંતીદાને ડેલી ખખડવાનો અવાજ સાંભળીને પસીનો છુટી ગયો. કોણ, કોણ છે. એટલું તો માંડ માંડ થોથવાતી જીભે પુછી શક્યાં. હરદાસે પ્રેમથી ધીરેથી કહ્યું. કે એતો હું હરદાસ છું. બારણું ખોલો એટલે શાંતીદાને ધરપત થઈ, ઉભા થઈને દરવાજો ખોલ્યો. ત્યારે હરદાસે શાંતીદાને જોયા કે તરતજ ખ્યાલ આવી ગયો કે ગોર અદા ઉંડી ચીંતામાં હોય તેમ લાગે છે. એટલે તુરત જ પુછયું કે કેમ અદા તબીયત ઠિક નથી કે પછી કોઈ બીજી ચીંતા છે. ત્યારે ગોર અદાએ કહ્યું કે ના-ના એવું કાંઈ નથી. બોલ હરદાસ કેમ આવવું થયું. ત્યારે હરદાસે ખુલાસો કરવો. પૈડોકે સામી બાજુના ગામેથી આદમી લેવા માટે આવ્યો છે. ત્યાં જાવાનું છે. કેમ શા માટે આદમી લેવા આવ્યો છે. વધુ વિગતની તો ખબર નથી પરંતુ આવેલા આદમીને પુછતાં એટલી ખબર પડી છે કે ત્યાં તમારૂ બહુમાન કરવાનું નક્કી કરેલું છે.

તમોએ જે મંત્ર જાપ કરીને આડસર ને તથા વહુને બચાવી લીધા. એટલે તેવો ખુબજ ખુશ થયા છે ને આનંદમાં આવી ગયાં છે. તેથી કરી તેવો તમોને સવાસેર ઘીનો લાડવો તું

© RATILAL JOGIA

ઉપરાંત ખેસ ઓઢાળસે પછી દક્ષીણાં આપવા માટે આ ભાઈ તમોને તથા આપણી મંડળીને તેડવા માટે તથા જમણવારમાં હાજરી અપવાનું આમંત્રણ દેવા આવ્યા છે. તેવોનો આગ્રહ છે. કે અમારા સાથે જ આવો અમો તમોને તેડવા આવેલા જ છીએ. માટે જલદી જલદી તૈયાર થઈ જાવ એટલે આપણી મંડળી ચોરે બેઠેલી છે. ત્યાં જાઈએ એ લોકો આપણી રાહ જોઈને બેઠેલાં સૌ ને જાણ કરીયે કે કયારે જાવું. સામે ગામ ત્યારે શાંતીદા ગોરે કહ્યું કે આવું કાંઈ કરવાની જરૂર નથી. મે તો ફક્ત મારી ફરજ બજાવી છે. વહુને તથા ઘરનાંવ ને બચાવવવાવાળો તો મારો વાલોજી છે. મે તો મારૂ કામ હતું તે મે કર્યુ છે. માટે ફરી ફરીને કહું છું. કે આવું કાંઈ કરતાં કાંઈ ન કરો તો સારૂ, ત્યારે આંગતુંક ઘોડેસ્વારી જવાને કહ્યું કે તમો અદા તમારી વડાય (મોટાઈ) બતાવો છે. તે બરાબર છે પરંતુ અમારે પણ તમારી કદર તો કરવીજ જોવે ને, ત્યારે આંગતુકને ગોરદાએ કહ્યું કે હરદાસ ને તમો જાવ મારી તબીયત બરાબર નથી. તમો મંડળી નક્કી કરો તે પ્રમાણે હું તૈયારી કરીશ તમો જાવ ને નક્કી કરીને મને કહેશો. ત્યારે જયાવિશું. બસ પછી કાંઈ વાંધો છે. એમ વાતચીત કરીને ગોરદાએ હરદાસને વળાવ્યો ને પોતે માંડ છુંટયાનો હાસકારો અનુભવ્યો. પછી, વિચારે ચડી ગયા. શાંતીદાને થયું કે માળું આમ કેમ થયું. શું વહુ એ વાત કોઈને કરી નહી હોય. કે પછી બનાવટ કરીને મને બોલાવસે પછી બધાની સામે હળધુત કરશે. શું કરૂ કયાં જાવ કાંઈ સમજ પડતી નથી.

માણસ ભુલ કરે અગર ચોરી ચપાતી કરે પછી તેનો આત્માં ડંખ્યાં રાખે મનમાંને મનમાં આદમી કોહવાયા રાખે કયાંય ચેન પડે નહી. ડરામણો હાઉ નજર સામેથી ખસે નહી. ત્યારે ઈસ્ટ દેવને પણ યાદ કરવાનું સુજે નહી. પરંતુ ગોરદા શ્રધ્ધાળુને નિખાલસ હતાં. ગમે તેમ કરીને મનમાંથી શંકા કુશંકાને હટાવીને શીવ, શીવ,શીવ, નો મંત્ર જાપ કરવા લાગ્યાં માણસનું મન છે તે ધજાની નોક જેવું છે. તે સ્થીર રહે નહી. અગર જો સ્થીર રહેતો મન જીતી લીધું. કહેવાઈ, જેનીએ પણ મન જીતી લીધું. તીનીએ સમસ્ત જગત જીતી લીધું કહેવાઈ. કહેવાઈ છે કે ફાવસે, ચાલસે, ભાવસે, આ ત્રણ વસ્તું જીવનમાં અપનાવવાં જેવી છે. આ ત્રણ વસ્તું ચુસ્ત પણે પાલન કરીને તેને વળગી રહેવાથી જીવનનાં ઘણાં બધા પ્રોબ્લેમ સોલ, થઈ જાય છે. તેમ જ્ઞાનગંગા કહે છે. પરંતુ કોક અળવિતરાને આવા આપણા વિચારો જણાવાય નહી. નહીતર, બરાબર જમવા ટાઈમે નહિતર મુઠી ભરીને નિમક (મીઠું) અગર તો રેડ ચીલી પાવડ (મચ્ચાની ભુકી) જમવાની થાળીમાં પધરાવી દયેને પછી કહે કે લ્યો ચલાવો ત્યારે શું ચલાવવું કારણ કે મુરખ માણસ ને માથે શીંગળા નથી હોતાં. તેમ પુંઠે પુછડી પણ હોતી નથી. માટે આ પ્રયોગ મુરખ લોકો સામે કરાય નહી. મુરખ લોકોતો જયાં પણ જાય ત્યાં એક પળનો પણ વિલંબ કર્યા વગર પડકારો કરે કે **''કેમ છે મને''** ત્યારે ગગો બોલ્યાં વગર રહ્યો નહી, કે અમો છીયે ત્યારે તમોને શું વાંધો હોઈ, ત્યારે ભુરીયો કહે કે ગગા નારદ વેળા છોડ, તમારી ટોળીમાં બસ મજાજ હોય કારણ કે મુરખ લોકોના ગામ નથી હોતાં. કયાંક કયાંક ટવરક ટવરક મુરખા હોય છે. આમ

© RATILAL JOGIA

હંસવામાંને હસવામાં એક બીજાની ટાંગ ખેચ્યાં રાખેને ટોળ ટપ્પા ચાલું રહે ત્યારે હરદાસે ચોરે રાહ જોઇને બેઠેલાં સૌને જાણ કરી કે ગોરદાની તબીયત બરાબર નથી. માટે અત્યારે અંહી આવ્યા નથી. પરંતુ આપણે સામે ગામ કયારે જાવું છે. તે નક્કી કરીને આ જવાનને જાણાવી દયો. એટલે તે અહીથી જાઇ પછી આપણે ગોરદાને જાણાવીને તેને તૈયાર કરસું. ત્યારે બધા સહમત થયા. પેલો આવેલ જુવાનને ટાઇમ ડેટ આપીને વિદાય કર્યો. ગોરદાને જાણ કરવાં નાથો ગયો ને તેને બધી વિગત જણાવી ને વાતથી વાકેફ કર્યો. પરંતુ ગોરદાને હજી વિશ્વાસ બેસતો નથી. છતાં જે સૌનું થાસે તે મારૂ પણ થાસે, એમ માનીને ગોરદાએ મન મનાવ્યું પોતાનું.

નક્કી કરેલાં ટાઈમે સૌ તૈયાર થઇને સામેના ગામે જાવા ઉપડયાં. ત્યારે હરદાસ ગોરદાને બોલાવવા ગયો. પછી ગોરદાએ કહ્યું. કે તમો ચાલતા થાવ ત્યાં હું અબઘડી પોગ્યો જ સમજો પરંતુ હરદાસે ગમે તેમ કરીને ગોરદાને, સાથે લઈ જાવાની જીદ કરી. આખરે સાથે જાવાં ગોરદા સમંત થયા, સાથે આવવા પરંતુ વાત કરીકે મને કોઈ પણ જાતનો શીરપાવ આપે તો તારે મારા પક્ષમાં રહેવાનું ત્યારે હરદાસે હા પાડી જામીન થયો. ગોરદાએ ગોળ ગોળ વાત કરીને હરદાસને વચનેથી બાંધી લીધો ને આમ મંડળી ઉપડી સાંજ પહેલા સામેનાં ગામળે પંહોચી જાવાનું હતું. રસ્તામાં ગગો (ગગજી) લવારા કરતો હતો. ત્યારે નાથો ગગાને લવારા ન કરવા સમજાવતો હતો. કહેતો હતો કે મહેમાન થઈ ને કયાંક પણ જાઈએ ત્યારે ત્યાં આપણાં લક્ષણ જળકાવાય નહી. પરંતુ આ ગગો માની જાઈ તે બીજા કહેવાય છે કે **જગત, ભગત, નગદ આ ત્રણેય કાના માતર વગરનાં હોઈ** તે કોઈનાં થયાં નથીને થસે પણ નહી.

આ જગત ઉપર કાંઈક રાવણાં રમી ગયાં, આ ધરતીનાં માલીક થવા કાંઈક ચમર બંધી આવીને ગયા. પરંતુ આ જગત કોઈનું થયું નહી. તેમ ભગત માણસ પણ પોતાનું ભલું ઈચ્છે છે. બીજાની તેને પરવા કરી જ નહી. ખુદ પોતાનાં કુટુંબનું પણ તેવો કાંઈ કરતાં કાંઈ ભલું કરી શકતા નથી. ભગત લોકો પોતે ભલાને પોતાનું ભજન ભલું ભજન પણ કાના માતાર વગરનું હોય છે. માટે તે તેનામાં સમાય જાય છે. તેમ નગદ પણ કાઈનું થયું નથી. ગીતાજીમાં છપાયેલું છેકે જે ગઈ કાલે જેનું હતું તે આજે તારૂ છે. ને આવતી કાલે કોક બીજાનું હસે માટે હરખ સોક કરવાને કોઈ કારણ જ નથી. તેમ આ ગગો કોઈનો થયો નથી. ને થસે પણ નહી. ખુદ પોતાનાં ઘરનાં સભ્યોનું પણ વટમાને વટમાં ટાળી નાખ્યું છતાં સમજે તે બીજા ખુબ તાણવાથી ટુટી જાઈ છે. તે પણ તે કબુલ કરતો નથી. ત્યારે નાથો લમણાજીક કરી કરીને થાકી ગયો. પરંતુ ગગે તેની વાત પકડી રાખી. આખરે ભુરીયો વચ્ચે પડચો. તેનીએ વાતનો દોર પોતાનાં હાથમાં લીધો પછી નાથાને ઈસારો કર્યો કે તું હટીજા પછી, જોઈલે ભાયડાના ભડાકાં, આવો રૂડો માનવ દેહ મળ્યો છે. તો સમજીને જીવવામાં શું નુકશાન થાય છે. તે વાત અમુક લોકોની સમજમા આવતી નથી. ને કયારેય સમજમાં આવશે જ નહી. કહેવાઈ છે કે વાણી, વર્તન, વસ્ત્ર, આ ત્રણેય ઉપર કાબુ રાખીને જીવેલો માણસ કદાપી મુશ્કેલીમાં આવશે નહી.

© RATILAL JOGIA

વાણી એટલે જીભ ઉપરનો કાબુ કાંઈ પણ બોલતાં પહેલા એક સો વખત વિચાર કરીને. સારૂ વર્તન કરવાથી મુશ્કેલી ઉભી થતી નથી. તેમ પોતાનો પોશાક એટલે કે વસ્ત્ર પરીધાન પણ પોતાની ઈજ્જત જળવાય રહે તેવો ખ્યાલ રાખીને ઉપયોગ કરવો જોઈએ. વસ્ત્ર ઉપરથી માણસ ઓળખાય જાઈ છે. કહેવાઈ છે કે **''માંગણ''** મેલે કપળે ન હોય ને **''કારીગર''** ઉજળે કપળે ન હોય ને ઉપરની વ્યાખ્યાથી જાણમાંઆવે છે. કે આ બંનેમાંથી શીખવાનું છે કે ''માંગણ'' તથા ''કારીગર'' તેના વસ્ત્ર ઉપરથી ઓળખાય પરખાય છે. ભુરીયાએ ગગાની ટેપ ઉંધી રીતે ચડાવી દીધી.

હવે ગગો ભલે વાગ્યા કરે આપણાં કેટલાં ટકા બધા સમજે છે. સમજાવવાની શું જરૂર છે. ભુરીયે ગગાને પુછ્યું કે ગગજીભાઈ આજે તો આપણે પેટ ભરીને મહેમાન ગતી માણવી છે. હો, ગોરદાને શીરપાવ મલે કે ન મલે પરંતુ આપણે તો જલસોજ જલસો સમજોને, ત્યારે,ગગજીએ કહ્યું કે તમો બધા તો લાડું લાપશીનાં ઘરાક છો. ત્યારે હું તો રોટલોને દંહી કે દુધ લવ છું. સાથે લસણની ચટણી તો હોય જ બીજુ કાંઈ ખાતો નથી. ત્યારે નાથા એ કહ્યું કે હવે લશણીયો મસાલો ખાવાનું બંધ કરો હવે ઉમર થઈ માટે તે પચે નહી. ત્યારે ગગાએ કહ્યું કે લગાવ શસરત હું એક વાટકો ભરીને લશણની ચટણી ખાય જાવ તો તું મને શું આપે ત્યારે નાથાએ કપાળ કુટીયું કે તમો નહી સમજો. હું તમોને ચેલેન્જ આપું છું કે તમો લોકો નહી સમજો. ત્યારે વચ્ચે ગોરદાએ ટાપસી પુરીકે આદત સે મજબુર માણસ બીજું કરે પણ શું આમ વાત વાતમાં ગામનો જાંપો દેખાયો થોડીવારમાં જાંપે પહોંચી ગયાં. સામે ચોરે સૌ રાહ જોતાં બેઠેલાં બધા ઉભા થઈ ગયાં ને એક બીજાને બથુ ભરી ભરીને મલ્યાં. એક બીજાના ખબર અંતર પુછયાં. ગોરદાને સૌ પગે લાગ્યાને તેના આર્શીવાદ લીધા. તે પછી કાવા કસુંબાનો દોર ચાલું થયો. વાતુનાં ગપાટા સપાટામાં સમય કયારે પસાર થઈ ગયો. તેની ખબર રહી નહી. ઘેરેથી સંદેશો આવ્યો કે જલદીથી ઘરે આવો. વારું (જમવાનું સાંજનું) ટાઢો (ઠરીજાય છે.) થાય છે. એટલે સૌ ઉઠચા ઘરે જઈને હાથ મોઢું ધોયને સૌ જમવાં બેઠા જમણવારમાં દુધપાક છુટી મગની દાળ પુળીયું. રીંગણ ભરેલાં તીખા ભરેલાં મચ્ચાને બીજુ ઘણું બધું પીરસાણું વારા ફરતી તાણ ખેંચ કરતાં જોઈને. દુધપાક પીતા જાઈ પાતાજાઈ. ત્યારે ભુરીયાયે ગગા સામું જોયું ને ઈસારો કર્યો કે તારી લશણની ચટણી હજી કેમ પળી છે. ચટણીની વાટકી ભરેલીને ભરેલી છે. ખાલી કરીને જાપટીજા સાચો મરદ હોય તો આ ઈસારાનો ટોણા ગગજી સમજી ગયો ને વટમાંને વટમાં લશણીયો મસાલો વાટકી ભરેલી તે જમી ગયો. ઉપર દુધ પાકનાં બે ચાર વાટકા પીધાં ખરા, ત્યારે સૌ જમતાં હતાં. ત્યાં ઉપરથી માળીયા ઉપર ખળભળાટ થયો. ત્યારે હરદાસે પોતાની સાથે લીધેલી જામગરી (બંદુક) ઉપર હાથની પકળ મજબુત કરીને પુછયું કે ત્યાં કોઈ નથી. કદાચ ઉંદર બીલાડીની રમત હસે. એટલે હરદાસ સમજી ગયો કે અત્યારે ઉંદર બિલાડીની રમત જ સમજી લેવાની માટે જલદી જલદી થાવ ધરભેગા. પરંતુ **''ઉતાવળા સો બાવરા'' ''ધીરા સો**



© RATILAL JOGIA

**ગંભીર''** તેમ ગોરદાએ સમજાવ્યુંને ધીરજ રાખવા કહ્યું. ગોરદાની વાતમાનીને સૌ જમવાનું જમીકારવીને ફળીયામાં ખાટલાં ઢાળેલાં ત્યાં સૌ ગોઠવાઈ ગયાં. ત્યારે ત્યાં અલાદલાની વાતુંના ફળાકા હોકલીની લીજતને હશી ખુશીમાં મધરાત વિતી ગઈ. પછી ગોરદાને શાલ ઓઢાળી સવા રૂપિયોને શ્રીફળ આપીને ઈજત કરી ને ખુબજ માન કર્યુ. સાથે આવેલાને મુખવાસ આપ્યો. ઘરનાં બૈરાવો પણ ઓસરીની કોરે ગોઠવાયેલાં તેવો પણ ગોરદાનો આભાર માનીને વારા ફરતી ગોરદાને પગે લાગીને આશીર્વાદ લઈ ગયાં. પેલી નવી નવી વહું પણ ગોરદાને પગે લાગવાં. આવી ત્યારે ગોરદાએ ઉંચા સાદે મંત્રો ભણીને જણાવ્યું કે બેટા વહું રાની તું તો મારી દિકરી છે. તેથી તું મને પગેન લાગે તો ચાલે મારી બહેન મારી માવડી મને પગે ન લગાય. તેમ કહીને વહુંને આશીર્વાદ આપ્યાં. સાથે સાથે આવેલ સવા રૂપિયામાંથી ઉપરની ચાર આની (પાવલી) વહુનાં હાથમાં મુકીને હાથ જોડી ગોરબાપા આંખો બંધ કરીને ઠાકોરજીની સ્તુતી કરવાં લાગ્યાં. અલબત મનમાં કેહે મારાવાલા તે મારી ઈજત જાળવી છે.

હે કરૂણાંના સાગર તારી કરૂણાનો કોઈ પાર નથી. ને ગોરદા ગદગદીત થઈ ગયાં. કહેવાઈ છે કે જેનો અંત સારો તેનું સર્વે સર્વા સારૂ ને આમ રંગે સંગે બધું ગોઠવાયેલું પાર પડયું. કોઈ નિંદર કરવાનાં મુડમાં હતાં નહી. દરેક લોકો ઢળતીને ગળતી રાત્રીની મજા લુંટવાનો નીર્ધાર કરીને જાગતાં બેઠા હતાં. વાતાવરણ લાગણી સભર આનંદથી તરબોળ હતું. છેક વહેલી પરોઢે ગગાએ નાથાને કહ્યું કે સવાર થવામાં છે. પો ફાટી છે. મો સુજણું થયું છે. માટે મારી સાથે ચાલ મારે કળશીયે જાવું જોહે. (કળશીયે જાવું એટલે જંગલ જાવું લેટરીન) ત્યારે નાથાએ કહ્યું કે આવો મરદ માણસ થઈને ડરે છે. તી મને સાથે લઈ જાવ છે. તું તારે એકલો જયાવ, ત્યારે ગગાએ ચોખવટ કરીકે ડરવાનું કોઈ કારણ નથી. પરંતુ અજાણ્યું ગામ છે. માટે એક કરતાં બે ભલા માટે ચાલ મારી સાથે, ત્યારે કટાણું મોઢું કરીને ના છુંટકે નાથો ભેળો ગયો. ગામની પાછડ વાળામાં તો ગગો માંડ પુગ્યો ત્યાં તો પેટમાં ગગાને ગાંડા જોડાઈ ગયાં ને પેટમાં ચુંક ઉપડી ત્યારે ગગો બેવળ વળી ગયો. ત્યારે નાથો જલદી જલદી હરદાસને બોલાવવા દોડયોને હરદાસને બુમ પાડીને કહ્યું કે ચાલ જલદી વાળામાં ગગો બીમાર પડી ગયો છે. હરદાસ નાથાની સંગાથે વાળામાં આવ્યો ત્યાં સુધીમાં તો ગગાનાં કપળા ખરાબ થઈ ગયાં હતાં. તેની વિગત અહિ છાપી શકાય નહી. તેવો ઘાટ ગગાનો ઘડાય ગયેલો. પેલી લશણની ચટણીની વાટકી ઉપર દુધપાકને પુળીયું કેમે કરીને હજમ થયા નહી. ને ગગાનું પેટ છુટી પડયું. ત્યારે નાથાએ હરદાસને કહ્યું કે ઘોડી પલાણને આ ગગાને જટ દવાખાના ભેગો કર. જલદી, ત્યારે ગગાએ બુમ પાડી કહ્યું. કે ''હાઈલ હરદાસ હળી કાઈઢ''

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૩૯ બાપ, કરતા, ""બૈરી"" સવાઇ .....?

લવિંગી ઓ લવિંગ સાંભળે છે કે. એ આવી, બે મીનીટ. અરે તારી બે મીનીટ એટલે બાવીસ મીનીટ થસે. કહું છું જલ્દી ચાલ મોડુ થાય છે. અરે બાબા બે મીનીટ તૈયાર થવ છું. અરે પણ કેટલીવાર તારો આખો દિવસ, તૈયર થવામાંજ જાય છે. શું કરૂં, પ્રસંગે જવાનું છે, તૈયાર તો થવું જોયે કે નહી !! હા પણ હવે વાતો કર નહી, જલદી જલદી ચાલ જોઉ અને સાંભળ ફ્લેટની ચાવી ફાધર ને આપતિ આવજે ભુલતી નહિ. હું ગાડી સ્ટાર્ટ કરૂં છું, તુંજલ્દી આવજે. સાંભળે છે ? હા. ને ફાધર ને કેજે કોઇનો ફોન આવે તો મેસેજ લખી રાખે. ચોકખો જવાબ આપે નહિ. તારાને મારા સિવાય ફોનનો કોઇએ ઉપયોગ કરવો નહિ ખબર છે ને ? હા બાબા હા. તો ચાલ. તમો જાવ ગાડીમાં બેસો હું આ આવી, ને થોડીવારે દરવાજા ની ચાવી ફાધર ને આપી ભલામણ કરીને લવિંગી ને જમરૂખ પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા. થોડા ટાઇમ પછી ફોનની ઘંટળી વાગી, ને ફાધરે ફોન ઉપાડયો. હેલ્લો કોંણ બોલે છે? કોનું કામ છે? અરે તમો કોંણ બોલો છો ? તમો એ ફોન લગાડ્યો તેનો માલીક બોલું છું. તમારે કોનું કામ છે. અરરર યે નંબર બરાબર છે. હા યેસ યે નંબર બરાબર છે. પરંતુ એતો કહો કે તમારે કોનું કામ છે ? કામ કામતો મારે જમરૂખ શેઠનું છે. શું આ ફોન નંબર જમરૂખ શેઠ નો છે. હાજી હાજી બોલો શું કામ છે. મારે જમરૂખ શેઠ સાથે વાત કરવી છે. તેવોને ફોન આપશો પ્લીજ. નહિ આપી શકાય, કારણ કારણ કે જમરૂખ શેઠ બહાર પાર્ટી માં ગયેલ છે. અચ્છા તો તેવોનો મોબાઇલ નંબર આપશો. પ્લીજ, નહિ આપી શકાય કારણકે અમો અજાણ્યા લોકોને અમારો મોબાઇલ નંબર આપતા નથી. અરે તમો કોણ છો કેવા માણસ છો. મારે જરૂરી કામ છે ને તમો મને મોબાઇલ નંબર ન આપો તે તો બહુ કહેવાઇ. અચ્છા એક કામ કરો લવિંગી ભાભી ને ફોને આપો, મેડમ તે પણ જમરૂખની સાથે ગયા છે. ઓહ ગોડ કેમ શું તકલીફ થઇ છે. મને જણાવો અગર મેસેજ આપો. એટલે જમરૂખ આવશે ત્યારે હું તમારો મેસેજ જણાવી દઇશ. પરંતુ મને જમરૂખ શેઠે બીજા કોઇ સાથે વાત ન કરવી ને હું તથા મારી પત્ની એટલે કે (જમરૂખને લવિંગી) સાથે વાત કરવાનું કહ્યું છે. તો પછી હવે ફોન મુકી દયો, બીજા ફોનની ઘંટડી વાગે છે. બે કલાક પછી જમરૂખ મલશે, ત્યારે

© RATILAL JOGIA

તેની સાથે વાત કરસો, ઓકે. પલીજ, પલીજ, સાંભળો સાંભળો ને, ત્રોપા શેઠે ફોન સાંભળ્યા વગર ફોન મુકી દીધો, ને બીજો ફોને ઉપાડીને વાતચીત ચાલુ કરી. ઓવરસીજ કોલ હતો. જેનું નામ ઠામ ને મેસેજ લેટર પેડમાં ટપકાવી ને ફોન મુકી દીધો. ને બાજુમાં પડેલ પાણીનું પવાલુ ગટગટાવી ગયા. ત્યાં ફરીથી ફોનની ઘંટળી વાગી. હલ્લો અંકલ. કોંણ એતો હું **કેન્ડી** આપની દુકાનની સેલ્સ ગર્લ. બોલ બેટા હું નામથી તો ઓળખતો નથી. કદાચ તને જોયને ઓળખું કેમ અત્યારે મોડે મોડે, ફોન કર્યો બેટા છે તો બધા ઓલરાઇટને ? જી. અંકલ હું શેઠે સોપેલા કામે આ એલચીબહેનના ફલેટ ઉપર માલ ડીલીવર કરવા આવી છું. સામે પેમેન્ટ લેવાનું છે. હવે એલચી બહેન કહે છે કે, જમરૂખ શેઠ ને ફોન માં વાત કર્યા પછી જ પેમેન્ટ આપું તો હવે, મારે શું કરવું ? સાંભળ બેટા, જમરૂખ તો પાર્ટીમાં ગયો છે. લવિંગી ભાભી તેવો પણ સાથે ગયેલા છે. બે કલાક પછી મલશે, તેવોનો મોબાઇલ પણ બંધ છે. અંકલ, તો હવે મારે શું કરવું અંકલ ? એક કામ કર, તું જેને ઘેર ગઇ છે, તેને ફોન આપ હું વાત કરીને સમજાવું. અંકલ તેવોએતો હમણાં તમારી સાથે વાત કરી, પરંતુ તેવો માનતા નથી, કહે છે કે તેવોજમરૂખ શેઠની સાથે વાત કર્યા પછી જ પેમેન્ટ કરીશ, તો પછી માલ પાછો લઇને હું ઘરે આવી જાવ કારણ કે સવાર થી ઘર છોડીને દુકાને હાજરી પુરાવી છે, ને હજી હું મારે ઘેર પહોચી નથી. તો મારા ઘરનાં ફીકર કરતા હશે, અંકલ પ્લીજ મને છુટી કરો, ખુબજ મોડુ થઇ ગયું છે. મને ડર લાગે છે. આવા અજાણ્યા કસ્ટમર ને ઘેર બેસતાં પ્લીજ અંકલ કાંઇક કરો.

અલી એઇ ચાંપલી તને સેનો ડર લાગે છે. અમો ખુબજ ઉંચા લોગ છીયે. અમો શરીફ માણસો છીયે, ને તું અમોને બદનામ કરે છે. ઉપાડ તારા માલનું પેકેટને તું ચાલતી થા અહિથી, નાના આંટી એવો અર્થ કરોમાં. હું તમોને નથી કેતી, ત્યારે કોને કહે છે, આ તમારા ડોબર મેનને (કુતરાને) જોઇને હું ડરી જાવુ છું. મને તેની બીક લાગે છે. સોરી આંટી તમો ગલત અર્થ કરસો તેવી મને કલ્પના પણ હતી નહી. સોરી આંટી મારી નોકરી નો સવાલ છે. તમો અંકલ સાથે વાત કરોને પ્લીજ તેવો અંકલ કોણ છે. તેવોને તમો નથી ઓળખતા ? ના હું નથી ઓળખતિ. કેમ તે દિવસે તો તમો આવેલા ત્યારે તો અંકલે જ તમોને જય શ્રી કૃષ્ણા કરેલા ને બેસવા માટે ખુરશી અપી હતિ. સાથે કોક પણ સર્વ કર્યુ હતુ. એવું બધુ અમોને યાદ ન હોય કાદચ જોવાથી ઓળખી શકાય. લ્યો ફોનમાં વાત કરો અંકલ સાથે, આટલી વાતચીત ફોન મારફતે અંકલ સાંભળતા જ હતા. એટલે એલાયચીયે ફોનેમાં હલ્લો કહ્યુ કે અંકલે વાતનો તંતુ સંભાળી લીધો. અરે એલાયચી બેટા હું તારો અવાજ ઓળખી શક્યો નહિ. કેમ છો મજામાં ? જય શ્રી કૃષણાં, તમે તમે તું છો એલચી બેટા પછી તારે જમરૂખ કે લવિંગીનું શું કામ છે? બોલ બેટા શું કામ છે. અમારી સેલ્ર્સ ગર્લનું કામ પતાવી દેને તારા સોફર્સ (ડ્રાયવર) ને કહે તેને કેન્ડીનાં ઘરે મુકીયાવે. બોલ બેટા કેન્ડીનો શું પ્રોબલેમ છે ? અંકલ તે માલનું પળીકુ દેવા આવી છે માટે તેને પેમેન્ટ કરવું કે નહિ.

© RATILAL JOGIA

બેટા પેમેન્ટ કરી દે જરાય મુંઝાઈસ નહિ. હું જમરૂખ આવશે ને ત્યારે, મેસેજ આપી દઈશ. તું બેફીકર રહે.ઓકે, પરંતુ અંકલ જમરૂખ શેઠ તો કહેતા હતા કે મનીની બાબત માં મને કે લવિંગી ને પૂછીને જ ફાઈનલ કરવું. હા ઈ વાત સાચી છે, પરંતુ ફાઈનલ થઈ જ ગયુ છે માટે હવે હું કહું છુ ને પછી તમોને ક્યાં પ્રોબલેમ છે? ના અંકલ પરંતુ જમરૂખ શેઠ નારાજ થાય તો, અરે એલાયચી બેટા, અમો વહેપારી લોગ ગ્રાહક ઉપર કદાપી નારાજ થઈયે નહિ. શું સમજી, ગ્રાહક ઈઝ ગ્રેટ, ગ્રાહક ને અમો ભગવાન સમજીયે છીયે. તને ખબર છે, તારા ઘરે કે સાથે, પેલા સીનીયર સીટીઝન આવેલા ને, હા તે કોણ હતા ? અંકલ તે મારા મમી છે. અત્યારે ક્યાં છે ? અત્યારે તેવો આઉટ ઓફ સીટી છે. તેવો આવેને ત્યારે પૂછી લેજે મારે ને તેને ઘરજેવો સબંધ છે. શું વાત કરો છો અંકલ મમીયે તો ક્યારેય આ વાત કરીનથી. આવીવાત ટીનએજરોને થોડી કરાય. પરંતુ અંકલ હું કયાં ટીનએજર છું. હુ તો ઘરતર છું. મારે એક બેબી પણ થઈ છે. હા ઈ મને ખબર છે બેટા, પરંતુ દિકરી સાસરે જાઈને, પછી, અમુક વાતો તેને ન કહેવાઈ શું સમજી, કારણ કે તું તારા મીસ્ટરથી આવીવાત છુપાવે ને તો ક્યારેક ખબર પડે એટલે જગડો થાય. માટે મને ખબર છે, તારી મમી ખુબજ સંભાળીને વર્તણુંક કરવા વાળી છે, ડાહી છે, સમજદાર છે. અચ્છા અંકલ હવે તમો કહો છો તો આ કેન્ડીને પેમેન્ટ કરી દવ છું. સ્યોર અને હા કેન્ડીને તું તેના ઘરે પહોંચાડી દેજે. ઓકે અંકલ આટલી ઓળખાણ છે. એટલે હવે મુંજાવનો પ્રશ્ન છે જ નહિ, પરંતુ કેન્ડીયે કહ્યું ને કે મને અહિં ડર લાગે છે તે મને ખુબજ ખરાબ લાગ્યું છે.એલાયચી બેટા વર્કર લોકો થાકેલ પાકેલા સાંજે ઘેર જાવાની ઉતાવળમાં હોય, વળી તારા મારા જેવા હોશીયાર પણ ન હોય, વધારે હોશીયાર હોય તેમ મનાવું, માટે તેની વાત ઉપર ધ્યાન નહિ આપવાનું, મને ખબર છે, તમો ખુબજ શરીફ માણસ છો, માટે આ પ્રોબલેમ સોલ કરી નાખ, શ્યોર અંકલ, કેન્ડી સાથે વાત કરી લ્યો. હલ્લો કેન્ડી બેટા, એલાયચી તો આપણી જુની કસ્ટમર છે. માટે તે પેમેનટ કરે છે તે લઈને તું તારે ઘેર જા તને તેવો તેની ગાડીમાં મુકવા આવશે તારે ઘરે. અંકલ જમરૂખ શેઠે તો પેમેન્ટ લઈને તમારે ઘેર આપવા આવવું તેમ કહેલું છે. ના બેટાનાં તુ ફીકર કરીશ નહિ. અત્યારે રાત્રીના ટાઈમે જોખમ લઈને અહિં આવવાની જરૂર નથી. સવારે ડ્યુટી પર આવો ત્યારે લેતા આવસો તો ચાલશે બેટા. તારે ઘરે ફોન હશે તો નંબર લખાવી દે એટલે. જમરૂખ આવે એટલે હું ફોન કરાવીશ. ફોન છે ને ? ના નથી, કાંઈ વાંધો નહિ, એલાયચી તને તારે ઘેર મુકી જાસે, ફીકર કર નહિ. પરંતુ અંકલ, શેઠ મને ખીજાસે તો? નહિ ખીજાઈ. હું શંભાળી લઈશ. બસ તું પેમેન્ટ લઈલે ને તારે ઘરે ખુશીથી જા ઓકે, ને આમ વેપારી બુધ્ધી થી કામ નીપટાવી લીધુ. ગ્રાહક સાચવી લધુ, સેલ્સગર્લ ને સાચવી લીધી ને પેમેન્ટ પણ કરાવી લીધુ.

ઉમર ને અનુભવ થી વેપારી કુનેહ કામે લાગ્યા. ફરીથી ફોન, અંકલ મે પેમેન્ટ ચકવ્યુ છે.

© RATILAL TOGIA

હવે જમરૂખ શેઠ આવે ત્યારે તેને કહેશો મને ફોન કરે ઓકે. જરૂર જરૂર તું ફીકર કરીશ નહિ, ને ફોન કટ કરી નાખ્યો. થોડીવાર પછી ફોનની ઘંટળીવાગી, હલ્લો અકલ હું તમારી સેલ્સગર્લને તેને ઘેર મારા નોકર સાથે રીક્ષા માં મુકી આવ્યા છીયે, કેમ ગાડી ન કાઢી ગેરેજમાંથી, નાં અંકલ એવું નથી. ઠીક છે, કામ થઇ ગયુને હા થઇ ગયુ. ઓકે. હલ્લો અંકલ એક વાત તો પૂછતાં ભુલીજ ગઇ તમો ખરેખર કોણછો જમરૂખને શું થાવ છો. હું હું હવે તને નહિ બતાવું કારણ કારણ કે હવે તો તું રૂબરૂ મલીશને ત્યારે જ કહિશ મને ખબર છે. અંકલ તમારી કેન્ડી કહેતી હતિ કે તમો જમરૂખના ડેડી છો, ખરૂં કે નહિ, તો પછી હવે પાણી પીધા પછી ઘર કેમ પૂછે છે. મને મનમાં એમ થાય છે કે કયાંક મારી સાથે ફ્રોડ તો નથી થયોને ? ધાર કે ફ્રોડ થયો હોય તો તો પણ હવે શું થાય ? તો બસ બેટા ફીકર કર નહિ, શાંતિથી ઉંઘીજા, તારા મીસ્ટર કયાં છે, તે પણ મમી સાથે બહાર ગયા છે. અચ્છા આ વાત મમીને ને તારા એ ને કહેવાની છે કે પછી... તમો પણ શું અંકલ જો કહેવાની હોય તો તો પછી, તેવો આવ્યા પછી જ ખરીદી કરતે ને ઓકે. ઓકે, સમજી ગાયો, બોલ હવે કયારે મલવા આવે છે. આવીસ આવિસ નેક્સટ વિક અને હાં જમરૂખ શેઠ આવે એટલે મને ફોન જરૂરથી કરાવશો, ભુલ શો નહિ ઓકે બાઇ. જય શ્રી કૃષ્ણાં, ને આવી લોંગ ટાઇમ લાંબી વાત ફોન ઉપર થઇ ત્યારે એક્ષચેંજમાંથી પણ રીંગ થઇ કે આટલી લાંબી વાતકરો છો તો બીજાની લાઇન બીજી રહે તેનો ખ્યાલ કરો શું સમજ્યા ને. ફોન કટ થઇ ગયો. પછી અંકલ પોઢી ગયા કારણકે તેનો સમય થઇ ગયો હતો.

જમરૂખ ને લવિંગી કયારે ઘરે આવ્યા તે તેને ખબર પડી નહિ, પરંતુ નીંદર ઉડી ગઇ કારણ કે ફોનમાં મોટે મોટે થી વાત કરવાનો આવાજ આવતો હતો. અરે એલાયચી તે પેમેનન્ટ કરતા પહેલા મને કે લવિંગીને પૂછવું જોયે કે નહિ. કેન્ડી નવિ નવિ અમારે ત્યાં કામે આવેલી છે. આ રકમ લઇને સવારે તે કામ ઉપર નહિ આવે તો તો તો... તારી જવાબદારી, નહિ મારી જવાબદારી નહિ. બીલકુલ નહિ. મે અંકલ ને પૂછીને પછી જ બધુ ફાઇનલ કર્યુ છે. એ ન ચાલે, નચાલે ને તો ઘેર બેસીને કસ્ટમર સાચવ, આમ મોડી રાત્રે સુધી બહાર રખડવાનું છોડી દે. તારી સેલ્સગર્લ ને હું થોડી મારે ઘેર અત્યાર સુધી બેસાડી રાખું. તારી સેલ્સગર્લે તો ઉલ્ટાનું મારું અપમાન કર્યુ ને કહયું મને અહિયાં ડર લાગે છે. હા આપણે કેવા શરીફ છીએ તે સબ જાનતે છે, અબે ચુપ મે અંકલ સાથે વાત કરીને પેમેન્ટ કર્યુ છે. અંકલ-અંકલ-અંકલ, **કેમ તે અંકલ તારો બાપ છે કે- બીજો કોઇ. તારા બાપથી પણ વધુ કીંમત તારી બૈરી ની છે શું ?** ને જમરૂખ ફોન ઉપર વાત કરતા કરતા રાતોપીળો થઇ ગયો.

ફોનનું રીસીવર કેડલ ઉપર પછાડીને ફોન કટ કરી નાખ્યો ને નિંદરને વેરણ બનાવીને પડખા ઘસતો રાત પસાર કરતો રહયો. આ બાજુ કેન્ડી ખૂબ જ ખૂશ હતી. તેનીએ બુધ્ધિ વાપરીને વાત વાળી લીધી હતી ને ડોબરમેનનું (કુતરું) બહાનું બતાવી વેપારી કુનેહ બતાવી

© RATILAL JOGIA

પાકી સેલ્સગર્લ છે તેની ખાતરી કરાવી હતી. અંકલ (ત્રોપાશેઠ) પણ કેન્ડીને કે એલાયચીને ઓળખતા તો હતા જ નહિ. પરંતુ દીઠેય જાણતા ન હતા છતાં વેપારી કુનેહ વાપરી અંધારામાં તીર મારી પોતાનું કામ કઢાવી લીધું. અલબત દુઃખ કર્યા વગર પોતાની દુકાને કામ કરવા આવતી કેન્ડી ભલે નવી નવી કામ કરવા આવતી હોય પણ સરવન્ટ લોકોને પણ નાક આબરુની ખેવના હોય છે. વર્કર લોકો ભલે ગરીબ હોય, છતાં આબરુદાર હોય છે. કારણકે સર્વિસ સીવાય બીજો કોઇ વિકલ્પ તેને આવક કરવા અવકાશ નથી. ત્યારે સામે પક્ષે એલાયચી પણ પહોંચેલી તો ખરીજ તેની પાસે ગાડી કે ગેરેજ કાંઇ નહતું. છતાં પેક મભમ રહીને વોચમેનને પાંચની નોટ પકડાવીને કેન્ડીને રીક્ષામાં તેને ઘેર પહોંચતી કરી. ઉપરાંત કેન્ડીનું ઘર પણ વોચમેને જોઇ લીધું. જેનો અંત સારો તેનું બધું સારું.

સવારે રુટીન મુજબ કેન્ડી મની બેગ લઇને ટાઇમસર ડ્યુટી બજાવવા ફરજ ઉપર હાજર થઇ. જમરૂખે તેના બાપાને ઠપકો આપ્યો કે, કેન્ડી ન આવે તો ત્યારે, ત્રોપાશેઠે કહયું કે મારો અનુભવ કહે છે કે, એવું નહિ બને. ત્રોપાશેઠ સાચા પડ્યા. કેન્ડી આવી ગઇ છતાં જમરૂખને પસ્તાવો ન થયો, કે મે રાત્રે નાહક નો લોહિ ઉકાળો કર્યો ને સામી વ્યક્તિના દિલ ને દુઃખ પહોંચાડ્યું. જમરૂખ તો રુટીન મુજબ કામે ચડી ગયો. થોડા દિવસ પછી એલાયચી અંકલ ને મળવા આવી. કેન્ડીને બોલાવીને અંકલ ને મળી ત્યારે તેઓ ત્રણેય અજાણ્યા માલુમ પડ્યા. તેઓ ત્રણેય એકબીજાને ઓળખતા હતા જ નહિ. છતાં એકબીજાને ખૂબ જ આત્મયથી મળ્યા. એલાયચી ખૂબ જ નમણી ને નકાસી હતી. તેનીયે બે હાથ જોડીને ત્રોપા શેઠ ને વંદન કરીને જય શ્રી કૃષ્ણ કર્યા અને ખૂબ જ નરમાશ થી વાતચીત કરી. બાજુમાં કેન્ડી ઉભી હતી તેનીયે પણ એલાયચી ભાભી બેસોને શું લેશો ઠંડુ કે ગરમ ? આજે શું ખરીદી કરવી છે વિગેરે પુછીને એલાયચીને ભાવ વિભોર બનાવી દીધી. યારે ત્રોપાશેઠે એલાયચીને તથા કેન્ડીને ધારી ધારીને નીરખીને અંદાજ લગાવી દીધો. બંને ખાનદાન કુળના સભ્યો છે. તેઓ બંનેને મળીને ખૂબજ ખૂશી થયા. કેન્ડી અને એલાયચી પણ ત્રોપાશેઠને મળીને ભાવવિભોર થઇ ગયા.

પછી એલાયચી બોલી કે દાદા આપણે તો ક્યારેય મલ્યાજ નથી. આજે પહેલી વખત મલીએ છીએ. મારી મમ્મી પણ તમોને મળી નથી. છતાં તમોએ એવી એવી વાત કરીને મને વાતોની લપેટમાં લઇને ભીંજવી પલાળી દીધી. તે રાત્રે તમોએ સમજદારી ન બતાવી હોત તો હું કદાપી આ દુકાને આવી શકત નહી. ત્યારે કેન્ડી બોલી દાદા તમોએ તો મારી નોકરી બચાવી છે. કારણકે હું નવી નવી સર્વિસમાં જોઇન્ટ થયેલી છું માટે તમારો ખુબ ખુબ આભાર દાદા. આમા આભાર માનવો તે તો ઠીક છે સારી વાત છે. પરંતુ મારા આટલા વર્ષનો અનુભવ મને આ કામ પાર પાડવા માટે મને શીખવ્યું છે. ત્યારે કેન્ડી ને એલાયચી એક સાથે બોલી ગયા. દાદા તમોએ અમારી વાતચીત ઉપરથી કેમ અંદાજ લગાવ્યો. બેટા વાત એમ છે કે, એમ જ સમજને

© RATILAL TOGIA

વેપારી માણસ બહુ ચોખવટથી તમોને બતાવી શકે નહી. પરંતુ ઉમર ને અનુભવથી બહુ સમજાય. તમો પણ મારા જેવડા થશોને એટલે આપો આપ બધુ સમજી જશો. ત્યારે કેન્ડીથી રહેવાયું નહિ ને બાંધી મુઠી ખુલ્લી કરી દીધી કે એલાયચી ભાભી મે તો તમારા ડોબરમેનનું બહાનું જ બતાવ્યું. પરંતુ તમારે ઘેર આવ્યા પછી મને તમારો જ ડર લાગતો હતો. અંદર ખાને ધ્રુજી રહી હતી. તમો માલ લઈ લ્યો ને પેમેન્ટ ન કરો, ક્યાંક તમારા ડોબરમેનને ઈશારો કરી દયો તો તો મારું આવી જ બને ને ? ત્યારે વચે દાદા કેન્ડી ને ખંભ હાથથી ટપલી મારી કહયું કે, હટ આવી ચોખવટ ક્યાંય પણ કદાપી ન કરાય. નાહક મન દુઃખ થાય શું સમજી ! માટે હવેથી ધ્યાન રાખજે ને કેન્ડી સમજી ગઈ. ત્યારે એલાયચી બોલી કે કેન્ડીની વાત સાચી છે.

મારો એ જુગારી ને દારુડીયો છે. સારુ થયું તે દિવસે તે હાજર હતો નહિ.નહિતર તેને નવી નવી છોકરીયું સામે ખરાબ દષ્ટી થી જોવાની આદત છે. **સારું એટલું મારુ,** તે એવો હલકટ છે. ત્યારે દાદાએ કહયું કે એલાયચી બેટા ઘરવાળાની આવી વાત ન કરાય. તેને તું ભરપુર પેટભરીને પ્રેમ આપ એટલે તે આપો આપ ઠેકાણે આવી જશે. આમ દાદાની શીખામણ કેન્ડીને તથા એલાયચીને ગળે ઉતરી ગઈ ને ત્રાણેય નો સબંધ જળવાઈ રહયો. પરંતુ વેપારી માણસોને સબંધ કરતા સ્વાર્થીપણું વધારે હોય છે. જેમ કે રાજકરણ માં કાયમી સબંધ હોતા નથી તેમ વેપારમાં પણ કાયમી સબંધ હોતા નથી. વેપાર છે એ તો વેવાર છે. વેપાર નથી તો કોણ હું ને કોણ તું ? એમ અમુક ટાઈમ પથી એલાયચી ખરીદી કરવા આવી ત્યારે અમુક રકમનું ઈન્સ્ટોલમેન્ટ કરી આપવા કહયું ત્યારે દાદાએ સોઈજાટકીને કહી દીધું કે સબંધ વસ્તુ અલગ છે ને વેપાર વસ્તુ અલગ છે. માટે એકાઉન્ટ રાખી શકાય તેમ નથી. ત્યારે એલાયચીને ખૂબ જ દુઃખ થયું ને કહયું કે દાદા તમો ના પાડો છો ? ત્યારે દાદા એ કહયું બેટા હું ના નથી પાડતો મે ના પાડીજ નથી. પરંતુ અત્યારે એકાઉન્ટનું કામ ખોરંભે પડેલું છે. માટે બેલેન્સ રાખી શકાય તેમ નથી. ત્યારે એલાયચીને હાડો હાડ દુઃખ વ્યાપી ગયું કે વેપારી સાથે ગમે તેવો સબંધ હોય તો પણ સ્વાર્થ વગર હોતો નથી. ને ત્યારે જ મનમાં ગાંઠ વાળી લીધી. ઘરે જઈને ખૂબ જ જીવ બાળ્યો.

તેનું કામ ખોરંભાઈ જતું હતું. આખરે તેનીએ મનોમન નક્કી કરીને જમરૂખ શેઠને ફોન કર્યો. ત્યારે જમરૂખ શેઠે આજે શાંતિથી વાત સાંભળીને શાંતિથી વાત કરીને કહયું તમે તમારે ખુશીથી ખરીદી કરી જાવ. પેમેન્ટ થાય ત્યારે કરશો તો પણ ચાલશે. ફીકર કરોમાં, ત્યારે એલાયચીએ ત્રાણ ત્રાણ વખત જમરૂખની પાસે બોલાવ્યું કે પેમેન્ટ થાય ત્યારે આપશે ને પછી બીજે દિવસે એલાયચી આવીને ખરીદી કરવી હતી. તેનાથી ડબલ ખરીદી એક પણ પૈસો આપ્યા વગર કરી ગઈ. ત્યારે કેન્ડી એ કહયું કે આજે દાદા નથી. જમરૂખ શેઠે તમોને ખરીદી કરવાનું આમંત્રાણ આપ્યું તે બરાબર છે. પરંતુ અમુક રકમ બાકી રાખવાની બાત છે. ત્યારે તમો તો બધુ જ બાકી રાખવાનું કહો છો. ત્યારે એલાયચીએ કહયું કે શેઠ સાથે વાતચીત થઈ ગઈ છે.

© RATILAL JOGIA

તું પુછી લે પછી માલ આપે તો પણ ચાલશે. ને જમરૂખ શેઠને ફોનથી પુછ્યું. શેઠ કેન્ડી ઉપર ધખી ગયા કે મે કહયું છે, માટે તે ગ્રાહક ખરીદી કરવા આવી છે. તું તથા દાદા તો મારા ગ્રાહકો તોડી નાખશો, માટે **''સટઅપ''** હું કહું તેમ કરો. ત્યારે કેન્ડી એ કહયું કે તેને જે ખરીદી કરવી હતી તેના કરતા ડબલ કરી છે અને બિલકુલ પેમેન્ટ ચુકવ્યા વગર માગે છે. માટે તમોને પુછીને.... ચુપ.. મે કહયું તેમ કરોને, લાચાર કેન્ડી એ માલ ડીલીવર કરી ને બાકી પેમેન્ટનું બીલ બનાવીને આપ્યું. ત્યારે કેન્ડી પૂછી બેઠી કે એલાયચી ભાભી, આ પેમેન્ટ તમે આપી જશો કે પછી હું લેવા આવું. ત્યારે એલાયચીએ મોઢું મચકોડીને જણાવ્યું કે હવે ઘેર આવતી નહિ. મારો એ ઘરે જ રહેવાનો છે. મે પેમેન્ટ તો થાય ત્યારે આપવાની વાત નક્કી કરેલી છે. માટે તું ચીંતા છોડીને ધંધામાં ધ્યાન આપ. બાય બાય ભાભી બાય આવજો. જય શ્રી કૃષ્ણ.

સાંજે દાદા દુકાને આવ્યા ત્યારે કેન્ડીએ એલાયચીની વિગતે વાત કરી ત્યારે દાદાએ કપાળ કુટયું કે હવે આ પેમેન્ટ નહિ આવે. તરત જ વાત કરતા જમરૂખ ખીજાઈ ગયો. ને ધુઆકુઆ થતો બોલ્યો, તમો ચીંતા કરોમાં મંદિરે જાવ મંદિરે ને ભજન કરો ભજન. મારા ધંધાની મને ખબર છે. તમારો જમાનો ગયો અત્યારે તો પબ્લીક પાસે પૈસો ને ઈજ્જત ખુબ જ વધી ગયા છે. વળી ધંધામાં પણ ખુબ જ કોમ્પીટીશન છે. માટે ધંધામાં ટકી રહેવા પણ બધું નભાવુ પડે છે. તમો ફીકર કરો માં પેમેન્ટ આવી જશે. દાદા સમસમીને બેસી ગયા.

જોત જોતમાં મહીનો પસાર થઈ ગયો. એલાયચી ને ફોન કરતા ખબર પડી કે તેઓ તો આ બ્લોકમાં ટેમ્પરરી ભાડેથી રહેવા આવેલા ને અત્યારે તો તેઓ અહીથી ચાલ્યા ગયા. હવે અહી રહેતા નથી. ક્યાં ગયા છે તેની પણ ખબર નથી. ખૂબ તપાસ કરી છતાં એલાયચીની ભાળ મળી નહિ. ત્યારે દાદાને બારોબારથી ખબર મળી ત્યારે પોતાનો અંદાજ સાચો પડયો છતાં અંદરથી ખુશી થવું કે દુઃખી થવુ તે દાદા નક્કી કરી શકયા નહી. આ તરફ કેન્ડી પણ મનો મન ગાંઠવાળીને નોકરીમાં ધ્યાન ઓછું દેવા લાગી તેને પણ ખુબ જ અફસોસ થયો. પરંતુ કહેવાય છે ને કે સતા આગળ શાણપણ નકામું. તેમ કેન્ડી ને દાદા એક બીજાનું મોઢું જોઈને બેસી ગયા. ત્યારે જમરૂખ શેઠ ફોનમાં રાડારાડ કરતો હતો. **અતિ લોભ પાપનું મુળ છે તે ભુલવું જોઈએ નહી.**

**સ્થિતિ સ્થાપકતા ડહાપણની નિશાની છે.**
**ડાહયો માણસ પોતાનો નિર્ણય બદલે છે મુર્ખાઓ નથી બદલતા.**

પરંતુ દાદાની જીવન યાત્રામાં ઘણી બધી કેન્ડી રૂપિ સેલ્સ ગર્લ આવીને ગઈ દરેકે પોતાનો સ્વાર્થ સાધ્યો. સાચા હૃદય થી બાપદીકરીની જેમ જે સ્નેહ હોવો જોઈએ એવો સ્નેહ કે પ્રેમ કોઈ કેન્ડી આપી શકી નહી. દાદાને ખ્યાલ તો આવી જ ગયો હતો કે, આ દરેક કેન્ડી ઓ એર હોસ્ટેસ જેવો પાઠ ભજવે છે. દાખલા તરીકે એર હોસ્ટેસ આપણે પ્લેનમાં ચઢીયે ત્યારે જે

© RATILAL JOGIA

સ્માઈલ આપે ને આદર સતકાર કરે ને હસીને વાત કરે ત્યારે આપણને એમ જ લાગે કે ઓ હો હો હો આ બહેનોને આપણી ઉપર કેટલો બધો ભાવ, લાગણી અને પ્રેમ છે. ને આપણે તે લાગણીમાં ભીંજાય જાયે ને તરબોળ થઈ જાઈએ ને ડાહયા ડમરા થઈને સીટ બેલ્ટ બાંધી બંધાય ને બેસી રહીએ. કાંઈ જોઈતું કરતું હોય તો પણ મંગાવીએ નહી. લાગણીથી મન એમ કહે કે નાહક બીચાળી એર હોસ્ટેસ ને હેરાન નથી કરવી.

આમ પ્લેન લેંડ થતાં આપણે ઉતરવા વીંડો પાસે જઈએ એટલે બીજી જ એર હોસ્ટેસ ઉભી હોય. તે ફક્ત બે હાથ જોડીને નમસ્તે કરીને વીદાય આપી દયે ત્યારે આપણે પાછું વળીને જોઈ લઈએ. પરંતુ પેલી ફટાકડી નજરે ચડે નહિ. ત્યારે પાછળ વાળાને મોડું થતું હોય એટલે આપણે પણ ફટાફટ ચાલવા મંડીએ. બધુ ભુલીને નવો માહોલ મગજમાં રચીને તેમ આ પણ કેન્ડી નવી નવી સેલ્સ ગર્લ તરીકે જોઈન્ટ થઈ હોય. પછી તે નોકરી છોડીને જાય ત્યારે ને ત્યાર પછી દાદા બધાને યાદ કરીને વાગોળતા હોય. પરંતુ પેલી કેન્ડી દાદાને યાદ ક્યાંથી કરે કારણકે તેની જુવાનીના પગમાં જોમ હોય. બીજે ઠેકાણે તેને ઠરી ઠામ થઈને સર્વિસ કરવી હોય. ક્યારેક વળી બીઝનેસ ને ઠેકાણે મલી જાય તો, કેમ છો દાદા મજામા એનાથી આગળ વાત નહી. છતાં દાદા લાગણી બતાવે અરે કેન્ડી ક્યાં છો. તો કહે મારે ઘેર, ઘણા વખતે મલી બેસ, તો કહે હાલ હું ઉતાવળમાં છું ફરી મલીશું. ઓકે. આમ કહી દાદાથી દુર થઈ જાય. ત્યારે દાદાને વિચાર આવે કે, મારી બેટીને લેવાય એટલો અનુભવનો લાભ લઈ લીધો હવે કેવા દાદા ને કેવી કેન્ડીનામની દીકરી, સ્વાર્થ પૂરો થયો. **બાત ગઈ, રાત ગઈ,** કોણ તું, કોણ હું.

કહેવાય છે કે સંસાર નું ચકરડું રેન્ટ જેવું છે જે ચાલુ જ રહે છે. રેંટમાં જેમ એક ખાલી થાય છે ને બીજુ ભરાય છે. તેમ જીંદગીમાં પણ ઘણા આવે છે ને ઘણા જાય છે. જેની સાથે જેટલી ને જેવી લેણા દેણી. એટલે તો આપણે સૌ માનીએ છીએ કે ઓવાર ના લાકડા છીએ. આજે મલ્યા છીએ ક્યારે છુટા પડી જઈશું કહેવાય નહી. છુટા પડયા પછી મલીશું કે નહી તેની ગેરેંટી નહી. માટે આનંદથી ને પ્રેમથી જીવી જાવું. તેમ સારું છે સાચું છે બાકી બધું ડ્રીમ સમજવું રહયું. આ સંસાર દુઃખ રૂપી દરીયો છે. જમાં ક્યારેય આનંદ કે સુખ છે જ નહિ. દરિયો ખારો છે તેમાં એક ટીપું પણ મીઠા પાણીનું હોઈ શકે નહી. એ અસંભવ વાત છે. ગમે તેવો મરજીવો દરિયામાં કુદી પડે તો તે બચી શકે નહિ. ખુદ તારણહાર પરમકૃપાળુ પરમાત્મા જ તેને ઉગારી શકે. બાકી કોઈ બચાવી શકે નહિ. તેમા આ સંસાર માં પણ સુખની શોધમાં ભટકતા આત્માઓ ને ક્યારે સુખ સંપન થતું નથી. માટે મોક્ષથી છુકકારો થાય તેવી પ્રાર્થના બાર બાર કરતા રહેવું. ક્યારેક ને ક્યારેક પરમકૃપાળુ આપણને ઉગારશે જેમાં બે મત નથી. તેમ માનીને ત્રોપાશેઠ ઉર્ફે દાદાજીએ જેવી રીતે કાચબો પોતાનું શરીર સંકોચી લ્યે તેમ લાગણીનો બંધ વાળી લીધો. પોતાની તરફ તેમની પોતાની ઈચ્છાઓ સંકેલી લીધી. નરોવા કુંજરોવા કામ ચલાવ્યું. ને નક્કી

© RATILAL JOGIA

કરી લીધું, મનમાં ગાંઠ વાળી લીધી. કે ભલે મારા મન મારા કોઈ દુશ્મન નહતું. તેમજ છે નહિ પરંતુ હું કોઈનો દુશ્મન નડતર રૂપ જરૂર સાબિત થાવ અને દુઃખ રુપી કડવો બનાવ કરતા હું મારી પોતાની ઈમેજ વહેવારીક રીતે રીતરીવાજ ને મારી ભવ્યતા સંકેલી લઉ ને હું પોતે મારા મનને કાબુમા રાખીને મન મારીને ઈશ્વરને સ્મરણ કરતો બેસી રહું. જેવી મારા ઠાકોરજીની ઈચ્છા તેની ઈચ્છાને માન આપવું જ રહયું.

**ભલું થયું ને ભાંગી જંજાળ,**
**સુખેથી ભજશું શ્રી ગોપાલ,**
**અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,**
**જુજવે રૂપે અનંત ભાષે.** **નરસિંહ મહેતા**

**બુઢ્ઢો બાપ બટાકા બરાબર,**
**ઘરકી મુરઘી જેમ દાલ બરાબર**

**ખાસ નોંધઃ** તાર ફોન, ટેલીફોન, મોબાઈલ, વાયરલેસ, વોકીટોકી, રેડીયો, ટેપ, ટી.વી., ઈન્ટરનેટ જે ઈલેકટ્રોન માધ્યમથી ચાલે છે. તેની મારફત સંદેશાની આપલે થાય છે તે પણ એક અલગજ દુનીયા છે જેના અજાયબીનો પાર નથી. કલ્પના કરી શકો કે આ સાધનો નહિ હતાં ત્યારનાં લોકો કેવી રીતે વહેવાર કરતાં હશે કે જયારે પથ્થર યુગ હતો. ત્યારે માણસો એ કેટ કેટલી યાતનાવો ભોગવી હશે. જે કલ્પનાં માત્રથી ધ્રુજી જઈશું. શું આ વાત ખરી નથી?

© RATILAL JOGIA

દ્વારકાધીશ કી જય.

# ૪૦ ''સત્યમ'' ને શું કહેવું?

આંણદાસોની ઓ આંણદાસોની ઘરમાં છે કે , આવો જસબીર શિંગ આવો. માજન તો પુજા પાઠ કરવા બેઠા છે, કાંઇ કામ હતું. ભાભીજી કામ હતું. માટે આવ્યો છું. ઠીક છે પેઢીમાં બેહો હમણા પરવારીને તમારા ભાઇ આવશે. ભલે ભાભીજી, જશબીર પઢીમાં તકીયાને ઓધારે એઢીલીને ગોઠવાઇ ગયો. ને પછી આ સોની માજનનાં વિચારે ચડી ગયો. નાનું નહિ ને મોટુ નહિ. ગામ ગામને પાદર ભોલાનાથ ને હનુમાજીનાં મંદિરના ડેરા કે ડેરીયું કે મંદિરો આજુબાજુ થોડાક પાળીયા પણ ખરા. ગામની વચ્ચો વચ ચોરો એટલે કે ઠાકર મંદિર સંધ્યા ટાણે ત્યાં આરતિ થાય. ત્યારે આરતી થઇ રહ્યા પછી ઘરનાં વડીલ કહે કે, જાલર ટાણું થયું દિવાબતી કરો. ચોરાથી જમણી બાજુ બજાર બજારને છેડે આણંદા સોનીની પેઢી.

તે જમાના માં લુહાર-સુતારની દુકાનોને કોઇડ કહેતા. સોની દરજી ની દુકાનને પેઢી કહેતા. વાણીયા લુવાણાની દુકાનને હાટ કહેવાતું. વાણંદ-હજામને કોથળીથી ઓળખતાં ધોબી-મોચીને વહવાયાની ગણતરીથી પહેચાનતા જે હોય તે કુંભારોને ભગત તરીકે ઓળખતા ઠાકોર મારાજની જે આણંદા સોનીની ગલી ને નાકે પેઢી હતી. બાજુમાં ડેલી, ડેલીની અંદર ઓસરી ઉતાર-બે ઓરડાનું, દેશી નળીયાનું ખોરડું, સામે એક ઢાળીયું જેમાં ગાય, ઘોડી બાંધતા જમણી બાજુ નાણી નાણી એટલે કે દરવાજા વગરનો બાથરૂમ કળશીયે જાવા માટે ગામની ભાગોળે જાવું પળતું. તેને કહેવાતું કે હવે જંગલ જાવું છે. (W.C.) ફળીયામાં એક ખુણે તુલશી નો કયારો સામી બાજુ પંખીને પીવા માટેનું પાણીનું પરબ તે પાણીથી ભરેલું રહેતું.

ઘરમાં એકનો એક દિકરો.**''સત્યમ''** ઉપરાંત પોતે બે માણસ ઘરમાં કુલ ત્રણ સભ્યોનું નાનું કુટુંબ સુખી કુટુંબ ત્યારે ''સત્યમ'' બાજુના શહેરમાં અભ્યાસ માટે ભણવાજાઇ. કારણ કે પોતાના ગામમાં સાત ધોરણથી વધુ અભ્યાસ અગર ભણવાની સગવળ હતિ નહી. માટે ''સત્યમ'' ને તેનીજ ઉમરનાં ચાર પાંચ છોકરાવ. સાથે વહેલી સવારે ચાલતો ત્રણ ચાર કિલોમીટરનો રસ્તો કાપીને બાજુના શહેર કમ ગામમાં ભણવાં જાતો. આંણદા સોની ધર્મચુસ્ત

© RATILAL JOGIA

માણસ દેવોના દેવ-મહાદેવ ભોળાનાથ શંકરદાદા નો (ભગવાનનો) ભક્ત ઠાકોરજી નો સેવક સુખરૂપ જીંદગી ગુજારે ન કોઇ જંજટ ન કોઇ ફીકર કારણ કે વરસ દિવસ ચાલે એટલા જુવાર, ઘંઉ, બાજરો,કઠોળ વિગેરે ઘરની કોઠીમાં ભરી લ્યે. મૌસમ વખતે પછી ખર્ચ કાંઇ નહિ. પોતાનું ગુજારો (ગુજરાન) ચાલે એટલું મહેનત મજુરથી કમાય લ્યે. કબીર સાહેબની વાણી જીવનમાં ઉતારેલી.

**દેને કો ટુકળા ભલા , લેને કો ભલા રામનામ.**

બાકી બધુ ''ઠાકોરજી'' ની ઇચ્છા મુજબ ચાલ્યે રાખે. જીંદગી માં શું બાંધી જાવું છે. સાથે નાહક અપ જસ લેવો. ને **''આંખે''** થાવું, આવો સંતોષી જીવ આનંદથી રહે. એટલે જ આંણદા સોની તરીકે આજુબાજુ નાં ગામડામાં તેની સારી છાપથી ઓળખાય.

જે માતજી કયારે આવ્યો એટલુ કહ્યું. ત્યારે જસબીર આ બધુ વિચારોને ચગડોળે ચડીને વાગોળતો હતો. તેમાંથી વિચાર ખંખેરી ને વિચારો માંથી બહાર આવ્યો. શું વિચારે ચડેલો જસબીર એમ સોની માજને પુછયું કાંઇ નહિ. મનમાં મનમાં તમોને યાદ કરતો હતો કે આ સોની ભગત કેટલો વખત પુજા પાઠ કરશે ને મારે બેસી રહેવું પડશે. એટલે તમારા જ વિચાર કરતો હતો. સારૂ - સારૂ બેસ જસબીર બેસ નાં હવે બેસાય તેમ નથી. ખુબજ મોડું થઇ ગયું છે. એમ, શું કામ હતું. કામમાં તો નવું કાંઇ નથી. આ **''ચગદુ''** (પેંડલ) છે. એટલે થયું કે લાવ આને રીપેરીંગ માટે દયાળું ને તમોને મલતો જાંવ સારૂ કૈરૂ ભઇલા, આમ કયારેક, કયારેક આવતો હોયતો અમોને પણ આનંદ થાય ત્યારે જસબીરે કહ્યું માજન તમો તો કાયમ આનંદ માંજ રહો છો. તમારા તો નામ પ્રમાણે ગુણ છે. તમો તો ઓલ્યા (અવતારી) પુરૂષ છો. રહેવા દો રહેવા દો. જસબીર બહુરૂળુ મનાવિને મને છેતરવાતો નથી આવ્યોને.

બાપલા, લ્યો કરો વાત. માજન હું તમને મારા પુજનીક માનું છું. એવુ અજુગતું પગલું હું કયારેય નહિ ભરૂ. લ્યો ચાહ લ્યો, ચાહ પ્યો બહુ બેવ જાણા વાતે વળગ્યા છે. કાંઇ, એતો કાકી અમો રમુજ કરીયે છીએ. ઠીક છે ભાઇ ત્યારે એઇને બન્ને જાણાએ સાથે ચા પીધી. પછી જસબીર શિંગે ગજવામાંથી સોનાનું પેન્ડન્ટ કાઢયું. લ્યો, માજન આ પેન્ડન્ટ આ પેન્ડન્ટનું કળી નાકું બદલાવી આપો. ઘસાય ગયું છે. નાહકનું ટુટી ફુટી જાસે તો પેન્ડન્ટ વગર ના થઇ રહેશું. ભલે, પેન્ડન્ટ જોઇ તપાસીને વજન કરીને આણંદા સોનીએ કહ્યુ કે આ પેન્ડન્ટનું વજન પુરેપુરૂ એક તોલું ને બે રતિ ઉપર છે. ત્યારે જસબીર બોલ્યો કે જે હોય તે મને તમારો પુરેપુરો વિશ્વાસ છે. તમો કયો ત્યારે પેન્ડન્ટ લેવાં આવું. એમ કર ઉતાવળ નથીને, ના-નથી, તો પછી.... એક અઠવાડી પછી .... આવીને લઇ જાઇસ. ચાલસે, ભલે જે માતાજી કહિને જસબીર ઉભો થયો. ત્યાં ''સત્યમ'' આવિ ગયો. સ્કુલેથી અરે સત્યા વેલો વેલો હા આજે હાફ ડે હતો. કેમ ચાલે છે. તારો, અભ્યાસ અંકલ બરાબર ચાલે છે. અંકલ બેસોને સત્યમે વિવેક કર્યો

© RATILAL JOGIA

ના ઘણીવાર થયા બેઠો છું. ઠીક ત્યારે હું હવે જાવ કહિ, જસબીર ચાલ્યો ગયો. ''સત્યમ'' ને આંણદા સોની એ કહ્યું કે આ જસબીર પેન્ડન્ટ રીપેરીંગ માટે આપી ગયો છે. પેન્ડન્ટનું વજન એક તોલાને ઉપર બે રતિ છે. નાકુ કળી બદલાવીને આ ડબામાં મુકી રાખીશ. હું કદાચ બહાર ગામ જાવ ને પાછડથી જસબીર આવે તો પેન્ડન્ટ હિસાબની ચીઠ્ઠી સાથે આપી દેજે, ભલે બાપુજી, કહિ ''સત્યમ'' ઘરમાં ચાલ્યો ગયો. આમ દરરોજ બાંધેલા ઘરાક આવે કામ આપે કામ તૈયાર થતાં લઈ જાય. એમ વિચારે છે. ત્યાં ફરી જસબીર દેખાણો, કેમ કાંઇ ભુલાય ગયું ના ભુલાઇ નથી ગયું પરંતુ મારી ઘરવાળીએ આ પગમાં પહેરવાનાં પાયલ આપેલા છે. તે પાયલનો આંકળો ટુટી ગયો છે. તે નવો નાખી આપો એમ કહિ ને જસબીરે પાયલ આપ્યા આંણદા સોની એ બન્ને પાયલનાં આંકળા નવાં નાખી આપ્યાં ત્યારે જસબીર બોલ્યો કે આ આંકળાનો જે હિસાબ થાય તે લખી રાખજો. પેન્ડન્ટ લેવા આવિસ ત્યારે સાથે આપી દઈશ. ભલે પૈસાની ઉતાવળ નથી, લખી લવ છું. ઠીક ત્યારે જે માતાજી કહિ, જસબીર પગરખામાં પગ નાખે છે. ત્યાં આંણદા સોની થી પુછાય ગયું કે જસબીર પછી તારા ભાઈ સાથે તારૂ સમાધાન થયું કે નહિ. એટલું પૂછતાં તો જસબીર નીચે બેસી ગયો.

જસબીરની દુખતી નસ દબાઈ ગઈ. એમ માજનને લાગ્યું પરંતુ હવે શું થાય પુછી બેઠા. નોતું પુછ્યું, જેવી માતાજીની મરજી. જ્યારે જસબીર ને કળ વળી હોય એમ જાગ્યો. અને કહી દીધું કે માજન મારા દાદાએ અમારી જમીન મારા નામે કરી હતી. ત્યારે મારા ભાઈનો જન્મ પણ થયો ન હતો. દાદા સ્વર્ગે સીધાવી ગયા. જમીન મારા નામે કરતા ગયા. તે જમીન મારા નામે થઈ ગઈ. તે પછી મારા ભાઈનો જન્મ થયો. મે કે મારા ભાઈએ મારા બાપને કે દાદાને પૂરા જોયા પણ નથી. એટલા અમો નાના કીકલા હતા. તે વખતની વાત છે. હવે અત્યારે મારો ભાઈ જુવાન થતો પેલી જમીનનો ભાગ માગે છે. તો તે હું કેમ આપું. મારી માં મારા નાના ભાઈના પક્ષે છે. માં કહે છે કે ભાઈ નો ભાગ તો ભાઈ ઘોડીયામાં જુલતો હોય તો પણ માગે. તારા દાદાએ તારા નામે જમીન જાયદાદ કરી આપી તે ખબર છે. પરંતુ તારા દાદાને ક્યાં ખબર હતી કે, તારા પછી પપ્પુ પણ હશે. માટે પ્રેમથી ભાગ આપી દે ને બન્ને ભાઈઓ સંપીને સાથે રહો. એમ હું કહું છું. ત્યારે મે મારી માંને ચોખ્ખું જણાવી દીધું કે, હું કાઈ પણ ભાગ બાગ આપવાનો નથી. એટલે માં પપ્પુની સાથે રહેવા ચાલી ગઈ છે. તે પછી અમો બેઇ માણસ ને પણ અવાર નવાર લમાણાંઝીક થાય છે. માજન મારે શું કરવું તે મને પોતાને સમજાવતું નથી. તમો તો વડીલ છો.

આપણા બાળકને રમકડાનો ઘુઘરો આપણે પોતે લયાવીને બાળકોને આપીને કહીએ કે લે તારે માટે હું ઘુઘરો લઈ આવ્યો છું ને બાળક જટ ઘુઘરો હાથમાંથી લઈ લ્યે ને મંડે ઘુઘરાથી રમવા. પછી આપણે એ ઘુઘરો માગીએ કે બેટા એ ઘુઘરો મને લાવ તો બેટા તે ઘુઘરો,

©
RATILAL JOGIA

તો તે બાળક કહેશે કે નહિ આપું તે મારો છે. સમજ પડી તો પછી આ પાડાના કાન જેવું ખેતર, વાળી, પડું, ખોરડાં હું કેમ આપું. હા તેનીએ મહેનત કરી છે. તેના બદલા રૂપે થોડા રૂપિયા આપું. તેને એકાદું મકાન રહેવા આપું. તેના લગ્ન કરાવી આપું. પછી તે કમાય ને રહે, મારા તરફથી સાથ સહકાર છે,પરંતુ સગા વહાલા ને ખુદ મારીમાં પપ્પુને સમજવા દેતા નથી. એટલે પપ્પુ કોરટે ચડ્યો છે. હેરાન થાય છે ને મને પણ હેરાન કરે છે. ઠીક છે ભઈલા જેવી ઠાકોરજીની મરજી. આમાતો કાંઈ રસ્તો સુઝે તેમ નથી. ભલે માજન હું હવે જાવું છું. આવજે ભઈલા ને જસબીર ચાલ્યો ગયો.

સમય સમયનું કામ કરે છે. એટલે તો કોકે કહયું છે કે સમય માણસને મહાન બનાવે છે. તેમ મહાત પણ કરે છે. ટાઈમ પાસ થયો. લગભગ છ મહિના પછી પપ્પુને દિલકોર બંને સાથે આવ્યા. ત્યારે આંણદા સોની તકીયાને ટેકે ઓઢેલીને છાપું વાંચતા હતા. ચશ્માામાંથી નજર ઉંચી કરીને જોયું કે મારો જસબીર ને દીલકોર આવડા નાના કેમ લાગે છે. કે પછી મારા ચશ્માના નંબર ખૂટી ગયા છે. કેમ આમ વિચારે છે ? ત્યાં તો દાદા આવું કે એમ, કહેતાકને પપ્પુ ને દીલકોર આવી ગયા. આવ જસબીર આવ રે, દાદા મને ઓળખ્યો નહિ. હું જસબીર નથી તેનો નાનો ભાઈ છું. પપલુ છું. અરે હા હું તો ભઈલા ભુલી જ ગયો. હવે ઉમર થઈને યાદ શક્તિની રેકોર્ડ ઘસાતી જાય છે. શું ના ના દાદા એવું નથી. અમે બંને ભાઈઓ ચહેરે મોહરે સરખાજ છીએ શું ? એટલે ઘણા માણસો ભુલ-થાપ ખાઈ જાય છે. હશે, ભઈલા કેમ આવવું થયું ? આ તો દીલકોર જ છે ને ? હા, પહેલા મારી ભાભી થાતી હવે મારી ઘરવાળી થઈ છે. હવે ભાભી નથી. કેમ એવું બોલે છે ભઈલા કારણકે મારો ભાઈ જસબીર માતાજીનો પ્યારો થઈ ગયો. શુ વાત કરે છે ? ક્યારે ? ત્રણેક મહિના પહેલા રામ રામ રામ. મને તો ભઈલા ખબરજ નથી મને માફ કરજે ભઈલા. ના દાદા અમો અહીં હતા જ નહિ. મુલક ગયેલા. સમાધાન કરવા, ત્યાં ભાઈને ખેતરમાં જ એરુ (સર્પ) આભડી ગયો (કરડી ગયો) ને ન બનવાનું બની ગયું. ઠીક જેવી મારા ઠાકોરજીની મરજી. હવે તો તમારે અહીં જ રહેવાનું છે ને ? ના પરમ દિવસે મુલક જાઈએ છીએ. પછી બે મહિના પછી આવશું. ત્યારે તમને મળશું. આ તો અમસ્તાજ તમોને મળવા આવીયા છીએ. ઉતાવળમાં છીએ માટે જાઈએ છીએ. એમ કહીને ઝપાટા બંધ પપલુ ને દીલકોર ચાલતા થયા. ભલે આવજો કહીને જે માતાજી બોલ્યા. માજન, પપલુ ને દીલકોર ગયા પછી આંણદાસોનીને ખ્યાલ આવ્યો કે આ લોકોને પહેલા પેંન્ડલનું તો કહેવાનું રહી ગયું. ઠીક છે યાદ ન આવ્યું નહીતર બીચાવડાને વધુ દુઃખ થાત. એમ વિચારતા હતા ત્યાં સત્યો આવ્યો. સત્યાને વિગતથી બધી વાત કરી ત્યારે સત્યે કહયું ખરું કે, બાપુજી તેઓને પેન્ડલની ખબર ન પણ હોય માટે સામે ચાલીને આપણે આપણી બાજી શા માટે ખોલવી જોઈએ. ન કરે નારાયણ ને આપણે કહીએ કે, તમારું પેન્ડલ જસબીર અહીં રીપેરીંગ માટે આપી ગયો છે. એટલે એ

RATILAL JOGIA

લોકોની નીયત ખરાબ થાય કે ફક્ત પેંન્ડલ નથી. સાથે સાથે બીજુ આ આટલું છે. તે પણ આપો, તો આપણે શું કરવુ ? ત્યારે આંણદા સોની એ કહયું કે, એમ કોઈ કહે નહી. ત્યારે સત્યમે કહયું કે બાપુજી સમજવાની કોશીશ કરો. આ જસબીર નથી પપલું છે. પપલુ એને ને જસબીરને આસમાન જમીનનો ફરક છે. વડી બંને ભાઈઓને સખત વાંધો હતો. એ કેમ ભુલી જાવ છો. બેટા તું હજુ નાનો છો. તને આમા ખબર નો પડે. તું એટલું કેમ સમજતો નથી. પપલુ ની સાથે જસબીરની ઘરવાળી પણ છે. ઠીક છે બાપુજી તમારી મરજી. પરંતુ મને તો શંકા થાય છે. મે હમણા એક ફીલમ જોયેલી તેમાં આમ જ વાત બની હતી. બેટા એ ફીલ્મ છે. આ વાસ્તવિકતા છે. આ હર્યુ ભર્યુ જીવન છે. ચાલું જીંદગીમાં આમ ન બને અને તું એમ કેમ ભુલી જાય છે કે માણસે ઠાકોરજીમાં પણ વિશ્વાસ રાખવો જોઈએ. બાપુજી હું નાનો છું, પરંતુ મને જે વાતની શંકા આવે છે તે ખરી પડે છે.

મને મારા માસ્તર સાહેબની ઉપર શંકા પડેલી તે ખરી પડી. શું શંકા પડી હતી બેટા? માંડીને વાત કર તો ખબર પડે. બાપુજી અમુક વાત કરાય તેમ ન હોય. પરંતુ શું થાય છે તે જોયા કરાય. બેટા હવે તો તું બજારે, સ્કૂલે, બાજુના ગામે જાસ હું તો આપણી આ પેઢીમાં બેઠો બેઠો મારાથી બને તે કામકાજ કરીને દિવસો પુરા કરું છું. માટે મારા કરતા તને વધુ જાણવા મળે. તું વાત કરે તો મને પણ ખ્યાલ આવે. શું થયું હતું તારા માસ્તરને કહે જોવ બેટા, બાપુજી બીજું તો શું કહું ? પરંતુ મુળી નામની એક છોકરી માસ્તર પાસે ભણવા ટ્યુશનને બહાને હાવતી હતી. તેને લઈને માસ્તર ભાગી ગયો. શું વાત કરે છે તું ? હા, બાપુજી, આ વાત મે મારા દોસ્તોને કહેલી કે આ **''મુરી''** ને પેલા માસ્તર સાહેબ બરાબર નથી લાગતા. ત્યારે દોસ્તો એ મારી વાત હસી કાઢેલી. તી તારો તે માસ્તર ઘરબાર વગરનો હતો. છે ને સાહેબની ઘરવાળી છે. એક દિકરી પણ છે. પરંતુ સાહેબને તેની ઘરવાળી ગમતી ન હતી. બેટા આ બધુ તને કેનીયે કીધું ? મને પેલા ગંગામાં ખરા કે નહિ, તેનીએ કહયું. કોણ પેલા ગંગામાં પાણી પીવડાવે છે સ્કૂલમાં તે ! હા તે ગંગામાં, એણે મને બાધી વાત કરી છે. પરંતુ ગંગા માએ તને જ કેમ વાત કરી. કાંઈ કારણ ખબર નહિ. પરંતુ ગંગામાને હું ખુબ જ વહાલો લાગું છું.

કહે છે કે ગંગામાં ને મારા જેવો જ ને મારા જેવડો જ દિકરો હતો. કેમ અત્યારે તે નથી ? તેઓને ખબર નથી પરંતુ ગંગામાં કહે છે કે, મારો દિકરો અસલ તારા જેવો જ ને તારા જેવડો જ હતો. એટલે મે કહયું અત્યારે તે કયાં છે ? એમ પુછતાં તો ગંગામાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા ને કહયું. કે તે બાપ દિકરો મને મુકીને બીજી બાઈ જોડે બીજા મુલ્કે જાતા રહયા. એટલે તો બેટા જાતી જીંદગીએ આ પારકા કામની નોકરી મારે કરવી પડે છે. હવે સાચુ, એટલે તને તેઓ વહાલો વહાલો કરે છે. મને બોર ખવડાવે છે. ક્યારેક ટોપરું ને ગોળ આપે છે. ને મને તેઓ તેમની પાસે જ બેસાડે છે. મારું ખુબ જ ધ્યાન રાખે છે. તેનીએ પેલા માસ્તર ની વાત

© RATILAL TOGTA

મને કરેલી. હવે હું બાપુજી જાવ. ક્યાં જાસ ? ક્યાંય નહી. અહીં આટલામાંજ છું. એમ કર આટો મારી ને આવી જા. મારે અત્યારે સંધ્યા ટાણે દાદાના દર્શન કરવા જાવું છે ને કીડીયારું પુરવાનું છે. સાથે સાથે દાતણ પણ કાપતો આવીશ. પછી હું આવું ને એટલે આપણે ત્રણેય જાણા વારુ સાથે કરીશું. (વારું એટલે સાંજનું જમણવાર). ભલે બાપુજી હમણા આવ્યો. એમ કહીને સત્યો ગયો કે તુરત જ સત્યાની બા આવીને ઉંબરા ઉપર ગોઠવાઈ ગઈ ને કહયું કે, અત્યારે તાંદળજાની ભાજી-ખીચડી-રોટલા બનાવ્યા છે. ક્યારે વાળુ કરશો ? (વારું એટલે સાંજનું જમણવાર). હમણા સત્યો આવે ને એટલે મહાદેવ ના દર્શન કરી કીડીયારું પુરીને અબઘડી આવું. પછી સાથે વાળુ કરશું. ભલે એમ કહીને સત્યાની બા ઉંબરામાં બેઠી બેઠી દીવેટ બનાવવા લાગી.

થોડો વખત પછી સત્યો આવ્યો. ને આંણદા સોની પોતાના કામે ઉપડી ગયા. રોજના ક્રમ મુજબ જાત જાતના ભલામણ કરતા ગયા. બેટા ધૂપ દીવા બતી કરી લેજે. હું અબઘડીએ આવ્યો. ભલે બાપુજી કહી સત્યો હાથમો ધોવા ઘરના ફળીયામાં ગયો. હાથ મોં સાફ કરીને ધૂપ દિવાની તૈયારી માં મંડી પડ્યો. દાદા રામ રામ કોણ છે ભઈલા. એ તો હું રણમલ. કેમ છે ભઈલા ? માજામાં છું દાદા. ઘણા વખતે દેખાણા. ભાઈ બહારગામ હતો. હા દાદા બાજુના ગામે ? ક્વોરી માંથી પત્થર ઉપાડવાનો કોન્ટ્રાક્ટ લીધો છે. બે ભાર ખટારા રાખેલા છે તે કામકાજમા નવરાશ મળતી નથી. સારું સારું તુ કમાઇશ તો મારી પાસે દાગીના ઘડાવજે. ભુલી ન જાતો દાદાને. ચોક્કસ દાદા તમોને નહિ ભુલું. દાગીના બનાવીશ તો તમારી પાસે જ. બીજે નહી જાવ. ભલે ભઈલા. એમ વાતચીત કરી બંને છુટા પડ્યા.

દાદા દાતણ કાપવા ખેતરને શેઢે ઉગમણી દીશા બાજુ ગયા. ત્યાં દાતણ કાપતા હતા ત્યાં જસબીર નો સાથી (ખેતરમાં વરસ દિવસ કામ કરવ બંધાયેલા ને સાથી કહેવાય છે) તે મલ્યો. અલ્યા મનુડા ! આ બાજુ ?હા દાદા હવે જસબીર છે નહિ એટલે બીજે ઠેકાણે કામ કરું છું. દાદા એ જાણવા માટે પુછયું, કેમ જસબીર નથી ? જસબીર ને તો એરૂ આભડી ગયો. ચાર મહીના થઇ ગયા. જસબીર ની ઘરવાડી દીલકોરે તો તેના દિયર પપલુ સાથે દિયરવહુ વાળીને તેનું ઘર માંડયું. ને એઈને હવે બધી મીલ્કત પપલુ ની. હવે બેય માણસ જલસાથી રહેછે. પપલુની માં તે મુલકમાં છે. તેને મુલકનું ખોરડું રહેવા માટે આપ્યું છે. તે ત્યાં રહે છે. આ લોકો - આ લોકો ચાર પાંચ દિવસ પહેલા આવેલા આજે ફરી પાછા મુલક ઉપડી ગયા છે. મહીના પછી આવશે ત્યારે મને મળવાનું કહયું છે. જોઉં છું મને કામે રાખે છે તો ઠીક છે. નહીતર પછી બીજે કામ ગોતી લઇશ. ભલે ભઈલા જેવી ઠાકોરજીની મરજી. બીજુ શું ? પરંતુ અંદરથી આંણદોસોની હલબલી ગયો. કારણકે જસબીરની વાત પપલુની ને દીલકોરની વાત તે પહેલા સત્યાએ કહેલી. માસ્તર મુરી ની વાત આ બધુ દાદા ની મગજમાં. ધળવળીને બેસતું નહતું. શું

© RATILAL JOGIA

થવાનું શુ થશે ? દાદાનું મગજ બાઘામંડળ થઇ ગયું. વિચારમાંને વિચારમાં ઘરે ક્યારે પહોંચી ગયા તેની પણ ખબર રહી નહિ. ઘરે આવતાં જ વિચારમાંથી જબકીને જાગ્યાનો અહેસાસ થયો. પાતાની ઘરવાડી ને સત્યાને ખ્યાલમાં આવી ગયું કે દાદાની તબીયતમાં ગરબડ થઇ છે. લાગલું જ પુછયું સત્યાએ કે બાપુજી કેમ શું થયું ? કાંઇ નહિ. બેટા એ તો અમસ્તુ પેટમાં ગરબડ હતી. જાડે જયાવ્યો એટલે હવે સારું છે. પરંતુ બાપુજી તમો તો દર્શન કરવા ગયેલા ને જાળે ક્યાંથી જયાવ્યા. કેમ ત્યાં કાનાની વાળી છે ને ત્યાંથી પરબારો જયાાવ્યો. ઠીક છે, ચાલો હવે ઘરમાં, હાથ પણ ધોવો પછી વારુ કરવા બેસીયે. હા હાલો, આમ વાત ચીત કરી ત્રાણેય જાણાં સાથે જમવા બેઠા.

દાદાનું ધ્યાન જમાવામાં હતું નહિ. એ વાત માં દિકરાથી છુપી રહી નહિ. જમીકરીને ફળીયામાં ખાટલા માથે આડા પડતાં જ સત્યાએ રોજના ક્રમ મુજબ બાપુજીના પગ દબાવવાની શરૂઆત કરી. સત્યાની બા સામેજ સાંજના વારુના વાસણ સાફ કરતી હતી ત્યારેજ દાદાએ કહયું કે તે મને વાત માસ્તરની ને ''મુરી'' ની કરી તેમ પપલુ ની શંકા કરી તે ખરી લાગે છે. મને મનુડા એ વાત કરી છે. એ વાત દાદાએ સત્યાને વિગતવાર કહી. ત્યારે સત્યાએ કહયું કે. બાપુજી મને શંકા પડે છે ને તે ખરી જ હોય છે. છેક એવું નથી. તે તો ચાલ્યા રાખે, પરંતુ પપલુ પાછો આવે ને પેંન્ડલ માગે તો આપણે ઇન્કાર કરવો કે તે તો જસબીર રીપેરીંગ કરાવીને ઉભા-ઉભ રીપેરીંગ કરાવ્યું ને સાથે જ લઇ ગયો. અહીં અમારી પાસે મુકી નથી ગયો. એટલે હા પણ નહી ને ના પણ નહી. પરંતુ બેટા મે મારી જીંદગીમાં ક્યારેય ખોટું કામ કર્યુ નથી. એટલે મારે આ પેંન્ડલ હજમ કરવું નથી. આ વાત મારા સમજની બહાર છે. બીજાની વસ્તુ હું કેમ હડપ કરી શકું? મારાથી એવું કામ થશે નહી. હા બાપુજી, અમુક વખતે સત્ય છુપાવવું પડે, નહીતર આપણે મુસીબતમાં ફસાઇ જઇએ. એ તો બરાબર છે, બેટા હવે જીવવું કેટલું. જાતે દહાડે મારે ખોટું બોલવું. તે મને યોગ્ય લાગતું નથી. કાંઇ નહી બાપુજી, પપલુ આવે ને ત્યારે હું તેને જવાબ આપી દઇશ. બસ તમ તમારે કહી દેવાનું કે હવે બધો વહીવટ સત્યો સંભાળે છે. મને હવે ઉમર ને હિસાબે યાદ રહેતું નથી. એટલે તમો, નરોવા કુંજરો વા કહીને છુટી જાશો. ત્યારે દાદાને અચરજ થયું, પછી દાદાએ કહયું કે બેટા, ધર્મરાજા કદાપી જુઠુ બોલ્યા હતા નહી. સત્ય પ્રિય હતા. ફક્ત તેથી જ તેનો રથ ધરતીથી વહેંત એક ઉંચો રહેતો. પરંતુ જ્યારે કુરૂક્ષેત્ર ના મેદાનમાં તેણે અસ્વસ્થામાએ મરાયો કે નહી એમ પુછવામાં આવ્યુ ત્યારે પોતે શું કહેવું તે નક્કી કરી શક્યા નહી. મન મારીને તે પોતાના રથ ની ગાદી ઉપર બેસી ગયા. છતાં તેમને પુછવામાં આવ્યું ત્યારે તેનીએ કહયું કે, નર યા પુંજ તે ખબર નથી. ખબર હોવા છતાં તેનીએ ફક્ત એક જ વખત જુઠનો સહારો લીધો હતો. તેનો પોતાનો રથ જે ધરતી ઉપર વહેંત ઉંચો રહેતો હતો તે ધરતી ઉપર આવી ગયો. બેટા વિચાર તો કર આજનો માનવ જેટલું સાચું બોલવું જોઇએ તેટલું જ ખોટું



© RATILAL JOGIA

બોલે છે. ને ખોટું બોલવું જોઈએ તેટલું જ સાચુ બોલે છે. બેટા તને ખબર છે. જુઠુ બોલવું પાપ છે. પરંતુ સાચુ ન બોલવું તે મહાપાપ છે. એમ દાદાએ પોતાના દિકરાની આવી નિતિ-રીતી પોતાની નિતી રીતિથી અલગ પડતી લાગી. માટે દાદાને ખુબ જ રંજ થયો. દાદા નું દલડુ દુખાણું. સત્ય પ્રિય, એકવચની નીખાલસ ને નિઃસ્વાર્થ માણસને માટે અમસ્તુ આટલું પણ ખોટું કરવું તે તેના માટે પહાડ ઉંચકવા બરાબર છે. જે સત્ય અને અહિંસાથી જીવી ગયેલા પરમઆત્માઓને વંદન કરવા જ રહયા. તેઓને જીંદગી જીવવાની કેટલી બધી મુસીબત લાગી હશે.

દાદા ફરી વિચારી ચડી ગયા. દાદાને બેહદ આશ્ચર્ય થયું કે, આ મારું લોહી, મારો જ જીગર નો ટૂકડો, મારો જ કલેજાનો અંશ મને કેવી શીખામણ આપે છે. મારા સત્યમ ને મારે શાબાશી આપવી કે પછી ઠપકો આપવો. તે દાદા નક્કી કરી શક્યા નહી. ત્યારે ઘરવાડીએ કહી દીધું કે, છોકરો વ્યવહાર ને હિસાબ કિતાબ સંભાળી લેતો હોય તો સારું. ખુશી થવા જેવી વાત છે. તમો ફીકર કરોમાં ભલે ભલે જેવી મારા ઠાકોરજીની મરજી. બીજુ શું. એમ કહીને દાદા માળા ફેરવવા બેસી ગયા. **જેનું નામ સત્યમ છે તેને શું કહેવું.** તે વાચક વર્ગે નક્કી કરવાનું છે.

જીંદગીમાં વળાંક તો ઘણા જ આવે છે. પરંતુ ત્રીભેટો એટલે કે ત્રણ રસ્તા જ્યાં મળે છે. તેમાંથી સહી રસ્તો ગોતી કાઢવો તે ડાહયા ને સમજદાર માણસ કહેવાય. બાકી જો સહી રસ્તો ગોતી નથી શકતા તેની ગાડી ફંટાઈ જાય છે આડે પાટે, માટે સમજદારી જ જીંદગી જીવવાની ચાવી છે. દાદા જેવા દયાળુ ને પરદુઃખ ભંજન માણસો સમાજમાં ઘણા ઓછા જોવા મળશે. કારણકે દરેક પાણીના ધરા માં કમળ નથી હોતાં. તેમ ઘેર ઘેર સીતાજી પણ નથી હોતા. કહેવાય છે કે,

**કાયા હો જો કાશીમાં,**
**મનડું હોજો મથુરામાં ,**
**દીલ હોજો દ્વારકામાં,**
**ગીતળું ગાવ ગોકુળમાં.**

મહાભારતના યુદ્ધ વખતે ભીષ્મપીતામહ બાણ સૈયા ઉપર સુતા સુતા મરક મરક હસે છે ત્યારે શ્રી કૃષ્ણ પુછે છે કે હે પીતામહ આપ કેમ હસો છો. ત્યારે પીતામહ કહે છે કે, હે કૃષ્ણ મને એવો વિચાર આવે છે કે જેમનો રથ સ્વયં ભગવાન હાકી રહયો છે તે પાંડવો ને પણ અનેક અનેક વીટંબણા માંથી પસાર થવું પડે છે. તો પછી સામાન્ય લોકોની શી વાત. માટે હું પ્રારબ્ધનો વિચાર કરીને હસુ છું.

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૪૧ કહો, કાઠીયાવાડ કેવો છે ??

પાત્રોના નામ અને ઓળખાણ :

| | |
|---|---|
| ૧) રણછોડભાઈ | રાજા |
| ૨) આનંદ | છોકરો |
| ૩) દેવચંદભાઈ | ગામનાં વેપારી શેઠ |
| ૪) જમના | રણછોડરાજાની ઘરવાડી |
| ૫) રવો | ખારવો દરીયા ખેડુ |
| ૬) ગોવિંદભાઈ | મરજાદી મેમાન |
| ૭) લીલા | પૂત્ર આનંદના |
| ૮) જુલી | લીલા ની દિકરી (જમનાં) |
| ૯) મંગળા | વિરોધી વેપારીની દિકરી |
| ૧૦) ગોમતીબા | મંગળાની દિકરી |

RATILAL JOGIA

રણછોડભાઈ પછી ''આનંદ'' નો પતો લાગ્યો કે નહી ? ના દેવચંદભાઈ આનંદ નો પતો હજી સુધી લાગ્યો નથી. આજે પૂરા ચાર દિવસ થઈ ગયા છે, પરંતુ હજી સુધી છોકરાનો પતો નથી. તેમજ કાંઈ સમાચાર પણ નથી. દરેક સગાવહાલા ને ત્યો ''ઘોડેશ્વાર'' મોકલ્યા હતા. તેવો બધા પાછા આવી ગયા, પરંતુ કયાંય અમારો આનંદ છે નહિ. ગામના ભોગોળે સીમ શેઢે દરેક જગ્યાએ વાવ કુવા હવાળા જોઈ નાખ્યા તે ઉપરાંત સાધુ મહાત્માના અખાડા જોયા છે, પરંતુ ક્યાંય કરતા ક્યાંય આનંદ નો પતો નથી લાગ્યો કોંણ જાણે શુ થયું છે. આનંદ ને ધરતી માતા ગળી ગઈ કે પછી કોઈ વાઘ દિપળો, ઉપાળી ગયો તેજ ખબર પડતી નથી.

કવુ છું, રાંધાણીના ખુણે હાથ એકનો ઘુમટો તાણીને **''જમના''** બેઠી હતી તેનીયે હુંકારો કરીને ઠુઠવો મુકયો ને કહ્યું કે તમો તથા દેવચંદ શેઠ પોલીસઠાણે જાવ ને પોલીસને કયો કે અમારો આનંદ ખોવાય ગયો છે, ગોતી આપો. અરે તુ, એમ, ઉતાવળી થા મા આનંદ જ્યાં હશે ત્યાંથી પાછો આવી જાહે, મને વિશ્વાસ છે, ને નૈ આવે તો ? અરે એમ કેમ બોલે છે, તું તી આનંદ

ની માં છે કે પછી. ધીરા પડો રણછોડભાઈ ધીરા પડો. એમ દેવચંદ શેઠ બન્ને માણસની વાતમાં માથુ મારી ને ધીરા પડ્યા. ને દેવચંદ શેઠ વિચારે ચડી ગયા આમ જોવા જ્યે તો જમના વહુ ની વાત વ્યાજબી હતિ. પરંતુ આનંદ ગયો ત્યારે મને મલી ને ગયો છે, તે વાત કરવા આવેલા દેવચંદ શેઠ વાત કરી શક્યા નહિ, કારણ કે રણછોડભાઈ ભારાડી માણસ, વાતવાતમાં ડાંગ ઉગામે તેવા, ઉપરાંત જમના વહુ કજીયા ખોર ખરી ગામમાં તેને કોઈ બૈરૂ જગડો કરવામાં પોગેનૈ, જમના વહુની જીભડી આખા ગામને આંટો લઈ જાઈ તેવડી. હવે આવા આ બેઈ માણસ ને સમજાવવા આવેલા દેવચંદશેઠ પોતાનું મન મારીને બેસી રહ્યા. તેની હિંમત ચાલી નહિ કે તમારો આનંદ તો હવે ક્યારેય પાછો નહિ આવે કારણ કે આનંદ તો દરીયા કાંઠેથી, લાંગરેલા વહણના ભંડકીયા માં છુપાયને પરદેશ જતો રહ્યો છે. તે વાત ફક્ત  દેવચંદ શેઠ, આનંદ ને રવો ખારવો જ જાણતા હતા. તે ત્રણેય જણાએ સમજુતી કરી ને માતાજીની સાથે સાથે દરીયાલાલના સોગંદ ખાધા હતા કે જીંદગીભર ક્યારેય આ વાત કોઈને કરશુ નહિ. માટે દેવચંદ શેઠ આ વાત મનમાં જ ધરબી બેસી રહ્યા ને ફકત આશ્વાસન આપીને જમના વહુ તથા રણછોડભાઈને શાંત પાડીને પછી જે માતાજી કહિને પોતાને ઘેર જવા રવાના થયા ઘરે ગયા.

દેવચંદશેઠની, નિદંર ઉડી ગઈ હતી કારણ કે ન કરે નારાયણ ને **''આનંદ''** પાંચ, પંદર, દિવસે પાછો આવેને ખરી હકીકત તેના માબાપ ને કરશે ત્યારે, પોતાને આ ગામમાં રહેવું ભારી પડી જશે. કહેવાઈ છે કે, જે માણસ ડરે છે તેને વધુ ડર લાગે છે, તેને ડરનાં બીહામણાં સપના આવે છે ને ડરપોક માણસ એટલો નીમાયો થઈ જાય છે કે છેલ્લે તે જીંદગી ની બાજી હારી જાય છે. છતાં આ દેવચંદ શેઠ જીંદગીની મોસમ ખાધેલો માનવી હતો. માટે આ ઘાવ જીરવી ગયો ને ચુપચાપ તમાસો જોયા કર્યો. દુઃખનું ઓસડ (દવા) દહાળા, સમય પસાર થતો જાઈ તેમ વાદળાં વિખરતાં જાઈ એમજ, ''આનંદ'' બાબત થયું, ''આનંદ'' ના માબાપ ને સમયે, ભુલથાપ ખવડાવી ને આનંદ નુ દઃખ હળવે હળવે ઓછું કરાવી આપ્યું પછી તો કોઈ પૂછતુ પણ નહી, છતા કોઈ ભુલે ચુકે ''આનંદ'' ના ખબર પુછે તો રણછોડભાઈ મુછે હાથ દઈને વટથી કહે કે આનંદ મારૂ ફરજન છે, તે જ્યાં હશે ત્યાં પાવરફુલ હસે દુખી નહિ હોય. આમ વાત કહેતાં ફરે, રણછોડભાઈ ના ઘરમાંથી કોઈને દુઃખ નથી તો બીજાને વળી દુઃખ શેનું હોઈ. આપણી વ્યથા બીજાની બને કથા એમ સમય સરી ગયો. આનંદ ક્યારેય ન આવ્યો તે ન જ આવ્યો. કાળક્રમે રણછોડભાઈને જમના વહુ સ્વર્ગે શીધાવી ગયા.

સમયની રેત સરી ગઈ. વાત ઉપર પડદો પડી ગયો ને અંતે તે **''સત્ય છુપાય ગયું''** હવે તો દેવચંદ શેઠ પણ થોડા ટાઈમ ના મેમાન લાગતા હતા. તેવો પણ પોતાની યાદશકિત ગુમાવી ચુક્યા હતા. સમય સમય નું કામ થતું રહે છે થતું રહેશે. વેલકમ વેલકમ આવો આવો ગોવિંદભાઈ આવો કેમ છો મજામાં છો, ને એકલા આવ્યા છો, કાકીજી ને સાથે લાવ્યા હોત તો સારૂ લાગત. પરંતુ આ પરદેશ નો મામલો રહ્યો. બલુન માં બેઠા પછી, તમારી કાકીનો જીવ અધર થઈ જાઈ.

© RATILAL JOGIA

બહારનુ દાણો પાણી કાંઇ તે લ્યે નહિ. પાકા મરજાદી ખરા ને, મારે તો નાછુટકે આવવું થયુ. આપણા ગામમાં હવેલી બનાવવાનું નકકી થયું છે, માટે ફાળો કરવા આવ્યો છું. સારૂં કર્યુ પરંતુ એક વાત પૂછું ગોવિંદભાઇ શું તમારા, ઇન્ડિયા માં કોઇ શ્રીમંત માણસ નથી કે ફાળો આપે નહિ. માટે તમારે છેટ અહિ સુધી ફાળા માટે આવવું થયુ. ગોવિંદભાઇ ખરાબ ન લગાડશો, આતો સહેજ જાણવા માટે પુછુ છું. વરના અમોએ ક્યાં હિન્દુસ્તાન જોયો છે. હિન્દુસ્તાનનું નામ પડતાં જ ખાટલામાંથી શાલ ઓઢીને સુતેલા બાપા ખોંખરા ખાયને બેઠા થયા ત્યારે તેને ઉધરસ નો એટેક આવ્યો. એટલે ગોવિંદભાઇએ પુછી લીધું કે લીલાધર આ વડીલ, સીનીયર સીટીજન કોંણ છે ? કેમ તમો નથી ઓડખતા, ના મને ઓળખાણ પાડો તો ખબર પડે કે તેવો મહાનુભાવ કોણ છે. તે મારા ફાધર છે, તેવો કહે છે કે, તેવો ફકત ચૌદ વરસ ના હતા ત્યારે વહાણ માં બેસીને પરદેશ પહોચેલા. લગલગ બે મહિના પછી ત્યાં લગી દરીયામાંજ રેવું પડેલું. ઓહો ત્યારનાં જમાનાની વાત, અલગ જ છે. તેવો અહિં આવ્યા પછી, પાછા હિન્દુસ્તાન ગયા નથી. તમો લોકોએ તો ઇન્ડિયા જોયું છે. નાં નથી જોયું અંકલ અમોએ હિન્દુસ્તાન કઇ બાજુ આવેલ છે તે ફકત મેપમાં(નકશામા) જોયેલ છે. અમો, ક્યારેય તમારો મુલક જોવા આવ્યા નથી. ત્યારે પેલા સીનીયરે કહ્યું, લીલા કોણ આવ્યું છે ? ફાધર એ તો મધનીયા (મેમાન) આવેલા છે, ક્યાંથી આવ્યા છે, તમારા હિન્દુસ્તાનથી. શું વાત કરે છે ? હિન્દુસ્તાન થી આવ્યા છે.

તે સાંભડી ને બાપા એ છલાંગ મારીને બેડ (ખાટલો)તજી દીધો, ને જાંબો જાંબો કહિને આવેલ મહેમાન ને બથમાં ઘાલીને મૈંડા બચીયુ ભરવા. ત્યારે ઘડી ભરતો ગોવિંદભાઇ, મુંજાઇ ગાય. પછી ઉમરને અનુભવે સમજાઇ ગયું કે બાપાને સાચો પ્રેમ ઉભરી આવ્યો છે. એટલે પોતે પણ વિવેક કરવા બાપાને મોં માથે, વાંસે, હાથ ફરેવીને ખુબજ વહાલ કરીને, પૂછયું કે વડીલ તમારૂં નામ શું ? ત્યારે વડીલ હસી પડ્યા કે હવે નામ ને શું કરવું છે, આ લીલો ને તેના ટાબરીયા. ફાધર ગ્રાન્ડ પા ને ડેડ કહિને બોલાવે છે. ત્યારે ઘડીભાર હું નામ ને ભુલી જાવ છું કે ભુલી ગયો છું તે નક્કી થાતું નથી. બેસો વડીલ બેસો, પછી આપણે વાતુ કરીયે ત્યારે લીલાધર વચ્ચે બોલ્યો કે અંકલ તમો આવ્યા એટલે ડેડી સાજા સારા થઇ રહેશે માટે હવે અમારે ત્યાંજ રહેજો. અમારૂં મકાન મોટું છે. સામે ગેસ્ટ રૂમ છે તમોને ફાવસે, તમારે જ્યાં જાવું હશે ત્યાં મારી ડોટર તમોને લઇ જશે. કોઇ વાતે મુંજાતા નહિ ઓકે. હવે મારે ઓફીસે જવાનો ટાઇમ થઇ ગયો છે. માટે બાય અંકલ. બાઇ તો બાયુ ને કેવાઇ, આને તો જય શ્રી કૃષ્ણ કહેવાય શું? પણ હા મારૂં નામ ગોવિંદ અરે, વાહ આજ મારે ઘેર ગોવિંદ પધાર્યા. આજે મારે ઘેર સોનાનો સુરજ ઉગ્યો. આજે જાણે, આખો હિન્દુસ્તાન મારે ત્યાં મેમાન બનીને આવ્યો. વાહ મારા ગોવિંદ, વાહ તારી લીલા કે મારો લીલો તેનો કોઇ પાર પામી શકે નહિ. હું શું કેતો હતો તમો તમારી વાત તમો પહેલાના જમાનાની કહેવાનું કહેતા હતા. હા ગોવિંદ ખરૂં છે પરંતુ પેલા આપણે ચહા નાસ્તો લઇયે. પછી વાતો કરયે, જુલી ઓ બેટા જુલી, કમ ઓન યસ ગ્રાન્ડપા બેટા ટુ કપ ટી, ફસ્ટ

કલાસ એન્ડ બ્રેડ બટર લયાવ જોવ અને જો આ દાદા હિન્દુસ્તાન થી આવ્યા છે તો આપણા મધનીયા છે. હાથ મિલાવ જોઉ ને જુલીયે હાથ લંબો કરીને ગોવિંદને હાઉ આર યુ અંકલ કહ્યું. ત્યારે ગોવિંદ સામો હાથ જોડીને જય શ્રી કૃષ્ણ  કહ્યા.  તેમાં જુલીને ગતા ગમ પડી નહિ, પછી ગ્રાન્ડપા ને પુછયુ વો હિન્દુસ્તાન ઈઝ ઈન્ડિયા ઓ ઓ ઓ ઈન્ડીયા વેરી વેરી વંડર ફુલ ઈનડીયા કંટ્રી ને પછી, જુલી પાસે મંગાવેલ ટી ને બ્રેડ બટર આવતાં જ બન્ને  એ તેને ન્યાય આપ્યો. પછી વાતે વળગ્યા...

ગોવિંદા મને ક્યારેક ક્યારેક હિન્દુસ્તાન ખુબજ યાદ આવે છે. જ્યારે યાદ આવે છે ત્યારે મારૂં દિલ ભરાય જાઈ છે, બીજી એક તકલીફ એ થઈ છે કે મારા મગજની રેકોર્ડ ઘસાઈ ગઈ છે. યાદ આવે ત્યારે ફટા ફટ બોલી નાખું  બોલેલુ ફરીથી રીપીટ કરી શકુ નહિ માટે પહેલા હું શુ બોલ્યો તો તે ભુલી જાવ છું. એતો એમજ હોઈ વડીલ ઉમર કોઈને અકબંધ રહેવા દેતુ નથી. ગઢપણ આવે છે ત્યારે જવાની, ચાલી જાઈ છે. સમજી લ્યો કે આપણે મંડીયે દાખલા દેવાને શીખામણ કહેવા તથા જુની વાતો વાગોળીયે, એટલે સમજી લેવાનું કે આપણને બુઢાપાએ ઘેરી લીધા છે. હા ગોવિંદ તે તારી વાત ખરી છે, અચ્છા ગોવિંદ એબતાવ કે અત્યારે હિન્દુસ્તાન કેવો છે.

પહેલા હું દેશમાં હતો ત્યારે પોરબંદર ના રાણાસાહેબ જામનગર નાં જામસાહેબ, જૂનાગઢ ના નવાબસાહેબ, ગોંડલના ભગવતસિંહ રાજા, રાજકોટના લાખાજીરાજ રાજાજી, મોરબી, વાંકાનેર, ભાવનગર એમ અનેક રજવાળાં હતા. તે પછી સાંભળ્યુ છે કે દેશ આજાદ થતા રજવાડા વિલીન થયા ને અલગ અલગ રાજ્યોના સીમાડા ભુંશાય ગયા ને હિન્દુસ્તાન ના ટુકળા જોઈન્ટ કરીને અખંડ ઈન્ડીયા બન્યુ. કોઈ મહાત્મા ગાંધી બાપુ એ આ બધુ કરી એમ જીણુ જીણુ યાદ છે સાવ સાચી વાત છે, વડીલ તમોને યાદ તો ખુબજ છે પરંતુ તમો ઈન્ડિયા કેમ ફરી પાછા ન આવ્યા કારણ કારણ ની પણ એક વજહ છે ગોવિંદ ગોવિંદ સાંભળ, હું ત્યોર ફક્ત ચૌદ વરસ નો છોકરડો હતો, અમારી મેડી મકાનની પછવાડે એક વેપારી રહેતો હતો, તેને તેનો હરીફ વેપારી જોડે અણબનાવ હતો એટલે પેલા વેપારી યે મને, પોતાની દુકાને પ્રથમ તો હેવાયો કર્યો મને અવાર નવાર દુકાને બોલાવે પછી મને પ્રેમથી બેસાડે, ચણા મમરા શીંગ ખજુર ખારેક, ટોપરૂં સાકર આપી આપીને મને પાતાનો કરી લીધો. પછી એક દિવસ મારા કાનમાં ફુંક મારી કે સામે ના વેપારી ની દિકરીને તુ અભડાવી દે હું તને રૂપિયા પાંચ રોકડા આપીસ એટલે મે કહ્યું કે મારા બાપાને ખબર પડશેને તોતમારા ને મારા તેવો કટકા કરી નાખશે, પરંતુ વેપારી પાકો નીકળ્યો તે ગામની બહાર દરીયા કાંઠે જ્યાં વહાણ પડ્યા રહે છે ત્યાં જઈને એક ખારવા ને સમજુતી કરીને લચાવ્યો ને તેને દશ રૂપિયા આપીને કહ્યું કે આ આનંદ ને તું તારા વહાણમાં પરદેશ લઈ જા તે તેનીયે હા પાડી. પછી મે પલી છોકરી ને સમી સાંજે પાછડના વાળામાં પકડીને અભડાવી ને પછી ગામ આખામાં હા હાકાર મચી ગયો. મારાથી બાપાને ગામ ના ચોરે

© RATILAL JOGIA

પટેલબાપાએ તથા પોલીસ પટેલે બોલાવીને પછી શું કીધું તેખબર નથી, પરંતુ મારા બાપ ઘરે આવ્યા, ત્યારે તે કોથળા જેવા થઇ ગયા હતા, છતાં તેની આંખોમા અંગારા સળગતા હતા ત્યારે હું રાંધણીયામાં ચુલા આગળ મારી માં ની પાછળ સંતાય ગયો હતો ત્યાંથી, મારા બાપા એ મને ખેંચી કાઢયો ને પછી તો એટલો માર્યે એટલો માર્યો કે મારે મોઢે ફીણ આવી ગયા. ત્યારે મારી માં વચ્ચે પડી તો તેને પણ જુડી નાખી ને બાપા મેડી ઉપર કમાડ બંધ કરી ને બેસી ગયા. ત્યારે મારી માં ધ્રુસકે ધ્રુસકે રડતી હતી જ્યારે મને હોંસ આવ્યા ને યાદ આવ્યું કે સમજુતિ થઇ છે તે પ્રમાણે હું દરીયા કાંઠે ગયો ને અંધારૂ થતા ત્યાં કોઇ મને, પકડીને પેલા કાંઠે ઉભેલા વહાણ ના ભંડકીયા માં પૂરી ગયું. હું ત્યારે, અર્ધ બેસુધ્ધ જેવી હાલતે સુઇ ગયો. એક રાત ને એક દિવસ પૂરો થાય પછી હું ઉઠયો ત્યારે પેલો મને વહાણના નાખુદા પાસે લઇ ગયો તેનીયે મારી આકરી પૂછ પરછ કરી મને બે ત્રણ જાપટ ઠોકી પછી મને પૂછયુ કે એઇ છોકરા તને ભુખ લાગી છે, મે ઇસારા થી હા પાડી એટલે મને અખાજ ખાવાનું આપ્યું. ભુખ ન જાણે એઠો ભાત તેમ હું પણ આંખો બંધ કરી ને ખાય લીધું પછી સુઇ ગયો,સવારે મને ઉઠાડયો ને કોમન જાજરૂ મારી પાસે સાફ કરાવ્યાં તે પછી, હાથમાં જાળુ પકડાવીને કહેવામાં આવ્યું કે આજથી તારે દરેક જગ્યા સાફ સુથરી કરવી આમ રોજ નો નિયમ કરી દીધો, હું પણ ભગવાન ભરોસે જીવવા લાગ્યો.

બે ટાઇમ ખાવાનું મલે છે પછીકામ કરૂ છું આમ રોજ નો ક્રમ થઇ ગયો ને લગભગ દોઢ મહિના પછી અમો દરીયા ને સામે કાઠે પોગ્યા, ત્યારે પેલો ખારવો મને સાથે લઇને,કાંઠે આવ્યો. દોઢ મહિનાની સફર પછી પેલીવખત ધરતી ઉપર પગ મુકતા શરીરમાં જાણે જાણ જાણાટી થઇ મન ખુશી અનુભવવા લાગ્યું. અમો બન્ને જાણા એ ચાલવા માંડયું દોઢ બે કલાક ચાલ્યા પછી નાનકડી બજાર આવી. ત્યાં મને એક વેપારી ને ત્યાં કામ કરવા મુકી દિધો. પેલો વેપારી કાથાની સીંદરીને નાળીયેરનો ધંધો કરતો હતો તે ધંધામા મને નાળીયેર છોલવાના કામમાં મને બેસાડી દીધો. બે વખત ખાવાનું ને બે વખત કાળો ચા મલતો પછી તો કામકામને શીખવે તેમ ત્યાં ની ભાસા ને ભેરૂબંધો બધુય ગોઠવાઇ ગયું.

પેલો વહાણવટો દર છ મહિને મલવા આવતો, પરંતુ મને મારા બાપાના કે માં ના સમાચાર પૂછવાની મનાઇ હતી એટલે હું એમજ પૂછતો કે છે તો બધા સુખરૂપ ને તો કે હોવે બધા સુખ રૂપ ને પછી તે અઠવાડીયુ રહિને ચાલ્યો જાતો. આમ ત્રણેક વખત તે મલ્યો પછી આજ દિવસ લગી પાછો મલ્યો નથી. હુ ઘણું ફર્યો છું સમજી લ્યો ને કે શીલોંગ, જંગબાર, ટાંગા, યુગાંડા, કેનીયા, મુંબાસા, નાઇરોબી પછી ત્યાં સ્થીર થયો. ત્યાંનું રહેવાનું મને ગમયું

આપણાં દેશના ઘણાં જ લોકો હતાં. ત્યાંની ભાષા શીખીલીધી. થોડુંક વાંચવાનું શીખ્યો પછી મને ત્યાં ટપાલી ની નોકરી મલી. તેથી મને ઘણીખુશી થઇ. નાઇરોબી માં સ્થીર થયો ત્યાં એક ગુજરાતી છોકરી સાથે પઇણો (લગ્નકર્યા) તે બાઇને મારી સાથે ફાવ્યું નહિ, એટલે તે જતી રહી પછી, બીજું ઘર કર્યુ. તે થોડા ટાઇમ પછી મરી ગઇ તે પછી ત્રીજુ ઘર કૈરૂ તેના એક



© RATILAL JOGIA

માત્ર લીલો ને લીલાનો મેમ ગોરી પરણાવી તેની આ જુલી. ત્યારે ગોવિંદે પૂછી બેઠા કે અત્યારે તમારી ઘરવાડી એટલે કે ભાભીજી ક્યાંછે વડીલે કહ્યું કે છે ને ઉપરના મજલે ખાટલામાં પડી પડી રડે છે ને ખુબજ ખાય છે ને મૈરા વાંકે જીવે છે. ત્યારે ગોવિંદ થી બોલાય ગયું કે તમારી પાઘડીયે મંગળ હશે એટલે તમોને બૈરાની લેણદેણ નથી. કદાચ હજી પણ એક બૈરૂ તમારી જીંદગી માં આવે. ત્યારે વડીલ હસી પડચા કે તેવા ભાગ્યા ક્યાંથી. પરંતુ આ તો હું જોક કરૂં છું હવે બૈરાવને શું કરવા છે હવે તો ફક્ત એકજ ઈચ્છા છે. તે કઈ તેમ ગોવિંદ પૂછયું ત્યારે વડીલે કહ્યું કે મારે મારો હિન્દુસ્તાન જોવો છે તે મારી ઈચ્છા છે. ત્યાં સામેની દિવાલ ઉપર ઘડીયાલ માં સાંજના પાંચ વાગ્યાના ટકોરા, પડચા ત્યારે વડીલે કહ્યું કે ગોવિંદ તમો બેસો હું તમારી ભાભીને દવા પીવડાવી આવું. ભલે વડીલ હું બેઠો છું તમો ભાભીને રૂડુ મનાવીયાવો મારી ફીકર કરશો નહિ, ને વડીલ ચાલ્યા ગયા ત્યારે ગોવિંદભાઈ વિચાર ને ચકડોળે ચડી ગયા કે આ માણસ કાળના ચકડોળે ચડી ગયેલો છે હજી તેને હિન્દુસ્તાન જોવાની તમન્ના છે માણસ નું મન મજબુત ને મકમ હોઈ તો ધારેલી સફળતા મલેજ છે.

**ઈન્સાન કરે મહનેત તો કયા કામ હૈ મુશ્કીલ** તેમ વડીલે મકકમ પગલે તેની ઘરવાડીની સેવા કરીને પાછા ફર્યા. પછી ગોવિંદને કહ્યું કે સાંજ ટાણું થયુ છે, ગંગાજળ લઈને અગરબતી પેટાવીયેને ખારેક ટોપરૂ ખાઈયે. ગોવિંદે હા પાડી સમજ્યા વગર એટલે જુલી વિસકીની બોટલ બે ગ્લાસ આઈસ નો બાઉલ શીગારેટનું પાકીટ લાઈટર કાજુ બદામને બટેટા ચીપ્સ ને તળેલી ફીસ (માછલી) મુકી ગઈ. ત્યારે ગોવિંદભાઈ અવાક થઈ ગયા. ત્યાં લગીમાં બંને ગ્લાસ તૈયાર કરીને વડીલ બોલ્યા ગોવિંદ લે ચીયર્સ કર, એમ વડીલે કહીને શીગારેટ પેટાવીને કાજુનો દાણો માઢામાં મુકયો. ત્યારે ગોવિંદે કહ્યું કે વડીલ આ બધુ મને અગરાજ છે તમોએ કીધું કાઈ ને કર્યુ કાંઈ ત્યારે વડીલે કીધું કે આ બોટલ મારૂં ગંગાજળ, આ શીગારેટ મારી અગરબતિ, આ નાસ્તો મારા ખારેક ટોપરાં. ગોવિંદ આ હિન્દુસ્તાન નથી અહિતો આ રોજનું છે એટલુ બોલતા બોલતા તો વડીલ ના ગળે ડુમો ભરાય ગયો ફટાક કરતી ને શીગારેટ, વિસ્કીની બોટલમાં પધરાવી ને જુલીને બુમ પાડી બેટા જુલી આ બધુ પાછુ લઈ જા ગોવિંદ ની સામે મારા આ કાંઈ નહિ લેવાય. કાંઈ વાંધો નહિ વડીલ તમો તમારૂં નિત્ય કર્મ કરો હું બહાર વરંડામાં પગ મોકળો કરૂં છું ત્યારે વડીલે કહ્યું કે નહિ ગોવિંદ નહિ આજ દિવસ લગી આજ કામ કર્યુ છે હવે આજથી મારે પણ અગરાજ છે.

તને એક વાત કહું ગોવિંદ જ્યારે હું જવાન હતો ત્યારે મેં કોઈ સાથે મન મેડ રાખ્યા નહિ સબંધોની ઐસી તૈસી કરી. આજે બુઢ્ઢો થયો ત્યારે હવે મારી સાથે કોઈ ઘરોબો (સબંધ) રાખતુ નથી. આજ દિવસ લાગી હું એકલો અટુલો પડી રહેતો. આજે મારે ઘરે ગોવિંદ પધાર્યા છે માટે હવે ગોવિંદ તમોને હું છોડી નહિ શકુ હું. મારા ગોવિંદ હવે તો તમોજ મારા ખરા ગોવિંદ ત્યારે ગોવિંદભાઈએ કહ્યું કેઆટલી બધી લાગણી બતાવો નહિ. કેમ ? કારણ કારણ કે આટલી બધી

© RATILAL JOGIA

લાગણી હું હજમ નહિ કરી શકું ને આમ વાતો કરતાં કરતાં રાત થઈ ગઈ. રાત્રે લીલો આવ્યો. તેનીય જમવામાં સાથ પૂરાવ્યો પરંતુ આજે બાજુના ટેબલ ઉપર તે અગલ બેઠો ત્યારે વડીલની ફરી પાછી આંખો ઉભરાય ગઈ ત્યારે લીલા એ પૂછયું કે ડેડી શું તબીયત બરાબર નથી. તમો કહોતો ડોકટરને બોલાવું ત્યારે ડેડી યે કહ્યું કે લીલા મારા જીગરના ટુકડા વર્ષો થયા આપણે એકજ ટેબલ ઉપરડીનર લઈયે છીયે તાંણ કરી કરીને પીરસયે છીયે તે આટલા વરસે આ નિયમ ટુટી ગયો આજેતું ને હું જુદા ટેબલ ઉપર બેઠા ત્યારે તને કેમ લાગે છે લીલા. મારા લીલા મને તો એમ થાય છે કે કેટલા દુર કેટલા નજીક છતાં દુરના દુરનાં ડેડી એવું નથી. એતો મધનીયા પ્યોર વેજી ટેરીયન છે માટે હું જુદો બેઠોછું.હા લીલા મને તે ખબર જછે આજ હું પણ હવેથી પ્યોર વેજીટેરીયન બની ગયો છું કારણ કે આજે મારે ઘેર ગોવિંદ પધાર્યા છે. હવે મને લીલા એમ લાગે છે કે મારે હિન્દુસ્તાન જાવું છે મનેમારો કાઠીયાવાડ સાદ દયે છે મને હિન્દુસ્તાનની કંટ્રી પુકારે છે. આનંદ આવીજા આનંદ કાઠીયાવાડમાં તો ભગવાન પણ મહેમાન બનવા અધીરો થાય છે તું ભુલો પડને ભગવાન કોક દિ મહેમાન અમારો, તને સ્વર્ગ ભુલાવું શામળા. લીલા ગોવિંદની સાથે મને હિન્દુસ્તાન મોકલ હું મારી ધરતી ને ચુમીયાવું જે ધરતીયે મને જનમ આપ્યો છે તેને હું ભુલી ગયો છું. લીલા માટે મારે રૂણ ચુકવવા જાવું છે માટે મારી તું હિન્દુસ્તાનની ટીકીટ કઢાવ. કહો ગોવિંદ કહો ક્યારે આપણે હિન્દુસ્તાન જાઈસુ વડીલ આપ કહો ત્યારે હું તો અહિ હવેલી બનાવવા માટે ફાળો કરવા આવ્યો છું ફાળાનું કામ થાય તો ઠીક છે નૈતર આપળે બેઉ ઉપડી જાસુ. ત્યારે લીલા એ કહ્યું કે અંકલ હવેલી વોટ હવેલી એટલે શું ત્યારે ગોવિંદ બોલ્યો કે વાત તો ખુબ લાંબી છે પરંતુ ટુકમાં કહું છુ કે એક મોટુ મકાન હોઈ, વચ્ચે મોટો હોલ હોઈ, ત્યાં આપણા શ્રી બીરાજતા હોઈ તેવોના સમય સમય નાં દર્શન થતા હોઈ, ઘડીયારા વાગતા હોઈ, ભાવીકો દર્શન કરવા આવતા હોઈ, ચરણામૃતને પ્રસાદ બટાતો હોઈ, તુલશી કંઠી બંધાતી હોઈને પ્રભુજીના ગુણગાન ગાવાવાળા સંગીત મડયા તાલે ને મૃદંગની થાપીયે જુમતા હોઈ, તેને અમો લાકો હવેલી કહીયે છીએ. ઠીક છે અંકલ લગભગ હું સમજી ગયો એક કામ કરો ફાધરના નામની હવેલી હું મારા તરફથી બનાવી આપીસ હવેલી તૈયાર થાઈ એટલે મને જાણ કરજો હું તરતજ આવીશ તમો ફાધરને ને લઈને નેકસ્ટવિકમાં હિન્દુસ્તાન જાવા રવાના થઈ જાવ ત્યારે ગોવિંદભાઈ ઉભા થઈને લીલાને બથમાંલઈને પ્રેમથી ભેટી પડયા ને હૃદય ભરાય ગયું, ગળે ડુમો બાજી ગયો. ત્યારે લીલાનો વાંસો થાબડીને કહ્યું કે વડીલ આ તમારોદિકરો ખરેખર દિકરોજ છે જે બાપને માંને માનની દ્રસ્ટી થી જોઈને તેવોની ઈચ્છા પૂરી કરે છે બાકી તો દિકરા નહિ પરંતુ દિપડા સમજવા. આટલી વાત વડીલે સાંભડી ત્યારે વડીલના હૃદયમાં ધોડાપૂર ઉમટયાંને મંડયા ધ્રુસકે ધ્રુસકે રોવા, ત્યારે લીલા એ ફાધરને બાથમાં લઈને ખુબજ વહાલ કર્યુ પ્રેમથી પાણી પાયું પછીકહ્યું કે હવે થોડો ટાઈમ આરામ કરો, રીલેક્ષ થાવ સવારે વાતો કરજો. હું આવતી કાલથી તમારા માટે હિન્દુસ્તાન જવાનો બંદોબસ્ત કરૂંછુ રૂપિયા પૈસાની તમો ફીકર કરશો નહિ.

© RATILAL JOGIA

ગોવિંદ અંકલ ફાધરને કોઇ વાતે ઓછું આવવા નહિ દેતા. તેની દરેક ઇચ્છા પૂરી થાય તે તમો ધ્યાનમાં રાખશો. ત્યારે ગોવિંદભાઇ પણ ભાવવિભોર બની ગયા ને પલંગની કોર ઉપર બેસી ને વડીલ ને વાંસે પગે હાથ ફેરવવા લાગ્યા વડીલ નો હજી પણ સ્વાસ રૂંધાતો હતો. લીલા ને થયું કે ડોકટરને બોલાવીયે તે કેમ પરંતુ ગોવિદભાઇએ કહ્યું કે વડીલ લાગણીમાં તરબોળ થઇ ગયા છે માટે તેને ઉભરો સમીજાસે એટલે સૌ સારૂં થઇ રહેશે. લીલા તમો આરામ ફરમાવો ત્યારે લીલા એ કહયું કે અંકલ તમો જમ્યા નથી તમો કહો તો તમારે જે ઇચ્છા હોય તે જમાડીયે ત્યારે ગોવિંદભાઇએ કહ્યું કે એક એપલ અને અડધો ગ્લાસ દુધ આપી દયો એટલે ચાલશે. ભલે અંકલ જેવી આપની ઇચ્છા, કહિ લીલા તેની રૂમ ભણી ચાલ્યો ગયો. જુલી આવીને (મિલ્ક) દુધનો ગ્લાસ ને એપલ ની ડીસ અંકલ ને આપી ને પછી પૂછયું કે અંકલ બીજુ કાંઇ જોઇએ છે ત્યારે અંકલે કહ્યું કે જી નહિ બેટા. બેસ બેસ મને તારા દેશની વાત કર ત્યારે જુલીયે કહ્યું કે અંકલ આજે ફ્રાઇડે છે મારે સર્વિસ માં નાઇટ છે માટે મારે અત્યારે જ જાવું પડશે સન્ડે હું તમોને પીકનીક પર ફરવા લઇ જઇસ ત્યારે તમોને અમારી કંન્ટ્રીના જોવા લાયક જગ્યાઓ બતાવીસ ત્યારે સમય પાસ કરવા આપણે વાત કરશું ઓકે. અત્યારે હું જાવ, બાઇ અંકલ. આમ કહિને જુલીયે વિદય લીધી લીલો તેની રૂમમા ભરાય પડયો હતો તેની ગોરી મેમ હજુ સુધી દેખાઇ ન હતિ.

વડીલ પલંગ માં જ પડયા હતા શ્વાસ જોર જોર થી ખેંચતા હતા ત્યાં જઇને વડીલ સામું ગોવિંદે જોયું તો વડીલનું શરીર ગરમ થઇ ગયું હતું એટલે કે તેને તાવ (ફીવર) હતો. સાથે સાથે શ્વાસ પણ ખુબજ ચાલતો હતો છતાં વડીલ નિંદરમાં હતા તેમ લાગતાં ગોવિંદ તેની રૂમમાં જઇને માળા ફેરવવા બેસી ગયા ને એમજ ની દ્દ્રાધીન થઇ ગયા. સવારે ઉઠયા તયારે મોડું થઇ ગયું હતું લીલો તેની ઓફીસે ચાલ્યો ગયો હતો. પાતેઆજુ બાજુ ની રૂમમા જોઇ પરંતુ કોઇ કરતાં કોઇ ઘરમા હતું નહિ હશે બહાર ગયાહશે તેમ માનીને ગોવિંદ બાથરૂમમાં જઇને મોર્નીંગ વિધી પાતાવીને ફ્રેસ થઇને કલોકેક પછી બહાર આવતાં વડીલતેના બેડ ઉપર બેઠા હતા તકીયા ને અઢેલી ને ત્યારે ગોવિંદ ને જોતાંજ વડીલ બોલ્યા આવો મારા ગોવિંદ પધારો ને બન્ને જાણાએ પ્રેમથી હાથ મીલાવ્યા. પછી સામેના સોફામાં ગોવિંદ ગોઠવાઇ ગયા ને પૂછયું કે વડીલ સાંજે તો તમો ખુબજ લાગણીમાં ભાવવીભોર થઇ ગયા હા અત્યારે હવે કેમ છે ત્યારે વડીલે કહ્યું કે સારૂં છે પરંતુ આખુ શરીર દુઃખે છે કેમ જાણે રાત્રે તાવ આવ્યો હશે મારૂં મો પણ કડવું થઇગયું છે ત્યારે ગોવિંદ ઉભા થઇને વડીલને કપાળે હાથ મુકીને ખાત્રી કરીજરા જરા શરીર ગરમ લાગતુ હતુ થોડીવાર જુલી આવી ને ટી તથા બ્રેડ બટર વેફર વગેરે મુકી ગઇ. ત્યારે બન્ને એ પ્રેમપૂર્વક નાસ્તા ને ન્યાય આપ્યો. પછી લીલાને ફોન કરી જુલીયે ડેડ ગ્રાન્ડપા ને ફીવરનો એટેક આવેલો તેમની પૂરી બોડી માં પેન થાય છે ત્યારે લીલા એ ફોનમાં દવાની ટીકડી ના નામ લખાવ્યા. તે જુલીયે કાગળમાં ટપકાવી ને ગ્રાન્ડપા માટે દવા લયાવી પછી ગ્રાન્ડપાને દવા આપીને આરામ કરવાનું કહિ ને શાલ ઓઢાળી. ગોવિંદ ભાઇને કહ્યું કે કમ ઓન અંકલ ચાલો હું તમાને સીટી મોલ લઇ

© RATILAL JOGIA

જાવ ત્યારે ગોવિંદ જુલી સાથે મોલ જોવા ઉપડી ગયા.

જુલીયે ગોવિંદને પુરૂ સહેર બતાવ્યું સાથે સાથે ગાઈડન્સ પણ કર્યુ. ગોવિંદને આઈસ્ક્રીમ પણ ખવડાવ્યો. ગોવિંદ ખુશ ખુશ થતાં સાંજે પાંચ વાગ્યે ઘેર આવ્યા ત્યારે વડીલ રાહ જોતા બેઠા હતા. કોઈ મેગેજીન વાંચતા હતા. ગોવિંદ ને જોતા વડીલે આવકાર આપ્યો. આવો ગોવિંદ આવો, કેમ છો વડીલ અત્યારે તમોને તબીયત તો સારી છેને, સવારે તો તાવ હતો. હા ગોવિંદ અત્યારે સારૂં છે પરંતુ જીવ ગોટાવાળે છે, મન સ્થીર નથી, ખબર પડતી નથી. શું કરૂને શું ન કરૂં. એતે બુઢાપામાં બીમારી વખતે આવું બધું થયા રાખે મન મકકમ રાખશો એટલે સૌ સારા વાના થઈ રહેશે. થોડીવાર પછી લીલો આવ્યો. હેલ્લો ડેડી, હવે કેમ છો ? ઓરરાઈટ. હા લીલા ઓરરાઈટ જ છે, શું ખબર લાવ્યા છે. આમ મરક મરક કેમ હસે છે જાણે તું અંદરથી ફુલાય ગયો હોય તેમ લાગે છે. એતો ડેડી તમારે માટે હિન્દુતાનની ટીકીટ લાવ્યો છું માટે હું આજે બહુજ ખુશ છુ. આપ પણ ખુશ થાવ ને પછી નેકસટ વીક આપને હિન્દુસ્તાન જોવા મલશે ત્યારે વડીલે લીલાનોહાથ પકળીને ચુમીલીધો ને લીલા ઉપર ખુબજ ખુશ થયા. પછી ગોવિંદને કહ્યું કે જોયું ગોવિંદ મારો લીલો એટલે લીલોછમ. દિકરા હોઈતો આવા, હા વડીલ તમો ભાગ્યશાળી છો ગયા જનમ ના પૂણ્ય ભોગવો છો ત્યારે વચ્ચે લીલા એ કહ્યું કે ડેડ હિન્દુસ્તાન જાવાની તૈયારી કરો તમારા સુટેડ બુટેડ ટાઈ, હેંડ રૂમાલ, મોજા, ઓઢવાની સાલ, દવા તથા તે ઉપરાંત તમારે જે કાંઈ જરૂર હોય તે કયો એટલે આપણે ખરીદી કરી લઈયે. ત્યારે વડીલે કહ્યું કે લીલા મારે તો હિન્દુસ્તાન માં ચડી ને બાંડયું પેરીને જાવું છે. કેમ ? કારણ કે હું આવ્યો તો એજ કપડામાં જાવાનું વિચારૂ છું. ત્યારે લીલા એ સમય સાચવીને કહ્યું કે ડેડ ઘણી જ ખુશી થવા જેવી વાત છે. તમારે ગામ જઈને તમો ખુશીથી ચડીને બાંડીયુ પહેરજો. પરંતુ પ્લેનમા તો તમારે સુટ-ટાઈ-હેટ-બુટ-મોજા પહેરવા પડશે. કેમ ? કારણ કે પ્લેનવાળા સુટેડ બુટેડ ને માનની દ્રષ્ટી થી વધુ જોવે છે તેને સગવડ ભરી મુસારફીમાં સેવા સારી આપે છે. એમ છે ? હા પૂછો ગોવિંદ અંકલને તેવો પણ અહિ આવ્યા ત્યારે સુટેડ બુટેડથઈને જ આવ્યા છે. ભલે લીલા તું કેતો હોઈશ તે બરાબર જ હશે તને ઠીક લાગે તે પ્રમાણે તૈયારી કરી દે પરંતુ એક ચડી બાંડીયુ જરૂરથી લયાવજે. મારે મારા બાપાને તથા માંને પગે લાગી ને માફી માંગવી છે. સાથે સાથે મારે પેલા વેપારીની દિકરી મંગળાની પણ માફી માંગવી છે. ભલે ડેડ તમો મનથી તૈયાર થઈ જાવ હું તમારી સુટકેસ તૈયાર કરાવું છું. કહિ લીલો તેની રૂમમા ભરાય ગયો.

ગોવિંદભાઈ વિચારે ચડી ગયા કે આ **૯૨ (નાઈન્ટી ટુ) વરસના વડીલ** ને સમય સરી ગયો તેનો ખ્યાલ નથી અગર તો તેવો ભુલી ગયા લાગે છે કે અત્યારે તેના માબાપ ને પેલી મંગળા ક્યાંથી હયાત હોય આટલુ વિચારતા ગોવિંદભાઈને લાઈટ થઈ કે વડીલની પાઘડીયે મંગળ હતો. આ મંગળા સહિત ચાર બૈરા થઈ ગયા હવે વડીલને જીંદગીનો છેલ્લો સ્ટોપ ગણાય જીંદગીનો અંતીમ તબકકો પૂરો થવામાં લેસ માત્ર ટાઈમ નથી એટલે તો વડીલ તેના માબાપ ને મંગળાને

અંતીમ તબકો પૂરો થવામાં લેસ માત્ર ટાઈમ નથી એટલે તો વડીલ તેના માબાપ ને મંગળા ને યાદ કરે છે ને કહે છે કે મારે તને મલવું છે આમ વિચાર તા વિચારતા ગોવિંદ વડીલનાં પલંગ સામુ નજર કરે છે ત્યાં વડીલ રૂમાલ માં ચીરા કરતા દેખાયા થોળીવારે ઓડવાની સાલ પણ ફાળીનાખી તેમ ગોવિંદ ઉઠીને લીલાની રૂમ આગળ જઈને દરવાજા ને નોક કરી ટકોરા માર્યા લીલા એ બહાર આવી પૂછયું શું અંકલ કાંઈ જોઈએ છે ત્યારે ગોવિંદ નાક ઉપર આંગળી રાખને લીલાને ઈસારો કર્યો પછી બને જણાં વડીલના પલંગ પાસે આવ્યા જોયું તો વડીલ કપાળા ફાળી રાહ્યા હતા ને સુધ બુધ ખોવાય ગઈ હતિ વડીસલ ના કપાળે હાથ દેતા કપાળ ધગ ધગતું હતું લીલાએ તુરતજ ફોન કરી ડોકરટને બોલાવ્યા ડોકટર આવ્યા વડીલની જરૂરી ટ્રીટમેન્ટ કરીને જણાવ્યું કે વડીલગમે ત્યારે દમ તોળી દેશ માટે ધ્યાન રાખશો લીલા ને ગોવિંદ બને ડોકટરની વાત સાંભળીને અવાચક થઈને વડીલ સામુ જોઈ રહ્યા સમય સરતો ગયો બીજે દિવસે વડીલ વાતો કરવાને રવાડે ચડી ગયા. ગોવિંદ જો ગોવિંદ આકાસમાંથી બલુન આવતુ દેખાય છે હું તૈયાર છું ગોવિંદ તું તૈયાર છેને અપળે જલદી જલદી હિન્દુસ્તાન પોગવું છે ત્યારે મારે મારો વહાલો કાડીવાળા જોવો છે **કહે જોવ ગોવિંદ કહો કાઠિયાવાળ કેવો છે** ત્યારે ગોવિંદે ।લીલાને એકબાજુ બોલાવીને કહ્યું કે વડીલને સનેપાત નો દોરો પડચો છે હવે વડીલ નું કાંઈ નકીનથી ગમે ત્યારે દમ તોળી દેશે માટે ગંગાજળ તુલશીપત્ર કંઠી ચરણામૃત રૂપાની પાવલી ગાઈનું છાણ કોરીમાટી ધી નો દિવોગીતાજી વિગેરે તૈયારી કરો ત્યારે લીલો આમાનું કાંઈજ સમજ્યો નહિ એનીયે ફકત ઓટું જ કહયું કે જુલી ને લઈને મંદિરે જાવ ત્યાં તમો કેશોતે મલી જાસે હું ડેડ પાસે બેઠો છું ને ગોવિંદ જુલી અંતિમ અંતેસ્ઠી માટેની ખરીદી કરવા ઉપડી ગયા વડીલ લવારો કરવા ચડી ગયા હતા લીલા તું ને તારી મડમગોરી વહેલા આવજો હવેલી ખુબજસારી (સરસ) બનાવવાની છે ત્યાં ગોવિંદકહે તે વા પ્રભુ પધરાવવાના છેમારા બાપા રણછોડરાજા તરીકેને મારી મો મોતિ વહુ તરીકે ઓળખાય છે સાથે પેલી મંગળ પણ હસે તેવોનું બહુમાન કરવાનું છે ને વડીલ આટલું કહિ ફરી પાછા ઓઠેલી ચાદર ફાળવા લાગ્યા ત્યારે લીલા એ વડીલને એક ચમચ પ્રવાહી દવા પીવડાવી દીધી વડીલ ગહેરી નીંદરમાં સરી ગયા થોળીવારે ગોવિંદ આવ્યા તેને વાત કરી ત્યારે ગોવિંદે કહ્યું કે વડીલના મનમાં તેનું વતન ધુમે છે માટે તેનું જ વર્ણન કરે છે બીજું કાંઈ કારણ કે ફીકર જેવું નથી બીજે દિવસે વડીલે હાકલ કરી ગોવિંદ જો પેલુ બલુન ધરતી ઉપર ઉતર્યુ છે જો સામેજ ઉભુ છે તમોને ગોવિંદ દેખાય છે, ચાલો ગોવિંદ જલ્દી કરો પેલુ બલુન ધરતી ઉપર ઉભુ રહી ગયુ છે ચલો જલી કરો ગોવિંદ આપાણે મોડા પડસું તો બલુન ઉપડી જાસે ને આપાણે રહી જાસુ માટે ચાલ જલ્દી ચાલ ને વડીલ જાણે દોડતા હોય તેમ મંડચા પગ હલાવવા ને દોડ વિરની જાણે હરિફાઈ માં હોય તેમ તેવો એકીટગ કરવા અરે ગોવિંદ આ સુ આ બલુનમાતો એકજ ચેર છે હું એકલો જાવું છું તું બીજા બલુનમાં આવજે ગોવિંદ હું બલુન માં બેસી ગાયે છું જો તને

© RATILAL TOGIA

યાદ કરે છે ને કહે છે કે મારે તને મલવું છે આમ વિચાર તા વિચારતા ગોવિંદ વડીલનાં પલંગ સામુ નજર કરે છે ત્યાં વડીલ રૂમાલ માં ચીરા કરતા દેખાયા થોળીવારે ઓઢવાની સાલ પણ ફાળીનાખી તેમ ગોવિંદ ઉઠીને લીલાની રૂમ આગળ જઈને દરવાજા ને નોક કરી ટકોરા માર્યા લીલા એ બહાર આવી પૂછયું શું અંકલ કાંઈ જોઈએ છે ત્યારે ગોવિંદ નાક ઉપર આંગળી રાખીને લીલાને ઈશારો કર્યો પછી બને જણાં વડીલના પલંગ પાસે આવ્યા જોયું તો વડીલ કપડા ફાડી રાહ્યા હતા ને સુધ બુધ ખોવાય ગઈ હતિ. વડીલ ના કપાળે હાથ દેતા કપાળ ધગ ધગતું હતું

લીલાએ તુરતજ ફોન કરી ડોકરટને બોલાવ્યા. ડોકટર આવ્યા વડીલની જરૂરી ટ્રીટમેન્ટ કરીને જણાવ્યું કે વડીલ ગમે ત્યારે દમ તોળી દેશે માટે ધ્યાન રાખશો. લીલા ને ગોવિંદ બંને ડોકટરની વાત સાંભળીને અવાચક થઈને વડીલ સામુ જોઈ રહ્યા. સમય સરતો ગયો બીજે દિવસે વડીલ વાતો કરવાને રવાડે ચડી ગયા. ગોવિંદ જો ગોવિંદ આકાશમાંથી બલુન આવતુ દેખાય છે હું તૈયાર છું ગોવિંદ તું તૈયાર છેને આપણે જલદી જલદી હિન્દુસ્તાન પોગવું છે ત્યારે મારે મારો વહાલો કાઠીયાવાડ જોવો છે. **કહે જોવ ગોવિંદ કહો કાઠિયાવાડ કેવો છે,** ત્યારે ગોવિંદે લીલાને એકબાજુ બોલાવીને કહ્યું કે વડીલને સનેપાત નો દોરો પડચો છે હવે વડીલનું કાંઈ નકકી નથી. ગમે ત્યારે દમતોડી દેશે માટે ગંગાજળ તુલશીપત્ર કંઠી ચરણામૃત, રૂપાની પાવલી, ગાઈનું છાણ, કોરીમાટી, ઘી નો દિવો, ગીતાજી વિગેરે તૈયારી કરો. ત્યારે લીલો આમાનું કાંઈજ સમજ્યો નહિ. એનીયે ફકત ઓટલું જ કહયું કે જુલી ને લઈને મંદિરે જાવ ત્યાં તમો કેશોતે મલી જાસે. હું ડેડ પાસે બેઠો છું. ગોવિંદ અને જુલી અંતિમ અંતેસ્ઠી માટેની ખરીદી કરવા ઉપડી ગયા. વડીલ લવારો કરવા ચડી ગયા હતા. લીલા તું ને તારી મેડમગોરી વહેલા આવજો હવેલી ખુબજસારી (સરસ) બનાવવાની છે. ત્યાં ગોવિંદ કહે તેવા પ્રભુ પધરાવવાના છેમારા બાપા રણછોડરાજા તરીકેને મારી માં મોતિ વહુ તરીકે ઓળખાય છે. સાથે પેલી મંગળા પણ હશે તેવોનું બહુમાન કરવાનું છે ને વડીલ આટલું કહિ ફરી પાછા ઓઠેલી ચાદર ફાડવા લાગ્યા. ત્યારે લીલા એ વડીલને એક ચમચ પ્રવાહી દવા પીવડાવી દીધી. વડીલ ગહેરી નીંદરમાં સરી ગયા થોડીવારે ગોવિંદ આવ્યા. તેને વાત કરી ત્યારે ગોવિંદે કહ્યું કે વડીલના મનમાં તેનું વતન ધુમે છે માટે તેનું જ વર્ણન કરે છે બીજું કાંઈ કારણ કે ફીકર જેવું નથી. બીજે દિવસે વડીલે હાકલ કરી ગોવિંદ જો પેલુ બલુન ધરતી ઉપર ઉતર્યુ છે જો સામેજ ઉભુ છે તમોને ગોવિંદ દેખાય છે. ચાલો ગોવિંદ જલ્દી કરો પેલુ બલુન ધરતી ઉપર ઉભુ રહી ગયુ છે. ચલો જલ્દી કરો, ગોવિંદ આપણે મોડા પડશું તો બલુન ઉપડી જાશે ને આપણે રહી જાશુ માટે ચાલ જલ્દી ચાલ. ને વડીલ જાણે દોડતા હોય તેમ મંડચા પગ હલાવવા ને દોડવિરની જાણે હરિફાઈ માં હોય તેમ તેવો એકટીંગ કરવા. અરે ગોવિંદ આ શું આ બલુનમાતો એકજ ચેર છે હું એકલો જાવું છું તું બીજા બલુનમાં આવજે ગોવિંદ હું બલુન માં બેસી ગાયે છું જો તને બલુનની ઘરઘરાટીમાં મારી વાત સંભડાય છે. જો તમો બીજા બલુનમાં ચડી બેસજો મોડું ને કરતા હું જાવું છું. જોવો મારૂબલુન

© RATILAL JOGIA

ઉડયું. જો નિચે ધરતી કેવી લીલીછમ દેખાય છે. જોતો ખરો આકાશમાં વાદળાં તો જો જાણે રૂપેરી રસ ઢોળાય ગયો હોય. તેવા ચમકે છે ને આટલું બોલતાં બોલતાં વડીલ કોમામાં સરી પડયા ને તેનો અવાજ બંધ થઈ ગયો. તેવાનો શ્વાસ બંધ થઈ ગયોને તેવો ને તુફાનમેલ ભાગીને તેની મંજીલે પહોચવા માટે ઉતાવળો ભાગતો હોઇ તેમજ જોઈ લ્યો. ત્યારે ગોવિંદ લીલાને કહ્યું લીલા વડીલનો શ્વાસ જોરસોરથી ચાલુ થયો છે તે શ્વાસ થોડીવાર પછી અહિસ્તા આહિસ્તા ધીમો પડશે માટે વડીલ ને શરીરે ચરણામૃત લગાવીદે કપાળે ચાંદલો કરીદે કંઠી પહેરાવીદે વડીલના મોમાં પાવલી મુકીદે ગંગાજલતો નથી. આ પાણીમાં ગંગાજળનું આહવાન કરીને પાણી નો છંટકાવ કરીદે એટલે વડીલ મોક્ષને માર્ગે પ્રયાણ કરે. એટલું કહેતા ગોવિંદના ગળે ડુમોભરાય ગયોને ખુરશી ને પકડીને બેસી ગયા. લીલાને જુલી વડીલની સેવા કરવામા લાગી ગયા.

શ્વાસ એકદમ ગતિ પકડી રહયો હતો. લીલાએ ફરી ડોકટરને બોલાવ્યો. ડોકટર આવીને જોઈ તપાસીને કહિ દીધું કે અત્યારે વડીલનો શ્વાસ જેટલી તેજ ગતીથી ચાલે છે તેને બ્રેક લાગશે પછી સ્લો મોસનમાં શ્વાસ થતાં થતાં એકદમ સ્લો થઈ જાશે. છેલ્લા શ્વાસ તમોને ખબર પણ નહિ પડે તેવી રીતે સ્લો થતાં થતાં આખરે શ્વાસ ને બ્રેક થશે ત્યારે વડીલની જીવાદોરી પુરી થશે. ધી એન્ડ માટે સંભાળજો ને પછી ડોકટેરે વિદાય લીધી. રાત્રે લીલાએ તેનાં ઓડખીતા પાડખીતા,સબંધીઓ ફ્રેન્ડ વગેરેને ખબર આપી દીધી. જેને આવવું ઘટેતે આવવા લાગ્યા. વડીલની ગાડી રીવર્સથી ચાલી ને ડોકટરના કહ્યા મુજબ જ બ્રહમ મુહર્ત માં વેલી પરોઢે વડીલ દેહ વિલીન થયા. ત્યારે ઘરમાં પપી નામનું કુરુ (કુતરૂ)કરીયું હતું તેનીયે રોવાનું ચાલુ કર્યુ. ગોવિંદ સમજી ગયો કે હવે વડીલની આ છેલ્લી ઘડી છે. ત્યારે લીલો વડીલના પગ પકડીને ભાવ વિભોર થઈને વડીલને તાકીરહ્યા. ને વડીલે છેલ્લો શ્વાસ પૂરો કર્યો. ગીરીરાજ ધરણ કી જે, ત્યારે લીલો પોંક મુકીને રળી પડયો. અરે હું મારા ડેડીની ઈચ્છા પૂરી કરવામાં મોડો પડયો. ત્યારે ગોવિંદે આશ્વાસન આપ્યું જે થવા કાળ છે તે થઈને રહે છે, માટે શોક ન કરતા, ઈશ્વર સ્મરણ કરો જેથી મરહુમ ના આત્માને શાંતી મલે. ને આમ એક જીંદગીની સફર પૂરી થઈ. કહેવાઈ છે કે, આત્મા અજર અમર છે. આત્માને પાણી પલાળી શક્તો નથી, અગ્ની બાળી શકતો નથી, કોઈ હથીયાર તેને મારી શકવામાં કામયાબ થતું નથી, કારણ કે આત્મા અમર છે. આખરે સમાજના રીવાજ મુજબ વડીલની અંત્યેષ્ઠી કરવામાં અવી.

કોઈયે ખરૂ જ કહ્યું છે કે, દિન ગણતા માસ ગયા ને વરસ આંતરીયા, સુરત ભુલી સાઈબા નામે પણ વિસરીયા, સાથે શું લઈ જાવું છે. સારી જીંદગી જીવ્યા હશે તો પાંચ પંદર વરસ,કોઈ યાદ કરશે આખરે, બધું સમયમાં વિલિન થાઈ રહેશે. બરાબર સોળ દિવસ પછી ગોવિંદે લીલા ની રજા માંગી. ભાવવિભોર થઈને લીલાએ ગોવિંદને એરપોર્ટ ઉપર બેસાડયા ત્યારે બન્ને ના હૃદય ભરાય ગયા. છેલ્લે ટાઈમે લીલા એ કહ્યું કે, અંકલ થોડા ટાઈમ પછી હું ઈન્ડિયા આવીસ ડેડ ની ઈચ્છા પૂરી કરવા, ત્યારે તમારો સાથ સહકાર હશેજ તેમાં બેમત નથી.

© RATILAL JOGIA

માટે તૈયારી રાખશો. આટલું કહિને ગોવિંદને વિદાય આપી લીલો ઘરે આવ્યો ત્યારે તેને અહેસાસ થયોકે આજ આ ઘર સુનું ઘર લાગે છે. ઘરમાંથી ઘણું બધુ ઓછુ થયાનો અહેસાસ થયો.

સમય કોઈની રાહ જોતો નથી. લગાતાર ઘટમાળ ચાલ્યા જરાખે છે. કોઈ આવે છે, કોઈ જાય છે. આતો જીંદગી માં ''અંતનો આરભ છે''. જન્મ ધારણ કરવાવાળા ને અંત અચુક હોઈ છે. વડીલ જેટલુ જીવ્યા એટલું સૌ કોઈ જીવે સૌને લાંબી જીંદગી મળે એજ બેનીફીટ. બરાબર છ મહિના પછી જુલીને સાથે લઈને લીલો ઈન્ડિયા આવ્યો. ઈન્ટરનેશનલ એરપોર્ટ થી ડોમેસ્ટીક એરપોર્ટ ઉપર જઈને ''કાઠીવાડ'' પહોચ્યા. ફરતા ફરતા ગોવિંદનું ગામ ગોત્યું ને ગોવિંદને મલ્યા ત્યારે એકબીજાને પ્રેમથી ભેટી પડયા. ખુશીનો ઉભરો આવી ગયો. ગોવિદનું વિલાયતી નળીયાવાળું ઓસરી ઉતાર ઘર, બાજુમાં નાની એવી મેળી, તે મેળી ઉપર જુલી તથા લીલા ને ઉતારા અપાયા. ત્યારે ગામ આખામાં ખબર પડઠી કે એકસોહ વરસ પહેલા અહિ આનંદ નામનો રણાછોડ રાજાનો દિકરો ભાગીને પરદશે ગયેલો, તેના દિકરાને તેની દિકરી નામે જુલી ને લીલા આવ્યા છે. ગામમા હવેલી બંધાવશે એમ જાણી જાણ્યા અજાણ્યા માણસો મળવા આવવા લાગ્યા. ત્યારે જુલી બાઘામંડળ સમી બેઠી રહી તેને નતો આ વાતમાં ઈન્ટ્રેસ્ટ હતો કે ન પોતે કાંઈ સમજી શકતી હતી. ગામના માણસો મોટે મોટેથી બોલતા હતા. જાણે કેમ જગડો કરાતાં હોય ત્યારે લીલા ને પણ આ બાબત અસહ્ય લાગી, ત્રણ દિવસમાં હવેલી બનાવવાનું નક્કી કરીને ગોવિંદને બધુ કામ સોપીને બન્ને બાપ દિકરી જાત્રા કરવા ઉપડી ગયાં.બરાબર છ મહિના પછી પૂરૂં ઈન્ડિયા ફર્યા ત્યારે જુલી ને લીલો ખુશ થયા કે, વાહ ઈન્ડિયા વાહ.

RATILAL JOGIA

પ્રેમ,લાગણી, માનવતા ઈમાનદારી, નિખાલશતા જે કહોતે અહિંજ છે. છ મહિના પછી બાજુના શહેરમાં સારી હોટલ માં રહ્યા, ને ગોવિંદને બોલાવીને વિગત જાણી કહ્યું કે હવેલી સંપૂર્ણ તો નહિ પરંતુ મેન મેન કામ થઈ ગયું છે. ત્યારે લીલાયે કહ્યું કે, તમોને વાંધો ન હોય તો આપણે શ્રીને પધરાવી દઈએ પછી હું પરદેશ ચાલ્યો જાવ, તમો પાછડથી બધુ સંભાળી લેશો, એમ નકકી કરીને શુભ દિવસની અગીયારસે હવેલીનું ઉદઘાટન કર્યુ. ગામ આખાને જમાણવારામા સામેલ કર્યા, ગામમાં જલયાત્રા કરી બૈરાવોએ ધોળા કીર્તન ગાયા ....

શેરી વાવાવી ને સક્ર્ઝ કરૂં ઘેર આવો ને,
આંગણીયે પધરાવું ફુલ મારે ઘેર આવાને,
ફુલની ગાદી, ફુલના તકીયા,હીરના બીછાના બીછાવીયે રે મારે ઘેર આવોને...
ઉતારા દેશુ, ઓરડા દેશુ, મેડીને મોલ રે મારે ઘેર આવોને ...
દાતાણ દેશું, દાડમી દેશુ, કરેણીની કાંબજો,
પણ દેશુ હિંડોણા ખાટ રે મારે ઘેર આવોને...

નાવણ દેશું કુંડીયા ને દેશુ જમુનાના નીર મારે ઘેર આવોને ...
શેરીવાળાવી સજકરૂં મારે....
ભોજન દેશું, લાડવા લાપસી દેશું, કેસરીયાં દુધુ મુખવાસ દેશું,
એલચી દેશું, પાન બીડા પચાસ રે..મારે ઘેર આવાને ....
શેરીવળાવી સજ કરૂં મારે....

નંદ ઘરે આનંદ ભયો જય કનૈયા લાલ કી
મુરલી બોલી રાધા ડોલી ગોવિંદ ભરદે જોલી
નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી

આમ પવિત્ર મને પવિત્ર ધુનથી વાતાવરણ પવિત્ર બની ગયું. ગુલાલ અબીલની રંગત થઈ તેમા લીલા ને જુલી યે ખરા દિલથી ભાગ લીધો. બે દિવસ પછી લીલા અને જુલી વિદાય લેવાની તૈયારી કરી, પછી વિદાય લીધી, ત્યારે ગોવિંદ તરફથી લાલા ઠોકારજીના વાઘા ચરણામૃત, કંઠી વિગેરે ભેટ આપ્યા. તે સહર્ષ સ્વકારીને સૌ જુદા પડચા. રાત્રે વેલી સવારે વિદાય થવા ટાઈમે જુલીયે કોટ પાટલુન કાઢી સફેદ સાળી પરીદાન કરી લીધી. જાણે કોઈ સાધવી જાઈલ્યો. કપાળમાં ચંદનનું ત્રીપુડ, ગળામા તુલશીની માળા (કંઠી), હાથમા કરતાલ, મુખમાં શ્રી કૃષ્ણ શરણં મમઃ, શ્રી કૃષ્ણ શરણં મમઃ, ત્યારે સૌ એકીટસે જુલીને નીરખી રહ્યા. હવે જુલીની આંખમાંથી અમૃત નીતરતું હતું, ત્યારે સૌ ભાવ વિભોર બની ગયા, ત્યારે જુલીયે લીલાને પગે લાગીને કહ્યું, પુજ્ય પિતાશ્રી આ જુલી નથી, જમુના તમારી સામે છે. હવે હું અહિ જ રોકઈ જવાનો પ્લાન કરીને તમોને જણાવું છું. હવે મારે મારો કાઠીયાવડ છોડીને વિદેશ જાવું નથી. ત્યારે લીલો બાઘામંડળ થઈ ગયા, અરે જુલી તુ મેડ (ગાંડી) તો નથી થઈ ગઈને. નાં પૂજ્ય પીતાશ્રી, હું સંપુર્ણ સ્વસ્થ છું, મે મારી ઈચ્છાથી મારૂ તન મન ધન, શ્રી ને અર્પણ કરી દીધુ છે. તમો પ્રસ્થાન કરો, હું હવે મારા ઠાકોરજી ને છોડી શકુ તેમ નથી. ત્યારે લીલા ધરતી ઉપર બેસી ગયો. જુલી બેટા, જુલી સ્વસ્થથા, માય ડોટર, લાગણીની ક્ષણીક આવેગ માં ખેંચાય નહિ જવાનું. હું તારો ડેડી લીલા, તું ડેડ નેકેમ ભુલી ગઈ બેટા, ના પિતાજી હવે ડેડ નહિ. પરમ પુજ્ય પિતાશ્રી તમોને હું કદાપી નહિ ભુલું. ત્યારે લીલાને ખાત્રી થઈ કે જુલીમાંથી જમુના બનેલી જુલી ને ભકિતનો રંગ લાગી ગયો છે અને હવે રંગ ઉતરે તેમ નથી. પોતે બીજા આઠ દિવસ રોકાય ગયાને પોતે પણ અહિ રહેવાનું નકી કરીને સફેદ વસ્ત્રો પરીધાન કરી લીધું. પોતાને ઘરે ગોરી મેડમ તથા મોમને (બાને) પત્ર લખીને પત્ર દ્વારા જણાવી દીધું કે હું ને જુલી હવે અહિંજ રહીશું. તો તમોપણ અહીઆવી જાવ. અહિ આપણો આ કાઠીયાવાડ તમોને આવકારવા તૈયાર છે.

થોડા ટાઈમ પછી ગામમાંથી યાત્રા કરવા સંઘ ગયેલો તે યાત્રા કરીને પાછા ફરીને આવ્યો. ત્યારે ગામમાં ભાવુક જણાએ તેમનું સ્વાગત કર્યુ. જાંજ, તબલા, મૃદંગ ની રમજટ

© RATILAL JOGIA

બોલાવી ફરી પાછો અબીલ ગુલાલની ઉડાયો. કીર્તનની રમજટ બોલાવીને વાજતે ગાજતે યાત્રાળુઓને ગામમાં માન સહિત લયાવ્યા. બીજે દિવસે સવારે **'ગોમતિબા'** જમનાજીની લોટીજી હવેલીયે પહોચી ગયા. ત્યાં મંગળાના દર્શન કરી ભાવ વિભોર બની ગાય. પછી આરતી ના દર્શનમાં સાથે આરતી શ્રીનાથજીની મંગળા કરી, શંખ વાગ્યા, શ્રીનાથ જાગ્યા બાંસુરી ધારી શ્રીનાથજી. ત્યારે લીલાને ને જુલી મળ્યાં, લીલાને જોઈને તેની પ્રતિકૃતિ સમી શકલ દેખાય લીલો પણ અચંબામાં પડી ગયો. જુલીને જોઈને તો ગોમતિબા તેને વળગીજ પડયા, ને મંડયા ધ્રુસકે ધ્રુસકે રોવા, અરે મારી માં તુ ક્યાં હતિ, તેમ ભાવવિભાર થઈને ગોમતિબાથી બોલી જવાયું. ત્યારે લીલાને જુલી વિચારમાં પડી ગયા. પછી ગોમતિબાને પ્રેમથી બેસાડયા પછી પાણી પાયું ને પૂછયું કે મને બા કેમ કહિ, ત્યારે ગોમતીબાએ કહ્યું કે, મારી બા મંગળા અસલ તારા જેવીજ હતિ. જાણે તુજ મંગળા છે એટલે તને જોતાંજ મારી બા મને યાદ આવી ગઈ. આ લીલો ને મારી સકલ મળતાં આવે છે, આમ કેમ ત્યારે ગામનાં વડીલો આવી લાગતાં સર્વે લોકોનું કુતુહલ સમીગયું. વાતની ચોખવટ કરીકે વર્ષો પહેલા આનંદનામનો છોકરો મંગળા નામની છોકરીને પોતાની કરીને વગોવાયેલો તે મંગળાની આ ગોમતિબા, ત્યારે લીલો ઉમરનો તાળો મેળવવામાં લાગી. ગોમીતબા અત્યારે પંચોતેર વરસની આસપાસ હશે. ઉમરનો તાળો મલતાં લીલો સમજી ગયો કે આ ગોમતિબા મારા સગા બહેન છે. જુલી કદાચ મારે ત્યાં મંગળાએ અવતાર ધરી લીધો હશે. માટે અત્યારે આ ગામ મને વહાલું લાગે છે એટલે જ અહિં જુલી રોકાઈ ગઈ છે, પરંતુ હું કોણ ? જુલી મંગળા હોઈ શકે ગોમતીબા મંગળાની દિકરી હોય શકો તો તો પછી પેલો ગોવિંદ કોણ ? હું કોણ ? કહેવાઈ છે કે સંસાર રત્નાકરરૂપિ ગહેરો છે. જેમ ઉંડા ઉતરો તમે તેનો પાર નથી આવવાનો, આતો ઓવરના લાકડા છે. સમયે સમયે ભેળા થાય છીયે ને સમય પૂરો થતા છુટા પડી જાય છીયે, ક્યારેક ફરી મલીયે છીયે ક્યારેક મલતાંજ નથી કારણ કે ચોર્યાસી લાખ યોની ના જીવ છે તેમાંથી ચારલાખ યોની માનવ જાતની છે, આમા ક્યાં અતો પતો લાગે એક બીજાના રૂણાનું બંધે બંધાયે છીયે ને છુટા પાળીયે. હજારો વર્ષો પહેલાજે પાણીને શ્વાસ આપણો લીધા હોઈ તે ફરી અત્યારે પણ કદાચ લેવામાં આવતા હોય છેએટલે જ તો સારા-નરસા પવિત્ર-અપવિત્ર વિચારોની ઉલજનમાં આપણે લપેટાયેલા રહિયે છયે એટલે તો મન ધજાની નોકની જેમ સ્થીર રહેતું નથી. છતા કહેવાઈ છે કે જેનીયે મન જીતી લીધુઃ તેનીયે જગત જીતી લીધુ, પરંતુ એવા વિરલા કોક શ્રી મહાપ્રભુજી વલ્લાચાર્યજીના ૫૨૫ મો પ્રાકટય મહોત્સવ નિમીતે આ લેખ તેવો શ્રી ના ચરણમાં અર્પાર્ણ .

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૪૨ સવાય પનોતી

**''કહાં ચંદન, કહા મલયાગરી, કહાં સાયર, કહા નીર,''**

પળુ-પળુ-પળુ-હમાણાં-પળુ કે પછી પળુ આમ રાજા ''ચંદન'' ને લગાતાર, એક હપ્તાથી સ્વપનાં આવવા લાગ્યા. મહારાજા ચંદન, જાગીને, પલંગ-ઉપર, બેઠા બેઠા વિચારે ચપી જાતા આ કોણ પોકાર પાડે છે, કે પળું પળું પળું હમાણા પળું કે પછી પળું આ કોંણ હશે.

શું કામ મને પુછે છે? ખુબ-વિચારને અંતે પોતાનાં પટરાણી ''મલીયાગરી'' ને ભર નીંદ્રામાં છે. તેને જોઈ રહે છે. તે પટરાણીને નીંદ્રામાંથી ખલેલ પુગાડયા વગર ઉઠીને બાજુની બારીવાટે બહાર બગીચામાં નજર કરે છે. સામે જ આકાશમાં આઠમનો-અડધો, ચંન્દ્રમાં જાણે પોતાને જોઈને હસતો હોઈ તેમ પોતાને ભાસ થાય છે. પછી જાણે પોતે ''ભોઠપ'', અનુભવતો હોય તેમ તે ચંન્દ્રમાં વાદળો પાછડ છુપાય જાઈ છે. વાતાવરણમાં ત્યારે, સનાટો, મહેસુસ થાય છે. હવાની લહેરખીઓ પોતાના જુલફાને સ્પર્શીને પછી હવામાં આમથી તેમ વાળનાં જુલફાને - ઉછાળીને, ચાલી જાય છે. મહારાજા વિચાર કરતા કરતા થાકી જાઈ છે. ફરી પાછા પોતાની જગ્યાએ આવિને પોતાના પલંગમાં આળશ-મરડીને શરીર લંબાવે છે. બાજુમાં પટરાણી ભર ઉંઘમાં પણ જાણે કે, ''સ્માઈલ'' આપતા હોય તેવો આભાસ થાય છે, ત્યારે પોતે કોળીયા માંનો ''દિવો, બુજાવિ નાખે છે.''

રાજ મહેલનાં ઘળીયારા વાગે છે વેલી પરોઢના પાંચ વાગ્યા હોય છે, ને બરાબર તે ટાઈમે રાત્રી નો પહેરી વહેલી સવાર ની આલબેલ, પોકારે છે. ફરી પાછો વાતાવરણ માં સન્નાટો છવાય જાઈછે. પોતે વિચારોમાં અટવાતા અટવાતા અંતે થાકીને નીંદ્રધીન થઈ જાઇછે. ''કનક'' નગરીની વેલી પરોઢે, ''તૃપ્તી'' નદીનાં તીરે ઘટાદાર વૃક્ષોની સમીપે આવેલ દેવાધીદેવ રાજાધીરાજ નીલકંઠ મહાદેવનાં મંદિરના ગર્ભદ્વારની અંદર ઘંટાવનાં અવાજ આરતી થતાં ને હર હર ભોલે મહાદેવનાં જય ઘોસથી વાતાવરણ પવિત્ર બનતાં હવામાં લહેરાયેલ હર હરભોલેના નાદથી ''કનક નગરી'' ના રાજા એવા મહારાજા નીંદ્રામાંથી જાગૃત થયા ને પોતાના ઈસ્ટ દેવનું સ્મરણ કરીને પ્રાતકર્મ પતાવવા સીધાવ્યા.

© RATILAL JOGIA

રાજ દરબાર હકળાઠઠ ભરાય ગયો હતો ને મહારાજના આગમનની પ્રતિક્ષા થતિ હતિ ત્યારે મહારાજ ''ચંદન'' પરવારીને સીધા રાણીવાસમાં સીધાવ્યાને ત્યાંથી રાણીજીનાં સંગાથે તૃપ્તી નદીને કાંઠે આવેલ દેવોના દેવ એવા મહાદેવના દર્શન કરવા ગયા. ત્યાં ઉપસ્થીત બ્રહ્મ દેવો અભયાગતોને દાનદક્ષીણાં આપીને, આશીર્વાદ મેળવિને મુખ્ય આચાર્ય એવા રાજ જયોતીષી બ્રહ્મ દેવને પોતે મલ્યાને ગઈ રાતની વિગત જાણાવી. છેલ્લા આંઠ દિવસ થયા. આમ દરરોજ વહેલી પરોઢે આવેલા સ્વપનોની વાત કરી ખુલાસો કરવા રાજય જયોતીસીને વિનંતી કરી, ત્યારે મહારાજ ''ચંદન'' સાથે મસલત કરી એમ નકકી કર્યુ કે મહારાજ કુટુંબ કબીલા સાથે જાત્રાએ જવાના છે. માટે છ-મહિના રાજયનો વહિવટ મંત્રી ગણ સંભાડશે, રાજય-જયોતીસીનો જવાબ એવો મળેલો કે, પળું પળું જે કહે છે તે બીજું કોઈ નહિ પરંતુ તે **''પનોતી''** છે. તેની ઈચ્છા હમણાં જ પડવાની છે, માટે આવતા દિવસોને ઈષ્ટ દેવનાં સંકેતરૂપ માનીને વધાવિ લેવા તેમ નકકી થતાં સર્વાનુમતે આ નીર્ણય લેવામાં આવેલો હતો.

નગરજનો અને શહેરનાં પ્રતિસ્ઠીત વ્યકિતઓ તથા મહાનુભાવો રાહ જોઈ રહેલ રાજદરબારીઓ પ્રતીક્ષામાં ચીંતાતુર બનીને મહારાજાની રાહ જોતા બેઠા હતા. ત્યાં સંત્રીએ આલબેલ પોકારી. બા-અદબ, બા-મુલાય, જા, ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ ધર્મ વિર, રંણસંગ્રામનાં અગ્રસર પ્રજાપાલન ધર્મનાં અવતાર એવા રાજાધીરાજ મહારાજ શ્રી પાંચ''ચંદન'' મહારાજ પધાર રહે હૈ. આ આલબેલ સાંભળતાં જ સભામંડપમાં, કોલાહલ મચી ગયો ને સૌ પોતપોતાની જગ્યાએ, ઉભા રહિ ગયા. મહારાજાની પ્રતિક્ષામાં, મહારાજાની પધરામણી થતાં દરેક લોકોએ કુર્નીસ બજાવિને સલામી આપી વંદન કર્યા, સૌનું અભીવાદન જીલતા જીલતાં મહારાજા, સીંહાસન ગ્રહણ આરૂઢ થયા, પાછડની બાજુ ઉપરની ગેલેરીમાં રાણી બા-સાહેબા પધાર્યા ત્યારે સૌ-હર્ષાવેસ થઈને ભાવવિભોર બનીને બેઠા.

© RATILAL JOGIA

ત્યાં ન્યાયની આલબેલ પૂકારીને ન્યાયની વાતચીત ચાલી પછી, સરહદનાં શીમાવોની સમીક્ષા થઈ, પછી મહારાજાએ પોતાનો નીર્ણય જાહેર કર્યો ત્યારે અબાલ, વૃધ્ધો સૌ મંત્રીગણ પ્રજાજનો આશ્ચર્યથી વિસામણમાં પડી ગયા, સાથે ચિંતાતુર બની ગયા, ઘણાં લોકો તો મહરાજાનાં પગમાં આળોટીને રૂદન કરવા લાગ્યા કે, આપશ્રી યાત્રા કરવા જાવ તે તે તો ખુશી થવા જેવિ બાબત છે, પરંતુ છ-છ મહિના આપના વગર અમારા દિવસો વિતસે કેમ ? માટે અમોને પણ સાથે આવવાની મંજુરી આપો તો સારૂં લાગણીની ક્ષાણીક આવેગથી હરકોઈ બંધાય જાઈ છે. મહારાજાએ સૌને સંતોષ થાય તે પ્રમાણે, વાર્તાલાપ કરીને કચેરી બરખાસ્ત કરીને રાણીવાસમાં સીધાવ્યા. તુરત જ યાત્રાને બહાને દેશવટો, સ્વેચ્છાએ સ્વિકારી મહારાજા **''ચંદન'', મહારાણી-મલીયાગીરી, પૂત્ર ''સાયર, પુત્રી'' ''નીર''** આમ ચારેય જાણાં અંધારી રાત્રીએ, રાજપાટ, ધનદોલત, છોડીને સ્વેચ્છાએ, વનવાસ, સ્વીકારી લઈને, પોતાને માર્ગે પ્રયાણ કર્યું. ત્યારે શહેરની બહાર પ્રતિક્ષા કરતી **''પનોતી''** એ આશીર્વાદ

આપીને, જાણાવ્યું કે, હે ધર્મ પૂત્ર નીતી-તથા-સદાચારથી વીચીલત થતો નહિ. ધર્મ, તારી સાથે જ છે, તે તારી - રક્ષા કરસે, માટે ચીંતા કરવાની કોઇ જરૂર નથી. પરંતુ ભાવિ મિથ્યા થતું નથી, માટે તારે આ કષ્ટદાયક કપરો સમય અપનાવવોજ રહયો. આટલું કહિને, પનોતી ''રાજા'' નાં માથા ઉપર બેસી ગઇ. ''રાજા'' ને ખ્યાલ આવિ ગયો કે ''પનોતી'' માથે બેઠી છે, તે વખતે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને, યાત્રા આગળ ચલાવિ, અંધારી રાત્રી ઘોર-જંગલ ભયાનક, પસુ, પક્ષીઓના અવાજો, કાંન ફુટી જાઇ તેવા **''તમરાં''** નાં અવાજો, ને ઉપરથી ગાજ-વિજ સાથે, વરસાદ તુટી પડયો. પાણીને કાદવ કીચડમાં લથબથ થતાં, ચારેય જાણાએ પોતાની મંજીલ આગળ જારી રાખી, આગળ ઉપર જાતાં વચ્ચે નદી આવી જે ભરપૂર પાણીથી ભરેલી હતિ ને હજી નદીનાં પાણીમાં વધારો થતો થતો હતો કારણકે વરસાદમાં પાણીનો ઉમેરો થતો રહેતો હતો.

ચારેય-જાણાએ, માનવ''સાંકળ'' રચીને નદીમાં જંપલાવ્યું સાથે પોતાનું ઇષ્ટદેવનું સ્મરણ ચાલુ રાખયું. પરંતુ ધાર્યા કરતા પાણીનો પ્રવાહ વધુ જોરદાર સાબીત થયો. એથી કરીને બન્ને, બાળકો હાથમાંથી છુટીને વિખુટાં પડી ગયા. અંધારી રાત્રીએ બન્ને બાળકોનો પતો કયાંથી લાગે, રાળારાળી થઇ ગઇ. પછી વાતાવરણ બીંહામણું બની ગયું. બાળકોના અવાજો સંભળાતાં બંધ થઇ ગયા ત્યારે મહારાણીયે કલ્પાંત કરી મુકયો. મહારાણીને ધીરજ રાખવા જાણાવ્યું. પરંતુ **''માં''**નું દિલ છે, તે પોતાનાં બાળકોને પોતાના હાથમાંથી જ આમ જળસમાધી લ્યે તે સહન કરી શકયા નહી. ને મહારાણી બેશુધ્ધ બની ગયા. સુધ બુધ ગુમાવિ બેઠેલા મહારાણી એ મહારાજાનો સંગાથ છોડીને, નદિનાં ધસમસતાં પ્રવાહનાં તણાવા લાગ્યા. મહારાજાએ ખુબ જ કોશીસ કરી, પરંતુ મહારાણીનો દેહ હાથમાં રહયો નહિ. ત્યારે મહારાજાએ કઠણ-કાળજુ કરીને મહામહેનતે, સામે કાંઠે પહોંચ્યા, સવાર લગી વરસતાં વરસાદમાં સુનમુન થઇને બેઠા રહયા.

સવારે આજુબાજુમાં તપાસ કરી પરંતુ બન્ને બાળકો અગર મહારાણીનો પતો લાગ્યો નહિ. તેથી પોતે ખીન્ન અને ભારી હૃદયે આગળ વધ્યા ને દુરના ગામે જઇને ભગવાન ભોલાનાથનાં મંદિરનાં ગર્ભ દ્વારમાં ઢળી પડયા. શ્રાવણ માસનાં પવિત્ર દિવસો હોવાથી ભકતગણો મંદિરમાં આવવા લાગ્યા. ત્યારે કોઇ ભકતગણનું ધ્યાન મહારાજા તરફ ગયું. જઇને તપાસ કરતાં મહારાજાનું શરીર તાવથી ધખધખતું હતું. આવેલ ભકતગણે મહારાજાને ઉઠાડયા ખબર અંતર પુછયા. પરંતુ મહારાજાએ પોતાનું મુખાર્વિંદ ખોલ્યુ નહિ. કાંઇ પણ બોલ્યા નહિ. ત્યારે બીજા બે-ચાર ભકતો સાથે મલીને અભીપ્રાય આપવા લાગ્યા કે આ માંણસ-બહેરો છે, કોઇ કહે મુંગો છે, કોઇ કહે પાગલ છે, જેવિ જેની બુધ્ધી તે પ્રમાણે બધા-અભીપ્રાય આપીને ચાલ્યા ગયા. ત્યારે એક ''લઘર-વઘર'' ''આદમી'' મહારાજની સમીપે, આવ્યોને ફ્રુટ ધર્યુ. મહારાજાને કકળીને ભુખ લાગી હતિ. તેથી ફ્રુટનો સ્વીકાર કરીને ખાવા લાગ્યા. પછી ઉપર

© RATILAL JOGIA

જળ પીધું, પોતાનાં પેટની ક્ષુધ્ધા શાંત થઇ, પેલો આદમી મહારાજાને પોતાની ઝુંપડીયે લઇ ગયો. ત્યાં ઝુંપડીની બહાર ટુટેલ ફુટેલ ખાટલા ઉપર ફાટેલ ગોદળી પાથરેલી હતિ ત્યાં મહારાજા લેટી ગયાને ની નીંદ્રાધીન થઇ ગયા, કહેવાઇ છે કે જેનું કોઇ નથી તેનાં ઠાકરોજી છે, ગમે તે સ્વરૂપમાં ઠાકરોજી મદત કરે છે,

મહારાજા નીંદ્રાધીન થઇ ગયા કારણકે

**''પ્રેમ ન જાણે જાત-કજાત''**

**''ભુખ ન જાણે એઠો ભાત''**

**''નીંદ ન જાણે, ટુટેલો ખાટ''**

**''ભુલ્યો ન જાણે, ખરેખરી વાટ'' (માર્ગ)**

આ બાજુ રાણી સાહેબાની પણ એજ હાલત હતિ, પેલી બાજુ બન્ને બાળકો એક કુંભાર ભગતને ત્યાં રહિ ગયા ને આમ દિવસો પસાર થતા રહયા. સમય કોઇની રાહ જોતો નથી. જોત-જોતામાં ''અઢી'' વરસ પસાર થઇ ગયા. ત્યારે રાજધાની કનક નગરીમાં ગભરાટ ફેલાય ગયો કે મહારાજા છ મહિનાનું કહિને, ગયા તેને આજે અઢી વરસ થઇ ગયા. છતા હજુ સુધી મહારાજા રાજયમાં પાછા કેમ આવ્યા નહિ. તેમ રાજમહેલમાં તથા નગરજનોમાં ચર્ચા થવા લાગી. ચારેય દિશામાં સિપાયોને દોડાવ્યા. છતાં મહારાજાનો કયાંય પતો લાગ્યો નહિ. હવે શું કરવું તેમ મથામણ ચાલતી રહિ, દરરોજ તપાસ ચાલતી રહિ. ત્યારે પેલી બાજુ ''પનોતી'' નો ટાઇમ પુરો થતાં. મહારાજાને ''પનોતી'' યે કહયું કે હે રાજન, હવે તું તારી રાજધાની માં જા, હવે ફરી પાછા તારા સુખનાં દિવસ ઉગશે. માટે તું તારા રાજયમાં જવા પ્રસ્થાન કર ત્યારે મહારાજાએ બે હાથ જોડી પ્રણામ કરી વિનંતીનાં સુરમાં જાણાવ્યું કે હે ''માતા'' ''પનોતી'' હું શું મારૂં મુખ લઇને મારા રાજયમાં જાવ. મારા રાજયમાં મારી વ્હાલસોય પત્ની તથા મારા જીગરના ટુકડા જેવા મારા બન્ને બાળકો નું શું થયું હશે. હવે મારે માટે જીવવાનો મોહ રાખવો નકામો છે, હવે મારે રાજયમાં જાવું નથી. અમો જે નદીમાં વિખુટાં પડયા હતા ત્યાં જઇને હવે હું ''જળસમાધી'' લેવા વિચારૂં છું માટે મને સહાય કરો. મારી છેલ્લી ઇચ્છા પૂર્ણ થાય તેવા આશર્વાદ આપો એટલે હું અહિથી વિદાય થાવ. મેં મારૂં વચન પાડયું છે, છતાં મારી કાંઇ ભુલ હોઇ તો હે માતા-પનોતીમાં મને ક્ષમા કરો. ત્યારે પનોતીમાતાએ આશીર્વાદ આપીને રાજનને કહયું કે હે રાજન જળસમાધી લેવાની જરાય જરૂર નથી. અહિંથી તું ઉત્તર દિશામાં જા, ત્યાં તને તારી રાણી મળશે તે પછી આગળ જાતા તારા બન્ને બાળકો તને મલશે ત્યાંથી આગળ જાતાં તને તારા રાજયની સરહદે નગરજનો તમારી પ્રતિક્ષા કરતા મલશે. માટે તું ચીંતા છોડીને પ્રસ્થાન કર આટલુ-કહિને ''પનોતી'' ઉતરીને ચાલી ગઇ.

રાજાને વાતાવરણ હળવું હળવું થતું લાગ્યું પવનની લહેરખી જાણે પોતાની ખુશી વ્યકત કરતિ હોય તેમ, રાજા નાં અંગ સાથે, સ્પર્સીને વહાલ કરતિ નવું ચેતન ભરી ગઇ હોય તેમ

© RATILAL JOGIA

તેમ લાગ્યું. ત્યારે, પેલો, લઘર-વઘર, આદમી-આવિને, વિદાય આપવાનાં, સુરથી બોલ્યો કે મહારાજ પ્રસ્થાન કરો, ત્યારે, મહારાજાએ કહયું કે હે મહાનુભાવ તમોએ મને, અઢી વર્ષો લગી સાથ આપ્યો. તો હવે તમોને છોડીને જાતા મારૂં મનડું માનતું નથી માટે કૃપા કરી કહો, આપ કોણ છો? ત્યારે લઘર-વઘર આદમીએ કહયું કે હું તારો **''ધર્મ''** છું ને સદાય તારી સાથે રહિશ. જયાં લગી તું **''નીતીમતા''** ને, વળગી રહિશ. ત્યાં લગી હું તારી સાથેજ છું ત્યારે મહારાજાએ કહયું કે આપ મારી સાથે ચાલો ત્યારે લઘર-વઘર આદમી યેં કહયું કે, અદ્રશ્ય રૂપે હું તારી સાથે જ છું.

તું પ્રસ્થાન કર. આગળ ઉપર તને તારી મહારાણી મલશે, પછી સાયર ને નીર ના નામનો પોકાર કરશો એટલે તેવો પણ મલી જાશે, આમ કહિને ''લઘર-વઘર'' આદમી અદ્રશ્ય થઈ ગયો ને મહારાજાએ યાત્રાનું પ્રસ્થાન કર્યું. સાથે-સાથે મોટે મોટે થી ગાવા લાગ્યા. કયાં ચંદન..... કયાં ચંદન.... આમ ગાતા ગાતા લગાતાર બે - દિવસ પછી સામેથી અવાજ આવ્યો અહિં છે તે ''મલીયાગીરી'' ''મલીયાગરી'' એટલે બન્નેયે સાથે મોટે અવાજે ગાયું કે કયાં,

''ચંદન- કયાં મલીયાગરી, આમ બંને એકબીજાને ઓળખી ગયા ને ભેટી પડયા ને બનેને ખાત્રી થઈ કે આપણે બન્ને જ ચંદન મલીયાગરી જ છીયે ને બને એ એક બીજાને પોતપોતાની વિતક કથા જાણાવિને કહયું કે હવે આપણાં સુખનાં દિવસો આવવામાં છે. માટે આગળ પ્રયાણ કરીયે ને બન્ને બાળકોની ભાળ મેળવિયે. એમ નકકી કરીને બન્નેએ ગાતા ગાતા ચાલવા લાગ્યા ને પોકાર પાડવા લાગ્યા કહા હે - ચંદન કહા મલીયાગરી. આમ આટલું બોલતા જાય છે ને નજર ચારે બાજુ ફેરવતા જાય છે,ને રસ્તો કાપતા જાઈ છે. બરાબર ત્રીજે દિવસે સામેથી જવાબ મલ્યો કે સાયર ને નીર ઢુંઢે માતાકો ઢુંઢે પિતાકો.''

''કહાં હે ચંદન કહા મલીયાગરી, આ અવાજ સાંભડીને સમેથી જવાબ આપ્યો કે કંહા સાયર-કહાનીર, એટલે એકબીજાને ખાત્રી થતાં જ એક સાથે બોલવા લાગ્યા કે ''કહાં-ચંદન-કંહા મલીયાગીર, ''કહાં સાયર-કહાં નીર'' આમ ચારેય જાણાંને ખાત્રી થતાં ફરીથી મલ્યાને. એકબીજાને ભેટી પડયા. મા-બાપના હરખનો તો કોઈ પારજ ન રહયો બન્ને બાળકો હેમ ખેમ પાછા મલ્યાથી જાણે પોતાને સદેહે-સ્વર્ણ મલ્યાનું સુખ મલ્યું. બધા એક બીજાની વિતક કથા કહેતાં કહેતાં રસ્તો પસાર કરવા લાગ્યા. આગળ જાતાં પોતાનાં રાજયની સરહદે નગર જનોને જોતા જ સૌ હર્ષાવિસે પોકારી ઉઠયા કે મહારાજાની જે હો નાં પોકારો થયા. આપણાં મહારાજા યાત્રા કરીને સુખરૂપ પાછા આવિ ગયા છે માટે સામૈયાની તડામાડ તૈયારી કરીને વાજતે-ગાજતે રાજમહેલમાં પગરવ પાડયા. (આ તે જમાનાની વાત છે આજે) (ખુળશી છોડી નથી કે ગૈ નથી શું) પછી દેવાધી દેવ ભોળાનાથનાં દર્શને ઉપડી ગયા. ત્યાં ભકતગણોને તથા ભીક્ષુકોને છુટે હાથે દાન દક્ષીણાં આપીને, રાજદરબારમાં પધાર્યા ત્યારે સંત્રીએ, આલબેલ પોકારી બા મુલાયજા, બા-હોશીયાર, મહારાજા પધાર રહે હૈ, ને હર્ષોલાસની વચ્ચે મહારાજા

© RATILAL JOGIA

એ પોતાનુ સીંહાસન ગ્રહણ કર્યુ પછી મલવા આવેલા સૌનું અભીવાદન જીલીને સૌ કોઈનાં ખબર અંતર પુછયા પોતાના મંત્રી ગણને શીરપાવ આપી રાજી કર્યા. પોતાના રાજયગુરૂ, જયોતિષી ને સીરપાવ આપી નવાજ્યા, ત્યારે ધર્મને નીતીમતાનો, જય ઘોસ કર્યો. જેનો અંત સારો તેનુ બધું સારૂ. જય હો જય હો...‘‘ સુખ દુઃખ તો ઘટ સાથે - ’’ ‘‘ઘડીયા જે મનમા ન આણીયે રે’’ તેમ આપણા મહાન ભકત કવિ શ્રી નરસીંહ, મહેતાયે ગાયું જ છે. સમય સમય બલવાન હે, નહિ આદમી બલવાન, કાબે અર્જુન લુટીયો, વોહિ ધનુશ્રય વોહિ બાણ, ‘‘સમય માણસને’’ મહાન, બનાવે છે. તેમ સમય માણસને મહાત પણ કરે છે, હાઈવે ઉપર પણ બંપહેડ આવે જ છે. તેમજ જીંદગીમાં પણ બંપ છે, આવેજ છે. માટે હે માનવ પ્રાણી ધર્મ ને નીતીમતા, છોડીશ નહિ. તારા ઈષ્ટ દેવ ઉપર ભરોસો, રાખીને જીવિશ તો સુળીની સજા સોયથી પુરી થઈ રહેશે. જે સજા મલે તે ઠાકરોજીનો પ્રસાદ ગણી માથે ચડાવિને જીવતા શીખીલે.

આપો આપ તારૂ તમામ દળદર ફીટી જાસે.

શ્રધ્ધાનું બળ અખુટ વહેવડાવજે, અતુટ બનીને તારી રક્ષા કરજે. ચલીત ને ચલાયમાન થઈશ નહિ. સહાય જરૂર મલશે. ફક્ત તારામાં અતુટ શ્રદ્ધાનો દિપ પ્રગટેલો હોવો જોઈએ. એ દિપ બુજાય નહિ. ભલે પછી જીંદગીમાં કેટલું પણ વાવાજોળુ તુફાન કે હાલક ડોલક થતિ ધરતી કે મેરૂપર્વત ભલે ડગી જાઇ, પરંતુ તું હિમાલયની માફક શ્રદ્ધાનો દિપ પ્રગટાવિ અડીખમ ઉભો રહીશ તો તારામાં શક્તિનો સંચાર કુદરતિ થશે જ.

છતાં તુ ચલાયમાન થઈશ તો સામે જ પતનની ખીણ ખાલી જ પડી છે. તેમા તું ધરબાઈ જાઈશ. પછી કે તો નહી કે મારા નસીબ. નસીબને દોસ દઈને તું છટકી શકીશ નહિ ઉલટાનો ઊણો ઉતર્યો છે. માટે વધુ સહન કરવા તૈયાર રહેવાની તૈયારી રાખવી પડશે માટે શ્રદ્ધાનાં બળથી તું તરતાં શીખીજા ધર્મ તારી રક્ષા કરશે. જે નીતીમતા તારું રખોપું કરશે કર્મનો સિદ્ધાંત છે. દરેકે દરેકને પહેલા કોઈને પછી જેમા બાંધછોડ થતી નથી તેમજ પ્લસ + માઈનસ - પણ થતું નથી. ભગવાન રામે, કૃષ્ણ-પાંડવો, ખુદ માતાપાર્વતી, શ્રી ગણેશ જેને ડોકુ કપાવવું પડયું તે શું ઘટનાઓ ઓછી છેતો આપણે તો પામર માનવી છીએ. જે સમૃદ્ધ કાંઠાની રેતિનાં એક કણ બરાબર પણ કદાચ નહી હોઈએ. માટે આપણી શું વિસાત આપણે તો ફક્ત બે હાથ ને ત્રીજુ માથુ નમાવિને પ્રાર્થના કરવી કે હે જગતનીયંતા દેવાધી દેવ, રાજ રાજેશ્વર નીલકંઠ મહાદેવ શ્રાવણમાસનાં પવિત્ર દિવસોમાં શ્રદ્ધાનો દિપક જગાવ્યો છે માટે તે અખંડ રહે તેવી કૃપા કરશો. હે કરુણાના સાગર બીજી કોઈ ઈચ્છા નથી. અમો ધર્મ ને નીતીમતા ન ચૂકી જાઈએ તે માટે અમારી રક્ષા કરશો. પ્રભુ આટલી અમારી પ્રાર્થનાથી આપની અમી દ્રષ્ટિ અમપર રહે એજ ૐ શાંતિ... શાંતિ...

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૪૩ અમથાલાલ આળસુલે

ઉજળી ઓ ઉજળી કોઈનો ફોન હતો? એ ના - નોતો,

તે કોઈને ફોન કરેલો. એનાં હું શા માટે કોઈને ફોન કરૂ તો પાછો આ ફોનની જગ્યા પાછી કેમ બદલી ગઈ છે, શું વાત કરો છો, ફોન ને તો કોઈ કરતાં કોઈ અડકયું જ નથી તે.

હવે જા જા મને પાકી ખબર છે, કાં તો કોઈનો ફોન આવ્યો હશે, અગર તે કોઈને, ફોન કરેલો હશે, હું અંહિથી ગયોને પાન ખાવા ત્યારે ચોકસ નિશાની કરીને ફોનનું ડબલું રાખેલું તે અત્યારે જગ્યા બદલી ગઈ છે એટલે મને પાકી ખબર પડે કે ફોન કેમ એની જગ્યાએ થી ખસી ગયો છે. હાઈ હાઈ તમોને મારી ઉપર ભરોસો નથી. ના નથી કારણકે મારા બાપાએ કોઈનો પણ ભરોસો કરવો નહીં તેમ કહેલું છે. એ તો સમજયા પરંતુ તમોને તમારી પોતાની સગી બૈરીનો પણ વિશ્વાસ નથી ? નાં નથી, હે ભગવાન આવા માણસને લમાણે હું લખાયેલી હઈશ, આને તેની સગી બૈરી ઉપર પણ વિશ્વાસ નથી, તો બીજા કોની ઉપર વિશ્વાસ હોઈ. હવે મોઢું બગાડમાં મેં કીધુંને કે, મારા બાપે સગી તો શું પારકી બૈરીનો પણ ભરોસો ન કરવો તેમ કહેલું છે. સમજી જા હવે ચ્હા બનાવ ને બીજી વખત ઘ્યાન રાખજે,સમજ પડીને ? હા પડી હું ઘરની બહાર જાંવને એટલે દરેકે દરેક વસ્તુ હું નજર અંદાજ કરી લંવ છું કે કઈ વસ્તુ કયાં પડી છે ને કેવિ પોજીસનથી પડી છે એટલે બહારથી હું આવુને એટલે, મને તુરત જ ખબર પડી જાઈ કે મારી પાછડ મારા ઘરની શું હાલચાલ છે અરે પણ તમારૂં ઘર તમારૂં ઘર તે મારૂં પણ ઘર છે ને. નાં બીલકુલ તારૂં ઘર નથી જ. ફકત મારૂં જ ઘર છે. તને તો, હું ફકત પરણીને ગળામાં ગાડીયો, નાખીને લયાવ્યો છું, તારે તો ફકત હું કહું તેમજ કરવાનું છે ને મારા ઘરનું રખેવાળુને ઘરનું કામકાજ કરવાનું જ છે સમજી. હે ભગવાન આવા માણસ ને કેમ પુગવું, તું સમજે છે શું તારા મનમાં ? તને ખબર નહિ હોઈ કે આજતક મને કે મારા બાપાને કે તેના બાપાને હજી સુધી તોકોઈ પણ પુગ્યુ જ નથી ને. શું તે માટે તો ફરીથી જનમ લેવો પડે શું, સમજી હા પડી તો પછી ઉભી છો શું જા જલદી ચ્હા બનાવ.

શું ધુળ ચ્હા બનાવું, અરે જો તું ધુળમાંથી ચ્હા બનાવેને તો તો આપણને ચ્હા-ખાંડને

©
RATILAL JOGIA

દુધના પૈસા બચી જાઈ....

બસ તમારે તો પૈસા બચાવવાની જ વાત છે.

જીવનમાં પૈસા મહત્વના નથી, માણસાઈનુ મુલ્ય છે ને તેનું જ તો મહત્વ છે. સમજયા,એ મને રામાયણ સંભળાવમાં, મેં ઘણી બધી કથાવો, સાંભળી છે. બધા પોતપોતાની ખીચડી પકાવે છે. તમોને એવું લાગતું હશે બાકી એવું કાંઇ નથી. માટે એવુ બોલોમાં પાપ લાગશે. **''પાપ''** ભલે લાગે, હું ડરતો નથી. અરે હા જો દુધની વાત આવિ છે ને તો એકસોહ ગ્રામ કાચા શીંગદાણાં સાથે સાથે લેતિ આવજે, શીંગાદાણા શેકેલા નહિ કાચા સમજી. કેમ અત્યારે ? શીંગ ખાવિ છે ? ના, ખાવિ નથી. તો પછી મને ખવડાવવી છે ? નાં તને ખબર નથી તને શીંગદાણાં ખાવાની મનાઇ જ છે. મારી મંજુરી વગર તારે કાંઇ પણ ખાવું નહી, તો પછી અત્યારે, શીંગને શું કરવિ છે, ચુલામાં નાખીને તાપ કરવો છે કે ધુમાળો કરવો છે કહો જોઉં હવે તારો, લવારો બંધ કર ને હુ કહું તેમ કર ને તું દુધની સાથે શીંગદાણા એક સોહ ગ્રામ લયાવ, શીંગ કાચી લેવાની શેકેલી નહિ સમજી. જા જલદિ જા, ભુલતિ નહિ નહિતર પાછો ધકો થશે. તને પછી કેતિ નહિ કે આવા તડકામાં તમો મને ધકા ખવડાવો છો. અમે તો આમેંય ધકો જ ખાધો છે.

જીંદગીની જુવાનીમાં શું લાવમાં આવ્યા લહાવો લીધો. બસ લોહિ ઉકાળા જ, હવે રહેવા દે, જલદિ જા ને દુધને, શીંગદાણા લયાવ જા જલદિ. તો પછી તમારે આટલી બધી ઉતાવળ હોય તો તમો જ જાવને. એ કામ હું થોડો કરૂં? કેમ તમારાથી ઘરનું આટલું અમસ્તું કામ પણ ન થાય. તું જા તને કીધું ને. અરે, અમો બૈરાવો ને માથુ મોઢુ કરવું પડે સાડી બદલવિ પડે, આવું કોથળા જેવું ગાઉન ને આવા જટુકીયા લઇને થોડુ કોઇની દુકાન ઉપર જવાય છે. જવાય જરૂર જવાય તને ને મને બધાય ઓળખે છે, ઓળખે તો છે પરંતુ એમ કાંઇ હાલી થોડું નિકળાય છે. સાંભળ એક બાપા હતા તે મોટા શહેરમાં તેનાં દિકરાને ત્યાં ગયા અઠવાડીયું થયું છતાં બાપાએ ન ડાઢી છોલાવિ કે ન કપડાં બદલ્યા. ત્યારે બાપાનાં દિકરાએ કહયું કે, એક અઠવાડીયું થયું છે, આજે હવે ફ્રેશ થઇ જાવ ત્યારે, બાપાએ કહયું કે હું ફ્રેશ જ છું. અરે તમારા બાલ ડાઢી કે કપડા બધું બદલી નાખો. નહિરે અહિં મને કોણ ઓડખે છે. હવે તો આવતે અઠવાડીયે ઘરે જઇને ત્યાંજ બધું કરશું શું ? ને બાપાએ પોતાની વાત રાખી તે પોતાને ઘેર ગયા, ત્યાં બીજા પંદર દિવસ સુધી બાપાએ બાલ ડાઢી કે કપડાની ફેરબડલી કરી નહિ. ત્યારે ઘરવાળાએ કહયું કે હવે, આ કપડાં ગંધાય છે. બદલી નાખો એટલે ધોય-નાંખીયે, **છના** ''વાણંદ ને કહો, ડાઢી છોલી આપે, ત્યારે બાપાએ કહયુ કે નારેનાં જરાય જરૂર નથી. કેમ અહિં મને બધા ઓળખે છે રામજી શું સમજી ધુળની પાલી રાખ લાવો હવે પૈસા એટલે દુધને શીંગદાણા લયાવું, કેમ તારી પાસે પૈસા નથી. મારી પાસે હોય તો તમારી પાસે માંગુ કેમ,''ગૈ''કાલે પાંચ - રૂપિયાનો સીકકો

© RATILAL JOGIA

આપેલોને, અરે તી શું થઈ ગયું, થઈ કાંઇ નથી ગયું, તને જે પૈસા આપેલ છે ને તેમાંથી લયાવ, અરે તે પાંચ રૂપિયામાં તો પુરૂ શાકભાજી પણ નથી આવ્યું. ઉલટાનાં શાકભાજીવાળાનાં પૈસા બાકી રાખવા પડેલા છે. એવું નહિ કરવાનું કીધું ને એવું નહિ કરવાનું ઉધાર લેવાનું નહિ. મને પુછયા વગર તો બીલકુલ નહીં. ભલે હવે ધ્યાન રાખીશ.

બસ હવે દુધને શીંગ લેવા જાવું હોય તો, પૈસા આપો એટલે હું જાવ આલે આ એક રૂપિયો જા. જલદિ જલદિ જા મોડું ન કર કપાળ મારૂં જાંવ શું એક રૂપિયામાં દુધને શીંગ આવે ખરા, ન આવે તો નહિ લેવાનાં ઠીક છે. એ તો કહો, શીંગને શું કામ મંગાવો છો, શું કરશો, આજે કયાં શુંક્રવારછે તી તમારે એક ટાણાંમાં ઉપયોગ કરવો છે તું સમજતિ નથી. હમણાં કોઈ ગુજરાતિ મેગેજીનમાં વાંચેલું કે શીંગદાણા માંથી દુધ બને છે તો શીંગદાણા લયાવો તો તેમાંથી દુધ બનાવિયે જો ખરેખર દુધ બને ને તો, પછી આપણે મોટે પાયે દુધ બનાવિયે, પછી દુધ બનાવવાનું કારખાનું ચાલુ કરીયે. પછી ખુબ ખુબ પૈસા કમાઈએ એવું તે કયાંય હોતા હશે કે, શીંગદાણાં માંથી દુધ બનાવિ ને વેપાર કરીયે. માટે આવા શેખચલ્લીનાં વિચાર છોડી દયો ને તમારા બાપાને યાદ કરો તમારા બાપાએ ના જ પાડી છે કે આપણે કામ કરવું જ નહિ, તમારી ત્રણ પેઢીમાં કોઈ એ કામ કરેલું નથી. માટે તમારે કામ કરવું જ નહિને પેલી કહેવત ભુલી ગયા કે શું ''પક્ષી કરે નહિ ચાકરી અજગર કરે નહિ કામ'' ''સાસુ ઘેર જઈ કરસું આરામ, ને ખાસુ દુધને ભાખરી'' ઠીક હવે જોતો બેલ કોણે વગાડી કોણ આવ્યું છે. સાંભળ મને પૂછયા વગર કાંઈ વાતચીત કરતિ નહિ. ભલે. શું છે? કોણ આવ્યું છે? અરે એ તો પોસ્ટ મેન છે, ટપાલ આપી ગયો છે. લ્યો - વાંચો સારા સમાચારની ટપાલ છે ને એટલે એટલે-આજે નાહિ લીધુ છે તો પછી કાલે નાવા ટાણે વાંચીસ, એવું થોડું હોતા હશે? કેમ ન હોય સમજી લે કે નાવાનાં સમાચાર કાગળમાં હોય તો ફરી પાછુ નાવુ પડેને માટે આવતિ કાલે નાવાના ટાઈમે વાંચીશુ હમણાં ટપાલ ટેબલ ઉપર મુકી દે જોંવ. રાખો - રાખો હવે જરાક તો શરમાવ કાંઈ લાજ શરમ છે કે નહિ. નથી, તારાથી થાય તે કરી લે, હું શું કરી લેવાની, આતો **સોનું જાણી સંગ કર્યો ને કર્મે જળીયું કથીર,** એમ કર એજ શબ્દોને ઉલટાવિ નાખ તો તે તને લાગુ પડે કે નહિ. ભલે વિચાર કરીશું, અરે કયાં ગઈ શાંભળ, શું છે ? આજે સાંજે સોસાયટીની મીટીંગ છે, હું જાવ છું. અત્યારે જ, એજ તો મોકાણ છે ને આ પોસ્ટમેન પણ મારો બેટો એન્ડ ટાઈમે ટપાલ આપવા આવે છે, તેને એટલી પણ ખબર પડતિ નથી કે એન્ડ ટાઈમે ટપાલ મલતાં માણસને જયાં પહોંચવાનું હોઈ તેને કેટલી તકલીફ પડે. જાવ છો, હા જાવ છું. ચ્હા નથી પીવી. હવે મિટીંગમાં રહા નાસ્તો મલશે ને, સમજી લેને કે ચ્હા નાસ્તાના પૈસા બચાવ્યા. સારુ કૈરૂ તમ તમારે, બચાવ્યા કરો. જો સાંભળ હું જાવ છું, કોઈનો પણ ફોન આવે ને તો કહેવાનું નહિ કે મીટીંગમાં હાજરી આપવા ગયા છે. કેમ? બસ અમસ્તું જ. અચ્છા એમ વાત છે, હા ભલે નહિ કવ બસ - અમથાલાલ મીટીંગમાં

© RATILAL JOGIA

પહોચ્યા કે તરત જ રહા. નાસ્તો આવ્યા, એટલે અમથાલાલનું કામ થઈ ગયું. પછી ચ્હા નાસ્તો કરીને પોતે ઉભો થયોને મીટીંગ ના સભાસદો ને કહયુ કે હું માવો ખાવા જાવ છું, ત્યા મીટીંગના એક માણસે કહયું કે મારા માટે પણ માવો લેતા આવજો એટલે મારે માવો લેવા ધકો નહિ ત્યારે અમથાલાલે કહયું કે કોઈનું કામ ન કરવું તેમ મારા બાપા એ કહયું છે. છતાં પૈસા આપો તો તમારા માટે પણ માવો લેતો આવું ભલે આલે એક રૂપિયો, કેમ એક રૂપિયો ? એક રૂપિયાનો તો એક જ માવો આવે તે હું ખાય જઈશ. પછી તમો શું ખાસો બગાસા, માટે બે રૂપિયા આપો. આલે આ બે રૂપિયા જાવ જલદિ આપણાથી જલદિ નહિ જવાય. જલદિ હોય તો બીજા કોઈને મોકલો ઠીક છે, નિરાંતે જાવ, નિરાંતે પણ નહિ જવાય તો પછી હું તો મારી રીતે જઈસ ભલે જા એટલે માથકુટ ઓછી. ત્યારે અમથાલાલે હિસાબ, માંડયો કે મારા બાપા યે જે કહયુ છે તે સાચું જ છે.

માટે મારા બાપા કહે તેમજ કરવું, માવો લઈને આવતા જ મીટીંગનો એજન્ડા મીનીટ બુક, ચર્ચાવો બધું પુરૂ થઈ ગયું હતું. ત્યારે એક સભાસદે કહયુ કે લ્યો, અમથાલાલ આ બુકમાં સાઈન કરો, કેમ તમો હાજર હતા. તેની સાઈન, હું કયા હાજર હતો. હું તો માવો ખાવા ગયેલો, મારા બાપાએ ચોકખી ઘસીને ના પાડી છે કે કયાંય સાઈન કરવી નહિ. એલા અમથા, ચ્હા નાસ્તોને માવો પરબારા મલી ગયાને હવે સાઈન કરવાની ના પાડે છે તે કેમ ચાલે. સાઈન કર નૈતર ફરી તને મીટીંગમાં બોલાવશુ નહિ તારૂ નામ મીટીંગ મેમ્બર તરીકે કાઢી નાખીશું. ત્યારે અમથાએ વિચાર કર્યો કે આલોકોનું ભલુ પૂછવું, કોરમ ઘટે છે, માટે મને બોલાવે છે. બીજા કોઈ મલી જાશે તો આપણો ચ્હા નાસ્તો જશે માટે બુકમા ન - વંચાય તેવી બીજાજ નામની સાઈન કરી આપી.

અમથો - આમતો ખોપડી હતો. પોતે કયાંય ઘસાતો નહિ ને પોતાનો સ્વાર્થ સાધતો રહે તો, કામ કરીને કમાવાનોતો સવાલ જ ન હતો. કારણ કે તેના બાપાએ કામ કરવાની ના પાડી હતિ ને ચોકખુ કહયું હતું કે આપણી ત્રણ પેઢીમાં કોઈએ કામ કર્યુ નથી ને કરશે પણ નહિ ને અમથા તું તારા છોકરાને પણ કહી રાખજે કે કામ કરે નહિ. ત્યારે અમથાને તેના બાપાની શીખામણ ખોપળી રૂપી કોમપ્યુટરમા ફીટ થઈ ગઈ હતિ. માટે કામ કરવું નહિ. બહાર પારકા માણસો સાથે લમણાજીક કરવી ને ઘેર બૈરાવ નું લોહિ ઉકાળો કરાવીને જીવવું બીજું કાંઈ કરવું જ નહિ. કયાંક સગાવહાલમાં જાઈ તો ત્યાં તેને માવો, પાન - બીડી -સીગારેટ બધુંય જોઈએ કોક કહે કે અરે આ બધુંય એક સાથે લેવાથી નુકશાન કરશે, ત્યારે અમથો કહે કે તે મને ખબર છે. હું ઘેર જઈને આ બધું છોડી દઈશ, પરંતુ અહી બધું પરબારે પરબારૂ હાજર છે માટે લવ છું. કેમ મફત મલે છે માટે ? ના છેક એવું નથી. પરંતુ મહેમાન થઈને આવ્યા છે માટે બધું લેવું જોઈએ. એમ મારા બાપાયે કહયું છે તો જ આપણાને ફાયદો નૈતર શું? એમ નફટાઈ ભર્યો જવાબ આપેં

© RATILAL JOGIA

ને પછી બીજા માવાનો ફળાકો મારે, ત્યારે યજમાન વિચારે કે આ મહેમાન ને શું કહેવુ ? બહાર બજારે જાઈ ત્યાં પણ કહે કે ઉભા રહો હું માવો ને પાન બંધાવિ લવ, ત્યારે યજમાન કહે કે તમારો જાવાનો ટાઈમ થઈ ગયો છે. તમારી બસ ઉપડી જાશે તો અમથો કહે ભલે બસ ઉપડી જાઈ કાલે જાશુ પરંતુ આપણને માવા ને પાન વગર નહિ ચાલે ને ત્યારે યજમાન કહે એમ કરો, તમો બસમાં જગ્યા - રોકો, હું તમરા માટે માવો ને પાન, બંધાવતો આવું છું ત્યારે નફ્ટ થઈને અમથાલાલ કહે એમ કરજોને બબે પાન માવા બંધાવજો ને એટલે ઘર સુધી મારે બસમાંથી ઉતરળું પડે નહિ.

આમ અમથાનું ગાડુ રગળ ધગળ ચાલ્યા રાખતું હતું, નામ અમથાલાલ સરનેમ આળસુલે. તેના દિકરાનું નામ કેવલ. બાપા-દિકરોને બાપ બધા મફતનો માલ ગોત્યા રાખે. કામકાજ કાંઈ કરવું નહિ, સગાવહાલામાં તળફળ કરીને ઘેર બૈરાવો નો લોહિ ઉકાળો કરી જીવ બાળ્યા રાખવો ને તેમાંથી મળે તેટલો આનંદ લેવો. આવા વિચારવાળા માણસો, વિકારીને રાક્ષસી સ્વભાવ ધરાવતા હોય છે જેને નથી લાજ તેને કાચુ રાજ. આવા અમથાલાલ સર્વે કોઈને કયાંકને કયાંક મલી રહેતા હોય છે. માટે તેવાવોથી સંભાળવું પરંતુ આપણે સંભાળીય કે તરત જ અમથાલાલ હાજર તેનું કેમ કરવું. આવા માણસોથી ભગવાન બચાવે એજ પ્રાર્થના કરવી રહિ કહેવત છે કે,

**પાળીપોસીને મોટો કર્યો જાત નાં જોઈ કે ભાત,**
**અપકાર તારો સહિ ઉપકાર અમો કરતા રહયા,**
**કદર કદી કહિ નહિ અમારી એટલે રખેતું જાત,**
**રખબુળ ની હોઈસ ગીરીરાજ ઘરણ કી જે હો.**

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૪૪ કાકો કાવડીયા વાળો...?

એ કાકા, કયાં ગયા હતા ? ઘણાં વખત થયા દેખાતા ન હતા. તો તબીયત તો, સારી છે ને? હા ભઈલા તબીયતમાં હજી સુધી તિરાડ પડી નથી. આતો બહાર ગામ ગયેલો એટલે તમો ને મલી શકતો નહતો. તમારે ત્યાં બધા મજામાં છે ને ? હોવે બધા મજામાં જ છીએ. કાકા હમણા દેખાતા ન હતા તો કયાં જયાવ્યા? ''હરિદ્વાર'', બીજે હવે કયાં જાવાનું હોઇ? નિવૃત માણસનું મન મંદિરીયે. **''જેમ સુથારનું મન બાવડીયે જ તેમ''** એતો કાકા તમો ભાગ્યશાળી છો. બાકી તો તમારી ઉંમરનાં બધાં કાંઇ મંદિરે થોડા જાઇ છે. અમુક લોકો તો ભેળા થઇને કાં તો કુથલી કરતા હોઈ છે, ત્યારે અમુક લોકો ગંજીપાની (કેટ) પાના કુટતા હોઈ છે. અમુક લોકોજ મંદિરે જઈને ભજન લલકારતા હોઈ છે. **''તન, મન, ધન, સબકુછ તેરા'' ''ઉસમે કયા હૈ, મેરા''** અને જાત્રા તો ભાગ્યશાળી લોકોનાં નશીબમાં લખાયેલી હોય તેવો જ કરી શકે ને બીજાને જાત્રા કરવા લઇ જાઇ બાકી તો બધુ એમ જ સમજોને. આમ વાત કરતાં, ''લલ્લુ, એ આંખ મીચકારી. તે અનુભવિ કાકાની જાણ બહાર ન રહયું, પરંતુ પોતે અજાણ્યા થઈને ''લલ્લુને પુછયું કે પછી, તારી છોળીનું કયાંય સગપણ ગોઠવાયું કે નહિ, ત્યારે લલ્લુ એ કહયું કે ના કાકા નથી ગોઠવાતું. કયાંય મેળ પડતો નથી. માંગુ લઈને આવવાળાને ગમે છે, તો અમોને ગમતું નથી. અમોને પસંદ પડે છે, તો સામેવાળા ને પસંદ પળતું નથી. આમ આવાત નો મેળ પડતો નથી ને ફીટ બેસતું નથી. હસે ભઈલા દિકરીઓતો બીજાનાં માટે અવતરે છે, તેના ભાગ્યમાં લખાયેલો હશે તે મલી રહેશે. ત્યારે ખબરેય નહિ પડે ને તુરત જ ગોઠવાઈ જાશે ઢોલ શરાણાય વાગતા હશેને વાગતા રહેશે. ત્યાંતો દિકરી પારકી બનીને પાંખો ફુટતાં ઉડી જાશે, ત્યારે માવતર પક્ષ ને મોસાળ પક્ષ જોતા રહેશે.

શું સમજયો ''લલ્લુ''દિકરી માટે ફીકર કરવિ નહિ, ઠાકોરજી ઉપર ભરોસો રાખીને તપાસ કરતા રહેવું. હા કાકા હવે એમ જ નકકી કર્યુ જ છે. અચ્છા એ બતાવ કે તારો ગુજારો કેમ ચાલે છે. ચાલ્યા રાખે છે કાકા દાલરોટી મળી રહે છે બીજું શું ? સારૂ સારૂ ભલે લલ્લુ હવે હું જાવ મારે દર્શન નું ટાણું થઈ ગયું છે. માટે દર્શન કરવા જાવું છે. ભલે કાકા તમો દર્શન કરીયાવો મારા

© RATILAL JOGIA

વતિ પણ દર્શન કરજો. ભલે ભઈલા આવજે હો, જીંદગીનાં સાઈઠ સાઈઠ વરસ મારૂ તારુ તમારૂં કરવામાં વિતાવ્યા હોઈ ત્યારે સહેજે વિચાર સુધ્ધા ન આવે કે આપણે પણ કોક દિવસ કયારેક મંદિરે જઈને ઠાકોરજીનાં ચરણોમાં માથુ નમાવિયે. અમુક વર્ગ તો ફુલાણજી થઈને કહે કે હજી અમારે મંદિરે જાવાની વાર છે. અમો તો ગઢપણમાં ગોવિંદ ગાશું ત્યારે આવિ તથ્ય વગરની વાત કરવાવાળાને ખબર નથી હોતિ કે ગઢપણમા શુધ્ધ બુધ્ધ સાબુત રહેશે હશે ને હાથ પગ ચાલતા હશે તો ગોવિંદ ગાશુ ને નૈતર સીતારામ ટેવતો જે બાળપણમાં પડી હો ય તે જ ગઢપણ માં રહેવાની. ડાહ્યા માણસો કહી ગયા છે કે, પગ હોય સાબુત ત્યારે હરીફરી લેવું હાથ હાલતા હોય ત્યારે કામ કરી લેવું. કાનથી સાંભળી શકાતુ હોય ત્યારે હરિકથા સાંભળી લેવી ને આંખનું તેજ ચાલતું હોય ત્યારે પેટ ભરીને ઠાકોરજી નાં દર્શન કરીને આંખ ભરી ને નીરખી નીરખી ને મન ભરી લેવું ને તૃપ્ત થાવું. પછી **કાલ કોણે દીઠી છે સખી આજનો લહાવો લીજયે જી** કાલ કોણે દીઠી છે. માટે કાલ કરતાં આજ કર, આજ કરતા અબ ઘડીનો ભરોસો નથી. પછી કાલનો કેમ વાયદો કરવો.

ગામડી મહાભારતની વાત છે. મહારાજ યુધિષ્ઠીર વહેલી સવારે પ્રાતઃ કાળે બ્રહ્મ મુહુર્તે દાન દેતા હતા. એક દિવસ દાન દેતા દેતા મુદ્રા (પૈસા) ની છાબ ખાલી થઈ ગઈ ને એક છેલ્લો અભ્યાગત બાકી રહી ગયો. મહારાજ યુધ્ધીસ્ઠીરે કહયું કે આપ આવતિ કાલે પ્રાતઃ સમયે, આવિને ડબલ દક્ષીણાં લઈ જાસો, ત્યારે તે અભયાગત હસતો હસતે ચાલી નિકળ્યો આ સઘડી બીના ભીમભાઈ જોઈ સાંભળી રહયા હતા. તેનીયે તુરત જ નગારા ઉપર ધાવ દેવા ચાલુ કર્યા ત્યાં નગરજનો તથા મહેલ વાસીઓ ભીમની નજીક જઈને પુછવા લાગ્યા કે હે મહાકાય ભીમ આજ નગરે ધાવ કેમ આપો છો. કઈ ખુશી થવામાં છે. અગર થઈ રહી છે કે મહારાજા યુધિષ્ઠિરે, કાળને જીતી લીધો છે. ત્યારે ''યુધિષ્ઠિરે'' કહયુ, કે મેં તો કોઈ યુધ્ધ કર્યુ નથી, કયારે કાળને જીત્યો તે મને પોતાને ખબર નથી ને તને, કેમ ખબર પડી. ત્યારે ''ભીમે હસીને જવાબ આપ્યો કે હમણાં થોડીવાર પહેલા જ એક ભીક્ષુકને તમોએ આવતિ કાલે આવવાનું કહયું ને એનો અર્થ એ થયો કે આવતીકાલ સુધી આપણે સર્વે જીવિત રહેશું, તે ચોકકસ વાત છે. માટે તમોએ આપેલ વાયદો યથા યોગ્ય હશે, તેની ખુશીમાં હું નગારે ધાવ આપું છું. ત્યારે મહારાજ ''યુધિષ્ઠિરને'' ખ્યાલ આવ્યો કે મારે પેલા, ભીક્ષુકને આવતી કાલનો વાયદો આપી ને કાલે આવજે તેમ કહેવું જોઈતું નં હતું, પરંતુ બનવા કાળ છે, તે બનીને જ રહયું બીજે દિવસે, પેલો ભીખારી આવ્યો નહિ, ત્યારે મહારાજાએ ખુબજ રાહ જોઈ છેલ્લે તપાસ કરાવિ પરંતુ તે ભીક્ષુકનો પત્તો, લાગ્યો નહિ. કયાંથી લાગે, પેલો ભીક્ષુક તો રામચરણ થઈ ગયો હતો. પરંતુ મહારાજાએ આપેલ વચનનું શું, ત્યારે પેલો ભીક્ષુક, સ્વાનના રૂપમાં ફરી મહારાજા ''યુધિષ્ઠિર'' પાસે આવ્યો ને મહારાજાની સાથે જ રહેવા લાગ્યો. જયારે મહાભારતનું યુધ્ધ પુરૂ થયું ને સર્વે પાંડવ સહેદે માતા કુંતાની સાથે

© RATILAL JOGIA

સ્વર્ગા રોહણ કરવા ચાલ્યા ત્યારે પેલો શ્વાન પણ સાથે જ હતો, પરંતુ સ્વર્ગને દરવાજે સ્વાનને અટકી જાવું પડયું કારણકે મહારાજા યુધિષ્ઠિરે આપેલું વચનની કીંમત અંહિયા સુધી જ આવતાં જ પુરી થતિ હતિ, ત્યારે એકબીજાના લેણ દેણઃ પુરા થતાં જ પેલુ સ્વાન ગળથોલીયું, ખાયને પડી ગયું ને પડતાની સાથે જ રામચરણ થઈ ગયું. ત્યારે મહારાજા યુદિધષ્ઠિર ખુબજ શોક કરવા લાગ્યા. ત્યારે ''શ્રી સહદેવ'' (જોસી) એ જાણાવ્યું કે પેલો ભીક્ષુક જ શ્વાનનાં રૂપે તમારી પાસે રૂણ લેવા આવેલ તેનું રૂણ તમોએ ચુકવિ દિધું. તે રૂણની કિંમત અહિંયા પુરી થઈ છે, માટે શ્વાનની જીંદગી પુરી થઈ છે, માટે શોક કરો નહિ.

પાંડવ પૂત્ર સહદેવ, કહેવાઈ છે કે ''ત્રીકાળ'' જ્ઞાની હતા. જયારે ''પાંડુ રાજા'' સ્વર્ગે સીધાવ્યાને તેની અંત્યેસ્ઠી માટે સ્મસાન ભુમીયે લઈ ગયા ત્યારે કહેવાઈ છે કે પાંડુનાં હૃદયને જો કોઈ સાધી લેશે તેને ત્રીલોકનું જ્ઞાન પ્રાપ્ત થશે. તે ભગવાન શ્રી કૃષ્ણાને ખબર હતિ. માટે પાંડુ પૂત્રોને અંત્યેસ્ઠી નો સામાન લેવા મોકલી દીધા. પરંતુ સૌ પ્રથમ વહેલીતકે સહદેવ આવિને તેના પરમ પૂજય પિતાશ્રીની છાતિ ઉપર પોતાનું મસ્તક રાખીને ખુબજ કલ્પાંત કરવા લાગ્યા એજ ટાઈમે શ્રી કૃષ્ણાં ત્યાં આવિ લાગ્યા તેનીયે શ્રી કૃષ્ણાં ને આવતા જોયા ત્યારે સહદેવ ત્રીકળ જ્ઞાની થઈ ચુકયા હતા. તેનીયે ઉંડો શ્વાસ લઈને આંખો બંધ કરીને જાંણી લીધું કે શ્રી કૃષ્ણાં ખુદ સકળ બ્રહ્માંડનાં સ્વામી છે એટલે તુરત જ ભગવાનનાં પગમાં સહદેવ પડી ગયા. ત્યારે સહદેવ ત્રીકાળ જ્ઞાની થઈ ચુકયા છે માટે ભગવાને તુરતજ સહદેવ પાસે વચન માંગીને વચન બધ્ધ કરી લીધા કે તમોને જયાં લગી કોઈ સલાહ અગર પછા કરે નહિ ત્યાં લગી તમારે તમારા જ્ઞાનનો ઉપયોગ કરવો નહિ. ત્યારે સહદેવ રાજી ખુશીથી આ શરતનો સ્વીકાર કરી લીધો ને સકળ બ્રહ્માંડનાં સ્વામી એવા શ્રીકૃષ્ણાં ને પ્રણામ કર્યા. ત્યારે શ્રીકૃષ્ણાંએ પુછયું કે આપ જાણી ચુકયા છો ને કે આપણે કોંણ છીયે, ત્યારે સહદેવ શ્રી યે હા પાડી એટલા વખતમાં બીજા પાંડુ પૂત્ર આવિ ગયા.

જયારે લાક્ષાગૃહમાં આગનું તાંડવ થયું ત્યારે અર્જુને પુછેલું કે સહદેવજી આપણને બચાવિ શકે તેવો કોઈ રસ્તો ખરોકે નહિ, ત્યારે સહદેવશ્રીએ, કહેલું કે આ બાજુમાં પડેલો પથ્થર હટાવો. એટલે પથ્થરની નીચે ભોંઈરૂ છે, ત્યાંથી આપણે બધા સલામત બહાર નીકળી શકીશું, પરંતુ અહિં સ્વર્ગની નજીક પહોંચતા પેલું શ્વાન દેહ છોડી દયે છે ને ધર્મ રાજા ખુબજ ખીન થાય છે, ત્યારે સહદેવશ્રી વગર પુછીયે બતાવિ દયે છે કે આ શ્વાન પેલો ભીક્ષુક હતો હવે તેનું રૂણ પુરૂ થયું છે. આટલું બતાવતાં, બતાવતાં તો સહદેવશ્રી ખુદ પ્રાણ ત્યાગી દયે છે, પછી તો વારા ફરતિ, બધા પાંડુ પુત્ર પ્રાણ ત્યાગે છે. છેલાં માતુશ્રી ''કુંતાજી'' રહે છે, તેવો ખુબજ કલ્પાંત કરે છે. ત્યારે ગેબી આકાશવાણી થાય છે, કે હે માતા **''કુંતાજી''** તમો કુંવારા ''માં'' બનેલા. એટલે, આ પુત્રવિયોગ તમારે સહન કરવો પડયો છે. તમારા ખુદનાં સુપુત્રો પાંડવો નો દેહત્યાગ તમારી નજર સમક્ષ થયો તે તમારી દ્રષ્ટિથી તમો જોઈ શકયા છો પરંતુ આટલો કલપાંત, ને

© RATILAL JOGIA

આટલું રૂદન, તમોને શ્રાપ મુકત કરે છે.

માટે આપ સદેહે, સ્વર્ગે પધારો, આમ ફકત માતા ''કુંતાજી'' એક જ સદેહે, સ્વર્ગારોહણ કરે છે.

જયાં સ્વર્ગમાં ''નંદનકાનન'' નામનું સ્થળ છે, ત્યાં ફરી સૌ કોઈ ભેળા મળે છે, પછી તો ઘણી વાત આગળ ચાલે છે. પરંતુ આપણો સતસંગ અહિંથી પેલા કાકાને મલવામાં સાથ આપે છે. પેલો ''કાકો કાવડીયા વારો'' મંદિરે જઈને ''પ્રભુ'' પાસે પ્રાથના કરે છે, હે કરૂણાનાં સાગર યદુનંદન દેવકી પૂત્ર, ત્રીલોકના નાથ સકળ બ્રહ્માંડનાં પિતા આપ અંતરયામી છો, જય હો, આપની જયહો, પ્રભુ હું પામર જીવ આપને ચરણે આવ્યો છું, પ્રભુ મારા પાપ બાળીને ભસ્મ થાવ હે દયાના સાગર હે કૃપા નિધાન હે અંતર્યામી, કૃપા કરો, કૃપા કરો, એજ પ્રાર્થના

**કાલ ચક્ર, જગ ચક્ર, યુગ ચક્ર, ચ કેશવઃ**
**આત્મ યોગેન, ભગવાન, પર્વિર્તયતે, નિશમૃઃ**
**તસ્મૈ, સર્વાત્મને નમઃ (ગીતાજી)**

આમ પ્રાર્થના કરીને કાકા પ્રસાદ, ચરણામૃત, તુલશી પત્ર લઈને ભાવ વિભોર થતા થતા ઘરે આવ્યા, ત્યારે ઘરે ખુશીનો માહોલ હતો, કારણકે કાકાના દિકરાને ત્યાં નવિ જીંદગીએ દિકરા રૂપે અવતાર લીધો છે માટે આનાથી વિશેસ ખુશી આ જગતમાં શું હોઈ શકે છે. દિકરાને તેના દિકરાનો, સ્પર્શ થતા સ્વર્ગ સમુ સુખનો અનુભવ થાય છે. જે ભાગ્યશાળી પૂણ્યશાળી માણસોને જ આ સુખ પ્રાત્પ થાય છે કે જેને પિત્રુઓના આષીસ મળેલા હોય છે. આમ પૌત્રો ને દાદા આનંદથી દિવસો પસાર કરશું તેવા વિચારે કાકા ચડી ગયા. પરંતુ ભાગ્ય વસાત માણસ ધારે છે, શું ને, થાય છે શું, કાકા વિચારમાં જ અટવાયાને પોતાની જુવાનીના દિવસો યાદ કરતા કરતા જુવાનીના બનાવો નજર સામે તરવારી રહયા. ગામડામાંથી શહેરમાં ને શહેરમાં ને ત્યાંથી કરાંચી, ત્યાં સ્થીર થઈને કાંન્તી કોથમરીયા તરીકે નામ ચલાવ્યું કારણકે ત્યાં ભાજીપાલો વેંચતા વેંચતા-કોક શેઠીયાએ કહયું કે, અહિંથી ''દુબઈ, જા ત્યાં તારા જેવા અકલમંદ માણસો સારૂ કમાય છે'' એટલે કાકા દુબઈ, પહોંચ્યા ત્યાં કોલસાનો બીજનેશ ચાલુ કર્યો ને કાંન્તી, કોલસાવાળા તરીકે નામ કમાયો, ત્યાંથી ''રંગુન'' અત્યારે ''મ્યાનમાર'' નામથી ઓળખાય છે, ત્યાં ગયા, ત્યાં બર્મા ''ટીક'', વુડ નો ધંધો ચાલુ કર્યો ને ત્યાં પણ કાંન્તી ''કો બોંબો'' એટલે ''બાંબુ'' ના જંગલ નો માલીક બની બેઠા ત્યાંથી ''ઈસ્ટ આફ્રીકા'' પહોંચ્યા. ત્યાં શેરડીના શાંભા એટલે ખેતરોના ખેતરો ખરીદી ને ''બાનાકુબા'' બની બેઠા ત્યાંથી સાઉથ આફ્રીકાનાં મુખ્ય રાજધાનીનાં પાટનગર ''જહોનીસબર્ગ'' પહોંચી ત્યાં ''ગોલ્ડ'' માઈન ખરીદી (''ગોલ્ડ'' માઈન એટલે સોનાની ખાંણો) માંડયાં ગોલ્ડ નિકાલીને વેપાર કરવા

© RATILAL JOGIA

## ''જે ફરે છે, તે ચરે છે''
## ''બાપના કુવામાં, ડુબી નથી મરાતું.''

ત્યારે ત્યાં રાસ્ટ્રનાં ટોંચના ઉદ્યોગપતિમાં તેનું નામ આવ્યું, ત્યાંની ભાષાના આધારે રેડીયો ઉપર સમાચાર ચમકયા કે વેરી સ્માર્ટ ઇન્ડીયન મેન બીગ બીજનેશમેન, સાઉથ આફ્રીકા, ગર્વમેન્ટ કદરદાની કરી નવાજે છે. કાકા આ સમાચાર સાંભડીને ગદગદીત થઇ ગયા. ત્યારે સામે પક્ષે ચીનની વેપારી ''પેઢીયે'' સામે ચાલીને ગોલ્ડ ખરીદવામાં રસ દાખવ્યો. ''જીયાંગ જુ ચાંગ ચી જીસ્ટ બેસ્ટ સેલર યુ થીંગ બીજનેશ વેરી સ્માર્ટ ઓલ્ડ-મેન ઇન્ડીયન અંકલ (કાકો) જીંગ ચીંગ કુંગ લી રીચર્ડ-ડી-જીંગ લી ફસ્ટ જીચ ડુ ચાંગ ડોન ડોઝ ટુ ડીજ લોઝ-ફુ-ફાટ ટી ટુ''

સમજાયું, કાંઇ નહિ સમજાઇ, લેખકને પણ સમજાતુ નથી. પરંતુ લેખ લખવો છે, માટે લખવું પડે છે, કારણકે બાવા બન્યા એટલે હિન્દી બોલના પડેગા. થોમજંગ જી-સીંગ-જીંગ-જેંગ જમ્બો વેપારી વેપારી પેઢી સાથે મોટા સોદા કરીને, કાકા ખુબ સારૂં કમાયા ને ત્યાં પોતાના પરીવાર પૂત્રોને બીજનેશ સોંપીને પોતે રાજી ખુશીથી ઇન્ડીયા પોતાના વતનમાં આવિને સ્થીર થયા. ગામમાં કોઇ ગરીબ ગુબરાવને મદદ કરવિ, છુપુદાન દેવું, પોતાની મોટાઇ કયાંય પણ બતાવવિ નહિ, સાદાયથી સાદગી ભર્યું જીવન જીવવું. જાણે આંબે, મોર આવ્યાને, આંબો નમી પડયો. મોટા માણસની ખાસીયત એ હોઇ છે કે પોતાનુ મોટાપણું બતાવવા પોતે નમતો જુમતો રહે છે. ત્યારે નજીકનાં માણસો તેનો ગેરલાભ ઉઠાવવામાં કાંઇ બાકી રાખતા નથી. એમ સગાવાલા પડોશીઓ, ઓડખીતા પાડખીતાએ કાકાનો લેવાય એટલો ભરપૂર ગેરલાભ લીધો.

જયારે કાકાની ગૃહલક્ષ્મી કાકી બીમાર પડયા ત્યારે કોઇ કાકાની મદદે આવ્યું નહિ. કાકાએ દરેકને પુછાવ્યું કે તમારી કાકી બીમાર છે. સેવાઅર્થે પાંચ પંદર દિવસ આવો અમારે ત્યાં પરંતુ કોઇ આવ્યું નહિ. ફરીથી કાકાએ સંદેશો મોકલ્યા કે તમો ન જ આવિ શકો તો, હું તમારે, ત્યાં પાંચ પંદર દિવસ આવિ જાવ, પરંતુ તે બાબતની પણ કોઇએ નોંધ લીધી નહિ કે કાંઇ કરતા કાંઇ જવાબ આપ્યો નહિ. પછી કાકાએ ના છુટકે પોતાની સાથે રહેને, કાકીની સેવા કરે, તેવિ કામવાળી ગોતી કાઢી એટલે સગા-સબંધીયો, યે આડીતેડી વાતો કરીને કાકાને સમાજથી અળખામણો, કરી નાખ્યો. પરંતુ કહેવાઇ છે ને કે-જેનું કોઇ નથી તેના ઠાકરોજી છે. થોડા ટાઇમ પછી કાકી રામચરણ થયા ને કાકાનાં દિકરાએ કાકાને કહયું કે, હવે એકલા રહેવાનો જમાનો નથી. માટે, પાછા તમો પરદેશ - આવિ જાવ તો સૌ કોઇને સારૂ લાગશે, ને કાકાને તે વાત વ્યાજબી લાગી. એટલે કબુલી લીધું ને પોતાના પરીવારને જાણ કરી કે હું રાજી ખુશીથી પાછો પરદેશ આવિ જાવ છું. પોતાનાં દિકરાને ઘરે દિકરો થયો છે, તેને રમાડવા માટે પરદેશ જાવ છું. કહિને કાકા-પરદેશ ઉપડી ગયા ત્યારે, કુથલી-કરવા વારાને પસ્તાવો તો ન થયો. પરંતુ એટલું કહયું કે, આ કાકો, ખુબજ કાવડીયા વારો છે, માટે ગમે ત્યારે પાછો આવશે જ કહેવાઇ

છે કે, ''જેને છોકરાઓ વશ છે સ્ત્રી મરજી પ્રમાણે ચાલે એવિ છે અને જેને જે મળ્યું એમાં સંતોષ છે, તે માણસને તો પછી આ લોકમાં જ સ્વર્ગ છે. એમ જાણવું તેમ પડયા તોય તંગડી ઉંચી રાખીને જીવવાવાળાને કાકાના સલામ કારણકે કાકો કાવડીયા વારો છે જે ફળે છે તે નમે છે. આંબો સફળ હોય છે, ત્યારે આસો પાલવ નિસફળ જાડ કહેવાઈ છે કારણકે આંબાના જાડને ફળોનો રાજા કેરી નામનું ફળ આવે છે. ત્યારે તે સફળ જાડ કહેવાઈ છે, જયારે આસોપાલવના જાડમાં કોઈ પણ જાતનું ફળ કે ફુલ આવતું નથી માટે તે નીસ્ફળ જાડ કહેવાઈ છે. તે નીસ્ફળ જાડ છે છતાં આંબાના જાડ કરતા આસોપાલનું જાડ ઉંચાયમાં વધું ઉંચુ હોય છે. આંબાનું જાડ ખરેખર પવિત્ર લેખાય છે કારણકે ૠતુરાજ એટલે  કે પાનખર દરેક જાડને આવે છે, પરંતુ, આંબાના જાડને પાનખર આવતી નથી. જયારે વસંતૠતુ આવે છે, ત્યારે દરેક જાડ પોતાના જાડનાં જુના પાંદડા, ખંખેરીને નવીકુંપળ કુટે છે ને નવા કલેવર ધરે છે. એટલી તે વસંત ૠતુથી લથબથ થઈને મહાલે છે ત્યારે આંબાનું જાડ પોતે જેમ છે. જયાં છે ત્યાં ૠષીમુનીની જેમ જાણે કે તપસ્યા કરતા હોઈ તેમ અડીખમ ઉભુ રહે છે તેને વસંતત્સુ ને પાનખર, શું તે બાબતનો ફરક પડતો નથી.

આંબે મોર આવે છે, ત્યારે કોયલ મધુરૂ-મધુરૂ ગીત ગાય છે. જે ગીત ગવાય છે, તે કોયલ ''નર''જાતીની હોય છે, તે પોતાની માદા કોયલને આકર્સવા કુ હુ કુ હુ ગાય છે, કેહવાઈ છે કે,

**''કોયલને, કાગ વાને વરતારો નહિ,''**
**''પરંતુ જીભલડીયે જવાબ,''**
**''સાચુ સોરઠીયો ભણે''**

RATILAL TOGIA

કોયલને કાગળાનો રંગ કલર ભલે, એક સરખો સમાન જોવામાં આવે છે, પરંતુ જીભાન ખુલતાં સુજાણ માણસો સમજી જાશે કે આ કાગળો છે, ને પેલી કોયલ છે.

મુરખ માણસ બોલતો નથી ત્યાં લગી તેની કિંમત થતી નથી. તેમજ જ્ઞાની માણસ પણ જયાં લગી, પોતાનો પ્રભાવ દાખવશે નહિ, ત્યાં લગી તે અણ જાણ જ રહેશે.

**''વિપત પડે, ન વલખીયે''**
**વલખ્યે, વિપત ન જાય,**
**વિપતે, ઉધમ, કિજિયે,**
**ઉધમ વિપતને ખાય.''**

તેમ કાકા સર્વેને, ભાવ વિભોર કરી રૂડુ મનાવિને, પરદેશની સફરે ઉપડી ગયા. કાકા મનમાં સમજી રહયા હતા કે, હવે આ ઉમ્રમાં જાયે તો કયાં જાયે, ને શું કરીયે. ''પરીવર્તન એજ, સંસારનો નિયમ છે'' પાછડ વરંડામાં પીપડાનું જાડ હતું (છે). તેનીયે, ખડખડાટ હસી કાઢ્યું

ને કહયું પણ ખરૂં કે,

**‘‘પીપળ પાન ખરંતા’’**
**‘‘હસતે કુપડીયા’’**
**‘‘અમ વિતી, તુજ વિતસે’’**
**‘‘ધીરી, બાપુડીયા’’**

કહેવાઈ છે કે, ‘‘પીપડો’’ (પિપડાનું જાડ) ‘‘પિત્રુ’’ કહેવાઈ છે, જેનીયે, ‘‘પિત્રુ પૂજયા છે, તેને ઉંની, આંચ આવતી નથી,

નોંધ :-

**‘‘નમન નમન મેં ફેર હૈ,**
**બહોત નમે નાદાન .**
**આંબાને, આંબલી નમે**
**નમે, દાડમને દ્રાક્ષ’’**

‘‘વિવાદથી વિખવાદ થાય પછી થાય વિનાશ માટે શાંત જીવ સહજ ઠાકોરજીમાંથી વિશ્વાસ ગુમાવ્યા વગર જીવવું જેથી સર્વેનું કલ્યાણ થાય એજ અસ્તુ’’

દ્વારકાધીશ કી જય.

©
RATILAL JOGIA

# ૪૫ દેવ દિવાળીના દમ આલુ

કવ છું આ ''સ્ટવ'' વાળાને ''સગડી'' વાળા અને આ ગેસના ચુલાવો બનાવવાવાળાને એકેક પત્ર લખી નાખોને.કેમ કઈ બાબતનું આમંત્રાણ આપવાનું છે. આમંત્રાણ નથી આપવાનું તો પછી કોઈ ફરીયાદ કરવી છે ? ના ફરીયાદ પણ નથી કરવી ને આમંત્રાણ પણ નથી આપવું. તો પછી હવે તમેજ કહો, પત્ર લખવાનું, પ્રયોજન શું છે. તેવોને પત્રમાં એટલી જ વિનંતી કરવી છે કે આવાને આવા સ્ટવને સગડીઓ અને ગેસના ચુલાવો ન બનાવો (કે જયાંને ત્યાં વહુ આરૂ જ દાજી જાઈ છે) જેમ તમોને આ સ્ટવ - સગડીને ગેસને ચુલાવો નડી જાઈ તે પસંદ નથી.

હે ભગવાન !! તમોને કેમ સમજાવું. ડીજાઈનનો પ્રશ્ન જ નથી. તો પછી **''બબાલ''** શેનો છે ? ''બબાલ'' છે બળી મરવાનો. કેમ શું થયું ? કોણ બળી મરીયું ? અરે ભાઈસાબ, કોઈ બળી મરીયુ નથી. તો પછી, જીવ શાનો બાળો છો હવે. હું જીવ એટલા માટે બાળું છું કે આ છાપાવોમાં રોજે રોજ સમાચાર આવે છે કે ફલાણાની ફલાણી-ઢીકણાની ઢીકણી લોંકળાની લોંકળી રસોય કરતાં દાજી ગઈ ને હાલમાં દરદીની પરીસ્થિતી ગંભીર છે. તેણીને સરકારી કે અર્ધસરકારી કે પ્રાયવેટ જે કહેવાઈ તે, હોસ્પીટલમાં દાખલ કરેલ છે. હાલમાં અમુક-તમુકની જીંદગી ભયમાં છે કે સીરીયસ છે કે પછી સુધારા ઉપર છે. આવાને આવા સમાચાર સાંભળીને મારો તો જીવ બળી જાઈ છે. માટે કંવ છું કે આ સ્ટવ, સગળીને ગેસનાં ચુલા બનાવવાવાળાને પત્ર લખીને વિનંતી કરો કે આવા સગળી સુલા સ્ટવ બનાવે નહિ. હવે તમોજ વિચાર કરો કે આવા સગળી ચુલા સ્ટવમાં ફકત વહુવારૂ ઓજ કેમ દાજી જાય છે. સાસુ નણંદ કે પછી ઘરવાળો કે બીજા કોઈ ને અગન જાળ કેમ લાગતી નથી. હે ભલા, ફકત વહુ આરૂ ઓજ કેમ દાજી જાઈ છે, શું એવા સગળી ચુલા કે સ્ટવ ન બનાવિ શકાય કે, જેમ ઘરના બીજા સભ્યો દાજી નથી જાતા તેમ વહુ આરૂ પણ દાજે નહિ. અરે એવું તે કાંઈ હોતા હશે, આ તો સળગતિ સમસ્યા છે. તે તો દરેકે દરેકને દજાડીનેજ જંપે નહિ. એવું કાઈ નથી, કેમ ? એવું કાંઈ નથી. જુવો તમોને સમજાવું.

RATILAL JOGIA

થોડા વર્ષો પહેલા એક જાદુગર આવેલો, તેનો જાદુનાં ખેલનો પ્રોગ્રામ એટલે કે જાદુના ખેલ જોવા ગયેલા ત્યારે તે જાદુગરે એક મીણબતી પેટાવિ. પછી તે મીણબતી તેનીયે તેના પોતાની આખા સરીરે લપેટી, પરંતુ પેલા જાદુગરના ન તો, કપળા સળગ્યા કે ન તો તેના શરીરે ફોલ્લા ઉપડયા કે ન તો જાદુગરના શરીરની રૂવાંટી સળગી. પછી તો પેલા જાદુગરે તે સળગતિ મીણબતી તેના પોતાના મોઢામાં મુકી ને પછી તે સળગતિ જયોતને પોતાની જીભથી મંડયો સુચવા જાણે જોઇ લ્યો કે બરફનો ગોળો કે આઇસ કેન્ડી ચાટતા હોય તે રીતે. ત્યારે પ્રેક્ષકો એ તાળીઓના ગળગળાટથી પેલા જાદુગરને વધાવિ લીધો. વાહ-વાહ કહેવુ પડે.

સાંભળો, હજી ઘણું બધું બાકી છે. પછી પેલા જાદુગરે કોલસા મંગાવ્યા ને તે કોલસાને સળગાવ્યા. તે સળગતા કોલસા લાલધુમ સળગતા હતા ત્યારે તે સળગતા કોલસાનો ખોબો ભરીને તેનીયે પોતાની સેક્રેટરી જે બાજુમાં ઉભી હતિ તેનાં ખોળામાં નાખ્યા. ત્યારે પ્રેક્ષકોના જીવ અધ્ધર થઇ ગયા કે હમણાં પેલી છોકરીનું **''પલ્લુ''** સળગશે, પરંતુ તેવું કાંઇ થયું નહિ. પછી પેલા જાદુગરે, સળગતા કોલસા પોતાના માથા ઉપર ગોઠવ્યા. પછી રદ્દી પેપરનો ટુકળો લઇને પેલા સળગતા કોલસા ઉપર મુકયો કે તરત જ પેલો કાગળ સળગી ઉઠયો, ત્યારે ફરીથી પ્રેક્ષક વર્ગે તાળીયોથી પેલા જાદુગરને વધાવિ લીધો. બોલો, પછી જાદુગરે જણાવ્યું કે આ આઇસ અગ્ની (અગની) છે, જેથી કાંઇ સળગે નહિ અને આમ તેના જાદુના ખેલ આગળ વધ્યા. ખેલ પુરો થતાં સૌ પોતપોતાને ઘેર જાતા રહયા. પરંતુ મને કયાંય ચેન પડયું નહિ, ત્યારે હું જયાં જાદુગર હતા ત્યાં ગયો ને વિનંતી કરી કે મને જાદુગર ને મલવું છે ને તમો માનશો મને તુરત જ જાદુગર મલ્યા પણ ખરા. મેં મારા મનની શંકાનું સમાધાન કરવા જણાવ્યું કે સળગતિ મીણબતીને સળગતા કોલસાથી કશુ પણ સળગ્યું નહિ. તો પછી પેલો રદ્દી પેપરનો ટુકળો કેમ સળગ્યો, આપે કહયું કે કે આ આઇસ અગ્ની છે તો મને કહો કાગળ કેમ સળગી ગયો.

જાદુગરે હસીને મારી **''પીઠ''** થાબળી ને કહયું કે યંગમેન, તારો સવાલ એકસોહ એક ટકા સાચો છે. તે શંકા કરી તેને, હું દાદ આપુ છું, પરંતુ અત્યારે, હું ખુલાસો કરી શકીશ નહિં. પરંતુ આવતા વિક એન્ડ હું અહિંથી વિદાય લઇશ ત્યારે, તમો મને મલજો, ત્યારે તમોને હું બતાવિસ. મેં કહયું અત્યારે કેમ નહિ તો જાદુગરે કહયું કે યંગ મેન યે બીજનેશ પોલીસી છે, માટે તેની પ્રાયવસી જાળવવિ જ જોયે. શુધ્ધ-ગુજરાતિમાં સમજાવું તો **''બોર બતાવાય, બોરડી નહિ''** ત્યારે મેં થેંકસ કહીને ચાલતી પકડી અને કયારે વિક પુરૂ થાય ને પેલું રહસ્ય ઉકલે તેની ઈન્તેજારીમાં દિવસો પસાર કરતો રહયો. આમ વિક એન્ડ આવ્યું તે ટાઇમે હું પેલા જાદુગરને મલવા તેવોના ઉતારે પહોંચ્યો, ત્યારે ખબર પડી કે, તેવો તો ગઇ રાત્રીએ, તેનો પ્રોગ્રામનો છેલ્લો શો પુરો કરીને ''શો, પુરા થતાં જ અહિંથી ચાલ્યા ગયા છે. ત્યારે મને ખુબ જ અફસોસ થયો. હું ખુબ જ અંદરથી જલવા લાગ્યો. અલબત વગર અગ્નીએ, જે ઘણા વર્ષો પછી પણ

©
RATILAL JOGIA

મને પેલો જાદુગર મલ્યો નહિ, ને હું અંદર અંદર કોહવાતો રહયો.

હમણાં હમણાં મારી બેબી જે સ્કુલમાં ભણે છે તે સ્કુલેથી આવિને મને કહયું કે ડેડી, જુઓ મારો જાદુ એમ કહિને તેનીયે, એક રદી પેપરનો ટુકળો લીધો ને, ચપટીમાં મસળતાં તે કાગળ સળગી ઉઠયો. ત્યારે મેં કહયું અરે વાહ આ જાદુ કયાંથી શીખીયાવિ, ત્યારે બેબી બોલી કે આજ અમારી સ્કુલમાં **''મેસ મેરીજમ''**વાળા આવેલા છે, તેનીયે આ જાદુ કરી બતાવ્યો. ત્યારે મેં કહયું કે બીજો કોઈ જાદુનું બતાવ્યું હોય તો કહે. જુવો આ કોલસો, અંધારૂ થતાં જ તેની ઉપર જીણી ટોર્ચની લાઈટ ફેંકી એટલે આપને એમ થાશે કે આ કોલસો સળગે છે. ટ્રાઈ કરી જુવો રૂમમાં અંધારૂં કરોને તેની ઉપર જીણી ટોર્ચની લાઈટ ફેંકો, પછી જુવો કમાલ. તમોને લાગશે કે કોલસો સળગે છે અને તે પ્રયોગ બેબીયે પ્રુફ કરાવી આપ્યો. ત્યારે મને મારા પ્રશ્નોનો જવાબ મલી ગયો, વર્ષો પછી. પરંતુ આવા કોલ્ડ અગ્નીથી પ્રાયમસ સળગી કે ગેસ ચુલા પેટતા નથી કે નથી તેનાથી રસોય થતિ. તે તો સળગતા અંગારાથી જ કામ કરવું પડે છે ને ત્યારે કોઈ કમભાગી **''ઓરત''** કોઈ કાળ ચોઘડીયે સળગી જાઈ તો તેમાં **''સસુરાલ વાલાનો શું કસુર''** અગર કસુર હોય તો પણ સું થાય જેના જેવા ભાગ્ય. આ ''નીર્દોર્ષોને ગુનેગરોની '' રમત હશે કદાચ ને તેમાં ''આલુ'' ની જેમ બફાઈ મરતિ વહુવારૂનો આખરે ''દમ'' નીકળી જાતો હશે કદાચ જયારે કોઈનો દમ ટુટતો હશે હોસ્પીટલમાં ને શરીર બફાઈ ગયું હશે ત્યારે દેવદિવાળીની મોજ કરવા કુટુંબ કબીલા ફરતાં ફરતાં રાત્રે કોઈ હોટેલમાં ડીનર લેવા પહોંચી જાશે ને વેઈટરોની સલામી જીલીને ટેબલ ખુરશી ઉપર ગોઠવાઈને ''બેરા''ને (વેઈટરને) ઓર્ડર લખાવશે ખાસ કે વન પ્લેટ ''દમ આલુ'' સર્વ કરીને આપજે સ્વિટ નહિ ચીલી વધું શું સમજયો. તીખા તીખા ગરમ ગરમ એટલે જ કહેવાયું હશે કે ''બેરા, એક પ્લેટ, દમ આલુ આલ''

દેવદિવાળી છે ને એટલે હોટેલમાં જઈને ખુશીયા મનાવશુ ને ''દમ આલુ, ખાઈશું બાકી બધું ''હું'' બાકી તો ''આભ ને ગાભ'' ''વહુઆરૂને વછેરો, ગગોને ગોધો, સાસુને વહુઓ'' ''આ બધાં નિવડયે વખાણ થાય, જે લોકો આસુરી છે, તેવો જાણતા નથી કે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. તેવોમાં નથી પવિત્રતા, નથી ઉચિત આચરણ કે નથી સત્ય જોવા મલતું. ભ. ગીતા અ. ૧૬ શ્લોક ૭ મુજબ ''સર્જન-એ-આત્મા-અને-હૃદયથી, સીધું જ બહાર આવતું હોય છે, તે **''ગોડ''** ની ગીફટ છે. સર્જનની કૃતિનો અનાદર તે ઈશ્વરનું અપમાન છે. ''બીજુ બધુ બુધ્ધીથી ઉપજે છે, જયારે ક્રાંતિ-દિલથી, જન્મે છે. વિનય અપકીર્તીનો નાશ કરે છે. પરાક્રમ અનર્થનો નાશ કરે છે. ક્ષમા નિત્ય ક્રોધનો નાશ કરે છે. સદાચાર કુલક્ષાણનો નાશ કરે છે.(મહાભારત -વિદુરજી)

''પુત્ર અથવા તો પોતાના સંતાનના સ્પર્શથી ચડીયાતું બીજુ કોઈ સુખ નથી - ચાણકય'' દુઃખીયા દર્દી કે કોઈ ભુલેલા માર્ગવાળાને વિસામો આપવા. કાજે ઉઘાડી રાખજો

© RATILAL JOGIA

બારી (આર્ટ ઓફ લિવીંગ), (જીવન જીવવાની કળા) બાકી બધુ ''હમ''.

શુભ, લાભ, ચોઘળીયું જોઇને, ધનની, પુજા કરવા બેઠા ને દેવને વિનંતી કરી કે દે ધન-ધના-ધન ને પછી આરતિ ઉતારી ધુપ-દિપ કરીને સાકરીયાનો પ્રસાદ લીધો દીધો ને પછી હિસાબ જોઈ તપાસી ને સરવાળા બાદ બાકી ગુણાકાર ભાગાકાર પ્લસ માઈનસ બધુ જોઈ તપાસીને હિસાબ માંડી જોયો, ત્યારે ખબર પડી કે પુરૂ વરસ સુખ રૂપ ને આનંદથી પસાર કર્યુ. પ્રોબલમ નો પ્રોબલેમ વધઘટ માં નજર નાખતાં પ્લસ પોઈન્ટ મલ્યો, જેમાં આપણી ઉમરમાં એક વરસ પ્લસ થયું. આપણે એક વરસ મોટા થયા બાકી બધુ હમ.

પાછુ વાળીને જોયુ તો ખબર પડી કે જીંદગી જીવવાની છે તેમાંથી એક વરસ માઈનસ થયુ છે. કાંઈ વાંધો નહિ. કાલ કોણે દીઠી છે. લીધો તે લહાવો ને ખાધા તો ખાસડા એમ મન મનાવિને દેવસ્થાને, કૃત્રિમ સ્માઈલ આપીને આરતી ગાવાનું ચાલુ કર્યુ. દુસરો કી, જય સે પહલે ખુદ કો જય કરે ને પછી **''લાભ પાચમ''** સુધી રજા પાડી. દરેકને ઘરે જઈને સાલમુબારક કર્યા ને ખુબજ મીઠાઈ ખાધી ને બીમારીને નોતરૂં દેતા આવ્યા કે ''ભલે પધાર્યા'' વેલકમ. આપણાં પંચાંગ મુજબ પાચમની તીથીનો મહીમા ખુબીદાર લેખાય છે જેમ કે રંગપંચમી, રૂષિ પંચમી, નાગ પંચમી અને હા મહત્વની પરણવા માટે ને પરણાવવા માટે ''વસંત પંચમી'' ને નુતનવર્ષના નવા વર્ષો પછી ''લાભ-પંચમી'' લાભ ધણીને તે લાભ પંચમી. આ લાભ પાંચમનું ખુબ જ મહત્વ ખુબીદાર છે, કારણ કે લાભ પાંચમે આપણને જ ''લાભ થવો જોયે, બીજા બધાનું ''હમ''

''તુમ ન જાને કીસ જહા મે ખો ગયે'', હમ ભરી દુનીયા મેં તન્હા રો પડે, જો હમને દાસતા અપની સુનાઈ, આપ કયું રો પડે, લાભ પંચમી સૌને લાભ આપે.

© RATILAL JOGIA

## કાળીચૌદસ ની કઢી

ફકત ભેળા થાય ત્યારે બથ ભરીને વખાણ કરે ને પ્રેમ બતાવિને કહે કે તમારે ને મારે વર્ષો જુનો સબંધ, મારે ને તમારે કાંઈ નહિ, એમ કહિને ખળખળાટ હસે. ''ધી એન્ડ ત્યારે, અમુક સામીયકવાળા કાયમ ટેન્સનમાજ હોય, જાણે મોઢુ લટકાવીને જીવવાથી જવાબદારીથી છટકી જવાતું હશે તેમ તેને લાગતું હશે. માટે જાણે આ જગતમાં પોતે મહાન ઉધ્ધારક હોય તેમ પોતે મહાન વ્યકિતની જેમ તોબળો ચડાવીને હાજરી જયાં ને ત્યાં આપે. ગમે ત્યારે ગમે ત્યાં પ્રગટ થાય. કોઈ બોલાવે તો જરાક અમસ્તુ બોલે, બાકી મોઢુ બંધ રાખીને ટગર ટગર જોયા કરે. જાણે પોતે ''જળકમળ વ્રત'' જીવતા હોય તેવો ભાસ ઉભો કરે ને પોતાને સૌ કોઈ જુવે તે પોતે મહાન હસ્તી છે તેમ માનીને પોતાનું મન મનાવે એટલે પત્યું. કેટલા આવ્યા ને કેટલા ગયા સીવાય બીજુ કાંઈ છાપીને જવાબદારી સ્વીકારવી જ નહિને વર્ષો થયા. એકજ ઘરેડ છે તે ને બદલાવિ નહિ કારણ કે તેને કોઈ પુછતું નથી, અગર પુછે તો એલફેલ સમજાવિ દયે ને ન સમજે

તો ખુલ્લે ખલ્લુ જાણાવિ દયે કે અમો પત્રકાર (પાપારાજી) છીએ, અમારી સાથે નમતા જમતા રહો તેમાં જ સારૂં છે. બાકી બધું ''હંમ.''

જે કાંઇ થઇ રહયું છે તે પણ સારૂં છે. જે કાંઇ થશે, તે પણ સારૂ છે ને થઇ ગયું છે, તે પણ સારૂં જ હતું. માટે મોટુ દીલ રાખીને ગીતાજીના પાઠનું મનન કરીને જીવવાનું ને બધુ ઈશ્વર ઉપર છોડી દેવાનું. દરેકનો સમય હોય છે. દરેકનો ટાઇમ હોઇ છે. કોઇના ''ગજ'' ટુંકા પરંતુ ''માપતો'' થાય છે. દેર હૈ મગર અંધેર નહિ હૈ. ભલે ને ''કાળી ચૌદસ, હોય કે ધોળી હોય, આપણે આ ''ટાંટીયાની કઢી''શા માટે કરવિ જોઇએ. ભલે આવે ''દિવાળી''. ''મોતિયો, આંધળા માણસને થોડો આવવાનો ભાઇ.

એ આવજો, ભલે, આવિસુ. પરંતુ આ વખતનાં રૂપિયા અગીયાર, આ મહિનાનાં માસિકમાં છાપી મારજો. આ વખતે મોડુ, કરશો નહિ. જરૂરથી કોશીસ કરીશ હો કે ફીકર કરશો નહિ. તમો પૈસા આપો અમો સેવા કરવા તૈયાર જ છીએ. કોઇ સામયીકની આ વાત કદાચ હશે. પરંતુ આવુ બધુ ચાલ્યા રાખે ને ચલાવવું પડે. કારણકે બીજુ કરી પણ શું શકીયે. આપણે કરવાનું શું વળી. અમુક માસીકો કાંઇ ઠેકાણા વગરના હોઇ છે. ગમે તે તારીખે પ્રગટ થતા હોય છે જેમ કે વાંસના જંગલની જેમ જ. કહેવાઇ છે કે વાંસના જંગલમાં પથારી કરીને સુવાઇ નહિ. કારણકે વાંસનો જન્મ થાય ત્યારે ફટાકળો ફુટે તેવો અવાજ થાય ને એક સાથે એક ફુટનો ''ખુંટો'' ફુટે ને દર વખતે એકએક ફુટ ઉંચાઇમા વધતો જાઇ. એટલે વાંસના જંગલમાં પથારી કરીને સુવાવાળો વિંધાય જાઇ તેમ ઠેકાણા કે ટાઇમની ''પા'' બંધી વગરના સામીયકને ''સલામ'' સલામ કરવા સીવાય છુટકો જ નથી. તમો આવા સામીયકના તંત્રીને મળો ને કંપલેન કરો તો તમોને ઉલટી ઓરડી કોટે વળગ્યા જેવો ઘાટ થાય ને ચોકખે ચોખુ જાણાવે કે વેલ અમો તો ટાઇમસર તમોને સામીયક રવાના કરીયે જ છીએ. તમોને મલેકે ન મલે તે જવાબદારી અમારી નથી. તે જવાબદારી સરકાર મા-બાપની અગરતો પોસ્ટ ખાતાની છે. તમે એક કામ કરો ને, ટપાલ ઓફીસે જઇને કંપલેન-કરોને કે સો એન્ડ સો ટપાલ કે સામીયક અમોને મલતા નથી. તો ઘટતું કરવા વિનંતી. આમ આપણી ગાડી ઉંધે પાટે ચડાવિ ને સરકાર માં બાપ સામે બાથ ભીડવાની સલાહ આપી દયે. ચડજા બેટા સુલીપે. ભલા કરેગા તેરા ભગવાન. મુંજાતા નહિ, અમો બેઠા છીએ ને આપણો એકળો નીકળી જાઇ ત્યાં સુધી તેવો બેઠા જ હોય. બાકી અમો તો રેગ્યુલર જ છીએ. છતાં ''સોરી, બોલો હવે, શુ સેવા કરીયે તમારી. બોલો, કેટલો ફાળો આપો છો. આપો એટલે ખાનામાં મુકી દવ. કારણ કે મારે માઇ કોટર જાવું છે. અરજન્ટ છે અને આમ સોરી કહિને દશ-વિસ પચીસ પચાસ રૂપિયા ઉઘરાવિ લ્યે ને પછી માઇકોટરનું બહાનું કરીને છટકી જાઇ. ત્યારે આવેલ ''સજ્જન'' કહે તો પછી હું પણ જાંવ છું. ભલે પધારો પાછા કયારે મલશો હવે. બે મહિના પછી ત્યારે ડબલ રકમ આપીશ ભલે, ભલે, થેંકસ એ આવજો. ત્યારે અમુક સામયીકો

© RATILAL JOGIA

***હૈયાની વાતું***

જે કાંઇ આપો કે ન આપે, છાપ્યા જ રાખે. ઉલટું સુલટુ જે કાંઇ હાથ આવે તે ભલે પછી તે ઉપયોગ હોય કે ન હોય પરંતુ છાપવું હોય તો છાપવું જ. જે કાંઇ રકમ આવે તે છાપે કોઈ કોઇ સામીયકો નીતી નીયમથી રૂપીયા પૈસાની પહોંચ આપે નહિ.

નોંધ :- બંધ બેસતું કાંઇ છે નહિ છતાં પણ કોઈને લાગુ પડતું હોય તો ક્ષમા કરવા મહેરબાની આપવી.

દ્વારકાધીશ કી જય

©
RATILAL JOGIA

# ૪૬ હું ""રામ"" નથી છું ""રણછોડ"" ....?

હશે, અધુરી ચાકરી કાં ચુકયો, હશે ફરજ નૈતર માલીક તને ન રડાવે, રાખી માથે, કરજવૃક્ષા રોપણ કરીને, ખસી જનારા કેટલા, **તે પોતે રોપેલાં પોદા** ના વિકાસ માટે જરૂરથી વધુ ચીન્તાગ્રસ્ત રહિને પોતાનું કાર્ય આગળ ધપાવ્યું છતાં તેવોની કદર કરનાર તેવોને મલ્યા નહિ. ઉલટાનું તેનું ભારોભાર અપમાન કર્યું. **''મધુ''**, ''વનને'', **''કળવું'' ''વન''** બનાવનારાઓનો ટોટો આ જગતમાં નથી. તેમાંય, પોતાના અંગત માણસો આમાં મહત્વનો ભાગ ભજવે છે ત્યારે **''સીનામા'', ''ડામ''** દેવાઈ જાઈ છે,

વિવાદ થી વિખવાદ થાય, પછી થાય વિનાશ, ખેડૂત આપે પાલી પાલી, વાણીયો પાળે તાલી તાલી, સુરતિ બોલે ગાલી ગાલી, **''જેનું માથુ કાળુ ને મુછો ધોળી''** તેની બૈરી પડે નહિ મોળી, પોતાના હાથની કમાણીનો ભરોસો રાખો, ઓલાદનો નહિ. એક બાપ દસ દિકરાઓને પાળી પોષી શકે છે પરંતુ દશ દિકરા મલી એક બાપનું પાલન-પોષણ કરી શકતા નથી. માટે કહેવાયું છે કે કુદરતનાં દરેક કામ ધીરે ધીરે થાય છે, જયારે પુણ્યકર્મોના ફળ સમાત્પ થઈ જાય છે ત્યારે મનુષ્ય ફરીથી સુખના સર્વોચ્ચ શિખર ઉપરથી જીવનની હીનતમ અવસ્થામાં પતન પામે છે. તે રીતે વિશ્વના અનેક મહાનુભાવોનું પતન થયું છે. આવું અધઃપતન શોકનું કારણ બને છે સમસ્ત વૈદિક ગ્રંથો એવો ઉપદેશ આપે છે કે આપણી ઈચ્છા ન હોવા છતાં આવિ પડતિ જીવનની મુંજવણોમાંથી છુટવા માટે અધિકૃત આધ્યાત્મિક ગુરૂપાસે જવું જોઈએ. આ મુંજવણો ''વનના દાવાગ્નિ'' સમી છે જે કોઈના સળગાવ્યા વિના જગમે તે રીતે સળગી ઉઠે છે. એજ રીતે જગતની સ્થિતિ એવિ છે કે વણજોઈતી જીવનની મુંજવણો આપો આપ ઉત્પન્ન થઈ જાય છે. કોઈ ઈચ્છતું નથી કે આગ લાગે છતાં આગ લાગે છે ત્યારે આપણે વ્યાકુળ થઈ જઈએ છીએ. (ગીતાસાર પાના ૬૦) વૈદીક જ્ઞાન તેથી અનુરોધ કરે છે કે જીવનની ગુંચોનો ઉકેલ લાવવા તથા તેના ઉકેલનું વિજ્ઞાન જાણવા માટે મનુષ્યે ગુરૂ શિષ્ય પરંપરામાં સદ્‌ગુરૂના ચરણે જાવું જોઈએ (શ્રી ગીતાજી) ''આહાર-નિંદ્રા-ભય-મૈથુન'' ''જન્મ-મ્રુત્યુ-જરા-વ્યાધી'' આ ઈશ્વરીય બક્ષીસ માનવ જાતને પ્રાત્ય થઈ છે આમાંથી જેટલું ત્યજી શકાય તેટલું સર્વે

© RATILAL JOGIA

ત્યજી દો ને ઠાકોરજીમાં શ્રધ્ધા રાખોત્યારે જ આપણે સુખી થઈશું. ગી. અ. ૧૭-૨૩ ''નમો, બૃદ બૃમ્ણાય દેવાય, ગૌ બ્રાહમણ- હિતાય-ચચ-૧ જગતદ્ર હિતાય કૃષ્ણાય ગોવિંદાય નમો નમઃ'' (અચીવર) સિધ્ધીવાન મનુષ્યને સફળ થવાનો આ એક માત્ર માર્ગ મળેલો છે. બાકી તો સંસારની માયાજાળમાં અટવાતો પામર ''જીવ'' જેમ તળાવનાં પાણીમાં પથરો પડતાં વર્તુળો રચાય ને નાશ પામે તેમ વર્તુળો રચતો રહેને અંતે નાશ પામે છે.

ગબાનું ગલુળીયું ગુજરી જાતા સૌ કોઈ ગબાને મોઢે ખરેખરો કરવા જાતા હતા. પરંતુ કાજીનો કુતરો મરતાં કાજી સહિત ત્યારે કોઈ ખરખરો કરવા ગયા નહિ. કારણ કે ''ન રહિ બાંસ કે ન રહિ બાંસુરી'' જાવું તો કોની પાસે જાવું, માટે કહેવાયું હશે કે ''ગબાનું ગલુળીયું ને કાજીનો કુતરો'' ''અખીલ બ્રહ્માંડમાં એકતું શ્રીહરી'' ''જુજવે રૂપે અનંત ભાસે (આપણો નરસૈયો)'' ''અ-નિત્યમ'' અ-સુખમ-લોકમ, આ જગત ક્ષણ ભંગુર છે, દુઃખમય છે અને કોઈ પણ ડાહયા માણસ માટે રહેવા લાયક નથી. પુર્ણ પુરૂષોત્તમ પરમેશ્વરે આ જગતને ક્ષણભંગુર તથા દુઃખમય હોવાનું જાહેર કર્યુ છે. (ગી.અ. ૭ સ્લોક ૩૩) માટે હે કુંતી, પુત્ર નિર્ભય થઈને ઘોષણા કર કે મારા ભકતનો કદાપી વિનાશ થતો નથી. (ગી.અ. ૯ સ્લોક ૩૧) ત્રૈ-વિધ્યા-શબ્દ, ચ ''સામ'', ''યજુર'' તથા ''ૠગ્વેદ'' નો નિર્દેશ કરે છે કે જે બ્રાહમણોએ ત્રણે વેદોનું અધ્યનન કર્યુ હોય છે તે ''ત્રીવેદી'' કહેવાય છે. જે મનુષ્ય આ ત્રણે વેદોમાંથી મળતા જ્ઞાન સાથે સંકળાયેલો હોય છે તેનો સમાજમાં આદર થાય છે. ભૌતિક જગતમાં હંમેશા કોઈને કોઈ સારી કે માઠી ઉથલ પાથલ થતિ જ હોય છે જે મનુષ્ય આવિ ઉથલ પાથલથી વિચલીત થતો નથી તથા શુભ-અશુભથી પ્રભાવિત થતો નથી. તે કૃષ્ણ ભાવના ગૃતમાં સ્થિર થયેલો છે એમ જાણવું. મનુષ્ય જયાં સુધી આ ભૌતિક જગતમાં હોય છે ત્યાં સુધી સારા નરસાની અર્થાત ઈસ્ટ-અનીસ્ટની શકયતા સદા રહે છે. કારણકે આ દુનીયા ''દ્વંદો'' થી ભરેલી છે પરંતુ જે મનુષ્ય કૃષ્ણભાવનામાં સુદ્રઢ હોય છે તે શુભ અને અશુભથી લેસ માત્ર પ્રભાવિત થતો નથી. કારણ કે તેને કૃષ્ણ સિવાય બીજા કશા સાથે લેવા-દેવા નથી અને કૃષ્ણ એક મેવ સર્વથા શુભ છે. કૃષ્ણ પ્રતિ આવિ ભાવના મનુષ્યને સંપુર્ણ ગુણાતી એવિ દિવ્ય અવસ્થામાં અવસ્થિત કરે છે જે પારિભાષિક રીતે સમાધી કહેવાય છે. ઉત્પાદન માત્ર ધરતિજ આપી શકે, મશીનમાંથી આવતિ વસ્તુ ઉત્પાદન નથી. પરંતુ તે રૂપાંતર છે, જયારે જમીનને બીન-ખેતી કરવામાં આવે છે ત્યારે અનાજ ફળ ફુલ રસ સુગંધ તમામ ઉત્પાદનનો અંત આવિ જાઈ છે ખરૂ કે નહિ. વિજ્ઞાન ભલે ગમે તેટલુ આગળ વધેલુ હશે પરંતુ વિજ્ઞાનીઓથી જમીનમાંનુ ધુળનું એક ઢેફુ પણ બનાવી શકાસે નહિ. પથ્થરનો એક કાંકરો પણ થઈ શકતો નથી કે નથી લોખંડ કે લાકળુ વિજ્ઞાનીઓ બનાવી શકતા. અરે પવન કે પાણી પણ બની શકે નહિ એ તો ફકત આ રચયીતા પરમ કૃપાળુ શ્રી પરમાત્માની જ માનવ પ્રાણી ઉપર ની બક્ષીસ છે. પવન-પાણી-પ્રકાશ વગર

© RATILAL JOGIA

જીવવું જીવાત્માવો માટે અશકય છે.

છતાં પામર પ્રાણી તે બધુ ભુલી જાઈ છે. ચિત્ત તું શીદને ચિંતા કરે કૃષ્ણ ને કરવુ હોય તે કરે. વિસાદને પાળેલા શ્વાનની જેમ પંપાળવો નહિ, પરંતુ એના માલીક થઈને પડકારીયે તો એ ખુદ ભસવાનું બંધ કરશે અને આપણે પછી હસવાનું શરૂ કરી શકશુ. હેતુ વિનાના હેત શું કામના જયાં પ્રેમ છે, જેની આંખમાંથી અમી જરે છે, કોઈ જાતનો સ્વાર્થ નથી, ગાળીયા કરવાની તો વાત જ કયાં આવે, તેવા નિર્મળ અમી જરણા જેના હૃદયમાંથી નિકળીને આંખમાંથી જરજરીયા રૂપે વહેતા હોય ને લાગણીનાં ધોધ છુટતા હોય તેવા પ્રેમને પ્રેમ લક્ષણા ભકિત કહેવાઈ છે.

ઈશ્વર પ્રત્યે કરૂણાના સાગરને સર્મપીત થયેલો માનવિ માનવિને પણ એટલો જ પ્રેમથી આવકારે છે. ને પોતાનો જ ગણેજ છે. છતાં જેમ જગતને અને ભગતને આ જુગાતથી ચાલી આવતિ કડવાશ સામે પક્ષેથી વહેતી હોય છે, કારણ કે માનવ સ્વભાવ પોતાનાથી વેતઉચેરો કોઈ હોય તેને સહન કરી શકતો નથી. માનવ જાતને કોઈ શ્રાપ હશે કે જેથી કરીને માનવ જાત તે પોતાની નિચેના માણસ સાથે રહિ શકે છે. અગર તો પોતાથી ઉપલી કક્ષાવાળા ઉપરનાં માણસ સાથે રહિ શકે છે. પરંતુ પોતાની સમકક્ષ સમોવળીયા માણસ સાથે રહિ શકતો નથી. તે કેવિ કરૂણતા કહેવાઈ અને એજતો આ સંસારની માયા જાળની ખુબી લેખાય છે. હે રામ તમોને કોટી કોટી વંદન, પરંતુ આ તમારી લીલા કેવા પ્રકારની સમજવિ કે, એક મૈત્રીમાંનાં કહેવાથી તમો એ રાજપાટ ત્યાગીને ચૌદ ચૌદ વરસ વનવાસમાં રહેવાનું પસંદ કર્યુ, તમારા પુજય પિતાશ્રીને તમારી હાજરી વગર દેહ ત્યાગ થયો. સાથે સાથે તમારા ભાઈને ધર્મ પ્રની તમારી સાથે વનવાસ ભોગવવા સાથે રહયાં. મૈત્રીમાતાનાં સુપુત્ર ભરતને છતાં પણ તમોએ છાતી સરસો ચાંપ્યો, ખુદની ધર્મ પત્નીને એક ધોબીના મેણા ટોણાથી તમારાથી અળગા કર્યા. તેને ફરી વનવાસ વેઠવો પડયો કહેવાઈ છે કે સીતા સમી જરૂરથી વધારે સીધી સાદી સતિ શા કામની, જે ખુદના પતિને કામન આવિ ત્યારે સામા બે પક્ષ છે. એક છે લંકાનાં રાજા રાવણનો પક્ષ, જેનીયે પોતાની ઉતમ ઉતરાવસ્થાએ હોવા છતાં પારકા બૈરાને પોતાના કરવા તેનીયે સીતાજી જેવા મહાસતિનું અપહરણ કર્યુ. છતાં રાવણ નાં ધર્મપત્ની મંદોદરીયે વિરોધ કર્યો નહિ. હશે જેવિ તેની મરજી. પરંતુ નવાય તો ત્યારે થઈ કે ખુદના પાટવિ કુંવર રાવણનાં જયેષ્ઠ પુત્ર મેઘનાથે પણ પિતાશ્રીનો વિરોધ કર્યો નહિ. ઉલટાનું પોતાના પ્રાણહોડમાં મુકીને પિતાશ્રીનાં રાજયને અકબંધ રાખવા રણમેદાનમાં વિરગતિને પામ્યો. અરે રાવપણનાં ભાઈ કુંભકર્ણે રાવણને ઠપકો આપ્યો કે તે આ કામ શા માટે કર્યુ તને શેની ખોટ પડી.

મુરખ રાણવ તને ખબર નથી કે સામે પક્ષે સાક્ષાત ખુદ પરમ કૃપાળુ પરમાત્મા છે. તેની સામે આવું હિણકર્મ કરતાં તને શરમ ન આવિ. છતાં ભાવિ મિથ્યા થતું નથી સમજી લે કે

© RATILAL JOGIA

જસ-અપજસ હાની-લાભ સબ વિધી કે રે હાથ (રામાયાણ) માટે હે રાવણ હું તારી સાથે લોહિનો સંબંધ ધરાવું છું માટે તારા કાજે ને આપણાં કુટુંબ કાજે હું રણમેદાન તરફ પ્રસ્થાન કરુ છું. મને ખબર છે કે હું પાછો નહિ આવી શકુ માટે મારા તને પ્રણામ, ત્યારે બીજો ભાઈ વિભીષણ  જેની યે ફકત રાજય પોતાને મલશે ને રાવણ ની શાન ઠેકાણે આવશે. કુટુંબ ભલે નાશ પામે પરંતુ મને ભગવાન મલશે, આવા વિચાર માત્રથી તે ભગવાનને ચરણે ગયો ને થયુ પણ તેનું જ ધાર્યુ. વિચારી લ્યો સુજ્ઞ વાચક વર્ગ, વિચારી લ્યો કે અત્યારે પણ કુટુંબીઓમાં વિભીષણો છે જ તેની ખોટ કયારેય નહિ પડે.  લાલભાઈઓ દેશળ વિસળ જેવા ભાણેજો તથા ખુટલ સગાસબંધીઓ ની વણજાર કાયમ રહેવાની જ તેથી તો કહયું છે કે, ઘર ફુટે ઘર જાઈ ત્યારે ત્રીજા પક્ષ બંસીધર નંદનંદ કીશોર નો જેનીયે સમગ્ર સંસાર ને ગીતાજ્ઞાન રૂપિ માનવ જાતને સંદેશો કહયો આ ખરૂ છે કે તે ખરૂ છે,  તે તમો જ નકી કરો ને જે ખરૂ હોય તેને અનુસરો.

શ્રી કૃષ્ણ એ કોઈને આમજ કરવું તેવિ ફરજ પાડી નથી. તેનીયે ફકત નીતીનીયમની રીતીનીતી બતાવિ, ફકત (આંગળી) અંગુલી નીર્દેશ કર્યો છે ને કહયુ છે કે જે યોગ્ય લાગે તે કરો. ખુદને એકસોહ ગાલી દેનાર શીશુપાળ ને પણ કહયુ નહિ કે હવે બસ કર ઉલટાની ગાલીયો ગણી ગણીને યાદ અપાવ્યું કે શીશુપાલ હવે ફકત ચાર ગાલીજ બાકી છે, એકસોહ ગાલી પુરી થતાં સુદર્શન ચક્રથી શીશુપાલ નો વધ કર્યો. જયારે જરા સંઘની સામે પોતે હાર કબુલીને ગોકુળ મથુરા વૃંદાવન સઘડું છોડી દીધું ને દ્વારકા નગરી સુવર્ણની બનાવિને ત્યાં શ્રી દ્વારકાવાળા કહેવાયા. ત્યા વસવટા કર્યોને રાજધાની સ્થાપી. કહેવાય છે કે ભુંડાથી ભગવાન પણ ભાગે છે. એ એટલે જ રાણછોડ કેવાયા માટે આજે પણ, હરિતારા હજાર નામ કયા નામે ને કયા ગામે લખવિ કંકોતરી. છતા પૂરા સંસારમાં ઘેર ઘેર આજે હજારો વર્ષ પછી પણ જેનો જન્મ દિવસ પ્રેમથી ઉજવાઈ છે ને ઘર ઘર જેની પૂજા આરતી થાય છે, તેવા પરમ બ્રહ્મ શ્રી પરમેશ્વરને કોટી કોટી વંદન.

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૪૭ " મુખી "

**કાયા જાજો સમુળગી,**
**નાક ન જાજો નખ,**
**પાણી ન જાજો પાવરૂ,**
**લોહિ ભલે વહે ધખ ધખ ધખ**

એ રામ રામ - રામ રામ બાપા રામ રામ. આવો આવો મુખી આવો, આજ આ બાજુ કાંઈ. હા આજે ઘરના બધા આદમી લોકો કામકાજમાં રોકાય ગયા છે. હમણાઃ ખેતરેથી સમાચાર આવ્યા કે પેલી રાંપ અને કોઈસ હમણાં જ લુહારની કોઈળે જઈને ધાર કઢાવિને તૈયાર રાખજો કારણ કે વહેલી સવારે ખેતરમાં ઉપયોગમાં લેવાની છે, માટે ભુલશો નહિ એટલે મને થયું કે કોઈ છે નહિ તો હાલ હું મદત કરુ.એટલે આ રાંપ અને કોઈસ લઈ ને લુહારની કોઈળે જઈને ઉભાઉભ ધાર કરાવીને આવ્યો છું. પેલો લુહાર પણ મારો બેટો પુછતો હતો કે મુખીબાપા આજે તમો ભુલા પડી ગયા. મે કીધું કે હા ભઈલા કયારેક અમારે પણ કામ કરી બતાવવું પડે બેટા. એમ હસતા હસતા મારૂ કામ કરાવી ને હવે તારે હાટે (દુકાને) આવ્યો છું. લે હવે કાવો બનાવવાનો ઓર્ડર દે એટલે કાવો ઠઠાળીને ઉપળું. ઠાકર મંદિરે જાવવાનું ટાણું થશે માટે જરાક જલદિ કરાવ જે.

ત્યાં તો ગામનાં બીજા બે ચાર મોટા માણસો પણ આવી ગયા ને આમ ડાયરો જામી પડયો. ત્યારે એક માણસે કહયું કે મુખી પેલી રાંપને કોઈસ હાટ (દુકાન) ની બહાર રાખેલ છે તે અંદર લઈ લ્યો. કેમ અંદર લેવાનું કે છે કોઈ લઈ જાવાનું છે કે પછી તારી દાનત એમાં લાગી છે. ના એવું નથી પરંતુ અંધારૂ થતા કોઈને કમતિ સુજે ને રાંપને કોઈસ કોઈ લઈ જાય તો પછી તમાસો થઈ જાઈ. અરે ડોબા હું ગામનો મુખી પાંચ ગામમાં પુછાવ છું ને મારી આબરૂ મોટા માણસો માં થાય છે. મારા લેખા જોખા થાય ને મને પુછયા વિના કોઈ કામ કરે નહિ આમ જોવા જાય તો મારો રુબાબ બધાને ડરાવે હું બધાને ધમકાવું કોની મજાલ છે કે મારી સામુ જોવે પછી મારા માલ સામનને તો કોઈ હાથ પણ અડાળી જુવે જે લઈ જાઈને તેને પકડીને સામેના જાળ

© RATILAL JOGIA

સાથે ઉંધો લટકાવી ને નીચે તાપ કરૂજેથી બીજા પણ આવી ભુલ તેની જીંદગીમાં કરે નહિ શું સમજયો બેટા ?

હા બાપા હા મુખી બાપા તમો મોટા માણસ તમારુ સામું જોતા પણ વિચાર કરવો પડે છતાં આતો અંધાર થયુ એટલે ભુલથી મારાથી નાને મોઢે મોટી વાત થઈ ગઈ. મારી ભુલ થઈ હોઈ તો માફક કરો તમો તો અમારા માવતર કેવાવ છો. બેટા તા રે ફીકર કરવાની જરાય જરૂર નથી. આ મુખી નો માલ છે એને કોઈ અડકે ને તોય અભડાઈ જાઈ માટે કવ છું કે કોની મજાલ છે. લ્યો, આ કાવો લ્યો. કાવો આવ્યો સૌ કાવો પ્યો ને આમ હસી મજાકમાં વાતનો દોર ફેરવાઈ ગયો મુળ વાત ભુલાઈ ગઈ ઉલટાનાં બેચાર બીજા આદમી પણ આવી ગયા ને મુખી બાપાને પોરસ ચડાવતા રહયા. બધા હાજી હાજી હા કરીને મુખી બાપાને માથે બેસાડી દિધા વાતોમાં ને વાતોમાં સમય પસાર ખુબ જ થઈ ગછો ગામમાં જાણે સોપો પડી ગયો, ઘોર અંધારૂ થઈ ગયું દિવે વાઈટુ ચડી ઠાકર મંદિરે જાલરૂ વાગી ત્યારે મુખી એ કહયું કે લ્યો હવે હું જાવ સૌ ડાયરાને રામ રામ મારે ઠાકર મંદિરે જવાનું ટાણુ થઈ ગયુ છે, માટે હું જાવ છું આવજો સૌ એ અવાજો એમ કરીને મુખી બાપા ઉબરાની બહાર પડેલા પગરખાં પહેરવા પગ પગરખામાં નાખવા ગયા તો ત્યાં પરગખા હતા નહિ અરે એલાવ અહી દિવડો લયાવો મારા પગરખા મલતા નથી. હાટ (દુકાન) ની અંદર થી ધાસલેટનો દિવડો લયાવ્યામાં આવ્યો. બધે જાખું જાખું અજવાળું થતા તપાસ કરી પરંતુ મુખી બાપાના પગરખાં મલ્યા નહિ અરે ભુલથી કોઈ પહેરી ગયું કેશુ ? જો કોઈ પહેરી ગયુ હોય તો તેના પગરખા બદલીમાં તો અહિ પડેલા હોય કે નહિ.

અત્યારે તો તેના બદલાના પગરખાં પણ છે નહિ ને આમ પગરખાની વાત ચીતમાં અડધો કલાક વયો ગયો. એક છોકરાને દોળાવ્યો મુખી બાપાને ઘેર જઈને બીજા પગરખાં લયાવ્યો. મુખીયે તે પગયરખા પહેરીને કોઈસ ને રાંપ લેવા હાથ લબાવ્યો ત્યાં તો રાપ કે કોઈસ કાંઈ કરતા કાંઈ હતુ નહિ. અરે એલાવ (ગાળ) આ કોણીયે મારી મેથી મારી છે. અહિ મે મારા હાથે જ કોસ ને રાંપ રાખેલા તે કયાં ગયા ? અહિ નથી ? ના નથી ત્યારે એક જણ બોલ્યો કે શું વાત કરો છો હોય નહિ !! અરે હું કેવ છુ ને કે નથી એટલે નથી. ને મુખીને મોઢે મેસઢળી ગઈ. હવે મુખીને લાઈટ મગજમાં થઈ કે નક્કી કોઈક સળી કરી ગયું, એલાવ જાવ દોળો જોવ તપાસ કરો કોણ આ કારો કારનામો કરી ગયું છે. જાવ દોળો જલદિ પકડોને અહિ હાજર કરો પછી જુવો તેની શું વલે થાય છે તે સાલાવો મારી મશ્કરી કરી તે પહેલા જરા વિચાર તો કરવો હતો કે આનુ પરીણામ શું હશે.

જયારે તે લોકોને ખબર પડશે કે આ મુખીની સામે દુશ્મની કરી છે પકડાશે ત્યારે તેવોને તેની ખબર પડશે હવે હું જોઈ લઈશ. ઘડીભર માટે મુખી રાતાપીળા થઈ ગયા પરંતુ કહેવત છે ને કે લાગ્યુ હોય તેનો ઘા ઠરે પછી પીડા ઉપડે તેમ મુખી નો ઘા હવે ઠરવા લાગ્યો ને મુખીને ખ્યાલ

© RATILAL TOGIA

આવિ ગયો કે ઈરાદાપૂર્વેક કોઈક માણસ આંગળી ફેરવી ગયુ છે ને મુખીને મોઢે મેસ ઢળી ગઈ. નાનું નહિ તેમ મોટું નહિ તેવું પાંચ વરણના વસવાટ વારૂં ગામ, ગામમાં બધા ભાયચારાથી સંપીને રહે, નહિ વાદ, નહિ વિવાદ, નહિ વિખવાદ એક બીજાને દુઃખે દુઃખીને સુખે સુખી. કોઈને ત્યાં સારો પ્રસંગ હોઈ ત્યારે જાણે ઘેરઘેર પ્રસંગ હોય તેમ ગામ આખુ પ્રસંગ નો લહાવો લ્યે, ને બધા સાથે મળીને આનંદ કરીને કરાવે ને જયારે ગામમાં કોઈ માઠો પ્રસંગ બને ત્યારે આખા ગામમાં સોંપો પડી જાઈ. જાણે ઘેર ઘેર સોક પડાય જાઈ જાણે શોક પાડાય ગયો હોય આવુઃ સંપીલુ ગામને તે આજ ગામનાં મુખી.

મુખી એટલે ગામનું નાક, સારા માઠા પ્રસંગે મુખી વગર કાંઈ કરતા કરતા કાંઈ કામ થાય જ નહિ, તેવા જાજરમાન ને ઈજતદાર મુખી, પાંચ હાથ ઉંચાયે પૂરા ને કસાયેલી રતુંબળી કાયા જાણે કોઈ ઓલીયો પુરુષ હોય તેમ લાગ્યા વિના રહે નહિ. ત્રાંબા વર્ણો દેહ સફેદ રૂની પુણી જેવા થોભીયા ને મુછો નો પૂળો માથે ગાડાનાં પઈડા જેવડી પાઘડી (તે જમાનામાં રૂપિયો પણ) ગાડાનાં પઈડા જેવડો લેખાતો અત્યારે રૂપિયા એટલા સસ્તા થઈ ગયા છે કે ન પૂછો વાત. એવા મુખીનો જાજરમાન ચોરાણો માથે ભેટાઈ ઉપર આંગણી જે મુખીનાં ફાંદની ઉપર જુલતી હોય ફાંદ માંની ડુટી કે જેમાં મુઠી એક બાજરો સમાય તેવડો ખાડો ને તે આંગળીની ડાબી બાજુ જુલતું ખીસુ જેમાં સુળી સોપારી ધતુરી બજરની દાબળીના વજન થી ખીસુ ફાટફાટ થતુ હોય. જયારે મુખી ચાલે ત્યારે ખીસુ લટકતું હોય કેતુ હોય કે હે ખીસા કાતરૂ આ ખીસું કાપી લે તો તું મળદ જાણુ. પરંતુ કોની મજાલ કે દેણ છે કે મુખીને પડખે ચડે ને મુખીનાં પગમાં દેશી ચામડાનાં તેલમાં પલાળેલમોજડી ટાઈપ જેવા પગરખાં જેમાં ચૈળ કરાવેલી હોય એટલે મુખી ચાલતા આવતા હોય ત્યારે, મુખીનાં પગર ખા આલબેલ પોકારે ને ચૈળ ચૈળ અવાજ કરે. મુખીનાં હાથમાં ભાલાવારી ડાંગ (લાકળી) ને બાજુમાં તેનો નોકર હોકો લઈને ચાલતો આવતો હોય ત્યારે ગામની ઉભી બજારેથી પસાર થતા મુખીને જોઈને પનીહારીઓ તથા લીલસુખા ખળ (ઘાસની ) ભારીયુ લઈને આવતિ વહુ વારુ બહેનો દિકરી યો રસ્તાની એક બાજુ વાંસો વાળીને ઉભી જાઈને ગામના આદમી છોકરાવો ને જુવાનીયાઓ લળી લળી ને મુખીને બાપા રામ રામ રામ રામ કરી બોલીને કુર્નીસ બજાવે ને મુખી સલામી જીલતા જીલતા સળસળાટ બજારમાંથી પસાર થઈ જાઈ. પછી જ ગામનાં બૈરાવો ચાલતી પકડે, તેવા જાજરમાન વટ વહેવાર વાળા મુખીને આજે ઈરાદા પુર્વે કોઈક આંગળી ફેરવિગયું કહેવાઈ છે કે ખાવાન હોય પરંતુ જાવા હોય.

આપણે ભલે કોઈના દુશ્મન નહિ હોઈ પરંતુ બીજા કોઈનાં આપણે દુશ્મન હોઈ શકીયે છીયે તે કદાપી ભુલવું ન જોઈએ. એમ નીર્લેપ ભાવે જીવતા આ મુખી ને દુશ્મન હતા નહિ પરંતુ કોઈકને આ મુખી દુશ્મન લાગતા હતા ને તેનીયે આજ આ મુખીનું નાક કરડી ખાધુ. જયારે ગામમાં આ વાતની આખા ગામને જાણ થઈ ત્યારે ગામ આખુ સોક મગ્ન બની ગયું. મુખીને

© RATILAL JOGIA

ડેલીયે મૈડા બધા ભેળા થાવા કહેવાઈ છે કે એક બે વ્યકિત હોય ત્યારે તે તેની અકલનો ઉપયોગ કરી શકે પરંતુ માણસ નું ટોળું બની જાઈ છે ત્યારે ટોળું અકલનો ઉપયોગ કરી શકતું નથી.

કપાળે કપાળે મતી અલગ હોય છે તેમ આજે મુખીને સલાહુ દેવાવાળા અળબાવ આદમી ઓ ફુટી નીકડ્યા. મારી નાખીયે, તોળી નાખીયે, ફોળી નાખીયે ગમે ત્યાંથી શું પાતાળમાંથી ગોતિ કાઢીયે. આમ હાકલા પડકારા ખુબ જ થયા. પરંતુ તેમાનું કશુ થયુ નહિ આમજ સમય પસાર થતો રહયો, એમ મુખીનું બ્લડ પ્રેસર ફાસ્ટ ભાગવા લાગ્યુ ને મુખી પથારીવસ થઈને ઢળી પડયા. તાબળતોબ ડોકટરને બોલાવવામાં આવ્યા ડોકટર આવ્યા મુખીને જોઈ તપાસી જાહેર કર્યુ કે ઈતિશ્રી દિલકા હાલ સુને દિલવાલા. સીધીસી બાત ન મીર્ચ મસાલા મેં નર હું તું નારાયણ હૈ, મૈ સંસાર કે હાથો મે સંસાર તેરે હાથોમે. ગામમાં શોકનું માતમ થતાં સોપોપડી ગયોને ન બનવવાનું બની ગયું. નકલ કરવાવાળો નકલ કરી ગયો, છેલ્લે ઈશ્વર ઈચ્છા બળવાન બોલીને સૌ વિખેરાય ગયા. ગામ જાજરમાન મુખી વગરનું બની ગયું કહેવાઈ છે કે સાચા માણસથી ખોટું સહન થતું નથી તેથી તેને ખુબ જ આઘાત લાગે છે કયારેક જીંદગથી પણ હાથ ધોવા પડે છે જેવિ મારા ઠાકોરજીની મરજી બીજું શું.

દ્વારકાધીશ કી જય.

©
RATILAL JOGIA

# ૪૮ હળકા હે પાંચ, + પાંચો

કકળાટ કરવાની વેળા કારણ કારણ શોખથી બીજુ શું,

**તુલસી ઈસ સંસાર મેં**
**ભાત ભાત કે લોગ,**
**સબસે હિલ મીલ કે રહિયે**
**જૈસે નદિ નાવ શંજોગ,**

એ હાલો હાલો જલદી મોડુ થયુ છે, સામેના ગામે લગ્નમાં પહોંચવું છુે, મોડુ થઈ જાશે તો લગ્નમાં પહોંચાશે નહિ. નાહકનાં ભુંડા લાગસુ. કેમ ભુંડા લાગસુ. લાગ્યે જ ને કે આ લોકો ફકત જમવાનાં ટાઈમેજ જમવાજ આવ્યા છે. લગ્નનો લહાવો લેવા નહિ. લગ્નને ને તેવોને શું વળી સમજ પડી ? હા પડી તો ચાલો જલદિ જલદિ. ને આમ નકકી કરીને હળફા પાંચેય પ્લસ પાંચો શહિત ઉપડયા લગ્ન કરવા, કહેવાઇ છે કે ધાર્યુ ધણીનું અગર તો ધણીયાણી નું જ થાય છે. પરંતુ અહિ તો કોઈનું ધાર્યુ થતુ નથી.કારણ કારણ કે દરેક પોતાની ખીચડી પકાવવા માટે જ વાતોના વડા કરીને ગાડીયા કરે છે, પોતાનો સ્વાર્થ સધાય જાય પછી આપણે શું એમ મનમાં ગાડીયો રાખીને જ જીવવાનું નકકી કરી લીધાના સોગંદ લીધા છે આપણને અને તેને પછી શું?

(૧) નંબર એક આલો બધા તેને માનથી બોલાવે એવું નથી, તેના સર્કલનાં આલાને પોરસ ચડાવવા માટે માન આપે કોઈ આલો કાકો કહે કોઈ ભાઈ કહે, કોઈ મામો કે બાપો કહે. બાકી પછી કાંઈ લેવા દેવા નહિઃ,

(૨) બીજો નંબર મુખો, મુખો એટલે હસ મુખો નહિ, રોતી સુરત લઈને ફરતો રહેતો

(૩) ત્રીજો નંબર જુઠો, એટલે બનાવટ કરવામાં નંબર વન. બાકી જીભાન મીઠી મધ જેવિ ભલભલાને વગર પાણીયે પલાળી દયે તેવો, લુચ્ચા શીયાળ જેવો.

(૪) ચોથો નંબર કચરો, જયાંને ત્યાં ઉકરળા ફંફોળતો રહે તેવો .

(૫) પાંચમો નંબર ચકો, જેને આગળ પાછળ કંઈ નહિ આગળ હાથ પાછળ હાથ, જેની રક્ષા કરે ગોરખ નાથ, તેવો ફકળ ગીરધારી. અકલને ને તેને પોતાને બારમો ચંદરમાં

© RATILAL JOGIA

પરબારે પરબારૂ રંધાયેલું મળી જાઈ તો જમીલે નૈતર નૈતર કાંઈ નહિ હરે હરે

(૬) નંબર છ, આ પાંચેય હળફાવો ને હાંકનાર એક પાંચો જેને આ હળફાવો પોતાનો શાગીર્દ માને ને બનાવટ કરીને પોતાનું કામ કઢાવી લ્યે, પછી કોણ તું ને કોણ હું,

આલા ઓ આલા સાંભળ્યું છે કે ગઈ રાત્રે તારે તારી ઘરવાળી સાથે તારો જગડો થઈ ગયો. શું વાત હતિ ? જવા દેને કચરા. પરંતુ કાંઈ માંડીને ફોળ પાડીને વાતતો કર એટલે અમોને ખબર પડે. એમા ખબર શું પાડવાની હું જયાં જાવ ત્યાં મને આમ આલો ભાઈ કાકો કે બાપો કહિને બધા બોલાવે. પરંતુ તેનું શું છે? ત્યારે આલા એ કહયું કે સાંભળ કચરા, જયારે હું ઘેર જાવ છું ત્યારે મારી ઘરવાળી મારૂ અપમાન કરીને મને તોછડાયથી બોલાવે છે, તે મારાથી સહન થતું નથી. આ લે લે તારી ઘરવાળી તારૂ અપમાન વળી શા માટે કરે ? તી મને તો સમજાતું નથી, કઈ વાત માં તારુ અપમાન કરે છે ? કરે છે કચરા અપમાન કરે જ છે અને તે પણ ઈરાદા પૂર્વક. પરંતુ શું અપમાન કરે છે તે તો કહે ? તો ખબર પડેને. સાંભળવું છે તારે ? હા મારે સાંભળવું છે બોલ જાઉ. તો સાંભળ. હુ જયારે પણ ઘેર જાવ ફળીયામાં ખાટલો ઢાળીને બેસુ ને હાંકલો કરુ કે અલી સાંભળે છે. પાણીનો કળશીયો લાવ જોઉ ને પછી ઘરવાળી આવિને તુરત જ પાણી નો કળશીયો મારી સામે રાખીને બોલે કે **આલ્યો** ત્યારે હું તેની સામુ ટગર ટગર જોઉ એટલે ફરી પાછી બોલે કે **આલ્યો** ને ત્યારે મારો મગજ ફાટી જાઈ કારણ કે આખું ગામ મને આલો કહિને બોલાવે ને મારી જ ઘરવાળી મને **આલ્યો** કહે તે મારાથી સહન થતું નથી સમજયો કચરા. ને ત્યારે હું ઘરવાળીને ધળાધળ બે ચાર ઘોલ મારી દવ, ત્યારે બીચારી ઘરવાળી રોતિ રોતિ ઘરમાં ચાલી જાઈ. જાતા જાતા બોલે કે, મારો કાંઈ વાંક ગનોછે તી મારો છો ઘરવાળી ને સમજાવે કોણ કે આ આપાણા આલાને આલ્યો નહિ કેવાય પરંતુ તેના મગજમાં આવાત આવે કયાંથી બોલ કચરા તારી બૈરી આમ બોલે તો તું શું કરે ? કચરા જવાબ દે જોઉ ત્યારે કચરો હસતા હસતા બોલ્યો. અરે આલા મારી બૈરી પણ મને કચરો નથી કહેતી પરંતુ પુંજો કહિને બોલાવે છે. પુંજો? હા કચરો પુંજો સમજયો કે નહિ. પણ ત્યારે મુખો આવિને બાજુમાં ગોઠવાઈ ગયેલો તે બોલ્યો કે મારી બૈરીની જીભ થોથવાય છે, એટલે મને મુખો કહેવાને બદલે મુર્ખો કહિને બોલાવે છે,. ત્યારે વચ્ચે જુઠો બોલ્યો કે સાંભળ મારી સાસુ તો મને જુઠો એટલે ખોટા કહે બોલો એટલે એકદમ જુઠો કહે છે, બોલો એટલે શું આપણે આપણા ઘરમાં પુડો મુકીને તાપણુ કરાય. ચલાવિ લેવું પડે ભઈ ઘર ચલાવુ હોય તો ચલાવી લેવું સારૂ. નૈતર ઓડનું સોડ થઈ જાઈ. એલાવ વાતુમાં મોણ નાખોમાં વગર મોણ નાખ્યા વગર વાત કરો તો કાંઈ ખબર પડે. આમ વાત વાતમાં વચે ચકો વાત કરાવવા કુદિ પડયો. ત્યારે પાંચા એ કહયું કે ચકા આમાં તુને ખબર નૈ પડે હું કંવ છું ને કે તુને ખબર નહિ પડે. એટલે નહિ પડે. કારણ કે તું **ચકો** છે. તને ખબર છે હમાણા હમાણા ધરતિ કંપનાં આચકા આવે છે, તું બહાર ગામ ગયેલો તારે ઘેર બધા તારી રાહ જોતા હતાં તું બે દિવસ નું કહિ ગયેલો ને બરાબર બાર દિવસે તું આવ્યો. જયારે આવ્યો ત્યારે પહેલી નજરે તારી

© RATILAL JOGIA

માંએ તને દિઠોને ત્યારે તારી માં મોટેથી બોલી કે, **આચકો** આવ્યો ને ત્યારે બધા ગભરાય ગયા કે **''આચકો''** એટલે ધરતીકંપનો ને ત્યારે બધા ઘરબાર છોડીને ફળીયામાં આવી ગયા. ત્યારે તુને ભાળીને બધા ભોંઠા પડચા કે આ ચકો તો આપણો ચકો છે ''આંચકો'' નથી, ત્યારે સૌના જીવ હેઠા બેઠા.

આમ વાતોના ફળાકા મારતા મારતા **''પાંચેળ હળફાઓ ને એક પાંચો''** ચાલ્યા લગ્ન કોકના કરવા ને લગ્ન નો જલસો માણવા. ને ચાલતા ચાલતા બે ચાર કીલોમીટર ચાલ્યા હશે. ત્યારે પવને તેની દીશા બદલી, ને જોરદાર વાવાજોળું આવ્યું ને આકાશ કાળા ડીબાંગ વાદળોથી છવાય ગયું ને આકશમાં વીજળીના સળાકા બોલવા માંડચા ને કાળું ડીબાંગ વાદળો થી આકાશ ભરાય ગયું ને પછી તો વીજળીના સળાકા પછી ગડગડાટને પછી તો વરસાદનું જોરદાર પવન સાથે જાપટું પડવા લાગ્યું. વરસાદ ચાલુ થયો. થોળે દુર **''ઝુંપડી''** જોઇ એટલે઼ આ લોકો દોડીને ઝુંપડીમાં ભરાય ગયા. વરસાદ ગાજવિજનું જોર ખુબ જ વધી ગયું. વીજળીના લબકારા ઝુંપડીનાં ઉંબરા સુધી પહોંચી ગયા ત્યારે ''પાંચા'' એ કહયું કે આપણા ઉપર કદાચ વીજળી પડશે માટે ઈશ્વર સ્મરણ કરી લ્યો. ઘડી પછી શું થાશે તેની ખબર નથી. માટે ઠાકોરજીને યાદ કરી લ્યો. ત્યારે ''આલો આલ્યો'' બોલ્યો કે એક કામ કરીયે, આપણાં છ જાણાં માંથી એક એક આદમી વારાફરતી સામે પેલા જાડને હાથ અડાળી આવે કારણકે કે જેની ઉપર વીજળી પડવાની છે તે પેલા જાડ પાસે જાય એટલે વીજળી તેની ઉપર પડે ને બીજા બધા બાકીના બચી જાય. કેમ ખરું કે નહી ? ત્યારે પહેલા જાડને હાથ અડાળવા કોંણ જાઈ તે બાબતની રક જક ખુબ જ થઈ ત્યારે પાંચાએ કહયું કે આ વાત ''આલા આલ્યા'' એ કરી છે માટે પહેલો તે જઈને પેલા જાડને હાથ અડાળી આવે ત્યારે આ વાતમાં બધા સહમત થયા. ત્યારે આલો ઉઠીને દોળીને પેલા જાડને હાથ અડાડી આવ્યો. પછી તો વારા ફરતી દરેક જાણ ઝાડ પાસે ગયા અને ઝાડને હાથ અડાડી આવ્યા.

© RATILAL JOGIA

પાંચમો નંબર ચકાનો હતો તે ખુબ જ ગભરાય ગયેલો. કદાચ મારી ઉપર વીજળી પડશે તો ? છતાં ઠરાવ મુજબ તેને ના છુટકે પેલા જાડને હાથ અડાડવા જાવું પડયું. બરાબર ત્યારે જ વીજળીનો જોરદાર કળાકો થયો. બધાને એમ જ થયું કે ચકો ગયો પરંતુ એવું કાંઇ બન્યુ નહી. દુરથી ચકો હરખાતો હરખાતો ચાલ્યો આવતો હતો. ત્યારે ''પાંચો'' બોલ્યો કે લ્યો ''આચકો'' આવ્યો, ને બધા ગભરાય ગયા કે હવે બચીશું નહી પરંતુ આ ધરતીકંપનો આચકો નહી. પરંતુ આપણો ''ચકો'' હતો. જાણી બધા ખુબ જ ખુશી થયા. ને હા હળફાઓને મનમાં ગાંઠ વાળી લીધી કે આ પાંચો જ અપસુકનીયાળ છે. તે પાપીયો છે. તે અહીંથી જાય ને તેની ઉપર વીજળી પડી જાઈ એટલે આપણે પાંચેય બચી જાઈએ. એટલે પાંચેય એક સાથે બોલ્યા કે, '' પાંચા, હવે તમો જાવ. તમારું મોત નજીક છે. તમારે પાપે અમો હેરાન થઈએ છીએ. તમો અમોને નડો છો. કારણકે **તમો પાપી છો. તમો રાક્ષશ છો.** જો કે તમો મરશો નહી પરંતુ

અમોને નડશો છતાં તમારે પેલા જાડ પાસે તો જાવું જ પડશે. ત્યારે પાંચાએ હાથ જોડીને વિનંતી કરી કે એવું કશું નથી. જરા ધીરજ રાખો હમણા વરસાદ બંધ થશે ને આપણે સૌ ધારેલી મંજીલે પહોંચી જઈશું. પરંતુ હળફાઓ માને શાના પેલાઓએ તો મનમાં નક્કી કરી લીધું હતું કે આપણને નડે છે ''પાંચો'' જ તેમા બે મત નથી જ માટે પાંચાને ઝુપડી બારો કાઢો જ ભલે તેની ઉપર વીજળી પડતી. ને આમ અંદરો અંદર નક્કી કરીને પાંચાને ધરાર ધકા મારીને ઝુપડીની બહાર કાઢી મેલ્યો.

''પાંચો'' પણ વિચાર કરવા લાગ્યો કે શું હું ખરેખર અભાગ્યો છું? શું મે આ લોકો માટે આટલા આટલા કામો કર્યા તે બધા નીષ્ફળ ગયા. અરે આટલી ઠાકોરજીની ભક્તિ કરી તે પણ નકામી ગઈ ? શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદન ભક્તિનાં આ નવ તત્વોની સાધનાને નવધા ભક્તિ કહેવાય છે. મનુષ્ય આધ્યાત્મિક ચેતના અથવા કૃષ્ણભાવના સુધી ઉન્નત થાય છે, ત્યારે તે કૃષ્ણના વિજ્ઞાનને સમજી શકે છે. (ગીતા પાઠન) જે મનુષ્ય નું મન અસંયમિત છે, તેને આત્મા સાક્ષાત્કાર દુર્લભ હોય છે. પરંતુ જેનું મન સંયમિત છે તથા જે યોગ્ય ઉપાય દ્વારા પ્રયત્ન કરે છે. તેને નિશ્ચત પણે સફળતા પ્રાપ્ત થાય છે. એ મારો (કૃષ્ણાનો) અભિપ્રાય છે. (ગીતા અધ્યાય ૬ પાના ૨૫૫). પાંચાએ આ સઘળુ પચાવેલું હતું છતાં માનવ મન ચંચળ છે તેને મનમા શંકા થવા લાગી કે કદાચ ખરેખર હું જ અભાગ્યો હોઈ શકુ છતાં મારે ડરવાની જરાય જરૂર નથી. ઠાકોરજી માં વિશ્વાસ અડગ રાખવોજ છે. કૃષ્ણ કરે એ જ ખરું એમ મન મક્કમ કરીને મનમા ઠાકોરજીનું સ્મરણ કરતા કરતા સામે પેલા ઝાડ પાસે જઈને ઝાડને વંદન કરીને પેલા ઝાડને ''પાંચો'' ભેટી પડચો ત્યારે તે જ ટાઈમે જ આકાશમાં જોરદાર ગળગળાટી સાથે ભયંકર કળાકો થયોને વીજળી લબકારા લેતી પેલી ઝુપડી ને પેલા ઝાડ ને અડી ને પસાર થઈ ગઈ. ત્યારે પાંચાને થયું કે ઈતિશ્રી માનીને પાચો ઝાડના થડ પાસે બેસી પડચો ને લગભગ બેશુદ્ધ જેવો બાઘામંડળ શો બની ગયો. સામે ઝુપડી ઉપર વીજળી પડી તો ખરી ને ત્યાંપેલા હળફાના મગજમાં શુન્યવકાશ થઈ ગયો. **ન રહી બાંસ ન બજેગી બાંસરી.**

હળફાઓ હવે વીચારવાની શક્તિ ગુમાવી ચુક્યા તેઓને ખ્યાલ જ ન રહયો કે પાંચાના પુણ્યે જ આપાણને બચાવ્યા છે. અગર પાંચો ન હોત તો આપણું ઈતિશ્રી થઈ જાત ત્યારે પાંચાને ખ્યાલ આવી ગયો કે આ લોકો ઉપર વીજળી પડી છે. ત્યારે પાંચાને ખુબ જ દીલમાં લાગી આવ્યુ. કારણકે પાંચો નિઃસ્વાર્થ હતો. પાંચો કોઈનું બુરુ થાય તેમ ઈચ્છી જ શકતો ન હતો. પરંતુ હરી કરે તે ખરી એમ મન મનાવીને પાંચો પેલા હળફાઓને લઈને વાપસ ઘેર આવી ગયો. હળફાઓને ન દીલમાં દુઃખ થયું કે ન ખેદ થયો પરંતુ પાંચો બેબાકળો થઈ ગયો. ઠાકોરજીને પ્રાર્થના કરી હે પ્રભુ હળફાઓની રક્ષા કરજો. પરંતુ કહેવાઈ છે કે ખોટું બોલવું પાપ છે. તેમ સાચું ન બોલવું તે મહા પાપ છે. આ હળફાઓને હવે શુદ્ધ બુદ્ધ ચાલી ગયેલી. નીર્ણય શક્તિ વગરનો

© RATILAL JOGIA

માણસ બ્રેક વગરનાં વાહન જેવો લેખાય છે. પાંચો તો આ બધાને છોડીને ચાલ્યો ગયો કારણકે પાંચાને હવે ખાત્રી થઇ જ ગઇ હતી કે આ લોકો નીતીરીતીથી જીવતા નથી. માટે આ લોકોની સંગત છોડી દેવી સારી. એમ મન મનાવીને પાંચો જુદો પડી ગયો. કહેવાઇ છે કે ભલો ભલાઇ ન મુકે ને બુરો બુરાઇ ન મુકે.

જેવી રીતે એક સાધુ મહારાજ નદી કાંઠે નહાવા ગયા. નદી કાંઠે બેઠા ત્યાં તેને ખ્યાલ આવ્યો કે પાંણીમાં વીંછી પડેલો છે ને તરફળે છે, બહાર નીકળવા માટે તડપે છે. એટલે સાધુ મારાજે વીંછીને ઉંચકીને પાંણીની બહાર કાઢવા ગયા ત્યાં જ વીંછી એ સાધુ મારાજને ડંખ માર્યો એટલે સાધુ મારાજના હાથમાંથી વીંછી મુકાય ગયો, ફરી પાછો વીંછી ઉંચક્યો ફરી વખત વીંછી એ ડંખ માર્યો. આમ લગાતાર કેટલીક વખત બન્યુ ત્યારે એક બીજો માણસ કાંઠે ઉભો ઉભો આ તમાસો જોઇ રહયો હતો. તેનીએ સાધુ મહારાજને કહયું કે અબે ઓ બાવાજી આ શું કરો છો ?વીંછી તમોને ડંખ મારે છે છતાં તમો તેને પાંણીમાંથી ડુબતો બચાવો છો. ત્યારે સાધુ મારાજે જવાબ આપ્યો કે ભલા આદમી મારો ધર્મ હું બાજવું છું. મારો ધર્મ છે, જીવ બચાવવાનો અને વીંછીનો ધર્મ છે, ડંખ મારવાનો વીંછીને ક્યાં ખબર છે કે આ સાધુમારાજ મને ડુબતો બચાવે છે. તેને તો બસ એટલી જ ખબર છે કે પોતાને કોઇ પકડી લ્યે તો તેને ડંખ મારીને છટકી જવું માટે કહેવાઇ છે કે સવ સવનું કામ સવે કરવું. ભલો આદમી ભલાય ન મુકે ને બુરો બુરાય ન છોડે એ જ એક બીજાનો ધર્મ સમજવો બીજુ શું.

**ચાંદો ઉગ્યો ચોકમાં ઘાયલ**
**ચાંદો ઉગ્યો ચોકમાં....**

ત્યારે આ હળફાઓ ભજન ગાય છે......ઘાયલ આવ્યો ઘરમાં પાંચા.... આમ પાંચાની ઠેકડી ઉડાવીને અપમાન કરવું. તે કામ ફક્ત હળફાઓજ કરી શકે. ત્યારે પાંચો હજુ પણ લાગણી બતાવી ને સમજાવે છે કે હળફાઓ સમજો સમજો.....

હળફા કાઇઢ હળી લેને સૌને મળી
માથે મોતની છળી તેમા સાથે પાપ ભળી
જાસો જીંદગી તોળી સઘળું જાવું છોળી
જીંદગી કરી લે ભોળી ભોળી પુણ્યનું ભાથું બાંધ પોળી
ભલે થઇ જાય ગુલછડી લાલ-રતિ-કહે વંદન કરીલેને
સૌને લળી લળી.....

દ્વારકાધીશ કી જય

© RATILAL JOGIA

# ૪૯ નવા નાકે દિવાળી

ગામને પાદર ખળ ખળ કરતિ નદી વહેતી હોય. તેમાં વૈતિયાણ પાણીમાં બગલો એક પગે અર્ધી મીંચેલી આંખે જાણે ભજન કરવામાં તલ્લીન બની ગયો હોઈ. દેખવાવાળાને આ દ્રશ્ય તેમજ લાગે પરંતુ મોકો મલતાં પાણીની અંદર નજીકથી નિર્દોશ માછલી પસાર થતાં છપ દઈને પકળીને હળપ કરતાકને ગળી જાઈ. અલબત માછલી, ને પછી ફરી પાછું ધ્યાન ધરીને ખોળંગાઈ રહે પાણીમાં, તે દ્રશ્ય નદીના કાંઠે આંબલી ના જાડ ઉપર બેઠેલો કાગળો ધ્યાથી જોતો હોય ને વિચારતો હોય કે માળુ આ કેવું ? ના કાંઈ મહેનત કે નાં કાઈ જંજટ સ્થીર પગે ઉભુ રેહેવાનું ખોરાક એની મેળે મલી રહે. હું પણ આમ કરૂ તો કેમ ? આમ વિચાર કરીને કાગળો પોતે નદીનાં કાંઠે પાણીમાં ખાબકયો, પછી ....... પછી ......... પછી

**“કરતાં હોઇ ઇ કીજીયે,**
**ઓર ન કીજીયે કુછ,**
**માથુ રહે સેવાળમાં ,**
**ઉચુ રહે પુંછ ”**

ને કાગળા ભાઈ જીવથી હારી ગયો તેને મોત આંબી ગયું એટલે તો ડાહયા માણસે કહયુ છે કે, વિચાર વગરનું કોઈ કામ હાથમાં લેવુ નહિ. છતાં લોભીયો હોય ત્યાં ધુતારા ભુખે મરતા નથી. શેરી નંબર ૪૨૦, ગલી નંબર ૭(સાત) માં રહેતા ગીરજા ગોર ને ગૌરી બ્રાહ્મણી રહે, સાથે તેવોના વહાલસોયા ત્રણ બાળકો જે સાથે સાથે આનંદ કીલ્લોલ થી રહેતા હતા. પરંતુ માનવ, સ્વભાવે ઈર્સાથી ભરપુર, કોઈનુ સારૂ દેખી ને ખુશી થાય નહિ. વાદે વાદે વિનાશ થાય, છતાં આ કુટુંબ પાસેથી પડોશીઓનું કે સગા વાલાનું સુખ જોઈને બળ્યા રાખે ને તેવો નો વાદ કર્યા રાખે.. સામે ના મકાનમાં વેજો વાણંદ રહે, વાણંદ ની કોમ ખુબ જ હોશીયાર લેખાય છે ને શહનશીલતામાં પણ પકાય છે. તેનો વાદ પેલો ગીરજા ગોર કર્યા રાખે. અત્યારે નવરાત્રી ચાલે છે ત્યારે બાળકો બૈરાવો છોકરડાવો ગરબા રમવા માટે નીત નવા કપળા કેળીયા ને ચણીયા ચોળીને જવેલરી ઠઠાળીને ગરબા રમવા ધુમવા શેરીના નાકે ચોકમાં પહોંચી જાયછે. જાત

જાતના ને ભાત ભાતનાં કપડામાં શોભતું સૌનુ આકર્ષણ બની રહે છે. ને રાસ રમતાં મારી નથણી ખોવાણીમાં ગાતા ગાતાં જુમી ઉઠે છે. પછી જેનાં સારા કપડા સારૂ રમવાનું હોય તેને શેઠીયા લોકોને સેવાભાવિ લોકો ઈનામ આપીને પોરસાવતા હોયે છે. ને ઈનામ મળતા રાસ રસીકો આનંદ વિભોર બની જાઈ છે. ત્યારે ગીરજા ગોરની ઘરવાળી તેવોનાં છોકરાવ ને મારી મચડીને ધમકાવિને ઈનામ મેળવવાની તરકીબો શીખવાડતિ હોય છે. ત્યારે વેજો ને તેના ઘરના દરેક આ લોકોથી ત્રાસી ગયા હતા. હવે આ ગીરજા ને કેમ પાઠ ભણાવવો તેની તરકીબ વિચારતા વિચારતા અંતે તેની તરકીબ મલતાં નકકી કરી લીધું. પોતાના બૈરાવને તથા બાળકોને પાઠ ભણાવિ ને તૈયાર કરી લીધા ને સમયની રાહ જોતા રહયા.

**''સમય કોઇની રાહ જોતો નથી''**

દશેરા પછી દિવાળીનું મહાપર્વ આવવાની તૈયારીમાં જ હતું, ત્યારે વેજા એ નકકી કર્યા મુજબ, વેજાએ મોટા અવાજે તેની બૈરીને છોકરાવને બુમ પાડીને કહયું કેપાછડ વરંડામાં ખાડો ખોદાય ગયો છે, છોકરાવ ને કહો નાહિ ધોય ને નવા કપડા પહેરીને આવતિ કાલે વાઘ બારસ છે. રાત્રે બરાબર ૪.૨૦ ચારને વિસ મીનીટે ચોઘડીયા સારા છે ત્યારે તૈયાર રહે. આપણે છોકરાવને નવા નાક દિવાળી પર્વ ઉપર અપાવવાના છે. કંવછુ છોકરાવ તૈયાર છે તેવો ને બધું જ સમજાવિ દીધું છે ફીકર કરો નહિ. જયારે લાભ ચોઘડીયુ બેસે કે તુરત જ છોકરાવને આપણે આ નવા અસ્ત્રાથી નાક કાપીને પેલા ખાડામાં ડાટી દેવાનાં છે. ને પછી છોકરાવ ને ઉંધા સુવાડી દેવાના છે, સવાર પડતા જ સુંદર મજાના નવા નાક છોકરાવ ને ફુટી નિકળશે. પછી નવા નાક જોઈને પડોશીઓ ભલે બળ્યા કરતાં.

**જલવા વાળા છો જલતા.** ત્યારે વેજાની ઘરવાડી એ ટાપસી પુરી કે ધીમે બોલો ધીમે પડોશીઓ સાંભડી જાસે તો તેવો પણ આ પ્રયોગ કરશે. ત્યારે વેજા એ કહયું કે પડોશી ઓતો કયારના ઉંઘી ગયા છે. પરંતુ ગીરજા ગૌરની બૈરી આ બધુ પાછળની બારી પાસેથી વેજાના ઘરમાં શું ચાલી રહયું છે. તે જોતિ હતિ ને સાંભળતિ હતિ. તેનીયે વેજા નો પોગરામ સંપૂર્ણ યાદ રાખી લીધો ને તુરત ગીરજા ગોરને કહયું કે જુવો પળોશી તેવોના છોકરાવને નવા નાક દિવાળીના પર્વ ઉપર અપાવે છે. તો આપણે પણ આપણા છોકરાવને દિવાળી હોવાથી નવા નાક બનાવી આપીયે. થોડા વખત પહેલા પેપરમાં વાંચેલુ કે કોઈ હિરોઇન વિદેશ જઈને તેના પોતાના નાકની પ્લાસ્ટીક સર્જરી કરાવીને સુંદર ચહેરોને સારૂ નાક દેખાય તેવો ફેરફાર મોટી રકમ ખર્ચીને કરાવેલો, તે પછી તે હિરોઇનના એક પણ પીકચર ચાલ્યા નહિ, દરેક પીકચર ફલોપ ગયા ત્યારે કોઈ ડાહયા માણસે કહેલુ કે કુદરતે જે ઘાટ ઘડયા છે, તે બરાબર જ હોય છે. કુદરત સામે નખોડીયા ભરાવવાથી દુઃખી થવાય છે. તમોયે જે મોટી રકમનો ખર્ચ કર્યોએટલી રકમ જો તમો એ કાંઇ પણ ઉધામાં કર્યા વગર બેઠા બેઠા વાપરી હોત તો પણ ઘણા વર્ષો ચાલત

© RATILAL JOGIA

અને એટલા વર્ષોમાં કોઈ સારી, સ્ટોરીનુ પીકચર મલી જાત ને કદાચ તે પીકચરમાં તમો હિરાઈન તરીકે હિટ સાબીત થાત. પરંતુ આ બધું રાંડયા પછીનું ડહાપણ છે. કોઈને સમજાવવા જાતા કોઈ સમજવાનું નથી જ તેની ખાત્રી રાખીને જ જીવવું ગનીમત છે, ભઈલા, કહેવાઈ છે કે ....

**આગળ બુદ્ધિ વાણીયો,**
**પાછડ બુદ્ધિ બ્રહ્મ,**
**તેરી બુદ્ધિ તૈલીની,**
**સો બુદ્ધિ સે સોનાર (લાગતા વળગતા માફ કરે)**

ને આમ નકકી કરીને સમય આવતા ગીરજો ને તેની પત્નીએ બચાડા નીર્દોશ બાળકોના નાક કાપીને નકટા કરી નાખ્યા. નવા નાક કાઈ એમ થોળા ઉગવાનાં હોય. છતાં તેવો રાહ જોતા રહયા ને છોકરાવ કલ્પાંત કરતા રહયા. દિવાળી ને બદલે ઘરમાં હોળી પ્રગટી ગઈ ને વેજા ના ઘરની વાત સાંભળી સાંભળી ને જલતા રહયા. હમણા થોડા ટાઈમ પહેલા પેપર માં વાંચેલુ મુંબઈને એંટવર્થ માં કોક સાહસીક વેપારી ત્રણ સો કરોડમાં ઉઠી ગયા. ઉઠી ગયો તેનો વાંધો નહિ વેપાર છે નફો નુકશાન તો ચાલતુ રહે. પરંતુ આતો નુકશાનીની ચેઈન (સાંકળ) બની ગઈ. નાના-નાના વેપારીયો પણ તેમાં આવિ ગયા. એમ સૌ કોઈ કહે છે, પરંતુ ડાહયો માણસ તેને કહેવાઈ કે પછેડી પ્રમાણે સોડ તાણે, જેથી પગે ખેંચતા માથુ ઉઘાળું ન રહે ને માથે ઓઢતાં પગ ઉઘાડા ન રહે, પરંતુ ‘‘**તાકાત પ્રમાણે તાવ આવે,** એમ વેપારમાં પણ મર્યાદા હોય છે.

આવડો મોટો બબાલ થાય છતાં કોઈના ધ્યાનમાં ન આવે તે કેવું ? ને પછી સમજુતિ થાય સેટલમેંટ થાય, દશથી પંદર ટકા ચુકવી દઈશુ, આખરે ત્રીસથી પાંત્રીસ ટકાએ સમાધાન તરફ વાત આગળ ચાલે ને છેલ્લે બધું ભુલાય જાઈ.

જાણે કાંઈ બન્યુ જ નથી, **ડોશી મરી જાઈ તેનો વાંધો નથી. પરંતુ જમળા ઘર ભાડી જાઈ તેનું શું ?** આમાંથી બીજા માણસો પણ ફાયદો ઉઠાવવા માટે પોતે પણ નાદારીમાં જાવાની તૈયાર કરીને હાથ ઉંચા કરીને કપળા ખંખેરી નાખે, કારણ કે આવા કામ શીખવા જાવાની જરૂર નથી હોતી, દેખા દેખીથી બધુ બની શકે છે. હિરા મોતી ના મોટા વહેપારીઓ સોના, ચાંદી તેલ તુરી કપડા વેચવાવાળા, મગ મરી મસાલાવાળા, આમ દરેક વેપારી જો હાથ ઉંચા કરતા થઈ જાશે ને છેલ્લે બેંકો શા માટે લાભ ન ઉઠાવે, તેવો પણ તાલીયો ના તાલે રમી લેવામાં પછી પાની કરે જ નહિ ને જાણે આ ફાલ ઉતારવાની મોસમ છલકે છે, લાભ લેવાય તેટલો લઈ લેવાનો. દુનીયા ભલે જોતિ રહે કારણ કે .....

**જેને નથી લાજ,તેને કાચુ રાજ.**

બાકી એટલુ ચોકકસ સમજાવું રહયું કે બુધ્ધિ છે ત્યાં પૈસા છે. પરંતુ પૈસા છે ત્યાં બુધ્ધિ હોવી જરૂરી નથી. (કોના બાપની) ડારવિન નો નિયમ છે કે, જે છે તે નથી ને નથી તે છે. અહિ આ

© RATILAL JOGIA

જગ્યા એ થોડા ટામઈ પહેલા પહાડ હતો. આમ તેને ખોદી કાઢીને તે પથ્થરો માથી ઈમારતો બનાવી કાળક્રમે અકસ્માતે ઈમારતો જમીન દોસ્ત થતાં ફરી ઠેરનો ઠેર કાટમાળનો પહાડ બની ગયો.

માણસ જાતને તેવો ના પૂર્વજ ની જેમ આખા શરીરે વાળ હતા. કાળક્રમે તે વાળ અદશ્ય થયા, શીંગળા પૂછડાનું પણ વિભાજન થયું. માણસ સુંદરને સૂઘળ બન્યો, પરંતુ પેલો ડારવિન જાલ્યો જલાય તેમ નથી. ટીવિમાં સ્ટાર ટ્રેક નામનો પ્રોગ્રામ બતાવે છે. તેવા માનવ આકાર નો જન્મ થતો ચાલ્યો છે. સમય જાતાં રોબોટ જન્મ લેશે ને તે રાજ કરે તો નવાય પામવું નહિ. આ તો બધું આગુશે ચાલ્યું આવે છે. નવું જુનુ કાંઈ નથી, છતાં આપણે દિવાળી પછીનું વર્ષ નવું વર્ષ આવ્યુ. કહીને ખુશી મનાવિયે છીયે ને હર સાલ નવાવરસના સાલ મુબારક કરતા રહિયે છીયે કે જેનો અંત નથી. છતાં આપણે હરખ પદુડા થઈને કહિયે છીયે કે ભલે આવિ દિવાળી અને છેલ્લે સુવાક્યદિવાળી માટે ...

**આ તે કેવિ કરૂણતા**
**માં બાપ વગરનું ઘર**
**અને ઘર વગરના મા - બાપ**
**સબકો સનમતિ દે ભગવાન**

મતિ હોય તોને ....?

દ્વારકાધીશ કી જય.

©
RATILAL JOGIA

# ૫૦ ગોટુએ ગાપચી મારી ગબડાવ્યું

ઓહોહોહો કયારે આવ્યા ?આવ્યો તેને તો એક મહિનો થયો, પરંતુ અહિ પરમ દિવસે જ આવ્યો છુ. કેમ છે તમારા ત્યાંનુ વેધર ને વેપાર વાણીજય. વેધરને વેપાર બન્ને ફાસ્ટ સ્લો થતા રહે. કયે વખતે કઈ બાજુ ચઢાવ ઉતાર થાય તેનુ નકકી નહિ છતાં સારૂ છે. આપણે સારૂ માનીયે ત્યાં લગી સારૂ, હા એ તો ખરૂ જ ને વળી. હવે હમણાં તો અહિ રોકાવવાના છો કે પછી.... હા હવે તો અંહિ જ રોકાવવું છે. નકકી કરી ને જ આવ્યો છું. કારણ ? કારણમાં એમ જ હશે ભઈલા તમારા લોકોનું ભલુ પૂછવું .નાં એવુ કાંઇ નથી. પરંતુ અહિ તમારા બધાનો પ્રેમ ને લાગણી ને બીજું શું છે કે અહિનું વેધર સારૂ હોઈ ભુખ લાગે છે. નિંદર આવે છે ઉપરાંત બધુ જઓરીજનલ ખરૂ કે નહી. હો, એ તો ખરૂ જ, ચાલો ત્યારે રજા લવ, ઘેર કયારે આવો છો. તમો કહો ત્યારે, હવે તો એજ કામ છે. દરેક ને હળવું મળવું જે કોઈ કહે તેને ઘરે જાવું જ, **''સપોઝ''** સમજી લ્યો કે કોઈ આમંત્રણ આપતાં અચકાઇ તો ? તો શું ?આપણે સામેથી કહેવાનું, તમારા મીસીસ બાળકો મજામાં છે ને ? બાળકોનો અભ્યાસ કેમ ચાલે છે ? મારી યાદી આપજો કે જો કે ગોટુ કુમાર ખુબ જ યાદ કરે છે ને કે જો કે થોડા વખત પછી ટાઈમ મલશે કે તુરત જ બહેનને મલવા આવિ જાઈશ. શું શું સમજયા ? એટલે સામેનો માણસ કેહેશે કે તમોને ટાઈમ અનુકુળ હોઈ ત્યારે ફોન કરશો એટલે હું લેવા આવિ જાઈસ. ત્યારે કહેવાનું કેનાં ના તમો તકલીફ લેશો નહિ, લેવા આવવાની હું ફોન કરીને આવિ જાઈશ.

તમો એકલાજ છો. નાં હોઈ કાંઇ . સાથે મારો સન પણ આવ્યો છે ને ,ઓઓ એ હવે સમજાણું કે ના તમો ને સમજાયુ તેવું નથી. આ તો **'સન'** હવે ઉંમર લાયેક થયો એટલે કહયું કે ચાલ ફરીયાવિયે, કદાચ કોઈને તુ ધ્યાનમાં બેસીજા ને તારા ધ્યાનમાં કોઈ બેસી જાય તો મેળ પડી જાય. બાકી કાંઈ ઉતાવળ તો નથી જ ને એટલા માટે આવેલા નથી. શું સમજયા. સમજયા બધું જ સમજયા કે તમો શું કેવા માંગો છો. તમારે ગોટુકુમાર છાસ લેવા જાવુ છે ને દોણી સંતાડવિ છે. એમ જ ને ? ના એવું નથી, છતાં તમો જે સમજયા તે સાચું બસ, ચાલો ત્યારે હું રજા લવ ફરી મલીશું.

© RATILAL JOGIA

અત્યારે બેંકમા જરા જવાનું છે.તમારે તમોને ખબર છે. છેલ્લા વરસોમાં અમારી પાસે ખુબ જ પૈસો પૈસો ભૈગો થઈ ગયો છે. અમો પહેલા રહેતા હતા ને ત્યાં તો તમો આવ્યા નથી. માટે તમોને ખબર કયાંથી હોઇ, પરંતુ અમોએ અત્યારે આખે આખો ફાર્મ હાઉસ ખરીદીને તે ફાર્મ હાઉસ ની વચ્ચો વચ્ચ મહેલ જેવુ મકાન બંધાયું છે. ફુલફળ જાડ લીલા ત્રોપા ને પાણીનાં ઝરણાં ખડખડાટ વહેતાને બધું લીલ્લુ છમ્મ. તમારી પાસે એન્ટ્રી પાસ છે? ન હોય તો બનાવડાવિ લેશો કદાચ કયારેક આવવાનુ મન થાય તો જરૂરથી આવજો. અમારે ત્યાંજ રહેજો. નારે ભઈલા અમારે અહિ જ ગોકુળીયુ છે. ઠાકરોજીની કૃપા છે, હમણા શ્રાવણ મહિનો આવશે ત્યારે શ્રાવણ મહિનાનાં ફુલડોલ નાં દર્શન ચાલુ થશે.

આખો મહિનાો ઠાકરોજી નાં દર્શન કરીશું, હરિભજન કરીશું ને જીંદગી સાર્થક કરીશું. આનાથી વિશેસ કાંઈ નો ખપે, ભઈલા ઠીક છે. તમો કરો તે પણ સારૂ છે. અમો કરીયે તે પણ સારૂ છે. સૌ સૌની પસંદગી ની વાત છે. આ તો અમારે તમોને આમંત્રણ તો આપવું જોયે, એટલે આપ્યું. જેમ તમોએ આમંત્રણ આપ્યું તેમ, મે હજી તમોને આમંત્રણ કયાં આપ્યું છે ? નથી આપ્યું ? લ્યો હું ભલી ગયો. લ્યો હવે આપો, આમંત્રણ એટલે ફરી મલવા આવિ શકુ તો અવાજોને. જરૂરથી આવશુ, તો આવજોને. જરૂરથી આવશુ, ચોકકસ ભલે જે જે. ગોટુકુમાર દિકરાને ઠેકાણે પાડવા આવેલા, પરંતુ કોઈને ફોડ પાડીને કહેતા ન હતા. છતાં જયાં જયાં ઠેકાણાની ખબર પડે કે તુરત જ ત્યાં પહોંચી જાઈ વાત ચીતમાં એટલી લાગણી બતાવે કે સામેનો માણસ પલળી જાઈ. છતાં દિકરા બાબત કોઈ, પલળ્યું નહિ. ગમે તેવા ઓવર વખાણ કરે, રૂળુ મનાવે પરંતુ બધુ વ્યર્થ, છેલ્લે ગોટુકુમારે પોતાના **'સનને'** (દિકરાને) કહયુ કે હવે તો તું જ કોકના લવમાં ગબળી જા એજ રસ્તો છે ને આ વાતમાં ગોટુકુમારનો ''સન''સહમત થયો.

© RATILAL JOGIA

આમ તો ગોટુકુમારને તેના સન સાથે બારમો ચંદરમાં, કયારેય બનતું નહિ, પરંતુ મુશીબતમાં એક બીજાને કો ઓપરેટ કરવા, એવો ઠરાવ કરીને બાપ બેટો આવેલા, એટલે જ (વચને શું કામ દરીદ્ગતા) તેમ એક બીજાની લાગણી નહિ પરંતુ એક બીજાની **''ખીચડી''** પકવવા માટે થઈને એક બીજા કોઓપરેટ કરતા રહયા ને આખરે જેમ અગાઉના જમાનામાં તપસ્યા તપસ્વિને ફળ અપાવતિ. જે તેનાં ઈસ્ટ દેવની પ્રસન્તા કરાવિને હજરા હજુર થઈને કહેતા કે, માંગ માંગ જે માગે તે આપુ તેમજ તો વળી અહિ, ફોનથી ધાણી છોકરીયુને ફોન કરી કરીને થાકયા પછી એક છોકરી **''પલળી''** **''હસીને પછી ફસી''**છોકરી ખાસ કાંઈ હતિ નહિ. છતાં આ કુમારને હવે છુટકો હતો નહિ એટલે પેલી છોકરીની સાથે ફરવાનુ ને હોટેલ બાગ બગીચાને મંદિરોમાં રખડવાનું ચાલુ રાખીને ઉપરથી છોકરીને ખુશ કરવા બનતા બધા પ્રયાસો ચાલુ કરી દીધા. છોકરીના વખાણ કરવા કહેતો હતો કે તમોતો ખુબ જ બુધ્ધિશાળી છો. તમો ખુબ જ સુંદર છો. તમો તો પુનમનાં **'ચાંદ'** છો, જેમાં એટલે કે ચાંદની અંદર બ્લેક પોઈન્ટ હોય છે તેમ તમારા કપાળે ને ગાલ ઉપર કાળા પોઈન્ટે દેખાય છે. માટે તમો અદલો અદલ પૂનમ

ના ચાંદ જેવા જ દેખાવ છો. ગયા ભવનાં આપણે અધુરા મિલનનાં સાથી હશું માટે આ ભવે ફરી મલ્યા છે. બોલો મારા હૃદયનાં રાણી તમારૂં શું માનવું છે. તમારા મધર-ફાધર સમજુ છે. જેથી કરીને તમોને મારી સાથે ફરવા હરવા આવવા દીયે છે. આમ અનેક જાતનાં વખાણ કરતાં કુમાર થાકતા ન હતા. ત્યારે છોકરીયે શુધ્ધ ગુજરાતીમાં કહિ દિધું કે તમો ધારો છો, તેમાનું કાંઇ કશુ નથી. આતો તમો છેતરાય જાવ નંહિ માટે હું ચોખવટ કરૂં છું કે હું બહુ જ રૂપાળી નથી, કપાળે ને ગાલે કાળો કોઢ થયો છે તેનાં પોઇન્ટ છે. ને મારા મધર ફાધર મને ઠેકાણે પાડવા માટે તમારી પાસે મોકલે છે. માટે જો હું તમોને પસંદ જ હોંવ તો મને વાંધો નથી. પરંતુ જીંદગી સાથે ગુજારવિ છે માટે આ ચોકવટ કરૂં છું. માટે તમોને મારે છેતરપીંડી કરીને ધોખો આપવો નથી. ખોટા વખાણ પણ હું કરી શકુ નહિ. ત્યારે કુમારે ચોખ્ખુ જાણાવિ દીધું કે મારી જેમ તમો પણ મારા ખોટા વખાણ કરી શકો છો. મારીજેમ જુઠુ બોલીને, મને તેમા જરાય વાંધો નથી, ત્યારે છોકરીયે કહયું કે, તમો જે કાંઇ બોલ્યા તે શું જુઠુ જ હતું. ત્યારે કુમારે કહયું કે મેં કયાં કહયું કે જુઠુ છે. હું તો એટલું જ કહું છું કે હું કાંઇ બોલ્યો છુ તે સાચું તો નથી જ. ને આમ, એક બીજાની સમંતીથી બન્ને **''શુભ લગ્ન''** સમજદારીથી, આટોપીને બન્ને **''હનીમુન''** કરવા ઉપડી ગયા.

કોઇ હિલ સ્ટેશન ઉપર પંદર દિવસ રહયા. પછી છોકરીયે કહયું કે, તમો હનિમુન હનીમુન, કહેતા હતા તો હવે હનીમુન દેખાળો. ત્યારે કુમારે કહયું કે અહિ, આવ્યા તે હનિમુન જ કહેવાઇ. ત્યારે છોકરીયે કપાળ કુટયું કે આવુ બધુ તો અમારા ગામડા ગામને પાદરે મેળો ભરાય છે ને ત્યાં પણ બધુ હોય છે. ખાડા, ટેકરા, સુર્યાઅસ્ત, ઉદય, જાડવાં, પાંદડા, કાબર, કાગળા ને ઉપરથી ફજીતફાળો પણ ખરોજ ને અહિ છે તે ત્યાં પણ ગામડામાં બધું જ છે. સમજ પડી મારા વરરાજા જે અંહિ છે તે ત્યાં પણ છે. માટે ચાલો હવે અહિ રહેવું નથી ને બન્ને બાધી જગડીને વહેલુ આવે છોકરીનું ગામ તેમ છોકરીનાં ઘર ભેગા ગઇ ગયા. ગીરીરાજ ધરાણકી જે.

ગોટુકુમાર પણ સમજી ગયા કે હવે અંહિ રહેવામાં મજા નથી કારણ કે પોતાને ગામ બાપા દિકરાને અડદ નાખ્યે પણ મેળ મળતો હતો નહિ. માટે હવે છોકરાને રેઢો ભગવાન ભરોસે નહિ પરંતુ તેનાં સાસરાને ભરોસો મુકીને રાતો રાત ગોટુકુમાર તેને પોતાને ગામડે શીધાવિ ગયા. જે આજ દિવસ પર્યત, ગોટુકુમારનો અતો પતો નથી ને અહિં દિકરો ઘર જમાય થઇને ખાય છે ગાળો ને પીયે છે પસીનો, જેવા જેનાં ભાગ્ય બીજું શું ? પરંતુ ગોટુકુમારે જે ગુબારા ઉડાળ્યા ને બધાને ઉલ્લુ બનાવ્યા તે બાબત ગામના કે સગા સબંધીઓ ભુલી શકશે નહિં. કહેવત છે ને કે કાગળાની કમાણી બચોલીયાવને નડે છે, તેમ હવે દિકરોને વહુ તેના ભાગ્યમાંનુ લખેલ જે હશે તે ભોગવિ લેશે, દિકરાનું તો જે થાય તે પરંતુ સગા દિકરાને પોતાનાથી છુટો પાડી દીધો તેનો ગોટુકુમારને પોતાની બુધ્ધિ ઉપર નાજ છે. એટલુ ચોકસ સમજવું રહયું જેબાપ સગા દિકરાનો ન થાયો તે બીજાનોકયાંથી થઇ શકે, આતો સ્વાર્થના સબંધોનાં આટા પાટા છે, ભઇલા,

દ્વારકાધીશ કી જય.

© RATILAL JOGIA

# ૫૧ ઘરડા બાળકો

**'પીપળ પાન ખરંતા, હસતે કુપડીયા,**
**અમવિતિ તુજ વિતસે, ધીરી બાપુડીયા'**

જેના મનમાં કે દિલમાં પાપ નથી. તેવા ફુલડા જેવા બાળકો કયારેક જીદે ચડે છે. કહેવાઈ છે, કે **''બાળ હઠ, સ્ત્રી હઠ, જોગી હઠ ને રાજ હઠ''** આ ચારેચાર હઠ આગળ દુનિયાને જુકી જાવું પડે છે. તેમાંય બાળહઠ એટલે ભલભલા ચમરબંધીઓની પણ મુછો ખેંચી કાઢીને ખળખળાટ હસ્તું બાળક ચમરબંધીના હૃદય પરિવર્તન કરાવડાવી ધ્યે છે. તેવા બાળકો જીદે ચડે છે. રાડા-રાડી કરે છે ને પછી રડે છે. પછી વહાલું વહાલું પણ થાય છે. રામાયણ નાં બાલકાંડમાં એકવાત આવે છે કે બાળ સ્વરૂપે ભગવાન શ્રી રામચંદ્રજીએ આકાશમાં પૂનમ નો ચંદ્ર જોયોને પછી રમતા રમતા જીદે ચડી ગયાને ભેંકળો તાંણ્યો, ત્યારે રાજા રાણી બંને બે બાકડા બનીને બાળકને ખુબ સમજાવટ કરી છતાં રામ જેનું નામ, તે કેમેય કરીને શાંત થતા ન હતાં. ત્યારે રાજા-વાજા ને વાંદરા રીજે તો ન્યાલ કરી ધ્યે, ને ખીજે તો બધુ મેદાન સાફ કરી ધ્યે. (ઈરાકનો દાખલો નજર સામે રાખવો) તેવા મહારાજા દશરથ પણ વિસામણમાં પડી ગયા કે હવે આ આપણા રામને શું જોઈએ છે. આને શાંત કેમ પાડવો બીજાનું બાળક હોત તો તો ધમકાવિને ઘર બહાર ધકેલી દેત, પરંતુ આતો પોતાના કલેજાનો ટુકડો. (શીદી શીદીના વહાલા) જેવો ઘાટ થયો. ત્યારે મહારાજા ને ખ્યાલ આવ્યો કે આપણાં પ્રધાનશ્રી ને બોલાવો તેવો કદાચ આપણાં આ રામને સમજાવિ શકશે. રાજા કરતાં પ્રધાનો વધુ બુદ્ધિશાળીને ડાહ્યા હશે કદાચ. (અત્યારે આપણો અનુભવ શું કહે છે.) એટલે પ્રધાન મંત્રી શ્રી ને બોલાવતા પ્રધાનમંત્રી હાજર થયા. તેનીયે રામની જેમ જ બાળકવેળા કરીને જાણી લીધું કે આકાશમાં પૂનમનો **''ચાંદ''** ઉગ્યો છે. તે આ આપણાં રામને જોયે છે. બસ આટલી જ વાત હતી ને તુરત જ મોટું વાસણ મંગાવ્યું ને તેમાં પાણી ભરીને ચાંદાનો પડછાયો તેમાં પડે તે રીતે રાખીને રામને કહ્યું. લ્યો કુંવર અમોએ ચાંદને તમારી સમક્ષ હાજર કર્યો છે. આપ સુખેથી તેની સાથે રમો જમોને પછી પોઢી જાવ ને પછીતો બાળક સ્વભાવે રામજી પાણીમાં મૈડા છબછબીયા બોલાવવાને ચાંદને પકડવાને

©
RATILAL JOGIA

ખુશીની કીકીયારી કરી કરીને થાકી જાતાં દુધ પાન કરીને નિદ્રાધીન થઈ ગયા. બાળક છે તે મુળ મુદ્દો ભુલી જાઈ છે. માટે તેની જીદ વધુ વખત ટકી શક્તિ નથી.

એક શેઠ નામું લખતા હતાં. ત્યારે તેનો છોકરો રમતો રમતો તે શેઠની બાજુમાં આવીને રમવા લાગ્યો. ત્યારે શેરીની સામી પછીતે વંડી ઉપર કાગડો આવીને ગોઠવાઈ ગયો ને મંડયો ક્રા- ક્રા કરવા. ત્યારે પેલા બાળકે તેના બાપાને કહ્યું. બાપા કાગડો, બાપા એ જવાબ આપ્યો હા બેટા કાગળો ફરી પેલા બાળકે રીપીટ કર્યુ ને બાપાએ સામું રીપીટ કર્યુ નામું નામાને ઠેકાણે રહ્યુ ને ચોપડાને પાને લખાતુ રહ્યું કે, હા બેટા કાગડો, હા બેટા કાગડો આમને આમ એક સોહને એક વખત ચોપડામાં લખાય ગયું. બાળક રમતા રમતા થાકીને પોઢી ગયો. (સુઈ ગયો) પેલા શેઠ પણ જબકી ગયા કે અરે આ મે શું કર્યુ. છતા જે કર્યુ છે. તે પોતાના બાળક માટે કર્યુ છે જાણી ખુશી થયાને ચોપડો બંધ કરીને દર્શન કરવા ઉપડી ગયાં. વર્ષો પછી એ જ છોકરો નામુ લખતો હતો ને બુઢા બાપા તકીયાને અઢેલી ને માળા ફેરવતાં હતાં. ત્યારે સામી ભીંતે કાગડો આવીને બેઠોને મંડયો ક્રા-ક્રા કરવાં ત્યારે બાપા એ કહ્યું, બેટા કાગડો બેટા એ જવાબ આપ્યો. ફક્ત હું કહીને બાપાએ બે ત્રણ વખત રીપીટ કરતાં છોકરાનો ચહેરો લાલ ધુમ થઈ ગયો ને તાળુકી ને બોલ્યો. શરમ નથી આવતી આમ ગાંડા ગદોળો છો તી જાવ ઘરમાં જઈને ખાટલે પધારો. મને મારૂ કામ કરવાં ધ્યો. તોબા તમારાથી કાગડો કાગડો ન જોયો હોઈ જાણે.

જીંદગીમાંથી પાગલ થઈ ગયા લાગે છે કે શું આતો ગજબ કહેવાઈ આટલાં વરસ તમારે પાણીમાં ગયા કે શું. હવે લાજો-લાજો તો સારૂ કહેવાઈ જાવ કહ્યું ને ઘર ભેગા થઈ જાવ. ત્યારે બાપાની આંખમાં જડજડીયા આવી ગયાને આંખ ભીની થઈ. ત્યારે ફક્ત એટલું જ કહ્યું કે દિકરા મારા આ ચોપડાને છેલ્લે પાને જોઈલે. એટલે તને ખ્યાલ આવે કે તેં મને કેટલી વખત કાગડો કાગડો કહેલ. બરાબર, એક સોહને એક વખત તે મને બોલાવેલ તે મેં આ ચોપડાને છેલ્લે પાને લખીને રાખેલ છે ને છતાં પણ મેં તારે માથે હાથ ફેરવી ફોસલાવી પટાવીને તને પોઢાળી દીધેલોં ને આજે ફક્ત ત્રણ વખત કાગળો કાગડો કહેતાં. તું બે શરમ બની ગયો છે. તુંને ને તારી જનેતાને ફટ છે. ત્યારે છોકરાએ કહ્યું કે ખબરદાર એક શબ્દ પણ આગળ બોલ્યાં છેતો તમો તો ત્યારથી જ અકલમઠા છો. તેનો આ પુરાવો તમોએ લખીને રાખેલો છે. હું તમારા જેવો અકલમઠો નથી. માટે ઘર ભેગા થઈ જાવ. નૈતર પાગલોને દવાખાને દાખલ કરી દઈશ. ત્યાં તમારો કોઈ ભાવ પણ નહી પૂછે. ત્યારે બાપા ભારી હૃદયે ને ભરી આંખે ઘર ભેગા થઈ ગયા.

બાળકો ભુલી જાઈ છે. તેમ બુઢા મા-બાપ પણ ભુલી જાઈ છે. અમુક ઉમર લાયેક મા-બાપોને વિસ પચીસ કે પચાસ વર્ષ પહેલાની વાત યાદ રહેશે. પરંતુ બે દિવસ પહેલા શું જમ્યાં હતાં કે કોને મળ્યાં હતાં તે યાદ નથી. રહેતું અમારા ઓળખીતાં **''ગંગા બા''** તેનો જીવતો જાગતો પુરાવો છે. ''ગંગા બા'' સુખી ઘરનાં છે. તેને ત્રણ દિકરા છગન, મગન અને ગીરધર તે

© RATILAL JOGIA

ગીરધર સૌથી મોટો દિકરો ગીરધરનાં બાપા નથી. એટલે કે દેવ વાસી થયા છે. ''ગંગા બા'' ખાટલે બેઠાં ખાય છે અનેક જાત્રાવો કરી, દાન પૂણ્ય કર્યા, દેવ દર્શન કર્યા. પરંતુ હવે ''મગજ'' અને પગ સાથ આપતા નથી. તેથી ''ગંગા બા'' થાક અનુભવે છે. હું તેમને મળવાં ગયો ત્યારે ''ગંગા બા'' તોબડો ચઢાવીને ખુરસી માં બેઠાં હતાં. મે કહ્યું બા ''જયશ્રી કૃષ્ણાં'' તો કે આવ. દિકરા આવ કેમ છો. મજામાં છું. આપના આર્શીવાદ છે. બા તમો ''બા'' કેમ છો. મજામાં છું. તેમજ પરંતુ હવે આ મારો ગીધો, છગનીયો અને મગનીયો ને તેની વહુઓ છોકરાવ કોઈ કરતાં કોઈ મારૂ કહ્યું કરતા નથી. જુવો ને ત્રાણ દિવસ થયાં હું ભુખી છું. છતાં મને કોઈએ જમવાનું આપ્યું નથી. હે શું વાત કરો છો. તમો ત્રાણ દિવસ થયાં જમ્યાં નથી. નારે ભઈલાં ત્યાં મગનની વહું આવી તે નાકનું ટીચકું ચડાવીને મને જોઈને પાછી તેના રૂમમાં ચાલી ગઈ. પછી ગીરધરને છગનની વહુઓ આવ્યાં. મને જયશ્રી કૃષ્ણાં કર્યા. મે બાની વાત કરી તો કહે બા હવે ભુલી જાઇ છે. એટલે એમ કહે છે. બાને પૂછી જુવો તેને શું જમવું છે. તે બનાવી આપીએ. ત્યારે મે બાને પૂછયું બા શું જમવું છે. તમારે તે બનાવીને તમારી વહુઓ લયાવશે બોલો, ત્યારે બા બોલ્યાં કે હું તો શીરો ખાઈશ. પછી કે નહી ભજીયા ખાયે, મને કહે. **રતિયા** તને યાદ છે. તું નાનો હતો ત્યારે અમારે ત્યાં આવતો મારા ત્રાણેય છોકરાવો તારા બાપાને તું સાથે મલીને મે જેટલાં ભજીયાં બનાવ્યા હોય તે બધાય તમો જાપટી જાતા. મારે માટે પણ રહેવા દેતા નહી. છતાં મેં, તમોને પ્રેમથી ભજીયા ખવડાવ્યાં છે. હવે, આજે ભજીયા નથી ખાવા કારણ કે આજે પણ તમો મારા માટે રાખશો નહી. જેટલા હશે તેટલા ભજીયા જાપટી જાશો. હજુ તમો નાના જ છો. હા, બા તમારી આગળતો અમો કાયમ નાના જ કહેવાઈ. તો એ કહો અત્યારે શું ખાશું તો 'બા' કે એમ કરો શીંગ ચણાનો ભુક્કો કરીને મને આપો.

જુવો સુજ્ઞ વાચક વર્ગ ગંગાબાને જુની વાતો કેવી યાદ રહે છે ને અત્યારે ભુખ્યા નથી માટે શીંગ ચણાનો ચપટી ભુકો ખાય ઉપર પાણી પી ને પોઢી ગયા ને મે ચાલતી પકડી. તેઓ હજુ પણ મને ને તેના ત્રાણેય દીકરાઓને નાના કિકલા જ સમજે છે. એટલે તો અમોને તેઓ તો તોછડાઈથી તોછડા નામે બોલાવે છે. તેઓના છોકરાઓના છોકરા જુવાન થઈ ગયા છે. છતાં ગંગાબાને તેના પોતાના છગનીયો, મગનીયો બાળકો જ લાગે છે અને તોછડા નામે રતીયો કહીને મને બોલાવે છે. ને જ્યારે હું તેને મળવા જાવું છું તે તેના દિકરાઓને વહુની ફરીયાદ કરે છે. કે મને આ લોકો જમવા આપતા નથી. ત્યારે હું કહું છું કે બા તમે ભુલી ગયા છો. હમણા તો તમો જમ્યા છો. ત્યારે મને કહેશે રાખ રાખ હવે બહુ ભાણેસરી આવ્યો છે તી મને બનાવે છે. હું ભાણી નથી એટલે એમ નહી સમજતો કે મને ખબર નથી પડતી. અરે બા તમો હમણા જ તો જમ્યા છો. ભુલી ગયા તમો. ત્યારે બા તેની વહુ ઉપર તાડુકીને કહે, અરે વહુ તું વળી આ રતીયાને પક્ષે ક્યારે ભળી ગઈ ? મુઈ  નભાઈ એક તો મને જમવા દેતી નથી ને ઉપરથી સાહુકારી કરે છે. હે

© RATILAL JOGIA

ભગવાન શું જમાનો આવ્યો છે. હે મારા ભગવાન મારી દોરી ખેંચી લે. બધા ને તું બોલાવે છે. ને મારી જગ્યા ત્યાં તારી પાસે નથી શું ? મને કેમ નથી બોલાવતો ભગવાન ? કે પછી તું પણ આ લોકોની સાથે ભળી ગયો છે. મારા ભગવાન દયા કર દયા કર દાદીમાં દાદી લ્યો તમારા માટે હું દાળીયા લઈ આવી છું. મુઈ મને દાત ક્યાં છે. તી હું દાળીયા ખાઉં. તું મને ભુકો કરીને દે એટલે હું ખાઉં. હા લ્યો બા હું ભુકો કરીને દઉં. લાવો દાળીયા, ના હો ના ભાઈ તારો ભરોસો હું નહી કરું. તું આ દાળીયા અડધા તું જાપટી જા તો આ મારી ''તનુ'' મને (દાળીયાનો) ભુકો કરી દેશે. ના બા હું તમારો ભુકો નહી કરી શકું. તે માટે તો મારે મારી કાકીની મદદ માટે બોલાવવા પડશે. હટ મારો ભુકો નહી દાળીયાનો.

અરે હા બા. આજે સાંજે હવેલીમાં ખુબજ સરસ દર્શન થશે. તમો આવશો ? હા હું આવીશ. તો પછી અત્યારે આરામ કરી લ્યો. એટલે સાંજે આપણે દર્શન કરવા જાશું. ભલે પણ આ રત્યો અહીંથી જાય તો હું અરામ કરું ને ? ભલે ગંગા બા હું જાવ, તમો આરામ કરો. ભલે, પાછો બાને મલવા આવતો રહેજે ક્યારેક ક્યારેક. ભલે બા. આ આપણા ગંગાબા નાના બાળક વેળા કરે છે. ઘરના બધા નાના મોટા તેને સાચવી લ્યે છે. નથી કોઈ દુઃખ લગાડતું કે નથી કોઈ સામું બોલતું કે જીભા જોડી કરતું કે નથી કોઈ ખીજાતું. ગંગા બા જેની હઠ કરે તેની વાત આસાનીથી પટાવી ને ગંગાબાની ગાડી બીજે પાટે ચડાવી દયે. એટલે બા ખુશ ને ઘરનાઓને પણ નીરાંત.

પરંતુ દરેક ઘરમાં આવો માહોલ ન પણ હોય. ઝગડા, કંકાસ, દુઃખ, વાનરવેડા ને પછી સીનીયર સીટીઝન રજડી પડે ને બચારાઓને પડોશીઓનો કે વૃદ્ધાશ્રમ નો આસરો ગોતવો પડે. તેવું ન બને તેઓ ઘાટ ઘરના જુવાનીના તોર માં જીવતા સભ્યોએ અપનાવો જોઈએ. તેમ શું આપણને નથી લાગતું ? જેમ બાળકોને ફોસલાવી પટાવીને નીભાવીએ છીએ તેમજ આ ઘરડા બાળકને પ્રેમ આપીને નીપટાવી શકાય છે. **''કોષીશ કરી જોવી''**. ઘરડા બાળકો ખરેખર પ્રેમના ભુખ્યા હોય છે. તેઓને જરાક અમથુ પણ સારા મોઢે સારી વાત તેની તરફેણમાં કરો તો તેઓ ખુશ ખુશ થશે ને તેના અંતરના આશીર્વાદ મળશે. બાકી તો દરેકની થીયરી અલગ હશે. નહીતરતો ઘેર ઘેર આનંદ મંગલ છવાઈ જાય. કોઈ પ્રશ્નજ ન રહે. બાકી બચે તે ગયા ભવ ની કરમ કઠણાઈ સમજવી બીજુ શું એમ જ સમજવું રહયું.

જો સાચા દીલથી જુવાન હૈયા સમજવાની કોષીશ કરે તો વાત વાતમાં તોછડાઈ ન કરાય. હશે, ઘરઢા માવતર છે. કહે તો ભલે કહે, કદાચ ગાળો આપે તો ભલે આપે, ગાળો ઘી ની નાળો કારણકે ઘરડાઓને બાળકોની સમાનતા છે કે બંને ના મોઢામાં દાત નથી. માટે બંને પોતાને વાત વાતમાં દુઃખ લગાડે છે. દુઃખવાલા થઈ જાય છે. ને જેમ બાળકો ચાગલ્યા વેળા કરે છે ને ભેકણો તાણી ને રમકડાં કે કાંઈ પણ પછાડે છે તેમજ ઘરડા માણસો બીજું તો શું કરી શકે. એટલે લાડ

© RATILAL JOGIA

કરે ને પ્રેમ થી વહુને નભાઈને દીકરાઓને અક્કલમઠ્ઠા કહીને સંતોષ માને છે. માટે આ ચાગલાવેળા ઘરડા બાળકોના છે. એમ સમજાઇ તો પછી કોઇ જાતનું દુઃખ કે ખીજ રહેશે નહી. પરંતુ સમજાશે ક્યારે? જયારે સમજાશે ત્યારે ઘરડા માવતરના હ્દીયામાંથી ઉંડાણમાંથી આશીર્વાદ નો શબ્દ સરી પડશે. તો આપણો બેડો પાર થઈ જશે. તેઓ એ પેટે પાટા બાંધીને આપણને સાચવ્યા છે. તો આજે આપણે તેઓને સાચવી લઈએ. કાલ કોણે દીઠી છે. જીંદગીની કોઇને ખબર નથી. કદાચ તેઓ બેઠા રહે ને આપણી ટીકીટ ફાટી પણ જાયતો એના જેવું દુઃખ આ જગતમા એકેય નથી. માટે ઈષ્ટદેવ ને ખરા હ્દયાની પ્રાર્થના કરવી કે અમોને સહન શક્તિ દે અમો અમારા ઘરડા બાળકોને પ્રેમપૂર્વક સાચવી શકીએ તેવી સમજાણ દે. અમો અરસ પરસ માફ કરી શકીએ તેવા સારા વિચાર દે. બસ બીજુ કાંઇ નથી જોઇતું. હે મારા ઠાકોરજી દરેકની ઈચ્છા પરીપૂર્ણ થાય એ જ ખરા હ્દયની પ્રાર્થના સ્વીકારી અમ ઉપર અમી દ્દષ્ટીથી રહેમ નજરે નીરખશો.

જય હો જય હો દ્વારકાધીશકી જય હો.

©
RATILAL JOGIA

# ૫૨ જે મિણસારે "હોંઠ" મારી, ત્યારે "ભાદર" ભુલી પડી, અણીનો ચુક્યો

આ લેખ સત્ય ઘટનાંના આધારે લખાયેલો છે. પહેલા પહેલાના જમાનામાં ને અત્યારનાં જમાનામાં કેટલો ફરક છે. તે વિચારવા જેવી વાત છે. જોકે જમાનો બદલાતો નથી. બદલાય છે તો માણસો બદલાય છે, સમય બદલાય છે. અકબર બાદશાહ કે તે જમાનાનાં શાહજહાવો કે રાજા રજવાડા કે શેઠ લોકો કરતાં અત્યારનો સાધારણ માણસ પણ ખુબજ સાઈબીમાં જીવી રહ્યો છે. સુખી છે. કારણ કે તે જણાનામાં હતું નહી તે અત્યારે છે. અત્યારે શું છે કે ગામો ગામ દવાખાનાં, સ્કુલ, બેંકો,બસ સ્ટોપ, રેલ્વે સ્ટેશનો, રોડવેજ (સડકો), વિજળીથી ચાલતાં તમામ ઉપકરણો તેમાંય ટી. વી. ને મોબાઈલ ફોન ને કોમ્પ્યુટરે તો હદ બે હદ ખુશી ખુશી આજનાં માનવને કરી દીધાં છે. ફોટોગ્રાફી એટલી આશાન થઈ ગઈ છે ને તેમાંય **"રીમેક્ષે"** તો ચાર ચાંદ લગાવી દીધાં છે. જુવાની ને બુઢાપો ને બુઢાપાને જુવાની બતાવી શકાય છે. એકનું ધડ ને બીજાનું માથું અલગ અલગથી મિક્સ કરીને ફોટા રજુ કરી શકાય છે. દુનિયાનાં આ છેડાથી સામેનાં છેડા સુધી વાત ચીત ફોટા સહિત જોય સાંભડી શકાય છે.

© RATILAL JOGIA

આ બધું પહેલાનાં માણસોએ કદાચ કાંઈ જોયું અનુભવ્યું નહી હોય. તેવોએ તો ફક્ત કિલાબંધી ને ભાલા તલવાર તોપોને બંધુકોથી જ જીવવાનું જીવ્યા હશે. **વિજળી** (લાઈટ) હતી નહી. એટલે **"બિજલી"**નામની નર્તકીથી મન ડોલાવત હશે. લાઈટ જાવાનો તો પ્રશ્ન જ ન હતો કારણ કે જે છે નહી તે જાઈજ કયાંથી છતાં અત્યારે કહેવાઈ છે કે તે જમાનાનાં માણસો સુખી હતાં. ખરી વાત છે, ત્યારનાં માણસોને ફિકર હતી નહી, ત્યારે માણસ જાત **"દિલસે"** જીવન વિતાવતા હતાં. અત્યારે **"દિમાગ"** થી જીવવા માટે દોડા દોડી હાંકલાં પળકારાને ખેંચા ખેચીમાંજ માણસોની જીંદગી પુરી થઈ જાઈ છે. કયારે કયાં કોને કેટલામો એટેક આવશે, તેનું કાંઈ નકકીજ નથી. છતાં સમયની સાથે તાલ મીલાવીને, જીવતાં શીખી લ્યે છે. તે મનુષ્ય ત્યારે ને અત્યારે સુખી જ છે. તે વખતે વરસાદ ખુબજ થતો. પાણી નો તો પ્રશ્ન હતો જ નહી. કહેવાતું કે આવો બેસો પાણી પીવો તે મફતમાં જ હતું. અત્યારે આ ત્રણેય મોંઘા લાગે છે. ત્યારનાં છોકરાવ છોકરીયું દશબાર વર્ષનાં થતાં ત્યાં સુધી કપડા પહેરતા નહી. છતાં કોઈ કોઈ બાળકો

કપડા પહેરાતાં તો તે ફક્ત ઉપરનું **''બાંડીયું''** નામનું **''શર્ટ''** પહેરતાં છોકરીયું પણ ફક્ત ઉપરનું લંબાઈમાં થોડું વધુ તેવું **''બાંડીયું''** જેવુજ ટોપ પહેરીને ગામનાં પાદરમાં ઓળ કોળાભાણી કે હું તુ તુ તુ કે છબો છબી રમતાં. આંધરો પાટો કે સંતાકુકળીથી સંતોષ માનવો પડતો રાત્રીનાં વખતે ચાંદની રાતમાં ગીત ગરબાને ભજન ગવાતા રાત્રે દશ વાગ્યેતો સોપો પડી જતો. ગામમાં એકાદ જગ્યા એજ ઘડીયાળ હોઈ એટલે કોઈ માજી તેનાં છોકરાને કહે કે અલ્યાં ''મનીયા'' જા તો ''રવજી'' બાપાની દુકાને જઈને પુછીયાવતો કે તમારી ''ઘડીયાળ'' માં કેટલાં વાગ્યાં છે. એટલે ''મનીયો'' રખડતો, રખડતો ''રવજી'' બાપાની દુકાને જઈને ત્યાં દુકાનનાં ઉંબરામાં ઉભો રહે બારસાંખ પકડીને ફક્ત ''બાંડીયું'' પહેર્યુ હોય ને ડાબા જમણાં હાથની બાંયુથી મોઢુને નાકનાં સેડા લુછી લુછી ને ''બાંયુ'' ખરાબ  કરી નાખી હોય. ત્યાં ''બાંયુ'' ઉપર ''માખીયું'' બણબણતીયું હોય, ત્યારે ''રવજી'' બાપાનું ધ્યાન પડે એટલે પૂછે. અલ્યા કેમ આવ્યો છે ત્યારે છોકરો કહે, કે દોડતો આવ્યો છે. પરંતુ શું કામ ?તો છોકરો કહે કે મારી ''માં'' એ પુછવ્યું છે કે તમારી ''ઘડીયાળ'' માં કેટલાં વાગ્યા છે. ત્યારે ''રવજી'' બાપા ઉંચી ડોક કરીને ''ઘડીયાળ'' સામું જોઇ રહેને મનમાં ને મનમાં ગણતરી કરીને કહે કે જા તારી માને કહે કે ''રવજી'' બાપાની ''ઘડીયાળ'' માં અત્યારે બાર વાગીને માથે બે થયા છે. એટલું સાંભળતાં ''મનીયો'' દોટ મુકે ને ઘેર આવીને એની ''મા'' ને કહે કે બાર ને માથે બે વાગ્યાં છે. ત્યારે ''મા'' ફક્ત માથું હલાવે ત્યારે મનીયો કહે કે ''મા'' બાર માથે બે એટલે કેટલાં ત્યારે જવાબ મલેકે ઈતો મને પણ ખબર નથી. બાર માથે ત્રણ વાગેને ત્યારે રોંઢો થયો કહેવાય. ત્યારે ''ચા'' ટાણું થાય પછી ઢોર માટે  ખાંણું તૈયાર કરવાનું પછી પાણી સેરડે માથે બેડું લઈને હાથ એકનો ઘુંઘટ ખેંચીને પાણી ભરવા જાવાનું પછી સંધ્યાં ટાણું થાય. એટલે ગામને ''ચોરે'' ઠાકર મંદિરે જાલર વાગે એટલે દિવે વાઈટું ચડીયું એમ કહેવાય. ત્યારે ઘેરઘેર દિવા ઘાસલેટનાં કે તેલનાં પેટે ને પછી ડુંગળીનાં ખારીયાં, જવાર બાજરી ના રોટલાં, વધુમાં કયાંક ખીચડી ને ઉપરથી દુધ, દહી, છાસ પછી વારું ટાણું એટલે કે સાંજનું ડીનર પછી વાસણ માંજી ને ઓટલે મીટીંગ જમાવવી. ગામ ગપાટાને નવ દશ રાત્રીનાં થતાં સૌ વિખરાય જાઈ સૌ કોઈ પોત પોતાનાં ખાટલે. વહેલું પડે સવાર, વહેલી સવારે વાસીદા ગોરસ પાણી ભરવા જાવાનું ઘંટીએ બેસીને દરણું દળવાં બેસવું. ત્યારે મીરાબાઈ કે નરશીમહેતાનાં ધોળ કે પ્રભાતીયા યા-કિર્તન ગાતા ગાતા **''જાગને જાદવા કૃષ્ણાં ગોવાડીયા તુજ વિનાં ધેનું માં કોણજાસેં..''.** આમ સૌ સૌનાં પ્રમાણમાં, સૌ આનંદ વિભોર બનીને જીંદગી જીવતાં ગામનાં સારા માઠાં પ્રસંગે તેવો પોતાનો પ્રસંગ માનતાં લગ્ન હોયતો પણ ઘેલા ઘેલાં થઈ ને જાણે પોતાનો ઘરનો પ્રસંગ હોય તેમ ઉજવતાં. ગામમાં અકાળે કોઈ જુવાન બાઈ કે ભાયે વિદાય લીધી હોયતો કોઈ કરતાં કોઈને ઘેર ચુલો પેટે નહી. ગામ આખું ભેગું થાય ને આખા ગામમાં શોકનું માતમ શવાય જાઈ. શોક પળેને

© RATILAL TOGIA

સાથેને સાથે રહે જીવે.

આ બધું અત્યારે આ લેખનાં લેખક ને યાદ આવે છે. કારણ કે હમણાં ગયાં વિકમાં, પેપરમાં વાચ્યું કે વર્તુળકાર અઢાર ઈંચની પાઈપમાં ત્રણ વરસનો બાળક ફસાય ગયો. તે બાળકને ઠાકોરજીયે ઘણાં કલાકો જીવંત રાખ્યો. પરંતુ કુદરત સામે માણસ વામણો પુરવાર થયો. બાળકને બચાવી શકાયો નહી. તે બધું ઈશ્વર ઈચ્છા એ માની લેવું રહ્યું. પરંતુઆ લેખકને નાનપણમાં જે અનુભવ થયો છે. તે અત્યારે યાદ આપે છે. જે યાદ આવતાં જ ધ્રુજારી છુટી જાઇ છે. શરીરમાં પસીનો ફરી વડે છે. કુદરત કુદરતનું કામ કરે છે. મારવાવાળા કરતાં બચાવવાવાળો મોટો છે. આ લેખનાં લેખક ત્યારે હશે માંડ દશેક વરસનાં, સ્કુલમાં ચડી બાંડીયું પહેરીને ઉઘાડે પગે જાતાં ત્યારે ચોમાસાનો ટાઇમ શ્રાવણ મહિનો ચાલે, વરસાદનાં ફોરા પડે ગમે ત્યારે પડે જેનું કાંઇ નકકી નહી. ઉપરવાસ વરસાદ થાય તો નદીમાં પાણી પુર આવે તેને જોવા માટે ગામ આખું ભેગુ થાય. જોવા આવેને નદી બન્ને કાંઠે છલકાઈને ધસમસતી હોય તે જોઈને ગામ આખું ખુશી ખુશી થાય. તે ટાઈમની વાત, સ્કુલ માસ્તર સામે બે **''આંગળી''** ઉંચી કરીને હું ઉભો રહ્યો. ત્યારે માસ્તરે મારી સામું જોઈને કહ્યુ. સ્કુલે આવતાં પહેલા બધું પતાવીને આવતાં શીખીજા હવે તું નાનકો નથી. ઠીક છે, જા જલદીથી પાછો આવજે ને સાંભળ વરસાદ આવેને તો કોક જાડ નીચે ઉભો રહી જાજે ભીંજાતો નહી. નહિતર શરદી થઈ જાશે. સાહેબો કેટલી બધી લાગણી બતાવતાં, અલ્યાં ''બાબુડયા'' આ ''રત્યાની'' સાથે જા સથવારો પુરાવવા તું મોટો છેં માટે ''રત્યાનું'' ધ્યાન રાખજે ને હું બાબુડીયા સાથે નદીએ ગયો. બાબુડીયો દુર ઉભો રહ્યો. હું ''આવડ''નાં જાડ પાછડ બેઠોને તરતજ વરસાદ ચાલુ થયો. ત્યારે ''બાબુડીયો'' દોડીને નિશાળ ને રસ્તે ભાગ્યો. મારા ચડી બાંડીયું ભીના થઈ ગયાં તે એક બાજુ મુકીને વિચાર્યા વગર નદીમાં ઠેકડો માર્યો. રાણા કંડોરણાના પાદરમાં ''મીણસાર'' નદી બે કાંઠે વહેતી હતી. ત્યાં કાંઠે કાંઠે અલગ અલગ નામ હતાં.જેવાંકે કારો ધુનો, કાટી ધુની, ધોબીઘાટ પાણી સેરડો કપડા ધોવાની છાયપરો. આમ ઘણું બધું કહેવાતું તેવી જાજર માન નદીમાં પાણીનો માપ કાઢ્યા વગર ધુબાકો માર્યો મીણસાર નદીનું પાણી ખુબજ તાણ ભરેલું છે. એટલે કે તાણ ભરેલું છે. દાખલા તરીકે આપણે રેલ્વેનાં ડબામાં બેઠા હોઈએ ને ફાસ્ટ ટ્રેન ચાલતી હોય ત્યારે બહાર બારીના આગળ હાથ રાખીયે જે દિશામાં ટ્રેન જાતી હોય તે સાઇડમાં હાથની હથેરી રાખીયે તો એટલાં જોસથી હવા લાગે કે હાથ ''ટેડો'' ત્રાંસો થઈ જાય તેમ આ નદીનાં પ્રવાહી પાણીમાં પગ નીચેથી રેત સરકી જાયં. ને પગ ટેડો ત્રાંસો થઈ જાઈ. એટલે આપણે આપણું બેલેન્સ જારવી શકીયે નહી. તે બાબતનો મને બીલકુલ ખ્યાલ હતો નહી. ઉપરથી વરસાદ ચાલું હતો ત્યારે નદીમા પાણી મંડ્યું વધવાં ત્યારે હું ગભરાય ગયો, કોઈ હિસાબે કાંઠે પહોચાય નહી. હવે શું કરવું ને હું મૈડો તણાવા ને ડુબકા ખાવા ત્યાં ભેખડને કાંઠે પથરો હતો. તેને મે પકડી લીધો. તે

© RATILAL JOGIA

ટાઈમે જ સામે કાંઠે ઉપર એક બહેન આવી ગયા. તેનીએ બુમ પાડી અલ્યાં તણાય જાઈશ. તેમ તેવો બોલ્યો ત્યાં તો હું મૈડો રોવા પાણીનાં બે ચાર ઘુટડા ભરાય ગયાં. મંડી ઉધરસ આવવાને મારા હાથથી પથરો મુકાઈ જવાની તૈયારી હતી. ત્યારે પેલાં બહેને પોતાનો સાડલો ખેચી કાઢીને એક છેડો પોતે પકશળી ને મને કહ્યું કે લે આ સાડલો બે હાથે પકડી લે. હું સાડલાને ખેંચું છું તું સાડલો મુકી ન દેતો નૈતર જાઈશ સોડનાં ભાવમાં માટે ગમે તે થાય તો પણ સાડલો મુકતો નહી. ને મેં સાડલો પકડીને ગળે વિંટાડયો. ત્યારે પેલા બહેને કપાળ કુટચ્યું. ને કહ્યું કે ગળે ટુંપો આવસે હાથથી પકડળી રાખને મે સાડલો પકડળી રાખ્યો. વરસાદ વધતો ચાલ્યો. સાથે નદીમાં પાણી પણ વધતું ચાલ્યું ત્યારે પેલા બેહન કે જલદી કર આવીજા. નહીતર, તારા ભેગી હું પણ તણાય જાઈશ ને મને કાંઠે આવતાં ઝડપથી તેનીએ મને પકડી લીધો. તેડી લીધો. ત્યારે હું ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. પેલાં બહેન પણ રડી પડયાં. ને મૈડા મને બકીયો ભરવા. હું પણ તેને બકીયું ભરવાં લાગ્યો. ને મે તેનાં વાસામાં બે ચાર મુઠીયું મારી યું ત્યારે તે બેને મને કીધું કે મારા પીટયા મને મારે છે. શા માટે મે તેને બચાવ્યો એટલે, ત્યારે મે રોતા રોતા કહ્યું કે મારી બાને આ વાત કરતા નહી. નૈતર તે મને મારશે, આટલાં ટાઈમમાં તો પેલા બહેનને ગોઠણ સુધી પાણી થઈ ગયું. તે બોલ્યા કે ભાગો જલદી. પાણી ઘોડા પુરે આવે છે. ત્યારે ગામનાં પાદરે હાકલાં પડકારાં થવા લાગ્યાં ભાગો ભાગો ત્યારે પેલા બહેન મને નાગોપુગો તેડીને ભાગ્યા તેનીએ તેનો સાડલો પણ એમ નેમ ગળે રાખીને ગામ તરફ દોડયાં. પેલી બાજુ માસ્તર ને મારી ફીકર થઈ માસ્તરને નદી, બાજુ મારી તપાસ કરવી. જોયે તેને બદલે તેવો અમારે ઘેર પહોંચ્યાં ને સમાચાર આપ્યાં મારી ''બા'' ને મારી ''બા'' મંડયાં માથું કુટવાને એટલી વારમાં પેલા બહેન મને તેડીને મારે ઘેર આવ્યા મને હેઠો મુકિને મંડયાં ધ્રુસકે ધ્રુસકે રોવા તે બીલકુલ નીખાલશથી રોવા લાગ્યા. કારણકે લાગણીથી તેનુ દિલ ભરાયું ગયેલું. માટે તે છુટે મોઢે મંડ્યા રડવાં મારી ''બા'' એ મને જોયને ફેરવીને બે થપાટ મને ચોડી દીધી ને કહ્યું કે મારા પીટ્યા તું નિશાળે ભણવા જાસ કે નદીને કાંઠે ''હંગવા'' હવે પછી ખબરદાર જો નિશાળેથી કયાંય ગયો છે. તો તારીવાત છે. ત્યારે જે બહેન મને બચાવ્યો હતો તેનીએ મને ગોદમાં લઈ લીધો. હું તેની ગોદમાં છુંપાય ગયો. તે બહેન વહાલથી મને માથે મોઢે વાંસે હાથ ફેરવવાં લાગ્યાને મારી બા ને કહ્યું કે મારવાવાળા કરતાં બચાવવાવાળો મોટો છે. હું નદીએ શું કામ ગઈ તે મને પણ સમજાતું નથી. માટે ભોળા મહાદેવનો ઉપકાર માનો કે બધાય આપડે બચી ગયાં. હાલમાં તે બહેન હોય કે ન હોય હૈયાત અગર હોય તો તેન મારા લાખ લાખ વંદન.

મારાં ''બા'' અત્યારે લગભગ એક સોહ વરસનાં છે. તેને પણ આવું બધું ખુબજ યાદ આવે છે. હાલમાં હું બહાર ગામ હતો. ત્યારે તેવોની તબીયત બગડી મને ફોન આવ્યો. રાત્રે એક વાગ્યે સવારની ફલાયટમાં આવી જાવ. ત્યારે અમો બન્ને માણસે તેવોની મરજી મુજબ

© RATILAL JOGIA

તેવોની પાંસે પહોચી ગયાં. તેવોનાં હુકમનું પાલન કર્યુ. મુંબઈ ગયા બાની બની શકે તેટલી સેવા કરી. ત્યારે તેવોને કુદરતી યાદ થયું કે આ વખતે દેશમાં વરસાદ ખુબજ થયો છે. મીણસાર નદીમાં પાણી ખુબજ આવ્યું હશે માટે હવે તું નદીને કાંઠે જાતો નહી. તને યાદ છે. તું ''તણાય'' જાત પાણીમાં તે તો પેલા કમળા કાકી ત્યાં પંહોચી ગયા તેનીએ તને બચાવી લીધો ને મેં તને બે થપાટ ઠોકી લીધી તે તને યાદ છે. ને માટે હવે નદીને નાવા નહી જાતો. હા, બા યાદ છે. તે કેમ ભુલાય

મારા બા હજી પણ મને નાનો કીકલો સમજે છે કારણ કે તેનો પોતાનો સમય થંભી ગયો લાગે છે. નૈતર અત્યારે હું સીનીયર સીટીઝન ની ઉમરે છું છતાં મને ભલવમણ કરે છે. કે તું નદીએ નહાવા નહી. જાતો વાહ પ્રભું વાહ પેલા છોકરાની વાત છાપામાં વાચી છે. તે હવે તું લેખ લખેતો લખજે કે છોડીયું તમારા છોકરાવનું ધ્યાન રાખજો. છોકરાવને એકલાં મુકીને રખડવાં જાત્યું નહી. નૈતર આવું બધું પલકવારમાં બની જાઈ. આવા બા ને કમળા કાકી ને વંદન હો જો કે અમોને માનવ સમાજમાં રહેતા શીખવાડચું.

મીણસાર નદીનું પાણી ખુબજ તાણ ભરેલું છે. તેમ ''ભાદર'' નદી નું પાણી સમથળ હોય છે કારણ કે ભાદર નદી ખુબજ દુરથી આવે છે. ને તેની ઉંડાય કરતાં પહોળાય વધુ હોય છે. માટે પાણીમાં તણાય જવાની શક્યતાં ઓછી રહે છે. તરતાં આવડતું હોય તો તરવૈયા આસાનીથી ભાદર નદી તરીને સામે કાંઠે પહોચી જાય છે. ત્યારે ''મીણસાર'' નદી ભલભલા તરવૈયાને ગોથા ખવડાવી દયે છે. મને યાદ છે અગાઉ ઘણા વર્ષો પહેલા ગામનાં ગોરબાપા એજ નદીમાં તણાય ગયેલા તેને અમો ગામને પાદર જોવા ગયેલાં. ભાદર નદીમાં પાણી પુર આવે એટલે કાંઠાર પ્રદેશ ઘેડ પ્રંથક છલકી જાય છે. બરાબર આ વખતે જ જો મણીસાર માં પાણી પુર આવેતો મીણસાર નદી જબરજસ્ત તાકાતથી પાણીનો ઠોંઠ મારીને ભાદર નદીને ઉભી રાખી દયે છે ને ભાદર નદીનાં પાણીની પહેલાજ મીણસાર નદીનું પાણી નવી બંદર ના દરીયામાં પહોચી જાઈ છે. ત્યારે ભાદર નદીનું પાણી ઠેઠ પોરબંદર ઓડદર થઈને છાંયાગામ ને છબ છબીયા કરાવે છે. ને પેલી બાજું ને સીમાડા ભીંજાવી ધ્યે છે ને પેલી બાજુ બાંટવા પાજોદ નો ખારો પાટ પાણીથી છલકાવી ધ્યે છે. ચારે બાજુ જળ બંબાકાર થઈ જાઈ છે.ઘેડ પ્રદેશને ખુબજ લાભ થાય છે. કારણ કે મોસમ સારી થાય છે. મીણસાર નદીનું પાણી છલકાંતું હોય ત્યારે ભાદર નદી ઘેડ પ્રદેશનાં સીમાડા ભીંજવતી. પહોળી થઈને ઉભી રહી જાય છે. મીણસાર નદી ધીમી પડે પછી જ ભાદરનાં પાણી વહે છે એટલે જ કહેવાય છે કે મીણસાર ની ''ઠોઠ'' ભાદરને ભારી પડી જાય છે. આ વાત માણસને પણ લાગું પડે છે.

અમુક માણસો પાણીદાર હોય છે. તો તેની **''ઠોઠ''** ભાદર જેવા પાણીવાળાને ભારીપડી જાઈ છે. વાઈડાયમાં વહેતા લોકોને શાન ભાન કરાવી ધ્યે છે. પરંતુ માણસ જાત પોતાની તંગડી ઉંચી રાખવા જીવે છે. તેવો ભુલ કબુલ કરતા નથી. ઉલટાના ચોર કોટવાલ દંડે

તેમ પોતાના દિકરા દિકરીયુને ચડાવી મારેને છેલ્લે જુવાન હૈયાવોને મા બાપોજ છુટા પાડી ધ્યે છે. પછી માણસની ''ઠોઠ'' લાગ્યાનો અનુભવ થાય પરંતુ સમય વહી ગયો હો ય પછી પસ્તાવો કર્યો તો પણ શુંને ન કર્યો તોય શું કવી દલપત રામ કહે છે.

**''ગજબ હાથે ગુજારીને પછી**
**કાશી ગયા થી શું''**
**''સુકાયા મોલ સૃષ્ટીનાં પછી**
**વર્ષો થયેથી શું''**
**''ભુલી ગયા ભલમન શાયને પછી**
**રાડયો પાડીથી શું''**
**''ન દિલથી વિચાર્યુ પછી**
**દિમાગ ચલાગ્યાથી શું''**

''ગંગા સ્નાને - ગંગા નદીનું સ્નાન કરવાથી''
''જમુના પાને - જમના નદીનું પાન કરવાથી''
''નર્મદા નામે - નર્મદા નદીનું નામ સ્મરણથી''
''તાપી દર્શને- તાપી નદીના દર્શન કરવાથી''

સઘળું પુણ્ય સરખું લેખાય છે. શ્રી યમુના મહારાણી ને તાપી નદી સુર્ય પુત્રી લેખાય છે. એમ આપણાં ધાર્મીક વિચારોવાળા કહે છે. જે હોય તે ફક્ત એટલું શીખીએ કે ''કરભલા હોગા ભલા''

RATILAL JOGIA

ભાગવત વાણી

જન્મ, મરણ, બુધ્ધી, ક્ષમા, જ્ઞાન, સત્ય, વ્યાકુળતા, દમ, સમ, સુખ, દુઃખ, ઉત્પતી, નાશ, ભય, અભય, અહિંસા, મમતાં, તૃપ્તિ, તપ, દાન, યશ, અપયશ, સઘળું, ઈશ્વર, ઈચ્છાને આધીન છે.

**''રૂગવેદમાં, આત્માને પ્રજ્ઞાન બ્રહ્મ''**
**''યજુર્વેદમાં, આત્માને આત્મ બ્રહ્મ''**
**''સામવેદમાં આત્માને તત્વ મસી''**
**''અથર્વેદમાં આત્માને અહમ બ્રહ્માંસ્મિ કહેવાય છે.''**

ખાસ નોંધ :- જે પાઈપમાં પેલા બાળકે સમાધી લીધી તેના આત્માને શાંતી મળે તોવી ઠાકોરજી ને પ્રાથનાં કરીએ.

દ્વારકાધીશ કી જય.

# ૫૩ છે કોઇ ઝવેરી ?

છુ ઉ ઉ ઉ ઉ ઉ ઉ ઉ.....શું થયું ? શું થયું ? કાંઇ નથી થયું ફક્ત પંચર પડ્યું છે. બાપ રે હું તો ડરી જ ગઇ. ના ડરવાનું કોઇ કારણ નથી. પંચર તો ગમે ત્યાં ને ગમે ત્યારે પડે માટે શાંતિ રાખો. ડ્રાયવર ફટાફટ સ્પેર વ્હીલ બદલી ને આગળ ચાલો. શેઠ સ્પેર વ્હીલ ઉપર બહુ ભરોસો રાખી શકાય એમ નથી. કેમ ? કેમ શું વાંધો છે. સ્પેર વ્હીલ મારા મતે બરાબર નથી. તો તારે પહેલા કહેવું જોઇએ ને સોરી શેઠ ભુલ થઇ ગઇ. ઠીક છે. બદલી તો કરો ને ડ્રાયવરે સ્પેર વ્હીલ બદલ્યુ. આટલામાં ક્યાંય પંચર સાંધે છે તે તપાસ કર શેઠ બે કીલોમીટર પછી પંચરવાળો મલશે. ને તે ગામની ભાગોળે કોઇ મહાત્મા પ્રવચન આપે છે. ત્યાં તમો બેસજો એટલી વખતમાં હું પંચર કરાવીને તમોને બોલાવીસ. બહુ સમજુ ડ્રાયવર છે. હા છે તો સમજુ ને સારો. ઠીક છે. ધીરે ધીરે ગાડી ચલાવીને આગળ વધો. શેઠ પંચર પડે તો બે ફુટમાં પણ પડે ને ન પડે તો બસો કીલોમીટરમાં પણ નહી પડે. એ તો ખરું. પરંતુ ઠાકોરજી ઉપર ભરોસો રાખીને ગાડી ચલાવો. બોલો દ્વારકાધીશકી જય. ને અમો ગાડી પંચરવાળાના ગેરેજ ઉપર લઇ ગયા. ત્યાં પહોંચ્યા પછી ખબર પડી કે પંચર સાંધવાવાળો જમવા ગયો છે. કલાકેક પછી આવશે, થયું ઠાકોરજી જે કરે તે ભલા માટેજ હોય છે. ચાલો જે થયું તે સારું જ થયું છે. ડ્રાયવરતું આટલામાં કોઇ હોટલ ગોતી ને જમી લે, અમો પ્રવચન સાંભડવા જાઇએ છીએ, ગાડી તૈયાર થતાં તુરતજ અમોને બોલાવવા આવજે. ભલે શેઠ આપ ચીંતા કરો નહી. ગાડી તૈયાર થતાં તુરતજ આપને બોલાવવા આવીસ.

આમ અનાયાસે પ્રવચર સાંભળવાનો યોગ પ્રાપ્ત થયો. પ્રવચન મંડપમાં પ્રવેશી થાંભલાને ટેકે બેઠા. પ્રવચન ચાલુ જ હતું. .....

અમે પારસમણી છીયે. પરંતુ તમો લોખંડ શા માટે નથી બનતા, અગર તમો લોખંડ બનીને પછી અમોને ટચથાઓ તો તમો પણ સુવર્ણ માં પલટાઇ જશો. પરંતુ તમારે લોખંડ બનવું નથી. તમારે તો કથીર થઇને ભટક્યા કરવું છે. કથીર પણ કેવું જે ભેળ સેળવાળું કલય, શીશું ને જસત ની સાથે દોસ્તી કરીને તમોએ તમારી અસલીયત ખોઇ દીધી છે. ઓરીજનલ

© RATILAL JOGIA

કથીર પણ હવે તમો રહયા નથી. હવે તમારો ઉપયોગ કાંટે જોખવામાં વાસણનો ‘‘ધડો’’ કરવામાં થાય છે. તે સીવાય બીજા કશા કામનાં તમો નથી. કારણકે તમોએ તમારી જાત અભડાવી છે. ને ઓરીજનલ પણું ખોય નાખ્યું છે. તમો અત્યારે ઓરીજનલ કથીર રહયા હોત તો હજુ ક્યારેક કોક કામમા આવત. પરંતુ તે પણ તમો એ તમારું પોતા પણુ ગુમાવિ દીધું છે અને એટલે જ હવે તમો ધડો કરવાનાં ઉપયોગમાં આવો છો. શુક્ર ગુજર કરો તમારા ઈષ્ટ દેવનાં કે છેલ્લે છેલ્લે આટલો પણ તમારો ઉપયોગ થાય છે, કારણ કે ઈષ્ટદેવ ખુબ જ દયાલુ ને કૃપાળુ છે. જેથી, ‘ભાલું’ ભોંકવાની સજા તમોને કરવાને બદલે ફકત ‘સોય’ ભોકીને જ સંતોષ માની લીધો ને તમોને છોડી મુક્યા છે.

આજના આ કોમ્પ્યુટર યુગમાં ‘ધડો’ કરવો તે કદાચ ન્યુ જનરેશન ને ખબર નહિ હોય માટે ચોખવટ કરું છું કે જ્યારે ‘ઈલેક્ટ્રોનિક સ્કેલ’ વજન કરવાના કાંટા હતા નહી ત્યારે કોઈ ગ્રાહક તપેલી લઈને તેલ કે ગોળ લેવા કરીયાણાની દુકાને જાય ત્યારે એક છાબળામાં પથ્થર, લોખંડ ને વધઘટ માટે કથીર ના ટુકળા નાના મોટા મુકીને બન્ને છાબળા બરાબર કરે પછી જ તપેલીમાં ઘી, તેલ કે ગોળ શેર બે શેર નાખે આને ‘ધડો’ કહેવાય. આગળના વખતમાં જગડો થતો ત્યારે છુટથી બોલાતું કે... જા જા તારો ધડો કોઈ કરતાં કોઈ નહી કરે તારો પોતાનો પનો તો જો પુરા ત્રણ હાથનો પણ નથી. ને હાલી શું નિકળ્યો છે અમોને સમજાવવા ને પછી આટલાથી ન અટકે તો ગાળા ગાળી ને પછી મારા મારી સુધી વાત પહોંચતિ.

હવે મુળ વાત જો લોખંડ બનીયે તો પારસમણીને અડતાં જ એ લોખંડ સુવર્ણમાં ફેવવાઈ જાઈ ને સુવર્ણ તો સુવર્ણ જ છે. ધરતીનાં કોઈ પણ ભાગે તે અમુલ્ય લેખાય છે. પરંતુ અમુક માણસોને કથીર તરીકે જ નામના કાઢવી છે. ભલે પછી ધડો કરવાના ઉપયોગમાં લેવાય, ભઈ પડચા તોય તંગડી ઉંચી રાખીને વટથી વાત કરે કે અમારા વગર તમારો ધડો થાય નહી હો ને વાત પણ ખરી છે ગમે તેવો મોટો કારોબાર હોય તેને સેક્રેટરી ન આવે તો ચાલે પરંતુ પ્યુનની ગેરહાજરી ચાલે નહી, કારણ કે સાફ સફાઈ વગર ઓફીસમાં બેસી શકાય નહી. માટે સેક્રેટરી કરતાં પ્યુનની ગરજ વધુ રાખવી પડે ને માટે જ પ્યુન ઉંચા કોલર રાખીને વટથી જાળુ મારતો હોય ને ફાઈલો ઉલટા સુલટી કરતો હોય, તેમજ આ કથીર ના ટુકડા પણ વટથી ધડો કરવા માટે કાંટાના છાબળામાં ધડાકા બંધ પછડાતા હોય ને માથાનો દુઃખાવો થાય તેવા અવાજ છબળામાંથી ઉતપન્ન થતા હોય, છતાં આ કથીર ના ટૂકડા જાણે હસતા રમતા હોય તેમજ જોવાવાળાને લાગે જ તેમ આ સમાજમાં કથીરીયા માણસોની કમી નથી. (કોઈની અટક સરનેમ કથીરીયા હોય તો તે લોકો માફ કરે.) પછી ભલે ભેંસ ભાગોળે ને છાશ વાગોળે પરંતુ કથીરીયા ફુલાય ને ફાળકો થઈને ફરતાજ હોય ને જાણે જગત આખાને સુધરવા માટે જ પોતે અવતાર લીધો હોય. તેમ જેને ને તેને ઉપદેશ આપી આપીને જાણે પોતે જ એકલા ન્યાલ થઈ

© RATILAL JOGIA

ગયા છે. તેમ મન મનાવતા હોય છે. તેવોને ખુદને ખબર નથી કે જગત આખાને સુધારવા જવાની જરૂર નથી. ફક્ત આપણે એકલા એ જ સુધરવાની જરૂર છે. જેથી જગતમાંથી એક આદમી સુધર્યો કહેવાય. પરંતુ આ તો સુધારવા જાતા કપાય ગયું માનીને શીરો પુરી ને જલેબીની આશા રાખીને ઠેર ઠેર ભટકતી જીંદગી જીવવામાંજ પોતાની ઉંમર વિતાડી દયે ને છેલ્લે બધું જ હારી ગયા હોય છતાં ખ્યાલ સુદ્ધા ન રહે કે મારી પાછળ મારી પ્રજા એ મારા મકાનની આગળ કેટલા ઓટલા વાર્યા હતા. તે બધાય ઓટલા ડીમોલેશન દેવનું થયું ને ઓટલા વારવાવારાનાં જ ઓટલા વરી ગયા. રહેવાનું ઘર ને બીજનેશ ટર્મીનલ બધું જ ચાલ્યુ ગયું છતાં પોતે તો કથીરનો કથીર જ રહયો. હસવામાંથી ફકવું થાય તેમ જીંદગીની બાજી હારી ગયા છતાં અમે પણ કાંઈ કમ નથી. હો તેમ મન મનાવીને ધરાર મોટા ભા થઈને જીવવાનું ચાલુ રાખીને સાથે સાથે અવળચંડો ઉપદેશ આપ્યેજ રાખવો, શેંન્ટ પરસેન્ટ કાંઈ નીર્ણય લેવો જ નહી હોતી હે ચલતી હે માંજ બધુ ખોવાય જાય છતાં અકલનું તાળુ ખુલે જ નહી. એક પીકચરનું ગીત છે......

**'ખઈકે પાન બનારસ વાળા,**
**ખુલ જાયે, બંધ અક્કલ કા તાલા.....**

પરંતુ તાળુ ખુલ્યા પછી પણ બ્રેન યુનીટ માં અકલનું પડીકું હોય તો કામ થાય ને !!!! પરંતુ હિંમત હારે તે બીજા. બજાર માં ફરતા ફરતા કોઈને 'હિરો' (ડાયમંડ) મલી જાઈને પછી કાછીયા (શાકભાજીવાલા) પાસે જઈને કહે કે લે આ ચળકતો નગીનો ને તેની સામે મને આજે એક ટાઈમનું શાકભાજી દે તો કાછીયો કહે કે જા જા આનું તે કાંઈ શાકભાજી આવે ખરું. રોકડા લય આવ રોકડા આ હીરા ની કિંમત તો ફક્ત જવેરી જ જાણતો હોય કાછીયા નહી. માટે છે કોઈ જવેરી જે પારસમણીને પારખી લ્યે ને કથીરને છોડી દયે. પરંતુ આ આશા રાખવી વધુ પડતી લાગે છે કારણકે ઓરીજીનલ પારસમણી ને પારખવાવાળા જવેરી પણ મલવા મુશ્કેલ છે. જેમ ઘાંસની ગંજીમાંથી સોય ગોતવી મુશ્કેલ છે. તેમજ આશા અમર છે.

'આશા અમર છે, તેની આરાધના કદાપી નિષ્ફળ જાતી નથી.' (પૂજ્ય મહારત્મા ગાંધીજી) ક્યાંક ક્યારેક તો જવેરી જાગશેને પારાણમાણીને મલશે જ પરંતુ ત્યારે આપણે લોખંડ બનીશું ખરા કે પછી કથીરનાં કથીરીયાજ રહેશું. આપ સૌનો શું વિચાર છે. કે પછી વિચારે તે બીજા. અમો નહી સુધરીયે. અમો તો અમોજ છીયે, હા ભઈ હા તમો તો તમેજ છો, દેવના દીધેલા તમો ભલે અમોને જે સમજો તે પરંતુ ધડો કર્યા વગરનું જે કાંઈ તોલ માપ થાય તે નુકશાની માંજ જાઈ માટે કથીર તો કથીર છીએ અમો 'સવાયા ભલે પછી વગોવાયા'.

જે લોકો આસુરી છે, તેઓ જાણતા નથી કે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. તેઓમાં નથી પવિત્રતા નથી ઉચીત આચરણ કે નથી સત્ય જોવા મલતું. (ભા. ગીતા. આધ્યાય ૧૬ શ્લોક ૯) જ્યારે બફેલો (ભેંસ) ગોબરને પોદળો કરે તેમાં 'કીંગો' નામનું જંતુ થાય તે

© RATILAL JOGIA

પોદળામાં ગળગોઠીયા ખાય નાચે કુદે ને એટલુ મસ્ત રહે કે જાણે આ કીંગા ના જીવ ને સ્વર્ગ મલી ગયુ હોય તેમ માનીને આનંદ કરતું હોય, તે કીંગાને નવળાવી ને કોઈ સુગંધી ફુલ પુષ્પ ઉપર બેસાડો તો તે ફુલની સુગંધથી જ 'કીંગો' બેશુધ્ધ થઈ જાય કારણકે સુગંધ જ કીંગાને જેર બનીને મારી નાખે તેને તો દુર્ગંધ જ જીવવા માખે કાફી છે. તેમ કથીરીયા માણસોને પણ આવાજ સમજવા રહયા. તેઓ કદી સુવર્ણ કે રજત તો નહી બને પરંતુ લોખંડ પણ બની શકશે નહી. બલ્કે બનવું જ નથી કારણકે જો લોખંડ બને ને કદાચ કોક પારસમણી ટચ થઈ જાય તો, ત્યારે સુવર્ણમાં પરીવર્તનપ થવાય જાય તો તેને સુવર્ણ બન્યા પછી ગુંગળામણ થશે. પેલા પોદળાનાં કીંગાની જેમ જ માટે લોખંડ બનીને સુવર્ણ થવું નથી. સુવર્ણ બન્યા પછી જવેરી મલે તો છુપાય જાવું પડે પરંતુ સાવકારની એક નજર ને ચોરની નજર ચાર. એમ જ જવેરી આખરે સુવર્ણને ગોતી કાઢે છે ને તેની અમુલ્ય કિંમત આંકી બતાવે છે. પરતુ કહેવાઈ છે કે, 'ભણેલાતો ભાડે મલે છે, અભણનો કોઈ આરો વારો નથી.' ભણેલાની ચાર આંખો તો અભણની આંખો આંઠ સમજવી ભણેલો ભુલી જાય કારણકે ભુલી જવામાં મજા છે. પરંતુ અભણ ભુલી નહી જાય કારણકે તેઓને ભુલી જવું નથી અને એટલે જ તેઓ માફ કરી શકશે નહી.

(રામાયણ)......

**'નાવિની ઉતરાય, નાવિ ન લ્યે,**
**હું ગંગા પાર કરાવું**
**તમો મને ભવપાર કરાવો,**
**પ્રભુ આપણે ધંધાભાઈ'**

શેઠજી આપકો કોઈ આદમી બુલાતા હૈ, શેઠજી એ પાછુ વાળીને જોયું ડ્રાયવરે હાથના ઈશારાથી સમજાવ્યું. પ્રવચન છોડીને ગાડીમાં ગોઠવાય ગયા. શું આજ આવિજ જીંદગીની રફતાર છે.

**'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વીના' -પૂજ્ય મહાત્મા ગાંધી**

દ્વારકાધીશ કી જય

© RATILAL TOGIA

# ૫૪ વેકેશનના વળાં ( મણાં )

પડી પડી પડી કદીક રાડ પડી. કદીક તીરાડ પડી આજે ફક્ત ધાડ પડી. ત્યારે માભોમની હાકલ પડી. એક સોહ ભાણેજને ફક્ત એક જ જો હોઈ બ્રાહ્મર્ણને સામે બરાબર ‘‘પંદર’’ ધાળ પાડુવાળાં હોય. ત્યારેએ બધાનો જમવાનો ખર્ચ લગભગ સરખો ન જ હોય તો કાંઈ નહી. પરંતુ પુણ્યતો સરખું જ હશે એમ માનવું રહ્યું.

જમણવારમાં ‘‘લાડું’’ ને સગપણમાં ‘‘સાઢું’’ કયારેય પરવડે નહી કારણ કે બન્નેની સંગત મોંઘી પડી જાઈ. માટે તે આ બન્નેથી બને એટલું દુર રહેવામાં જ મજા છે. નૈતર ‘‘સાળી’’ જે ‘‘આધી’’ ઘરવાડી કહેવાઇ છે. તે ચુનો લગાવીને તમોને ફોલી ખાય ને ‘‘સાઢું’’ ને કાયમનાં ‘‘ઘી કેળાં’’ માટે સમજુને શાણાં લોકો તેને જ સમજવા જે આ સબંધથી દુર રહીને તાબોટા પાડ્યા રાખે શું. ?

‘‘લાડુનું’’ પણ તેમજ સમજવું. જે પારકા ભાણામાં હંમેશા મોટો લાગે બીજાને ઘેર જાઇને આફરો ચડે એટલાં ‘‘લાડું’’ ધરબી ધ્યે. પછીની હાલત અંહિયા લખી શકાય નહી. છતાંય ઘણાં વિરલાં એવા હોય છે. જે ‘‘સાળી’’ એ કરેલ ગાળીયો ગળે લગાડીને સુડીએ ચડીને ‘‘શહીદી’’ વહોરી લ્યે છે. તેવા ‘‘શહીદોને’’ ‘‘સલામ’’.

ઘડી ઘડી મેરા દિલ ધડકે, હાય ધડકે, કયું ધડકે, કૈસે ધડકે, ઘડી ઘડી બે ઘડી એક ઘડી, આધી ઘડી, આધીમે પૂન, આધ તુલસી સંગત સંતનકી કરે કોટી કોટી કલ્યાણ.

**‘‘કાલ કરતાં આજ કરો  આજ કરતાં અબ’’**

છતાં, ટીક ટીક જેનું ચોવિસે કલાક ચાલું રહે છે. તેવી ઘડી સાથે લગાવ થઇ જાય છે. વર્ષો થયાં એકજ ઘડી કાંડે બાંધી હોયને પછી બહાર ગામ ગયાં હોય. ત્યાં દર બે ત્રણ કલાકે કાંટા ફેરવીને ટાઇમ મેળવતાં હોયે. છતાં કેતા ફરીયે કે મારી ઘડીયાલમાં એક સેકન્ડનો પણ ફરક પડે નહી. ત્યારે બાજુવાળો કહે કે હા મને ખબર છે. ત્યારે આપણે ચૌંકી જયેને પુછી બેસીએ કે તને, તને કેમ ખબર પડી, લે મને ત્યારે બાજુવાળા કહે કે મને કેમ ખબરપડી લે, મેં, વળી છાપામાં વાંચ્યું હતું કે ‘‘છગનભાઈ’’ ની ઘડીયાળમાં એક સેકન્ડનો ફરક પડે નહિ. ફક્ત ફરક

પડે છે તો કલાક બે કલાકનો જ ખરૂ કે નહી. એટલે તું ઘડી ઘડી (વારેવારે) ટાઈમ મેળવતો હોય છે. જા, જા ખોટાળા મારી પાસે આ મારૂ ઘડીયાલ પંદર વરસ થયા છે. કયારેય રીપેરીંગ કરાવ્યું જ નથી. હા તે પણ મને ખબર છે. પેલો ઘડીવાળ રીપેરીંગ કરવાવાળો કહેતો હતો કે આ ઘડીયાલ હવે રીપેરીંગ થાય તેમજ નથી. માટે તે રીપેરીંગ કરાવ્યું જ નથી. ખરૂ કે નહી. જા જા તારા જેવા જીદ્દી ને અણસમજુ માણસને શું કહેવું. કાંઈ નહી ફક્ત ઘડીયાળનો પોરસ છોડી દો ને ઘડીયાલ કુવામાં સમાધી કરાવીને અમુક રૂપિયામાં નવું ઘડીયાલ મળે છે. તે ખરીદી લે એટલે નાહક નો બબાલ થાય નહી. સમજ્યો, હે-હે-હે.

ઓધડ ભણાવે ઉંઠા

(૧) એક ઉંઠાએ ભણો ભાભી ઉંઠું.
(૨) બે ઉઠાએ ભાભીએ માર્યુ પુઠું.
(૩) ત્રણ ઉંઠાએ ભાભી બોલી જુઠું.
(૪) ચાર ઉંઠાએ ભાભી ખાય મીઠું મીઠું.
(૫) પાંચ ઉંઠાએ ભાભીએ ન આપ્યું કોઠું.
(૬) છ ઉંઠાએ ભાઈએ કરીલાલ આંખે દિઠું.
(૭) સાત ઉંઠાએ સાસુમાને બનાવ્યાં પીઠું.
(૮) આઠ ઉંઠાએ સસરા પાસે કરાવી વેઠું.
(૯) નવ ઉંઠાએ પૈડો ભૈઈલો ભોઠું.
(૧૦) દશ ઉંઠાએ ભાભી હવે કરો બસને ફેકી ધ્યો પુઠું.

સુનો ભાભી ઓધળ ભણાવે ઉંઠું. (એક ઉંઠુ બરાબર સાળા ત્રણનું કોષ્ટક) ઓધડ કહે. સુનો ભાભી તમોને મારી સંગાથે ન જ મેળ પડતો હોય તો મારૂ ઘર શા માટે માંડયું. દિયર વટું કરવાનો હક મે નિભાવ્યો છે. બીજુ કાંઈ નહી. સમજ્યા દિયર ઓધડ. પરંતુ સમાજમાં જુવાન જોઈએ. ગંગા સ્વરૂપ થાઈને પછી ખુણો પાળીને બેસી રહે તેવી જીંદગી કેમ વિતાવી તેનાં કરતાતો દિયર વટું શું ખોટું છે. સમય જાતાં બહારનાં માણસો ગેરલાભ લ્યે ને આપણી બહેનો દિકરીયોનો ઉપયોગને ઉપભોગ કરે તેના કરતાં દિયર વટું જરાય ખોટું તો નથી જ. ભાભી માટે આપણે આ પગલું દિયર વટુંનું ભર્યુ છે. તે ચાર દિવસ સમાજ આંગળી ચીંધસે પછી પછી સંધુય ભુલાય જશે ને સૌ સારૂ થઈ રહેશે. માટે ભાભી તું પલળીજા ને માની જા સુખેથી રહેને રહેવા દો એટલે હાંઉ પરંતુ ‘‘ઓધળ’’ ભા તમો સમજતા કેમ નથી કે ‘‘જ્ઞાતીમાં’’ હું શું મોઢું બતાવીશ આમાં મોઢું બતાવવામાં કાંઈ સમાજને ફરક પડતો નથી. ફરક પડે છે. આપણા સગા વહાલાને આડોશ પાડોશને તે લોકોને હું સાચવિ લઈશ. પરંતુ જતે દહાળે તું પારકા કામ કરવા જા તારા બેઈ બાળકો નિરાધારને ઓશીયાળા તરીકે ન બાપીયા થઈને મોટા થતાં થતાં મહેણાં ટોણાં

© RATILAL JOGIA

ખાયને ઉછરે તે મારાથી નહી જોવાઈ. માટે ભાભી આ છોકરાનો તો વિચાર કર. છોકરાવનાં ભવિષ્યનું શું સાથે સાથે આ તારી જુવાનીનો પણ ખ્યાલ કર. હું મારી જુવાની તને અર્પણ કરું છું. પછી તું ભાભી શા માટે માનતી નથી. ઈજ મને તો સમજાતું નથી.

''જેને નથી લાજ'' ''તેને કાચું રાજ''

નમો શિવાય, નમો શિવાય નો અનર્થ કરીને ગુજરતનાં મુખ્ય પ્રધાનનાં નામને સાંકળી લેવું નહી ને કહેવું નહી કે અમો નમો શિવાય બીજાને ચાહીએ છીએ. માટે તે બીજાને મત આપીને ખુશી વ્યકાત કરીશું. નાનો હતો ત્યારે કેશવોને હવે ફીફટી પ્લસ થયો. ત્યારે કેશુબાપા અમારા હતાં. હજી છે ને કાયમ રહેશે. તેવી ડીંગ મરીને બળાઈ કરવી નહી. આપણે કોઈનાં હતાં નહી. ને છે નહી હસું પણ નહી. આપણે ફક્ત આપણે જ છીએ કારણ કે આપણે આપણી જાતને શાકાહારીમાં ખપાવીએ છીએ. અમુક લોકો મચ્છર ને કે માંકળને નહી માટે કારણ કે તેમ કરવાથી ''પાપ'' લાગે. પરંતુ માણસને મારશે તેમ આપણે ખાતા ખાતા ધરાવતાં નથી. આખે આખી બેંકો ની બેંકો ખાય જાયે છીએ ને કહીએ છીએ કે અમો ખાતા નથી. કારણ કે કાંદા, લસણ અમોને અગરાજ છે. અત્યારે ડોકટરો ને પુજારીયોનો ધંધો ધમધોકાર ચાલતો રહે છે. તેમ આપણને શું નથી લાગતું ? ખરેખર તો આપણે લેટ થયાને મોડા જાગ્યાં. નહિતર આપણે પણ કયાંક ''સ્ટોનને'' ''સીંદોર'' લગાવીને બેસી જાવાનું ''મન'' રોકી શક્ત નહી. તેમ ઉંટ વૈદું પણ ચલાવી શક્ત. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન છે માનીને જે છે તે ઠીક જ છે. એમ મન મનાવીને ઠરી ઠામ થયાં છે ને પાપ કર્મમાંથી બચ્યાં છીયે. તે પણ એક વેપારી વૃતિથી વિષેસ કાંઇ નથી. તેમજ સમજવું રહ્યું. બીજુ શું

કયાંક વાંચેલું ફરીથી વાંચો.

ગાંધીજીના અમે રીકા વિસા, લેવાજાતા વિસા ન મળેતો તેને શું કહેવાઈ. એતો જે બીજનેશ કરતાં હોઈ. તેના નામ સાથે જોડી દેવાય દાખલાં તરીકે તમો સંગીતનાં ખાં હોય તો કહેવાઈ કે, સંગીત વિસા રદ.

એક પ્રાચીન ચીની કવિએ લખ્યું હતું. કે હજી સુખી કોઈ મનુષ્ય ''સુર્ય'' ને સાંકળ બાંધીને એની પરીક્રમાં રોકી શકયો નથી. તટસ્થ ઈતિહાસ નામની વસ્તું નથી. નિષ્પક્ષ, ઈતિહાસ નામની વસ્તું નથી. જીતેલી પ્રજા ઈતિહાસ લખે છે. હારેલી પ્રજા કવિતાં લખે છેં.

**''ભાગ્ય ખીલે તો લક્ષ્મી મળે**
**સૌભાગ્ય ખીલે તો ગુરૂ મળે''**

જયારે દિન પલટે છે. ત્યારે વહાલાં પણ વેરી થાય છે. દુઃખથી ડરે તે દીન દુઃખને ડરાવે તે વીર ભગવાનની મુર્તી આંખને ઠારે, ભગવાનની વાણી હૈયાને ઠારે, અને ભગવાનનું સ્મરણ મનને ઠારે.

© RATILAL JOGIA

સર્વેને ટુંકાગજથી માપવાની શું જરૂર અન્યને નાના ગણી મોટા થવાની શી જરૂર તારી રણગાડી અલગ પાડી શકે છે. તો પછી કોઇના પગલાની રેખા ભુસવાની શી જરૂર જીવનમાં મેળવો નીતીથી ભોગવો રીતીથી. આપો પ્રીતીથી ઘરમાં બધાના પ્રીતી પાત્ર બનવું એ એક મોટી સીધ્ધી છે.

**''પક્ષીમાં કાગડો, પસુમાં શિયાળ,**
**માણસમાં વાણંદ, ફુલવાળા માળીમાં માલણ''**

આ ચારેય ચતુર લેખાય છે. માલણનું પાત્ર તો સૌ કોઇએ જોયું. સાંભળ્યું હસે પહેલાના વખતમાં રાજા રજવાડામાં માલણનું પાત્ર ખુબીદાર લેખાતું. અગાઉ નાટક સીનેમાંની અંદર પણ માલણનું પાત્ર વણી લેવાતું જે ખુબીભર્યુ દિલદાર હોય છે.

કહેવાઇ છે કે ''મા'' હોયતો ''મામા'' એટલે કે ''મા'' પીયર જાઇ ત્યારે ભાણી ભાણીયાની ખુબજ ઇજત થતી હોઇ છે. કારણ કે ''મામા'' ની બહેનને ઓછું આવવું જોએ નહી. માટે તેમજ જો બાપુજી હૈયાત હોય ત્યાં લગી ભતીજી યા ભતીજાને જરાય ઓછું નહી. આવવા દે તે ''કાકા'' એટલે જ ''બાપા'' હોય ત્યાં લગી ''કાકા'' ભતીજી યા ભતીજા ને ખુબજ રૂડું મનાવે નાનો કાકો હોયતો તેને જોતાવેંત બાજી પડે ને તરત જ મંડે મીઠું મીઠું બોલવાને હરખ કરવાને કહે. ''કીકુ'' ભાઇને ફ્રુટ બહુજ ભાવે આ ભાવે કીકુ ભાઇને તે ભાવે બોલો આ ''કારેલું'' લેશું કે લીંબુ લેશું મારો ''કીકો'' કહેઇ લેઇશું ને આમ મસકા રામ બની જાઇ. ને ભાઇને ને ભાભીને રૂળુ મનાવે ને પોતે જાણે રામાયણનો ભરત થવા ધમપછાળા કરીને પણ પોતાનું નામ આગળ કરે પછી ભલેને નાક કપાવીને અપ સુકન કરાવવા પડે. પરંતુ પોતાની તંગડી ઉપર રાખે. તેમજ સસુરાલમાં અગર જો સાસુંમાં ન હોય તો કાંઇ નથી. સાસુંમાં હૈયાત હોય ત્યાં લગી ''જમાય રાજા'' ની સસુરાલમાં વેલ્યું સાસુમાં ગયાં (દેવલોક) બાત ગઇ રાત ગઇ સાસુ સ્વર્ગે. સીધાવ્યાં પછી સસુરાલમાં ''જમાયરાજા'' કોડીનાં સમજવાં ''જમાયરાજા'' નું સ્થાન મટીનેકુવાં થઇ જાઇને જ્યારે સસુરાલ જાય ત્યારે ''સાળા'' લોકો હાકલાં પળકારાં મંડે કરવાં.

છગનીયા ઓ છગનીયા. ત્યારે સામે ઘરે કચરો સુતાર લાકડાં ફાળતો હોય તે તેનાં ભેરૂ બંધનાં કાનમાં ફુંક મારે કે ''છગનીયા'' ''છગનીયા'' તો આને કેટલાં છોકરાં છે તે ગણ્યાં રાખે છે. શું એકેય છોકરૂ ભુલાય ગયું છે. ત્યારે ભેરૂબંધ કહે ના ભાઇ ના આ તો છોકરાનું નામ ''છગન'' છે. એટલે તેને ''છગનીયા'' કહીન બોલાવે છે. સમજ પડી હા પડી શું સમજ્યા કાંઇ નહી. છગનીયાં જા જલદી જા ને છગનીયો દોડે એટલે કે એલા ઉભોરે કયાં જાસ. ત્યારે છગન કહે કે હમણાં તો તમોએ કીધું કે જા એટલે હું દોડીયો પણ મુરખ શા માટે મેં જાવાનું કહ્યું તે તો પુછ હું હવે પુછુ. નાં જરાય જરૂર નથી. જા જલદી જા ''કાગળાની'' હોટેલ ઉપરથી એક સો

© RATILAL TOGIA

વણેલા ને બે કટીંગ લેતો આવ ને સાંભળ સાથે તળેલાં મરચાં ત્યારે છગનીયો કયે કે ‘‘વણેલાં’’ એટલે ગાંઠીયાં ને મરચાં ન હોય તો ત્યારે કહે જાને હવે ગયાં અઠવાડીએ મરચાં તળાતાં હતાં. તે મે મારી સગી આંખે જોયાં છે. તો હજી પડેલાં હસે, કે જે ‘‘કાગડાને’’ કે ગયે અઠવાડીએ મરચાં તમોએ તળેલાં હતાં તે મારા બાપાએ જોયેલાં છે. માટે મને તે આપો જ અને સાંભળ જલદી જલદી આવજે. ‘‘ફુવાને’’ મોળુ થાઈ છે. સમજ્યો આમ ફુવાને રોકાવું હોય તો પણ ફુવાનો જાવનો રસ્તો જલદી જલદી કરી ધ્યે. એક સોહ ગ્રામ ‘‘વણેલાં’’ ને બે કટીંગ ને અઠવાડીયા પેલાનાં તાજા તળેલાં મરચાં થી ત્યારે જો સાસુંમાં  હૈયાત હોય તો તો-તે વાતજ જુદી હોય. સાસુમાંનો હરખ સમાય નહી. આજે તેનાં ‘‘જમાયરાજા’’ આવ્યાં છે. જમવા માટે રોકાવું જોસે જ ને ના છુટકે સાસુમાંને રાજી રાખવાં રોકાવું પડે. ત્યારે જમતાં હોય ત્યારે સાળા સાહેબ ફટકો મારેને બોલેકે ‘‘જમજો’’ છગનીયો હમણાં તમારા માટે પાન બંધાવીને આવતો જ હસે માટે ઉતાવળ કરસો નહી. શું તમો તો ‘‘જમજો’’ (સમજ્યાં) ને ઘરવાળીનો પ્રેમતો જગ જાહેર છે. ધણી પૈસા ટકા કમાતો હોય ત્યારે તો પુછવું જ શું ને તેમાં જો એકાદુ બાળક હોય. એટલે તો જાણે સંસારમાં હેલી ચડી હોય. તેમ જુમવા મંડે બેઇ માણસ પરંતુ સમય વહી જાઇ. પાણીનાં રેલાની જેમ બાળકો મોટા થઇ જાઇ. ને તેને ઠેકાણે પાડવાનાં હોય ને ને પતિ નામનું પ્રાણી બીમાર પડે ને આવક બંધ થઇ જાઇ. છોકરી છોકરો માંડ માંડ નોકરીએ ચડયાં હોય ને માંડ પુરૂ થતું હોય. **ને પુત્ર પારખીએ પારણે સગુ પારખીએ સાંઇ ઘરની બૈરીને તયે પારખીયે ઘરમા ન હોઇ કાંઇ.**

પતી નામનું પ્રાણી પથારીમાં પડયાં પડયાં કણસતાં હોય. ત્યારે પતની મોઢું ફેરવી લ્યે તો નવાઇ નહી. છતાં પતી ઓસીયાળો થઇને પુછે. સાંભળ્યું અરે સાંભળ્યું, ચાર પાંચ વખત બુમો પડે ત્યારે પોતાનું જ ‘‘બૈરૂ’’ ‘‘સંપુર્ણખાતું’’ રૂપ ધરીને સામું આવીને કહે. બોલો શું છે. કયારનાં પડકારા કરો છોતી ત્યારે ‘‘પતીનામનું’’ ‘‘પ્રાણી’’ અંદરખાનેથી કહે કે મારૂ મન થયું છે. ‘‘પુડલાં’’ બનાવતો ‘‘ખાંઉ’’ ત્યારે પત્ની કહે કે ઘરમાં (બેસન) ચણાનો લોટ નથી. કયાંથી ‘‘પુડલાં’’ બનાવી દવ. પેલો વેપારી ઉધાર આપવાની નાં પાડે છે. ને હજી છોકરાંવનો પગર થયો નથી. તમોને તો બસ ખાટલામાં પડયાં પડયાં હુકમ કરવાં છે. ‘‘પુડલાં’’ બનાવો તો ખાઇયે. ‘‘પુડલાં’’ ખાવાને ‘‘ટૈળાકા’’ બોલાવવાં. (ટૈળાકા એટલે ‘‘વા’’ છુટ કરવો.) તમોને બીજી કાંઇ ફીકર થોળી છે.

કોઇ હસીને વિદાય થાય. કોઇ રડતાં રડતાં વિદાય થાય. પરંતુ કિંમત તો તેનાજ જીવનની કે જે કાંઇક બનીને વિદાય થાય. દુનીયામાં રૂપિયાદાર થવું સહેલું છે. પરંતુ ‘‘આબરૂદાર’’ થવું બહુજ મુશ્કેલ છે. જયારે કપળાની શોધ થઇને ‘‘માણસ’’ કપળા પહેરતાં શીખ્યો. પછી જ નગ્નતાનો ‘‘જન્મ’’ થયો.

## ''નગ્નતા નો ડોલ ફીલ''

શ્રી ક્રૃષ્ણાં શરમમંમઃ ક્રૃષ્ણાં વંદે જગત ગુરૂ

આહાર નિદ્રા ભય અને મૈથુનંશ્ય સામાન્યમ એતદ પશુભિઃ નરાણાં એટલે કે મનવો તેમજ પશું પક્ષીઓના જીવનમાં ચાર વસ્તુઓ સમાન છે. આહાર, નિદ્રા,ભય અને મૈથુન દાદીમાના વૈદા તરીકે ઓળખાતાં આપણાં દેશી ઉપચારોમાં એક સરસ દોહરો છે. વાચીને વિચાર જો ઉંધો સુવે તે અભોગીયો ચતો પાટ સુવે તે રોગી, ડાબે પડખે સુવે તે જોગી અહિ ઉંધા એટલે કે પેટ પર સુનારને અભાગીયો એટલા માટે કહ્યો છે કે જાણ્યે અજાણ્યે ઘણી બધી બીમારીને નોતરે છે. નોતરે છે. તેમા કરોડ રજુને કમરની બીમારી ખતરનાક છે. રોજ નિયમિત ચોકસ ટાઈમે સુઇ જવાની ટેવ આરોગ્ય માટે અંત્યંત અનીવાર્ય ગણાય છે. એ માટે દાદીમાં કહે છે કે રાત્રે વહેલાં સુઇને વહેલા ઉઠે જે વીર બળ-બુધ્ધિ-ધન બહું વધે સુખમાં રહે. શરીર જીવન મૃત્યું જરા વ્યાધી દરેક વિનાસને તળીએ આપણને અચુક જોવાં મલશેં. ''અહમ''

બોટલ એટલે ધનનો નાસ હોટેલ એટલે તનનો નાસ આ બન્નેનું ટોટલ એટલે જીવનનો નાસ.

જોણે મનને જીત્યું છે તેને માટે પરમાત્માં પ્રાત્ય થયેલાં જ છે. કારણ કે તેણે શાંતી પ્રાત્પ કરેલી છે. આવા પુરૂષ માટે સુખ-દુઃખ, ઠંડી-ગરમી અને માન-અપમાન એક સમાન છે. (ધ્યાન યોગ સ્લોક - ૭ ભગવતગીતાં)

આતત, ત્વાચ્ય, માતૃ ત્વાચ્ય, આત્માહી, પરમો હરીઃ ભગવાન જીવમાત્રનાં સ્ત્રોત હોવાથી માતા તથા પાલક કર્તા સમાન છે. જેવી રીતે માતા પોતાનાં બધાં પુત્ર-પુત્રી પ્રત્યે સમભાવ રાખે છે. તેમ પરમ પિતા માતા પણ રાખે છે. માટે પરમાત્માં હમેંશા પ્રત્યેક જીવમાં હોય છે. (ધ્યાનયોગ સ્લોક ૨૯ ભગવત ગીતા)

દરેક માણસ જાતમાં કાંઇને કાંઇ ખુબી હોઇ છે જ પરંતુજેમ કે મૃગને કયાં ખબર હોય છે કે કસ્તુરી તેનામાં છુપાયેલી છે. હે પાર્થ દંભ દર્ય અભિમાન ક્રોધ કઠોરતા અજ્ઞાન આ આસુરી પ્રકૃતિવાળા માાણસોનાન ગુણો છે. (અ-૧૬ સ્લોક ૪ ભગવતગીતાં)

જે લોકો આસુરી છે તેવો જાંણતા નથી કે શું કરવું જોઇએ અગર શું ન કરવું જોઇએ. તેવો માં નથી. પવિત્રતાં નથી. ઉચિત આચરણ કે નથી. સત્ય જોવા મળતું (અ-૧૬ સ્લોક ૭ ભગવતગીતા) ક્ષર, શાક્ષર, અક્ષર વહેતું જળ નિર્મળા **'અમરાની અમાસ''** ટ્રીની ન નનન, ટ્રીની ન નનન, ટ્રીની ન નનન એ ઉઠો આલ્યો રામ બોલશે. ઉઠો ઉઠો કવસું ઉઠો સાંભળો સો એહા ઉઠયો ઓલ્યા રામ તો બંધ કરુ. તમો ઉઠો પછી બંધ કરું ને લે હું હવે ઉઠેલ જ શું તું રહા મુકને ઘરનાં બધાને ઉઠાળ એ ભલે માણી કવી છાબરી ઉઠો સવાર પૈડું સે માણી તારા વરને કે ઉઠે ને કવિતું મોટાબાને ઉઠાળ સૌ જટ જટ જપાટા બંધ તૈયાર થાવ આજે અમાસ છે. બાજુનાં

RATILAL JOGIA

સેરમાં હટાણું કરવાં જાવું છે. આમ ઘરનાં બધા ઉઠીને પ્રાતકમ પતાવીને ફાટેલ નહી.પણ સાંધેલને ધોયેલ કપડામાં લપેટાઈને તૈયાર થઈ ને ઘર બારા નિકળ્યાં. ત્યારે ''અમતા'' લુહારે જોધા જમાઈને કહ્યું કે તમો મંડો હાલવાં મોળું થાઈસે હું ઘરનાં બારણાં ને તાળું મારીને આવું છે. માળી તમોને બવ નિંદર આવે છે. તો સુતુ રેવુંતીને નાહક સા સારૂ અમારા ભેગા આવસો એમ ''અમતા'' લુવારે તેની માને કહ્યું ત્યારે માળીએ કહ્યું કે ગગા હું તો ઉઠેલ જ છું. રાત આખી જાગતિ પડી રવશું, હું સુતી નથી તે મને ઉઠાળવી પડે તારીવઉ નિંદરાડી છે. તેને ખાવાનું ને ધોરવાનું બવ જોવે છે. તેને ઠપકા રને ગગા મને શું જોઈને કેસે ભલે માળી હવે તેને કઈસ પણ સામે શહેરમાં હાલીને દર મહિનાની અમાસે હટાણું કરવાં જાયેસે ત્યારે તમો ઘરે રેતા હોયતો. તમો હવે હાલીતો સગતા નથીને નાહક પાછડ હાલ્યા રાખોસો એટલે કવસું ગગા આ બધુ તારી વઉને કે સવાર સવારાં મારો જીવ સળગાવમાં નાહક કજીયો કરમાં ભલે માળી અરે જોધો જમાઈને માણી કયાં ઈતો આગળ હાલ્યાં જાઈ છે. એલી છોડીયું કવી છાબરી તમો પણ મંડો હાલવાં અમારે તો આની માને સથવારે હાલવું પડસે માટે તમો બંન્ને બનેવી હારે હાલો જાવ જોયે આમ દર મહિનાંની અમારે ''અમતો'' લુવાર રજા રાખેને બાજુનાં શેરમાં હટાણું કરવા જાઈ ત્યારે આખા ઘરનો કાફલો તેમાં હોય ગામની ઉભી બજાર ધમરોડતાં નિકળે એટલે ગામનાં માણસો મેણાંબોલે કે જાલર વાગીને લશ્કર નિકળ્યું. જરમર જાલાં છતાં જોધોને કે અમતા ને સસરા જમાઈને કાંઈ લાગે વળગે નહી. બાજુનાં સેરમાં જાઈ મીઠુ મરચું હરદર જુવાર ચોખા મગ અળદ ચણાં ખાંડ ચ્હા તેલ. તુરી ખરીદે ને બાજુની હોટલમાં જઈને જલેબી ગાંઠીયાં વળી સંભારને રસ ખાયને પસી મોટો ઓડકાર મેલેને આખા નાનકળા સેરની બજારમાં ફરે કોઈ બાજુમાંથી સાયકલવાળો નિકળેતો તેને ચોપડાવે દેખતો નથી. લાગી જાસે તો એટલું બોલતાં તો સાયકલ સવાર આગળ વયોગ્યો હોઈ. કોઈ રોડ પતી કુતરું ભસે તો તેને પથરો મારીને ભગાડેને આમ સંધ્યાં ટાણે ખંભેમાંથે પોટલુ લઈને શિસ્ત બધ લાઈનમાં ત્રણ દિકરીયો માળીને જમાઈને પોતે બે માણસ ગામની બજાર ચીરતાં આવી લાગે ત્યારે ગામનાં ચોરામાં જાલર ટાણું થયું હોઈ આવો નિત્યક્રમ દર અમાસે યોજાઈ. આ વાર્તને તેનાં પાત્રને સંપીલો કેવાય કે મુર્ખ તે વાચક વર્ગે નકી કરવાનું સેહો.

**''અગીયારસે અમુડો''**

ગધ્ધેકુ ભારદે, કુત્તેકુ મારદે, ઓર, અગીયારસ કે ઉપવાસ કરાદે, એ આવો બાપા આવો કયારે આવ્યાં. આવ્યો તો એક અઠવાડીયું થયું છે. તીમને ખબર કરી હોતતો હું તમોને લેવા આવત ને નાં જરૂર ન પડી એટલે તને કહ્યું નહી. આજ મન થયું કે હાલ અમુડાને મળતો આવું સારૂ કૈરુને હા હવે ઠંડુ પાણી ને કોફી પીવડાવ પછીવાતું કરીયે તારાબાપા દેવ થઈ ગયાં. પરંતુ પરદેશનો મામલો એટલે મોઢે થવાન આવી શકયાં. તારી બા કેમ છે. છોકરવ વઉ બધાં મજામાં

©
RATILAL TOGIA

છેનાં હોવે બધાં મજા કરે છે. ધંધા પાણી કેમ છે. બસ ચાલે છે. દાલરોટી મલી રહે છે. દાલરોટી તો ઠીક છે. પરંતુ કયારેક દુધપાક પુરીયુની જરૂર પડે ત્યારે તેનું શું તે નથી મલતું અહિ ગાડામાતો દાલરોટી પણ મલેતે ઘણું કેવાઇ શું ઠીક છે. લ્યોકોફી પ્યો. પાન ખાઓ હા લાઇટ પાન મંગાવ જે બારીક સોપારી નો ભુકો નખાવજે શું સમજ્યો. પછી દેશ પરદેશની વાતમાં સંધ્યા ટાણું થઇ ગયું. ત્યારે અમુડા એ પુછયું બાપા આજે અગીયારસ છે. તમો અગીયારસ કરો છો (રહો છો.) ના દિકરા હું ત્રણ ટાણાં ખાવ છું. ઉપવાસ એક ટાણાં નથી કરતો. સારૂ શાંતી જા ઘરે જાને તારી બાને કહે બાપા આવ્યાં છે. તેનાં માટે લાઇટ ખાવાનું બનાવજો મારે તો અગીયારસ છે. શું સમજી હા બધુંય સમજી તમારા માટે ફરાળ બાપા માટે ખાવાનું બરાબર ને હા બરાબર છોડી હોશીયાર છે. ભણવા જાઇ છે. હા ત્રીજા ધોરણમાં બે વરસ થયાં ભણે છે. અહિ ગામડામાં અમે જ શું જાલર ટાણું થતાં દુકાન વધાવીને અમુડો બાપાને લઇને ઘરે ગયો. અમુડાની વહું પગે લાગી લાજનો ધુમટો તાણીને પછી અમુડાની બાએ માથા ઉપર કપાળ ઢંકાય તેટલું આગળ ઓઢી અને જેશી કૃષ્ણાં કર્યાને તેનાં ઘરવાળાનું નામ લીધા વગર રોઇ લીધું. ત્યારે બાપાએ કહ્યું કે બનવા કાળ બન્યાજ રાખે છે. થોડી વાતું ચીતું કૈરા પછી હાથ મોઢું ધોઇને બાપાને જમવા બેસાડીયા નીચે ગાદલી ઢીંચણીયું પાણીનો કળસ્યોને બાજુમાં ટુવાલ નાનો આપીને બાપાનું ભાણું પીરસાણું ખીચડીને કાંદાના વધારીયાને છાસ પીરસાણાં સાથે ગરમ બાજરાનો રોટલો ગોળ ને ઘી બાપા અવાચક થઇ ગયાં. સામે અમુડા માટે તળેલી સીંગ બટાકાની સુકીભાજી ફરાળી કઢી સાબુદાણાનાંવાળા ખજુર ઘી તળેલા લીલા મરચાં સાકર ટેટીનાં ટુકળા દુધ સાથે કેળા રાજીગરાની પુરીયું જીરાવાળી છાસ દહીં ને એવું ઘણું બધું જાણે અણકોંટ ભર્યો હોય એમ લાગ્યું. ત્યારે બાપાએ જોરદાર નિહાકો નાખ્યો. કાસ હું પણ અગીયારસ રહ્યો છું. તેમ કીધું હોતતો મારા બાપનું શું જાત તતતત.

દ્વારકાધીશ કી જે.

© RATILAL JOGIA

# ૫૫ ‘‘ દામોદર ’’ જૈ....ના

કહેવાઈ છે કે હાથીનાં દાત ચાવવાના ને બતાવવાનાં જુદા હોય છે. તેમ હાથી માટે કહેવાઈ છે કે હાથીભાઈ ‘‘જીવતો’’ રહેતો લાખનો ને ‘‘ગુજરી’’ જાઈ ત્યારે સવા લાખનો જે હોઈ તે પરંતુ ‘‘દામોદર’’ ને આ વાત તેનાં મગજનનાં કોમ્પ્યુટરમાં ફીટ બરાબર થઈ ગયેલ કે હાથીને ભાથીની જેમ પોતાની વેલ્યું વધારતા રહેવું. પછી બીજાનું જે થવાનું હોઈ તે ભલે થાય. ‘‘દામોદર’’ ગરીબ કુટુંબમાંથી આવેલો આમ આદમી લેખાતો હતો. તે ખાસ ભણેલો નહી પરંતુ ગણેલો ખરો. તેની પોતાની કોઠા વિધ્યાં ને કોઠા સુજે ને દાદ દેવી પડે. સ્વભાવે શાંત છતાં ‘‘સ્વાર્થી’’ સામી વ્યકિતને પોતાનો સ્વભાવનો ખ્યાલ આવવાં દયે નહી. બનતી કોશીસે પોતાની બાંધી મુઠ્ઠી રાખે પોતાની બાજી ખુલ્લી કરવી નહી. તેવો નિયમ રાખીને આગળ વધે

ધંધો ધાપો તો ખાસ હતો નહી. તેથી કરીને પોતે કપડાની ગાંસડી ખંભે ઉપાડીને ગામમાં તથા આજુબાજુનાં ગામડામાં કપડાની ફેરી ફરવાં લાગ્યો. જીભાનથી ગરાકને ફોસલાવી પટાવીને મેંડો વેપાર કરવાં. જે ભાવથી માલ ખરીદે તેની ઉપર ફક્ત એકજ ‘‘મીંડુ’’ ચડાવીને માલ વેંચતો. વધું કમાણી કરવી નહી ને ગ્રાહકને સોગન ખાયને જણાવવું કે હું ફક્ત એકે રૂપિયો નફો ચડાવતો નથી. તમારા સમ આમાં મને ફક્ત એકજ મીંડુ મલે છે. મીંડા સીવાય કાંઈ મને મલતું નથી શું. ગરાક પણ ઘડીભર વિચારવાં લાગેતો પછી બહાર ગામથી આવેલ ‘‘દામોદર’’ ને પોતાનાં ઘરની ઓસરીની કોરે બેસાડીને પાણી પીવડાવે. ચ્હાનો ટાઈમ હોયતો ચ્હા પણ પીવડાવે. અગર જમવાનો ટાઈમે જમાળે પણ ખરાને પછી ખરીદી કરેને દામોદરને મુછમાં હસતો હોયકે ચાલો ઠીક જ થયું બધું પરબારૂ થઈ ગયું.

એક રૂપિયાની કિંમતનો આવેલો માલ ઉપર એક જ મીંડુ ચડાવે એટલે એક રૂપિયા ના દશ રૂપિયા થઈ જાઈ, દશના એકસો, એકસોના એક હજારને, બે રૂપીયાની ઉપર મીંડુ લગાડે એટલે વિસ રૂપીયાને, વિસ રૂપીયાના બસોને બસોનાં પરબારા બે હજાર થઈ જાઈ. કપડા વજનથી મલતાં નથી. તેમ તેનો બજાર ભાવ બહાર પડતો નથી. ગ્રાહકને પસંદ પડે તે ભાવ એટલે કમાણીમાં થવા લાગ્યો. ગુણાકાર પછી તો ધંધાદારીને ધંધો શીખડાવે છે. તેમ ઉતરો

RATILAL JOGIA ©

ઉતર પ્રગતિ થતી રહી. વખત જાત, ''દામોદર'' શેઠ બની ગયો. એક જમાનો હતો કે દામુ, દામલો, દામોદર ને હવે ''દામોદર'' શેઠ થતા થતામાં સારા સારા ઘરનાં મૈંડા માંગા આવવાને છેલ્લે જે બધાનું થાય છે. તેમ દામુ પણ ઘોડે ચડીને પરણી આવ્યો ને સાધારણ કહી શકાય તેવી ''નૈના'' નામની સમજદાર ''વહુ'' નો ''વર'' બની ગયો.

દામોદર હવે કમાણીમાં પાછુંવાળીને જોયા વગર ઉતરો ઉતર પ્રગતિ કરતો રહ્યો. કહેવાઈ છે કે દરેક શફળ પુરૂષની પાછડ તેની (પારકી નહી) સ્ત્રીનો સપોર્ટ હોય છે. તેમ અસફળ પુરૂષનું પણ તેમજ સમજવું તે વાત પણ વિચારણાં માંગી લ્યે છે. શું પછી તો ''દામોદર'' નો કારોબારમાં ''નૈના'' શેઠાણી જોડાય ગયાં ને કારોબાર મૈંડા સંભાડવા ને હવે તો દરેક કામ ''નૈના'' શેઠાણીની મરજીથી થવા લાગ્યું. શેઠ પણ પોતે ને વાણોતર પણ પોતે ''દામોદર'' પણ ''નૈના'' ને પુછીને જ આગળ વધતાં હતાં. વખત જતાં ''શેઠાણી'' નૈનાના ''બા'' ઉંમર થતાં નૈનાને ઘેર રહેવાં આવી ગયા કારણ કે નૈનાનો એક જ ભાઈ હતો તે ફોરેન કન્ટ્રીમાં રહેતો હતો ને ત્યાં સાસુમાને તેના દિકરાની વહુ સાથે ખાસ જામતુ ન હતું. સાસુ વહુનો વહેવાર પૂર્વે પશ્ચીમ જેવો હતો. જેથી કરીને ''નૈનાનાં'' ભાઈએ માજીને તથા ''નૈનાને'' અસ્ટમ પસ્ટમ સમજાવીને ''બા'' ને, નૈનાને ઘેર મોકલી આપ્યાં. ''બા'' ઉંમર લાયેક ખરા પરંતુ હજી હરતા ફરતાં. જેને ખડેઘડે કહેવાય તેવાં ખરાં. ''દામોદરે'' સાળાને પુછાવ્યું કે બા અહિં આવ્યા તેનો વાધો નહિ. પરંતુ જો અહિં દેશમાં જ મારે ઘેર કે બજાને ઘેર રહેતો તેની તબીયત બગડે તો શું કરવું. કારણ કે અત્યારે હોસ્પીટલોનાં ખર્ચા કોઈને પણ પરવડે તેવો નથી. તો તમો જો કહો તો બા નો વિમો ઉતરાવી લ્યે જે ખર્ચ વિમો ઉતરાવવાનો થશે તે તમો મને મોકલી આપશો. આમ નકકી કરીને બા નો વિમો મોટામાં મોટી રકમનો લેવાનું નકકી કરીને નૈનાને જાણકરી. નૈનાએ જવાબ આપ્યો કે માજી હવે ખરેલું પાન કહવાય, તેની જીંદગીનું નકકી ન જ કહેવાય. માટે હવે વિમો લેવાની જંજટ છોડી દયો તો સારૂ. પરંતુ ''દામોદર'' જેનું નામ તેનીએ પોતાનો સ્વાર્થ આગળ રાખીને વિચાર્યુ કે માજીનો વિમો તો લેવોજ જોયે કારણ કે માજી અહિના રહેવાસી નથી. કદાચ કાંઈક થઈ જાઈતો મને માજીનાં વિમાની રકમ મલી જાઈ.

અત્યારે દવાને ડોકટરો ખુબજ મોંઘા થઈ ગયાં છે. તેનું બીલને સેવા ચાકરીનો ખર્ચ કોણ ભોગવે સાળાસાહેબને કહેવાઈ નહી કે તમો બીલભરો કારણ કે બીજાને કહેવાઈ તેમ નૈનાને પણ કહેવાઈ નહી. બીજનેશની ચાવી નૈના સંભાળે છે. માટે આગળથી ચેતવું સારૂ. તેમ નકકી કરીને બાને સમજાવીને વિમો લેવાનું નકકી કરીને માજીનું મેડીકલ ચેક અપ કરાવ્યું. માજીને ઉપલક વાતની જાણ કરી છતાં આતો પાકેલ ઉંમરનાં પીઢ માજી બધું શાનમાં સમજી ગયાકે મારા બેટાવો મને મુવી મરેલી માને છે. જેથી મારા મરણ પછી જે દલ્લો આવે તે મારો જમાય ''દામોદર'' જમી જાઈ. પરંતુ કાંઇ એમ હું કોઈને જમવા દવ એમાંની નથી. ''બા'' એ

© RATILAL JOGIA

ચોકખું જણાવી દીધું કે તમારે જે લેવું હોય તે લ્યો. પરંતુ મારા મરવાની રાહ જોઈને બેસતા નહી. મે મનમાં ગાંઠ વારી છે કે મારી વહુનો ‘‘દાળો’’ ખાયને પછીજ હું મરીશ માટે તમોજે કાંઈ કરોતે સમજીને કરશો. છતાં ‘‘દામોદર’’ જેનું નામ બા નો વિમો અંકે કરીને રહ્યો. પછીતો **‘‘દિન ગણતા માસ ગયાને વરસે આંતરીયા’’ ‘‘સુરત ભુલી સાઈબા નામે પણ વિસરીયા’’**

બાની જીંદગી લાંબી થઈ ગઈ. બાનો દિકરો ગૌલોક થયો. વહુએ સફેદ સાડલો ઓઢી લીધો આ બાજુ નૈનાને પણખૂબજ આઘાત લાગ્યો. દામોદરે જે કાંઈ કર્યુ છે. તે સારૂ નથી. કર્યુ બા હજી આઉટ ડેટ થાય તેમ લાગતું નથી. ‘‘દામોદર’’ પાંચ પંદર દિવસે બાને પુછે કે કેમ છો. ‘‘બા’’હવે તમારે જાવું છે. ત્યારે બા તુરત જ જવાબ આપે કે પહેલાં મારી વહુની ટીકીટ ફાટવાં દયો. પછી મારા મરવાની રાહ જોવાની ત્યાં લાગી મને કાંઈ થાય તેમ નથી. ત્યારે બાની વાત સાંભડીને વહું બોરબોર જેવડા આસુંડા પાડે. ને બાને પગે લાગીને કહે કે બા હવે તો હદ થાય છે. જબાન બંધ રાખોને બસ કરો. તમારા દિકરા ચાલ્યાં ગયાં મેં તમારો શું કસુર કર્યો છે. ત્યારે બા તાળુકીને કહે કે **‘‘નભાય’’** તેજ મારા દિકરાને ઉપાડી લીધો છે. માટે હવે તને ઉપાડ્યા પછી જ હું ઉપડીશ આમ વાતવાતમાં તીરાડો પડતી રહી ને એક વખત તીરાડ પડે પછી ત્યાં સાંધો થાય. અખંડ પણું ચાલ્યું જાઈ છે. **‘‘લાગણી હોય ત્યાં માંગણી ન હોય’’ ‘‘સમર્પણ હોય ત્યાં શરત ન હોય’’** પરંતુ અહિતો સબંધોના આટા પાટામાં સૌ કોઈ અટવાઈ ગયેલાં છે. દરેક પોતાનો સ્વાર્થ સંધાય તેવો દાવ ખેલે છે. છતાં જરૂર પડયે એક બીજાની વાત કાન ઉપર લ્યે છે. જેથી આગળનાં પ્લાનનું નક્કી કરી લેવાય એટલે દામોદર નૈના ને નૈનાની ભાભી ત્રણેય મલીને બા માટે જીવતું જગતીયું કરવાનું નક્કી કરીને તેની તૈયારી કરવા લાગ્યાં. તેનાં પોતાનાં **‘‘ભુદેવ’’** ગોરબાપા પાસે ટાઈમ પ્રમાણે નું મુહુર્ત જોવડાવ્યું.

ગોરબાપા એ એક અઠવાડીયા માટે ‘‘દામોદર’’ ને મંત્ર જાપ કરવાનું કહ્યું ને તે પણ નદીમાં પાણીની અંદર કમર સુધી પાણીમાં ઉભા રહીને **‘‘સુર્ય નારાયણ’’** ને અર્ધાયું આપીને જાપ કરવાનું કહ્યું. પછી એક શુકન વંતો **‘‘આંક’’** કહ્યો. (અંકગણીતનો) જે છેલ્લે દિવસે તેને એકસોહ વખત બોલવાનો ને પછી પાણીમાં ડુબકી લગાવીને માથા બોળ સ્નાન કરવાનું કહ્યું. બધુ પ્લાન મુજબ ગોઠવીને તે પ્રમાણે મંત્ર જાપ શરૂ કર્યા. છેલ્લે દિવસે જે અંકગણીતનો આંક કહેલો તેનો જાપ ચાલું કર્યો નેવું લગી ગણતરી થઈ પછી ‘‘દામોદર’’ થાકી ગયો. છતાં હિંમત ટકાવી રાખી છતાં હાથ પગ થાકી જવાથી ધ્રુજતાં હતાં છતાં ફરી પાછી ગણતરી ચાલુ કરી. ફરી પાછા નેવું લગી ગણતાં ગણતાં ટાંટીયાં ઢીલાં થઈ ગયાં. ફરી પાછું ગણતરીનું કામ છોડીને હિંમત એકઠી કરવાં લાગ્યો. આ વખતે પંચાણુ છનું સતાણું અઠાણું નવાણું ત્યાં લગી ગણતા ગણતાં તો ‘‘દામોદર’’ ગેલમાં આવી ગયો કારણ કે હવે તેને તેની મહેનતનું ફળ હાથવેંતમાં

© RATILAL JOGIA

દેખાવાં લાગ્યું. સાસુબાનો દલ્લો તેને મલશે. તેનો માલીક બની જાસે તેવી ગણતરીમાં હવે ફક્ત એકજ અંક બાકી હતો. તેવો વિચારોમાં દામોદર અટવાઇ ગયો. વિચારમાંને વિચારમાં સમય ને સ્થળનું ભાન ભુલી જવાયું. મનમાં યાદ કરવા લાગ્યો કે મારે શું કરવાનું છે. અહિ હું શું કરવાં આવ્યો છું. તે બધુંજ ભુલાય ગયું. મગજ ને સ્ટોપર લાગી ગઇ ''દામોદર'' મૈંડો ગાંડા ગદોડવાન ને સ્થળ કાળનું ભાન ભુલી જવાયુ મનમાં યાદ કરવા લાગ્યા કે મારે શું કરવાનું છે. અહિ હું શું કરવા આવ્યો છું. તે બધુજ ભુલાય ગયું ભુલી ગયેલો દામોદર ઉંડા પાણીમાં ધુનામાં ધકેલાઇ ગયો ને ઉંડા પાણીમાં ડુબવાં લાગ્યો. દામોદરનાં શરીરે ત્રણ ચાર ઉલાળા પાણીમાં લીધા, છેલ્લાં ઉલાળે ''દામોદરે'' ના મગજની સ્ટોપર ખુલી ગઇ. પેલો મંત્ર યાદ આવી ગયો. સામે સાસુમાનું મુખડું ને તેનો દલ્લો દેખાયો, પરંતુ ત્યારે ઘણુંજ મોડું થઇ ગયું હતું. છેલ્લો ઉલાળો ખાયને ''દામોદર'' ઉંડા પાણીને તળીયે જઇ પડચો. પાણી ઉપર ડબડબડબ પરપોટા ફુટીને રહિ ગયા.

અતિલોભ પાપનું મુળ છે. લોભે લક્ષણ જાઇ છે. લોભને થોભ હોતો નથી. પરંતુ આ બધું રાંડયાં પછીનું ડહાપણ કહેવાઇ છે. અહિ નૈના રાહ જોતી રહી છેલ્લે સમાચાર આવ્યા કે ''દામોદર'' નદીનાં ઉંડા પાણીમાં ડુબી ગયો છે. ત્યારે પારાવાર શોકનું વાતાવરણ ખડું થયું. પરંતુ સમય કોઇની રાહ જોતો નથી. સમય પાસ થતાં બધું બદલી જાઇ છે. હાથથી બાજી હારી જવાય છે. પછી. શોક શું કરવો થવાકાળ થઇ ને જ રહ્યું. સમય કોઇની રાહ જોતો નથી. **''કીડી સંઘરે ને તેતર ખાય''** . ધર્મ, અર્થ, કામ ને મોક્ષની વાણી દરેક સાંભળે છે. પરંતુ જીવનમાં કોક ભાગ્યશાળીજ ઉતારે છે. સાસું વહુનો જગડો શાંત થઇ ગયો. નૈનાં બીઝનેશમાં જોડાઇ ગઇને બધું હતું તેમજ રૂટીન ઉપર ચાલવાં લાગ્યું. ફરક પડચોતો એટલોજ પડયો કે અત્યારે ત્રણ ત્રણ ગંગા સ્વરૂપ માતાઓ શાંતીથી જીવે છે. ન દુઃખ ન સુખનો અભરખો ન માન ન અપમાન સાથે રહીને આનંદથી સમય પસાર કરે છે. હસી ખુશીથી જીંદગી વિતાવે છે. છતાં આને ત્રીવેણી સંગમ કહી શકાય નહી ?

દ્વારકાધીશ કી જય.

© RATILAL TOGIA

# ૫૬ તુમ ભી, હમ ભી, ખારી ખા

દુનિયાના પટ ઉપર જો કોઈને વંદન કરવા હોઈ તો ભીખારી લોકો ને વંદન કરવા. કારણ કે ભીખારી લોકો જેટલુ સહન કરે છે, તેટલુ બીજુ કોઈ સહન કરી શકતું નથી. ભીખારી લોકો સહન કરી કરીને સહિષ્ણુતા હાસલ કરીને જળકમળવત બની ગયા છે. ભીખારી જેવા બીજા બની શક્યા નથી.

ગરીબ, બુઢ્ઢા, બાળકો, બાઈઓ, અપંગો, બીમાર, લાચાર આવા ભીખારી તો અપમાન ગળી જાઈ તે બરાબર છે, પરંતુ હટ્ટાકટ્ટા ભીખારી સવારે, બપોરે, સાંજે ભીખ માંગેને રાત્રે, બજારમાં કે જ્યાં ખાણી પીણી ની લારીયો ગોઠવાઈ હોત ત્યાં અગર સીનેમાં નાટકનાં થીયેટર આગળ બની ઠનીને વાઈટ એન્ડ વ્હાઈટ કપળા માં ક્લીન શેવ કરીને બાલ બનાવી હાથની આંગળીઅમાં બે કે ત્રણ અંગુઠીઓ ઠઠાળી હોય કાંડામાં પોંચી પહેરી હોઈ બીજા કાંડે ઘડીયાલ હોઈ હાથની મુઠ્ઠીમાં મોબાઈલ ફોન હોઈ સાથે સીગારેટનું પાકીટ લાઈટર સાથે હોઈ. આ બધો ઠઠારો કરીને મોટા સાહેબ બનીને પબ્લીકની વચ્ચે ધુમતા હોઈ, અગર નાટક કે સીનેમાંના થીયેટરમાં ઉંચા ક્લાસમાં પોતાની ગર્લ ફ્રેન્ડ સાથે બેઠા હોઈ. તે કેવું હેં, છતાં આ એક હકીકત છે. તે ભુલવું ન જોયે. તેઓને જરા પણ બોલાવો તો તુરતજ અંગ્રેજીમા જડબાતોડ જવાબ આપી દેશે ને સામેની વ્યક્તિની બોલતી બંધ કરી દેશે. આ એ જ ભીખારી માણસ ખરા બપોરે મધ્યાન તપતા તડકેજ્યારે ગૃહસ્થી લોકોને જમવાનો તથા આરામ નો ટાઈમ હોઈ ત્યારે જ ઈરાદા પૂર્વક દરેકનાં ઘરની નજીક હાથે પગે પાટા બાંધી, એક આંખનો ડોળો જાણે બહાર લચકી પડેલો હોઈ તેવો દેખાડીને મોઢાથી લારૂ પાડ તો ફાટેલા કપડા ગંધાતુ શરીર દીઠોય ન ગમે તેવો હાલ હવાલ બનાવીને વસ્તીમાં રાડો પાડતો હોય અમુક દિવસથી હું માઈ બાપ ભુખ્યો છુ ખાવાનું આપો. આ અવાજ એટલો કર્કસ બેહુદો ઈરાદા પૂર્વક રજુઆત કરતો હોઈ કે ઘરનાં કોક સભ્યનો તો મીજાજ બગડે એટલે ઘરનાં સભ્યોને તો કંટાળો આવેલો જ હોઈ એટલે ઘરમાંથીજ કોકને કહે કે પેલા ભીખારીને કાંઈક આપો એટલે અહીંથી ટળે (જાઈ) ને રાડો પાડતો બંધ થાય ને આપણે સુખેથી જમી શકીએ. પછી આરામ પણ કરી શકીએ. ત્યારે પેલા ભીખારી ને

© RATILAL JOGIA

જમવાનું વધેલું ઘટેલુ આપો એટલે પૈસાની ને કપડાની માંગણી કરીને ત્રાહીમામ પોકરાવી દયે. જેની રાવ ફરીયાદ નહિ, નહિ કોઈ જગડો, ફક્ત ત્રાસ ત્રાસ ને ત્રાસ જ ગૃહસ્થી લોકોને ભોગવવાનું દાન પૂણ્યને નામે જે કાંઈ આપ્યું હોઈ તે પણ કીંમત વગરનું લેખીને ભીખારી ત્રાગુ કરવા તૈયાર થાય એટલે પેલા ઘરનાં વળી બે પાંચ રૂપિયા આપી છુટકારાનો શ્વાસ ખેચે. ને આમ એક પછી એક ઘરને ચેતવતો પેલો ભીખારી દરેક ઘેર ત્રાસદાતક પૂરવાર થાય. છતાં તેને ભીખ મલતી જ રહે, મલતી જ રહે. અઠવાડીયે એક વખત તેનો ત્રાસ ભોગવવાનું જાણે નક્કી જ કરી નાખ્યું હોય. તેમજ બીજે અઠવાડીયે બીજી શેરી એમ શેરીયો બદલતો જાઈ ને પોતે પોતાનું કામ કઢાવતો જાઈ. એ જ ભીખારીને કોઈ એ પૂછ્યું કે સારું છે, તું લંગડો છે, અગર આંધળો હોત તો શું થાય, ત્યારે પેલા ભીખારીએ જવાબ આપેલો કે થોડા ટાઈમ પહેલા હુ આંધળો હતો. ત્યારે ભીખ આપવાવાળા ખોટા સીક્કા આપતા હતા. માટે હવે લંગડો થયો છું સમજ્યા. સમજાય છે ને આવા નાગળદાય ભીખારીઓને વંદન કરવા જ જોઈએ કારણકે તે પોતે એકદમ નીર્લેપ અવસ્થા માં ભીખ માંગવામાં જોવા મલે છે.

આ ભીખારી ભીખ માંગતો હોઈ ત્યારે તેને ગમે તેટલો ડાંટો (ખીજાવ), ગરમ કરો, ગાળ ગલોચ દયો, સોટી લઈને મારવા દોડો, મન પડે તેવું અપમાન કરો, છતાં તે ટચનો મચ ન થાય, ને તે તેની જગ્યાએ ઉભો હોઈ તે જગ્યાએથી ખસે પણ નહી. હા તેની સામેનું એક જ શસ્ત્ર કામ કરે છે. ફક્ત એક જ ભીખારીને બે હાથ જોડીને કહો કે બાબા માફ કરો એટલે તે ભીખારી તુરતજ માફ કરી દયે છે. બાકી આ સીવાય તે નથી માફ કરતો કે નથી બદ્દુવા આપતો જળકમળવત તે આપણી સામું નજર મેળવવા કોશીષ કરતો રહેશે. કહેવાઈ છે કે ભીખારીઓનો સમુહ હવે તો ભેગો મળીને મંડળ બવાને છે. પછી તે પોતપોતાના એરીયા ભીખ માંગવાના નક્કી કરે છે. દરેક એરીયાના ભાગલા પડેલા હોય છે અને પોતાના મંડળના કાયદા બનાવેલા હોય છે. કહેવાઈ છે કે એક ભીખારીયે પોતાના સસરા ભીખારી પાસેથી કોઈ બીગ સીટીની ચોપાટી દહેજમાં લીધેલીની વાત સાંભળવા મલી છે. તો કોઈ બહેન ભીખારીએ મોટું મંદિર નું પ્રાંગણ પોતાના નામે રાખેલ છે. (અલબત ભીગ માંગવાજ સ્તો)

આમ સારા સારા એરીયાની આપ લે તેઓ લોકોમા થાય છે. જેમ ભદ્ર સમાજ માં દુકાનની મોટી પાઘડી આપીને દુકાન મંડાય છે. તેમ અને તે વાત ખરી છે કે ભીખારી કોણ નથી. દરેક વ્યક્તિ એક બીજા પાસેથી માંગવાનું જ કામ કરતી હોય છે. એટલે જ એક બીજાને માન અપમાન સહન કરવા પડે માટે જગડા કંકાસ ફીસાદ ચાલ્યા જ રાખે મોટો જીવ નાના જીવ ને હળપ કરવા તલપાપડ તૈયાર જ હોય છે. પરંતુ જે ખરેખર ભીખારીઓ છે. તેઓ વિરલ જ છે. જેને માન અપમાન જેવું કશું હોય જ નહી. તે તો જળકમળવત જીવ્યા કરે ને આત્મ સંતોષથી જીવે ને બીજાઓને જીવવા દયે. મોટા વહેપારી પાસે નાનો વહેપારી કાકલુદી કરતો હોય ધરાર

© RATILAL JOGIA

પાંચ પચ્ચીસ રૂપિયા ઓછા કરાવે અગર ભાવમાં રકજક કરીને ગમે તેમ બહાનું કરીને કસર કરવાવે તે એક જાતની ભીખજ છે ને, તેમ પેલા ભીખારી કહે છે. તેમ ગ્રાહક લોકો વેપારી પાસે ભાવ તાલ કર્યા વગર કોઈ ચીજવસ્તુ ખરીદેજ નહી. ગમે તેમ કરીને ભાવમાં કસર કરે ઉપરાંત ઉપરથી હિસાબમાં છુટા નથી કહીને ઉપરના પૈસા આપે નહી. ઉલટાનું ઉપરથી ઠંડુ પીવડવો અગર ગીફ્ટ આપો એમ રકજક કરીને આઈટમો મેળવે જ આને આપણે શું કહીશું ?

કહેવાઈ છે કે સોનાની ચુડીવારી દાતણવારી બાઈને ઘસારો આપે, મતલબ કે પૈસાપાત્રનું બૈરૂં મારૂતિ કારમાં બેસીને બજાર ખરીદવા આવે. મારકીટમાં ધરાર પહોળી થઈને મલપતી ચાલે ચાલે પોતાની ઉપર કોઈ નજર ફેંકે તે માટે વારે વારે ઉધરસ ખાય, ખોટે ખોટી ને ચારે બાજુ ડોળા આંખોના ફેરવેકે પોતાને કોઈ જુએ છે કે નહી. તેની નોંધ રાખે પછી શાકભાજી, દાતણ, પરચુરણ વસ્તુ ખરીદે ભાવતાલ કરીને, પછી પાંચ દશ રૂપિયા ઓછા આપે ને પોતે પૈસા બચાવ્યા નો અહમ સંતોષે. કહેવાઈ છે કે મોટા માણસો બીગ સીટીમાં ધનાઢ્ય વર્ગમાં જેની લેખા જોખા થાય છે. તેવા એરીયામાંથી શેઠાણી શાકલેવા મારકીટ જાઈ ત્યારે સાથે ગાડી ડ્રાયવર પાળેલો પપ્પી (કુતરાનું બચ્ચુ) ને સાથે કામવાળી બાઈ જે થેલી ઉપાડવા સાથે હોય તે પછી મંદીરે જાઈ (શાકભાજી ખરીદ્યા પછી). પાઈ પૈસાનું દાન કરે આજુ બાજુ નજર કરે પોતાના કપડા, સાડી, બ્લાઉઝ ને દાગીના કોણે કોણે જોયા તેનો અનુભવ કરે પછી અડધો કીલો ટમાટર કે એવું કાઈ ખરીદીને ઘેર આવે. ત્યારે ઘરે તો શાકભાજીનો ટોપલો કાછીયો આવીને આપી ગયો હોય કારણકે રોજ જોતુ કરતું શાકભાજી બંધાવેલ હોય એટલે આપી જાઈ. હોમ ડીલીવરીવાળા પણ સમજતા હોઈ કે આ તો શેઠાણીનો અહમ સંતોષવાની વાત છે. ભલે શેઠાણીને સંતોષ થાય કે હું ટમાટર લયાવી તે ટમાટર હીસાબ કરો તો ખરીદીમાં કેટલા મોંઘા પડ્યા હોઈ. છતાં પેલી શાકવાળી બાઈને રૂપિયો પૈસો ઓછા કરાવ્યા જ હોય. જેનો આત્મસંતોષ પોષાતો હોય. ઉપરાંત બપોરને ટાઈમે આરામ ફરમાવે ને પેલી કામવાળી પાસે પગચંપી કરાવે ઉપરથી પગે મલમ ઘસાવે કારણકે શેઠાણી મંદિરે ગયેલા સાથે અડધો કીલો ટમાટર મારકીટથી લયાવ્યા. માટે શેઠાણી થાકી ગયા છે. આ પણ એક જીંદગી છે.

ત્યારે બીજી બાજુ લાચાર માણસ બહેન અગર ભાઈ મજબુરીથી નોકરી કરતા હોઈ જેનો ટાઈમ વહેલો પહોંચવાનો ને મોડા મોડા છુટવાનો હોઈ બપોરનાં લંચના ઠેકાણા હોય નહી. કામના ઢસરડાથી માથુ મગજ ભમી જાતુ હોય સાંજ પડ્યે શરીર ટુટતું હોય ઘેર છોકરાંવ બૈરા રાહ જોતા હોય, ત્યારે શેઠ ધરાર કલાક કે અડધો કલાક વધુ કામ કરાવીને મોડુ કરાવીને મુંછમા હસતો હોઈ કારણકે તે શેઠ છે ને મનમાં વિચારે છે કે હા આ વર્કર લોકોને અકલજ નથી ખરીવાત છે.

મજબુરીની સામે સત્તા છે. એ સતા સામે શાણપણ શું કામનું ? એ સતા સામે કામ ને

© RATILAL TOGIA

આવતું જ નથી. ઘેર ગયા પછી બંને માણસમાં તળાફળી થાય, શંકાની નજરે જોવાઈ, મોડું કેમ થયું ? ઓવર ટાઈમનો પગાર તો મલતો નથી. માટે શા માટે ઓવર ટાઈમ કરવો જોઇએ. આમ બંને માણસ એક બીજાને મહેણા ટોણા સંભળાવે ન બોલવાનું બોલે ને હૃદયને ઠેસ પહોંચાડે ઉપરથી બૈરાવોને તેનો ધણી ચોખ્ખુ સંભડાવે કે રાં-તારામાં તો અક્કલજ નથી. ત્યારે ઘરવાળી કહી દયે કે જીંદગીમાં પહેલીવખત તમો એ સાચુ કહયું. શું સાચું કહયું ? શું હું કાયમ ખોટું જ કહું છું ? તી આજે કહયું તે સાચું કહયુની તું વાત કરીને મને મેણું મારે છે. શું તુ મને સમજાવ કે મે શું સાચુ કહયું ? કહે જોયે, ત્યારે ઘરનું બૈરૂ કહે કે, આજે તમોએ કહયું ને કે, તારામાં તો અક્કલજ નથી તે વાત એકસોહ ટકા ખરીજ છે. અગર મારામાં અક્કલ હોત ને તો હું તમારી સાથે પરણી ને ઘર સંસાર માંડત જ નહી. પરંતુ મુઇ હું, મારામાં અક્કલ છે જ નહી એટલે તમારું ઘર માંડચું ને પછી ઠુઠવો મુક્યો, પછી એક બીજાને માફ કરવાના કાલાવાલા ની ભીખની આપલે ને છેલ્લે સમાધાન જેનો અંત સારો તેનું સઘળું સારું. ને ફરી પાછું કુકળો બોલે ને સવાર પડે ગલત સવાર પડે ને કુકળો બોલે તે જ ખરૂ ને ફરીથી એકડેએકથી કાયમના રૂટીન મુજબ વેવાર ચાલુ. ને ફરી પાછુ ભીક્ષા દેહી.

એકબીજા પાસે થી માંગવાની વૃતિ પ્રવૃતિ નો દોર ક્રમ મુજબ ચાલુ થઇ જાઇ. ઓફીસમાં પ્યુનથી લઇને મોટા સાહેબો ટેબલ નીચે હાથ રાખીને હાજર જ હોય છે. અરે સાંભળ્યું છે કે માર્ગમાં પડેલા મડદાનુ પોસ્ટ મોર્ટમ જલ્દી કરવા પણ કોઇ ને કોઇ વિનંતી ના રૂપમાં આપવું જ પડે છે. મળદાની ડીલીવરી લેવા માટે પણ જલદી છુટકારો થાય માટે પણ કાંઇક કરી છુટવું પડે છે. રામાયણમાં રાક્ષસોની વાત આવે છે જે આપણે કોઇએ તે રાક્ષસોને રૂબરૂ જોયા નથી. પરંતુ આ સુધરેલા જમાનાના રાક્ષસોની જે ફોજ ખડી થઇ ગઇ છે. તેમાં બેમત નથી. એક બહેન મંદિરેથી દર્શન કરીને તેના ઘેર જતા હતા ત્યારે એક સાયકલવાળાએ પેલા બહેનની ચેઇન ખેંચીને ચાલતી પકડી. પેલા બહેન કાંઇ બોલ્યા નહી, તેમ ચેઇન ખેંચવાવાળાનો સામનો પણ કર્યો નહી. આજુ બાજુવાળા પણ વિચારવા લાગ્યા કે આમ કેમ. બીજે દિવસે એ જ ટાઇમે પેલો ચેઇન ખેંચવાવાળો આવિને પેલી બહેનને ચેઇન પાછો આપીને મૈંડો ડાટવા કે આવા ખોટા દાગીના પહેરતા શરમ નથી આવતી. મારા જેવા બાલ બચ્ચાવાળાનો દિવસ બગાડચો. એમ કહીને ચાલી નીકળ્યો. આ રાક્ષસની જ ચાલી આવતી પેઢી  જ ગણવી રહી કે બીજુ કાંઇ? માટે દરેકને બીજા પાસેથી કાંઇને કાંઇ પડાવી લેવું એ જ ભીક્ષા દેવીને ભીક્ષા આપવી તેમા નવાય પામવા જેવુ રહયું જ નથી. કોઇ કવીએ લખેલું ગાયેલું છે કે ...

**"રાખના રમકડાં મારા રામે રમતા રાખ્યા રે...."**

...ખરેખર 'જીવ-આત્મા' એક બીજાને રમાડયા જ રાખે છે. જેવી રીતે રમતના મેદાનમાં બોલ નામનો દડો ફટકા ખાધા કરે ને એક હાથમાંથી બીજાના હાથમાં રમ્યા કરે ને વળી પાછો

© RATILAL JOGIA

ફટકો લાગતા ફંગોળાઈ તેમ, આ દુનિયામાં દરેક જીવ-આત્મા બીજાના હાથમાં રમ્યા કરે ને ફટકા લાગતા ફંગોળાયા કરે. જેનો કદાપી અંત આવે જ નહી. રમત ખતમ થાય પરંતુ સામે બીજી અનેક રમતો શરુ થાય જેનો છેડો હોય જ નહી કારણકે દુનિયા ગોલ છે એટલે ગોલ વસ્તુને છેડો હોતો નથી. એ તો રાઉન્ડ રાઉન્ડ રાઉન્ડ ધી એન્ડ થાકો ત્યારે એન્ડ બાકી અનંત નોતો એન્ડ હોતો જ નથી. બ્રહ્માંડમાં અનેક ગ્રહો એક બીજાની આગળ પાછળ ભમ્યા કે ફર્યા કરે છે. તેમ જીવ-આત્મા એક બીજાને વાદે વિવાદે રમકડાં બનાવે છે કે બને છે ને એમ જ રમતા રહેશે. જેનો કદાપી અંત હશે જ નહી. આ તો **'અંતનો આરંભ છે'** માટે ખારા થયા વગર, ભીખ આપો ને લ્યો, હમ ભી ખારી, તુમ ભી ખારી, માટે ખારી ખાવ ખારી, ને આનંદો.

**લે ડીસ લે ને ખારી તુમ ભી ખારી ખા.**

**બોટલ એટલે ધનનો નાશ,**
**હોટલ એટલે તનનો નાશ,**
**આ બન્નેનું ટોટલ,**
**એટલે જીવનનો નાશ.**

દ્વારકાધીશ કી જય હો.

© RATILAL JOGIA

# ૫૭ એઇને બેઇ નકામા

**કબુતરને કાગડો કાયમ**
**ધોરી જોબન વિસ વર્ષમ**
**સ્ત્રીયાં જોબન ત્રીસ વર્ષમ**
**પુરૂષ જોબન પેટ ભરાયમ**

કહેવાઇ છે કે કબુતરને ને કાગડાને ઉંમર સાથે કશી લેવા દેવા નથી. તેવો કાયમ યુવાન જ હોઇ છે કારણ કે તેવોને સમયની મર્યાદા નડતર રૂપ નથી. બીજા પશુ પક્ષીઓની જેમ તેવોતો દિનરાતને ચોવિસે કલાક મધુરજની જ ઉજવ્યાં કરે છે. કાગળાને કબુતરનાં શિકાર પણ કોઇ કરશે નહિ. કાગળાને કબુતરના અવતાર પછી શ્વાનનો અવતાર આવે છે. ને શ્વાન પછી મંકી વાનરનો અવતાર આવે છે. ને તેનાં પછી **''મનુષ્ય''** નો અવતાર આવે છે. જે ચોર્યાસી લાખ યોનીનો છેલ્લો અવતાર મનુષ્ય યોનીનો હોય છે. તેમ આ આપણા પુરાણોનું માનવું છે. જેમાં મનુષ્યે પાપ પુણ્યનાં હિસાબ ચુકવવાં પડે છે ને ફરી ફરીને અવતાર ન થાય માટે પોત પોતાનાં ઈસ્ટદેવની આરાધનાને સાધનાં કરીને ભવસાગર પાર પાડી દેવા માટે મનુષ્ય અવતાર મલે છે. મનુષ્ય અવતાર માં થાય એટલાં સતકર્મો કરી લેવા સમજો કે ''પગ'' ચાલી શક્તા હોય ત્યારે યાત્રાઓ કરી લેવી, ''હાથ'' સલામત હોય ત્યારે ''પ્રભુ'' સ્મરણની માળવો ફેરવી ને પ્રભુ સ્મરણ કરી લેવું, ''કાન'' સાંભળવાની શક્તિ ધરાવતાં હોય ત્યારે હરિસ્મરણનાં કીર્તન પ્રભુ ભજન સાંભડી લેવા અને ''નેત્રમણી'' (આંખો) કાંમ કરતી હોય ત્યારે નિરખી નિરખીને સ્નેહ ભરી આંખે પ્રભુનાં દર્શન કરી લેવાં પછી ''ગઢપણ'' માં કાંઇ થશે નહી. દાખલાં તરીકે

**''ગુરૂજી અમોતો ગઢપણમાં'' ગોવિંદ ગાસું''** આ તદન ખોટીવાત છે. ગઢપણમાં તો ત્યારે ગોવિંદ ગવાય જયારે બચપણથી લગન લાગી હોય તોજ ઉંમર થતાં. મિરાં લાગી લગન સમજવું નૈતરતો પછી ઉંબરા ડુંગરા થશે. પાદર થશે પરદેશ. માટે પ્રભુ ભક્તિમાં લીન થઇને સંસારનો ફેરો ટાળવા માટે આ અમુલ્ય અવતાર મનુષ્યનો મળેલો છે. તેને ફોગટ ફેરોન બનાવતાં ખરાં અર્થમાં ઉપયોગીતાં પ્રમાણે જીવી જાવાયતો ''જીંદગી'' સાર્થક કહેવાય. ''ધોરી'' કહેતાં

© RATILAL JOGIA

‘‘બળદ’’ જેનાંથી ખેતીવાડીમાં આપણે ધાન્ય ઉપજાવી લીયે છીએ તેમાં બળદનો અમુલ્ય ફાળો હોય છે. પરંતુ તેની જુવાની વિસ વર્ષની જ હોય છે. પછી તેની શક્તિ ખલાસ થતી જાઇ છે. છતાં પણ કહેવાય છે કે **‘‘પાડા’’** કરતાં **‘‘આખલાં’’** માં આઠગણી વધુ શક્તિ હોય છે. ‘‘પાડો’’ પાંચ ભેંસોને ફાળવી શકે છે. તો ‘‘આખલો’’ આઠ ‘‘ગાયને’’ ફાળવી શક્વાની તાકાત ધરાવે છે. તેમ સ્ત્રીયા જોબન ત્રીસ બૈરા માટે પણ ઉંમરની ‘‘પા’’ બંધી હોય છે. ‘‘16’’ શીકસ્ટીન સ્વીટીને ટોપ ‘‘21’’ ટીવેન્ટીન વન સોળ વરસથી એક વિસ વરસની બાળાવોની ભર જુવાની લેખાય છે ને છેલ્લે ત્રીસ વર્ષે બૈરાવોની જુવાની પુરી થાય છે. પછી વળતાં પણી સમજ્વાં પરંતુ ‘‘પુરૂષ’’ જોબન પેટભરાયમ ‘‘પુરૂષ’’ જયાં લગી દુધ ઘી થી પેટ ભરે છે. ત્યાં લગી કાયમ તેની જુવાની ટકી રહે છે. સીવાયકે દુધને ઘી તેની હોજરી હજ્મ કરી શકે ત્યાં લગી તેને ઉંમરનો બાધ નડતો નથી. પરંતુ ‘‘અળતાલાં’’ બેતાલા પછી પણ તેનાં વળતાં પાણી સમજાવી રહ્યાં. કહેવાય છે કે ‘‘શીયાળા’’ નું છાણું ને જુવાનીનું ‘‘નાણું’’ આ બન્ને એન્ડ ટાઈમે કામ આવે છે.

શીયાળામાં વરવરતી ઠંડીમાં બૈરાવો માથે ટોપલો લઈને ગામડા ગામમાં છાણ ભેગું કરીને છાંણાં બનાવે છે. જે વરસાદી ચોમાસામાં કામ આવે છે. તેમ ભરજુવાનીમાં ‘‘કળી સે કળી’’ મહેનત મજુરી કરીને બે પૈસા બચાવીને ભેગા કર્યા હોય તો બુઢાપામાં કામ આવે છે. ત્યારે સગા વહાલા કે કુટુંબ કબીલાં કે સગા સાળા કે દિકરા દિકરીઓ સગા દિકરા દિારીયુની પણ સાળી બાર રાખવી પડતી નથી. અત્યારે જમાનો ખુબજ આગળ વધી ગયો છે. સાયન્સ ખુબજ ઝડપી તેની કરવટ બદલી રહ્યું છે. ઝડપી જમાનામાં ઝડપનો ક્રેજ છે. માણસને વાત કરવાની પણ ફુરસદ નથી. એવે ટાઈમે ફુરસદ હોય તો ફકત બે જીવોને જ ફુરસદ છે. તેમાનો એક જીવ છે. **‘‘બળદ’’** જેને અત્યારે ખેતીકામ માંથી લગભગ નિવૃતિ મલી છે. મશીન મેડ ખેતી થતાં હવે બળદોને ખેતરમાં કોઈ રડયાં ખડયાં કામ સીવાય કામ કરવું પડતું નથી. તેમ બીજો જીવ છે. બૈરાવોનો જેને સમય બદલાતાં કિચન વેરને હોમવેર આવિજાતાં કાંઈ કામ કરવાનું બૈરાવોને ભાગે રહેતુ નથી. માટે ખરેખર સ્વતંત્રતા આ બૈરાવોને ને બળદો ભોગવે છે. છતાં કમભાગી બળદો છેલ્લે કતલખાને જાઈ છે. તેમ બૈરાવો છેલ્લે દવાખાને જાઈ છે કારણ કે ઘરમાં બેઠા બેઠા ટી.વી.નાં પોગ્રામ જોવાને ટેલીફોનનો ભરપુર ઉપયોગ કરવો ને સાથે સાથે મોઢું ચાલું રાખી પેટમાં અચરો કચરો ઓરતાં રહેવું. મહેનતનું નામ નહી. ચાલવાનું બીલકુલ નહી. ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે એટલે પછી બૈરાવો આડા ફુટે કમરનો ઘેરાવો માપ બારનો વધી જાય. હાલી શકે નહી. ચકકર આવે માથું દુઃખે નિંદર આવે નહી. ફક્ત ટીવી સામે બેસી રહેવા સીવાય કાંઈ કરતાં કાંઈ બીજુ કામ ઉકલે નહી એટલે દવાખાને જાવુંજ પડેને દાવાનાં ફાફળા ભર્યા રાખવા પડે. આગળના જમાનામાં બૈરાવોને ઘરકામ હતું અથાણાં પાપડ બનાવવાં ઘંઉ ચોખા ખાંડવા કપડા ધોકાવવાં જાળુ પોતા કરવાં માથા ઉપર પાણીની હેલ ઉપાડવી ખેતરેથી ખેડુતને

© RATILAL JOGIA

ત્યાંથી ઘાસની ભારી ઉપાડવી ગોરસ કરવું. રસોય કરવી દોડા દોડીને ગાયો, ભેંસો, બકરાંવ સાચવવાં આ બધી કસરત હતી. ખાધેલું હજમ થઈ જાતું અરે રોટલાં ટીપવાથી પણ હાથને કસરત મલતી કહેવાઈ છે કે બે હાથની તાડી પાડયા રાખોને સુર્ય નારાયણ ભગવાન સામે આંખ ખુલ્લી રાખીને પ્રાથનાં સવારે સવારે કરોતો આંખનો કોઈ રોગ થતો નથી. (સન સેડ ને સન રાઈડ) પરંતુ અત્યારે આમાનું કાંઈ કરતાં કાંઈ કોઈ કરી શકતું નથી.

એક ભાઈ શેરીને નાકે દરજીની દુકાને પુછવાં ગયાંકે મણીબહેન નામનાં બહેન આટલામાં કયાંક રહે છે. બતાવસો કયાં રહે છે. ત્યારે દરજીએ પુછયું કે કયા મણીબહેન આઠ ગજ દશગજ કે પછી બાર ગજનો ઘાઘરો બનાવે છે. તેમાનાં કહો કયાં મણી બહેન કહો તે મણીબહેનનું ઘર બતાવુ કે બતાવીશું ત્યારે પેલાભાઈ વિચારમાં પડી ગયાં કેઆ ઘાઘરાને ને મણીબહેનને શું સબંધ ત્યારે પેલાં દરજીએ ચોખવટ કરી કે આટ આટલાં ગજના ઘાઘરા પણ ટુંકા પડે છે. કમરથી તેવાં મણીબહેનો અહિં રહે છે. બોલો કયાં મણીબહેનને મલવું છે. તમારે કહો જોઉં, ત્યારે આવેલ ભાઈ પાછોવળી ગયો કે આવી મણીબહેનોનો વિમો કરાવીને કંપનીને ખાડામાં ન ધકેલાય માટે મારે વિમો નથી લેવો મણીબહેનનો કારણ કે આવેલ ભાઈ વિમા કંપનીનો માણસ હતો. તેથી તે પાછો ચાલ્યો ગયો. પરંતુ મંદિરનાં પુજારીઓ આવા મણીબહેનોને પ્રસાદ રૂપી મીઠો માલ ખવડાવ્યાં રાખેને પછી ડોક્ટરો દવાનાં બુકડાં ભરાવ્યાં રાખેને પછી **''બ્યુટીશીયનો'' તેવોને યોગા કરો યોગા** ને તેવોને રવાડે ચડાવીને પછી પોતાનો વેપાર ચલાવ્યાં રાખે ને આમ દરેક પોતાની ખીચડી પકાવ્યે રાખેને મણીબહેનોને મણીભાઈઓ ખીચડી ખાધે રાખે. છતાં સાચીવાત સમજે છે છતાં સમજવી નથી કારણ કે સાચી વાત સમજે તો અત્યારનાં સમાજમાં એકલાં પડી જવાઈને બોઘા કહેવાય. બોઘા કહેવાય જાય. માટે તાળીયોને તાલે ગમે કે ન ગમે પરંતુ જીવવું જ પડે એમાંય વાળને સાબું શેમ્પું ને ટુથ પેસ્ટ ને બ્રસ જેવો ઉપાડો બીજી કોઈ વસ્તુંઓ એ લીધો જ નથી. જાણે જીવવાં માટે લાંબાઘનાં બાલ જ છે ને તેનો સાબુ ને શેમ્પુજ પુરતાં છે. પછી ભલે પાણી ન હોય પાણીની તો જાણે ફીકર જ કોઈ ને નથી.

પરંતુ કોઈને એ વાતનો વિચાર નહી. આવતો હોઈ ભલાકે ફક્ત સાબુ શેમ્પું પાણી વગર પણ ઉપયોગમાં આવે છે. શું પરંતુ મલ્ટી પ્લસ કંપનીઓ પોતાની ખીચડી પકાવવા આજનાં સમાજનુ બ્રેઈન વોશ કરીને પણ પોતાની પ્રોડકટ વેચે છેજને કોઈ આ બાબત અટકાવી શકશે નહી. ગવરમેન્ટ પણ નહી. કારણ કે તેનાં પણ હાથ બંધાયેલાં હશે નૈતર આમ કેમ બને અને આતો બૈરાવોને ને બાળકો ને જ આગળ કરીને વેપાર કરાઈ છે. ફક્ત કયાંક કયાંક જ પુરૂષોનો એડમાં ઉપયોગ થતો હશે અને ભુલે ચુકે થાય છે. તો ચુનો સીમેન્ટમાં જેવી જુજ જરૂરત એડની હોય છે. પરંતુ બૈરાવોનો તો માલ ફટકો કયા પીસ હે વિગેરે કહીને બનાવીને એક વસ્તું એક ચીજ બનાવી મુકી છે. જેનો પ્રયત્ન શું બીજો ન હોઈ શકે. પરંતુ આ બળાપો કરીને જીવ

© RATILAL JOGIA

બાળવાની પણ જરાય જરૂર નથી. કારણ કે **''લાડી ને ગાડી વર્કીંગ એજ કરેક'' ''લાડીને ગાંડી નો વર્કીંગનો કરેક''** સમજાયું કાંઇ. સમજ ને વાલાં સમજ ગયે હે. નો સમજાવો અનાડી હો વધુ ચોકવટથી લખવાની જરૂર નથી. વાંચક વર્ગ બધું જ સમજે છે.

ચાલો આપણે આ અગીયારસથી એકનીયમ બનાવીયે કે મહિનાની બે અગીયારસ આવે છે. ત્યારે ટીવી સંપુર્ણ બંધ રાખવું. તે દિવસે કામવાળીને રજા આપવી તે દિવસે પુરેપુરૂ ઘર હાથેથી સાફ કરવું દરેક કામ જાતે કરવું. ઉપવાસે અગીયારસ કરવું. ફક્ત એકાદ એપલ કે ઓરેંજ જયુસનો ગ્લાસ એકજ કે પછી એકજ ગ્લાસ સ્વીટ લાઇટ લચ્છીથી ચલાવી લેવું. પોતપોતાનાં ઈસ્ટ દેવનું ખરાઅંતર કરુણ પુર્વક પ્રાથનાં પુજા કરવી દુર દુર જયાં મંદિર હોય ત્યાં ચાલીને દર્શન કરવાં જાવું ચાલીને આવવું. ત્યાં રસ્તામાં પાણીપુરી-ભેડપુરી કે કેળા કેરી આરોગવા નહી. પ્રસાદ પણ તે દિવસે નહી. આ નિયમ ને ચુસ્ત પણે વળગી રહેવું. આ નિયમ અઘરો નથી. આટલું કરશો તો શરીરને જરૂર પુરતી કસરત મલતી રહેશે. બની શકે તો બે ત્રણમાળનાં પગથીયા ચડવા ઉતરવાં આટલું કરવાથી આરોગ્ય જળવાશે. તેમાં બેમત નથી. શ્રધ્ધાં હોવી જોઈએ. **''મન હોયતો માળવે જવાઇ''**

આ લેખનાં લેખક કેનીયા આફ્રીકા તથા ફીજીઆલેન્ડ ટાપુની મુલાકાતે ગયેલાં ત્યાં બહેનો ફળીયામાં ઘંટુળો ખાંડણીયો રાખીને દાળ, ચાવલ, માણ માણને હિસાબે બધું હાથે બનાવતા નજરે જોયાં છે. તે બહેનોને પુછતાં બધું જાણવા મલ્યું કે કામનું કામ કસરતની કસરત શાકભાજીને ઘર માટેની બીજી પરચુરણ ખરીદી પણ તેવો દુરદુર મારકીટમાં જઈને જાતે ભાવ તાલ કરીને થેલાં ભરીયાવે ને બન્ને હાથમાં થેલાં ઉપાડીને ચાલીને આવેને પસીને રેબજેબ થઇ જાય. પરંતુ પછી શરીરમાં જે સ્ફુરતી રહે માઇન્ડ ફ્રેશ થઇ જાયને જીવને જે શાંતી મલે તેનો આનંદ કાંઈક ઓરજ હોય છે. તે મહેનતું માણસનાં મોઢા ઉપરથી દેખાય આવે છે અને આ બધું કામ કાંઇ અઘરુ નથી. પરંતુ માનવ જાતીનો મોટામાં મોટો જો કોઇ દુશ્મન હોય તો તે છે. **''આળસ''** આળસ માણસને પતનની ખીણમાં ધકેલી ધ્યે છે ને જયારે સમજાઇ છે. ત્યારે ઘણુંજ મોડું થઇ ગયું હોઇ છે. પછી તક જડપવી તે ડાહ્યાં માણસ માટે ફક્ત ઈશારો જ કાફી છે.

જો કે દરેકને આ વાત કદાચ સમજાશે નહી. પરંતુ જેટલું સમજાઇ જેટલું થઇ શકે તેટલું કરી લેવું. જાગ્યા ત્યારથી સવાર જાગો ઉઠોને તમારા ધ્યેય તરફ આગે કદમ માંડો ડગલું ભરશોતો ડગલાં પછી બીજું ડગલું ભરાશે ને ધારેલી મંજીલે પહોચવા માટે કાચબાની વાતતો યાદ હશેજ કે જેનો નીર્ધાર મકકમ છે. તેની જીવનમાં **''જીત''** અવશ્ય થશેજ માટે તાલ બધ્ધ ક્રમબધ આ આપણું કર્તવ્ય છે. માટે તેમાં પિછે હઠ કેમ કરાય ને પીછે હઠ નહી કરો તો આપણાં બાળકો ને પણ સંસ્કાર સારા આપી શકસું તે ભુલવું ન જોયે.

દ્વારકાધીશ કી જય હો.

RATILAL JOGIA

# ૫૮ આપુળી - બાપુળી - જગુળી

કહેવત છે કે..'આપથી ઉતરી, સગા બાપથી'.. ભલેને સગો બાપ હોય પરંતુ પોતાને તકલીફ ન થાય માટે સગા બાપને ચીંધીદયે કે હું નહોતો મારા બાપુજી હતા.

એક ઉમરલાયક માજીનો એક નો એક દિકરો બીમાર થયો. તાવ ઘણા વખત થયા આવે. તાવ ઉતરવાનું નામ જ નો લ્યે. ખુબ દવા દારૂ કર્યા. માનતા, બાધા આખળી, મંતર-જંતર પરંતુ ફરક પડચો નહી. માજી રોજ દેવ મંદિરમાં જાય પ્રાર્થના કરે ગદગદીત થઈને દેવને વિનવે. હે મારા નાથ મારી જીંદગી લઈ લે, પરંતુ મારા દિકરાને સાજો કરી દે. દેવ પ્રાર્થના સાંભળતા હશે કે કેમ તે તો તે જાણે ગામમાં કથા વાર્તા થતા હશે ત્યાં પણ ચપટી ચોખા સોપારી લઈને કથા સાંભયવા માજી પહોંચી જાતા ધ્યાનથી કથા સાંભળે કથાકાર ખુબ જ ભાવથી કથા કહે કથા સાંભળનારા એક ચીતે કથા સાંભળે એક વખત કથાકારે દાખલો આપ્યો કે આ આપણું શરીર રોગનું ઘર બની જાય બીમારી હટવાનું નામ લ્યે નહી ત્યારે સમજવું કે અંતકાળ નજીક આવી ગયો છે. ત્યારે પૂણ્યશાળી આત્માઓને પુણ્ય પ્રતાપે દેવતાઓ વિમાન લઈને તેડવા આવે અને જેનીયે જીંદગીમાં કાંઈ પુણ્ય કાર્ય કર્યુ ન હોય અગર ઉણપ હોય તેવા લોકોને 'જમ' (યમરાજ) તેડવા આવે ત્યારે બિમાર વ્યક્તિ જમને જુવે એટલે એના ગાત્ર ઢીલા થઈ જાઈ એને ખાત્રી થઈ જાઈ કે હવે આ મને ઉપાડી જાશે હવે મારું શું થશે ? બીમાર વ્યક્તિ થરથર ધ્રુજવા મંડે ક્યારેક સખત તાવ ચડી જાય અગર તો ઠંડી લાગવા મંડે અને ધ્રુજારી છુટી જાય, ક્યારેક હેડકી ઉપડી જાઈ ક્યારેક બળબળાટ ચાલુ ભઈ જાય. આમ મનુષ્ય દેહ છોડતા પહેલા ઘણી બધી તકલીફમાંથી પસાર થવું પડે. કોઈપુણ્યશાળી આત્મા હોય તો તે ધીર ગંભીર બની જાઈ. ઈશ્વર સ્મરણકરતા કરતા કોમામા સરી જાય અને એમ જ દેહ છુટી જાય. શાસ્ત્રમાં આવે છે કે જેવિ મતિ તેવિ ગતી. જેવા જેના નસીબ જેવા જેના ભાગ્ય. ભાગ્ય આગળ મનુષ્ય લાચાર થઈ જાય છે અને ભાગ્ય આગળ કોઈનું કાઈ ચાલતુ નથી. રામાયણમાં લખે છે કે.....(૧)હાની (૨)લાભ (૩)જીવન (૪)મરણ (૫)જસ (૬)અપજસ વિધીકેરે હાથ.

(૧) હાની કોને થઈ કે - **કૈકૈ** ને હાની થઈ. ભગવાનશ્રી રામચંદ્રજીને ત્રણ માતા હતા.



© RATILAL JOGIA

તેમાંથી અતિ પ્રિય માતા કૈ-કૈ હતા. છતાં તેને ભયંકરમાં ભયંકર હાની થઈ. ત્રણ માતામાં કૈ-કૈ માતાજ એવા જીગરવાળા લોખંડી માતા હતા કે આવળી હાની તેવો પચાવી શક્યા. પોતાને રંડાપો આવશે તે પણ પોતે જાણતા હતા. તે હાની પણ પોતે પચાવી લીધી. ધન્ય છે આ નારીને પ્રણામ અગર જો માતા કૌશલ્યા અગર માતા સુમીત્રાને આવી હાની થઈ હોત તો તે જીરવી શકત નહી. તેવો તુરતજ ત્યાંજ ફાટી પડત માટે આવો વજ્રઘાત માતા કૈ-કૈ સીવાય બીજામાં તાકત નહતી કે જીવરી શકે, સહન કરી શકે. માટે કૈ-કૈ માતાને આ પાત્ર ભગવાને સોંપેલુ અને તેઓએ આ પાત્ર બરાબર નીભાવ્યું. ભલે પોતાની દીકરીઓના નામ કોઈ કૈ-કૈ નહીં રાખે પરંતુ ઉંડા ઉતરીને વિચાર કરશો તો ખાત્રી થશે કે માતા કૈ-કૈ માં જે શક્તિ હતી જે ખુમારી હતી તેવી શક્તિ અને ખુમારી બીજા કોઈ સ્ત્રી પાત્રમાં હતી નહી અને હશે પણ નહી.

(૨) લાભ થયો શબરીને કે ખુદ સામે ચાલીને ભગવાન શ્રી રામચંદ્રજી તેની કુટીરે પધાર્યા અને તેઓના એઠા બોર ભગવાને આરોગ્યા. એનાથી વિષેશ લાભ આ જગતમાં કોને મળેલો છે.

(૩) મરણ - રાજા દશરથનું થયું, જેના પુત્ર ખુદ ભગવાન સચીદાનંદ સ્વરૂપ છે છતાં હોનીને ટાળી શકાતી નથી. આમ પુત્ર વિયોગે રાજા દશરથને મરણને શરણ થાવું પડ્યું.

(૪) જીવન - મળ્યું અહલ્યાને જે યુગોથી પાસાણ રૂપમાં પૂરાયેલા હતા. તેના શ્રી પરમકૃપાળુ શ્રી રામચંદ્રજીએ સામે ચાલીને સાપ મુક્ત કર્યા અને જીવનદાન આપ્યું. આનાથી રુળુ શું ?

(૫) જસ મલ્યો વાનર સેનાને કે જેનીયે કદાપી યુદ્ધ કર્યુ ન હતુ. સ્વભાવ પણ યુદ્ધખોર હતો નહી છતાં પાકેલા આંબાની શાખ મોઢામાં ટપકી પડી. અયોધ્યાનું સૈનીક જોતું રહયું અને વાનરસેના જસ ખાટી ગયા.

(૬) અપજસ રાવણને મલ્યો. તે જ્ઞાની હતો. ચતુર હતો. ધર્મ ભીરુ હતો. કર્મ કાંડી હતો. કઠીનમાં કઠીન તપસ્યા દ્વારા દેવોના દેવ મહાદેવને રીજવ્યા હતા. છતાં ભુલ કરી બેઠો કે ઈરાદા પૂર્વક ભુલ કરી તે તોતે જાણે બાકી આખા કુળનું નીકંદન કાઢવાનો અપજસ લઈને હરીચરણ થયો અને સોનાની લંકા લુટાઈ ગઈ.

હનુમાન જેવા ભક્ત થયા નથી. થાશે પણ નહી છતાં તેને ફક્ત ગામને જાપામાં બેસવા મલ્યું અને વિભીષણે કાંઈ કરતા કાંઈ કરવા કારવ્યા વગર લંકાનું રાજ મલી ગયું. આ બધી ભાગ્યની વાત છે કે જેમાં કોઈનું કાંઈ ચાલતું નથી. ભાગ્ય **મહાન** બનાવે છે તેમ **મહાત** પણ કરે છે.

આ લેખના લેખક જ્યારે સ્કૂલે જાતા ત્યારે ત્રીજા ધોરણમાં એક કવિતા આવતી. એક ભક્ત દર શનિવારે સાંજે વાટકીમાં તેલ ના ટીપા, સાત દાણા અડદના ત્રણ ધાગાની જનોઈ,

© RATILAL JOGIA

ગોળની કાંકરી લઈને હનુમાનદાદા ને મંદિર તેલ પ્રેમથી ચડાવી પ્રાર્થના કરે. કદાપી કાંઈ માગતો નહી. સાવ નીખાલસ અને પ્રેમ પૂર્વક ની પ્રાર્થના કોઈ સ્વાર્થ નહી. કોઈ લાલચ નહી. માનવ સ્વભાવ છે ને એ ને એક દિવસ વિચાર આવ્યો ખુબ જ ભક્તિ ભાવથી તેલ ચડાવ્યુ. પ્રેમથી પ્રાર્થના કરી પછી વિચાર કર્યો કે માંગ્યા વિના **માં** પણ પીરસતી નથી માટે આટલા વરસ થયા તેલ ચડાવી પ્રાર્થના કરું છું એટલે ચોક્કસ હનુમાન દાદા પ્રસન્ન થશે. માટે આજે વરદાન માંગી લવ કે હે દાદા મારી પ્રાર્થના સાચા દિલની હોય તો હું જે માંગુ તે મલવું જોયે. મારી માંગણી વધુ નથી ફક્ત ૧૦૦(એકસોહ) ડબા તેલના મને મલી જાઈ તો તેમાંથી એક ડબો તેલનો હું આપને ચડાવીશ બસ ફક્ત મારી આટલી જ માંગણી છે. માટે હે દાદા મારી પ્રાર્થના સ્વીકારી મને ધન્ય બનાવો અને ગદગદ સ્વરે પ્રાર્થના પૂરી કરી હાથ જોડીને હનુમાન દાદા સામે ઉભો રહયો. એટલે હનુમાનદાદાએ જવાબ આપ્યો કે અરે મુરખ ભક્ત તને એકસોહ ડબા તેલ આપું પછી તું મને એક ડબો તેલ ચડાવે. તેના કરતા ૧૦૦ એકસોહ ડબા તેલનો હું જ હોજ બનાવી તેમાં ધુબાકા ન મારું. ત્યારે ભક્તે કહયું કે આપે. હે દાદા સોનાની લંકા વિભીષણને આપી તેના બદલામાં તમોને ગામના પાદરમાં જગ્યા મલી તેના કરતા તો મારી માંગણી ખુબ જ ઓછી છે. શું આટલી માંગણી આપ કબુલ નહી કરો. ત્યારે હનુમાન દાદાએ કહયું કે હું ગામના પાદરે ભલે બેઠો પરંતુ મારી છાતીમાં મારા પ્રીય પરમકૃપાળુ પરમેશ્વર બીરાજે છે. માટે મુરખવેળા છોડી દે અને શ્રી રામને ચરણે જા કદાચ ત્યાં તને લંકાનું રાજ પણ મળી જાશે. ત્યારે તું મને યાદ કરજે ત્યારે એક સોહડબા નહી પરંતુ એક હજાર ડબા તેલ આપીશ.

આ કદાચ કવીની કલ્પના હોય કે જે હોય તે, પરંતુ પાઠશાળામાં આ વાત ભણવામાં આવતી છતા જે હોય તે યોગ્ય પાત્ર વગર કાંઈ માંગ્યુ મળતુ નથી. એટલી સમજ મલે તોય જીંદગીમાં ઘણું છે. હનુમાનદાદાની જે.

© RATILAL JOGIA

એમ આ માજીનો દિકરો પડખા ઘસતો હતો અને બળબળાટ કરતો હતો. મધરાતનો સમય થયો હશે તે સમયે ઘરની પાછળના ભાગે વાળામાંથી પાડરળુ (ભેંસનું બચ્ચુ) ખીલે બાંધેલુ તે છુટુપડીને માજી જ્યાં સુતા હતા ત્યાં પહોંચી ગયુ. માજીના ખાટલે પહોંચીને ખાટલા સાથે તે પોતાનું અંગ ઘસવા લાગ્યું. માજી નીંદરમાંથી જાગી ગયા ને જોયું તો તેને પાડરડું મોટા પાડા જેવું લાગ્યું. માજીને નક્કી થઈ ગયું કે યમરાજ પાડા ઉપર સવાર થઈને આવેલા છે માટે આ પાડો આવી પહોંચ્યો છે. યમરાજ હમણાંજ આવશે અને મારો જીવ લઈ જાશે એટલે માજી તુરતજ ખાટલામા બેઠા થઈ ગયા અને તુરત જ કહયું કે હે યમરાજ બીમાર દીકરાનો ખાટલો બાજુના ઓરડે છે. હું બીમાર નથી. હે યમરાજ દેવ તમો ખાટલો ભુલી ગયા લાગો છો. એટલે કહેવત પડી હશે કે, **'આપથી ઉતરી સગા બાપસે'**.

એમ ગામમા ખીમો પટેલ મોટો માણસ ગામ આખાનો પોતે ધોરી ધાણી. ગામમાં ।

લગ્ન પ્રસંગે માઠા પ્રસંગે ખીમો પટેલ અચુક હાજર હોય જ ગામમા થતા વાંધા તકરાર સગપણ નાતરા છુટા છેડા બધુ જ ખીમા પટેલને પૂછી પૂછી સલાહ લઈને જ આગળ વધાય. તેનો માન મરબતો મોભો સૌ કોઈ ગામના લોકો જાળવે. ખીમો પટેલ કહે, ન્યાય કરે તે દરેકને શીરો માન્ય દેરક કબુલ મંજૂર રાખે. ખીમા પટેલનું ઘર મોટું. વાળી વાજીફા, નોકર-ચાકર, દુજાણું એટલે કે ગાયો,ભેંસ, ઘોડા, બળદ. આમ મોટો કાફલો તે જમાનામાં બૈરાઓને વહેલું મળસ્કે એટલે કે વહેલી સવારે પો ફાટતા એટલે કે ચાર વાગ્યે ઉઠવું પડતું. વહેલા ઉઠીને છાણ લેવા ગામની ભાગોળે જવાનું. પાણી સેરડે પાણીના બેડા ભરીને માથે ઉપાડીયાવવાના. વાસીદા કરવાના પછી ગોરસ એટલે કે છાસ વલોવવાની છાસ તૈયાર થાય પછી વહેલી સવારનું ‘‘શીરામણ’’ એટલે કે સવારનો નાસ્તો કહેતા. બ્રેકફાસ્ટ માટે રોટલા ઘડવાના અને રોટલા પણ કેવડા ? હથેળી જેવા જાડા અને થાળી જેવડા મોટા. રોટલાની માલીપા બે પરી એટલે કે ૨૦૦ગ્રામ ઘી રોટલામાંજ સમાય જાય તેવા. ઉંડા ચુલામાં સાઠીકા છાણાં ના તાપે તાવડીમાં આ રોટલા શેકાતા હોય. ત્યારે પીસ્તાકલરના રોટલામાંથી ફોરમ ફોરું દેતી હોય. ડેલી સુધી ખબર પડે કે રોટલા બને છે. તે રોટલા બાજરાના કે મીઠડી જુવારના દહીં દુધ ની તાંસડીયું એટલે કે મોટા વાટકા, લસણીયો મસાલો એટલે કે લસણથી ઘમઘમતી ચટણી-ગ્રીન ચીલી એટલે કે લીલા મરચાં, ખારા ગુંદાનું અથાણું પ્યાજ એટલે કે ડુંગળી નો દડો..ભાઈ ભાઈ મોઢામાં પાણી આવી ગયું ને ? અને ક્યારેક ક્યારેક આખા અડદની કઢી આ શીરામણ મરદ માણસ બે રોટલા ઠબકારી ઉપર છાલીયું ભરી છાશ પી ને ઓડકાર ખાય જે ત્રીજે પાડોશે સંભળાય અને મુછુલુછીને મોઢું સાફ કરીને ખોંખારો ખાય ત્યારે ઘરવાડીની છાતી ગજગજ ફુલી સમાતી ન હોય. તેની ઘરવાડી ને સંતોષ થાય કે હં... હવે બરાબર ઘરવાળાએ શીરામણ પ્રેમથી ધરાઈને કર્યુ ખરું.

આજની જેમ નહી કે, હવે આજની વાત નથી કરવી નાહક કોકના નાકના ટેરવા ચડી જાશે. છતાં એક વાત જણાવતા આનંદ થાય છે કે અત્યારે જીવનમાં આનંદ અને મજા હોય તો બળદોને બૈરાવને અત્યારે ટ્રેક્ટર, મશીનો, મોટરો આવી જતાં બળદોને ખેતર માંથી લગભગ છુટી મળી ગઈ છે. તેમ બૈરાઓને પણ આ ઉપર લખેલ કામમાંથી છુટી મયી ગઈ છે એટલે તો કામ વગરનાં બૈરા ફુલ્યા સમાતા નથી અને લગભગને ચાલવાનો પ્રોબ્લેમ થઈ ગયો છે. પગમાં વા હોય કે ન હોય વા નું નામ લઈને લંગડાતું ચાલવું દવાના પડીકા આરોગવા બેઠા બેઠા ટીવી સામે પ્રોગ્રામ ગમે કે નગમે છતાં ટીવી જોવું. ચટાકેદાર નાસ્ત અને હોટલનું જમવું કેવી મજા નહી ? ખરેખર તેઓ કામના ઢસરડામાંથી છુટી ગયા છે. પહેલાના જમાનામાં નણંદ ભોજાઈ પાણી શેરડે પાણી ભરવા ગયેલા. પાણીના બેડા ભરીને ઘેરે આવતા સાસુમાંએ દીકરીને પુછ્યું કે અલી છોડી તે તારા બાપા ચોરે તારા બાપા બેઠા છે કે નહી ? ત્યારે દીકરીએ જવાબ આપેલ કે માં હું તો નીચી નજરે હાલી આવું મને કેમ ખબર પડે  કે ચોરે કોણ બેઠું છે ? ત્યારે વહુએ હાથ

© RATTI.AL JOGIA

એક નો ઘુંઘટ તાણીને પાણી ભરીને આવેલી તેણીએ તરતજ કહયું કે બાઈજી મારા સસરા ચોરે બેઠા બેઠા ફડાકા મારે છે અને હાકલા પડકારા કરે છે. ત્યારે નણંદીએ પુછયું કે અલી ભાભલડી, તને કેમ ખબર પડી ? તું તો લાજ કાઢીને આવતી હતી, તો ભાભલડી એ જવાબ દીધો કે, મારી વહાલી વહાલી નણંદબા લાજ ના ઘુંઘટમાંથી બધુ જોઈ શકાય છે. **સબ કુછ દીખતા હૈ**. ત્યારે દીકરીઓ વહુઓ આવો મલાજો રાખીને હોંશે હોંશે કામ કરતા હવે અત્યારે કોણ દીકરી, કોણ વહુ, કોણ સાસુ કે કોણ પડોશી. ગંગા સ્વરૂપ ચારેય માંથી કોઈ ઓળખી શકાય નહી. કારણ કે આ ચારેય નો પહેરવેશ સરખો વાળ સરખા, હાથ, કપાળ, માથાનો સેંથો સઘળું અડવું. આમા કેમ ખબર પડે કે કોણ કોણ ક્યાં છે.

**દીન પલટ્યો પલટી ઘડી,**
**સબ સબકી સૌ સંમ્હાલો,**
**મૈ મેરી ફોડતાહું**

જેવો ઘાટ થઈ ગયો છે.

એક ગામમાં નાની એવી અમસ્તી પોલીસ ચોકી ત્યાં સાતેક પોલીસવાળા ખરા. એમા એક પોલીસ વાળો નવો નવો ભરતી થઈ ગયેલ. દેરક પોલીસ ને બંધૂક મળેલી કામકાજ તો ખાસ કાંઈ હતું નહી. નવરા બેઠા ગામ ગપાટા હાંકે રાખે. તેમા બપોરે જમવાની છુટી મળે, એટલે બધા પોલીસવાળા બંધૂકો મુકીને જમવા ઉપડી જાય. જમી કારવી આડો વાહો કરીને વારાફરતી બધા ટાઈમસર હાજર થઈ જાય. હવે પોતાની બંધૂક કેમ ઓડખવી એમ પેલા નવા ભરતીથયેલ પોલીસવાળા ને મુંજવણ થઈ એટલે વીચારવા લાગ્યો કે આમા મેરા વાલી કૌનસી. પછી તુક્કો લડાવ્યો. બધાને ભેગા કરીને કીધું કે સબ સબકી સમાલો. મે મેરા વાલી ફોડતા હું. એટલે બધાએ સૌ સૌની બંધૂક લઈ લીધી પાછડ એક બંધૂક વધી તે પોતે પોતાની સમજીને લઈ લીધી. પ્રોબ્લેમ સોલ્વ. નો પ્રોબ્લેમ.

આમ કહેવત પડી હશે કે, બુધ્ધિ છે કોઈ ના બાપની, એમ ખીમો પટેલ શીરામણ કરીને, ઓસરીની કિનારીએ બેસે. ગાદી તકીયો અને હુક્કો ગગડાવતો જાય અને ગામના બૈરા છાશ લેવા ઘુંઘટ તાણીને આવે છતાં પટેલ ઓડખી લ્યે અને પડકારો કરે. આપુડી છાશ આલજો. એટલે સામે મોટી ગોરી ઠીકરાની છાશથી ભરી હોય તેમાંથી છાશ ભરીને આપૂડી છાશ લઈને જતી રહે. બીજી વખત જે બૈરુ છાશ લેવા આવે એટલે ખીમો પટેલ જીણી આખે જોઈ વીચારીને પડકારો કરે. બાપુડી છાશ આપજો. ફરી પાછી તે જ છાશની ગોરી માંથી છાશ અપાય. ત્રીજી વખત જે બૈરું છાશ લેવા આવે તે વખતે ખીમો પટેલ હાકલ કરે. જગુડી છાશ આપજો. ફરી પાછી તે જ પેલી ગોરી માંથી છાશ આપય, પરંતુ કેટલો ફરક ? આપુડી છાશ જાડી, બાપુડી છાશ આપે તે મીડીયમ ક્લાસની અને જગુડી છાશ આપે તે સાવ પાણી જેવી

© RATILAL TOGIA

છાશ હોય. છે ને કમાલ ની વાત. એક જ ગોરી માંથી એક જ વાસણ મોટો કળશીયો પણ એક જ છતાં છાશના પ્રકાર અલગ અલગ. કોઈના ખ્યાલમાં પણ નહી આવે કે આ કમાલ શેની છે ? એ તો છાશ લેવા આવેલા હોય અને ડેલી બહાર ભેળા થાય મલે કે એક બીજાને પુછે કે આમ કેમ થાય છે ? ત્યારે ખબર પડે કે હોય નહી એક જ છાશની ગોરીમાંથી અપાયેલી ગોરી માંથી અપાયેલી છાશ અલગ અલગ કેમ હોય છે. પરંતુ ખરી હકીકત છે કે ત્રણેય વખત છાશ નો રેશીયો અલગ અલગ છે અને આ ખુબી ખીમા પટેલ ની છે. જે ખીમા પટેલ સીવાય કોઈ જાણતું નથી.

આખા ગામમાં છાશ આપે છે પરંતુ મનમાં અભીમાન નથી. નીતી નીયમ વાળું જીવન જીવે છે. છતાં છાશ ત્રણ પ્રકારની કેમ આપે છે તે એક રહસ્ય છે. જે કોઈના ખ્યાલમાં આવતું જ નથી કે એક જ છાશની ગોરી એક જ કરશ્યો આપવા વાળી બાઈ, એક જ મંગાવવાવાળો ખીમો પટેલ પોતે, છતાં છાશના પ્રકાર ત્રણ આપુડી-બાપુડી-જાુડી. છતાં આ ભેદ કોઈ ઉકેલી શકતું નથી. વાંચક વર્ગ ઉકેલ શોધી લેશેતો આનંદ થશે એજ

દ્વારકાધીશ કી જય હો.

©

RATILAL JOGIA